# ભુવનભાનુ


## એન્સાઈક્લોપીડિયા

## દિવ્યદર્શન "પ્રવચન મહોદધિ"

## ભાગ-૫૫

આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ - ૬

ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭



લેખક :પ.પૂ.આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.

॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

## (દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

### આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ - ૬ +
### ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭

## ભાગ-૫૫


:: પ્રવચનકાર ::
ન્યાય વિશારદ,
સેંકડો ભવ્યાત્માઓના રાહબર
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા



::પ્રકાશક::
કુમારપાળભાઈ વી. શાહ
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા,
(અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજના મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૫૫)

## દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ - આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ - ૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭

**:: શુભાશિષ ::**

તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય
શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

**:: પ્રેરક-માર્ગદર્શક ::**

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

**:: સહાયક ::**

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.

**પ્રથમ આવૃત્તિ : ૨૫૦** **કિંમત : ૧૫૦/-**

**વિમોચન : પોષ સુદ-૧૨, વિ.સં.૨૦૬૮, તા.૬-૧-૨૦૧૨, શુક્રવાર**
**ગુરુદેવ પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ દીક્ષા દિન**

**:: પ્રાપ્તિસ્થાન ::**

| દિવ્યદર્શન ટ્રસ્ટ | દિવ્યદર્શન ટ્રસ્ટ | શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા |
| --- | --- | --- |
| ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા | ૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલો, સેટેલાઈટ, અમદાવાદ | ૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, |
| ડૉ. હેમંતભાઈ-અમદાવાદ (૦૭૯)-૨૬૬૩૦૦૦૬ | ડૉ. સંજયભાઈ-સુરત ૯૮૨૫૧ ૨૧૪૫૫ | વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ) |

**શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**
૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ)
ફોન : ૨૬૭૧૯૩૫૭

**ટાઈપ સેટીંગ - મુદ્રક**
**જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)**
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪
ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫
E-mail : jayjinendra90@yahoo.com

# : પ્રકાશકીય :

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાએ જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણ અર્થે **શ્રી ભુવનભાનુ સૂરિજન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના આશિષ પામી તેમના વિનીત પટ્ટધર **પ.પૂ.આ.શ્રી વિ. જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **"ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા"**માં સંગૃહિત કરવાનું નક્કી કર્યું છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વેયાવચ્ચ કરનાર **પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા., પ.પૂ.પં. શ્રી મહાબોધીવીજયજી મ.સા.** એ પુર્નમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીનો તેમજ તેમના સહયોગી **પૂ.મુનિશ્રી યુગરત્નવિજયજી મ.સા., પૂ.મુનિશ્રી કળશરત્નવિજયજી મ.સા.** તથા **પૂ.મુનિશ્રી ઋષભરત્નવિજયજી મ.સા.**ને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઈ સંપતિનો સદુપયોગ કરવા બદલ તેઓના તથા ગ્રંથનું ટાઈપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **જય જિનેન્દ્ર ગ્રાફીક્સ, અમદાવાદ (નીતીન શાહ - જય જિનેન્દ્ર)** ના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઈ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

કુમારપાળભાઈ વી. શાહ

# સુકૃત અનુમોદન

સિદ્ધાન્ત દિવાકર સુવિશાલ ગચ્છાધિપતિ

પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા

તથા

સંઘશાસન કૌશલ્યાધાર પ.પૂ.આ.શ્રી વિ.

જયસુંદરસૂરીશ્વરજી મહારાજાની

પાવન પ્રેરણાથી

**શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ**

**મુલુન્ડ-મુંબઈ,** ના જ્ઞાનનિધિમાંથી

આ પુસ્તક પ્રકાશનમાં સદ્વ્યય કર્યો છે.

ધન્યવાદ !

A GREAT PHILOSOPHER... A DISTINCT AUTHOR... THE BEST PREACHER...

પૂજ્ય સ્વ. ગુરુદેવ આ. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મ. સા. ના જીવનમાં તત્ત્વચિંતન, લેખન અને પ્રવચનનો સુભગ સમન્વય હતો. કોઈક તત્ત્વચિંતન મગજમાં સ્ફુરી આવે એ એક વાત છે અને એને શબ્દોમાં ઢાળવું એ બીજી વાત છે. સમુચિત વાચા આપીને એને લોક ભોગ્ય બનાવવું એ વળી જુદી વાત છે અને યોગ્ય હાવ-ભાવ દ્વારા રજૂ કરવી એ ન્યારી વાત છે.

આ ત્રણે બાબતો અલગ અલગ પ્રકારની શક્તિ છે. આ ત્રણે સામૂહિક પ્રકારે વળી એક વિશિષ્ટ શક્તિરૂપ છે. આ શક્તિને કળા પણ કહી શકાય. એ વિશિષ્ટ કળાના સ્વામી પૂજ્યપાદ ગુરુદેવશ્રી હતા.

પૂજ્યશ્રીનું ચિંતન પોતાનું મૌલિક હતું. હા એ ચિંતન હતું શાસ્ત્રના આધારેજ. પરન્તુ એમાં ક્યાંય અન્ય ચિંતકોની ઉઠાંતરી નહોતી. શાસ્ત્રસાપેક્ષ નિર્મળ મતિમાં પાતાળ કૂવાની જેમ અવનવા ચિંતનોના અખૂટ વહેણો વહેતા હતા.

એ ચિંતનોનું યોગ્ય-પ્રૌઢ-ભાવવાહી શબ્દો દ્વારા લેખન પણ સુપેરે કરી જાણતા હતા. વાચકવર્ગને સાક્ષાત્ પૂજ્યશ્રીનો અનુભવ થતો હતો. 'કેમ બની?' 'હવે પુછો' - 'આ તે કેવું?' આદિ કલમના શબ્દો વાચકહૃદયને સ્પર્શતા હતા.

પૂજ્યશ્રીના પ્રવચનો અંગે તો કહેવુંજ શું? વૈરાગ્યપૂત સાત્ત્વિક, તાત્ત્વિક, માર્મિક પ્રવચનોએ તો કેઈકના મોહ ઉતારી દીધા. કેઈકને સન્માર્ગના અજવાળાં પાથર્યા. કેઈકને સર્વવિરતિના સ્વામી બનાવ્યા. કેઈકને શ્રાદ્ધરત્ન બનાવ્યા.

પ્રસિદ્ધ નાટ્યકાર નટરાજે પૂજ્યશ્રીના પ્રવચન વખતના પ્રસંગને અનુરૂપ હાવ-ભાવ નિહાળી સ્તબ્ધતા અનુભવી હતી. જે બતાવે છે કે પૂજ્યશ્રીના સમય, સ્થલ, સંયોગને અનુરૂપ એવા યોગ્ય અદ્ભુત હાવ-ભાવ હતા જે પ્રવચનમાં રોનકતા, રોચકતા અને વેધકતા વધારનારા બનતા હતા.

સકલસંઘહિતચિંતક પૂજ્યપાદશ્રીના ચિંતનો, લેખો, પ્રવચનોનું સંકલન કરનાર 'ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા' વિશ્વનંદીકર શ્રી જિન શાસનમાં યુગોના યુગો સુધી અજવાળાં પાથરતું રહેશે એજ શુભેચ્છા.

ચિંતન, લેખન અને પ્રવચનના ત્રિવેણીસંગમ સમા પૂજ્યપાદ ગુરુદેવશ્રીના શ્રીચરણોમાં એઓશ્રીના જન્મશતાબ્દી વર્ષે શતશઃ કોટિશઃ અનંતશઃ વંદનાવલી શ્રદ્ધાંજલી સ્મરણાંજલી ભાવાંજલી કૃતજ્ઞતાંજલી.

~ ગુરુભુવનભાનુસૂરિપાદપદ્મરેણુ મુનિ કુલભાનુ વિજય.

ગુરુભુવનભાનુસૂરિજન્મશતાબ્દી વર્ષ → વિ. સં. ૨૦૬૭. મહા. વદ. ૭. તપોવન. સાબરમતી.

મુનિ કુલભાનુવિજયજી

## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વિષય | પે.નં. |
| --- | --- | --- |
| ૧. | **શ્રી પદ્મપ્રભજિન સ્તવન-૬ વિવેચના** | ૧ |
| ૨. | પુદ્ગલપરિચય તોડવા શું કરે તો અંતર ભાંગે ? | ૨૫ |
| ૩. | અનિત્યતાદિ ભાવના | ૪૦ |
| | **ઉપાધ્યાય શ્રી યશોવિજયજી સ્તવન ચોવિશીના રહસ્યો** | |
| ૪. | **શ્રી ઋષભ જિન સ્તવન-વિવેચના-૧** | ૫૨ |
| ૫. | દર્શનમાં શમસંવેગાદિની દૃષ્ટિએ અતિ આનંદ | ૬૧ |
| ૬. | અરિહંતમાં કયા ૧૮ દોષ નહિ ? | ૭૩ |
| ૭. | ભગવાનની ગંભીરતા કેવી ? | ૭૫ |
| | **શ્રી અજિતનાથ જિન સ્તવન-વિવેચના-૨** | ૭૮ |
| ૮. | રોહિણિયો કેવો અભાગિયો ? | ૮૩ |
| ૯. | 'સતિકરં સ્તોત્ર'માં ભગવાનની છાવણી | ૮૮ |
| ૧૦. | જીવના ૬ લૌકિક-૨ લોકોત્તર સૌંદર્ય | ૯૧ |
| ૧૧. | **શ્રી સંભવનાથ જિન સ્તવન-વિવેચના-૩** | ૧૦૨ |
| ૧૨. | ૫ કારણ-સમવાય | ૧૧૫ |
| ૧૩. | **શ્રી અભિનંદન જિન સ્તવન-વિવેચના-૪** | ૧૨૬ |
| ૧૪. | મૈત્રીભાવના-નવકારનો પ્રભાવ | ૧૫૨ |
| ૧૫. | ધર્મકથાઓની પાપનાશ-ભવોચ્છેદ શી રીતે ? | ૧૫૪ |
| ૧૬. | જૈનધર્મની શી શી આગવી વિશેષતાઓ | ૧૬૪ |
| ૧૭. | **શ્રી સુમતિનાથ જિન સ્તવન-વિવેચના-૫** | ૧૭૭ |
| ૧૮. | અભિમાન રોકવા ૪ વિચારણા | ૧૮૧ |
| ૧૯. | લાલભાઈ શેઠનો માતૃપ્રેમ ! | ૧૮૯ |
| ૨૦. | **શ્રી પદ્મપ્રભ જિન સ્તવન-વિવેચના-૬** | ૧૯૫ |
| ૨૧. | સંવેદનશીલતા એટલે શું ? | ૧૯૮ |
| ૨૨. | પુંડરીક અને કંડરીક બે ભાઈ | ૨૧૦ |
| ૨૩. | **શ્રી સુપાર્શ્વ જિન સ્તવન-વિવેચના-૭** | ૨૩૦ |
| ૨૪. | લલિતાંગની મહાનતા | ૨૩૮ |
| ૨૫. | ઉચ્ચારણની દૃષ્ટિએ...૧૦ ગુણ | ૨૪૪ |
| ૨૬. | શબ્દરચનાની દૃષ્ટિએ ૯ ગુણ | ૨૫૪ |
| ૨૭. | ત્રીજા વિભાગના દોષ રાહિત્યના ૮ અતિશય | ૨૬૧ |
| ૨૮. | ધર્મના પાયામાં મૈત્રી આદિ ૪ ભાવ | ૨૭૧ |
| ૨૯. | ચોથો વિભાગ પદાર્થની દૃષ્ટિએ વાણીના ૮ અતિશયો | ૨૮૦ |
| ૩૦. | બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા-૨ | ૨૯૭ |
| ૩૧. | અરિહંત અનંતા શી રીતે | ૨૯૯ |
| ૩૨. | ઈચ્છાયોગ | ૩૦૨ |
| ૩૩. | શાસ્ત્રયોગ | ૩૦૫ |
| ૩૪. | સામર્થ્યયોગ | ૩૦૮ |

# શ્રી આનંદઘનજી કૃત ચોવિશીના
## ૬ સ્તવનના રહસ્યો

### શ્રી પદ્મપ્રભ જિન સ્તવન-૬

(ગતાંકથી ચાલુ...)

**પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરું રે, કિમ ભાંજે ભગવંત,**
**કર્મ વિપાકે કારણ જોઇને રે, કોઇ કહે મતિમંત.....૧,**
**પયઇ-ઠિઇ-અણુભાગ-પ્રદેશથી રે, મૂળ ઉત્તર બહુભેદ;**
**ઘાતી-અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ વિચ્છેદ...૨**
**કનકોપલવત્ પયડી પુરુષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ;**
**અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય....૩**
**કારણજોગે હો બાંધે બંધ ને રે, કારણ મુગતિ મૂકાય**
**આશ્રવ-સંવર-નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય...૪**
**યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ,**
**ગ્રંથ ઉક્તે કરી પંડિતજન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ ....૫**
**તુજ મુજ અંતર-અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર,**
**જીવ સરોવર અતિશય વાધશે રે, આનંદઘન-રસ-પૂર...૬**

### શ્રી પદ્મપ્રભ જિન સ્તવન વિવેચના

**પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરું રે, કિમ ભાંજે ભગવંત,**
**કર્મ વિપાકે કારણ જોઇને રે, કોઇ કહે મતિમંત.....૧,**

ભાવાર્થ : હે પદ્મપ્રભુ ! હે જિનદેવ ! મારું અને તમારું જે છેટું પડી ગયેલું છે તે હે ભગવંત ! કેવી રીતે દૂર થાય ? એ આંતરો કેમ ટળે ? કર્મની પરિપક્વતા જોઇને કોઇ પણ ડાહ્યા માણસે એનું-કર્મવિપાકનું કારણ જાણી એનો જવાબ આપ્યો (કર્મ પાકે ત્યારે તે તેનાં ફળ આપે, આ કર્મના વિપાકમાં તેનું કારણ છે, એમ કોઇ સમજાું બુદ્ધિમાને કહ્યું. એટલે એમાં કર્મનો વિપાક જ છે અને કર્મવિપાકે એ આંતરો ભાંગે એમ તેણે જણાવ્યું.)

**વિવેચન :** બહિર્ભાવ ત્યજી અંતરાત્મભાવમાં સ્થિર થઈ પરમાત્મભાવ સાધે તો આત્માનું અર્પણ થાય. કવિ ભગવાનને ઘા નાખે છે કે તમારે ને મારે આંતરું છે, એ આંતરું ભાંગ્યા વિના પરમાત્મભાવ શી રીતે સધાય ? અંતર શાથી છે ? અંતરના ચાર કારણ છે. **પહેલું કારણ કર્મ :** આપણા માથે કર્મોનો ભાર છે, પરમાત્મા કર્મરહિત છે. **બીજું કારણ પાપાશ્રવ :** આપણે પાપાશ્રવોથી ભરેલાં છીએ, પરમાત્મા નિરાશ્રવ છે. **ત્રીજુ કારણ યુંજનકરણ :** આપણે રાખ્યું છે યુંજન એટલે જોડાવાનું, કર્મથી આત્મા જોડાયા કરે છે. ભગવાને યુંજનકરણ જ રાખ્યું નથી શાશ્વત કાળ માટે યુંજનકરણથી રહિત બન્યા છે અને **ચોથું કારણ - આપણું અંતર :** એટલે **મન.** આપણું મન એવું છે કે પરમાત્માની સાથે આંતરું જ રાખ્યા કરે, કેમકે આપણા મનને પરમાત્મભાવ તરફ જવા કોઈ રુચિ જ નથી થતી. જગતના ભાવો તરફ દોડે. નવરું પડે એટલે વિચારો કાયાના-જડપદાર્થના જ આવે. આ ચાર કારણોએ આંતરું પડ્યું છે એ શી રીતે ભાંજે ? કવિએ આ ચારનાં સમાધાન કાઢ્યા છે.

(૧) **કર્મવિપાકે કારણ જોઈને** - ભગવાનનું આંતરું ભાંગવું છે તો કર્મનાં વિપાક થવા દો એટલે કર્મ છૂટા પડી જાય તો આંતરું ભાંગી જાય, કારણ જોઈને એટલે કારણનો વિચાર કરીને મતિમાન પુરુષો એમ કહે છે કે કર્મનો વિપાક થાય તો કર્મ જાય. હવે કર્મનો ભાર ઓછો કરવા જાય ત્યાં નવા કર્મો આવીને ખડકાય જાય છે, એટલે મન મૂંઝવણમાં છે, કર્મનાં વિપાકથી આંતરું ન ભાંગે ? કર્મવિપાકે એટલે ભવસ્થિતિનાં જે કર્મ હોય એ કર્મનો વિપાક થાય તો આંતરું ભાંગે, જીવને ભવમાં બાંધી રાખનાર કર્મ એ ભવસ્થિતિ કર્મ એનો પરિપાક થાય તો આંતરું ભાંગે.

**ભવસ્થિતિ કર્મ કયા છે ?** (૧) તીવ્ર અનુબંધવાળા જે કર્મો છે તે ભવસ્થિતિનાં કર્મ અને (૨) તીવ્ર મિથ્યાત્વ એ ભવસ્થિતિનું કર્મ, એનો વિપાક થાય એટલે એનું જોર મંદ પડે તો ભવસ્થિતિ ટૂંકી થાય. મિથ્યાત્વ તીવ્ર હોય તો ભવસ્થિતિ લાંબી હોય, એને મંદ કરે તો ભવસ્થિતિ ટૂંકી થાય.

મિથ્યાત્વને મોળું પાડ્યા વિના તીવ્ર અનુબંધને તોડ્યા વિના ભવસ્થિતિ પાકે નહીં. તીવ્ર મિથ્યાત્વ એટલે મનમાં ગોઠવી રાખેલાં અવળા ગણિત, અવળા હિસાબ, અવળી કલ્પના. આ છોડવું નથી તો મિથ્યાત્વ મંદ પડે નહીં અને તીવ્ર અનુબંધ તોડવા નથી તો ભવસ્થિતિ ટૂંકી થાય નહીં. નવા કર્મો બંધાવે જ જાય એવી દુર્બુદ્ધિ જાગ્યા જ કરે. આ મિથ્યા કલ્પનાઓ 'હિસાબ' લેખા પડતાં મૂકે તો ભવસ્થિતિ ટૂંકી થાય, તો ભગવાન સાથે આંતરું ઓછું થાય. કારણનો વિચાર કરીને મતિમાન પુરુષો આ કારણ કહે છે.

કર્મનો વિપાક કરી-ભવસ્થિતિને સર્જનારા જે કર્મ-તે ચાર પ્રકારે પ્રકૃતિ, સ્થિતિ,

અનુભાગ, અને પ્રદેશથી.

(i) પ્રકૃતિ એટલે સ્વભાવ. કર્મનો સ્વભાવ.

(ii) સ્થિતિ=કાળ-મર્યાદા એ કર્મ આત્મા ઉપર કેટલો વખત ટક્યું રહે તે સ્થિતિ.

(iii) અનુભાગ = રસ. એ કરમ જે રૂખ આપે તે ફળની ઉગ્રતા-મંદતા કેટલી છે તે રસ ઉપર અવલંબે છે. દા.ત. જ્ઞાનાવરણીયકર્મ ૧૦ ગુણસ્થાનક સુધી બંધાય. તો એનાં પહેલાં ગુણઠાણાવાળો તીવ્ર રસ બાંધે. જ્યારે દસમાં ગુણસ્થાનકવાળો ઘણો ઓછો રસ બાંધે. એમ શાતા-આશાતા કર્મ બાંધે. નારકીને બિચારાને તીવ્ર અશાતા છે, ક્ષણ ક્ષણ અશાતા વધતી જાય છે. દેવતાને તીવ્ર શાતા છે, એમાંય અનુત્તરવાસી દેવોને તો આ એવી શાતા છે કે વિષયની ખણજ ઊઠતી નથી. **વિષયોની ખણજ ઊઠે તો માનસિક અશાતા ઊભી થાય.** જ્યારે એમને માનસિક પ્રશમસુખ એટલું બધું છે કે એવી કોઈ ખણજ જ ઊભી થતી નથી. ત્યાં ઝુમખડે લટકતાં મોતીઓ અફળાય છે, એમાંથી જે સૂરો નીકળે એની આગળ ગંધર્વના ગીતો પણ હેઠા છે, તીવ્ર શાતા છે, આ અનુભાગ છે.

(iv) પ્રદેશ = કર્મ છે એમાં દળ કેટલું ? એ પ્રદેશ કહેવાય. પ્રદેશ એટલે કર્મના અણુ-અણુનો જથ્થો.

આ ચાર રીતે કર્મનો વિચાર છે. એમાં પણ ઘાતિ-અઘાતિ કર્મો છે.

ઘાતિ=આત્માનાં પરમાત્મભાવનો ઘાત કરે એ ઘાતિકર્મ.

શાતા-અશાતા વેદનીયકર્મ આત્માના સહજ સ્વભાવી અવ્યાબાધ સુખનો ઘાત કરે છે, પણ એ ઘાતિકર્મ નથી કહેવાતું, જ્યારે ઘાતિકર્મ એ આત્માના પરમાત્મભાવ ગુણનો ઘાત કરે છે.

જ્ઞાનાવરણીયકર્મ આત્માનાં કેવલજ્ઞાન ગુણનો ઘાત કરે છે.

દર્શનાવરણીયકર્મ આત્માનાં કેવલદર્શન ગુણનો ઘાત કરે છે.

મોહનીયકર્મ આત્માનાં વીતરાગતા ગુણનો ઘાત કરે છે.

અંતરાયકર્મ આત્માનાં અંનતવીર્ય ગુણનો ઘાત કરે છે.

આ ચાર કર્મનો ઘાત થાય તો જ પરમાત્મભાવ પ્રગટ થાય. શાતા-અશાતા વેદનીયકર્મ પરમાત્મભાવનો બાધ નથી કરતા. ખંધકસૂરિના ૫૦૦ શિષ્યો ઘાણીમાં પીલાતા-ઘોર અશાતા છતાં પણ તેમના પરમાત્મભાવને કાંઈ બાધ ન આવ્યો. ગજસુકુમાર મુનિ-માથે ખેરનાં અંગારા-ભયંકર પીડા છતાં તેમના પરમાત્મભાવને બાધ ન આવ્યો, એટલે પરમાત્મભાવનો ઘાત કરે તે ઘાતિ કર્મ-પરમાત્મભાવ એટલે વીતરાગતા-

સર્વજ્ઞભાવ.

પરમાત્મભાવની ઝંખના કરનારો બિમારી આદિથી ન ગભરાય, પણ અજ્ઞાન-નિદ્રા-રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિથી ગભરાય. ભાવોલ્લાસ-વીર્યોલ્લાસને બદલે પરાધીનતા-સુસ્તીથી ગભરાય. અનુપ્રેક્ષા ઉલ્લસિત થાય કે ભગવાને કર્મોનો જીવોનો નવતત્ત્વોનો કેવો વિચાર આપ્યો છે ? જગતમાં પરમાત્માનાં તીર્થો કેવાં છે ? કેવો સિદ્ધગિરિ-અનંતકાળથી લાખો ને કરોડોને મોક્ષે મોકલી રહ્યો છે. પર્વત આમ તો જડ કહેવાય પણ ચેતન એવા આત્માને ઊંચકીને મોક્ષમાં લઇ જાય, કરોડો આત્માઓ મોક્ષમાં જઇ રહ્યા છે. એક એક આત્મામાંથી જ્યોતિ નીકળી નીકળીને ઉપર જઇ રહી છે, આ કામ સિદ્ધગિરિનું અનાદિ અનંતકાળથી ચાલુ છે. એક સાથે કેવી રીતે દેખાય ? વર્તમાનનું દેખાય પણ ભૂતકાળનું એક સાથે કેવી રીતે દેખાય ? બધી ઉત્સર્પિણી અને અવસર્પિણીના એક સાથે અનેક-અનંતા સિદ્ધગિરિ દેખાય, એના પર ક્રોડો-અનંતા મુનિઓ અનશન કરીને બેઠેલા દેખાય અને જ્યોતિમાં જ્યોતિ ભળી રહી છે આ દેખાય. ભલેને પછી પાંચ ડીગ્રી તાવ હોય પણ ખબર ન પડે, કેમકે મન એમાં જ પરોવાઇ જાય, પછી તો સ્ફૂર્તિ આવે, સુસ્તી ન આવે. આ સિદ્ધગિરિને સિદ્ધભગવાનની કલ્પનાની સ્ફૂર્તિ આવે, ગમે તેવી અશાતા પણ પરમાત્મભાવને રોકતી નથી. જ્ઞાનાવરણાદિ ચાર કર્મોથી ગભરાઓ તો એનો નિકાલ કરવાનું મન થશે. અજ્ઞાન-નિદ્રા વગેરેને કાઢવાનો પ્રયત્ન કરે તો કામ થાય. **જાગતા રહેવાનો અમૂલ્ય અવતાર ઊંઘમાં ચાલ્યો જાય છે.** જ્યાં રસનું કામ હોય ત્યાં ઊંઘ ન આવે. મનનાં થાકે ઊંઘ આવે છે.

ભગવાન તમારે ને મારે મોટું અંતર પડી ગયું છે, એ કેવી રીતે ભાંગે ? અંતર એટલા માટે છે કે હું બહિરાત્મરૂપ બની રહ્યો છું, તમે પરમાત્મરૂપ થઇ ગયા છો એટલે આખો વચ્ચે જે ગેપ છે તે ઓળંગુ-સ્થિર થાઉં પછી પરમાત્મરૂપ બનાય બહિરાત્મભાવમાંથી અંતરાત્મભાવનું મોટું અંતર કપાય અને એમાં સ્થિર થઈને પરાકાષ્ઠાએ પહોંચાય તો પરમાત્મભાવે પહોંચાય, એમ અંતરાત્મભાવ આવ્યા પછી મનને એમ થાય કે હવે એ દહાડા ગયા. જેમ કોડીપતિમાંથી કરોડપતિ થાય એને થાય કે હવે કોડીપતિની દ્રરિદ્રતા ગઇ.

**કર્મવિપાકે કારણ જોઇને** - મતિમાનોએ કહ્યું કર્મનો વિપાક થઇ જાય તો અંતર ભાંગે. કર્મનો વિપાક એજ મોટી કઠણાઇ છે. કર્મવિપાક એટલે જીવની ભવસ્થિતિ, એને જ ઊભી રાખનારા જે કર્મ છે, એ કર્મનો વિપાક થાય તો કર્મ ભાગે.

ભવસ્થિતિને ટકાવનાર કર્મ કયા છે ? તો એક વિચાર કર્યો કે મહામિથ્યાત્વ

અને કર્મમાં રહેલા તીવ્ર અનુબંધ. આ બે તત્ત્વ એવાં છે કે, ભવસ્થિતિને ટૂંકી જ થવા ન દે. એટલે કહ્યું કે ચરમાવર્તે ચરમકરણે તથા ભવપરિણતિ પરિપાક એટલે ચરમ-યથાપ્રવૃતકરણ આવે એના પર અપૂર્વકરણ આવે અને એનાથી ગ્રંથિભેદ કરે. કરણ એટલે બળ. ભાવનું બળ એવું ઊભું કરે કે અનાદિની રાગદ્વેષની જે નિબિડ ગાંઠ છે એને તોડી નાંખે અને ભવસ્થિતિનો પરિપાક થાય. સંસારના મહાસુખોની તરફ મહાનફરત લાવવી પડે ત્યારે અપૂર્વકરણ આવે. **જેમ દુન્યવી ઋદ્ધિ સિદ્ધિ વધારે તેમ આત્મા પોતાનું ઘર વધારે ભૂલે, આત્મઘરની સંપત્તિઓ ભૂલે.** કર્મવિપાકે કહ્યું તેમાં મહામિથ્યાત્વને તીવ્ર અનુબંધવાળા કર્મ લીધા, સામાન્ય રીતે કર્મ અને એનો વિપાક તોડવો એ પણ કઠણ છે. કેમ ? એની મોટી જાળ છે.

**પયઇ-ઠિઇ-અણુભાગ-પ્રદેશથી રે, મૂળ ઉત્તર બહુભેદ;**
**ઘાતી-અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ વિચ્છેદ...૨.**

**ભાવાર્થ :** પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ, એ ચારને સમજતાં તથા કર્મના મૂળ ભેદો અને ઉત્તર ભેદને સમજતાં તથા કેટલાંક કર્મો ઘાતી કર્મહોય છે અને બાકીનાં અઘાતીકર્મો હોય છે તે અંતર પાડવાનું કરણ છે. તથા બંધ, ઉદય, ઉદીરણા તથા સત્તા અને તેનો વિનાશ થાય એ અંતર પડવાનું કારણ સમજવા જેવું છે.

**વિવેચન :** પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ આ તોડવા છે તો શી રીતે તૂટે ? દા.ત. મૂળ પ્રકૃતિ જ્ઞાનાવરણાદિ વગેરે, એમ એનાં ઉત્તરભેદો શી રીતે તૂટે ? પ્રકૃતિ બાંધતી વખતે જે ભાવો કર્યા હોય, જે પ્રવૃત્તિ કરી હોય તેનાથી પ્રતિપક્ષીની સેવા કરી હોય તો એ તૂટે. દા.ત. જ્ઞાનાવરણીયકર્મ-જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનના સાધનોની અવગણના કરીને ઉપાર્જ્યા, હવે એ તોડવા હોય તો જ્ઞાન-જ્ઞાની જ્ઞાનનાં સાધનોની બહુ ઉપાસના કરું તો તૂટે. પ્રકૃતિ તોડવા માટે પ્રતિપક્ષીની સેવા જોઇએ, આ પણ મોટું કઠિન કામ છે. સ્થિતિ-જે બાંધી છે, જેમ સંક્લેશ વધારે તેમ આયુ સિવાયના કર્મોની સ્થિતિ લાંબી બંધાય. જેમ અશુભનો સંક્લેશ વધારે તેમ સ્થિતિનો રસ વધારે. હવે એને તોડવો હોય તો ત્યાં પણ પ્રતિપક્ષીની સેવા જોરદાર કરવી પડે. જ્ઞાન-જ્ઞાનીની આશાતના તીવ્ર કરી હોય ને એ રસ તોડવો હોય તો સંક્લેશ મૂકીને વિશુદ્ધિ લાવવી પડે. એ લાવવા માટે દેવ, ગુરુ, ધર્મની સાધના, ત્યાગ, તપસ્યા વગેરે વધારવા પડે. રંગરાગ વગેરેથી અશુભ કર્મોનો રસ જોરદાર બંધાય છે. હવે એ રસ તોડવો હોય તો ત્યાગ વૈરાગ્યના માર્ગે જવું, આ પણ કઠિન કામ છે.

દળ=પ્રદેશ, શી રીતે વધારે બંધાય ? મન, વચન, કાયાની પ્રવૃત્તિ વધારે કરે તો વધારે બંધાય. એટલે મન-વચન-કાયાના યોગમાં સ્થિરતા લાવવી જોઇએ. જ્યાં સુધી આ મન, વચન, કાયાના યોગને ઓછા ન કરું ત્યાં સુધી પ્રદેશ તૂટવો પણ મુશ્કેલ છે. તીવ્રરસે જે કર્મ બાંધ્યા છે તો તપના જે શુભ યોગો છે એ શુભ યોગોના વીર્યોલ્લાસ અને ભાવોલ્લાસ વધારવો જોઇએ તો અશુભયોગ-રસ ઢીલા પડે. દા.ત. સાધુ આધાકર્મી સેવે તો અશુભ કર્મોની સ્થિતિનો રસ વધારે છે, પાપ પ્રકૃતિના રસ વધારે છે, તો પછી એનાથી વિરુદ્ધ નિર્દોષ ગોચરીનો આગ્રહ રાખે એટલે જે દોષિત ગોચરીથી રસ બાંધે છે તે નિર્દોષ ગોચરીથી કર્મના રસ મંદ કરે છે. એકલા ઘાતિના નહીં પણ અઘાતિના પણ રસ ઓછા કરે છે. સંયમની વિશુદ્ધ સાધના કરવા માટે આ બધું કરવાનું છે, ત્યારે એ બધા સ્થિતિ-રસ તૂટે તો ભગવાન વચ્ચેનું આંતરું કપાય. એકલી મૂળ પ્રકૃતિ નહીં પણ ઉત્તર પ્રકૃતિનું પણ ધ્યાન રાખવાનું છે. એટલે જેમ મતિજ્ઞાનાવરણીય બંધાય છે તો એને તોડવા માટે ઝીણી ઝીણી તકેદારી રાખવી પડે એમ શ્રુતજ્ઞાનાવરણ - બીજાને શ્રુતમાં અંતરાય કરે અથવા પોતે શ્રુત ભણવામાં પ્રમાદ કરે, શ્રુતની અવગણના કરે, શ્રુતજ્ઞાનાવરણ તોડવા હોય તો શાસ્ત્રોનો બહુ આદર કર. શ્રુતનો બહુ આદર કરવો. અનાદિનાં વાતરસિક જીવને શાસ્ત્રમાં લગાવવા કઠિન છે. એક એક પ્રકૃતિના કારણો શોધી શોધીને એના પ્રતિપક્ષને ઊભા કરવા પડે તો ઉત્તરપ્રકૃતિ મોળી પડતી જાય.

દા.ત. રાગ મોહનીય-રતિ મોહનીય. આ શાનાથી બંધાય ? એનો ખ્યાલ રાખવાનો. રતિ મોહનીય શાથી બંધાય ? જે મનગમતું થયું એમાં આનંદ થાય, એના પ્રતિપક્ષી અરિહંત-સાધુની સેવા વધારવી જોઇએ, એમાં આનંદ થાય એ આનંદ વધારે તો દુન્યવી પદાર્થોની રતિ ઓછી થાય. ત્યાગનો આનંદ વધે તો મેવા મીઠાઇનો આનંદ ઓછો થાય. એમ ઘાતિ-અઘાતિને તોડવા માટે એનોય વિપાક કરીને તોડવા જોઇએ, એના માટે ભારે જહેમત જોઇએ. ઘાતિકર્મો તોડવા માટે બાર પ્રકારનો તપ જોઇએ. બાહ્ય અને અભ્યંતર તપનું જેટલું જોર તેટલા ઘાતિકર્મો તૂટતાં આવે. એમાં પણ અભ્યંતરતપની પહેલા બાહ્યતપનું જોર જોઇએ. ભગવાને સંયમ લઇ ઘાતિકર્મોનો સમૂળગો નાશ કરવા માટે પહેલા જોરદાર બાહ્યતપ કર્યો, ઘોર તપસ્યા કરી. રસ ત્યાગ-દ્રવ્યસંક્ષેપ-કાયકષ્ટ, અનાડીનાં ક્ષેત્રોમાં પણ સ્થિરતા કરી - નિયમ મુજબ ગામમાં એક રાત અને શહેર-નગર હોય તો પાંચ રાત રહ્યા. કષ્ટ ઘણા પડે તો પણ રહેવાનું, કાયક્લેશ એ બાહ્યતપ છે. સંલીનતા ખૂબ વધારી, વર્ષો જાય પણ કોઇની સાથે વાત વિસામો નહીં. **ભગવાન ઋષભદેવ** એક હજાર વર્ષ સુધી મૌન રહ્યા. બાહ્ય તપને પહેલા વિકસાવો અભ્યંતર તપ એની પૂંઠે આવશે. આપણે સમજીએ છીએ કે, અભ્યંતર

તપને પહેલા સંભારો, બાહ્યતપ ઓછો વત્તો થાય તો ચાલશે. કાયકષ્ટમાં મનનું કષ્ટ પણ ભેગું છે, એ સંલીનતામાં પણ આવે. મન કૂદકા મારવા જાય એને ચૂપ કરી દેવાનું, તારું ધાર્યું હવે નહીં થાય, મારા ભગવાનનું ધાર્યું થશે. છ-છ મહીના ભગવાન અનાર્ય દેશમાં શી રીતે વિચર્યા ? મનનું ધાર્યું થવા ન દીધું. આવા ઘાતિ કર્મને તોડવા કઠિન છે.

ભગવાનને પ્રાર્થના કરીએ કે, ભગવાન તમારું ને મારું આંતરું કેમ ભાંગે ? સામાન્યથી કહ્યું, કર્મનાં વિપાકથી ભાંગે. કર્મમાં પ્રકૃતિ-સ્થિતિ-રસ ને પ્રદેશ એનો વિપાક એટલે એ જેમ ઓછા થાય તેમ અંતે નિવેડો આવે. પ્રકૃતિનો નિવેડો લાવવા માટે સકામનિર્જરા જોઈએ. અકામનિર્જરા હોય તો બે જાય ને બાર નવા કર્મ આવે. દા.ત. જ્ઞાનાવરણકર્મ- એની પ્રકૃતિ જ્ઞાનને રોકે, હવે એ પ્રકૃતિ ભોગવતાં હાય-હાય કરે તો પેલી પ્રકૃતિ ભોગવાય પણ નવું કર્મ પાછું ઊભું થાય, એટલે સકામનિર્જરા સમભાવથી ભોગવી લે. મારું કામ જ્ઞાનાચાર પાળવાનું છે, એટલે જ્ઞાન મળશે તેમ કર્મ ઓછા થશે, આ કઠિન છે. એમ સ્થિતિ ને રસ-ચિત્તમાં સંક્લેશ હોય તો અશુભ કર્મોના સ્થિતિ રસ વધારે બંધાય અને વિશુદ્ધિ હોય તો ઓછા બંધાય. તો સંક્લેશ ટાળવા હોય તો અધ્યવસાયની વિશુદ્ધિ રાખવી જોઈએ, વિશુદ્ધિ જાળવવાની છે. પ્રદેશબંધ યોગની પ્રબળતા ઉપર અધિક પ્રદેશ પેદા થાય માટે અશુભ યોગોની શિથિલતા જોઈએ. શુભયોગ પ્રબળ જોઈએ. પૈસા કમાવવાની દોડધામ હોય તો અશુભયોગ જોરદાર બંધાય. આ અશુભયોગોની શિથિલતા જોઈએ. મૂળ-ઉત્તર અનેક પ્રકારના ભેદ છે, એમાં પણ ઘાતિ-અઘાતિ બેય આંતરું ઊભુ રાખે છે. ઘાતિ એ પરમાત્મ ભાવને રોકે છે એટલે પરમાત્મા વચ્ચેનું આંતરું રાખે છે, હવે એ આંતરું ઘટાડવા માટે ઘાતિનું જોર ઘટાડવું જોઈએ, એનું જોર ઘટાડવા માટે બાહ્યઅભ્યંતર તપ છે. સર્વજ્ઞ ભગવાનનો સ્ટેમ્પ છે, ઉપવાસ કરો એટલે કર્મ નિર્જરા-હાજરનો સોદો છે. પચ્ચક્ખાણ કર્યું એટલે કર્મનિર્જરા થાય.

ઘાતિ-અઘાતિ કર્મ-દા.ત. જ્ઞાનાવરણીયકર્મ એ ઘાતિ છે તો એ જ્ઞાનાચારના પાલનથી ખપે છે, એમ મોહનીય કર્મ એ પણ ઘાતિ છે, તો એ શુભવૃત્તિ અને શુભપ્રવૃત્તિથી ખપે છે. વીતરાગ ઉપર-ગુરુ ઉપર રાગ વધારે તો બાહ્યના રાગ દ્વેષ ઓછા થાય. બાહ્યના રાગ દ્વેષ જીવને કેમ ગમે છે ? એની સામે પ્રશસ્ત આધ્યાત્મિક સ્થાનનો રાગ ઓછો છે માટે. ચાલતા ચાલતા થાંભલે માથું અફળાયું એટલે થાંભલા પર દ્વેષ થાય છે પણ તે વખતે વિચારે કે હું કૈવો મૂઢ કે સમિતિ-ગુપ્તિ જોઈને ન ચાલ્યો, આમ વિચારે તો દ્વેષ ન થાય. તેમ કાયા ઉપર પણ રાગ ન થાય, ઊલટો દ્વેષ થાય. કેમકે આ

કાયા ઉપરનાં રાગે મને આનાં ઉપર દ્વેષ કરાવ્યો, માટે આ કાયા જ ખોટી છે.

અંતરાયકર્મ એ પણ ઘાતિ છે, એના નાશ માટે અંતરાય જેનાથી બંધાય છે એના પ્રતિપક્ષી જે છે તેનાં ઉપર રાગ વધારે. જેમકે વીર્યાન્તરાય છે એ કેમ બંધાય છે ? બેઠા બેઠા ક્રિયા વિગેરે કરવાથી. હવે આનાથી જે પ્રતિપક્ષી સ્થાનો છે તેના પર અહોભાવ વધારે. હવે ક્રિયા ઊભા ઊભા કરે તો એ અંતરાય તૂટે !

એમ અઘાતિ શી રીતે તૂટે ? પરિષહ સહન કરવાથી. ભૂખ-તરસ લાગી પણ જરા એક કલાક ખમી લેવા દે, પરિષહ સહન કરવા દે. આનાથી શું લાભ થાય ? આનાથી જે અશાતા અશુભ-અપયશ આદિ કર્મો છે તે તૂટે છે. જેટલા પ્રમાણમાં કષ્ટપરિષહ સહન કરો એટલા પ્રમાણમાં અઘાતિ કર્મો તૂટે છે. ભગવાને નીચગોત્ર બાંધ્યું એ ભોગવતા ચાલ્યા એટલે તે મંદ થતું હતું પણ તદ્દન સાફ નહોતું થતું, એટલે છેલ્લું બાકી રહ્યું તો દેવાનંદાની કુક્ષિમાં આવ્યા. રસ એટલો તીવ્ર નહોતો રહ્યો, મંદ હતો, બ્રાહ્મણીની કુક્ષિમાં આવ્યા એટલે નીચગોત્ર મોળું પડ્યું. એ મોળું કોણે પાડ્યું ? નંદનરાજર્ષિ ને પ્રિયમિત્રચક્રવર્તીનાં ભવમાં પરિષહો એવા સહ્યા. પરિષહોની આપણને કિંમત નથી પણ કર્મસત્તા પાસે અદલ ઇન્સાફ છે. તમે પરિષહ સહન કરો એટલે ઘાતિ કર્મ તો તૂટે પણ અઘાતિકર્મ પણ તૂટે. **નંદીષેણને** મામાની દીકરીઓ કોઇ પરણવા તૈયાર નથી એટલે નંદીષેણે ચારિત્ર લીધું. તપ ને વૈયાવચ્ચમાં ચડ્યા તો શું પેલા અપયશ દુર્ભાગ્ય વગેરે કર્મો ખાલી થયા ? ના. એને દૂબળા પાડ્યા, સૌભાગ્ય-આદેય-યશ-નામકર્મ વગેરે એવા ઊભા કર્યા કે વસુદેવના ભવમાં વિદ્યાધરોની કન્યાઓ પૂંઠે ફરવા લાગી.

કૃષ્ણવાસુદેવને ૩૨ હજાર રાણીઓ હતી. જ્યારે તેમના પિતા આ વાસુદેવને ૭૨ હજાર રાણીઓ થઇ. ગામમાં હતા ત્યારે ગામની સ્ત્રીઓ પૂંઠે પડતી અને પરદેશ ગયા તો પરદેશમાં પણ એ સૌભાગ્યનામકર્મના પ્રતાપે જ્યાં જાય ત્યાં સ્ત્રીઓ પાછળ આવે ને લગ્ન કરે. આમ સંયમ, તપશ્ચર્યા, ભક્તિ, વેયાવચ્ચ આદિ દ્વારા પેલું દુર્ભાગ્યનામકર્મ જે હતું એનાં તો ફુડચા ઊડી ગયા.

આંતરું ક્યારે જાય ? બંધ-ઉદય-ઉદીરણા અને સત્તા આ ચારનો વિચ્છેદ કરું તો આંતરું જાય.

**બંધનો** વિચ્છેદ શી રીતે ? ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ અને પરિણામે બંધ. તારા હૈયાનાં પરિણામ ઠેકાણે રાખ તો શુભબંધ થશે, અશુભ હશે તો મલિન થશે. શુભબંધથી ગભરાવાનું નથી, પુણ્ય પણ સોનાની બેડી છે, પણ એમાં ગભરાવાનું નથી. પુણ્યનો બંધ પાપના બંધને અટકાવવા માટે સહાયભૂત છે. પુણ્યબંધથી શરીર

સારું મળે, તેનાંથી ત્યાગ-તપ-ભક્તિ વેયાવચ્ચ સારી રીતે થઇ શકે, એટલે પરિણામે બંધ. સારાપરિણામ રાખો તો શુભબંધ થશે, એનાથી આરાધનાની સારી સામગ્રી મળશે. ગભરાવાનું છે મલિન પરિણામથી, એનાથી ઈર્ષ્યા-દ્વેષ-લોભ વગેરે આવે એટલે જીવ લલચાય અને એવા જ પરિણામમાં મરે.

ભગવાનનું આંતરું ઓછું કરવું છે તો બંધ ઓછો કર, પરિણામ ઉપર ચોકી રાખ, હૈયાના પરિણામ ન બગડે એની સાવધાની રાખ.

**ઉદય-** એ પણ આત્મા ઉપર બહુ ચાલુ હોય તો આંતરું રહે છે. તો શું કરવું ? ઉદયને વિપાકોદયમાંથી પ્રદેશોદયમાં લઇ જવાનો. દા.ત. ગુસ્સો ઉઠ્યો તો એનાથી બહાર એવી મુદ્રા- એને યોગ્ય એવા શબ્દો આપે તો એ પાકો વિપાકોદય થયો, પણ હવે પ્રદેશોદય કરવો હોય તો ઉપશમની ભાવનાથી એના પર નિગ્રહ કરવો. કષાય ભવિષ્યમાં ઉદયમાં આવે તો પહેલાથી તકેદારી રાખે. સારી સારી ભાવનાથી ઉદયમાં ન આવે એવી મનની સ્થિતિ બનાવે, એમ ઉદયમાં આવેલાને નિષ્ફળ કરવા પ્રયત્ન કરે. કદાચને કોઇ આવે ને વાંકુચુકું કરે તો વિચારે... એમાં મારું શું બગાડી નાંખ્યું. આમ પહેલેથી એવી ભાવના રાખે-ગુસ્સે ન થાય.

કષાય ઉદયમાં આવે એ પહેલા એનો નિગ્રહ કરવાનો અને ઉદયમાં આવી ગયા છે તો એને નિષ્ફળ કરવાનાં.

**કષાયની સફળતા એને યોગ્ય વાણી-વિચાર-વર્તાવથી છે.** ક્ષયોપશમ શી રીતે થાય ? જે કર્મ ઉદયમાં નથી આવ્યા એનો નિગ્રહ કરો અને ઉદયમાં આવેલાને નિષ્ફળ કરો તો કષાયનો ક્ષયોપશમ થાય. સફળ થવા ન દઇએ અને નિષ્ફળ કરી દઇએ એનું નામ વિપાકોદયમાંથી પ્રદેશોદય બનાવ્યો.

**ઉદીરણા-**કર્મની ઉદીરણા થાય છે યોગની પ્રબળતાથી. એટલે યોગની ધાંધલ ઓછી કરવી, મતલબ દુનિયાના કાર્યોમાં બહુ દોડધામ, બહુ બોલ બોલ, ધરખમ વિચારોની હારમાળા આ કર્મોની ઉદીરણા કરે છે.

**સત્તા કર્મ વિચ્છેદ-** આત્મામાં સત્તાગત જે કર્મો પડ્યા છે એનો વિચ્છેદ કરવાનો તો ભગવાનનું આંતરું ભાંગશે.

કર્મની **સત્તાનો વિચ્છેદ** શી રીતે થાય ? એજ સકામનિર્જરાની પદ્ધતિથી. એક અશાતા વેદનીય આવી સમતાપૂર્વક શુભભાવથી ભોગવીએ છીએ. એનાથી એટલા કર્મો તો આવ્યા પણ એ શુભભાવ જે છે તે સત્તાગત કર્મોને પણ ખેરવી નાંખે છે, એમાં પણ એ જ વાત છે. સમાધિભાવ રાખીને પરિષહોને ખૂબ સહન કરો તો સત્તાગત ઘણા કર્મોનો નિકાલ થઈ જાય. આ બધાનો વિચ્છેદ થાય તો ભગવાનનું

આંતરું ભાંગે. એટલે આ બધું કરવામાં હે ભગવાન આપ સહાય કરજો, આપની સહાય વિના કાંઇ થવાનું નથી

**કનકોપલવત્ પયડી પુરુષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ;**
**અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય...૩**

**ભાવાર્થ :** અનાદી કાળથી અને પોતાના સ્વભાવથી જેમ સોનું અને માટી મળી રહે છે, તેમ સોના જેવો આત્મા અન્ય (કર્મ) સાથે જ્યાં સુધી જોડાઇ ગયેલો હોય ત્યાં સુધી એને સંસારી નામ અપાય છે.

**વિવેચન :** અનાદિના વિયોગનો અંત નથી તેની સામે કહે છે, તે વિયોગનો અંત થઇ શકે. જ્યારથી આત્મા ત્યારથી સંયોગ, એવો કોઇ સંયોગ નથી પરંતુ સંયોગની પરંપરા છે. જ્યારથી આત્મા જગતમાં છે ત્યારથી સંયોગની પરંપરા **संयोगा विप्रयोगान्ताः** - સંયોગમાત્રનો વિયોગ થાય અર્થાત્ નાશ થાય એટલે ગભરાવાની જરૂર નથી. અનાદિનો નાશ કોનો ન થાય ?

જે નિત્ય છે એનો. જેમકે જીવત્વનો... તે અનાદિનું છે માટે. જ્યારે કોઇપણ કર્મનો સંબંધ નિત્ય નથી માટે તેનો નાશ થઇ શકે. જેમકે સોનું જ્યારથી ખાણમાં છે, ત્યારથી માટીનાં સંબંધવાળુ છે. પણ એક દિવસ તેનો અંત આવે છે. તેવી રીતે આત્મા અને કર્મનો સંબંધ એવો છે, ત્યાં સુધી એ સંસારી કહેવાય. હવે સંયોગને દૂર કરવા શું જોઇએ ? તેનો સંયોગ ન થાય તેવા સાધનોનું સેવન જો કરવામાં આવે તો આત્મા મુક્ત થાય. આથી કહ્યું,

**કારણજોગે હો બાંધે બંધ ને રે, કારણ મુગતિ મૂકાય**
**આશ્રવ-સંવર-નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય...૪**

**ભાવાર્થ :** જ્યારે કર્મબંધનું કારણ થાય છે ત્યારે આત્મા કર્મનો બંધ કરે છે, અને જ્યારે કારણ મળે ત્યારે કર્મથી મુક્તિ મેળવે છે. જ્યારે આત્મા કર્મબંધન કરે ત્યારે તે કર્મની આવકનું નામ આશ્રવ કહેવાય છે. અને કર્મને આવતાં રોકે ત્યારે તેનો સંવર કર્યો એમ અનુક્રમે કહેવાય છે. એટલે કર્મની આવકને આશ્રવ અને નવાં કર્મોની આવકના રોકાણને સંવર કહે છે. આશ્રવ તજવા યોગ્ય છે, સંવર આદરવા યોગ્ય છે, એમ સાંભળવામાં આવે છે.

**વિવેચન :** કર્મનો સંયોગ અનાદિનો પરંતુ તે પ્રવાહીરૂપ છે. એ બંધીય ક્ષણોમાં એક જ સંયોગ નથી. આત્માને કારણોનો યોગ થાય તો બંધનો યોગ થાય. તે કારણો મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ આદિ હોય તો કર્મ બંધાય. તે મૂકી દો તો

આત્મા નહિ બંધાય. આપણે ભગવાનને વિનંતિ કરીએ છીએ કે તમારું મારું આંતરુ કેવી રીતે દૂર થઇ જાય ? જેમ મિથ્યાત્વ- અવિરતિ આદિ છે તો કર્મ બંધાય ! બંધાવાનું અને મૂકવાનું એને જૈનપરિભાષામાં આશ્રવ અને સંવર કહે છે. કારણનાં સદ્‌ભાવમાં કર્મ બંધાય, કારણના અભાવમાં મુક્તિ થાય. કારણનો સદ્‌ભાવ એટલે આશ્રવ અને તેના અભાવને સંવર કહેવાય તો આત્મા અંતે મુક્ત થાય, જેમકે આવક કરતા જાવક વધી ગઇ. પરિણામે ટાંકીનું પાણી સાવ ખાલી. ટાંકીમાં ઉપરથી પાણી આવતું બંધ થયું અને નીચેથી પાણી નીકળવાનું ચાલુ છે તો અંદર પાણી ખાલી થાય. એજ પ્રમાણે આત્માએ આશ્રવનાં દ્વાર બંધ કર્યા એટલે કર્મની આવક બંધ થઇ ગઇ, કારણ દ્વાર ખુલ્લા છે ત્યાં સુધી કર્મની આવક ચાલુ છે. ફક્ત આટલું કામ કરો - જે કારણોથી કર્મોનો બંધ થાય છે તેને બંધ કરો. મિથ્યાત્વના બદલે સમ્યક્ત્વ, અવિરતિને બદલે વિરતિવાળો, કષાયના બદલે ઉપશમભાવ, અશુભયોગની સામે શુભયોગ લાવો. આ બધા આત્માની અંદર જ છે બહાર નથી. યોગ એટલે વાણી-વિચાર ને વર્તાવ. વચનયોગ=વાણી. મનયોગ=વિચાર. કર્મયોગ= વર્તાવ. આ બધા આશ્રવોને બંધ કરી દો તો બધો મામલો થોડીવારમાં બંધ થઇ જાય.

**ભરતમહારાજાને** કેવળજ્ઞાન લાધ્યું. એના થોડી વાર પહેલા મારે રાજ્ય શું ? પરિવાર શું ? હું તો અરૂપી. ચિત્-આનંદરૂપ છું પોતાના સ્વરૂપ તરફ દૃષ્ટિ લઈ જાય તો કર્મોનો બંધ બંધ થઇ જાય. આથી કહ્યું આશ્રવ છોડો- સંવર આદરો તો આત્મા મૂકાય. ક્રોધ અને લોભની માનસિક વિચારણા પણ આશ્રવ છે, તંદુલિયો મત્સ્ય આ જ કરે છે. મિથ્યાત્વની સામે સમ્યક્ત્વ. ભગવાનના ભક્તિ-ગુણ-ગાન કરવા તે સંવર છે. ક્યારે તે ભાવ થાય ? જ્યારે કર્મ બાંધવાનું બંધ કરે. ૪ પ્રકારના કષાય, ૧૨ પ્રકારની અવિરતિ. તેને રોકો તો સંવર થાય. આશ્રવની સામે સંવર ગોઠવી દો પણ આ કામ અઘરું છે. તેથી કવિએ કહ્યું. આશ્રવ-સંવર હેય-ઉપાદેય અનુક્રમે લાગવા જોઈએ. કવિ પોતાના મનમાં આછી આછી ઝાંખી કરે છે કે ભગવાનને અને મારે આંતરું પડ્યું છે, પરંતુ જો હું આશ્રવ ઘટાડું, સંવરમાં વધારો કરું તો પરમાત્માનું આંતરું ઘટે, આત્મા મોક્ષની નિકટ થાય. કવિ કહે છે કે આ સંસારી જીવો આપણા કહેવાથી આશ્રવ છોડી દેશે અને સંવર આચરે તેમ નથી, પરંતુ તેની ઉપર આશ્રવ એ ત્યાજ્ય અને સંવર એ ઉપાદેય છે, તેમ લેબલ મારજો, મનમાં રાખજો, રાખીને શું કરવાનું ? ભગવાને ઊંધો આશ્રવ ત્યાગ કર્યો અને ભગવાને ઉચ્ચકોટિની સેવાની સાધનાઓ સેવી કલિકાલસર્વજ્ઞે એજ કહ્યું. ઘંટ વગાડ્યા કર કે આશ્રવો છોડવા જેવા છે, જ્યારે આશ્રવનું અને સંવરનું દર્શન કરીએ ત્યારે એકમાં હેય અને બીજામાં ઉપાદેય બુદ્ધિ

થવી જોઇએ.

આશ્રવો ભારે ખતરનાક છે માટે ત્યાજ્ય છે તે ભાવો મનમાં રાખ.

બંને કઠણ છે તેથી કવિ બંને વર્ગ મનમાં ગોઠવે છે.

આત્મા ઉપર કર્મને જોડાવાનો અનાદિનો સ્વભાવ છે અને જોડાયેલા રહે ત્યાં સુધી અંતર ભાંગે નહીં તેથી એના માટે પ્રબળ જાગૃતિ અને ભગીરથ પુરુષાર્થ જોઈએ. કર્મનો સંબંધ મારા આત્મા ઉપર કેમ ઓછો થાય એનો ખ્યાલ જોઈએ. ઘણીવાર પ્રયત્ન હાથવેંત હોય પણ એ બાબત ઉપર લક્ષ ન હોય. દા.ત. નક્કી કર્યું કે આજ સાંજ સુધીમાં પાંચ હજાર નવકાર ગણવા છે, આ પ્રયત્ન સહેલો છે પણ ખ્યાલ-જાગૃતિ રાખે તો નવકાર ગણાય. પણ જો જાગૃતિ ન રાખે તો ન ગણાય. કઠણ પ્રયત્ન હોય તે હજી સફળ ન થાય પણ સરળ હોય તો થાય, પણ જાગૃતિ નથી માટે સફળ થતા નથી. એમ કર્મનો સંબંધ અનાદિનો છે છતાં એ કર્મોનો સંબંધ ઓછો કરવો છે તો એ કારણોનો યોગ હશે ત્યાં સુધી સંબંધ તો રહેવાનો પણ એના કારણોનું સેવન ઓછું કરવામાં આવે તો ઓછો થાય. એ જાગૃતિ શી રીતે થાય ? કર્મનો બંધ કરાવનાર જે આશ્રવો છે તેને ઓછા કરવા પડે. એ આશ્રવો ક્યારે ઓછા થાય ? પહેલા એના તરફ હેયબુદ્ધિ જોઇએ. આ ત્યાજ્ય છે એનો ખ્યાલ ન હોય તો આશ્રવ સહેજમાં સેવાઈ જશે ને આત્મા મૂઢની જેમ બધું ગુમાવશે.

**મનુષ્ય જન્મનું મુખ્ય કર્તવ્ય આ છે, હેય અને ઉપાદેયનો જાગતો જાગૃતભાવ જોઈએ.** એ ખરેખર જાણ્યું ક્યારે કહેવાય ? આશ્રવ હેય છે તો એના તરફ ઘૃણાનો ભાવ જોઈએ, કષાય બીલકુલ નકામી ચીજ છે. ઇન્દ્રિય કષાય - અવ્રત આદિ ઉપર ત્યાજ્યતાની બુદ્ધિ, ઘૃણાના ભાવ સાથે એ બુદ્ધિ જોઇએ. ભગવાન સાથેનું આંતરું કેમ ભાંગતું નથી ? કારણ આશ્રવ તરફ ઘૃણાની અને સંવર તરફ આકર્ષણની બુદ્ધિ નથી માટે.

સંવર તરફ આકર્ષણ હોય એ શું ? સંવર છે સમિતિ, ગુપ્તિ, પરિષહ, ક્ષમાદિ ૧૦ પ્રકારનો ધર્મ -૧૨ ભાવના આ બધા સંવર છે. એમાં તપ પણ આવે. ૧૨ પ્રકારનો તપ એ નિર્જરાતત્ત્વમાં આવે, છતાં ક્ષમાદિ ૧૦ પ્રકારના સાધુધર્મમાં તપ લીધો એ સંવર છે.

જેટલા પ્રમાણમાં તમે તપમાં હો તેટલા પ્રમાણમાં તમે પાપથી બચો છો. નિર્જરા એ આત્મામાં રહેલા - સ્ટોકમાં રહેલા જે કર્મો છે તેનો ક્ષય કરે છે. તપ બેય કામ કરે છે, સંવર દ્વારા કર્મની અટકાયત કરે છે અને નિર્જરા દ્વારા કર્મનો નાશ પણ કરે છે. સમતા અને નિર્જરારૂપ તપ સંવરમાં છે, એનું આકર્ષણ છે એટલે જીવ શોધતો

ફરે. કેમ ભાઇ સંવરને ઉપાદેય માનો છો ? એજ ઉપાદેય છે, આશ્રવ ત્યાજ્ય છે. પણ આશ્રવ પર કાંઈ ઘૃણાભાવ ખરો ? હા. આશ્રવ પર ઘૃણાભાવ રહે તો જ સંવર પર આકર્ષણ રહે. આ ઓળખાણની રૂએ જાગૃતિ રહે. આ જાગૃતિમાં આશ્રવ પર કાયમી ઘૃણાનો ભાવ હોય તો ભગવાનની સાથેનું અંતર ભાંગે, આશ્રવ-સંવર તરફ જાગૃતિ હોય તો પ્રયત્ન સહેલો છે. નિત્ય આકર્ષણ સંવર પર રહે. એની ધીકતી જાગૃતિ ને ભગીરથ પુરુષાર્થ દ્વારા બધા આશ્રવો પ્રત્યે ઘૃણાભાવ જાગે એટલે સૌ પ્રથમ જાગૃતિ જોઈએ પછી પ્રયત્ન થાય.

**યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણકરણે કરી ભંગ,**
**ગ્રંથ ઉક્તે કરી પંડિતજન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ...૫**

**ભાવાર્થ :** કર્મના જોડાવાથી મારો અને તમારો આંતરો પડી ગયો છે. પણ ગુણ કરવાથી એ આવકનો અટકાવ થઈ શકે તેમ છે. આપ તે ભંગને કહી શકો તેમ છો. આ પ્રમાણે વાત પંડિત લોકોએ મને જણાવી છે. આંતરો દૂર કરવાનો એ સારામાં સારો ઈલાજ છે.

**વિવેચન : યુંજનકરણે તુજ અંતર પડ્યો** - ભગવાન તમારું અને મારું આંતરું યુંજનકરણે પડ્યું - એ ભાંગે કેવી રીતે ? ગુણકરણે કરી. યુંજન એટલે શું ? સામાન્ય રીતે યુંજન એટલે જોડાવું, પણ કરણ શું ? જે કારણે આત્મા કર્મથી જોડાય છે તે. તેની સામે ગુણ લાવીએ તો એટલા કર્મ ઓછા થાય. યુંજનકરણ એટલે સંક્લેશ, આશ્રવ સેવીએ છીએ એમાં સંક્લેશ રાખીએ છીએ એટલે કર્મના સંબંધ ગાઢ થાય છે. એ આ સંક્લેશનો પ્રતાપ છે. સંક્લેશ કર્મના બંધ તો ઊભા કરે છે પણ સાથે પાપના અનુબંધ પણ ઊભા કરે છે. આગળ કર્મો તો ભોગવો પણ સાથે પાપ પણ ઊભા થાય છે. દા.ત. માંદગી આવી, અભક્ષ્યનું ભક્ષણ ને રાત્રિભોજન ન કરાય તેવે વખતે સંકલેશથી અભક્ષ્યનું ભક્ષણ, રાત્રિભોજન આદિ કરે, હૈયાને નિષ્ઠુર બનાવે. એમાં શું વાંધો ? એટલે એક તો અશાતા વેદનીય ભોગવી રહ્યો છે, એમાં પણ આ ન ખવાય ને તે ન ખવાય એવી નિષ્ઠુરતા આવે છે. એટલે અશાતાની સાથે સંકલેશ બાંધે છે એટલે હવે જ્યારે અશાતા ઉદયમાં આવશે તે વખતે એવી પાપબુદ્ધિ હશે કે એ અશાતા તો ભોગવશે પણ સાથે નવા પાપકર્મો બાંધશે.

**નાગદત્ત શેઠ** - મરીને બોકડો થયો. પોતાની દુકાન પાસેથી પસાર થતા જાતિસ્મરણ થયું. દુકાનમાં ઘુસ્યો, કસાઈ પકડીને લઈ જાય છે, છોકરાએ ન છોડાવ્યો. કસાઈ લઈ ગયો. જ્ઞાનીએ કહ્યું એ તારો બાપ હતો એટલે છોકરો દોડ્યો. કસાઈને કહે

બે નહી પણ ૧૨ રૂપિયા આપું, પેલો બોકડો લાવ. કસાઇ કહે, પણ હવે છે જ નહીં ક્યાંથી આપું ? કેમ ? ખલાસ થઇ ગયો. જ્ઞાની પાસે આવ્યો. ભાઇસાબ, આપ જ્ઞાની છો, હવે ક્યાંથી છોડાવી લાવું ? ગુરુ કહે, હવે તારાથી છોડાવાય એમ નથી. ક્યાં ગયો ? પહેલી નરકમાં. કપાંઇ મરવાની અશાતા ભોગવી પણ સાથે એવો સંક્લેશ થયો, મરતા મરતા આ બોકડાને કસાઇ પર દ્વેષ આવ્યો, એ કષાયના સંક્લેશમાં ચડીને નરકના પાપ બાંધી નરકમાં ગયો. આ સંક્લેશ એ યુંજનકરણથી કર્મોને એવાં જોડી આપે કે તીવ્ર અનુબંધથી સંક્લેશવાળા બાંધે પછી એની પરંપરા ચાલે. અશાતા કર્મના વિપાકે દુ:ખ અશાતા આવે, એની સાથે અનુબંધ એવાં લાવે કે પાપ ભોગવે ને નવા પાપ બંધાવે.

ભગવાન તમારે ને મારે આંતરું શાથી છે ? એકલા કર્મ બાંધું છું માટે નહીં પણ સંક્લેશ સાથે કર્મ બાંધુ છું માટે છે. કર્મનો છૂટકારો હજી સહેલો છે જો એને નિરનુબંધ કરી દેવામાં આવે તો. ભગવાન મહાવીરના જીવે મરીચિના ભવમાં કર્મ એવા બાંધેલા કે એનાથી વિશ્વભૂતિનાં ભવમાં સુધાર્યું, પણ પાછું એવું બગાડ્યું-નિયાણું બાંધ્યું, આ નિયાણામાં હજાર વર્ષનાં તપને કારણે હું બળવાન થાઉં. અહીં ભૂલ કરી, મોક્ષ પ્રત્યે ઘોર ઉપેક્ષા આવી, બળવાન થઇને બતાવી આપું. એવો ભાવ આવ્યો. આપણા શાસ્ત્રો આ કહે છે, જરૂર પડે ત્યારે સંસારી ચીજ વસ્તુ માંગવી એ ગુનો નથી પણ ધર્મારાધનાના બદલારૂપે મોક્ષ પ્રત્યેની અરુચિથી માંગવી એ ગુનો છે. આ તપના પ્રભાવે મળ્યું તો ખરું. ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા ને મરીને સાતમી નરકે ગયા, ત્યાંથી મરી સિંહ થઇ ચોથી નરકે ગયા. આ બધા સંક્લેશ-તીવ્ર પાપાનુબંધ દ્વારા ૩૩૦ કોડાકોડી પલ્યોપમનો જંગી કાળ સંસારમાં ભટક્યા, પછીથી બાજી ૨૨માં ભવમાં સીધી કરી. શુભ અનુબંધ ઊભા કર્યા-અશુભ અનુબંધ તોડ્યા, પ્રિયમિત્ર ચક્રવર્તી થયા પણ લપટાયા નહીં અને ચક્રવર્તીપણાનો ત્યાગ કરી એકક્રોડ પૂર્વ વર્ષ ચારિત્ર પાળ્યું.

યુંજનકરણે ભગવાન મારે તમારું આંતરું પડ્યું. હવે આ યુંજનકરણમાંથી ગુણકરણ આવે તો તમારું આંતરું ભાંગે.

યુંજનકરણ એટલે સંક્લેશ અને ગુણકરણ એટલે વિશુદ્ધિ.

ભગવાનને કહીએ છીએ કે પ્રભુ તમારી સાથે આંતરું કેમ પડ્યુ ? યુંજનકરણથી. યુંજનકરણ એટલે માત્ર કર્મબંધ નહીં પણ સાનુબંધ કર્મબંધ. કારણ ? અશુભ અનુબંધવાળા કર્મ બાંધે તો એ કર્મ ઉદયમાં આવે ત્યારે અવશ્ય દુર્બુદ્ધિ થાય અને શુભાનુબંધ હોય તો સદ્બુદ્ધિ થાય.

**શાલિભદ્રના** જીવ સંગમે ખીરનું દાન કર્યું તો શુભ અનુબંધવાળુ પુણ્ય બાંધ્યું. જ્યારે ત્રિપુષ્ઠ વાસુદેવના જીવે પૂર્વે પુણ્ય તો બાંધ્યું હતું પણ એ અશુભ અનુબંધવાળુ હતું, એટલે એના ઉદયકાળમાં પાપબુદ્ધિ જ કરાવી. શાલિભદ્રને ગમે તેટલી ઋદ્ધિ મળી તો પણ દુર્બુદ્ધિ ન થઇ સદ્‌બુદ્ધિ જ થઇ. રોજની ૯૯ પેટી કુવામાં નાખવાનું મન થયું, દુર્બુદ્ધિ હોત તો વખારમાં ભરવાનું મન થાત. આ શુભ અનુબંધવાળું પુણ્ય હતું. - માએ હર્ષ સાથે કહ્યું, બેટા શાલિ-શ્રેણિક આવ્યા છે, ત્યારે શાલિભદ્ર કહે છે મા - એમાં મને શું પૂછવાનું ? મોલ-તોલ કરીને એને વખારમાં નાખી દે. ત્યારે માએ કહ્યું, બેટા શાલિ ! શ્રેણિક એ કાંઇ કરિયાણું નથી પણ મારા-તારા અને આખા મગધનાં માલિક છે. આ સાંભળતાં શાલિભદ્રને થયું - મારા માલિક મહાવીર નહીં ને શ્રેણિક ? આ સદ્‌બુદ્ધિ થઇ. દુનિયાનો માણસ માલિક મળે ને ખુશી થાય એ દુર્બુદ્ધિ અને દુનિયાનો માણસ માલિક મળે ને ગુલામી લાગે એ સદ્‌બુદ્ધિ. આ ગુલામી છે. માલિક તો એક ભગવાન, આ સદ્‌બુદ્ધિ.

**સમરાદિત્યના જીવ** પહેલા ભવથી (ગુણસેનરાજાના ભવથી) પુણ્ય બાંધતા હતા તો ઉપરના દેવલોકમાં ગયા. કેમ ? પુણ્યકર્મ બાંધતા હતાં પણ શુભ અનુબંધવાળા બાંધતા હતા એટલે એનાથી પરમાત્માનું આંતરું ઓછું થતું. એનાથી (૧) પોતાને પરમાત્મભાવ આવતા ભવ ઓછા થતા હતા અને (૨) પરમાત્મભાવ આવવા માટે જે વીતરાગભાવ જોઇએ એની નિકટના ભાવોમાં વૃદ્ધિ થતી. પહેલા ભવમાં જે શુભભાવ હતો તેનાથી દેવલોકમાં ગયા. ત્રીજા ભવમાં એ ભાવ વધતો ગયો. **શુભ ભાવ જેટલો વધે તેટલા વીતરાગભાવની વધારે નિકટ જવાય.** આ બધું ગુણકરણનાં પ્રતાપે. અનાદિ સંસારમાં યુંજનકરણ હતું એટલે કર્મબંધ સાનુબંધ- પાપાનુબંધવાળો હતો, સંક્લેશ સાથેનો કર્મબંધ હતો. મુખ્ય યોગ ને કષાયથી કર્મ બંધાય. મિથ્યાત્વને કષાયમાં સમાવી લીધું., અવિરતિ ને યોગમાં સમાવી લીધી, એટલે યોગ ને કષાયમાં જેટલો સંક્લેશ વધારે એટલો પાપાનુબંધ. સંક્લેશ એટલે ચિકણા રાગ-દ્વેષ છૂટ્યા ન છૂટે. ભગવાન સમજાવવા આવે તો પણ ન સમજે. જમાલીને સમજાવનાર ભગવાન મહાવીર હયાત હતા તો પણ ભગવાન તેને સમજાવી ન શક્યા અને ભગવાનનો આ કેસ ગૌતમમહારાજે ઉપાડ્યો ને જમાલીને કહ્યું, બોલ આ રત્નપ્રભા પૃથ્વી શાશ્વત કે અશાશ્વત ? આનો જવાબ જમાલી પાસે નહોતો, મૌન રહ્યા અને જવાબ ન આપ્યો. આનો જવાબ હતો-રત્નપ્રભા પૃથ્વી સ્યાત્ શાશ્વત સ્યાત્ અશાશ્વત ! આ જવાબ જો સ્વીકારી લે તો સંથારો પથરાયો કે નહીં એમાં પણ સ્યાત્ લાગુ થાય, એક અપેક્ષાએ પથરાયો છે અને બીજી અપેક્ષાએ પથરાયો નથી આ જવાબ આવી જાત. પણ તીવ્ર

સંક્લેશમાં આવી ગયા ને વાત ન માની. તીવ્રરાગદ્વેષનો સંક્લેશ થાય એને બ્રહ્મા=ભગવાન પણ સમજાવી ન શકે.

**બ્રહ્મદત્તચક્રવર્તીને** જાતિસ્મરણ થઇ ગયું. પૂર્વના પાંચ ભવ દેખાયા પણ રાગનો સંક્લેશ મોળો ન પડ્યો. પૂર્વના અવધિજ્ઞાની ભાઇ મુનિ સમજાવવા આવ્યા, કહ્યું, પૂર્વભવમાં ચારિત્ર પાળ્યું ને ઘોર તપસ્યા કરી તો આ બધું પામ્યો છે છતાં પણ રાગનો એવો સંક્લેશ છે કે ન સમજ્યો. કેમકે ભૂતકાળમાં અંતિમ સમયે ઊંધું વેતરી આવ્યા છે. **તીવ્ર રાગનો સંક્લેશ તત્ત્વની વાત સમજવા ન દે.** હિતની વાત યુક્તિપૂર્વક કરી હોય તો પણ ગળે ન ઉતરે એ પ્રતાપ છે યુંજનકરણનો. કર્મો બાંધ્યા એ સંક્લેશ સાથે રાચી માચીને બાંધ્યા, એનાથી કર્મો અનુબંધવાળા બંધાયા. એવા તીવ્ર અનુબંધવાળા કે ભવાંતરમાં તૂટ્યા ન તૂટે એટલે આગળ દુર્બુદ્ધિ મળે, એનાથી દુર્ગતિ જ થાય અને આ દુર્ગતિના લીધે પાછી દુર્બુદ્ધિ થાય આમ ચક્ર ચાલ્યા કરે. પછી ગરોલી, બિલાડી કે માખીના વાઘનો ભવ હોય, ભગવાનની સાથેનું આંતરું આ તીવ્ર સંક્લેશને કારણે વધી જાય છે. ઘટતું નથી.

વધી જાય છે એમ કેમ કહો છો ? જે ભવ હતા એ તો ઘટી રહ્યા છે ને ? એક એક ભવ તો ઓછો થાય છે ને ? એટલા માટે કહીએ છીએ કે આ ભવમાં આવ્યો એ વખતે જે એની ભવસ્થિતિ હતી... હવે જીવન એવું બનાવ્યું તીવ્ર સંક્લેશવાળું કે એના ભવ વધી ગયા. મરીચિનો એ વખતનો વૈરાગ્ય એટલો જોરદાર હતો કે એ વખતે ભગવાનને જો પૂછ્યું હોત તો કદાચને બે પાંચ ભવ કહેત, પણ ઉત્સૂત્રભાષણ કર્યું એટલે લખ્યું કે એણે વચને વધ્યો સંસાર - એટલે જો સંસાર ટૂંકો ન હોત તો વધ્યો એમ ન કહેત. સંક્લેશવાળા જીવનથી સંક્લેશ કરીને ભવસ્થિતિ વધારે એટલે આંતરું વધાર્યું. એટલા માટે કહ્યું કે યુંજનકરણે તુજ અંતર પડ્યું. સંક્લેશવાળા ભાવથી અશુભ અનુબંધવાળા કર્મનો બંધ એનું નામ યુંજન. આંખ મીચીને ગમે તેની **હાસ્ય-મજાક કરે તો પરમાધામીનો અવતાર** મળશે. મારા અનંતા લીધેલા ને પાળેલા ચારિત્ર ફેઈલ કેમ ગયા ? આ યુંજનકરણના હિસાબે. એટલે પરમાત્મા સાથેનું અંતર ઘટે શાનાથી ? ગુણકરણથી, વિશુદ્ધિથી.

ભગવાન તારી સાથે આંતરું કેમ ? વિચારતા થાય છે કે હજી મારે શુદ્ધ પહેલા ગુણઠાણાનું ઠેકાણું નથી. શુદ્ધ પહેલું ગુણઠાણું કેવું હોય ? જેમા મિથ્યાત્વ એટલું બધુ મંદ હોય કે **'ધર્મ અર્થે ઈહાં પ્રાણને છંડે પણ ધર્મને નવિ છંડે'** એટલે ધર્મને માટે પોતના પ્રાણ આપવા પડે તો આપી દે પણ ધર્મને ન છોડે, આવી દશા મંદ મિથ્યાત્વમાં હોય. વળી પહેલા ગુણઠાણે ધર્મી જીવન દશા કેવી હોય ?

**तप्तलोहपदन्यासतुल्या**-તપેલું પતરું હોય અને ચાલવાનું હોય તો પગલા કેવી રીતે પડે ! દોડતા દોડતા પડે, ઠરી ઠરીને ન ચાલે. એમ પાપની પ્રવૃત્તિમાં આત્માની ગતિ કેવી હોય ? ઉતાવળી ને બેબાકળી ગતિ. આ પહેલા ગુણઠાણે હોય, પહેલા ગુણઠાણે સમકિતનો અભાવ છે પણ વૈરાગ્યનો અભાવ નથી, એવો વૈરાગ્ય ઝાકઝમાળ હોય.

**ભર્તૃહરિ**એ સંન્યાસ લીધો, વૈરાગ્ય એવો જોરદાર હતો કે સંન્યાસ લીધા પછી પણ સંતાપ કરતા શા માટે ? તેમણે શું રાખેલું ? એક જીર્ણ કંથા રાખી, જમીન પર સૂઇ જવાનું અને આટો માંગી લાવે ખાવા માટે. તો પણ કહે, હજી વિષયો નથી છૂટતા. આમાં વિષયો ક્યાં આવ્યા ? ગઇ કાલે સૂવા સુંવાળી શિલા હતી આજે જરા ખરબચડી શિલા છે, ગઇકાલે લોટ જરા ખોરો હતો આજે મીઠો લોટ મળ્યો. આ વિષયોનો સંતાપ હતો.

આ ઉપરથી પ્રભુને કહેવાનું મન થાય, પ્રભુ ! હજી મારે પહેલા ગુણઠાણાનું ઠેકાણું નથી ને આપ ચૌદમું ગુણઠાણું પામી ગયા, આ આંતરું છે. વળી મારે અજ્ઞાનનું ભયંકર અંધારું છે, આપના જ્ઞાનનો પ્રકાશ આખા વિશ્વમાં પથરાયેલો છે. તમારે આત્મપ્રધાન જીવન જીવવા જોઇએ છે મારે જડપ્રધાન જીવન જીવવા જોઇએ છે. તમારી પ્રત્યેક પ્રવૃત્તિ અંતર્મુખ છે મારી પ્રત્યેક પ્રવૃત્તિ બહિર્મુખ છે. તમારી એક સેકંડ પણ પ્રમાદની નથી જ્યારે મારે પ્રમાદની સેકંડોનો પાર નથી, છતાં નિશ્ચિત થઇને ફરીએ છીએ. આપને એક શબ્દનો વાત વિસામો જોઇતો નથી ને અમારે હજારો શબ્દોનો વાત વિસામો જોઇએ છે, સાંભળવા પણ જોઇએ છે અને બોલવા પણ જોઇએ છે. આપે જગતનું કશું જ પોતાનું કરીને રાખ્યું નહી. ભગવાન મહાવીરે ગૌતમને પણ પોતાનો કરીને માન્યો નહીં અને અમારે મારું મારું કરવાનો પાર નથી. શરીરનો ખૂણે ખૂણો મારો માનું છું-શરીરના એક ખૂણામાં ટાંચણી ભોંકાય તો પણ અસહ્ય થઇ પડે છે. આ બધું અંતર યુંજનકરણે પડ્યું છે, સાનુબંધ કર્મથી પડ્યું છે. તીવ્રસંક્લેશ જનિત સાનુબંધ કર્મબંધથી આંતરું પડ્યું. કારણ એની તાકાત છે કે, એ કર્મબંધની હારમાળા ઊભી કર્યા વગર રહે નહીં. એટલે કર્મબંધની હારમાળાનો અંત નથી માટે આંતરું પડ્યું છે. એ આંતરું ભાંગે કેમ ? ગુણકરણે કરી ભંગ=વિશુદ્ધિકરણથી ભાંગે.

યુંજનકરણમાં સંક્લેશ સહિત આશ્રવ છે, એટલે સંક્લેશ વધતો રહે છે. ગુણકરણ કેવી રીતે થાય ? વિશુદ્ધિ વધતી રહે તો આત્માના સંક્લિષ્ટ અધ્યવસાયથી સાનુબંધ કર્મની હારમાળા ચાલે છે, જ્યારે વિશુદ્ધિના અધ્યવસાયની તાકાત છે કે સંક્લેશથી ઊભા થયેલા કર્મના અનુબંધને તોડી નાંખે છે, એટલે કર્મબંધની હારમાળા ટૂંકી થતી જાય છે. આ વિશુદ્ધિ કેવી રીતે લાવવી ? ક્યાં લાવવી ? બે ઠેકાણે

લાવવાની. સંક્લેશ-પાપાશ્રવો જે કહેવાય, જેને અશુભયોગો કહેવાય, એમાં સંક્લેશથી વિચાર કરવા બેસે તો ફોરો ન રહે, વિચાર-વાણીમાં સંક્લેશ ભરેલો હોય. હવે એમાં વિશુદ્ધિ લાવવી છે. તો આશ્રવમાં વિશુદ્ધિ શાથી આવે ? મિચ્છા મિ દુક્કડમ્થી.

મિચ્છા મિ દુક્કડમ્માં ત્રણ તત્ત્વ છે, કયા ? (૧) પાપસંતાપ (૨) પાપપ્રતિક્રમણ (૩) પાપઅકરણનિયમ. વાસ્તવિક મિચ્છા મિ દુક્કડમ્ સાચો ક્યારે ? પહેલા એના પ્રત્યે પાપનો તીવ્ર સંતાપ હોય, ચાહે પગ નીચે કીડી આવી કે પગ નીચે પાણીનું ટીપું આવ્યું, એમાં તીવ્ર સંતાપ થાય. આ સંતાપથી વિશુદ્ધિ થાય, સંતાપ ન હોય ને રાજીપો હોય તો સંક્લેશ થાય.

**(૧) પાપમાં સંતાપ** - એ વિશુદ્ધિ અને પાપમાં રાજીપો સંક્લેશ છે. દુષ્કૃતગર્હા-આલોચના અને પ્રાયશ્ચિત્ત કરવું આ મિથ્યા દુષ્કૃત છે, આ આવે તો વિશુદ્ધિ છે એમ વૈરાગ્યવૃદ્ધિ થાય એ પણ વિશુદ્ધિ છે.

**રાગ-દ્વેષ વધે એ સંક્લેશ છે, વૈરાગ્ય વધે એ વિશુદ્ધિ છે.**

પાપસેવન થઈ જાય અને વૈરાગ્ય એકદમ વધી જાય એવા પણ દાખલા બને. **ઝાંઝરિયા ઋષિનો ઘાતક રાજા**, પછીથી એકદમ વૈરાગ્ય વધી ગયો તો કેવો વધ્યો ? વીતરાગભાવ સુધી પહોંચી ગયા. વિશુદ્ધિ કરવાની છે તો શું કરવાનું ? પાપનો પરિહાર કરવાનો. પાપનો સંતાપ, પ્રતિક્રમણ અને પાપઅકરણ નિયમ એવું થાય તો આશ્રવમાં વિશુદ્ધિ આવી કહેવાય. આશ્રવમાં વિશુદ્ધિ લાવવા માટે આ છે. પાપઅકરણ-તીવ્ર વૈરાગ્યની વૃદ્ધિ, જિનેશ્વરભગવાનનું સ્મરણ. વિશુદ્ધિ લાવવા માટે આ ભાવના આવે કે હું ભગવાન પાસે કેમ ઘા નાખું છું ? વીતરાગ એ સર્વજ્ઞ છે, અચિંત્ય શક્તિવાળા છે, સામર્થ્યવાળા છે. કેમ સામર્થ્યવાળા ? કંઈકને પાપથી મુક્ત કરાવનાર છે. **ભગવાનને એટલા માટે પકડીએ છીએ કે ભગવાનનો એવો અચિંત્યપ્રભાવ છે કે એ પાપથી મુક્ત કરાવનાર છે**, મારું હિત-અહિત ક્યાં એ હું જાણતો નથી, પણ ઇચ્છું છું કે આપના પ્રભાવથી હું તમારાથી અભિજ્ઞ થાઉં. હિતાહિતનો અભિજ્ઞ થાઉં, વિદ્વાન નહીં પણ મારા હિતાહિતનો જાણકાર થાઉં, અહિત છોડીને હિતનો આદર કરનાર થાઉં. આ ભગવાનને પ્રાર્થના છે. એ શું છે ? આશ્રવમાં વિશુદ્ધિ છે, પાપનો સંતાપ એ વિશુદ્ધિ છે. આશ્રવમાં સંતાપ શું થાય છે ? સંતાપ એ થાય છે કે અમૂલ્ય માનવ સમય, માનવ પુરુષાર્થ-શક્તિ અને માનવ સાધ્ય ધર્મયોગો આ બધું આશ્રવ સેવવા ગયો એટલે વેડફાઈ ગયા. પુરુષાર્થ-શક્તિ અવળે માર્ગે જવાથી ધર્મયોગોને બદલે પાપયોગો મેળવ્યા. આ શક્તિ સમય ને યોગ બીજે ક્યાંય ન મળે. આ મનુષ્ય કરી શકે, ઢોર કરી ન શકે. નારકને કોઈ ક્લાસ નથી, વિકલેન્દ્રિય કે

તિર્યંચો કરી શકે એમ નથી. આ ચૈત્યવંદન-સ્તોત્ર પાઠનો યોગ માનવજન્મમાં મળે, પરંતુ આશ્રવની મોંકાણમાં તે ગુમાવ્યું. આમ કિંમતી શક્તિ, કિંમતી યોગ, ને કિંમતી સમય ગુમાવ્યા. આમ કરવાથી શું થયું ? ભવની કટ્ટી થવાને બદલે ભવની વૃદ્ધિ થઇ. આ સંતાપ હોય. આવો સંતાપ થાય એનો ફાયદો શું ? જીવને અનાદિનું જે આકર્ષણ છે તે તૂટે, સંતાપ કરે છે એટલે એની ખોદણી કરે છે. કેવા ખરાબ છે ? મને કેટલું નુકશાન કરાવે. તેમાં રાજપાટ, રમા, રામા, ઈન્દ્રિયના વિષયો, કરોડ રૂપિયા પણ આવે, તેનું આકર્ષણ ઘટી જાય. જીવનમાં આ પણ થઇ જાય તો એક મોટી જીત થઇ જાય-કેમકે ભવાંતરમાં તે આગળ સંસ્કારરૂપે કામ આપે. આકર્ષણ ઘટે એટલે આસક્તિ ઘટે, તેથી અનાસક્તભાવ તરફ પ્રયાણ થાય. પૂર્ણ અનાસક્તિ થાય એટલે વીતરાગતા આવે. સંતાપ કરો એટલે અનાસક્તભાવ આવે-પાપિષ્ટ બનેલા મનનું પ્રક્ષાલન થાય Brain Wash થાય- એ વિશુદ્ધિ થાય. આમ કરવાથી આંતરું ઘટે.

**(૨) આશ્રવનું પ્રતિક્રમણ** – પ્રતિક્રમણ એટલે મિથ્યા દુષ્કૃત-મારા પાપ મિથ્યા થાઓ. પાપ કરી નાંખ્યા પછી મિચ્છા મિ દુક્કડમ્‌નો શો અર્થ ? પાપ કર્યા તે કર્તવ્યબુદ્ધિથી કરેલ. હવે તેનાં પર અકર્તવ્યપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય એ મિચ્છા મિ દુક્કડમ્‌થી થાય. પાપ ઉપરથી કર્તવ્યબુદ્ધિ ઊઠી જાય એજ સાચું મિચ્છા મિ દુક્કડમ્ છે. કેમકે કોઇ પણ સંયોગોમાં કષાય કરવા જેવો નથી એ સારું મિચ્છા મિ દુક્કડમ્. માત્ર સંવત્સરીએ મિચ્છા મિ દુક્કડમ્ આપી દે એ ન ચાલે, પાપની કર્તવ્યબુદ્ધિ ઊઠી જવી જોઇએ. એ કરવાથી શું ફાયદો ? પાપાનુબંધ તૂટી જાય દા.ત. અજ્ઞાની લોકો કહે છે રોજ સાત લાખ બોલવા ને રોજ પાછા પાપ કરવા. જ્ઞાનીઓનો જવાબ છે પ્રતિક્રમણ કરવું એટલે મિચ્છા મિ દુક્કડમ્ દેવું, જે ગઇકાલે કરેલ તેનાથી વધારે જોરથી કર. ગઇકાલે ૫ % વિશુદ્ધિ હતી આજે ૧૦% કર. પાપ ક્રિયાને દૂર કરવા ધક્કામુક્કી કરવી પડે. જ્વલંત અકર્તવ્ય બુદ્ધિ આવે તો મિચ્છા મિ દુક્કડમ્ સાચું. પાપ વિશે અકર્તવ્યની બુદ્ધિ કરે તો અશુભ અનુબંધો તૂટે. જેમ ઝાંઝરિયા મુનિના ઘાતક રાજાને કેવલજ્ઞાન થયું, **પશ્ચાત્તાપથી પાપબંધ તૂટી જાય.**

સાચા મિચ્છા મિ દુક્કડમ્‌થી કર્મના અશુભ અનુબંધ તૂટે અને પ્રાયશ્ચિત્તથી બાંધેલા કર્મ તૂટે. પ્રતિક્રમણ કરી લીધું ને પ્રાયશ્ચિત્ત ન લઇએ તો ચાલે ? ના, પાપબંધ નહી તૂટે. પાપબંધ તોડવા હોય તો પાપનું પ્રાયશ્ચિત્ત કર. નિરનુબંધ પાપ એટલે દાઢમાં ઝેર વિનાના સાપ જેવા.

**(૩) અકરણ નિયમ** – આ પણ વિશુદ્ધિ છે અર્થાત્ અહીં નિયમ શબ્દ અભિગ્રહ અર્થમાં નથી. પાપ નહીં કરવાનો અભિગ્રહ નથી. નિયમ એટલે અકરણના

ભાવની વૃદ્ધિ. પાપનું અકરણ એટલે એના પ્રતિક્રમણ. એમાં ૩ ચીજ કરવાની (૧) પાપનો સંતાપ (૨) પાપનું પ્રતિક્રમણ (૩) પાપ અકરણ.

તેથી શું થાય ? બીજીવાર જ્યારે પાપ કરશે ત્યારે પૂર્વે જે ભાવથી પાપ કર્યા તેનાથી પાપ કરતી વખતે મંદભાવવાળો હશે, જેમ જેમ આગળ વધતો જશે તેમ તેમ પાપના ભાવો મંદ પડી જશે. આવો જે મનમાં મનોરથ થાય તે અકરણ નિયમ. પાપ ન કરવા પડે તો સારું. આશ્રવ સેવાય ત્યારે સાથે સાથે વૈરાગ્યની વૃદ્ધિ કરે તો વિશુદ્ધિ કાંઈક થશે.

આશ્રવમાં વિશુદ્ધિ શી રીતે રહે ? વૈરાગ્યની વૃદ્ધિ કરતા રહે તો. જગતના મનમોહક પદાર્થ પર નફરત એનું નામ વૈરાગ્ય. એવા સંયોગોમાં બેઠો કે પકવાન ખાવા પડે તો તે સમયે જો વૈરાગ્યનો ભાવ હોય તો કેવી રીતે ખાય ? **ભરતચક્રવર્તીએ** આખી જિંદગી પર્યંત આજ કર્યું હતું. ભરતજી મનહીં મેં વૈરાગી. વિવેક સમજતા હતા, હૈયાથી ભડકતા હતા કે આ બધી બલા મને ખાઇ જશે, બકરીને ખાવાનું સારું આપે પણ સામે વાઘ બાંધ્યો હોય તો શું થાય ? ભરત મહારાજાની આ સ્થિતિ હતી ! આશ્રવમાં શુદ્ધિ કેવી રીતે રહે ? વૈરાગ્યની વૃદ્ધિ કરવાથી. વૈરાગ્ય એટલે નફરત-પાંચ ઈન્દ્રિયના વિષયો-જગતના વિષયો પ્રત્યેની નફરત. એ નફરત વધારતો જાય એટલે ધાનનું ધૂળ કરીને ખાય.

માને જુવાનજોધ હોશિયાર છોકરો-૨ વર્ષનો પરણાવેલો ને મરી ગયો. મરી ગયાને એક વર્ષ થઇ ગયું. કદાચ મીઠાઇ ખાવી પડે તો કેવી રીતે ખાય ? ધાનનું ધૂળ કરીને ખાય. પ્રભુની સાથે આંતરું ભાંગવું હોય તો આશ્રવ સેવે તેમાં પણ નફરત. શું કામ નફરત થાય ? તેનાં કેટલાક મુદ્દા છે. લક્ષ્મી, વાડી, બાગ, બગીચા, વસ્ત્ર, અલંકાર, જનમ જનમ વહાલા કર્યા છે, તેના વિપાક નજર સામે દેખાય તો પછી તેની કિંમત ન લાગે. વ્યવહારમાં દેખાય છે છોકરો મરી ગયો, ધણી મરી ગયો, પછી બંગલાનું સુખ પણ નકામું લાગે છે.

વિશુદ્ધિકરણથી જુના કર્મો દૂર થાય, એનાથી સારી આરાધના થાય, અશુભકર્મ દૂર થાય. શુભકર્મ આવે એટલે એનાથી આંતરું ભાંગે

**(૪) અરિહંતનું શરણ–** એ આશ્રવમાં વિશુદ્ધિ લાવે. ભગવાન અમે પાપી જીવ છીએ, અનાદિકાળથી મોહવાસિત છીએ, શું કરવું એની ગમ પડતી નથી. દુનિયામાં માત્ર કહેવાતા અમે જ્ઞાની, વાસ્તવમાં અનભિજ્ઞ છીએ. તમે દ્રવ્ય ભાવ સર્વ રોગના જ્ઞાતા છો. અમારા ભાવરોગનું શું ઔષધ કરવું તે તમે સારી રીતે જાણો છો. આશ્રવમાત્રમાં ઠામ ઠામ આ ભાવ આવે તો એનાથી આશ્રવોનો બંધ આશ્રવોનો વેગ,

આશ્રવનો રસ, આશ્રવનું આકર્ષણ ઓછું થાય.

આશ્રવમાં આકર્ષણ-તેજસ્વિતા એ બધો સંક્લેશ છે, એની સામે વૈરાગ્યની વૃદ્ધિ અને જિનેશ્વરનું શરણ એ વિશુદ્ધિ છે. એવી સંવરમાર્ગમાં વિશુદ્ધિ લાવવાની છે. સંવરમાર્ગ એ વિશુદ્ધિ નથી પણ સંવરમાર્ગને આરાધતા વિશુદ્ધિ લાવવાની છે. દા.ત. ભગવાનના દર્શન એ સંવરમાર્ગ છે, પણ આ દર્શન કરતા બીજી ત્રીજી કામના રાખે તો વિશુદ્ધિ ન થાય. વીતરાગના દર્શન કેમ કરે છે ? મારે વીતરાગ થવું છે માટે. વીતરાગના દર્શન નિરાશંસ ભાવે કરવાના છે. નિરાશંસભાવ એ વિશુદ્ધિ છે. દેવીએ દેવપાલને પૂછ્યું તારે શું જોઈએ છે ? દેવપાલે કહ્યું-ભક્તિ.

દેવી કહે !, ભક્તિ તો તારી પાસે છે. ભક્તિના બદલામાં શું જોઈએ ? દેવપાલ- ભક્તિના બદલામાં ભક્તિ જોઈએ. આ છે નિરાશંસભાવ.

બીજી વિશુદ્ધિ - **વર્ધમાન શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા ને અનુપ્રેક્ષા આ પાંચ જોઈએ, સાથે વધતા જોઈએ.**

જે સાધના કરીએ છીએ એના પર શ્રદ્ધા જોઈએ. આ મહાતારણહાર છે, એજ કર્તવ્ય છે, બીજું કોઈ કર્તવ્ય નથી. આ શ્રદ્ધા વધારવી એ વિશુદ્ધિ-દશ વર્ષ પૂર્વે દર્શન કરતા હતા અને અત્યારે દર્શન કરીએ છીએ એમાં કાંઈ ફરક ? શું પૂછો છો ? જીવનમાં સાર જ વીતરાગના દર્શન છે, વંદન છે.... આ શ્રદ્ધા.

આ શ્રદ્ધા વધારવાની સાથે **મેધા** જોઈએ.

મેધા એટલે શાસ્ત્ર પરિકર્મિત બુદ્ધિ. પરિકિર્મિત એટલે કેળવાયેલી બુદ્ધિ. દર્શન તો દર્શન, વ્રત તો વ્રત એનાં અંગે શાસ્ત્રે જે કહ્યું છે એનો બોધ જોઈએ, એ બોધથી વાસિત બુદ્ધિ જોઈએ જિંદગી સુધી સામાયિક-પ્રતિક્રમણ કરે જાય પણ શાસ્ત્રે શું કહ્યું છે એ જોવાની ફુરસદ ન હોય, એટલે પહેલા પગથિયે જ ઊભો રહે. પ્રતિક્રમણ કરે એના જે ભાવો શાસ્ત્રે કહ્યા છે, એ ભાવોને કેળવે, એવા ભાવોથી પ્રતિક્રમણ કરે. ભગવાન મહાવીરે જે રીતે કરેમિ ભંતે ઉચ્ચર્યું તે રીતે હું ઉચ્ચરું છું. એ કેવી રીતે ? લોખંડી સંકલ્પ સાથે ભગવાન ઉચ્ચરી રહ્યા છે, હું પણ એ જ રીતે ઉચ્ચરું. **सावज्जं जोगं पच्चक्खामि**- ગમે તેવો માણસ આવે, ન કોઈ ક્રોધ-માન-માયા-લોભ. ન કોઈ પ્રતિકારબુદ્ધિ. આ બધો સાવદ્યયોગનો ત્યાગ, એટલે તો ભગવાન ગમે ત્યાં વિચરતા કાઉસગ્ગધ્યાને ઊભા રહેતા, પણ અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ જોવા ઊભા રહેતા નહીં, એમ શાસ્ત્રથી પરિકર્મિત બુદ્ધિ હોય તો સામાયિક એવું કરે.

આરાધનાઓ તીવ્ર શ્રદ્ધા સાથે અને તીવ્ર મેધા સાથે કરવાની છે, ત્યારે તો નાગકેતુ કરંડીયામાં રહેલો સાપ કરડ્યો છતાં પણ જરાયે ચળ-વિચળ ન થયા, કેમકે

ભગવાનની પૂજા-ભક્તિનો યોગ-સાધના હાથમાં લીધી છે. સાધના કેવી જોઇએ ? સાધના કરતા જગતને માટે સંમૂર્ચ્છિમ જેવા બનીને કરવાની છે. આપણી વાત ઊંધી છે સાધના સંમૂર્ચ્છિમની જેમ થાય છે જ્યારે જગતની બધી ક્રિયા સંજ્ઞીની થાય છે.

હવે મેધાની સાથે **ધૃતિ** જોઈએ. ધૃતિ=દઢતા, સ્થિરતા. સાધનાની સાથે અપરંપાર શ્રદ્ધાની સાથે દઢતા જોઇએ. એ દઢતા પણ તીવ્ર ઉપયોગવાળી જોઈએ. તીવ્ર ઉપયોગ એટલે હું શું બોલી રહ્યો છું, બરાબર બોલાય છે કે નહીં ? ભાવ દીલમાં આવે છે કે નહી ? એવી ચોકસાઇથી કરે.

જેમ ધૃતિ જોઇએ એમ **ધારણા** પણ જોઇએ. સ્તવનની પહેલી કડી બોલ્યા પછી બીજી બોલીએ ત્યારે પહેલી કડીના ભાવ બીજી કડી વખતે પણ તરવરતા રહે. પહેલી કડીના અનુસંધાન સાથે બીજી કડી બોલાય એનું નામ ધારણા. રેલ્વેનાં ડબ્બાના શન્ટીંગની જેમ-બે ડબ્બાને જોઇંટ કરીને એન્જીન ત્રીજા ડબ્બાને જેમ જોડતું જાય તેમ તેમ ડબ્બાનો ઉમેરો થતો જાય એમ બે ડબ્બામાંથી બાવન ડબ્બા જોઇન્ટ કરી દે. એજ પ્રમાણે સ્તવન બોલાતા પહેલી કડીથી છેલ્લી કડીના ભાવ એક બીજા સાથે અનુસંધાનમાં રહે એનું નામ **ધારણા.**

સાધના કરીએ છીએ પણ ઢંગધડા વગરની કરીએ છીએ. સાધનામાં પહેલી શ્રદ્ધા લાવ. ભગવાનની વાણી કેવી અનુપમ છે ! પછી એના ઉપર મેધા-વિધિવિધાનથી કસેલી બુદ્ધિ-એની સાથે ધૃતિ-એમાં સ્થિરતા એવી કે જેમ રાધાવેધ સાધનારો તલ્લીન થાય એવી તલ્લીનતા સાધનામાં અને પછી ધારણા ને અનુપ્રેક્ષા.....

**અનુપ્રેક્ષા** એટલે સમગ્ર રીતે એનું ચિંતન કઇ ક્રિયા છે એ ક્રિયાનો સમગ્ર રીતે વિચાર કરે. એટલે પાંચે ઇન્દ્રિયને અંદર વાળીએ, બહારના કોઇ વિષયનું ભાન ન રહે ત્યારે એ સાધના હૃદયસ્પર્શી બને. આવી સાધના એ વિશુદ્ધિ છે, એ ગુણકરણ છે, એનાથી આંતરું ભાંગે.

આશ્રવોના હિસાબે વૈરાગ્યની વૃદ્ધિ કેમ થાય ? આશ્રવો એ બુદ્ધિને બગાડનારા છે, આશ્રવ તરફ મન જાય એટલે બુદ્ધિ બગડે છે. જરા ગુસ્સો-રોફ બતાવે એટલે ફાવટ આવી. અનીતિ કરી ને બે પૈસા મળ્યા આથી ખુશ થાય, આમ આ આશ્રવથી બુદ્ધિ બગડે. જ્યારે ગુણકરણ એ વિશુદ્ધિ છે, એટલે પૂર્વ પૂર્વ વિશુદ્ધિ વધતા કંઇ ગુણ વિશુદ્ધિ વધતી જાય. ઉપર ઉપરના ગુણસ્થાનકે ચડે તેમ તેમ કર્મ નિર્જરા અસંખ્યગુણી કરે અંને વિશુદ્ધિ અનંતગુણી થતી જાય એટલા માટે કહ્યું, ઉત્કૃષ્ટ શ્રાવક જે વિશુદ્ધિ કરે એના કરતા જઘન્ય સાધુની વિશુદ્ધિ અનંતગુણી છે. કારણ કે ઉત્કૃષ્ટ શ્રાવકે બીજા કષાયની ચોકડીનો ક્ષયોપશમ કર્યો છે જ્યારે સાધુ અવસ્થા ત્રીજા કષાયની ચોકડી

ક્ષયોપશમ કરે તો આવે, એટલે બીજા કષાયનાં ક્ષયોપશમ કરતાં ત્રીજા કષાયની ચોકડીના ક્ષયોપશમમાં ભાવ અનંતગુણ વિશુદ્ધિવાળો હોય. પ્રત્યાખ્યાનાવરણ કષાય દબાય ત્યારે સર્વવિરતિભાવ આવે એટલે ગુણકરણ જે છે તેનાથી અસંખ્યગુણ નિર્જરા અને અનંતગુણ વિશુદ્ધિ થાય છે.

આશ્રવો વૈરાગ્ય એટલા માટે કરાવે છે કે આશ્રવોમાં જડનો પક્ષપાત હોય છે, જ્યારે સંવરભાવમાં આત્માનો પક્ષપાત હોય છે. આશ્રવમાં જીવ જડની દૃષ્ટિથી વિચાર કરે છે, જેમ ભૂખ લાગી તો ચાલો ખાઈ લઈએ, ત્યાં આશ્રવ-જડ તરફ ચિત્ત ગયું. પણ જો ભૂખ લાગી છે તો સહન કરો થોડીવાર, તો એ સંવરભાવ છે. આ આત્માનો પક્ષપાત થયો. કાયા માટે ખાનપાન કરવાથી લીલાલહેર થાય પણ કાયાને ભૂખી રાખવાથી કાંઈ તૂટી નથી પડવાની એટલે આશ્રવોમાં જડનો પક્ષપાત થાય છે. બીજી દૃષ્ટિએ કહીએ તો આશ્રવોમાં અનાત્મજ્ઞપણું એટલે પોતાના આત્માને નહીં સમજવાપણું છે, એટલા માટે આશ્રવો તરફ નફરત થાય તો વૈરાગ્ય વધે. આ ગુણકરણ વિશુદ્ધિ છે.

સંવરમાં વિશુદ્ધિ શું ? કોઈપણ આરાધના-સાધના એમાં શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણા ને અનુપેક્ષા કરે અર્થાત્ શ્રદ્ધા પછી એમાં મેધા એટલે શાસ્ત્રથી પરિકર્મિત બુદ્ધિ બનાવે. એ જો કરવામાં આવે તો સંવરની વિશુદ્ધિ થાય. શ્રદ્ધા-મેધા પછી ધૃતિ. આરાધનામાં મન લગાવ્યું પછી એમાં જ સ્થિરતા-જેમ **ચંદ્રાવતંસક રાજા.** રાત્રિએ જાગી ગયા. દેશાવગાસિક વ્રત લઈને બેસી ગયા. દીવો હોય ત્યાં સુધી અહીંથી ઊઠવું નહીં, ભગવાનના ધ્યાનમાં બેસી ગયા, દાસી આવી, રાજાને બેઠેલા જોયા એટલે દીવામાં તેલ નાંખી ગઈ, એમ કરતા સમય વધતો ગયો, કાયા સહન નથી કરતી છતાં દૃઢતા છે. આ જે દૃઢતા-ધૃતિ થઈ એ ગુણકરણ છે. એમ ધારણા, પૂર્વ પૂર્વની આરાધનાનું અનુસંધાન અને પછી અનુપ્રેક્ષા એટલે ચિંતન. આ બધા વધતા જાય એનું નામ ગુણકરણ. એ અનંતગુણ અનંતગુણ વિશુદ્ધિ વધારતા જાય. એનાથી ભગવાનનું આંતરું ઓછું થતું જાય, આ જે અંતર ઓછું થતું જાય તેમ અંતર સુંદર થતું જાય. પરમાત્માની નિકટતા અદ્ભુત કોટિની વધતી જાય. આ બધુ બનાવવું કેવી રીતે ?

**તુજ મુજ અંતર-અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર,**
**જીવ સરોવર અતિશય વાધશે રે, આનંદઘન-રસ-પૂર...૬**

**ભાવાર્થ :** મારું અને તમારું આંતરું અંતે ભાંગી જશે, મારું અંતર તે આંતરાને કાપી નાખશે, મંગળ વાજાં વાગશે અને તે વખતે આત્મારૂપ સ્વરૂપ સરોવર ખૂબ પ્રસન્ન થશે. તે વખતે આનંદનો સમૂહ અને તે રૂપ રસ, તેનું પૂર આવશે, પાણી

વધશે, ભરતી થશે અને તે રસમાં હું રસબોળ થઈશ.

**વિવેચન :** ભગવાન તમારે ને મારે આંતરું પડ્યું છે તેને ભાંગવાની તાકાત અંતર ભાંગશે. અંતર એટલે અંતઃકરણ-મનથી ભાંગશે. કેમકે બધુ તોફાન મન ઉપર છે. હવે ભગવાન તમે મળ્યા છો એટલે મારા મનને એવું બનાવી દઈશ કે આ તમારું આંતરું ભાંગી નાંખીશ. મન કેવું બનાવવું ? મન લોકવ્યવહારોમાં રાચે માચે છે તે જ્ઞાનદૃષ્ટિમાં ઓછું જશે ને મોહદૃષ્ટિના વ્યવહારમાં રાચે માચે છે તે લોકવ્યવહારમાં વધારે જાય છે. પૂર્વપુરુષોના જીવન તરફ મન ઓછું જાય છે. નાગકેતુ-પુષ્પપૂજા કરતા સાપ કરડ્યો તો તે વખતે લોકવ્યવહાર તરફ મન નહોતું પણ આત્મદૃષ્ટિ તરફ મન હતું. આત્મા તરફ મન ન હોય ને કાંઈ આપદા આવે તો મન ત્યાં જ રોકાઈ જાય. મન જાતની વડાઈ તરફ છે તેના તરફથી ઉઠાડી લેવાનું, તેના બદલે ભગવાનનાં આરાધકો કેવી રીતે આરાધના કરી ગયા એ તરફ મન લગાડવાનું. આપણે એકડીયા ક્લાસના આરાધક છીએ તો ઉચ્ચકોટીનાં આરાધકોએ કેવી આરાધના કરી એ તરફ જોવાનું છે.

દા.ત. **પેલા શેઠ** સામાયિક લઈને બેઠા છે, નવકાર ગણે છે, ત્યાં ઘરમાં ચોર આવ્યા. શેઠને ખબર પડી એટલે જે નવકાર ગણતા હતા તે જોર જોરથી મોટે મોટેથી બોલવા લાગ્યા. કેમ ? પેલા તિજોરીના તાળા ખોલે તો એનો અવાજ કાન પર ન આવે માટે. કેમકે જો અવાજ કાન પર આવે તો ભાવ ખંડિત થઈ જાય, કેમકે સામાયિકમાં છું ત્યાં સુધી મારે કોઈ પરિગ્રહ નથી અને આ લઈ જશે તેમાં મારાપણું આવે અને આ મારાપણાથી પરિગ્રહવ્રત ખંડિત થાય એટલે વ્રતના પાલન કાજે નવકાર મોટે મોટેથી બોલે છે. પહેલા તો ચોર ચમક્યા, કોઈ જાગતું લાગે છે એમ થવાથી છુપાયા, પણ જેમ નવકાર સાંભળતા ગયા તેમ સ્તબ્ધ થઈ ગયા. એ નવકાર સાંભળતા સાંભળતા આ ચોરોને જાતિસ્મરણજ્ઞાન થયું, પૂર્વનું સંયમ યાદ આવ્યું, જાત પર નફરત છૂટી. ક્યાં એ પૂર્વભવનું સંયમ અને ક્યાં અત્યારનું ચોરીનું જીવન ? વૈરાગ્યભાવ ને દુષ્કૃતગર્હા વધતા ભાવ વધી ગયા -શેઠ એમને એમ સામાયિકમાં બેઠા છે ને આ ચોરો કેવલજ્ઞાન પામી ગયા. દેવો આવ્યા ત્યારે શેઠને ખબર પડી. એટલે કવિ કહે છે કે મારું જે અંતર(મન) છે એને લોકદૃષ્ટિ તરફ નહીં પણ જ્ઞાનદૃષ્ટિ તરફ વાળવાથી અંતર ભાગશે. એટલે **ભગવાન તમારું ને મારું આંતર જો કોઈ ભાંગી શકે એમ હોય તો મારું અંતર જ છે. ત્યારે વિચાર કરવાનો કે-**

**અંતર કેવું હોય તો આ અંતર ભાંગે ? એના માટે થોડી વાત છે.**

જેમ નાનો છોકરો નિશાળે જાય નહીં, પરાણે મોકલીએ તો ભાગી આવે, છતાં

એને પકડીને પણ પાછો નિશાળે મોકલે. પરમાત્માને મળવાનું ન થાય તો પછી પરમાત્મભાવે પહોંચવાની ક્યાં શક્યતા છે, એટલે પુદ્ગલપરિચય તૂટે તો અંતરની વસ્તુનો પરિચય વધે.

**પુદ્ગલપરિચય તોડવા શું કરે ? તો અંતર ભાંગે-એ માટે**

(૧) અંતર એટલે મન-અંતઃકરણ. એ લોકવ્યવહારને અનુસરનાર છે. એના બદલે શાસ્ત્રીય માર્ગને અનુસરનાર બને તો અંતર ભાંગે. લોકવ્યવહાર કેવો છે ? થાય તેવા થઈએ, ખાય તે ધાય, કપડાં લતા સારા પહેરીએ તો લોકમાં સારા દેખાઈએ... આ બધા લોકવ્યવહાર છે. પણ આનાથી કાંઈ ભગવાનની નિકટ ન થવાય. ભગવાનની નિકટ થવા માટે લોકવ્યવહાર પડતો મૂકવો જોઈએ. મારવાડી મોજશોખમાં પૈસા ખરચતા નથી તો સુકૃતમાં સારા પૈસા ખર્ચી શકે છે. લોકવ્યવહાર અનંતીવાર સાચવ્યા, કોઈ જશ આપવા નથી આવ્યું. ભગવાનનો માર્ગ કેવા પ્રકારનો ? ખાવાનું ભોગવવાનું કાંઈ કમ કરે ઓછું કરે તો ભગવાનને માટે સમય ફાળવી શકશો. ઉપવાસ કેમ કહ્યો ? ખાવાનું છોડો તો ઉપ=પાસે-સમીપ. ભગવાનની સમીપમાં વાસ મળે, નહીંતર 'કબીર કાયા કૂતરી કરે ભજનમેં ભંગ.' કલાક બે કલાક થાય ને ખાવાનું આવવા દેજો થાય.

બહુ ભોગ નહીં પણ ત્યાગ, બહુ સામનો નહીં પણ સહન કરવાનું, અભિમાન નહીં પણ નમ્ર-લઘુ રહેવાનું. આ છે ભગવાનનો માર્ગ- પહેલા અંતર આવું બનાવવાનું, લોકવ્યવહારના હિસાબ જુદા છે. દેવું કરીને પણ દીકરી પરણાવો. જ્યારે ભગવાનનો માર્ગ છે, ચારિત્ર પંથે ચડાવો.

મન એવું બનાવવાનું કે મારું જીવન ભોગનું નહી ત્યાગનું, સામનાનું નહી સહન કરવાનું, સંઘર્ષનું નહીં પણ મૈત્રીભાવનું, અભિમાનનું નહીં પણ નમ્રભાવનું, કૌતુક આતુરતાનું નહીં પણ અંતસ્તૃપ્તિનું, આંતરિક ધરાયેલું, સંતાપવાળુ નહીં તૃપ્તિવાળુ.

(૨) આપણું મન મોહદૃષ્ટિવાળું છે એને બદલે જ્ઞાનદૃષ્ટિવાળું બનાવવાનું છે. બાપ દીકરાને મોહદૃષ્ટિથી જુએ એટલે લાડ લડાવે, સારા સંસ્કાર આપવાને બદલે પોતે કલહપ્રિય હોય તો દીકરાને પણ કજીયારો બનાવે, કંજુસ હોય તો કંજુસ બનાવે. આપણું મન જ્ઞાનદૃષ્ટિવાળું બનાવવાનું, મોહદૃષ્ટિવાળું નહીં. મીઠાઈ ખાય પણ મોહદૃષ્ટિથી નહીં. જ્ઞાનદૃષ્ટિથી ખાય. કેટલી જગ્યાએ મોહદૃષ્ટિ મારે છે. બજારમાં નીકળ્યા, દિવાળી છે બધું દેખાય પણ જ્ઞાનદૃષ્ટિ છે તો જાય જ નહીં. મોહદૃષ્ટિ હોય તો જેટલું જુઓ એટલું રુવો. જેટલી દુકાનની સજાવટ હોય તેની અનુમોદના કરે, એટલે બધી દુકાનોનું પાપ માથે લે. જ્ઞાનદૃષ્ટિ હોય તો આ બધું જુએ નહીં.

જ્ઞાનદૃષ્ટિ વિષોયોમાં ભડક ઊભી કરે છે, મોહદૃષ્ટિનું મન મૂકો ને જ્ઞાનદૃષ્ટિનું

મન બનાવો તો કોઈ અપમાન કરે તો તે પણ નહીં લાગે. કષાયો ઊઠે એ મોહદૃષ્ટિ છે, કરુણાભાવ એ જ્ઞાનદૃષ્ટિ છે. કોઈને ધમધમતો જુએ તો એમ લાગે બિચારો કર્મથી પીડિત છે, તો મન સ્વસ્થ રહે. કોઈ ગાળ દે તો સામી ગાળ ન દે પણ વિચારે... એક તો કર્મે એને પાડ્યો છે, તો હું પડતા પર પાટું શા માટે મારું ? આ જ્ઞાનદૃષ્ટિ છે. બજારમાં પૈસા ગુમાવ્યા તો મોહદૃષ્ટિવાળાને સંતાપ થશે જ્યારે જ્ઞાનદૃષ્ટિવાળો વિચારશે કે એટલો રાગ ઓછો થયો.

અચાનક બિમાર પડે તો મોહદૃષ્ટિવાળાને કલ્પાંત થાય, કેવો મારો અશુભનો ઉદય એમ કરી હાય-વોય કરે, જ્યારે જ્ઞાનદૃષ્ટિવાળો મારા અશુભનો નિકાલ કરવાનો અવસર આવ્યો એમ માની કલ્પાંત ન કરે. જ્ઞાનદૃષ્ટિવાળો દરેક જગ્યાએ સીધા લેખા માંડે. જૈનશાસન પામ્યાની આ બલિહારી છે. બધે જ જ્ઞાનદૃષ્ટિ ગોઠવી દે. ત્યારે તો પેલા છોટાભાઈ સંઘવીને યાદ કરીએ છીએ. વ્યાખ્યાનમાં મોડા પડ્યા, આજે કેમ મોડા ? સાહેબ મહેમાનને વળાવવા ગયો હતો, ત્યારે બાજુવાળાએ કહ્યું; મોટો દીકરો મૃત્યુ પામ્યો એટલે સ્મશાને જઈને આવ્યા. છોટાભાઈ કહે, સાહેબ જનમ્યો ત્યારથી જ એને મહેમાન માન્યો હતો.

**બીજું**-મન મોહદૃષ્ટિ-પુદ્‌ગલદૃષ્ટિવાળું હતું, હવે મન કરીશ આત્મદૃષ્ટિ-જ્ઞાનદૃષ્ટિ-વિવેકદૃષ્ટિવાળું. એટલે જગતના પદાર્થો-પ્રસંગો નજર સમક્ષ આવે એ બધાને જ્ઞાનદૃષ્ટિથી જોઈશ; પછી પૈસા વધ્યા તો તિજોરીના વધ્યા, મારે કાંઈ નહીં. આ જ જ્ઞાનદૃષ્ટિ.

મોહદૃષ્ટિમાં કાયાની સાથે અભેદજ્ઞાન હોય છે, જ્ઞાનદૃષ્ટિમાં કાયાની સાથે ભેદજ્ઞાન હોય છે. એટલે મોહદૃષ્ટિમાં કાયાને કેટલું સારું થયું એ જુએ, જ્ઞાનદૃષ્ટિમાં આત્માને કેટલું સારું થયું તે જુએ. આત્માને સંભાળવો પડશે, એટલે જ્ઞાનદૃષ્ટિથી આ વિચારે.

**જ્ઞાનદૃષ્ટિથી જીવતા આવડે તો મનુષ્યલોકમાં સ્વર્ગલોક છે, મોહદૃષ્ટિથી જીવે તો મનુષ્યલોકમાં પણ નરકાગાર છે.**

(૩) મન ખૂબ જ પુદ્‌ગલપરિચયવાળું છે. એ પુદ્‌ગલપરિચયવાળા મનને ઓછું કરીને અરિહંતના પરિચયવાળું, અરિહંતના જીવનવાળું, અરિહંતના અતિશયવાળું, અરિહંતના અચિંત્ય પ્રભાવ-શક્તિવાળું, અરિહંતના ગુણોવાળું, અરિહંતના ઉપકારવાળું, આમ બધે અરિહંતનાં પરિચય વાળું અંતર બનાવીએ તો એ અંતર ભાંગે.

હે પ્રભુ ! દિન ને રાત મારી દશા એકલા પુદ્‌ગલના પરિચયવાળી છે. વાત

વાતમાં એના જ ગુણોની વાત જ યાદ આવે છે. ઘોર નિદ્રામાં ઊંઘ્યો. છ-છ કલાક આત્મભાન ભૂલ્યો, આ દાઝતું નથી ને મચ્છરા બહુ કરડ્યા આ યાદ આવે છે. જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં બધે પુદ્ગલનાં જ ગુણ-દોષ દેખાયા કરે છે. ભગવાનના દર્શન થયા, આંગી સરસ દેખાય ત્યાં ભગવાન ભૂલાય ને આંગી સરસ લાગે, પણ એના બદલે મારા ભગવાન તો એથીય સરસ છે, તો ભગવાનને મહત્ત્વ આપ્યું કહેવાય, નહીંતર માત્ર આંગી સરસ છે એમ કરે તો આંગીને મહત્ત્વ આપે ને ભગવાન ભૂલાઈ જાય.

એવા મહાસરસ મારા ભગવાન છે તો ભગવાનની આંગી કેમ સરસ ન હોય ? મંદિર કેમ સરસ ન હોય ? પણ પુદ્ગલના પરિચયની મોંકાણ છે. દિનરાત પુદ્ગલના પરિચયમાં મન લાગ્યા કરે છે. હવે એ મનને ભગવાન પર, ભગવાનના શાસન પર, ભગવાને બતાવેલા તત્ત્વો ઉપર લગાડ્યા કરે તો ભગવાનની સાથેનું અંતર ભાંગે.

અત્યાર સુધી મન લોકવ્યવહારમાં હતું. હવે ધર્મવ્યવહાર, આગમવ્યવહારમાં લાગ્યા કરશે, તો અત્યાર સુધી જે બાહ્યભાવના નાટક ચાલતાં હતા તે પછી બંધ પડી જશે, મોળા પડી જશે એટલે મનને ધર્મવ્યવહારવાળું બનાવીએ તો અંતર ભાંગશે.

**(૪)** મનને એક પ્રશ્ન કરવાનો કે હું કોનો ? જગતનો કે જિનનો ? પ્રામાણિકપણે જવાબ આપીએ તો જગતનો. એટલે જગતને સારા દેખાવા ખાતર બધું કરીએ છીએ. હવે હું ઘરનો, દુકાનનો નહીં પણ દેરાસર-ઉપાશ્રય-જિનનો, આ ફરી જાય તો બધો વર્તાવ ફરી જાય. ત્યારે તો શ્રેણિકને અભયે કહ્યું, દીક્ષા લેનાર તો છેલ્લે ઉદયન રાજા થઈ ગયા એમ ભગવાને કહ્યું. એટલે આપ એમ ઈચ્છો છો કે હું રાજા થઈને નરકે જાઉં ? તમે ભગવાન મહાવીરના ભગત અને તમારો દીકરો નરકે જાય એમ તમે ઈચ્છો છો ? શ્રેણિકમહારાજા સમજતા હતા હું જિનનો છું. રાજ્યપાટ-જગતનો બંધાયેલો નથી, ભલે અભય દીક્ષા લે, ને રાજપાટનું ઉઠમણું થાય. ખુશીથી અભય તું દીક્ષા લે. ત્યારે અભયે કહ્યું તો હમણાં જ વરઘોડો કઢાવો. એમ અભય પણ સમજતા હું જગતનો નહીં હું જિનનો સેવક છું. રાજ્ય લઈને દુર્ગતિમાં જવા માટે જનમ્યો નથી. રાજપાટ સંભાળવા જનમ્યો નથી, પણ જિનની સેવા માટે જન્મ્યો છું. આ હતા આપણા અલબેલા પૂર્વજો.

**વસ્તુપાલ તેજપાલ** - રાજા પાસે નોકરી સ્વીકારી પણ પહેલા શરત મૂકી, પહેલા અમારા દેવ-ગુરુ-ધર્મની આજ્ઞા માનશું પછી તમારી. અને એ પણ અમારા દેવ-ગુરુ-ધર્મની આજ્ઞાની વિરુદ્ધ હશે તો નહીં માનીએ, અમે જિનના સેવક છીએ, મન જિનનું બનાવેલું. આપણે કોણ ? જગતનું ઉજળું રાખવા મથનારા કે જિનનું ? જગતની આજ્ઞા માનનારા કે જિનની ? આ મન જિનનું બને તો કામ થાય.

હવે બીજી વાત... હું કોનો ? અત્યાર સુધી હું જગતનો હતો હવે હું જિનનો,

ભગવાનનો. અત્યાર સુધી હું જગતનો પક્ષકાર હતો હવે જિનનો પક્ષકાર, જિનને માથે ધરનારો થયો.

એમાં શું કરવાનું ? જિનનો એટલે હવે તાણું તો જિનનું તાણું, જગતનું નહીં. દા.ત. કોઈ કુટુંબી મરી ગયું. જગતનું તાણનારું મન હાય-હાય કરશે, જિનનું તાણે તો કહે સંબંધ પૂરા થઇ ગયા.

કોઇ લડવા આવે તો જગતનો પક્ષકાર એની સાથે લડાઈ કરશે જ્યારે જિનનો પક્ષકાર હોય તો મૈત્રીભાવ ચિંતવશે.

**(૫)** પ્રશંસા પણ હું જગતની નહીં જિનની કરું. ગુણગાન ગાઉં તો પણ જિનના, વ્રત નિયમના, જ્ઞાન-દર્શન-ચારિત્ર મોક્ષમાર્ગ, સંવરમાર્ગ વગેરેના, જગતનાં નહીં. એમ હું જગતનો નહીં જિનનો છું માટે રટણા કરું તો જિનની, ભક્તિ-સેવા કરું તો જિનની, જગતની નહીં. જિનની સેવા-ભક્તિમાં કાંઇ વાંકુંચુકું થાય તો મને પેટમાં બળે પણ જગતનું કાંઇ વાંકુંચુકું થાય તો કાંઇ નહીં, કેમ કે હું જિનનો છું. એટલે બળતરા સંતાપ એ બધા જિનની ભક્તિ આરાધનામાં કસર પડે તો થાય. બાકી જગત તો કુછ નહીં. જગતની પાછળ હું ક્યાં રડતો ફરું. હું જિનનો છું માટે જગતની વસ્તુમાં ન ઠરું. ઠરું તો જિનમાં.

ભગવાનના સ્તવન સાંભળું, સ્તુતિ સાંભળું તો આનંદ થાય. ભગવાનની આંગીના દર્શન કરતા આનંદ થાય, કેમકે હું જિનનો છું. મન આવું બનાવવાનું છે તો ભગવાનનું અંતર ભાંગશે.

**(૬) જિનમાં ઠર-જગતમાં ઠરીશ નહીં.** ભગવાનની વાણી ભગવાને બતાવેલા તત્ત્વો મળી ગયા. એમાં ઠર. ઠંડા પાણી, ઠંડી હવા એમાં ન ઠર. આમાં ક્યાં ઠરો છો એના પરથી માપ નીકળે છે કે મન જિનનું છે કે જગતનું. વારંવાર સ્મરણ કોનું કરે છે, એના પર માપ નીકળે છે. હવે જગતનો મટીને જિનનો થાઉં એટલે વારંવાર સ્મરણ કરું તો જિનનું કરું, જિનના શાસનનું સાધર્મિકનું કરું, તો સમજાય કે આપણું મન જિનનું છે. જેમ કહેવાય છે કે, માણસની માતૃભાષા જાણવી હોય તો શી રીતે જણાય ? ભર ઊંઘમાંથી એકદમ જગાડીને એને પૂછો કે કોણ છે તું ? અને તે વખતે જે ભાષામાં બોલે તે એની માતૃભાષા જાણવી. એવી રીતે મન જિનનું કે જગતનું એ શી રીતે ખબર પડે ? મનમાં સહજ રીતે જે વિંચારો ચાલતા હોય એના પરથી ખબર પડે. મન જિનનું બનાવવા માટે અભ્યાસ કરવો પડે. જિન-જિનશાસન-જિનનો માર્ગ-જિનનો ઇતિહાસ આદિની સાધના વિચારણા કરવી પડે. આવું મન બનાવીએ તો અંતર ભાંગે, વીતરાગની નિકટ થવાય.

(૭) મનમાં આશાઓ રાખું તો જિનની રાખું. એના જ મનોરથ રાખું. ગમે તેવી પરિસ્થિતિમાં અરિહંત મનમાં આવ્યા કરે તો જીવન જીતી ગયો. પછી તાકાત નથી અસમાધિ થવાની, અને પછી એનો અભ્યાસ એવો પડ્યો હોય ગમે તેવી બિમારી આવી હોય તો પણ મન એમાં જ રહે ભગવાનનું જીવન મનમાં ઘણું ઘૂંટ્યું હોય તો ગમે તેવી બિમારી કે અસમાધિમાં પણ મનમાં તો ભગવાનની છાવણી. સમવસરણમાં ભગવાન બેઠેલા દેખાય. ભગવાન દેશના આપી રહ્યા છે, ભવિજીવો સાંભળી રહ્યા છે, કંઇક જીવો સમકિત, દેશવિરતિ, સર્વવિરતિ ઉચ્ચરી રહ્યા છે, આજ ચિત્ર ચાલ્યા કરે. જીવનમાં ખાસ આજ કરવા જેવું છે, જેથી પીડા ભૂલાશે. પીડામાં મન જશે તો અસમાધિ થશે, પીડામાંથી મન ઉઠાવી લેશો તો દુર્ગતિ અટકી જશે, મન શાંત થશે. કમઠના લાકડામાં અડધો બળેલો નાગ પાર્શ્વકુમારે બહાર કઢાવ્યો, અને નવકાર સંભળાવ્યો, પીડામાંથી મન નીકળી નવકારમાં સ્થાપ્યું તો મરીને ધરણેન્દ્ર નાગરાજ થયો.

ધર્મ ભૂલો એટલે કર્મસત્તાનો ગુનો છે. એની સજા તિર્યંચગતિની ભેટ આપી દે. જિંદગીભરના શ્રાવક મરુભૂતિ, ભાઇ કમઠને ખમાવવા ગયા ને કમઠે શિલા માથામાં મારી. આહા- આ પીડા ! એમ થયું ને કર્મસત્તાએ ઊંચકીને હાથણીના પેટમાં મૂકી દીધા. જિંદગીભરનાં શ્રાવક અંતસમયે પીડા ન ભૂલી શક્યા તો અંતે તિર્યંચગતિમાં જવું પડ્યું.

(૮) મનને આત્મસાત્ કરું તો પણ જિનમાં, જિનમૂર્તિમાં. તો ભગવાનની વચ્ચેનું આંતરું ભાંગે.

(૯) આપણું મન પુદ્ગલના પરિચયવાળું છે. પુદ્ગલ અંગેની ઘણી ઘણી વાતો વિચારે છે. એ વિચારી વિચારીને પુદ્ગલનો પરિચય વધી ગયો. પુદ્ગલ આત્મસાત્ થઇ ગયું. હવે મન કેવું બનાવવાનું ? શાસ્ત્રો એના પરિચયવાળું બનાવવાનું છે. પરિચય શી રીતે થાય ? એના અંગેની આતુરતા-જિજ્ઞાસા રહ્યા કરે. જેમ કે કાપડ આવ્યું તો એનું પોત કેવું છે ? ભાવ શું છે ? કઇ મીલનું છે ? આ બધી આતુરતા થાય છે, તો હવે એને બદલે દેવાધિદેવ અરિહંત એમના ૩૪ અતિશયો, ૩૫ વાણીના ગુણ અષ્ટપ્રાતિહાર્ય... આ બધાની જિજ્ઞાસા કરવાની, એની વિચારણા કરવાની, એની અંદર મન વચન ને કાયાનાં યોગો લગાવવાના, એને માટે એનું ચિંતન કરવાનું (A) અરિહંતની વાણીનું ચિંતન (B) અરિહંતનાં ગુણોનું ચિંતન(C) અરિહંતના જીવનનું ચિંતન(D) અરિહંતના સુકૃતો અને (E) સાધનાનું ચિંતન, (F)એમના સ્વરૂપ અને (G) ઉપકારનું ચિંતન કરવાનું, આમાં મન લાગ્યું રહે તો અરિહંતનો પરિચય વધે. અરિહંતના ગુણો વિચારીએ તો અદ્ભુત છે. ૧-૧ તીર્થંકરમાં અમુક અમુક ગુણ

પ્રધાન હોય છે. દા.ત. ભગવાન મહાવીરના જીવનમાં પૂર્વમાં નયસારના ભવથી પરમાર્થદૃષ્ટિવાળા હતા, જંગલમાં લાકડા કાપવા ગયા ત્યાં અતિથિ યાદ આવ્યા. એમ ઋષભદેવ, શાંતિનાથ, પાર્શ્વનાથ વગેરે ભગવાન આપણા પરિચિત છે. ભગવાન મહાવીરના ભવમાં ભગવાન જ્યારે માતાના ઉદરમાં આવ્યા, સળવળાટ થાય તો માતાને ત્રાસ થાય એટલે પોતે સ્થિર રહ્યા. બીજાના દુઃખનો વિચાર ત્યાં આવ્યો.

**પંજાબમાં** પાકિસ્તાની થઇ. મકાનમાં માણસો છુપાઇને બેસી ગયા. એવી રીતે કે કોઇને ખબર જ ન પડે કે અહીં કોઇ છે. કેમ ? ભય લાગી ગયો હતો, એમ જીવને એવો કોઇ ભય લાગી જાય તો આ ગુણ આવી જાય. એમ ભગવાનના સમગ્ર જીવનનું ચિંતન કરે.

એજ રીતે ભગવાનની સાધના કેવી ? ચારિત્ર લેતાં પહેલા બધાની જેમ સામાન્ય જીવન જીવ્યા પણ ચારિત્ર લઇને ઉત્કૃષ્ટ જીવન જીવે છે. ઇન્દ્રોએ ચારિત્ર લેતા પહેલા શરીરે વિલેપન કર્યું છે, એજ શરીર દ્વારા સાધનામાં આગળ વધ્યા. પહેલા જ ભમરાઓ સુગંધથી ડંખ મારવા આવે છે છતા ઉડાડવાનું નામ નહિ. બાવીશ પરિષહોને સહન કર્યા. એવા પાછા અંતર્મુખ હતા. વિહાર કરે, આગળ કેવો પ્રદેશ આવશે એની ફિકર શુદ્ધા નહીં. તત્ત્વની અંદર કેવી રમણતા કરતા હશે ? એટલે તો સુલસા માટે કહેવાય છે કે, અંબડપરિવ્રાજક સુલસાની પરીક્ષા માટે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શંકરનાં રૂપ કરીને નીચે ઊતર્યા છે... આખું ગામ જોવા ભેગું થયું છે પણ સુલસા તો તત્ત્વની રમણતામાં લીન છે.

ભગવાન તત્ત્વરમણતામાં એવા લીન થયેલા કે પછી કેવલજ્ઞાન થતા પૂર્ણ સ્વરૂપ પ્રગટ થયું.

બાહ્ય-અભ્યંતરસ્વરૂપ ભગવાનનું વિચારવાનું કે ભગવાનનું સમવસરણ કેવું ? કેવી છાવણી પડે ? ભગવાનના વિહાર વખતે કેવો દબદબો હોય ? આઠ પ્રાતિહાર્ય કેવા હોય ? એક એક પ્રાતિહાર્ય સાથે ભગવાનને જોવાનાં. ભગવાન પધાર્યા, રત્નના સિંહાસન પર બેઠા, આજુબાજુ ચામર વીંઝાય છે, ભગવાનના મુખની પાછળ ભામંડલ છે, ઉપર ત્રણ છત્ર શોભી રહ્યા છે, અશોકવૃક્ષ લીલુંછમ ઘટાટોપ છે, આકાશમાં દેવદુંદુભિ બજી રહી છે, ઝરમર ઝરમર પુષ્પની વૃષ્ટિ થઇ રહી છે, આમ એક એક પ્રાતિહાર્યની ધારણા કરતા ક્રમશઃ આઠ પ્રાતિહાર્યથી શોભતા ભગવાન દેખાય.

એજ પ્રમાણે સકલાર્હત્ સ્તોત્રની ગાથા દ્વારા આ થાય. વચનયોગ દ્વારા ભગવાનની સ્તુતિ, સ્તોત્રો બોલે. કાયયોગનાં વ્યાપાર દ્વારા ભગવાનને પ્રણામાદિ કરે. આ રીતે અરિહંતનો પરિચય વધારીએ તો પુદ્ગલનો પરિચય ઓછો થાય. આનો જો

નાદ લાગી જાય તો યોગી જેવા થઇ જઇએ. આજુબાજુ શું થાય છે, એની ખબર ન પડે.

એજ પ્રમાણે અંતર ભાંગવું છે તો (૧૦) તત્ત્વનો પરિચય કરવાથી ભાંગે. તત્ત્વમાં શું આવે ? તત્ત્વો મહાસાગર જેવા છે. જીવાદિ શું છે એનું ચિંતન, ૧૪ ગુણસ્થાનકનો વિચાર, દરેકનું સ્વરૂપ શું છે ? દરેક ગુણસ્થાનકે આત્મામાં શું વિશેષતા થાય !

એજ રીતે (૧૧) કર્મના વિચારમાં મન લગાવે તો પુદ્ગલ તો ક્યાંય ભાગી જાય તો અંતર ભાંગે. અને

(૧૨) ધર્મના વિચારમાં માર્ગાનુસારી-અપુર્નબંધકનું સ્વરૂપ, સમ્યક્ત્વનું સ્વરૂપ-સમકિતના ૬૭ બોલનું સ્વરૂપ... એનો વિચાર કરે. એમ વીશસ્થાનકનું સ્વરૂપ-જે ઉચ્ચ કોટીની ચીજ છે એની આરાધનાથી તીર્થંકર થાય છે, એ રીતે ૧-૧ સ્થાનકનું સ્વરૂપ વિચારે.

એજ પ્રમાણે (૧૩) ગૃહસ્થધર્મ ને સાધુધર્મનું ચિંતન કરે. ગૃહસ્થધર્મમાં ક્રિયાગત અને ભાવગત ધર્મ. એમાં કયા ગુણો ? ક્રિયાગત ધર્મના ૬-ગુણ જેમકે વ્રતકર્મવાળો, શીલવાન, ગુણવાન, ઋજુવ્યવહારી, ગુરુસેવા કરનારો અને પ્રવચનકુશળ. તેમજ ભાવગત ધર્મમાં ૧૭ લક્ષણોમાં સ્ત્રી, ઇન્દ્રિય, ધન, સંસાર, વિષય-આરંભ-ઘર-દર્શન, ગાડરિયા પ્રવાહ, આગમપુરસ્કારપ્રવૃત્તિ, યથાશક્તિ દાનાદિ-વિધિપ્રવર્તન, અરક્ત-દુષ્ટ, મધ્યસ્થ-અસંબદ્ધ, પરાર્થકામ ઉપભોગી અને ઘરવાસને વેશ્યાની જેમ પાળનારો ઈત્યાદિ લક્ષણોમાં ગૃહસ્થના ભાવો વૈરાગ્યવાળા હોય-આ રીતે ભાવગત ધર્મના ૧૭ ગુણ, એનું સ્વરૂપ ચિંતન. એ રીતે સાધુના ૨૭ ગુણોનું ચિંતન કરે તો પુદ્ગલાદિનું કાંઈ યાદ ન આવે

(૧૪) એમ મહાપુરુષોનાં જીવનનો વિચાર-ભરહેસરમાં આવતા એક એક મહાપુરુષોનું ચિંતન નજર સમક્ષ લાવે, કેવા કેવા પરાક્રમો કરીને એમનું ઉત્થાન થયું. જરા ભૂલ્યા તો કેવું પતન થયું. એજ પ્રમાણે સત્પુરુષો ને મહાસતીઓના જીવનને વિચારે, યાદ કરે. એના જ ચિંતનમાં-ધ્યાનમાં આગળ વધે તો પુદ્ગલપરિચય ઓછો થાય તો ભગવાન સાથેનું આંતરું ઘટે.

(૧૫) વારંવાર પુદ્ગલ અંગે જીવને આતુરતા થાય છે. જોવાની, સંઘરવાની, લેવાની. તેની પાછળ મન વચન કાયાના યોગો લાગી પડે છે તો ચિંતન-વાંચન પ્રવૃત્તિ એની ઓછી કરવી પડે.

(૧૬) પુદ્ગલ ઉપર જીવને શ્રદ્ધા ઘણી છે. દા.ત. પાણી પીએ એટલે તરસ મટે. હવે એ શ્રદ્ધાને દૂર કરવા ભગવાનનું સ્તોત્ર ભણું એટલે તરસ મટે. તૃષાપરિષહ સહન થાય. જિનવાણીના દર્શનમાં તૃષા છીપાઈ જતી હતી. પુદ્ગલ પર ભારે શ્રદ્ધા છે

તે તોડવાની.

પુદ્ગલની આતુરતા, પ્રવૃત્તિ, શ્રદ્ધા-ભોગવટો દિવસમાં કેટલો ? અને આત્માની પ્રવૃત્તિ કેટલી ? આ બધી પુદ્ગલની મોંકાણ છે, આને દૂર કરવા દેવ-ગુરુ-ધર્મ-તીર્થ-શાસ્ત્રોનો પરિચય વધારવો.

તેમ **(૧૭)** ગુરુમહારાજનો પરિચય વધારવાનો. ગુરુમહારાજ કેવા ગુણિયલ, જ્ઞાની, આપણા ઉપર કેટકેટલા ઉપકાર કર્યા, આપણને એમ થાય કે ગુરુમહારાજે શું આપ્યું ? વ્રત-નિયમ. આ જો ન મળ્યું હોત તો જીવનમાં કેટલા અનર્થો ઊભા રહેત. સાધના, વ્રત-નિયમ ન મળ્યા હોત તો કેટલા દોષો ઊભા રહ્યા હોત ? કેટલા કાળ સુધી રખડવું પડત ?

દા.ત. જીવને ખાઉં ખાઉંની સંજ્ઞા હતી. ગુરુએ ત્યાગ શીખવ્યો. નિયમમાં આવ્યા. ભૂખ ઊઠે જીવને ત્રાસ છૂટ્યો, આહારસંજ્ઞા ઉપર અણગમો થયો એ મોટી જીત થઈ. ખાવાના ટંક ગણતરીનાં, ઝંખના બીનગણતરીની. બજારમાંથી પસાર થતાં ફ્રુટ-ફરસાણ ખાવાની ઈચ્છા થાય પણ ગુરુએ પાપલેશ્યા, વિચારોથી બચાવ્યા આથી દીર્ઘાતિદીર્ઘકાળની રખડપટ્ટીથી બચાવ્યા. નરક-તિર્યંચગતિને તાળા મરાવ્યા.

**(૧૮)** તેમ તીર્થની વિચારણા-કેવી મનોહર રચના કેવા ભગવાન ! એ તીર્થોને મનમાં રાખવાથી અને શાસ્ત્રોનું અવગાહન કરવાથી તેનો પરિચય વધે. આમ કરવાથી પુદ્ગલ પરિચય ઘટે.

એજ પ્રમાણે **(૧૯)** સમ્યક્ત્વના ૬૭ બોલનો વિચાર કરે. દા.ત. સદહણા. પરમાર્થપરિચય વગેરે શ્રેષ્ઠ કોટિના તત્ત્વોનો પરિચય. મહાપુરુષોના ચરણમાં લક્ષ્મી આળોટતી હતી પણ મન હતું તત્ત્વનાં ચિંતનમાં. બહારની લીલાને ઈન્દ્રજાળ સમજતા હતા. આ ઈન્દ્રજાળ કર્મસત્તાએ મને ફસાવવા ગોઠવી છે, એમ સમજતા. એક એક મહાપુરુષોના જીવનનો પરિચય કરતા જાય તો પુદ્ગલ પરિચય ઘટે.

દા.ત. **શાલિભદ્ર** પૂર્વભવમાં દાનથી માંડીને અનશન સુધી. આ પુરું થાય એટલે બીજા મહાપુરુષ, એમ એક એક મહાપુરુષના જીવનનું ચિંતન કરે. દા.ત. **ભરત મહારાજા** - ૯૮ ભાઈઓ અને બાહુબલી ઉપર ચડાઈ કરી પછી પશ્ચાત્તાપ થાય છે. ૯૮ ભાઈઓ સાધુ થઈ જાય છે. તેઓને ખમાવતા આંખમાંથી આંસુ પડે છે, ખૂબ પસ્તાવો કરે છે કે મોટાએ ઉદારતા કરવી જોઈએ. જગતમાં મારા જેવો કોઈ નીચ નહીં હોય. અત્યાર સુધી મેં કેવા બોલ કાઢેલા ? ધર્મરત્નપ્રકરણમાં માર્ગાનુસારિતા કેવી હોય ? શ્રાવક ઉપશમને પ્રધાન કરીને ચાલનારો હોય, અર્થાત્ પૂર્વમાં કંઈ સમજેલ હોય તો તેને કોઈ ગુરુમહારાજ સમજાવે તો સમજી જાય, એટલે મહાપુરુષોનાં જીવનમાં

૧-૨ વાનગીને વિચારે. દા.ત. ભરતમહારાજાને આરિસાભવનમાં વૈરાગ્ય અને કેવલજ્ઞાન. બાહુબલીજી યુદ્ધભૂમિમાં ૧૨-૧૨ મહિના અડગ સાધના. ભલે ટાંગા તૂટી જાય પણ ડગ્યા નહી. અભયકુમાર, ઢંઢણકુમાર, અઈમુત્તો ઈત્યાદિની ૧-૨ વાનગી ફિક્સ કરી રાખે. અર્ણિકાપુત્ર વિહાર નહોતા કરી શકતા, છતા પૂરા સાવધાન હતા. ગંગા પાર ઉતારતા લોકોએ નાવડામાંથી ઉછાળ્યા. વૈરી દેવે ભાલામાં વિંધ્યા, લોહીનાં બુંદ પાણીમાં પડતા જોઈ વિચારે છે, અસંખ્ય જીવોનો ઘાત થશે ! અરેરે ! બિચારો મારા પાપી શરીરના નિમિત્તે પાપ બાંધી રહ્યો છે.

(૨૦) સદ્અનુષ્ઠાનનાં રહસ્યો વિચારે. કઇ રીતે ? દા.ત. પરમાત્મદર્શન. તો પરમાત્મદર્શન શા માટે કરવાનું ? એટલા માટે કે જગતનું દર્શન કરવામાં જિનને ભૂલી જઇએ છીએ. એટલે જિનનું બહુ દર્શન કરીએ તો જગતને ભૂલાય. **જિનનું દર્શન જગતનું દર્શન ભૂલવા માટે અને જિનનું મહત્ત્વ હૈયે ધારણ કરવા માટે કરવાનું છે.** જગતની બધી વસ્તુ જિનની આગળ વાહિયાત લાગે. જિનનું મહત્ત્વ છે કે, જેણે જગતની ઓળખાણ કરાવી કે આમાં ને આમાં ભૂલા પડેલા છો માટે ઊંચા અવાતું નથી. કીડી થયા તો ખાંડ પાછળ પડ્યા ને મકોડા થયા તો ગોળ પાછળ પડ્યા. જિન આ બધી વસ્તુ બતાવે છે કે આમાં ભૂલા પડતા નહીં. જે દેવતાઓએ સમવસરણ ઊભુ કર્યું એ દેવોને પણ જિન એજ કહે છે, કે-આ ચાંદી-સોનું, રતન એમાં ભૂલા નહીં પડતા, એ બધું ધૂળ જેવું છે. એટલે જિનદર્શનનું રહસ્ય એ છે કે, **જગત ફીકું લાગે અને જગતનું દાર્શન ફીકું લાગે તો સમજવું કે જિનનાં દર્શન આપણને ફળ્યા.**

એમ **(૨૧)** નવકાર સ્મરણનું શું રહસ્ય ? એક નવકારને સમજીને યાદ કરે, એમાં અનંતકાળનાં અનંતાનંત પરમેષ્ઠિને નમસ્કાર કરવાનો લાભ મળે. અર્થ ખબર ન હોય તો પણ. જેમકે તિર્યંચને નવકારની ખબર નથી છતાંયે એકાગ્રતાથી સુણે છે તો એની સદ્ગતિ નિયમા થાય છે, જેમકે કમઠના લાકડામાં બળતા **નાગે** નવકાર સાંભળ્યો-ધરણેન્દ્ર બન્યા. **સમડીએ** મરતા મુનિના મુખેથી નવકાર સાંભળ્યો તો રાજકુમારી સુદર્શના બની.

નવકારનો એક એક અક્ષર મહામંત્ર છે, એટલા માટે તો કહ્યું છે નવકારનું એકવાર સ્મરણ કરો તો ૫૦૦ સાગરોપમની કર્મની સ્થિતિ તૂટે છે. ૧૦૮ નવકાર ગણે તો ૫૦ હજાર સાગરોપમ કર્મની સ્થિતિ તૂટે છે. નવકાર ગણતા આલ્હાદ જોઇએ. કેવો ઊંચો મહામંત્ર ? દુનિયામાં એવો એકે મંત્ર નથી જે આની તોલે આવે. આ નમસ્કાર મંત્રની આગળ બીજા બધા મંત્રો હેઠ છે.

નવકારને ભાવ આપવાનો છે કે આ નવકાર ! આટલી બધી સ્થિતિ તોડી નાંખે ? આ નવકાર દુર્ગતિ આપે જ નહીં સદ્ગતિ જ આપે. નવકારને એવો ભાવ આપે તો નવકાર ફળ્યા વગર રહે નહીં. નવકાર પર ઉછળતું બહુમાન હોય, હું તો રટું અને સાંભળું તો પણ કલ્લોલ ઊઠે. આમ ઉછળતા ભાવ સાથે નવકાર ગણવાનો તો પુદ્ગલ પરિચય ઘટે.

**નવકારનું સ્મરણ, રટણ વારંવાર મનથી કરીએ તો જગતનું વિસ્મરણ થાય એ નવકારનું રહસ્ય છે.** નવકારમાં મન લગાડો એટલે જગતનું સ્મરણ દૂર થાય. વારંવાર મન એમાં લગાડો એટલે મન એનાથી ભાવિત થાય, પછી એ નવકાર સહજભાવનો થઇ જાય ત્યારે એ મન એની પૂંઠે લાગ્યું કહેવાય. એનો લાભ એ થાય કે એ પરમાત્મભાવની નજીક પહોંચે.

એમ **(૨૨)** સામાયિક-કરેમિ ભંતેનું રહસ્ય શું ? -જગતભરના પાપોથી મુક્તિ છે. કેટલીય જાતની હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ આદિથી બે ઘડી માટે તમને એ બધા પાપોથી છૂટકારો મળે. એ મૂકી દીધા એટલે આત્મામાં એના સંસ્કાર ઊભા થાય આ પાપો એ ત્યાજ્ય છે, સારું થયું મૂકી દીધા. બધા પાપો કરવાના નહોતા છતાં આ મફતીયા પાપોથી છૂટકારો મળ્યો, જો એની છૂટ રાખી હોત તો એક બાજુ બધા કર્મોનાં ઢેર બંધાત અને બીજી બાજુ એનું મમત્વ પોષાત. પાપોનું જો મમત્વ બન્યું રહે તો પછી કોઇ જન્મમાં એનો આરોવારો ન આવે. આ મમત્વને કાપી આપવાની તાકાત આ સામાયિકમાં છે. વારેવારે એના તરફ મન લાવીએ તો પરમાત્માની નિકટ થવાય.

એમ સામાયિકનો બીજો લાભ આ છે સર્વ જીવોને અભયદાન, શાતાનું દાન આપવાનો. બીજાને શાતા આપો તો શાતા મળે. નિયમમાં આવ્યા એટલે જીવોને ઢંઢેરો બહાર પાડ્યો કે તમને હું મારીશ નહીં અને કોઇની પાસે મરાવીશ પણ નહીં. આ છે અભયદાન જીવોને.

ત્રીજું રહસ્ય આ છે કે, સામાયિક એટલે સમતાને લાવનારી ક્રિયા એટલે સમભાવ તરફ દૃષ્ટિ જાય છે. સામાયિકમાં છું એટલે મારે બધી એજ ક્રિયા જોઇએ જે સમતાને લાવનારી છે. આ ભાર મગજ ઉપર રહે છે, એટલે પછી એક ડાફોળિયું પણ બહાર ન મરાય. ડાફોળિયું મારવાની ક્રિયા સમભાવ બગાડનાર છે. માંડ માંડ બહારમાંથી ખેંચીને જીવને સામાયિક વાચના આદિમાં બેસાડ્યો, એમાં જો ડાફોળિયું મારે તો સમભાવમાંથી બહાર ફેંકાઈ જાય છે. એટલે સાવધાની થાય કે મારે સામાયિક છે એટલે સમભાવ કમાવાનો અવસર છે. આડીઅવળી બધી પ્રવૃત્તિ બંધ થઇ જાય, આ રહસ્ય મગજ પર હોય તો આત્મા એનાથી ભાવિત થાય.

**સામાયિકનું રહસ્ય-** સામાયિક શા માટે ? શું એનો ગુપ્ત ભેદ છે ? સામાયિક એ મહાઆશ્રવમાંથી મહાસંવરમાં લાવે છે. જગતભરના પાપો મારે કરવાના અને કરાવવાના બંધ. એટલે મોટી જંગી અવિરતિને તોડી નાખે છે. અવિરતિ એ પાપનો મહાસાગર છે. સામાયિક દ્વારા બે ઘડી સુધી સર્વજીવોને અભયદાન અપાય છે. જગતભરના પરિગ્રહો રાખવા હોય તો મળે એવા નથી પણ આ સામાયિક દ્વારા જાતે એનો ત્યાગ થાય છે અને બીજાને હું એવા પરિગ્રહો કરાવું નહીં એ પ્રતિજ્ઞા છે, આ રહસ્ય છે. અત્યાર સુધી અનાત્મજ્ઞ હતા હવે આત્મજ્ઞ બને છે. અનાત્મજ્ઞ=કાયા. પુદ્‌ગલ જડને જોનારો, આત્મજ્ઞ=આત્માને જાણનારો, જોનારો, આત્મહિતની વસ્તુનો જ વિચાર કરનારો. વળી સામાયિકમાં સ્વાધ્યાયમાં લાગે એટલે કેવો સ્વાધ્યાય ? ભલે અર્થ ન આવડતા હોય તો બધા સૂત્ર-પ્રકરણો, લોકપ્રકાશાદિ શ્રાવક યોગ્ય સૂત્ર બોલી જાય. અર્થ ન સમજે તો પણ શ્રુતના અક્ષરનો પાઠ થાય, સ્વાધ્યાયથી તો અખૂટ કર્મની નિર્જરા થાય. પાપ વિકલ્પોનો નાશ થાય. એટલે બે ઘડીમાં તો લખલૂટ કમાણી થાય જેમ પરમાત્મભક્તિનું મહામૂલ્ય છે તેમ સામાયિકનું પણ મહામૂલ્ય છે.

એમ **(૨૩)** પ્રતિક્રમણનું શું રહસ્ય ? પ્રતિક્રમણ કેમ કરો છો ? શાસ્ત્રો કહે છે કે જીવ એક દિવસમાં એટલા બધા પાપો કરે છે કે દુનિયાભરના પર્વતો સોનાના થઇ જાય ને આપણા કબજામાં આવી જાય અને એ બધા દાનમાં દઈએ તો પણ એક દિવસના પાપમાંથી ન છૂટે, પણ પ્રતિક્રમણ કરો તો આ બધા પાપમાંથી છૂટી જાય એ પ્રતિક્રમણનું રહસ્ય છે. સોનાના પર્વતોનું દાન દેવામાં પણ પાપથી છોડાવાની તાકાત નથી એ તાકાત પ્રતિક્રમણમાં છે. પ્રતિક્રમણમાં પાપ પરનો સંતાપ છે, આ પાપના સંતાપની તાકાત છે જનમ જનમનાં અશુભ અનુબંધોને તોડે છે.

શુભાશુભ અનુબંધોનું જૈનધર્મે આપેલું સાયન્સ અદ્‌ભુત છે. અશુભ અનુબંધો નહીં તોડો તો દુર્બુદ્ધિ-અશુભ અધ્યવસાય વગેરે ઓછા નહી થાય, એને તોડવાની તાકાત પ્રતિક્રમણમાં છે. કેમકે પ્રતિક્રમણમાં હૃદયની બળતરાનો ભારોભાર સંતાપ આવે છે, અને એમાં અશુભાનુબંધો તોડવાની તાકાત છે. આ સંતાપ કરવાની આદત હોય તો એક કીડી પગ નીચે આવી જતા અરર ! કીડી મરી ગઇ ! એમ થાય.

ભગવાન મહાવીરના જીવે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં સીસું રેડાવ્યું અને તીવ્ર પાપો બાંધ્યા, ત્યાંથી મરી સાતમી નરકમાં ગયા, ત્યાંથી સિંહ થઇ ચોથી નરકે ગયા, અને બહુ સંસારમાં રખડ્યા તો પણ એ અશુભ અનુબંધો તૂટ્યા નહીં. અશુભ અનુબંધો એવા ભૂંડા છે કે નવી નવી પાપ બુદ્ધિ આપે પાપ સંક્લેશ સાથે કરાવે, તીવ્ર દ્વેષના સંક્લેશથી કરાવે, દુર્ગતિની પરંપરા કરાવે. જ્યારે સોળમાં

ભવમાં **પ્રિયમિત્ર ચક્રવર્તી** થયા ત્યારે તપ-સંયમના બળે અશુભ અનુબંધોના ભુક્કા કરવાનું મન થયું. અને એક ક્રોડ પૂર્વનું સંયમ પાળ્યું. ત્યાંથી આગળ વધી નંદન રાજર્ષિના ભવમાં તીવ્ર તપ સાથે અનુબંધો તોડ્યા. ભગવાન મહાવીરના ભવમાં અસહ્ય વેદના આવી તો પણ ગુસ્સો ન આવ્યો, દુર્બુદ્ધિ ન આવી, સમતાથી સહન કર્યું. એક આંકડાનો પણ કષાય નથી, હાયવોય નથી. ચિરકાળના પાપનું આલોચન આ પ્રતિક્રમણ દ્વારા થાય છે. પ્રતિક્રમણમાં દુષ્કૃતગર્હા કરવાની છે. એક એક અપરાધસ્થાને તીવ્ર સંતાપ કરવાથી અશુભ અનુબંધો તૂટશે.

પ્રતિક્રમણ - દિવસભરના પાપ કરવાના સૂઝે છે પણ પાપથી અટકવાનું-પાપને રોવાનું મન થતું નથી. પાપને વારંવાર રોતા રોતા અંતરાત્મામાં એવો પુરુષાર્થ પ્રગટ થશે કે પાપ આચરવાનું જ મન નહીં થાય. પ્રતિક્રમણ ઉત્સર્ગને અપવાદ બે માર્ગે છે. રાજમાર્ગનું પ્રતિક્રમણ એ છે કે, પાપ જ નહીં કરવાનાં. એટલે બાવીસ જિનના શાસનમાં કહેવાય એમને માટે નિત્ય પ્રતિક્રમણ નહીં. એ અપવાદમાર્ગનું નહીં ઉત્સર્ગમાર્ગનું ખરૂં. ઉત્સર્ગમાર્ગ એટલે રાજમાર્ગ. એ સ્થિતિ ઉભી થાય પછી પાપ જ ન થાય; થઇ જાય તો એનો સંતાપ થાય. પાપ સંતાપનો મહાન લાભ છે કે જુગજાુના અનુબંધો તૂટે, પૂર્વનાં અશુભ અનુબંધો તૂટે, જેનાથી નવી નવી પાપબુદ્ધિ થાય નહિ. અશુભ સંસ્કારો તોડી નાંખે.

એમ **(૨૪)** ભગવાનની ભક્તિથી અંતર દૂર થશે. દેવપાલને ચક્રેશ્વરી આવીને કહે છે કે તને સાત દિવસમાં આ નગરીનું રાજ્ય મળશે, અને એ દુ:ખી થઇ ગયો. હાય રાજ્ય ? તો પછી મારા ભગવાનને શી રીતે ભજીશ ? આમ કેમ થયું ? અત્યાર સુધી ભગવાનની ભક્તિ કરી કરીને અશુભ અનુબંધો જે હતા તે બધા તોડી નાંખ્યા હતા. કોઇ આનંદ નથી. અને રાજ્ય મળ્યું, કોઇ મંત્રી દિવાન સાંભળતા નથી. જે શેઠને ત્યાં નોકરી કરતો હતો એ શેઠને બોલાવ્યો તો એ પણ આવતો નથી. એટલે દોડ્યો ભગવાન આગળ ને કહે પણ મારે ક્યાં રાજ્ય જોઇતું હતું. તું આ પાછું લઇ લે. દેવી હાજર થઇ. કહે, દેવપાલ ચિંતા ન કરીશ. માટીનો મોટો હાથી બનાવ ને કાલે એના પર સવારી કરજે, બધા પગમાં આવીને પડશે. કુંભારને બોલાવ્યો, કહ્યું એક મોટો માટીનો હાથી બનાવ, માટીનો હાથી બનાવ્યો ને બીજા દિવસે સવારે એ હાથી પર ચડ્યો ને એ હાથી ચાલવા લાગ્યો. આ જોઇ બધાને ભય લાગ્યો, બાપ રે ! આમને તો કોઇ દેવ સિદ્ધ લાગે છે. બધા આવ્યા, પગમાં પડ્યા, અમારી ભૂલ માફ કરો, નગરશેઠને સમાચાર મળતા એ પણ દોડતા આવ્યા. કહે, રાજન્ ! મારી ભૂલ માફ કરો. શેઠને કહે, જુઓ શેઠ, આ બધા મંત્રી-દિવાન જે જેમના હોદ્દા પર છે તેને તેમના

હોદ્દા પર ચાલુ રહેવા દો ને તમે મહાઅમાત્ય બની જાઓ. રાજ્ય તમારે ચલાવવાનું, મારે તો ભગવાનની ભક્તિ કરવી છે. પુણ્યે આ રાજ્ય વળગાળ્યું છે તમે મહાઅમાત્ય બની રાજ્ય ચલાવો.

આમ ભાવ કેમ થયો ? રાજ્ય મળતા રાજીપો કેમ ન થયો ? કારણ ભગવાનની ભક્તિ કરતા બધા અશુભ અનુબંધો તોડી નાંખ્યા હતા. દુષ્કૃતગર્હા ખૂબ કરો, બે ય ટાઈમ બરાબર પ્રતિક્રમણ કરો અને સુકૃતઅનુમોદના કરો તો પાપાનુબંધ તૂટશે. સુકૃતઅનુમોદના માટે સુકૃત કરનારા જે મહાપુરુષો છે એને નમસ્કાર કરો, એમના સુકૃતોને યાદ કરો. એમ અરિહંતને નમસ્કાર શા માટે ? એમના જંગી સુકૃતોની અનુમોદના માટે. એક નમો અરિહંતાણં કરું એટલે અનંતા અરિહંતોનાં અનંતા સુકૃતોની અનુમોદના કરવાનો લાભ મળે, આમ કરવાથી પરમાત્મભાવની નજીક અવાય.

એમ **(૨૫)** વાંદણા-ગુરુને વંદનનું રહસ્ય શું ? બે ચીજ છે (૧) ગુરુવંદન કરતા ગુરુને સુખશાતા પૂછવાની છે અને (૨) ગુરુ પ્રત્યે થયેલા દોષોનું પ્રમાર્જન કરવાનું છે. એટલા માટે જાવણિજ્જાએ નિસીહિઆએ બોલીએ છીએ. જાવણિજ્જાએ=યાપનિકા-ગુરુની સુખશાતાની પૃચ્છા કરવા વડે અને નિસીહિઆ= ગુરુ પ્રત્યે કાંઈ અજુગતું થયું એનો મિચ્છા મિ દુક્કડમ્ દેવા માટે મત્થએણ વંદામિ કરીએ છીએ, આ સંક્ષેપ વંદન થયું. અણુજાણહ એના દ્વારા બૃહદ્ વંદન થાય. પહેલામાં સુખ શાતા પૂછીએ છીએ એટલે અભિનંદન કરીએ છીએ જ્યારે બીજામાં દોષોનું મિચ્છા મિ દુક્કડમ્ દઈએ છીએ.

અહો કાયં કાય એમા અહો કાયં=અધોકાય-ચરણ ને બીજી કાયા=માથું અડાડું છું. આમાં શું રહસ્ય છે ? ચરવળો કે ઓઘો એને ગુરુના ચરણ કલ્પ્યા, એને માથું અડાડીએ-ઝણઝણાટી અંદર થાય; અનંતાકાળમાં અનંતાના ચરણે માથા અડાડ્યા પણ કાંઈ ન વળ્યું દોષો વધ્યા જ્યારે ગુરુના ચરણમાં માથુ અડાડવાથી નમ્ર ભાવ આવે. દોષો ટળે. આમ અહો કાયં કાય બોલી સંફાસં બોલતા માથુ નીચે અડાડવાનું છે, ન અડાડો તો માત્ર પોપટ પાઠ થાય. જૂઠું થાય એ માથું અડે એટલે અંદર ઝણઝણાટી થાય. ગુરુને વંદન પૂર્વક સુખશાતા પૂછવાની છે. આપની સંયમયાત્રા- શરીરનિર્વાહ આદિ સુખપૂર્વક ચાલે છે ને ? આ પૂછતા એમ થાય કે હું બહુ શુભ કરું એની કિંમત નથી પણ ગુરુ શુભ કરે એની જ કિંમત છે, ગુરુની સંયમયાત્રાની મોટી કિંમત છે. ચિત્તની અંદર ગુરુનું ઊંચુ મહત્ત્વ આવે છે, કેમકે **ગુરુ એ પરમગુરુ પાસે પહોંચવાનો દરવાજો છે, એટલે ગુરુ એ પરમગુરુ પાસે પહોંચવાનો સિક્કો-પાસપોર્ટને આપનારા છે.**

ગુરુની સેવા કરી એટલે પરમગુરુને મળવાનું રીઝર્વેશન થઇ ગયું. આમ ગુરુવંદનની વારંવાર વિચારણા કરવાથી પરમાત્મભાવનું અંતર ઘટે છે.

**(૨૬)** ચૈત્યવંદનનું શું રહસ્ય ? **चैत्यवंदनतः तस्मात् कर्मक्षयः, ततो मोक्ष उपजायते....**

ચૈત્યવંદનથી શુભભાવ થાય છે. સૂત્ર-સ્તુતિ-સ્તવન બોલાય એ બધા પદો શુભભાવને પેદા કરે છે. વળી એક એકની મુદ્રા એવી છે કે શુભભાવ ઊભા કરે. યોગમુદ્રાએ સૂત્ર બોલે એટલે શુભભાવ પેદા થાય. યોગમુદ્રા એટલે અંજલિબદ્ધમુદ્રા. ખમાસમણ પછી બીજું ખમાસણ આપે તો પણ હાથ જોડેલા હોય. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ? બોલતાય હાથ જોડેલા હોય. જાવંતિ ચેઇઆઇં, જાવંત કે વિ સાહૂ, જય વીયરાય આ સૂત્રો મુક્તાશુક્તિમુદ્રાથી બોલાય. મન ગમે તેટલું બહાર રખડતું હોય પણ ભાવથી ચૈત્યવંદન કરે તો અદ્‌ભુત શાંતિ મળે, એમ અરિહંતપરમાત્મા પ્રત્યે ઝુકાવનો ભાવ આવે. અરિહંતના ચૈત્યને એટલે અરિહંતને વંદના છે, એટલે અરિહંત પ્રત્યે હૈયામાં અલૌકિક ભાવ હોય. કોણ આ અરિહંત ? ત્રણ જગતના રાજા-અસંખ્ય ઇન્દ્રોના પૂજ્ય, એમને નમસ્કાર કરવા, સ્તુતિ કરવા મળે છે. **અરિહંત સાથે સીધું કનેક્શન ચૈત્યવંદનથી થાય છે.** વિચરતા તીર્થંકર કે સીમંધરસ્વામી સાથે કનેક્શન ચૈત્યવંદન દ્વારા થાય છે. ભગવાન મને ત્યાં બોલાવી લો, નહીંતર હું તમને અહીં બોલાવીશ. સિદ્ધગિરિનું ચૈત્યવંદન કરતા સિદ્ધગિરિ સામે આવે. અનંતા સિદ્ધો અહીં મોક્ષે ગયા, અનશન કરી ગયા. કેટલાય તીર્થંકરો આ ગિરિ પર આવી ગયા સિદ્ધગિરિ શાશ્વતો છે. આમ ચૈત્યવંદન દ્વારા એવા પ્રકારનો ભાવ આવે. મન અરિહંતને મલવા જાણે તલસતું હોય તો અરિહંતની નિકટતા આવે. મનથી આમ ચિંતન કરીશ જેમાં જગત વિસરાઇ જશે ને વીતરાગ નજર સામે આવશે તો ભગવાન સાથેનું આંતરું ઓછું થશે.

એક અનુષ્ઠાન છે **(૨૭)** યતના-જયણા-બેસવા-ઉઠવા, બોલવામાં વ્યવહારમાં યતના રાખવાની છે, જેનાથી ઓછામાં ઓછા દોષ લાગે. દા.ત. વાસણમાં પાણી નાંખવું છે તો વાસણ પહેલા પૂંજી લેવું પછી પાણી નાંખે તો યતના થઇ. જયણાના અનુષ્ઠાનથી જીવો પરનો દયાભાવ જાગતો રહે છે. આ જીવનમાં દરેક કામ કરતા હાલતા ચાલતા જીવો પર દયાભાવ ગાજતો રહે કે બિચારો નિર્દોષ જીવ ભૂલો પડેલો-અજ્ઞાન જીવ મારી ગફલતથી મરે નહી. કોઇ જીવ રસ્તા પર ન પણ હોય તો પણ સમિતિ-પાલન, યતનાના કારણે આપણને તો કમાણી જ છે. દયાભાવ જાગતો રહે. દયાભાવ કેટલું કામ કરે ? બે શાક રસોઇમાં કર્યા છે. એક ખાય ને બીજાનો ત્યાગ કરે,

તો એકને અભયદાન મળ્યું. વારે વારે પૂંજવું- પ્રમાર્જવું... એનું એક રહસ્ય છે કે એનાથી સમ્યગ્દર્શન નિર્મલ થાય. સમ્યગ્દર્શન શી રીતે નિર્મલ થાય ? વારે વારે પૂંજવા પ્રમાર્જવાથી એમ સંભાવના થાય કે કોઇ જીવ ભૂલો તો નથી પડ્યો ને ? આ જીવની સંભાવના કરવી એટલે ભગવાનના તત્ત્વો પરની શ્રદ્ધા કરવી એ છે. ભગવાને કહ્યું છે કે, જીવોની સર્વત્ર સત્તા વ્યાપેલી છે એ સમજી લે, એથી અહીં પણ જીવ છે એવી સંભાવના માને તો જ પૂંજવાનો ભાવ થશે. આમ ભગવાનના વચન પર શ્રદ્ધા થાય એટલે સમ્યગ્દર્શન નિર્મલ થાય. અહીં જીવ ક્યાં આવી ગયો એ શંકા કરવી એટલે જિનવચન ઉપર અશ્રદ્ધા થઇ કહેવાય. જયણાથી આત્માનો ઉપયોગ વધે. આત્મા ઊંઘણશી છે. આત્મા હિતાહિતની વાત આવે ત્યાં વિચાર ન કરે અને ખાવાનું પહેરવાનું આવે ત્યાં વિચાર કરે છે, જયણા ધર્મમાં આત્માનો ઉપયોગ વધે છે. દયાભાવ-જિનવચન પર શ્રદ્ધામાં આત્માનો ઉપયોગ વધે છે.

(૨૮) પૌષધ અનુષ્ઠાનનું રહસ્ય- ૧૪-૧૪ દિવસ સુધી અવિરતિમાં રખડ્યો હવે આજે પંદરમાં દિવસે એકવાર અવિરતિનાં ભાવથી મુક્ત થવાનું મળે છે આ પૌષધ દ્વારા.

(૨૯) વ્રત-નિયમનું અનુષ્ઠાન- જરા જરામાં વ્રત નિયમનું શું રહસ્ય છે ? ૦।। કે એક મિનિટનાં નિયમમાં કરોડોની કમાણીનો ખેલ છે. વ્રત-નિયમ નથી એટલે જીવ અવિરતિમાં છે. અવિરતિમાં જીવને અઢળક કર્મબંધ થાય છે, નિયમ કલાકનો કર્યો એટલે ચારે આહારનો ત્યાગ થયો, સાથે બીજી પ્રવૃત્તિ પણ બંધ થઇ. નિયમ નહોતા કરતાં તો અવિરતિ ઊભી હતી. આ વ્રત-નિયમે અઢળક કર્મબંધ અટકાવ્યો, એની સાથે વિરતિધર્મનું મમત્વ વધારી આપે. વાત વાતમાં વ્રત-નિયમનો અભ્યાસ ન કર્યો હોય તો મહાવ્રતો અણીશુદ્ધ પાળી ન શકે.

(૩૦) વિરતિધર્મનું અનુષ્ઠાન- શું લાભ ? વિરતિધર્મ એ સંવરમાર્ગ છે. જે નિરર્થક જંગી કર્મબંધ થાય છે એને એ અટકાવે છે. સમુદ્રમાં કરોડો ટન પાણી છે, એ ક્યાં પીવું છે ? છતાં વિરતિ નથી એટલે એનું પાપ ઊભું જ છે. નિયમ કર્યો કે બે પાંચ બાલ્દીથી વધારે પાણી વાપરવું નહીં તો કરોડો ટન પાણીનુ પાપ બંધ થઇ જાય.

**જેને પચ્ચક્ખાણમાં આવવું ગમે તેને જ સંસારમાંથી નીકળવું ગમે.** ઉંમર થઇ ગઇ હોય પછી કહે ક્યાં હવે દીક્ષા લઇ શકાય એમ છે ? તો દીક્ષા ગમે છે ? દીક્ષા એ સર્વ પાપના ત્યાગનો માર્ગ છે, તો એમ કર, નાના નાના નિયમોમાં આવ. દા.ત. બજારમાં કોઇ કામમાં ભાગ નહી લેવાનો, કોઇના દીકરા દીકરી આદિ માટે લગ્નની વાત કરવાની નહીં, લગ્ન વગેરેમાં જવાનું નહીં, અવિરતિનાં દરવાજા બંધ કરવા માટે

સંવર ધર્મ છે. જગતથી નિવૃત્તિ અપાવે છે એ સંવર ધર્મનું રહસ્ય છે. સંવર એટલે ફારગતિ. બધી કિલ્લેબંધી કરી લેતા એકાસણું કરવાનું, બહાર નહી જવાનું, વગેરે..

**(૩૧)** તીર્થયાત્રાનું રહસ્ય-**तीर्थपांथरजसा विरजीभवंति**
**तीर्थेषु बंभ्रमणतो न भवे भ्रमंति**

તીર્થમાં ભ્રમણ કરું એટલે મારા ભવનાં ભ્રમણ ઓછા થાય. ભવના ભ્રમણને મિટાડનાર એવા તીર્થંકરવીતરાગને લક્ષમાં રાખીને તીર્થનું ભ્રમણ થાય છે. પૂર્વના કાળમાં પગે ચાલીને યાત્રાએ જતા, ક્યાં ચાલ્યા ? તો કહે સિદ્ધગિરિની યાત્રાએ એટલે રોજ રોજ સિદ્ધગિરિ યાદ આવે. આ ભવના ભ્રમણને અટકાવનાર, વાસનાને દૂર કરનાર છે. તીર્થની રજને માથે અડાડે. લાખો યાત્રિકો અહીં યાત્રા કરવા આવેલ એ ભાવ આવે, રજ માથે ચડાવવાની એટલે કર્મરજ દૂર થાય. તીર્થમાં જાય ત્યાં સંપત્તિનો સદ્વ્યય કરે એટલે અક્ષય સંપત્તિ મળે. દુનિયાદારીમાં વાપરેલી સંપત્તિ વેડફાઇ જાય છે. તીર્થને પૂજવાથી જિનેશ્વરદેવને પૂજવાથી પોતે જગત્પૂજ્ય બને છે આ બધા અનુષ્ઠાનના વિચાર કરતાં ભગવાનનું આંતરું ઓછું થાય છે.

**(૩૨)** બાર ભાવના– મૈત્ર્યાદિ ૪ ભાવના, જ્ઞાનાદિ ૪ ભાવના અને મહાવ્રતની ૨૫ ભાવના. આમાં મન રમતું બને તો પુદ્ગલપરિચય ઓછા થાય.

**(A) અનિત્ય ભાવના :**

ભરત મહારાજા અનિત્ય ભાવનામાં ચડ્યા, આરિસાભવનમાં દાગીનાં-મુગટ-કપડા ઉતાર્યા. શરીરની શોભા જતી રહી એટલે વિચારમાં પડ્યા કે આ શોભા મારી કે દાગીનાની ? મારાથી દાગીના શોભે છે કે દાગીનાથી હું શોભું છું ? સર્વ સંયોગ અનિત્ય છે. બાહ્ય સંયોગો જગતના અને અભ્યંતર સંયોગો છે આત્માના. આંતરિક ભાવો-રાગદ્વેષાદિના-કષાયના ભાવો અસત્મનોવૃત્તિનાં ભાવો છે. એ પણ અનિત્ય છે. એક ચીજ પર રાગ થયો, થોડી વાર પછી ગુસ્સાને બદલે અભિમાન થશે, આ બધા અભ્યંતરસંયોગો એ અનિત્ય છે. આ બધા સંયોગોની વિટંબણામાં મારે શા માટે આવવું જોઇએ ? આ પ્રમાણે અનાસક્ત ભાવમાં ચડ્યા, પરમાત્મા સાથેનું આંતરું ઘટી ગયું.

એમ **અનાથી મુનિ (B) અશરણભાવનામા** ચડ્યા. સંસાર પરથી મન ઊઠી ગયું. બિમારીમાં આ કોઇ મને શાંતિ નથી આપતું તો શું જોઇને હું આને શરણ માની બેઠો છું. કુટુંબ-વૈભવ મારું કોઇ નથી. **नालं ते ताणाए वा सरणाए वा** જેને તું તારા માને છે તે તને શરણ કે રક્ષણ આપનાર નથી એમ સમજી ઊભા થઇ ગયા.

એમ **(C) સંસારભાવનામાં સમરાદિત્ય કેવલી રાજકુમાર** હતા. એમણે

સાંભળ્યું કે બ્રાહ્મણને તેની પત્નીએ ઝેર આપ્યું. મરી જવા જેવો થઇ ગયો છે અને સંસારભાવનામાં ચડ્યા તો અવધિજ્ઞાન થયું. જોયું આને કેમ ઝેર આપ્યું ? અહો ! આ કુલટા છે, ધણીએ એનું કાળુ કામ પકડી પાડ્યું એટલે જાતને બચાવવા એને ઝેર આપ્યું છે. પછી તરત બહાર કોલાહલ થયો. સમરાદિત્યના પિતા જે સમરાદિત્યને સારી રીતે જાણે છે. પરણીને આવેલી બે પરણેતરને સમરાદિત્યે બ્રહ્મચર્ય પકડાવી દીધું હતું. તેમને કહેલું કે તમને મારા પર પ્રેમ છે ? તો પ્રેમીને નરકમાં મોકલવાનું કામ તમે કરાવો કે સ્વર્ગમાં ? સ્ત્રીઓ પાસે જવાબ આપવાની જગ્યા નહોતી, મૌન રહી, સારા કુળની હતી, કબૂલ કર્યું. સાચા પ્રેમી છીએ, તમે સંસારમાં ભટકી પડો એવું નહીં કરીએ. બ્રહ્મચર્ય સ્વીકારી લીધું. આમ સમરાદિત્યના પિતાએ કુમારનું દૈવત જાણેલું, એટલે કુમાર પાસે દોડતા આવ્યા ને કહ્યું, કુમાર આ શું ? સમરાદિત્ય કહે પહેલા જલ્દી માણસોને દોડાવીને વૈદ્યને બોલાવી લો. તો આ બ્રાહ્મણ બચી જશે, પછી બાપાએ પૂછ્યું. કુમાર આ શું થયું ? ત્યારે અવધિજ્ઞાની કુમારે બ્રાહ્મણીનો બધો ચિતાર કહ્યો.

એજ પ્રમાણે સંસારભાવનામાં વિશ્વભૂતિ-ભગવાન મહાવીરનો જીવ રાજકુમાર હતા. મોટા કાકા રાજા હતા, એમના તરફથી પ્રપંચ જોયો એટલે થયું કે આ સંસાર ? આવો છે ? જેને હું પિતા કરતા પણ અધિક માનું છું, વિનય કરું છું. એ આવો દગો કરે ? આમાં કાકાનો વાંક નથી-આખો સંસાર આવો છે અને સંસાર છોડીને ચારિત્રમાર્ગે ચડી ગયા. સંસારભાવના જીવંત રાખી તો ક્યાંય ફસામણ ન થઇ. એક હજાર વર્ષ સુધી ઘોર તપ કર્યો જેનાથી અનેક લબ્ધિ ઉત્પન્ન થઇ.

એમ (D) **એકત્વભાવના-નમિરાજર્ષિ**- બે રાજ્યના માલિક હતા. દાહજ્વરથી પીડાતા હતા, દાહને શાંત કરવા રાણીઓ ચંદનના તાજા લેપ કરતી, ચંદન ઘસતા કંકણોનો અવાજ કર્કશ લાગતો, એટલે કંકણો બધા ઉતારી એક સૌભાગ્યનું કંકણ રાખ્યું. હવે કોલાહલ બંધ થઇ. ગયો પૂછ્યું. હવે અવાજ કેમ નથી આવતો ? શું ચંદન લસોટવાનું બંધ કર્યું ? ત્યારે કહે, રાજન્ ! ચંદન તો લસોટાય છે પણ કંકણ બીજા ઉતારી નાંખ્યાં. એક જ કંકણ છે માટે અવાજ નથી આવતો. ત્યાં નમિરાજા ભાવનામાં ચડ્યા. હું પણ એક મટીને અનેક થયો છું એમાં જ સંઘર્ષ છે. હું પણ એક બની જાઉં તો આ સંઘર્ષ ન રહે. આ દાહજ્વર મટી જાય તો હું એક બની જાઉં. આમ એકત્વભાવનામાં ચડ્યા. દાહજ્વર મટી ગયો. ઊંઘ આવી ગઇ. પ્રત્યેકબુદ્ધ બનીને સવારે સંયમમાર્ગે ચાલી નીકળ્યા. ઇન્દ્ર પારખુ કરવા આવ્યો, અંતે નાસીપાસ થઇને ગુણગાન ગાયા. શું તમારો ધર્મ અને શું તમારું ધૈર્ય છે !

એમ (E) **અન્યત્વભાવના : મરુદેવામાતા** અન્યત્વભાવનામાં ચડ્યા. દીકરાનું મુખ જોવા માટે આવ્યા છે. રડી રડીને એક હજાર વર્ષ વિતાવ્યા છે, આંખે પડલ બાઝી ગયા, દીકરો સામેથી બોલાવતો નથી, હું શાની મારો ઋષભ મારો ઋષભ કરુ છું ? હું સામે આવી તો એક દેવતાને પણ લેવા મોકલતો નથી અને અન્યત્વભાવનામાં ચડ્યા. એ બોલાવતો નથી, એ એનો ગુનો નથી, મારો છે. હું મિથ્યા કલ્પનામાં મારું મારું માનું છું, આ આખો સંસાર પર છે, કોઈ કોઈનું નથી, બધા આયારામ ગયારામ જેવા છે. કાંઈ ભણેલા નહોતા છતાં અન્યત્વભાવનામાં પોતાનું અહંત્વ પણ મૂકી દીધું. અનાસક્તભાવમાં ચડી ગયા. પરમાત્મા વચ્ચેનું આંતરું ભાંગી નાખ્યું.

એમ (F) **અશુચિત્વભાવના** - આ ભાવના દ્વારા **મલ્લિકુમારીએ** પૂર્વભવના છ મિત્રરાજાને બોધ પમાડી દીધો. છએ રાજકુમારો મલ્લિકુમારીને પરણવા લશ્કર લઈને આવેલા મલ્લિકુમારીના પિતા કુંભરાજા ગભરાયા. મલ્લિકુમારી કહે, ગભરાશો નહી. છએને બગીચામાં બોલાવો, મુકામ ગોળાકાર છે. બગીચામાં છ દરવાજા-દરેક દરવાજેથી એક એક રાજકુમારને દાખલ કરો. આમાં બગીચાની મધ્યમાં જાળી રાખેલી. ત્યાં મધ્યમાં મલ્લિકુમારીએ પોતાનું પૂતળું બનાવી મૂકાવ્યું, આબેહૂબ મલ્લિકુમારી જ લાગે. છએ રાજકુમારને છ દરવાજેથી પ્રવેશ કરાવ્યો. વચ્ચે જ મલ્લિકુમારીને જોઈ ખુશ થઈ ગયા. બધા નાચવા લાગ્યા. એટલામાં ઝરુખામાંથી મલ્લિકુમારીએ ધીરેથી પૂતળાનું ઢાંકણું ઉપરથી ખોલી નાંખ્યું, એમાંથી દુર્ગંધ છૂટી તો બધાએ નાકે ડૂચો માર્યો તો ઉપરથી અવાજ આવ્યો, બોધ પામો-બોધ પામો, આમાં શું મુંઝાઓ છો ? પૂર્વનો ભવ કેમ યાદ નથી કરતા. આપણે બધા સાથે અનુત્તરમાંથી આવ્યા છીએ. આ શરીરમાં શું ભર્યું છે ? શરીરનું એક દ્વાર ખુલે તો એમાંથી ગટર જેવી ગંદકી ભરેલી છે, શરીરમાં નવ નવ દ્વાર છે એમાંથી નિરંતર દુર્ગંધ વહ્યા જ કરે છે, અનુત્તર વિમાનને યાદ કરો, આ શરીર ગંદકીનો ગાડવો છે. અનુત્તર વિમાનમાં એક વિકાર ન હતો, નિર્વિકાર દશા હતી, ત્યાં ૩૩-૩૩ સાગરોપમની સ્થિતિ નિર્વિકારદશાની ભોગવીને આવ્યા છો. ત્યાંથી અહીં આવીને શરીરના રાગનાં વિકારમાં કાં પડ્યા ? આ યાદ કરાવ્યું. છએ મિત્ર બોધ પામી ગયા. પૂછ્યું અમારે શું કરવાનું ? તમે સરમુખત્યાર છો. મારે તો ચારિત્ર લેવાનું છે. છએ કહે, પૂર્વભવમાં તમારી સાથે ચારિત્ર લીધું હતું તો અમે અહીંયાં પણ તમારી સાથે ચારિત્ર લઈશું. અશુચિત્વ ભાવનામાં આગળ વધતા છેક વીતરાગભાવ સુધી પહોંચાડ્યા.

એમ (G) **આશ્રવભાવના** - જે આશ્રવો છે એ પાપનાં આવવાનાં રસ્તા છે. આશ્રવોમાં ઈન્દ્રિય-કષાય-અવ્રત-યોગ અને ક્રિયા.

એક એક ઇન્દ્રિય પાપનો ઘસારો લઇ આવે છે. પેલો બિચારો **રૂપસેન** એક ચક્ષુરિન્દ્રિયના પાપમાં પડ્યો. રાજકુમારી સુનંદા પર મોહ્યો. એનો હજી એક ભવ છે અને આ રૂપસેનના સાત દુઃખદ ભવ થઇ ગયા, રૂપસેનના ભવમાં રાજકુમારીને મળવા ચાલ્યો ને ભીંત પડી ને મર્યો. કુમારી સાથે ચોરે ખોટું કામ કર્યું ને **એના જ ગર્ભમાં ઉત્પન્ન થયો,** રાજકુમારી એ ગર્ભને પાડી નાંખવા તીખા-તમતમતા ભયંકર એવા ઓસડીયા પીધા. આવા ઓસડીયાથી રૂંવાડા બળી રહ્યા છે, એ પીડા માંડ પૂરી કરીને ત્યાંથી મર્યો, ત્યાંથી **સાપના અવતારમાં** આવ્યો. ફરતો ફરતો રાજકુમારી જ્યાં છે ત્યાં આવ્યો, રાજકુમારીને જોઇને ભેટવા દોડ્યો તો સિપાઇઓએ અધવચ્ચે જ મારી નાંખ્યો. કર્મસત્તા કહે છે કે તું મરજે પણ તારી વાસના નહીં મરે, મરીને **કાગડો** થયો. રાજાની સંગીતપાર્ટી ચાલતી હતી. આ કાગડો ઉડતો ઉડતો ત્યાં આવ્યો, રાજકુમારીને જોઇ તાનમાં આવી ગયો ને કા....કા કરવા લાગ્યો. રાજાએ બાણ માર્યુ અને મર્યો. ઇન્દ્રિયના વિષયના સંસ્કાર પડેલા છે, **હંસ** થયો. ત્યાં પણ આ સુનંદાને રાજાની સાથે આવતી જોઇને દૂરથી નજીક આવ્યો, ઝાડ પર બેઠો. ઝાડ નીચે રાજા ને સુનંદા બેઠા છે, ત્યાં કાગડો બાજુ પર આવીને બેઠોને રાજા ઉપર ચરક્યો, રાજાએ પથ્થર માર્યો, કાગડો સાવધાન હતો ઉડી ગયો ને હંસને પત્થર વાગ્યો. હંસ સુનંદાને જુએ છે, પત્થરને નથી જોતો, વિષયોનાં રંગે પત્થરથી છુંદાઇ ગયો ને મરીને **હરણ** થયો. રાજા શિકારે ગયો છે સાથે સુનંદા છે, સંગીતથી બધા હરણીયાઓને ભેગા કર્યા, આ હરણની નજર સુનંદા પર પડી અને સુનંદાને જોવામાં મશગૂલ થયો. સંગીત પૂર્ણ થતા બધા હરણીયા ભાગી ગયા આ એક જ રહી ગયો. રાજાએ તીર ઉપાડેલું જોતો નથી અને રાજાએ સહેલાઇથી એનો શિકાર કરી નાંખ્યો. મર્યો તરફડે છે, વાસના ઊભી છે, **જંગલનો હાથી** થયો. એજ સુનંદાએ મુનિ પાસેથી બધો અધિકાર સાંભળ્યો. એક વિષયના સંસ્કારમાં જીવ કેવી પાયમાલી નોંતરે છે, એ રૂપસેનના ચિતારને સાંભળી સુનંદાએ ચારિત્ર લીધું અને જોરદાર તપ-ત્યાગ લગાવ્યા, સંયમની જોરાદાર સાધના કરે છે, સવારથી રાત સુધી સાધનામાં રત રહે છે, અવધિજ્ઞાન થયું. અવધિજ્ઞાનથી એજ રૂપસેનને વિંધ્યાચળની અટવીમાં હાથી જોયો. એને બૂઝવવા ત્યાં આવી. હાથી તોફાની હતો, મારફાડ કરે છે, ત્યાં રાજાએ ચાંપતો બંદોબસ્ત રાખ્યો છે, ત્યાં કોઇ જાય નહીં તેની તકેદારી રાખે છે અને સુનંદા સાધ્વી ત્યાં જઇ રહ્યા છે. હાથીએ દૂરથી શિકારને આવતો જોયો ને દોડ્યો, હમણા સૂંઢમાં પકડીને ઉઠાવું ને પગ નીચે રોટલો કરી નાંખુ અને જયાં નજીક આવ્યો, સુનંદાનું મો જોયું ને ઠંડોગાર થઇ ગયો. હવે ગેલમાં આવીને થન થન નાચે છે, ત્યારે સાધ્વી કહે છે કે હે રૂપસેન ! બોધ

પામ. આ શું પાગલ થયો છે, મનુષ્યપણામાં એક વિષયના આશ્રવની ઘેલછા લગાડી આ તારા સાત સાત ભવ થયા. કઈ દશાને પામ્યો ? બોધ પામ, અને હાથીને જાતિસ્મરણ થયું. પોતાના સાત ભવની સ્થિતિ જોઈને કંપી ઉઠ્યો, રાજકુમારીનું મોં બહુ સરસ એમ કરવામાં પડ્યો હતો. આ પાંચે ઈન્દ્રિયના વિષયમાં પડે તો શું થાય ? આ આશ્રવભાવનામાં એક એક વિષયમાં કોણ કોણ લપટાયું એનું ચિન્તન કરે તો પરમાત્મભાવની નજીક પહોંચાય.

(H) **સંવરભાવના**- સામાન્યથી સંવર કેવા તારણહાર છે એ વિચારવું. આશ્રવ મારનાર છે. દા.ત. ઉંધું જોઈને ચાલ્યા એ આશ્રવ. નીચે જોઈને ચાલવું તે સંવર. આ ભાવના કરવાથી આશ્રવથી મન હટે, સંવરની માયા લાગે. સંવર ભાવનાનો પ્રભાવ કેવો ? **ઋષભદેવ ભગવાને** પૂર્વના ભવમાં ચક્રવર્તીપણું છોડીને ચારિત્ર લીધું. શા માટે ? આશ્રવ છોડવા જેવાં, સંવર સેવવા જેવો, આશ્રવમાર્ગની ભરપુર આરાધના માટે સંસાર છે, સંવરમાર્ગની ભરપૂર આરાધના કરવા માટે ચારિત્ર છે. ચારિત્ર લીધું ને લઈને આ કામ કર્યું. સંવર શું કરે છે ? બાહ્યની આતુરતા છોડાવે છે. બાહ્યની આતુરતા-ડાફોળિયા-ફઝૂલ બોલવું-વિકથા-કૂથલી વગેરે કરવું. અભ્યંતરનો રસ હોય તો ધર્મકથા વગેરે થાય. સંવર પર ઝુકી પડ્યા છે, આ ચારિત્રમાં તેની અત્યંત સુલભતા થઈ ગઈ. અજ્ઞાન માણસ બોલશે કે આ કેવા મેંઢા છે, બોલતા જ નથી, બે ચાર વાર પાછા જશે પછી જિંદગીની લપ જશે. સંવર એ તારણહાર છે, સંવર એટલે મન-વચન-કાયગુપ્તિ સાચવવી. ગુપ્તિમાં આ કરવાનું છે કે મન-વચન-કાયાને ક્યાંય આડે અવળે જવા દેવાનું નહીં, કાયાથી એક તણખલું પણ તોડવાનું નહીં, કાગળમાં સળ પાડ્યા કરવાના નહીં, તાત્ત્વિક દષ્ટિએ આ બધું ભયંકર છે. વિચાર-વાણી-વર્તાવને શુભમાં જ ગોઠવવાના છે, આ કાગળમાં સળ પાડવા તે શુભપ્રવૃત્તિ નથી.

ઋષભદેવ ભગવાન પૂર્વ ભવમાં વજનાભચક્રવર્તી હતા. ચારિત્ર લીધા પછી સંવરમાં બરાબર લાગી ગયા. આવી મોટી ઉંમરે ચારિત્ર લીધું છે છતાં કાળી મહેનત કરીને ૧૪ પૂર્વી થયા. કેવી કાળી મહેનત કરી હશે ? આ પ્રતાપ સંવરનો. કેવો તારણહાર છે કે સીધો સાધનામાં જ આત્માને ઓતપ્રોત કરી દે. ઘોર તપસ્યા સાથે ૧૪ પૂર્વના પારગામી થયા. હું ભણનારો, મારે થોડું થોડું લેવું પડશે, ભણવાનું જ્ઞાનાવરણના ક્ષયોપશમથી થશે. જ્ઞાનાવરણનો ક્ષયોપશમ કરવાની તાકાત તપમાં છે, એટલા જ માટે આગમસૂત્રો ભણવા માટે જ્ઞાનીઓએ તપ કહ્યો છે. યોગોદ્વહન કરવાનું જણાવ્યું છે. આ શા માટે મૂક્યું ? તપથી તારા જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થશે, સૂત્ર અર્થને તદુભય દ્વારા કલ્યાણ થશે. વજનાભને પણ આત્મામાં લબ્ધિ ઉત્પન્ન થઈ હતી. નિરાશંસભાવે

તપ કરે તો લબ્ધિ ઉત્પન્ન થાય. નંદિષેણે વેશ્યાને ત્યાં આંખનાં પીયાથી ૧૨ાા ક્રોડ સોનૈયા વરસાવ્યા. વ્રજનાભ ચક્રીના શરીરને અડીને નીકળેલ પવન જેને સ્પર્શ થાય તેની બિમારી દૂર થાય, આ લબ્ધિ ઊભી થઇ, આ પણ સંવર છે, ૧૦ પ્રકારના યતિધર્મમાં એક તપ છે.

સંવર કેવા કલ્યાણકારી ? એ વિચારે શય્યંભવે ચારિત્ર નહોતું લીધું ત્યાં સુધી આશ્રવ હતો, પરંતુ સમજ્યા પછી સંવરમાં જ લાગી ગયા, મન વચન કાયાને ક્યાંય ફઝૂલમાં જવા ન દઉં. એ લીન થયા તો ૮ વર્ષમાં તેઓ ૧૪ પૂર્વધર થયા. જે ભણતા જઇએ તેના સંસ્કાર જમાવવાના. એ જામે ક્યારે ? ભણવાની આરાધનામાં તૂટ ન પડે. સંવરની આરાધનામાં સ્થૂલિભદ્રસ્વામી રોજની ૭-૭ વાચનાઓ લઇને ૧૪ પૂર્વધર બન્યા. એ શાથી બની શક્યું ? સંવર કેવા તારણહાર, સંવરમાં લીનતા આવી ત્યારે. પૂ.આ.પ્રેમસૂરીશ્વરજી મ. સ્વાધ્યાયના ઉપાસક. એક ફઝૂલ પ્રવૃત્તિ નહી, બોલ નહિ. જીવાભાઇ શેઠ વંદન કરવા આવ્યા, ધર્મલાભ કહીને પુસ્તક વાંચન શરૂ કરી દીધું. શ્રાવકનું મોં રાખવા જઇએ તો સ્વાધ્યાય મૂકવો પડે, માઇલો સુધી રસ્તે ચાલતા એક વાત સાહેબ ન કાઢે. પોતાને માત્રુ કરવું હોય તો ભણતાને અંતરાય નહિ કરવાનો. અંતરાય એ આશ્રવ છે, પરઠવવાનું એ સંવર છે, કેમકે તેમાંય યતના છે.

સંવરની એક એક આઇટેમ- મુદ્દો લઇએ તો તેના ઉપર જોરદાર ભાવના થાય તેવી છે. જેમકે સમિતિ. તેમાંથી એક ઇર્યાસમિતિ આપણને ય તારે બીજાને પણ તારે. દા.ત. મુનિ સૂતેલા-એમને કતલ કરવા ૪ ડાકુ આવેલ. મુનિએ પડખું ફેરવતા પ્રમાર્જના કરી, આ જોઇ ખૂન ન કર્યું, તેઓ ડઘાઇ ગયા, આવા દયાળુને કેમ મરાય ? જેણે મારવા મોકલ્યા તેની ઉપર પણ દયાવાળા જ હોય. અહો ! અહો ! એવા શબ્દો નીકળી ગયા, મહારાજ જાગી ગયા, મારવા આવનારે પોતાની ભૂલ કબુલ કરી. મુનિનો સંવર કેવો તારણહાર ? કેવા સંવરના પક્ષપાતી ? પેલાને કહે કોઇ દુષ્ટ નથી, આપણો આત્મા જ દોષિત છે. કોઇએ કહ્યું હોય તો તેની દયા ખાવાની, બિચારો કર્મથી પીડિત છે. એવી એક એક સમિતિ ગુપ્તિ આદિ કેવા તારણહાર છે.

એક એક પરિષહ કેવો તારણહાર ક્ષુધા-પિપાસા, દા.ત. બાળમુનિએ એ તૃષા સહન કરી તો દેવ બન્યા, બાપના કહેવાથી ખોબામાં પાણી પણ લીધું પણ હાથમાં પાણી લેતા વિચાર આવ્યો. અરેરે ! આના ટીપામાં અસંખ્ય જીવો છે. તે ધીમેથી પાછું મુક્યું. વાહ ! અસંખ્ય જીવોને અભયદાન આપ્યું, પછી દેવ બની ગયા, પછી દેવ એ બાળમુનિના શરીરમાં દાખલ થઇ ગયા, બાપને પ્રતિબોધ કર્યા. આ બધી વિચારધારા મનમાં ચાલે એટલે ભગવાનની નિકટ અવાય.

આપણા પદ્મવિજયજી હતા, કેન્સર થયું પછી ગળું પણ બંધ થઈ ગયુ પેટમાં નળી ઉતારી. ચૌદસના દિવસે એમની આગળ બેઠો. મને કહે, કેવા દહાડા આવ્યા છે. આજે ચૌદશે નવકારશી. જીવનમાં રોજ એકાસણા કરતા કેન્સરમાં પણ ૩૪મી ઓળી કરેલ. હૈયામાં પસ્તાવો છે, હવે એ ખેદ વિષાદ કેમ ઓછો કરવો. એટલે કહ્યું તમને ખબર છે ? સાજા સારા હોત તો નવકારશીની બદલે ઉપવાસ-એકાસણું કર્યુ હોત એ તપ છે, આપણે હવે બે આરાધવાના છે, તપ ને પરિષહ, પરિષહ એ સંવર છે અને તમે એ રોગપરિષહ સહન કરો છો એ ઓછી આરાધના છે ? બસ એની અનુમોદના કરો. કેવો ધન્ય અવતાર, ધન્ય શાસન કે આ જ રોગમાં હોસ્પીટલમાં લોકો રોદણા રૂવે છે, એની જગ્યાએ પરમશાંતિ, સમાધિ, અશુભનો ઉદય નહીં, અશુભનો નિકાલ ચાલી રહ્યો છે, સંવર ભાવના કરે, આત્માનું તેજ વધી જાય, એમ યતિધર્મની ભાવના વિચારે. ક્ષમા,નમ્રતા, સરલતા, મૃદુતા કેવી ? કેવા આત્મકલ્યાણ કરે.

**ક્ષમામાં ખંધકમુનિ- ગજસુકુમાલ** જીતી ગયા. ક્રોધમાં હારી ગયા હોત તો અનેક જન્મો થાત, ક્ષમામાં જીતી ગયા તો અનેક જન્મો જીતી ગયા. એક ક્ષમાનો, યતિધર્મનો સંવર, એવો તપનો સંવરધર્મ, બ્રહ્મચર્યનો સંવર. શું કામ કર્યું ? કોશા વેશ્યા સામે હતી છતાં સ્થૂલભદ્રસ્વામી અડગ રહ્યા. ૮-૮ દેવાંગના જેવી શ્રેષ્ઠી કન્યાઓ સામે હતી છતાં **જંબૂકુમારે** ભાવનાની મહત્તા સંસારની અસારતા સમજાવીને ઊભી કરી દીધી. આમ સંવરની ભાવના કરતો રહે તો વૈરાગ્ય વધતો જાય, વીતરાગની નજીક આવતો જાય. રાગાંધ, મોહાંધ, ક્રોધાંધ, વીતરાગથી ઘણા દૂર છે વૈરાગી, ઉપશમભાવમાં રમતા વીતરાગની ઘણા નજીક છે. એમ સંવરમાં ચારિત્ર આવે.

એમ (i) **નિર્જરાભાવના-** છ પ્રકારનો બાહ્યતપ અને છ પ્રકારનો અભ્યંતર તપ આવે. એમાં શું શું કરવાનું ? કેવી સાવધાની રાખવાની ? શું લાભ કરે ? એ નિર્જરા ભાવના લાવવાની. જમવા બેઠા, ૪ કોળિયા ઉણાં રાખીને ઊભો થયો, ઉણોદરી તપનો લાભ મળે, ભલે ઉપવાસ ન કરો તો આ લાભ રોકડો. એમ દ્રવ્યસંક્ષેપ, રસત્યાગ. નિર્જરાતત્ત્વ જ્ઞાનીઓએ કેવું બતાવ્યું ? તમારી સામે ભોગવવાના દ્રવ્ય છે, પણ આ ત્યાગ કરો ને નિર્જરા થાય. મળ્યનાં મીર, ન મળ્યાનાં ફકીર, એવા દહાડા જોવાના ન આવે માટે જે ખાય છે એનો ત્યાગ કરતો જા તો પછી વાંધો નહીં આવે. માટે **મળ્યાનાં ફકીર થાઓ આ માનવ જન્મની બક્ષિસ છે.** વ્રત-પચ્ચક્ખાણ સાથે એનો ત્યાગ કરે તો મહાન લાભ છે. જે જે વિષયોનો ત્યાગ કરો એની ચિત્તને ભયંકરતા લાગે છે ત્યારે જીવનમાં જોઈએ કે જૈનધર્મે આપણા ઉપર અપરંપાર મહેર વરસાવી છે કે, ડગલે ને પગલે આપણને કર્મનિર્જરાની તક બતાવી છે. આ જગતમાં જિનશાસનની શું

વડાઇ છે ? કોઇ જોડે વાત કરવા બેઠા, બહુ જોખીને બોલો તો આ વાણીની સંલીનતા થઇ, મન કંઇના કંઇ વિચારમાં ચડ્યું છે તો એને ઊભું રાખો, કઇ રીતે ? એને બીજુ રમકડું આપી દો. મન એ નાના બાળક જેવું છે, નાનુ બાળક રડે તો રમકડું આપો, છાનું રહી જાય. એમ આ મન ખોટા વિચારમાં ચડી ગયું છે તો એને સારા વિચારમાં ચડાવી દો, આ મનની સંલીનતા થઇ. ખોટા વિચારથી મનને રોકવું એ મનની સંલીનતા થઇ. આ સંલીનતા એ મહાન કર્મનિર્જરાનું સાધન છે. ધર્મ ખાતર થોડું કષ્ટ ઉપાડ, નિર્જરા છે. ખોટી પ્રવૃત્તિથી કાયાને રોક, એ પણ નિર્જરા છે.

**૧૦ પ્રકારે વિનય**- પાંચ પરમેષ્ઠિનો, શાસ્ત્રનો વિનય બજાવ. એક એક વિનયની બજવણી કર. કર્મની નિર્જરા થાય. એક એક સાધના-અનુષ્ઠાન સુકૃત-શુભ અધ્યવસાય એવા છે કે કર્મ-નિર્જરા કરાવે છે:

ભગવાને ૧૨ પ્રકારનો તપ બતાવ્યો છે. એક એક તપ આત્માને સહેજ વાતમાં લખલૂટ કર્મનો ક્ષય કરાવે છે. અજ્ઞાની પૂર્વ ક્રોડ વર્ષ સુધીમાં જે કર્મ ખપાવે તે જ્ઞાની અંતર્મુહૂર્તમાં ખપાવે. શાના બળ ઉપર ? જ્ઞાની એટલે સમકિતી આત્મા. મન વચન કાયાએ કરીને ગુપ્ત. એ જ્યારે ચિંતનમાં ચડે ત્યારે લખલૂટ કર્મ ખપાવે, કેમકે જ્ઞાનીને પરમાત્માનું શાસન મળ્યું છે અજ્ઞાનીને શાસન જ મળ્યું નથી, ૧૨ પ્રકારના તપમાં **સ્વાધ્યાય** એ પણ તપ છે. સ્વાધ્યાયમાં શાસ્ત્રો છે. મન એમાં રમતું રાખે તો લખલૂટ કર્મો ખપે, એવી એની તાકત પર પૂર્વ પુરુષો બે પાંચ ભવમાં કામ સાધી ગયા. જ્યારથી જૈનધર્મ મળ્યો મન ખરેખર એમાં લાગી ગયું, પછી આવી ભાવનાઓ-તત્ત્વચિંતનમાં ઘણા ઘણા કર્મો ઓછા કરી નાખ્યાં. આ ભાવનાનો કેવો મહિમા છે ત્યાગ સ્વેચ્છાએ કરવાનો છે. ઉણોદરી-રસત્યાગ-વૃત્તિસંક્ષેપ વગેરે-જમવા બેઠા, આટલા બધા દ્રવ્યોનું શું કામ છે ? બે ચાર ઓછા કરી નાંખે, આ તપ થયો. એજ પ્રમાણે **કાયોત્સગ** એ પણ તપ છે. ઊભા ઊભા કાઉસગ્ગ કરે, મન વાળીને સ્વેચ્છાએ કાયકષ્ટ ઉપાડીએ એમાં મહાન લાભ છે. એજ પ્રમાણે **સંલીનતા**-બોલવા-ચાલવામાં કરવાની, પાપનું બોલવાનું, વગર ખપનું બોલવાનું આ નથી બોલવું એ સંલીનતા થઇ. પેલો કહે તમે કેમ મૂંગા બેસી રહ્યા છો. કહે-આમાં કાંઇ બોલવા જેવું નથી, માટે બોલીએ તો ભગવાનનું જીવન આદિનું ન બોલીએ ?

વચનશક્તિની પુણ્યાઇથી એટલા ઊંચા કામ થઇ શકે એ ગુમાવીએ. આ દુરુપયોગ કરવાનો ? એમ વિચારોની હારમાળા ચાલે, તો એ સદુપયોગ. નવકાર ગણે, નંબર આપીને ગણે તો મન ક્યાંય જાય નહીં.

(J) **લોકભાવના**- માત્ર ૧૪ રાજલોક નહીં પણ એમાં રહેલા જડ-ચેતન

ભાવો-ઉપરમાં બાર દેવલોક, નવગ્રૈવેયક-પાંચ અનુત્તર એની ઉપર સિદ્ધશિલા-મધ્યલોકમાં નીચે વ્યંતર, એના ઉપર મનુષ્ય, એના ઉપર જ્યોતિષ, તિર્ચ્છાલોક-કેવા કેવા દ્વીપ સમુદ્રો ? નીચે અધોલોકમાં ભવનપતિ, નરક વિગેરેની આકૃતિ કેવી ? પછી એમાં ષડ્દ્રવ્યનો વિચાર કરે. જીવો કેટલા પ્રકારના છે એનો વિચાર આવે. આ બધો વિચાર આવે તો ખોટા વિચારો ક્યાં ટકે ? આ ભાવના કરતા કરતા સમ્યગ્દર્શન નિર્મળ થાય, કઈ રીતે ? આવો લોક સર્વજ્ઞ સિવાય કોણ બતાવે ? એટલે એના ઉપર અહોભાવ થાય. આમ ભગવાનના વચન પર અહોભાવ થાય, શ્રદ્ધા વધે એટલે સમ્યકૃત્વ નિર્મલ થાય.

(K) **બોધિદુર્લભભાવના** - વીતરાગના ધર્મની ભાવના. જગતમાં બધું મળે પણ વીતરાગનો ધર્મ મળવો મુશ્કેલ છે. વીતરાગના ધર્મમાં સમ્યક્ત્વથી માંડીને વીતરાગતા સુધીનો ધર્મ આવે, આ બોધિનો અર્થ છે, એટલા માટે 'બોહિલાભવત્તિઆએ' એ પદ કાઉસગ્ગમાં બોલીએ છીએ. બોધિલાભ એટલે માત્ર સમકિતનો લાભ નહીં પણ છેક વીતરાગતા સુધીનો લાભ. માત્ર સમકિતના લાભ માટે કાઉસગ્ગ જો આ સમજ હોય તો સમકિતનો લાભ જેને થઈ ગયો છે અને જેનું ક્ષાયિક સમકિત થઈ ગયું છે તેને તો હવે પછી સમકિત જવાનું નથી તો એ શા માટે બોહિલાભ બોલે ? એટલા માટે કે માત્ર સમકિત નહીં પણ વીતરાગતા સુધીનો ધર્મ છે, એનો લાભ મળે માટે કાઉસગ્ગ કરવાનો. બોધિ કેવી દુલર્ભ છે ? બધું મળે, આ ન મળે, માટે તો **ઉપદેશમાળામા** કહ્યું છે:

**लद्धिल्लियं च बोहिं, अकरिंतो णागयं च पत्थिंतो।**
**अन्नं दाइ बोहिं, लब्भिसि कयरेण मुल्लेण ?॥**

અર્થાત્ - મળેલી બોધિને જે આરાધતો નથી અને ભવિષ્યની બોધિની જે પ્રાર્થના કરે છે તે ભવિષ્યકાળની બોધિને કયા મૂલ્ય પર પ્રાપ્ત કરશે ? અર્થાત્ જે બોધિ પ્રાપ્તિ થઈ છે એને અમલી કરવી, એને જો સફળ ન કરીએ તો ભગવાન પાસે બોધિલાભ માંગવાનો હક નથી. પરભવમાં બોધિ મળે એટલા માટે ભગવાનની આજ્ઞા અનુસાર આરાધના જોઈએ, બોધિ માટેનું આ નાણું છે. કયા મૂલ્ય પર બોધિ મળશે ? માટે આ મળવું બહુ દુર્લભ છે. એ બોધિ મને મળી, આવી બોધિની કિંમત સમજનારા સાવધાંની રાખતા હતા કે, એવી વાતમાં ન પડું કે જેથી મારું સમકિત મેલું થાય. કેમકે સમકિત એકલી શ્રદ્ધા નથી માંગતુ પણ અનંતાનુબંધીનો, તીવ્રરાગનો ક્ષયોપશમ માંગે છે. મિથ્યાત્વ અને તીવ્ર વિષયરાગનો ત્યાગ હોય તો સમકિત સરળ થાય, આવું સમકિત ક્યાંય તણાઈ ન જાય તેની સાવધાની રાખે.

(L) **ધર્મસ્વાખ્યાતભાવના**- ધર્મભાવનામાં આ વિચારવાનું કે આ ધર્મ, જૈનશાસન ભગવાને કેવું અદ્‌ભુત બતાવ્યું છે ? એની અદ્‌ભુતતા, અલૌકિકતા વિચારવાની. ધર્મસ્વાખ્યાત એટલે વીતરાગ સર્વજ્ઞ ભગવાને આ ધર્મ કેવો સુંદર બતાવ્યો. એટલે એમના પ્રત્યે હૈયામાં ભાવ આવે કે આ કેવા મારા ઉપકારી ? એટલે કૃતજ્ઞતાભાવ આવે, અને કેવો ધર્મ ? એમ બોલતા ધર્મની અદ્‌ભુતતા, અલૌકિકતાનો ભાવ આવે. આ આવી જાય તો જગતની વસ્તુ કુછ નહી ! એમ લાગે. પેલા કમઠના લાકડામાં અર્ધ બળેલો નાગ આના પર ધરણેન્દ્ર બની ગયો. આજે પ્રધાન બનવું હોય તો પણ ડૂચો નીકળી જાય. ક્યાં આ દુનિયાનાં પદ અને ક્યાં આ ધરણેન્દ્રપણું ? શાના પર ? નવકાર સાંભળ્યો એના પર અહોભાવ થયો, કેવો અદ્‌ભુત ધર્મ ? પેલા **વલ્કલચીરી,** માટીનાં ભાંડા પૂંજતા પૂંજતા કેવળજ્ઞાન પામી ગયા. પિતા તાપસ બન્યા તેમની સાથે બાલ તાપસ બન્યા, વચ્ચે મોટોભાઇ ઉપાડી ગયો. ૧૨-૧૨વર્ષ વીતી ગયા પછી પાછા આવ્યા, પિતાએ કલ્પાંત કરીને આંખો ગુમાવી. પાછા આવી પિતાની માંફી માંગી. પિતાએ માથે હાથ મૂક્યો અને ઝૂંપડાને જોયું ચારે તરફ માટી છે, સાફ કરવા લાગ્યા, માટીના ભાંડા ઉપર પણ ધૂળ જામી ગઇ છે. આ તો મારા ભાંડા, આને હું રોજ સંભાળતો, હવે એનું પ્રમાર્જન કરતાં કરતાં પૂર્વ જન્મની સંયમજીવનની પ્રતિલેખનાની ક્રિયા યાદ આવી ગઇ. ભાવનાનો જોશ ચડ્યો અને ત્યાં જ કેવળજ્ઞાન, આ ધર્મ કેવો અદ્‌ભુત ! બિલ્કુલ નિર્મલ હૃદયે આ અનિત્યાદિની ભાવનાનું ચિંતન કરે, એના લાભના લેખા નથી.

આજ પ્રમાણે અનિત્યાદિ ૧૨ ભાવનાના ચિંતનની સાથે મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ ને કરુણા આ ૪ ભાવનાનું ચિંતન, મનન કરવાથી પણ ભગવાન સાથેનું આંતરું ભાંગે. એ ભાવનાનો પ્રભાવ એવો છે કે પુદ્‌ગલનો પરિચય ઘટાડી દે. દા.ત. (૧) **મૈત્રીભાવના** છે ગમે તે સંયોગોમાં મારે મારી મૈત્રી ભાવના મૂકવી નથી. **જામનગર**માં રહેતા **સુશ્રાવક ગુલાબચંદભાઇ** કેન્સર ડેવલોપ થઇ ગયું હતું, પાણી ઉતરતું નથી, ફેમિલી ડોક્ટરોએ આ જોયું, પોતાનાં માથે જોખમ ન આવે માટે કહે મોટા ડોક્ટરને બતાવવું પડશે. આજે શનિવાર છે એટલે સોમ-મંગળવારનો સમય આપશે, પણ અત્યારે પાણી પણ ઉતરતું નથી એનું શું ? ડોક્ટર જાણે છે મનમાં કે આ હવે રવિવાર જોવાના નથી. હવે થોડા કલાકના મહેમાન છે, અને ગુલાબભાઇ ઘરે ગયા આખા ગામમાં સમાચાર ફેલાઇ ગયા, ગુલાબભાઈને પાણી પણ ઉતરતું નથી; બધા ખબર લેવા આવવા લાગ્યા, આમને થયું અત્યારે હવે કટોકટીનો સમય છે, બધાને જવાબ આપવા બેસીશ તો મારે મારું ગુમાવવું પડશે. એટલે પોતાની માને કહે, મા !

હું અંદર રૂમમાં બેઠો છું, ભગવાનનું ધ્યાન ધરું છું, કોઇ આવે તો તું જવાબ દેજે, અને રૂમમાં બેસી ગયા, પાંચ સાત નવકાર મોટેથી બોલે ને પછી સર્વજીવોની ક્ષમાપના કરે, મૈત્રીભાવના ભાવે. સર્વ જીવો મારા મિત્ર છે, મારા કોઇ દુશ્મન-શત્રુ નથી. સર્વ જીવો સુખી થાઓ, સર્વનાં રોગ નાશ પામો, સહુ નિરોગી થાઓ. આમ નવકાર ને મૈત્રીભાવના સતત ૧-૧ાા કલાક સુધી કરતા અંદર રહેલી કેન્સરની ગાંઠ ફાટીને એકદમ ઉલટી થઇ. ૩-૩ દિવસથી ખાધું નથી ને કાળું મશ લોહીની ઉલટી થઇ, મૂર્ચ્છા આવી ગઇ. મા બહારથી અંદર આવી, થોડીવારે ભાનમાં આવ્યા, માને કહે મા, મને ઊંઘ આવે છે સૂવા દે. તારો ગુલાબ હવે મરવાનો નથી અને સૂઈ ગયા. જાગ્યા ત્યારે મા કહે ગુલાબ ! દુધ ગરમ આપું અને કહે આપ મા, દુધનો પ્યાલો ભરીને પી ગયા, પાણી નહોતું ઉતરતુ, દૂધ પીધું. મા કહે શીરો બનાવી આપું અને શીરો વાપર્યો, મજાની ઊંઘ પછી આવી ગઇ. આ મૈત્રીભાવ કરતા પુદ્ગલપરિચય ને શરીરની વેદના પણ ભૂલી ગયા. બીજે દિવસે ડોક્ટર પાસે ગયા. ડોક્ટર તો જોઇને દિંગ થઇ ગયો, મોટા ડોક્ટર પાસે લઇ ગયા, કહે આ કેન્સરના પેશન્ટ છે. મોટા ડોક્ટરે તપાસ્યું ને નાના ડોક્ટર ઉપર ગુસ્સે થઇ ગયો, What nonsense where is cancer ? કેન્સર ક્યાં છે ? આને કેન્સર ન હોય, નાનો ડોક્ટર કહે, સાહેબ બરાબર મેં તપાસ કરી છે, પછી ગુલાબભાઇને કહે તમે કાંઇ દવા-બવા કરી હતી, આ કહે ના ભાઇ. ડોક્ટર કહે Orthodox છો. દવા કરી હોય તો બીજાને પણ કામ આવે, આ કહે મેં તો માત્ર ભગવાનનું નામ લીધું છે બાકી કોઇ દવા કરી નથી. મૈત્રીભાવનાનો આ પ્રતાપ.

એમ (૨) **કરુણાભાવના,** આ કરુણાભાવના દ્વારા તીર્થંકરનામકર્મ ઉપાર્જન થાય છે. કર્મ પિશાચ જીવને રંજાડે છે. મારું ચાલે તો આ બધાને કર્મથી છોડાવું. આ કરુણાભાવનામાં કેવી તાકાત છે ? તીર્થંકરનામકર્મ બંધાવી આપે છે. વળી કરુણાભાવના ઈનામ પણ કેવું આપે છે ? તમે તો તમારું અંતર ભાંગજો પણ પરમાત્મા બનીને તમે બીજાનું પણ અંતર ભંગાવજો.

(૩) **પ્રમોદભાવના** : ગૌતમમહારાજે ૧૫૦૦ તાપસોને ચારિત્ર આપ્યું ને ૧૫૦૦ તાપસો પ્રમોદભાવમાં ચડ્યા, કેવા ગુરુ મળ્યા ? આપણે ક્યાં હતા ને ક્યાં ચડાવ્યાં ? જીવતા કૈલાસનાથનાં દર્શન કરાવશે. આમ તો ઉપવાસ કરી કરીને ૧-૨ને ૩ પગથિયા સુધી જ ચડી શક્યા ને આ હૃષ્ટ-પુષ્ટ કાયાવાળા તો સૂરજના કિરણોને પકડીને ઉપર ચડી ગયા. હવે તો નીચે આવે એટલે એમના જ પગ પકડવાનાં, ગૌતમમહારાજ નીચે આવ્યા ને એમના ચરણે ૧૫૦૦ તાપસો આવ્યા, દીક્ષા આપી, ૫૦૦ને ખીર ખાતા કેવળજ્ઞાન, ત્યાંથી ભગવાન પાસે લઇ જતા ૫૦૦ને સમવસરણ

જોતા કેવળજ્ઞાન અને ૫૦૦ને ભગવાનની વાણીનો અવાજ સાંભળતા કેવળજ્ઞાન. સમવસરણમાં આવ્યા. ને ગૌતમમહારાજ પ્રભુ પાસે અને આ ૧૫૦૦ કેવલીની પર્ષદામાં જવા લાગ્યા. ગૌતમ કહે આ બાજુ આવો, ત્યારે ભગવાન કહે ગૌતમ ! કેવલીની આશાતના ન કરો. આ પ્રમોદભાવે અનંતકાળના પડેલાં બધા સંસ્કારોને વાળી ઝુડીને સાફ કરી નાંખ્યા.

એમ (૪) **ઉપેક્ષાભાવના** - કોઈના દોષ-હલકાઇ જોવી નહીં, દોષ તો ઠેર ઠેર પડ્યા છે, રત્નની ખાણ ખોદવા જાય ત્યારે પથરા નીકળે કે રતન ? પથ્થર જ નીકળે, અને પથરા તરફ ઉપેક્ષા કરે અને જીવમાં ગુણ કરતા દોષ વધારે હોવાના તો પછી એના પર ઉપેક્ષા જ કરવાની. ઉપેક્ષાભાવમાં આગળ વધીએ તો પુદ્‌ગલપરિચય ઘટે. જગતની વહી વાંચવાની મૂકી દઈએ તો જિનની સાથે જલ્દી ભેગા થવાય. ઉપેક્ષા ભાવના એટલે ઉદાસીન ભાવ. આ ભાવમાં પૃથ્વીચંદ્ર રાજસિંહાસન પર કેવળજ્ઞાન પામ્યા. પરદ્રવ્ય ઉપરથી સ્વપણું ઉઠાવી લીધું, અને ગુણસાગર ચોરીમાં બેઠા છે, હાથમાં ૮-૮ કન્યાઓના કોમળ હાથ છે અને ઉદાસીનભાવમાં ચડ્યા એવું અંતર બનાવ્યું કે પરમાત્મભાવનું અંતર ભાંગ્યું.

આમ ભાવના પર વારંવાર દિલ ઓવારી જાય ધર્મના એક એક અંગ પર દિલ ઓવારી જાય શા માટે ? જેટલા માયાના સ્થાન છે તે બધા પરથી દિલ ઉતરી જાય. ધર્મ એ ધર્મ છે એવો એક નક્કર વૈરાગ્યનો ભાવ ઊભો થાય. ધર્મ પર અતિશય રાગ થાય તો પરમાત્માની નિકટતા થાય, આવું જો અંતર બની જાય તો ખાતરી છે કે તમારું અને મારું અંતર ભાંગશે અને પછી એના પર મંગળ વાજીંત્રોનો નાદ થશે અને એના પર જે સિદ્ધિ થશે એ એવી હશે કે આનંદરસનાં ઘનનું પૂર આવશે.

**(ઇતિ શ્રી પદ્મપ્રભજિન સ્તવન વિવેચના)**



# ઉપાધ્યાયશ્રી યશોવિજયજી સ્તવન ચોવિશીના રહસ્યો

## (૧-૧૫ સ્તવનો)

### શ્રી ઋષભજિન સ્તવન-૧

**જગજીવન જગવાલ હો, મરુદેવાનો નંદ લાલ રે,**
**મુખ દીઠે સુખ ઉપજે, દરિસને અતિ હિ આનંદ લાલ રે...૧**
**આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલ રે,**
**વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે...૨**
**લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે,**
**રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે...૩**
**ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લહી ઘડિયું અંગ લાલ રે,**
**ભાગ્ય કિહાં થકી આવીયું ? અચરિજ એહ ઉત્તંગ લાલ રે...૪**
**ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે**
**વાચક યશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ રે...૫.**

### શ્રી ઋષભજિન સ્તવન વિવેચના-૧

**જગજીવન જગવાલ હો, મરુદેવાનો નંદ લાલ રે,**
**મુખ દીઠે સુખ ઉપજે, દરિસને અતિહિ આનંદ લાલ રે...૧**

**ભાવાર્થ** :- હે જગતનાં જીવન, જગતના વહાલા, હે મરુદેવા માતાના નંદ ! તમારું મુખ જોતાં સુખ ઊપજે છે, તમારા દર્શનમાં અતિ આનંદ થાય છે.

**વિવેચન** - 'જગજીવન'-હે જગતનાં જીવન!

શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરતાં, કવિ અહીંયાં પહેલાં તો એમને **'જગતનાં જીવન'** તરીકે ઓળખાવે છે. જેમ લોકને પાણી અને હવા એ જીવન છે, લોક એનાથી જ જીવી શકે, એમ ભગવાન શ્રી અરિહંતદેવ ધર્મી-જગતનું જીવન છે, પ્રાણ છે, એમનાથી જ ધર્મી લોક જીવી શકે છે. અરિહંતના ભક્તને અરિહંત વિના એક ક્ષણ પણ નભી શકાતું નથી. મહાવીર ભગવાનને એટલા માટે ચંદનબાળા સ્તુતિ કરે છે, કે પ્રભુ !

**એક શ્વાસમાંહી સો વાર સમરું તમને રે;**

એટલો બધો આધાર ભક્તવર્ગ ભગવાનના ઉપર રાખે છે કે ભગવાન જો

પોતાના હૃદય પાસે છે, તો જ જીવવું સાર્થક માને છે. ભગવાનથી દૂર રહીને જીવવું એ ખરેખર જીવન નથી, પણ લુહારની ધમ્મણની જેમ માત્ર શ્વાસવાયુ અંદર લેવા બહાર કાઢવા રૂપ છે.

**'જગ વાલ હો' નો બે રીતે અર્થ થાય,**

(૧) 'જગતના વહાલા એટલે કે જગતનો પ્રિય પ્રભુ' અથવા

(૨) જગત જેમને વહાલું છે, એવા પ્રભુ.

પ્રભુ જગતના વહાલા-પ્રિય એટલા માટે છે કે, ભગવાન લોકોને જગતની એટલે કે ષટ્કાય જીવરાશિની દયા અને રક્ષા બતાવે છે. અરિહંત ભગવાન એ જગતની તે ઠેઠ એકેન્દ્રિય સુધીના જીવોની સૂક્ષ્મ અહિંસા બતાવે છે; એટલું જ નહીં પણ પોતાના ઉદ્ધારની કામનાવાળા ભવ્ય જીવોને એવો અનુપમ અને સચોટ ઉદ્ધારનો માર્ગ પણ બતાવે છે, એટલે એવા જગતને ભગવાન જે વહાલા છે એવું કોઈ વહાલું નથી, ભલે સંસારી સાચા પ્રિયને 'વહાલા' એવો વ્યવહાર કરવો પડતો હોય છે, છતાં એ બધું વ્યવહારથી છે, ઉપર ઉપરથી છે; પણ એમના અંતરમાં તો ભગવાન જેવું ખરેખર વહાલું-પ્રિય કોઈ નથી.

**બીજો અર્થ,** જગતને જેમણે વહાલું કર્યું છે એવા અરિહંત છે **જગ વાલહો.** એમણે જગતને એવું પ્રિય કર્યું છે કે એમના વાત્સલ્ય અને કરુણાના ક્ષેત્રમાંથી એક પણ જીવ બાદ નથી; એટલે જ દુનિયાને એમણે આ જગતની ખૂબ જ રક્ષા કરવાનો ઉપદેશ આપીને રક્ષાનો માર્ગ બતાવ્યો છે. જૈન શાસનમાં સાધ્વાચારમાં જે સમિતિ-ગુપ્તિનો જે અનુપમ આચાર છે એવો આચાર કોઈ ધર્મમાં નથી. અરિહંત ભગવાન જગતના જીવોની આવી બ્રીફ-Brief લે છે, જીવોની આવી વકીલાત કરે છે એટલા જ માટે જાણે કુદરત સમજે છે કે જગતના જીવો મારા બાળ છે, અને આ ભગવાનનો જીવ એમનો મોટોભાઈ છે એથી મોટોભાઈ નાનાભાઈની રક્ષા સંભાળ કરે. એથી કુદરત એના ઉપર જાણે તુષ્ટમાન થઈને અષ્ટપ્રાતિહાર્યથી એમનાં સન્માન કરે છે ! અરે ! એટલું જ નહીં પણ ભગવાન ગર્ભમાં અવતરે ત્યારે બીજા બાળકોની જેમ એમને કે એમની માતાને પીડા નથી હોતી ! માતાનું પેટ પણ ઊંચું થતું નથી ! ઉપરાંત ભગવાનના દિલમાં જગત પ્રત્યેનું વાત્સલ્ય ઊભરાયું, તેથી જેમ માતાને પેટમાં બાળક પ્રત્યે વાત્સલ્ય ઉભરાવાથી માતાના સ્તનમાં દૂધ તૈયાર થાય છે, એમ ભગવાનના શરીરમાં લોહી પણ દૂધ જેવું શુભ્ર અને સ્વચ્છ બની જાય છે !

આ ઉપરથી સમજાય એવું છે કે જગતના બીજા કોઈ દેવને નહીં, અને અરિહંતને જ કેમ અષ્ટપ્રાતિહાર્યની શોભા ? ને સન્માન ? અને એમનું લોહી કેમ દૂધ જેવું સફેદ ? આનો જવાબ સ્પષ્ટ છે કે ભગવાને જગતને વહાલું કર્યું છે માટે.

તેથી અહીં કહ્યું, કે "જગ વહાલ હો."

જગતને સાચી અહિંસાનો પૈગામ દેનાર અરિહંત છે. ભક્ષ્યાભક્ષ્યનો સાચો સૂક્ષ્મ વિવેક બતાવનાર અરિહંત છે; કેમકે અરિહંત સર્વજ્ઞ હોઇ એમણે જ વિશ્વના જીવમાત્રની સાચી ઓળખ કરાવી છે. બીજાઓ પાસે એવું અનંત જ્ઞાન નથી, એટલે મૂળમાં પોતે જ એવા સૂક્ષ્મ જીવોને જોઇ જાણી શકતા નથી પછી બીજાને ક્યાંથી એ જીવોની ઓળખ કરાવી શકે ? જો ઓળખ જ નહીં, તો એમની અહિંસા પણ શી બતાવી શકે ? 'જીવની રક્ષા' પણ માત્ર 'જીવને મારો નહીં' એટલે બસ નથી, કિંતુ નહિ મારવાની નવકોટિની પ્રતિજ્ઞા જોઇએ. અર્થાત્ સર્વવિરતિની એવી પ્રતિજ્ઞા અને એનું મહત્ત્વ બતાવનાર અરિહંત છે. ભવ્ય જીવો આ પ્રતિજ્ઞા કરીને જગતમાં ડીમડીમ વગાડીને કેમ જાણે કહે છે કે "મારા પ્યારા જીવો ! તમે હવે મારાથી સર્વથા નિર્ભય રહો; હું ક્યારે પણ આ જીવનમાં તમને મારવાનો નહિ." જૈન ધર્મનું વિશ્વને આ સંપૂર્ણ જીવવિજ્ઞાન, એ સર્વજીવ-અહિંસા, અને એ માટેનો વિરતિમાર્ગ, એ વિશિષ્ટ બક્ષીસ છે.

અમે કલકત્તા જતા **બનારસ** ગયા. ત્યાં પૂર્વે અમને ન્યાયશાસ્ત્ર ભણાવનાર પંડિતજી જે વર્તમાનમાં Ph. D. ની Degree આપનાર ખાતાના Directore હતા. તેમના કહેવાથી યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલરની વિનંતીથી ભાષણ આપવા જવું પડ્યું. વિષય હતો :- **'વિશ્વને જૈન ધર્મની વિશિષ્ટ બક્ષીસ'** ત્યાં આ જીવવિજ્ઞાન-અહિંસા-વિરતિમાર્ગ વગેરે બધું બતાવ્યું, ઉપરાંત અનેકાંતવાદના સિદ્ધાન્ત, નયવાદ, વિશિષ્ટ ઉત્સર્ગ-અપવાદ તથા પ્રાયશ્ચિત્તના વિસ્તૃત શાસ્ત્રો વગેરે જૈનધર્મની વિશિષ્ટ બક્ષીસો બતાવી. એ પછી બંગાળી વાઇસ ચાન્સેલર ઊભા થઇને બોલ્યા : મહારાજે જે આ વિરતિ માર્ગની વાત કરી કે પાપ ન કરો ત્યાં સુધી પણ જો પાપ ત્યાગની પ્રતિજ્ઞા નથી લીધી તો તમે કર્મથી બંધાયેલા છો. કેમકે પ્રતિજ્ઞા નહી કરવાનું કારણ તમારા મનમાં ભવિષ્ય માટે જરૂર પડે તો હું પાપ કરું એવી અપેક્ષા છે.

**પાપનું આચરણ એ જેમ પાપ છે, તેમ પાપની અપેક્ષા એ પણ પાપ છે.**

મહારાજે આ બહુ માર્કાની વાત કરી. મારો જ દાખલો કહું. મને ટાયફોઇડ તાવ આવેલો, ડોક્ટરે ગોળીઓ આપી, તે મેં લઇ લીધી. પછીથી વિચાર આવ્યો કે આમાં અભક્ષ્ય તો નહિ હોય ? આમ બનવાનું કારણ કે મારે અભક્ષ્યત્યાગની પ્રતિજ્ઞા ન હતી. નહિતર પહેલાં જ પૂછત કે, આમાં કોઇ અભક્ષ્ય તો નથી ? પ્રતિજ્ઞાનો આ મહિમા છે કે મન પર પાપ-ત્યાગનો સતત ભાર રખાવે છે. અસ્તુ.

ભગવાન 'જગવાલ હો.' આ રીતે જગતને વહાલું કરનારા એવા મરુદેવી માતાના લાલા છો, દુલારા છો.

**મુખ દીઠે સુખ ઊપજે :**

ભગવાનનું મુખ જોતાં અંતર આત્માને અનુપમ સુખ ઊપજે છે. કારણ કે તેમના મુખ ઉપર વીતરાગતા યાને ઉપશાંત રસ છવાઇ ગયો છે, જે વિશેષરૂપે એમના ચક્ષુમાં દેખાય છે. વીતરાગના ચક્ષુમાં કીકી મધ્ય ભાગમાં એટલા જ માટે રહી છે, કે ચક્ષુની બાઉન્ડરી પર કેમ જાણે કામ-ક્રોધ-માન-લોભ-દીનતા વગેરેની ફોજ પથરાઇ ગયેલી છે ! એ કીકીને પોતાના તરફ ખેંચવા પ્રયત્ન કરે છે. વ્યવહારમાં દેખાય છે ક્રોધના લીધે કીકી ઉપર ખેંચાય છે, લોભ દીનતાના લીધે નીચેના ભાગમાં ખેંચાય છે, પણ અહીં તો પ્રભુ એ મોહને જીતીને અડીખમ થઇ બેઠા છે, એટલે કીકીને, ક્યાંય ખેંચાવા ન દેતાં મધ્યસ્થ રાખે છે. આવું વીતરાગનું મુખ જોતાં **હરિભદ્ર પુરોહિતને** એટલું બધું સુખ લાગ્યું, હર્ષ થયો, કે એ પોકારી ઊઠ્યા : **'પ્રભુ ! તમારી મૂર્તિ જ કહી રહી છે કે તમે વીતરાગ છો.'**

**मूर्तिरेव तवाचष्टे स्पष्टं वीतरागताम् ।**

જો આ શ્રદ્ધાથી અરિહંતની મુખમુદ્રા જોઇએ, તો આનંદનો પાર ન રહે. આપણી શુદ્ધ ચેતના પ્રગટ થતી દેખાય અને એમાં પ્રભુનો પ્રભાવ એટલો બધો આપણા મન ઉપર છવાઇ જાય, કે 'બધું જ સારું થતું અરિહંતના પ્રભાવે જ થતું લાગે'. આવી કોઇ અરિહંતના પ્રભાવ ઉપરની ઉછળતી શ્રદ્ધાથી **માનતુંગસૂરિજી મહારાજે ભક્તામરના** કાવ્ય રચ્યા, અને એક એક કાવ્યે અરિહંતના પ્રભાવે એમની બેડી તૂટતી આવી !

**અરિહંતના અચિંત્ય પ્રભાવ પર કુમારપાળની શ્રદ્ધા :**

જ્યારે **રાજા કુમારપાળે**, બનેવી અર્ણોરાજ કે જેણે પોતાની રાણી (અને કુમારપાળની બેન) સાથે ચોપાટ રમતાં "માર મુંડીયાને" એ શબ્દોમાં સાધુની મશ્કરી કરતાં રાણીએ એને રોકવા દમ માર્યો હતો, એમાં એના ઉપર કુમારપાળે એના પર ચડાઇ કરી. પરંતુ તે પૂર્વે અર્ણોરાજે કુમારપાળના સૈન્યને ફોડી નાખ્યું હતું, એટલે પ્રભાતે કુમારપાળે સૈન્યને 'શસ્ત્ર ઉઠાવો, દુશ્મનને મારો,' એવો આદેશ કરવા છતાં સૈન્ય નિષ્ક્રિય ઊભું રહ્યું ! ત્યારે એમ લાગે છે કે અરિહંત પ્રભુના પરમ ભક્ત કુમારપાળે અરિહંતના અચિંત્ય પ્રભાવને યાદ કરી પોતાનો હાથી અર્ણોરાજના હાથી ઉપર એકાએક જ કુદાવ્યો ! એની અંબાડીમાં કૂદી પડ્યા અને ગળચીમાંથી પકડી તલવાર દેખાડી દીધી, અર્ણોરાજ ગરીબડો થઇને જીવતદાનની ભિક્ષા માંગે છે. 'શું આવા સંયોગમાં અરિહંતનો પ્રભાવ આવું કામ કરે ?' આવી શંકા કરવાને બદલે સમજવું જોઇએ કે, અરિહંતનો પ્રભાવ જ્ઞાનીઓ અચિંત્ય હોવાનું કહે છે. એનો અનુભવ કરી જુઓ. પૂર્વ કાળે કેઈ ભક્તોએ અચિંત્ય

પ્રભાવ ઉપર અનન્ય શ્રદ્ધા કરીને એનાં ફળ મેળવ્યા છે.

**'મુખ દીઠે સુખ ઊપજે' :**

અરિહંતનું મુખ જોતાં એવું સુખ ઊપજે છે કે, બધું દુઃખ વીસરાઇ જાય છે. જંગલમાં લુંટારાઓ ઘેરી વળ્યા હોય, ત્યાં તરત, આવી પહોંચેલી મીલીટરીના મુખ જોતાં કેવું પારાવાર સુખ ઊપજે છે ! અત્યંત ગરીબી ભોગવતા માણસને કોઇ એવા દાનવીર ઉદાર મહાશ્રીમંતનું મુખ જોતાં કેવો આનંદ થાય ? ત્યાં ભવિષ્ય માટે પોતાની ગરીબીનું દુઃખ વિસરાઇ જાય. મહારોગિષ્ઠ માણસને ધન્વંતરી વૈદનું મુખ જોતાં સુખ ઊપજે છે. સમજે છે હવે આની દવાથી મારો રોગ ગયો, સમજો ! એમ અરિહંતથી આપણો મોહરોગ-કર્મરોગ જશે એ વિશ્વાસે એમનું મુખ જોતાં સુખ ઊપજે.

**પ્રશ્ન-** અરિહંત કશું કરતા તો છે નહીં, તો એમના પ્રભાવે શી રીતે આપણો મોહરોગ જાય ? કર્મરોગ જાય ?

**ઉત્તર-** હીરાની હાજરી માત્રથી શત્રુ આઘા રહેવાનું કાર્ય થાય છે.

**એમ અરિહંતની આપણા દિલમાં હાજરી માત્રથી મોહ અને કર્મ આઘા ટળી ન ધારેલી સિદ્ધિઓ ઊભી થાય છે, એ હકીકત છે.**

પછી ભલે એ પેલા હીરાની જેમ પોતે બાહ્ય ક્રિયા રૂપે કાંઇ જ ન કરતા હોય. છતાં એમના પ્રભાવે જ સિદ્ધિ થઇ એ સત્ય વ્યવહાર છે.

**હીરાનો પ્રભાવ અને ધનાજી :**

ધનાજી દેશાટન કરતાં એક રાજ્યસભામાં પહોંચ્યા. ત્યાં રાજાએ ખજાનામાંથી એક જુનો હીરો કઢાવીને ઝવેરીઓને બતાવ્યો. રાજા એમને પૂછતા હતા કે, 'આ હીરાનો શું પ્રભાવ છે ?' ઝવેરીઓએ કહ્યું : 'તમને આબાદી રહે, તમારો વંશ પરિવાર વધે... વગેરે વગેરે...' કીધું. પણ રાજાને સંતોષ થયો નહીં. પછી ધનાજીએ રજા માંગી હીરાનો પ્રભાવ બતાવવા ચોખાનો થાળ મંગાવ્યો. વચમાં હીરો મુકાવ્યો, અને બહાર ખુલ્લા મેદાનમાં થાળ મુકાવ્યો. ચોખા દેખી આકાશમાંથી પંખેરા ઊતરી પડ્યા, પણ કોઇ થાળની પાસે જઇ શકતા નથી ! એટલે ઉપર અદ્ધર આકાશમાં જ થાળને આંટા માર્યા કરે છે. ધનાજી રાજાને કહે : 'જુઓ સાહેબ ! આ હીરાનો પ્રભાવ દેખાયો ? હવે વિશેષ ખાતરી કરવા હીરો મંગાવી લો.' જ્યાં હીરો મંગાવી લીધો એટલે પંખીડા થાળ પર તૂટી પડ્યા ! થોડીવારમાં ચોખા ચણી જઇ થાળને સફાચટ સાફ કરી નાખ્યો. સભામાં આવી ધનાજી રાજાને કહે છે; 'સાહેબ ! આ હીરાનો પ્રભાવ છે કે જ્યાં સુધી તમારી પાસે એ છે ત્યાં સુધી, દુશ્મનો કદાચ સીમાડાને આંટા માર્યા કરે, પણ એમની મજાલ નથી કે તમારા સીમાડામાં પ્રવેશ કરી શકે. હજી પણ જો વિશ્વાસ ન બેસતો હોય, તો પંદર દહાડા

મહિના માટે મને આ હીરો સોંપી દો.' રાજા હસી પડ્યો, કહે છે, 'ના રે ભાઈ ! ઝેરના પારખા કરવાનાં ના હોય.' અહીં હીરાએ કશી ક્રિયા કરી નથી, છતાં ફક્ત એની હાજરી માત્રથી ચોખાની રક્ષા થઈ.

**હીરાની હાજરી માત્રથી રાજ્યની રક્ષા થઈ રહી છે એ હીરાના પ્રભાવે, એમ સાબિત થાય છે; બસ આ જ પ્રમાણે અરિહંતની આપણા દિલમાં ઊછળતી શ્રદ્ધા સાથેની હાજરી પ્રભાવક બને છે; અચિંત્ય સિદ્ધિ ઊભી કરે છે.**

કેમ અરિહંતનો અચિંત્ય પ્રભાવ જ કામ કરી રહ્યો છે ?

દુઃખ કર્મજનિત છે. અરિહંતે પોતાના દુઃખદાયી કર્મને ઉડાવી દીધા છે. તેથી જ અરિહંતનો પ્રભાવ કર્મ-ઉડ્ડાવક છે. એટલે અરિહંતનું મુખ દીઠે દુઃખ જાય અને સુખ આવે, એમાં નવાઈ નહિ.

**પ્રશ્ન :** તો એ તો અરિહંતના મુખનો પ્રભાવ થયો, અરિહંતનો પ્રભાવ ક્યાં આવ્યો ?

**ઉત્તર :** મુખ એ શરીરના મુખ્ય સ્થાને છે. મુખ્યનું નામ દીધું એટલે એના અવાંતરમાં આખું શરીર આવી ગયું. એટલે કહેવાય - જેમ અરિહંતનું મુખ દેખ્યું અર્થાત્ અરિહંતને દેખ્યા; ત્યારે સુખ ઊપજે છે. અરિહંતને દેખ્યા એટલે એવી રીતે દેખ્યા, કે અરિહંતની તુલનામાં બીજા બધાને તુચ્છ ગણીને દેખ્યા. અરિહંતના એક માત્ર શરણ-સમર્પણ યોગ્ય માનીને દેખ્યા.

**સીતાને મન જેમ એક રામ, એમ અરિહંતના ભક્તને મન એક અરિહંત.**

એવી શ્રદ્ધાથી અરિહંતને દેખ્યા. 'દેખ્યા' એટલે કે તું જ તારણહાર, તું જ રક્ષણહાર, તું જ સદ્‌ગતિ દાતાર, તું જ મોક્ષ દાતાર. મતલબ 'બધી વાતે તુંહીં તુંહી તુંહીં તુંહીં' બીજો કોઈ નહિ, એમ કરીને દેખ્યા, મનમાં લાવ્યા. આનો પ્રભાવ કેવો જબરદસ્ત છે એનો એક દાખલો જુઓ.

**નવકાર-પ્રભાવનો દાખલો :**

કલકત્તામાં પહેલી પાકિસ્તાની થઈ ત્યારે, જૈનોના એક માળાની સામેના માળામાં પાકિસ્તાની ગુંડાઓએ ખૂનરેજી ચલાવી. પછી હવે આ જૈનોના માળા ઉપર ત્રાટક્યા. એ પહેલેથી જૈનો મુંઝાઈ ગયેલા કે 'હવે શું થશે !' માળામાં બુઝર્ગ **છત્રાસાવાળા લીલાધરભાઈ**ને બધા પૂછે : કાકા ! હવે કેમ બચવાનું ? આપણી નજર સામે સામા માળામાં કરપીણ ખૂનરેજી જોઈ છે. તો અમે ઉપરથી ગુંડાઓ ઉપર એસીડ (Acid)ની બોટલો નાખીએ ?

પાછળથી લીલાધરભાઈ મને પોતાનો આ પ્રત્યક્ષ અનુભવ કહી રહ્યા હતા કે,- મેં જુવાનિયાઓને કહ્યું : તમારી પાસે Acid કેટલો ? નીચે ૫૦૦ માણસનું ટોળું છે. તમે Central Hall માં બધા ભેગા થઈ જાવ. નવકાર મંત્ર ગણો, અરિહંતને પ્રાર્થના કરો, અરિહંતદાદા અમારે તમારું શરણ છે. તમે જ અમને બચાવશો, નવકારની ધૂન જગાવો. એ પ્રમાણે બધા બેસીને ધૂન જગાવી. હું બધાની વચમાં શ્રી શંખેશ્વર ભગવાનનો છંદ ભણતો આંટા મારી રહ્યો હતો.

**આમાં અરિહંતનો અચિંત્ય પ્રભાવ કેવુંક ગેબી કામ કરી રહ્યો !** કે સામેના માળામાં લોખંડી દરવાજા ગુંડાઓએ ઘણના ઘાથી તોડી નાખેલા, પણ અમારા માળાના લાકડાના કમાડ તોડી શક્યા નહીં ! કારણ કે હવે તો કમાડની પાછળ નવકારની જબરદસ્ત લોખંડી દીવાલ કામ કરી રહી હતી. ગુંડાઓનું ન ચાલ્યું એટલે પેટ્રોલના કાકડા લઈ આવ્યા, બારણા ઉપર છાંટ્યા, અને દિવાસળી લગાવી, પણ બારણા સળગ્યા નહીં ! કારણ કે ઉપરથી નવકારની ધૂનનો એટલે કે અરિહંતના પ્રભાવનો ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો ! તો ય ગુંડાઓ ખસ્યા નહીં ! અમને ભય હતો, પણ એટલામાં બે મોટી મીલીટરી સિપાઈઓથી ભરેલી લોરી ભોં ભોં કરતી આવી ગઈ ! ત્યાં ગુંડાઓ જાય ભાગ્યા ! આ ગુંડા ભાગી ગયા એ અરિહંતના અને નવકારના અચિંત્ય પ્રભાવે. અમે બચી ગયા.

**ત્રિશલાને પ્રભુ મુખ દીઠે સુખ કેવું ?**

'મુખ દીઠે સુખ ઊપજે' એ સુખ કેવું એનો પરચો ત્રિશલા-માતાના વચનમાં જોવા મળે છે. વર્ધમાન કુમારને લગ્નનું મનાવવા સિદ્ધાર્થ રાજાએ મોકલ્યા. કુમારના આવાસમાં પહોંચતાં, વર્ધમાન ઝટ ઊભા થઈ ગયા. માતાના પગમાં પડ્યા, માતાને સિંહાસન પર બેસાડ્યા, ને સામે હાથ જોડીને ઊભા રહી માતાને કહે છે :

'મા ! આ શું કર્યું ? તમારે અહીં સુધી આવવાનું હોય ? નોકરને મોકલવો હતો, મને તમારી પાસે બોલાવી લેવો હતો.'

મા કહે છે : 'ભાઈ ! એક અગત્યના કામ માટે તારી પાસે આવી છું, છતાં ય કામ ન હોય તો પણ, તારી પાસે કેમ ન આવું ? કેમકે તારાં દર્શન વારંવાર કરવાનું મન થાય છે ! કારણ, તારા મુખદર્શનથી અમારી આંખો ધરાતી જ નથી !'

**અમીય ભરી મૂર્તિ રચી રે, ઓપમ (ઉપમા) ન ઘટે કોઈ;**
**શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય,**
**વિમલજિન ! દીઠા લોયણ આજ.**

એવા વણધરાયેલા અમે વારેવારે તારું મુખ જોવા દોડ્યા આવીએ એમાં નવાઇ શું ?

**વીતરાગનું મુખદર્શન થતાં સુખ ઉપજે એમાં નવાઇ નથી, કેમકે એ વીતરાગ મુદ્રામાં મુખની પાછળ ઉત્કૃષ્ટ સાધનાની અનુપમ અથાગ જહેમત છે.**

દા.ત. **ઋષભદેવ** ભગવાનની મૂર્તિના દર્શન થયાં, તો ત્યાં એમ દેખાય કે, 'આ મારા ભગવાને ચારિત્ર લીધું, તો ધર્મથી બિલકુલ અજાણ, સુપાત્ર દાનથી બિલકુલ અજાણ, સાધુથી બિલકુલ અજાણ ભોળી પ્રજા મારા ચારિત્ર લીધા પછી મને ગોચરી શી રીતે વહોરાવશે ?' એની ચિંતા ન કરી; અને દીક્ષા પછી લગભગ ૪૦૦-૪૦૦ દિવસ સુધી રોજ ને રોજ ગોચરી માટે ભમ્યા. કિન્તુ અન્નનો એક દાણો કે પાણીનું એક ટીંપુ પણ પામ્યા નહીં ! ભોળા જુગલિયા જાણે આવું જ કાંક સમજતા હશે કે 'ભગવાનના ભોજન-પાણીની સગવડ તો ભરત મહારાજા સંભાળી લેતા હશે ! એટલે ઘરે આવેલા ભગવાનને અન્નપાણી શાના ધરે ? એ તો **શ્રેયાંસને** જાતિસ્મરણ જ્ઞાન થયું, સાધુધર્મ યાદ આવ્યો, ને ભગવાનને ઈક્ષુ રસ વહોરાવ્યો. અને લોકોને સમજણ આપી કે ભગવાન આવી નિર્દોષ ચર્યાવાળા સાધુ છે, અને એમને આવી ગોચરી ખપે. ત્યાર પછી લોકોને ખ્યાલ આવવાથી ભગવાનને ગોચરી મળવા લાગી.

ભગવાને છદ્મસ્થ કાળમાં ૧૦૦૦ વર્ષ વિતાવ્યા, તે કેવી રીતે ? ક્યાં તો વિહાર, કાં ગોચરી-ભ્રમણ, અથવા સતત ખડે પગે કાયોત્સર્ગ-ધ્યાન ! ૧૦૦૦ વર્ષમાં એકવાર પણ દિવસે કે રાત્રે જમીન ઉપર પલાંઠી વાળીને બેઠા નહીં ! પછી સૂવાની વાત જ ક્યાં છે ? એ ૧૦૦૦ વર્ષના કાળમાં કોઇની સાથે એક શબ્દનો પણ વાત વીસામો નહિ ! તેમજ મનમાં પણ આજ એકાકીપણું ! વળી મનમાં ઠંડી વધારે પડી... ગરમી શરૂ થઈ. એવો કશો જ વિચાર-વિકલ્પ પણ નહિ ! અને સળંગ હજારે વર્ષ તત્ત્વજ્ઞાનમાં રમણતા રાખી ! પછી કેવળજ્ઞાન થયું.

ઋષભદેવ ભગવાનની મુખમુદ્રા જોતાં જો આ બધી સાધના દેખાય, તો એ ભગવાનનું મુખ જોતાં સુખ પારાવાર ઊપજે, એમાં નવાઇ નહિ.

**દેવપાલ** એ શ્રાવક શેઠના ઢોરા ચારનારો રજપુત નોકર; જંગલમાં એકવાર એ તૂટેલી ભેખડમાં દટાઇ રહેલી ઋષભદેવ ભગવાનની પ્રતિમા પામ્યો ! નાહી-ધોઇ પ્રભુને નીચે ઉતારી, નીચે માટીનું દેવળિયું બનાવી પ્રભુને એમાં સ્થાપિત કર્યા. હવે પ્રભુની સામે ઊભો રહી પ્રભુના મુખારવિંદ જોતો જોતો એટલો બધો હરખઘેલો થઇ ગયો કે થન થન નાચે છે ! અને આંખમાં ચોધાર આંસુ સાથે પ્રભુને કહે છે, 'ભગવાન્ મારા જેવા અપાત્ર અભાગીને તું મળ્યો ? હવે મારા ભાગ્યની

અવધિ નથી; અને આજથી સંકલ્પ કરું છું, કે **'રોજના માટે જ્યાંસુધી તારું દર્શન-પૂજન ન થાય ત્યાંસુધી, મોંમાં પાણીનું ટીપું પણ ન નાખું.'** પછી તો એકવાર સાત દિવસની વરસાદની હેલીમાં એ પ્રભુદર્શને જંગલમાં જઇ ન શક્યો; હેલી બંધ થતાં સાત સાત દિવસના ચોવિહારા ઉપવાસ બાદ જંગલમાં દોડતો જઈને પ્રભુ આગળ રોતી સુરતે ક્ષમા માગે છે, 'હે નાથ ! તમારા દર્શન વિના હાય ! મારા દિવસો વાંઝિયા ગયા ! ૭-૭ દિવસ મેં તમારી ખબર લીધી નહિ ? પ્રભુ ! હવે પછી મને આવી સજા ન કરતા કે 'જા તને દર્શન-ભક્તિ નહીં મળે.' તમે કહેશો તો એમ ને એમ મહિનાના ઉપવાસ કરી આપીશ, પરંતુ તમારી રોજિંદી ભક્તિ અને દર્શન આનંદભેર કરતો રહું એવી દયા રાખજો' દેવપાલને દર્શને અતિ આનંદ આ હતો.

**આ 'દર્શને અતિ આનંદ'નો એક અર્થ કર્યો કે દેવપાલાદિની જેમ પ્રભુના પ્રત્યક્ષ-દર્શનમાં અતિ આનંદ થાય છે.**

**હવે બીજો અર્થ એવો છે કે, 'દર્શન' એટલે સમ્યગ્દર્શન, પ્રભુના ઘરના સમ્યગ્દર્શનમાં અત્યંત આનંદ થાય છે; કેમકે** એ સમ્યગ્દર્શન જે જિનવચન જગતના સત્ય તત્ત્વોનો ખરેખર પ્રકાશ આપે છે; તેમજ ખરેખરો મોક્ષમાર્ગ બતાડે છે. એના પર અનુપમ શ્રદ્ધા થવાથી એ સમ્યગ્દર્શનમાં જીવને પારાવાર આનંદ હોય, તેમાં નવાઇ નથી. કારણ કે સંસારમાં અનંત જન્મ-મરણના ભયંકર દુઃખ નાલેશી અને વિટંબણાથી ત્રાસેલો જીવ એમાંથી છુટકારાનો સાચો માર્ગ મળતો હોય તો એના ઉપર અનુપમ શ્રદ્ધા થાય. એ પામી અનહદ આનંદ થાય, એ સહજ છે. દા.ત.

**સમ્યગ્દર્શન એ ભવચારક-પલાયન કાળઘંટા :-**

જેલમાં પડેલા વર્ષોના કેદીઓને પર-રાજ્યવાળા આવીને ઘંટ બજાવી જાહેર કરે કે 'જુઓ, હવે આ કેદખાનામાંથી તમારે અમુક સમયે પલાયન થઇ જવાનું છે, એનો આ ઘંટ વાગ્યો છે,' તો જો કે હજી કેદીઓ જેલમાંથી છૂટ્યા નથી છતાં નિશ્ચિત થઇ ગયું કે હવે પલાયનકાળનો ઘંટ વાગ્યો, એમ સમ્યગ્દર્શનમાં ગર્ભિત **ભવ-વૈરાગ્ય** એ ભવચારકપલાયન કાળઘંટ વાગ્યો સમાન છે. જાણે જ્ઞાનીઓ નિશ્ચિત આશ્વાસન આપે છે કે તમને તીવ્ર ભવવૈરાગ્ય થયો ? અર્થાત્ સંસાર અને સંસારના વિષયો પ્રત્યે ભારે નફરત અને અભાવ થયો ? તો તે તમારા માટે ભવચારકમાંથી યાને સંસારના કેદખાનામાંથી છૂટકારો પામવાના કાળ (સમય)નો ઘંટ વાગ્યો. હવે તમને ભવની કેદ બહુ કાળ જકડી રાખે નહિ.

પ્રભુનું સમ્યગ્દર્શન પામવા પર જો આ આશ્વાસન મળતું હોય કે 'અનંત અનંત કાળ પછી હવે ભયંકર દુઃખમય વિટંબણાઓનો કાયમી અંત આવવાનો નજીકમાં છે' તો એના પર કેદીને પરમ આનંદ કેમ ન થાય ? જરૂર થાય, એટલા

માટે અહીં કહ્યું કે 'હે ઋષભદેવ ભગવંત ! હે માતા મરુદેવાના નંદ ! (તમારા) 'દર્શને અતિ હિ આનંદ થાય રે...'

આ આનંદનો જગતમાં જોટો નથી. એટલે જ શાસ્ત્ર કહે છે : જીવને જ્યારે પ્રથમ સમ્યગ્-દર્શન થાય છે, ત્યારે આખા સંસારકાળમાં કદી નહિ અનુભવેલ એવો અપૂર્વ આનંદ થાય છે.

**દર્શનમાં શમસંવેગાદિની દૃષ્ટિએ અતિ આનંદ :-**

અથવા **દર્શને બીજી રીતે આનંદ** એટલે સમ્યગ્દર્શનમાં શમ, સંવેગ, વગેરે પાંચ લક્ષણ આવે. એનો આનંદ જબરદસ્ત હોય છે. જેમકે -

**(૧) શમમાં આનંદ :**

**મહાવીર ભગવાનના કાનમાં** ગોવાળિયો ખીલો ઠોકવા આવ્યો, અને ભગવાન એવા શમ-ઉપશમ ભાવમાં હતા કે એના આનંદમાં ભગવાનને થયું કે 'મારું માથું બીજી બાજુ ઝાલી રાખનાર કોઈ છે નહિ; તો ગોવાળિયો બિચારો કાનમાં ખીલો ઠોકી ન શકે, એટલા માટે હું એને એમાં સહાયતા કરું.' અને પોતાનું માથું એટલું સજ્જડ ધરી રાખ્યું ! કે એક કાનમાં ખીલો ઠોકાતાં માથું બીજી બાજુ સહેજ પણ ખસે નહિ. શમભાવમાં જો આનંદ ન હોય તો પોતાના જ ઉપરના આવા ઘોર કષ્ટમાં ઉપદ્રવ કરનારને પ્રભુ સહાયતા કેવી રીતે કરે ?

**(૨) સમ્યગ્દર્શનનું બીજું લક્ષણ 'સંવેગ'-એમાં આનંદ :**

**સંવેગ** એટલે કે મોક્ષ અને મોક્ષના સાધનભૂત ચારિત્ર-ધર્મની ઉત્કટ અભિલાષા. **સ્થૂલભદ્રજી**ને એનો પરમ આનંદ હતો, તેથી જ નંદરાજાએ ધરેલી મંત્રીમુદ્રિકા ય ફગાવી દીધી, કોશાવેશ્યાને ય ફગાવી દીધી, અને આખો સંસાર ફગાવી દીધો ! મનને થયું કે 'કોશાના ૨૪ કલાકના સુખ ખાતર દિવસભરના ખટપટવાળી મંત્રી-મુદ્રિકા ન ખપે, તો પછી મોક્ષના અનંતા સુખ લાવનાર ચારિત્ર ખાતર, સંસારના સુખ શું કામ ખપે ? મારે એ સુખ પણ ન ખપે.' આ વિચારનાર સ્થૂલભદ્રજીનું સૌભાગ્ય કેવુંક હતું ? આવું કંઈક કે જે રૂપરૂપની અંબાર કોશા વેશ્યાના ચરણ મોટા રાજા-રાજકુમારો ચાટતા, તે કોશા સ્થૂલભદ્રજીના ચરણ ચાટતી હતી ! એમને વગર માગ્યે આનંદ આપવા માટે ગીત ગાતી, નૃત્ય કરતી ! આવી પણ સેવા અને સુખ-વિલાસ આપનારી કોશાનો ત્યાગ કર્યો ! કારણ ? અનંત મોક્ષસુખની તીવ્ર આકાંક્ષા જાગી. એ સમ્યગ્દર્શનના 'સંવેગ' લક્ષણના આનંદે કોશા સહિત સમસ્ત સંસારનો ત્યાગ કર્યો.

**(૩) દર્શને અતિ આનંદ એટલે કે દર્શનના ત્રીજા લક્ષણ નિર્વેદમાં આનંદ :**

**'નિર્વેદ'** એટલે કે અનંતસંસારસર્જક (૧) વિષયો, (૨) કષાયો અને (૩)

હિંસાદિ-પાપાચરણ જે ઘરવાસમાં છે, તે ઘરવાસ પર અત્યંત અભાવ-નફરત. એથી જ એના ફાંસલામાંથી છુટકારો થાય એનો આનંદ. **થાવચ્ચાકુમાર**ને નેમનાથ ભગવાનની વાણી સાંભળીને આવા ઘરવાસ પર નફરત થઇ, નિર્વેદ થઇ ગયો કે 'અરેરે! ક્યાં આ મોહમાં પડી મેં ઘરવાસમાં આવા કુટિલ સંસારને ગળે વળગાડી રાખી, એ વિષયો-કષાયો અને પાપોની ઉન્મત્ત ચેષ્ટા કરવાનું રાખ્યું ? એ તો દારૂડિયાની દારૂ પીને કરાતી અસત ચેષ્ટાના જેવી ચેષ્ટા છે. એ તો અનંતી વાર કરી. પણ પરિણામ ? ભવકેદ !...' એમ **થાવચ્ચાકુમાર**ને સંસાર પર નિર્વેદ થયો. બસ, એથી એના છુટકારામાં આનંદ એવો ઊભરાયો કે અબજોની સંપત્તિ અને ૩૨ અપ્સરાશી યુવાન પત્નીઓને મૂકી એણે નેમિનાથ ભગવાનના ચરણો પકડ્યા.

**(૪) દર્શને આનંદ એટલે દર્શનના પાંચમા લક્ષણ આસ્તિક્ય (તત્ત્વશ્રદ્ધા)માં આનંદ :**

**ઋષભદેવ ભગવાન**ને સમ્યગ્દર્શનના તત્ત્વશ્રદ્ધારૂપ લક્ષણનો આનંદ કેટલો બધો હશે કે એમાં એ જુએ છે કે લોકો હજી 'ધર્મ એટલે શું ? મુનિને સુપાત્રદાન એટલે શું ? એ કશું જાણતા નથી, એટલે એમને એ શિખવાડ્યા વગર મારા ચારિત્ર લીધા પછી એ લોકો કદાચ અન્ન-પાણી જેવી તુચ્છ વસ્તુ વહોરાવે નહિ તો મારે ભૂખ્યા રહેવું પડે. એમાં દિવસોના દિવસો ય જાય ! પરંતુ તીર્થંકર કેવળજ્ઞાન પામ્યા પૂર્વે આ સાધુ ધર્મનું શિક્ષણ વગેરે કશો ધર્મનો ઉપદેશ આપે નહિ,' - એ તત્ત્વશ્રદ્ધાને આનંદથી પકડી રાખી, એમણે દીક્ષા લેતા પહેલાં લોકોને ભિક્ષાવિધિ શીખવી નહિ. એ તત્ત્વશ્રદ્ધાના પરમ આનંદ વિના આ ધૈર્ય ક્યાંથી રહે ? ધૈર્ય કેવું ? કે ભિક્ષા સમયે પ્રભુ રોજ ભિક્ષા માટે જાય, પણ એ કાળમાં કોઇ ભિખારી જ નહિ; એટલે ઘર આંગણે આવેલાને અન્ન પાણી જેવી તુચ્છ વસ્તુ આપવાની લોકોને કલ્પના જ નહિ. પ્રભુએ ૧૨ મહિના વર્ષીદાન ઉછાળેલું તેથી લોકોને એ દાનનો ખ્યાલ હતો, એટલે પ્રભુની આગળ એ ભોળા જુગલિયા લોકો હીરા, માણેક, સોનું, અને હાથી ઘોડા ધરતા, પણ અન્ન નહિ ! ત્યારે જ્યાં મમ્ મમ્‌ની અન્નની જરૂર હોય ત્યાં એ હીરા-માણેકને શું કરે ? આમ ભગવાન ૪૦૦ દિવસ સુધી અન્ન-પાણીનું દાન ન મળતાં ભૂખ્યા અને તરસ્યા રહ્યા ! કિંતુ મનને ક્યારેય ખેદ ન થયો કે 'હાય ! દીક્ષા લેતાં પહેલાં મેં આ લોકોને અન્ન-દાન કેમ શિખવાડ્યું નહિ ? કેમ ખેદ નહિ ? સમ્યગ્દર્શનની આ તત્ત્વશ્રદ્ધાનો પ્રભુને પરમ આનંદ હતો.

એવી પ્રભુની તત્ત્વશ્રદ્ધારૂપ સમ્યગ્દર્શનનો આદર્શ નજર સામે રાખીને કવિ પ્રભુના ગુણ ગાય છે કે 'દર્શને અતિ હી આનંદ !' પ્રભુ ! તમારા સમ્યગ્દર્શનમાં અત્યંત આનંદ થાય છે.

કવિએ કેવી ખૂબી કરી છે કે 'મુખ દીઠે સુખ ઊપજે' માં પ્રભુનું મુખ-દર્શન એટલે મુખનું જ્ઞાન-અરિહંતનું જ્ઞાન લીધું. મુખ એ શરીરનો મુખ્ય ભાગ છે, મુખ્ય લેવાથી આખો આત્મા-આખું શરીર આવ્યું. એનું તેથી 'મુખ દીઠે' થી અરિહંતનું જ્ઞાન લીધું. અરિહંતનું દર્શન કરતાં આવડે તો એમાં અરિહંત સંબંધી ઘણી વિગતો જાણવા મળે. પછી 'દર્શન અતિ આનંદ' થી સમ્યગ્દર્શન લીધું; અને 'જગવાલહો' થી સમ્યક્ ચારિત્ર લીધું; કેમકે જે માણસ ચારિત્રશીલ હોય એ જ બીજાને વહાલો લાગે. આમ પહેલી ગાથામાં ઋષભદેવ પ્રભુના આલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનાં ગુણગાન કર્યાં.

**આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલ રે,**
**વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે...૨**

**ભાવાર્થ :-** એ પ્રભુની બે આંખ કમળની પાંખડી જેવી છે, લલાટ આઠમના ચંદ્ર જેવું છે, મુખ શરદઋતુના ચંદ્ર જેવું છે અને વાણી અત્યંત (મનોહર-મોહક) રસભરેલી છે.

**વિવેચન : આંખડી અંબુજ પાંખડી :**

ભગવાનની આંખ કમળની પાંખડી જેવી કોમળ અને લાવણ્યવાળી છે. ત્યારે જ મહાવીર પ્રભુને છ મહિના રંજાડનાર સંગમ પાછો ફર્યો ત્યારે ભગવાનની કોમળ આંખ-પાંખડી આંસુથી ભિંજાઇ ગયેલ. તેજોલેશ્યા ફેંકનાર ગોશાળા પર પણ ભગવાનની કોમળ આંખોરૂપી કમળપાંખડીમાં ઉગ્રતા કઠોરતા ન આવી, પણ કોમળતા જ રહી. એટલે આંખ કમળની પાંખડીની માફક ગોશાળા પ્રત્યે પણ તેવી ને તેવી જ મુલાયમ રહી.

જેમ કમળની પાંખડી સુકોમળ, સુંદર અને સુગંધિત હોય છે, એમ પ્રભુની આંખ પણ એવી સુંદર-સુકોમળ રહે છે. એટલે તો પ્રભુના માથા પર કાળચક્ર પછાડનારો અને છ મહિના સુધી એકધારા ઉપસર્ગોની ઝડી વરસાવનારો સંગમદેવ જ્યારે ગયો ત્યારે એના પર કરુણાથી ભગવાનની આંખમાં આંસુ આવ્યા ! પ્રભુને કરુણાના આ વિચારનું ફળ છે. ભગવાને જગતને કર્મપીડિત દેખ્યું એટલે એમને એમ થાય છે કે 'કર્મ-પિશાચથી જીવો બિચારા કેવા રેંસાઇ રહ્યા છે ! કેમ એમને બચાવું !' એવી સર્વ જીવ પરની કરુણામાં ભયંકર દુશ્મન પર પણ કરુણા ! ત્યારે આપણે આ વિચારવાનું કે ''ભયંકર દુશ્મન ઉપર પણ કોમળતાની વાત તો પછી, પણ આશ્રિત પર આ કોમળતા છે ખરી કે આ બિચારા પાપકર્મના સંસારમાં રેંસાઇ ન જાઓ !''

તેમ પ્રભુની આંખ દેખી હૈયું ઠરે; કેમકે એ આંખરૂપી કમળ પાંખડીમાં વીતરાગનું સૌંદર્ય અને સુકૃત-સદ્ગુણોની સુગંધ દેખાય છે. એ દેખી દિલ ઠરે. ઋષભદેવ પ્રભુની આંખડી રૂપી કમળ-પાંખડીની પાછળ આ દેખાય, કે ૧૧મા ભવે ભગવાન ચક્રવર્તીપણું છોડી મુનિ બન્યા ! અને જ્ઞાનની પ્રખર આરાધના કરી ૧૪ પૂર્વના પારગામી બન્યા ! જ્ઞાનના આ સદ્ગુણની સાથે તપ-સુકૃતની સાધના પણ એવી જોરદાર લગાવી અને વીસસ્થાનક ધર્મની એવી જોરદાર આરાધના કરી, કે એમાં અદ્ભુત લબ્ધિઓ ઊભી થઇ ગઇ !

**અષ્ટમી શશિ સમ ભાલ લાલ રે :**

ભગવાનનું ભાલ-લલાટ અષ્ટમીના અર્ધચંદ્રાકાર જેવું સોહામણું ને તેજસ્વી છે. જેને જોતાં ઠરી જઇએ એવી એમાં મુલાયમતા છે, પણ કપાળમાં અન્ય દેવની જેમ ઉગ્રતાની કરચલી નહિ.

**વદન તે શારદ ચંદલો :**

શરદ ઋતુના ચંદ્રમાના જેવું પ્રભુનું મુખ દીઠે કષાયના તાપ મિટાવી ઠંડક આપે છે. **પ્રભુનું મુખ સંસાર-દાવાનલથી તપેલા અને કષાયોથી ભરેલા ભવ્ય જીવોને ઠંડક આપે છે;** કેમકે ભગવાનના વદનમાં ભારોભાર શીતલતા દેખાય છે. જેમ શરદ ઋતુમાં નથી ગરમી કે નથી ઠંડી, તેવી સમઋતુનો ચંદ્ર જેટલો આલ્હાદ અને પ્રશાંત હોય છે, તેવા જ ભગવાન પણ શીતળ અને પ્રશાંત મુખવાળા છે. મુખ પરની આ શીતલતા સ્થિર હોય છે; ત્યારે તો વીર પ્રભુ પર ગોશાળાએ તેજોલેશ્યા છોડી-તેના કારણે ભલે ભગવાનના શરીરને તાપ લાગ્યો, છતાં પણ ભગવાનનું મુખ શાંત-પ્રશાંત અને શીતળ રહ્યું !

**વાણી અતિ હિ રસાળ લાલ રે :**

જિનવાણી અતિ રસ ભરેલી છે. છ માસ સુધી સાંભળતાં પણ ભૂખ-તરસ-થાક ન લાગે ! એટલો બધો વાણીમાં દિવ્ય રસ વહે છે.

**ડોશી** માથે ભારો લઇ આવે છે. એમાંથી એક લાકડું નીચે પડી ગયું. તે એક હાથે ભારો પકડી રાખીને બીજા હાથે લાકડું લેવા નીચી અડધી વળી, ને એટલામાં સમોસરણ મંડાઇ ગયેલું ! ને પ્રભુની અમૃત કરતાં પણ અત્યંત અધિક મીઠી વાણી વરસવા લાગેલી ! એ જિનવાણી ડોશીના કાન પર પડી, તો એને સાંભળવામાં ડોશી એવી લીન થઇ ગઇ કે એ અડધી વાંકી વળેલી ક્યાંય સુધી એમની એમ જ ઊભી રહી !

આવી આશ્ચર્યકારી અતિ મીઠારસ ભરેલી ભગવાનની વાણી સાંભળવા કસાઇ જેવા માણસો અને જંગલી પશુ પણ બેસે છે ! અને તલ્લીન બની જાય છે !

**સમોસરણ-તોરણે બાઇ મરી :**

જંગલમાંથી મળી ગયેલ સિંદુવાર પુષ્પને પ્રભુને ચડાવવા લઇ આવતી ડોશીનું સમવસરણના તોરણે મૃત્યુ થયું ! પડી નીચે. એ જ વખતે પાછળ સવારી સાથે રાજા આવતો હતો, એ ઊભો રહી ગયો. 'ડોશી કેમ પડી' એ તપાસ કરાવતાં ડોશી મરેલી માલૂમ પડી. તેથી સિપાઇઓને મડદું નીચે લઇ જઇ અગ્નિસંસ્કાર કરવા કહ્યું, અને પોતે પ્રભુ આગળ આવી અફસોસથી પ્રભુને પૂછે છે કે—

'પ્રભુ એ ડોશી બિચારી કાં તોરણે જ મરી ? આપની પાસે બિચારી પહોંચી ય શકી નહિ ! એ મરીને ક્યાં ગઇ ?'

ભગવાન કહે છે 'જો આ પેલો દેવતા બેઠો છે, એ જ એ ડોશીનો જીવ છે. એને જંગલમાં મનોરમ સિંદુવારનું ફુલ મળ્યું, તે લઇ અમને ચડાવવા એ આવેલી; પરંતુ આયુષ્ય પૂરું થતાં ફુલ ન ચડાવી શકી એના અફસોસમાં તથા દેશનાની વાણી પીવાના રસમાં એ મરીને આ દેવ થઇ.' એવી રસાળ જિનવાણી છે.

તેમ ભગવાનની વાણી એવી રસમય છે, કે કાળસૌરિક કસાઇ જેવા પાપીને પણ સાંભળવી ગમે ! આ જ રસાળ વાણીએ ગૌતમસ્વામીને આવર્જ્યા, મિથ્યાયજ્ઞની ક્રિયામાંથી બહાર કાઢ્યા.

આ વાણીનો પ્રભાવ કેવો કે શિકારી પશુ પણ વૈર ભૂલી સાંભળવા બેસી જાય ! મેઘકુમારાદિને ભગવાનની આ પ્રભાવપૂર્ણ વાણીએ જ સ્થિર કર્યા. વળી આ ભગવાનની વાણી એવી રસ-સભર છે કે, ગૌતમસ્વામીએ આ વાણીને ઝીલી ! જો કે પ્રભુની વાણીને પોતે જ ૧૪ પૂર્વમાં ગુંથી છે, છતાં પોતે રોજ-રોજ વિસ્મિત હૃદયે પ્રભુની વાણી સાંભળે છે ! આ પ્રભાવ ભગવાનની અતિ રસાળ વાણીનો કે જાણે 'જીવનભર એને પીધા જ કરો, પીધા જ કરો' એમ મનને થાય.

તેમ ભગવાનની વાણીથી સ્વયં ન ધરાતા ગૌતમસ્વામીએ સભાને એ રસ વધુ પીવડાવવા ભગવાનને ૩૬ હજાર પ્રશ્ન કર્યા છે. વળી ભગવાનની વાણી માત્ર રસથી ભરેલી એટલું જ નહિ, પણ તત્ત્વથી પણ ભરેલી છે ! એટલે તો ઈન્દ્રનાગ તાપસ **"ભો અણેગ-પિંડિઆ એગપિંડિઓ તં દટ્ઠુંમિચ્છઇ"** આ વચન પર આવર્જિત થઇ ગયા.

યુગની આદિમાં ઋષભદેવ ભગવાને કેવી અદ્ભુત તત્ત્વરસથી રસાલ દેશના રેલાવી કે જેમને હજી એક નાના સામાયિકનો ય અભ્યાસ નથી તે ભરત ચક્રવર્તીના ૫૦૦ પુત્ર અને ૭૦૦ પૌત્રો રસાળ વાણીના પ્રભાવથી સર્વે ચારિત્ર માટે ઊભા થઇ ગયા ! ભગવાને ૮૪ ગણધરો સ્થાપ્યા તેમાં પણ આ વાણીનો જ પ્રભાવ છે.

**લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલ રે,**
**રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલ રે...૩**

**ભાવાર્થ :-** એ પ્રભુના શરીર ઉપર એક હજાર ને આઠ લક્ષણો શોભે છે. બે હાથની હથેળી અને પગના તળિયા ઉપર અનેક પ્રકારની શુભરેખાઓ છે. 'અભ્યંતર' યાને આત્મિક લક્ષણો-ગુણનો તો પાર જ નથી. એટલે કે ગુણો અનંત છે !

**વિવેચન :** ભગવાનનું શરીર અને તેના પર લક્ષણ એ બધું અદ્‌ભુત છે કારણ કે તેમની પૂર્વજન્મની સાધના અદ્‌ભુત છે. અને એ સાધનામાં પણ વીર્યાચારનું પાલન ભગવાને જોરદાર કર્યું છે.

પ્રભુમાં ૧૦૦૮ લક્ષણ, તલ વગેરે શુભ ચિહ્ન અનન્ય છે. કેમકે પૂર્વે તીર્થંકરત્વ પુણ્યના શુભ આશ્રવ ઊંચા સેવેલા ! એના પુણ્યથી ઊભા થયેલા છે. એટલે આ લક્ષણો એ એમણે કરેલી ઊંચી વીસસ્થાનકની સાધનાનું અનુમાન કરાવે છે. પ્રભુએ ૨૦ સ્થાનકની આરાધના કેવીક કરી ! કે ૨૦ સ્થાનકમાના તે તે પદનો એમને નાદ લાગ્યો ! તે તે પદની આરાધનાનો ભેખ લીધો ! આપણને પણ આવો નાદ લાગવો જોઈએ, જેમકે દેવપાલને અરિહંતપદનો નાદ લાગેલો.

ભગવાનની ૨૦ સ્થાનકની આરાધનાનો પ્રભાવ આત્મા પર તો પડ્યો પણ શરીર પર પણ પડ્યો ! માટે તો શરીર પર ૧૦૦૮ લક્ષણ અને અપાર નાની મોટી શુભ રેખાઓ છે. જેમ શરીર પરના ૧૦૦૮ લક્ષણો ભગવાનની પૂર્વજન્મની વિશિષ્ટ આરાધનાની ચાડી ખાઈ રહ્યા છે, તેમ આ વિશાળ-ઉદાર ચિહ્નોની પાછળ સમ્યક્ત્વ અને સર્વજીવકરુણાની ભાવના પણ કેટલી જોરદાર હશે ? તે જણાવી રહ્યા છે.

જે ધરતી પર આપણે જીવીએ છીએ, એ જ ધરતી પર પ્રભુ જીવવા છતાં એમણે મોહમાયા-વિષયો અને હિંસાદી પાપો વિસારી દીધા, ને અહિંસા-સંયમ-તપને વહાલા કર્યા ! ને આ ૨૦ સ્થાનકની સાધનાઓમાં જ મન લગાડી દીધું !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૩૪,અંક-૩૫,તા.૧૭-૫-૧૯૮૬**

ઋષભદેવ ભગવાને પૂર્વના ત્રીજા ભવે ચક્રવર્તીપણે બધી ઠકરાઈ-વૈભવ-રાજવી સુકુમારતા તથા કાયાની સુકોમળતા ફગાવી દઈ સંયમ અને ૨૦ સ્થાનકની આરાધના વહાલી કરી. ચક્રવર્તીની કાયાએ જોરદાર તપ સાથે જ્ઞાન-પ્રાપ્તિની પ્રબળ મહેનત વહાલી કરી. જ્ઞાન અને તપનો મહાપરિશ્રમ કેવો કે જે મહાસાગર જેવા **'પૂર્વ'** શાસ્ત્રો લખેલા ન મળે, ગુરુમુખેથી સાંભળી લઈ મોંઢે (કંઠસ્થ) કરવા પડે.

આ તે ૧૪ પૂર્વશાસ્ત્રો કાંઈ નાનાસુના છે ? પહેલું પૂર્વશાસ્ત્ર કદાચ લખવું હોય તો એના સૂત્રો એટલા બધા કે એ લખવા માટે એક હાથી માય એવડો ખાડો ભરીને શાહીની મષીથી એ લખી શકાય. એટલી બધી મષીમાં પાણી નાખી શાહી કેટલી બને ? પહેલું પૂર્વ લખવા એટલી બધી શાહી જોઈએ, પછી બીજા (દ્વિતીય) પૂર્વ માટે તો ૨ હાથી પ્રમાણ, અને ત્રીજા માટે ૪ હાથી પ્રમાણ એમ ડબલ ડબલ કરતાં ૧૪ મું પૂર્વ લખવા ૮૧૯૨ હાથી પ્રમાણ મષી જોઈએ અને એના પાણીથી લખાય. ભગીરથ સ્વાધ્યાય-શ્રમથી એવા ૧૪ પૂર્વનું ચક્રવર્તીમુનિએ જ્ઞાન મેળવ્યું ! પ્રભુનું કેવું ધન્ય આરાધનામય જીવન !

'પૂર્વ' શાસ્ત્રો ભણવા કેટલા અઘરા છે કે પૂ. ભદ્રબાહુ સ્વામીએ સ્થૂલભદ્રજી મુનિની સાથે બીજા અનેક સાધુઓને વાચના આપવી શરૂ કરેલી, પણ બીજા બધા ધીમે ધીમે વાચનામાંથી 'આ ભાઈ સાહેબ ! અમારું કામ નહિ' એમ કહી ખસી ગયેલા ! એક માત્ર સ્થૂલભદ્ર સ્વામી ટકેલા ! આવું અઘરું ભણવાનું એ ઋષભદેવ ભગવાને ચક્રવર્તી મુનિના ભવમાં વહાલું કર્યું ! તેમ ચક્રવર્તીના રાજવી શરીરે ઘોર તપનો નાદ લગાડ્યો ! આ રીતે ભગવાનના અભ્યંતર ગુણો અપરંપાર છે. માટે જ કવિએ લખ્યું કે,

**'અભ્યંતર નહીં પાર લાલ રે'**

ભગવાનના ગુણોનો પાર પામવો ઘણો મુશ્કેલ છે.

**ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લહી ઘડિયું અંગ લાલ રે,**
**ભાગ્ય કિહાં થકી આવીયું ? અચરિજ એહ ઉત્તંગ લાલ રે...૪**

**ભાવાર્થ :-** ઇન્દ્ર, ચંદ્ર, સૂર્ય અને મેરુગિરિના સારભૂત ગુણો લઈને પ્રભુનું અંગ ઘડવામાં આવ્યું છે, તે તો સંગત થાય પરંતુ 'આવું ઉત્કૃષ્ટ ભાગ્ય (યાને સૌભાગ્ય) ક્યાંથી આવ્યું ?' એ મોટું આશ્ચર્ય છે ! કારણ કે ભગવાનના સૌભાગ્ય જેવું ઇન્દ્ર, ચન્દ્રાદિ કોઈની પાસે સૌભાગ્ય દેખાતું નથી.

**વિવેચન :** ઇન્દ્ર અસંખ્ય છે તેમની પાસેથી ઐશ્વર્ય લીધું, તે ભગવાનનું ઐશ્વર્ય કેવું ? કે

(૧) ચાલે ત્યારે પગ મૂકવા ધરતી પર **સોનાના મુલાયમ નવ કમળ** રચાય ! (૨) દેશના ભૂમિરૂપે **સમવસરણ** રચાય ! તે અલૌકિક ઐશ્વર્ય. એ પણ એવું કે તે જોવાનું ૧૪ પૂર્વધર મહર્ષિને પણ મન થાય ! (૩) તે સમવસરણમાં ભગવાનના **આઠ પ્રાતિહાર્ય** કેવા અલૌકિક શોભે ! (૪) વિહારમાં પણ ભગવાનનું ઐશ્વર્ય કેવું તો કે માથાપર આકાશમાં **સિંહાસન, ત્રણ છત્ર, દુંદુભિ** આદિ સાથે

ચાલે ! તેમ **(૫)** રસ્તામાં **વૃક્ષો નમે ! કાંટા ઊંધા થાય ! પંખેરા** આકાશમાં **પ્રદક્ષિણા**-ઘૂમરી દેતાં ચાલે ! **(૬)** જઘન્યથી **એક ક્રોડ દેવતા સાથે** હોય... વગેરે. આવો ઠાઠ-ઐશ્વર્ય મોટા ઈન્દ્રને પણ ન હોય.

**મરીચિ કેમ બૂઝ્યા ?**

દા.ત. ભગવાનના સમવસરણનું ઐશ્વર્ય કેવુંક અદ્ભુત હશે કે તે જોતાં જ મરીચિને વૈરાગ્ય થઇ ગયો ! તેણે વિચાર્યું કે ''સમવસરણનો આ મહાવૈભવ મારા ચક્રવર્તી પિતા પાસે ય નથી, અને અહીં આવેલા મોટા દેવેંદ્રો પાસે ય નથી ! એ વૈભવ આ મારા દાદા ઋષભદેવ ભગવાનના ધર્મનું ફળ છે. એટલે કે -

**આ વૈભવના મૂળમાં દાદાનો ધર્મ છે.**

**પરંતુ એ ધર્મમૂળ પર આ વૈભવ એ તો ડાળપાંખળા બરાબર છે; પણ ધર્મમૂળ પર અંતિમ સાચું ફળ તો મોક્ષ છે.**

હવે મારી સામે બે વસ્તુ છે. એક બાજુ પિતા ચક્રવર્તીના ઘરના વૈભવી ઠાઠ છે ! બીજી બાજુ દાદા ઋષભદેવ ભગવાનના ઘરનો ધર્મ છે ! તો હું કોને વળગું ? ડાળ-પાંખળા તુલ્ય પિતાના ઘરના વૈભવી ઠાઠને વળગ્યો રહું ? કે મૂળભૂત પ્રભુના ધર્મને જ જીવનભર માટે વળગું ? વૈભવી ઠાઠ તો જીવનના અંતે ફના છે, ધર્મમૂળ ઠેઠ મોક્ષફળ સુધી પહોંચાડે છે ! તો હવે કોને વળગું ?''

એમ વિચારીને વિવેકી મરીચિએ ધર્મમૂળને પકડ્યું, પ્રભુ પાસે જઇ દેશના સાંભળ્યા પહેલાં જ મરીચિએ ચારિત્ર ધર્મ લઇ લીધો ! આ પ્રભુના સમવસરણ-ઐશ્વર્યનો પ્રભાવ ! કવિ કહે છે : "ઈન્દ્રચંદ્ર... તણા ગુણ લઇ ઘડિયું અંગ" આમાં અસંખ્ય ઇંદ્રોનો ઐશ્વર્ય ગુણ લીધો.

હવે અસંખ્ય ચંદ્રોનો સૌમ્યતા ગુણ લીધાની વાત.

**ભગવાનમાં ચંદ્રની સૌમ્યતા :**

ભગવાનની સૌમ્યતા-શીતલતા કેવી કે, કાલસૌરિક કસાઇ અને સિંહ-વાઘ-વરુ જેવા અતિ ક્રૂર જીવો પણ હરખભેર ભગવાનની સામે ટગર ટગર જોયાં જ કરે ! આવી ચંદ્ર જેવી સૌમ્યતા-શીતલતા-આલ્હાદકતા અરિહંત ભગવાનમાં છે... માટે તો, કષાયથી ધમધમતા આવેલા ૯૮ પુત્રોને ભગવાને વૈરાગ્યની શાંતતા ને મૈત્રીની શીતળતાથી સારી રીતે ઠારેલા ! દુશ્મન ભરત નથી પણ રાજ્ય-મોહમાયાનો લોભ દુશ્મન છે, ભાવશત્રુ છે, તેમ બતાવી કેવળજ્ઞાની બનાવેલા.

**ચંડપ્રદ્યોત અને ચંડકૌશિક :**

મહાવીર ભગવાનની સૌમ્યતાથી જ **સર્પ ચંડકૌશિક** બોધ પામેલો ! ભગવાનની વાણીની સૌમ્યતા-શીતળતા કેવી ? ડંસ મારનાર ચંડકૌશિક સાપને ભગવાન કહે

છે : "ભઈલા ! હવે તો બૂઝ ! બૂઝ ! બોધ પામ ! બોધ પામ !" ને ચંડકૌશિક શાંત બનીને કીડીઓના ઘોર ઉપસર્ગને સમતાથી સહન કરનારો બન્યો.

**રાજા ચંડપ્રદ્યોત** પરરાણી મૃગાવતીમાં આસક્ત બનેલો. એની પાછળ એના પતિરાજા સાથે યુદ્ધ કરી એને માર્યો પછી મૃગાવતી કિલ્લો બંધ કરી અંદર રહેલી. એના કહેવાથી ૪-૪ મહિના મહેનત કરી મૃગાવતીનો કિલ્લો સમરાવી આપેલો, છતાં મહાસતી મૃગાવતી વશ ન થયા. ત્યાં મહાવીર પ્રભુ પધાર્યા, સમવસરણ મંડાયું, મૃગાવતી વશ થયા વિના ત્યાં પહોંચ્યા. એવા પણ મૃગાવતીને ચંડપ્રદ્યોતે ભગવાનની હાજરીથી અને ભગવાનની શીતળતા-સૌમ્યતાથી ઠંડાગાર બની ચારિત્રની રજા આપી.

વળી સૌમ્યતાની સાથે ભગવાનનો વૈરાગ્ય ભગવાન ઘરમાં હતા ત્યારે પણ ઝળહળતો હતો ! માટે તો પિતા સિદ્ધાર્થરાજા વર્ધમાનકુમારને વિવાહની વાત કરતા ખચકાય છે. એટલે એમણે ત્રિશલારાણીને વર્ધમાનને સમજાવવાનું કામ સોંપ્યું. અહીં ત્રિશલા માતાને પુત્રને મનામણા કરવા પડેલા કે 'વર્ધમાન ! અમારી ખાતર પણ વિવાહનું મંજૂર કર !'

પાર્શ્વકુમારની સૌમ્યતા-શીતળતા કેવી ? કે અભિમાનથી લડવા આવેલો મ્લેચ્છરાજા પાર્શ્વકુમારના પગમાં પડી ગયો !

ઋષભદેવ ભગવાનની સૌમ્યતા કેવી ? કે નમિવિનમિ રાજ્ય વગરના રહ્યા, તે સાધુ બનેલ ભગવાન પાસે રાજ્ય માગવા આવ્યા. 'અમારો ભાગ આપો.' ભગવાન બોલતા નથી, પણ ભગવાનની સૌમ્યતાથી આકર્ષાઈને એ પ્રભુની સાથે ને સાથે વિહારમાં ચાલતા ! ને પ્રભુ થોભે ત્યાં જંગલમાં પ્રભુના બોડીગાર્ડ બનીને સેવામાં રહેતા ! ધરણેન્દ્રે આવીને પોતે રાજ્ય આપવા કહ્યું, તો પણ એને જવાબ આપ્યો કે, 'લઈશું તો દાદાજી પાસેથી જ રાજ્ય લઈશું.' ધરણેન્દ્રને આવો જવાબ નમિ વિનમિએ આપ્યો છે તે ભગવાનની સૌમ્યતાથી આકર્ષાઈને.

ભગવાનની સૌમ્ય મુદ્રાની જેમ વાણી પણ સૌમ્ય છે. આ સૌમ્ય વાણીમાં ભગવાને પુંડરીકસ્વામી આદિ પાંચ ક્રોડ મુનિઓને કહ્યું કે : **'તમારું કલ્યાણ સિદ્ધગિરિ પર છે'** તો તરત એ બધાએ સિદ્ધિગિરિ પર જઈ અનશન સ્વીકારી ચૈત્રીપૂનમે મોક્ષે સિધાવ્યા !

**રવિનો ગુણ લઈ અંગ ઘડાયું :**

'ઈન્દ્ર-ચંદ્ર-રવિ...' અસંખ્ય રવિનો ગુણ 'પ્રતાપ' લઈ ભગવાનનું અંગ ઘડાયું તેથી ભગવાનનો પ્રતાપ અનુપમ.

પ્રભુનો પ્રતાપ કેવો ? મિથ્યામતિ વાદીઓની ભગવાનની સામે બોલવાની

હિંમત નહીં ! ૫૬૩ પાખંડિઓ સમવસરણમાં ભગવાનની સામે બેસે, ભગવાનને ઈન્દ્રજાળિયો માને, છતાં તેમની ભગવાન સામે હરફ ઉચ્ચારવાની હિંમત નહીં. એવો પ્રતાપ પ્રભુનો !

ઈન્દ્રભૂતિ અભિમાનના લીધે પ્રભુને વાદમાં જીતવાની ઈચ્છાથી સમવસરણમાં આવેલા. પરંતુ ભગવાનના પ્રતાપે અભિમાન રહિત બને છે.

ભગવાનનો પ્રતાપ એવો કે વિચરે ત્યાં ૧૨૫ યોજનમાંથી મારી મરકી આદિ ઉપદ્રવો દૂર થાય ! મોટા ઈન્દ્રો પણ પગમાં પડે ! ભગવાનના દિવ્ય પ્રતાપને જોઈને જ રોહિણિયાનો બાપ મરતી વખતે રોહિણિયાને પ્રતિજ્ઞા કરાવે છે કે, 'બેટા ! વર્ધમાનની નજીક ન જવું. એમનું એક પણ વચન ન સાંભળવું; નહિતર આપણો ધંધો તું ભૂલી જઈશ.'

જેમ ભગવાનનો પ્રતાપ, તેમ પ્રભાવ પણ અદ્‌ભુત કોટિનો ! મહાવીર ભગવાન સાથે જંગલમાં ને તાપમાં વિહાર કરતા મુનિઓને તરસ લાગી છે. તળાવમાં પાણી જોયું, પણ ભગવાનને પૂછવાની હિંમત નથી ચાલતી કે, આ પાણી કેવું ? સચિત્ત કે અચિત્ત ?' અને ભગવાન પણ પાણી અચિત્ત જુએ છે છતાં સાધુઓને અચિત્ત ન બતાવ્યું. તો પ્રભાવ કેવો પડ્યો ? કે સાધુઓએ ત્યાં તૃષાની ઉત્કટતામાં સહર્ષ અનશન સ્વીકારી લીધું !

**'ઈન્દ્ર-ચંદ્ર-રવિ-ગિરિ તણા... અંગ લાલ રે'**

**પ્રભુમાં મેરુગિરિની ધીરતા :**

ભગવાનમાં ધીરતા કેવી ! કે જાણે શાશ્વતા પાંચ મેરુ પર્વતની ધીરતા લઈને અંગ ઘડ્યું ! કદાચ મેરુ ડગે, પણ ભગવાન ન ડગે, અડોલ ! ભગવાનને એમના સંયમ-ક્ષમાદિ ગુણોમાંથી ડોલાયમાન કરનારો કોઈ જન્મ્યો નથી. સંગમદેવે છ મહિના ઉપસર્ગ કરેલ, પણ એ હાર્યો, થાક્યો ને અંતે ચાલતો થયો ! સંગમના એક રાતના ૨૦ ઉપસર્ગો કેવા ભયંકર !! કે જેમાંના એક ઉપસર્ગ માત્રથી બીજાનું મૃત્યુ થઈ જાય, પણ પ્રભુ જીવંત રહી સમતા ને સમાધિપૂર્વક સહન કરે છે ! ઉપસર્ગ કેવા ? તો કે ધરણી ધ્રુજતી હતી પરંતુ ભગવાન સ્થિર-નિષ્કંપ હતા ! તેથી જ ભગવાન ધીરતામાં અગ્રણી કહેવાય છે.

દીક્ષા પછી ઋષભદેવ ભગવાનને એક લાખ પૂર્વ વર્ષ જીવવાનું બાકી છે; છતાં 'હાય બાપ ! લાખ પૂર્વ વરસ ચારિત્રના કષ્ટ ઉપાડવાનાં ?' એમ ગભરાયા નહિ, અને ચારિત્ર લે છે. દીક્ષા દિવસથી માંડી ૪૦૦ દિવસ સુધી ભગવાનને ગોચરી ન મળી, પાણી ન મળ્યું, તો પણ મેરુ જેવા અડોલ ભગવાન છે, તે એનો લેશ પણ ખેદ નથી. આહારનો એક દાણો ન મળે, પાણીનું એક ટીપું ન મળે,

છતાં કશા સંકલ્પવિકલ્પ ઊઠતા નથી. લોકોને આહારદાન-વિધિની ખબર નથી, તેથી હીરા-માણેકનું દાન ધરે છે. પણ પ્રભુ એ લોકોને એક ઇંગિત-ઇસારો પણ કરતા નથી કે 'ના, આનો ખપ નથી, પેલાનો ખપ છે.'.

આ પ્રભુની ધીરતા કેવી કે ૨૦ લાખ પૂર્વ જેવા જંગી લાંબા- કાળ સુધી કુમારપણે રહ્યા, પણ રાજા બનવાની ઉતાવળ ન કરી ! એ તો નાભિકુલકરે સામે ચડીને કહ્યું ત્યારે બનવું પડ્યું. ભોળા યુગલિયા ઋષભનો રાજ્યાભિષેક કરવા માટે પાણી લેવા દોડ્યા, પણ અહીં તો ઇન્દ્રે સપરિવાર આવીને પ્રભુનો રાજ્યાભિષેક કરી દીધો. પ્રભુને પગથી માથા સુધી શણગારી સિંહાસને બેસાડી દીધા. જુગલિયા પડિયામાં પાણી લઈને આવ્યા, પણ અભિષેક ક્યાં કરે? આખું શરીર શણગારેલું છે. તો પગનો અંગુઠો ખાલી દેખ્યો, યુગલિયાઓએ એના પર અભિષેક કર્યો, 'શું ઇંદ્રને પ્રભુને પહેરાવવા મુગટ-હાર વગેરે આભૂષણ મળ્યા, તો પગની મોજડી ન મળી ?' એમ પ્રશ્ન થાય, પરંતુ હકીકતમાં પૂર્વના રાજાઓમાં આ શિસ્ત હતી કે રાજસિંહાસન પર મોજડી પહેરીને ન બેસે. એટલે પગ મોજડી વિનાના ખુલ્લા હતા; ત્યાં યુગલિકોએ અભિષેક કર્યો. 'માથે શણગાર બગડે માટે ત્યાં અભિષેક ન કરાય' એવું સમજનાર યુગલિયાના આ વિનયનો પણ આ પ્રભાવ પડ્યો કે ઇન્દ્રે કુબેરદેવ પાસે ૧૨ યોજનની સોનાની વિનીતા નગરી બનાવી આપી ! મૂળ આ બધો પ્રભાવ ભગવાનની ધીરતાનો.

જેમ ૪૦૦ દિવસ થયા છતાં પારણાની ઉતાવળ ન કરી, એ ભગવાનની ધીરતા-વીરતા ! તેમ ૧ વર્ષ બાહુબલી તડકે શેકાણા બાદ ધીરપ્રભુએ કરુણા કરી. બ્રાહ્મી-સુંદરી બહેનસાધ્વીઓને મોકલી અભિમાનના હાથી પર ચડેલા બાહુબલીજીને નીચે ઉતાર્યો ને કેવલી બનાવ્યા ! આ પ્રભુની ધીરતાનો પ્રભાવ...

તેમ પ્રભુ કેવળજ્ઞાન પછી પૃથ્વીતલ પર લાખપૂર્વ વર્ષ વિચર્યા, પણ ભરતને ઘેર જઈ ન બેઠા કે 'જો ભરત ! કામ પતી ગયું; ને હવે તો અઘાતી કર્મ ખપી જાય એટલે મોક્ષ છે; ત્યાં સુધી હું અહીં બેઠો છું.' પ્રભુએ તો વિહાર આદર્યો, ને એમાંય દેવોની પાલખીમાં ય ન બેઠા ! દેવના રચેલા સમવસરણ પર બેસનાર પ્રભુ દેવોની પાલખીમાં બેસી વિહાર કેમ ન રાખ્યો ? કહો, સંયમ માર્ગે ચાલવામાં આવી પ્રભુની ધીરતા હતી.

**'ભાગ્ય કિહાં થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલ રે'**

ભગવાનના અંગમાં ઐશ્વર્ય-સૌમ્યતા-પ્રતાપ-ધીરતા દેખાય છે, એ ગુણો તો ઇન્દ્ર-ચંદ્રાદિ પાસેથી લીધા, પણ ભગવાનનું જગતમાં જે અદ્ભુત 'ભાગ્ય' એટલે કે 'સૌભાગ્ય' દેખાય છે એ ક્યાંથી આવ્યું ? એ મોટું આશ્ચર્ય છે ! પ્રભુમાં જે

ઐશ્વર્ય આદિ અલબત ઈન્દ્રાદિ એકેકના કરતાં કેઈ ગણું ચડિયાતું છે, છતાં એનો અંશે નમુનો ઈન્દ્રાદિમાં દેખાય; પરંતુ ભગવાનનું જેવું સૌભાગ્ય છે, તેનો તો ક્યાંય જોટો જ નથી દેખાતો કે એ એનું લીધું હોય એમ કહી શકાય. એ સૌભાગ્યનો અંશ માત્રેય ઈન્દ્રાદિમાં ય જોવા નથી મળતો.

હવે જુઓ ભગવાનનું સૌભાગ્ય કેવુંક છે ? તો કે-

**(૧)** સૌભાગ્યવંતા ભગવાન દેવતાઓ, તિર્યંચો, યાવત્ એકેન્દ્રિય ઝાડ વગેરેને એવા વહાલા, તે દેવોને વહાલા ભગવાન ચાલે ત્યાં દેવતા નવ સુવર્ણ કમળ એવાં રચી કાઢે છે કે પ્રભુના પગ એના પર જ પડે !

**(૨)** ત્યારે પ્રભુ પંખેરાઓને વહાલા કેવા કે પ્રભુ ચાલતા જાય, ને ઉપર આકાશમાં પંખેરા પ્રદક્ષિણા દેતા ચાલે ! પ્રભુના માથે આકાશમાં પંખેરા ઘૂમરી દેતા ચાલે !

**(૩)** પ્રભુનું સૌભાગ્ય કેવું કે પ્રભુના પગલે ૧૨૫ યોજન સુધી મારી મરકી આદિ ઉપદ્રવ ટળી જાય !

**(૪)** પ્રભુનું સૌભાગ્ય કેવું ? તો કે સ્વર્ગમાંથી દેવતાઓને આવી આવીને પ્રભુની સેવામાં રહેવાનો તલસાટ રહે ! તે ઓછામાં ઓછા એક ક્રોડ દેવતા તો પ્રભુની પાસે કાયમ હોય ! શું રાતે, કે શું દિવસે, દેવતાઓ પ્રભુની સેવામાં હાજર, તે ગીત-ગાન-નૃત્ય-રાસડા-મધુર વાજિંત્ર નાદ... વગેરે ચલાવે.

**(૫)** ભગવાનનું સૌભાગ્ય કેવું ? સમવસરણમાં દેવતા તો આવે, પણ ગામગામથી લોકોય દોડતા આવે, ને ત્યાંથી એમને આઘા ખસવાનું મન ન થાય, ભગવાનને નીરખતાં તૃપ્તિ ન હોય.

**(૬)** પ્રભુનું સૌભાગ્ય કેવું કે સુલસા ને ચંદનબાળા આદિ શ્રાવિકાઓ મમતાથી પ્રભુનું નામ રટે કે 'ઓ મારા મહાવીર ભગવાન !' ને એને બીજું કાંઈ જોવું-સાંભળવું ન ગમે ! અને દુન્યવી દુઃખ-સંતાપ વીસરી જાય !

આવું છે ભગવાનનું સૌભાગ્ય ! ક્યાંથી આ સૌભાગ્ય આવ્યું ? પૂર્વના ત્રીજા ભવમાં જ્વલંત વિશુદ્ધ સમ્યક્ત્વ અને સર્વજીવકરુણા સાથે અરિહંતાદિ ૨૦ સ્થાનકની ચડતા પરિણામે આરાધના કરવાથી આવ્યું. પરંતુ અહીં કવિ પ્રશ્ન કરે છે કે 'આ લોકોત્તર સૌભાગ્ય પ્રભુમાં ક્યાંથી આવ્યું ?' એમ પ્રશ્ન મૂકીને કહે છે 'અચરિજ એહ ઉત્તંગ' એજ મોટું આશ્ચર્ય છે, કે ક્યાંથી આવ્યું !

**ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે**
**વાચક યશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલ 'રે...૫.**

**ભાવાર્થ :-** એ પ્રભુએ સર્વ ગુણોને સ્વીકાર્યા-સ્વાધીન કર્યા છે. સમસ્ત

દોષોને દૂર હટાવી દીધા છે. આવા પ્રભુની સ્તવના વાચક શ્રી યશોવિજયજીએ કરી છે, (અને પ્રભુ પાસે માગે છે કે તેના ફળરૂપે) 'સુખની પુષ્ટિ દેજો.'

**વિવેચનઃ- ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ :**

પ્રભુએ આત્માના જ્ઞાન-દર્શન ચારિત્રાદિ અનંત ગુણોને 'અંગે કર્યા' અર્થાત્ સ્વીકારી સ્વાધીન કરી લીધા છે; અથવા 'અંગે કર્યા' અર્થાત્ અંગભૂત કરી દીધા છે. આ બધા ગુણો ત્યારે જ પ્રગટ્યા જ્યારે ભગવાને સર્વ ઘાતીકર્મોનો નાશ કર્યો. તેમ ભગવાને મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, આદિ દોષોને ટાળી દીધા છે. સામાન્યથી **'બારગુણ અરિહંતદેવ'** એમાં ૮ પ્રાતિહાર્ય આવે ને જ્ઞાનાતિશય વગેરે ૪ અતિશય આવે. એમાં 'જ્ઞાનાતિશય' માં જ્ઞાન અનંત, એટલે એના અનંત ગુણ થાય. 'અપાયાપગમ' અતિશયમાં અનંત 'અપાય' યાને દોષ અનંતા ટળવાથી એના પ્રતિસ્પર્ધી અનંત ગુણ પ્રગટ થાય.

**અરિહંતમાં કયા ૧૮ દોષ નહિ ?**

એમ સામાન્યથી અરિહંતપ્રભુ ૧૮ દોષ રહિત કહેવાય. એ ૧૮માં જ્ઞાનાવરણ કર્મ ટળવાથી ૧ અજ્ઞાન દોષ ટળ્યો; દર્શનાવરણ ટળવાથી ૧ નિદ્રા દોષ ટળ્યો, અને ૫ અંતરાયકર્મ નષ્ટ થવાથી ૫ અંતરાયના દોષ ટળ્યા. એમ ૭ દોષ ટળ્યા. એ ૩ ઘાતીકર્મના ટળવાથી ટળ્યા. ચોથું ઘાતીકર્મ 'મોહનીય કર્મ,' એના ૧૧ દોષ ટળ્યા. એમાં ૧ મિથ્યાત્વ+૨ રાગદ્વેષ+૧ કામ+ અવિરતિ, એ ૫+૬ હાસ્યાદિ, એમ ૧૧ દોષ ટળ્યા. ૭+૧૧=૧૮, ચારેય ઘાતીકર્મના નાશથી કુલ ૧૮ દોષ ટળ્યા. આ તો સ્થૂલ ગણતરીના ૧૮ દોષ; બાકી એના અવાંતર પ્રકારોના હિસાબે, પ્રભુ અનંત દોષ રહિત થયા. પ્રભુના છૂટક ગુણ ગણીએ તો, દા.ત.

આવા ઋષભદેવ પ્રભુએ ૯૯ પૂર્વ વાર શત્રુંજય પધારી તેને પવિત્ર બનાવ્યું છે. એક 'પૂર્વ' એટલે ૭૦૫૬૦ અબજ વર્ષ ! આ કેવો મહાન ગુણ કે જનહિતાર્થે પ્રભુએ એવા ૯૯ પૂર્વ વાર સિદ્ધગિરિ ફરસ્યો ! પ્રભુએ આવા સઘળા ગુણ પોતાના કર્યા.

પ્રભુ બાળ હતાં ત્યારે ઈક્ષુ લેવા માટે ઈક્ષુ ધરનારા ઈન્દ્રની સામે હાથ લંબાવ્યો. શું પ્રભુને રાગ થયો ? ના. કિન્તુ મહાન પુરુષો નાનડિયા પર અનુગ્રહ કરનારા હોય; નાનડિયાનું મન સાચવનારા હોય. તેથી હાથ લંબાવ્યો.

ભગવાને ગુણો અંગીકાર કર્યા, તે ક્યારથી ?

યાવત્ ધના સાર્થવાહના પહેલા ભવથી. સાર્થ લઈને એ ચાલ્યા તો એમાં મુનિઓને આશ્રય આપ્યો, અધ્યવસાયની વધતી ધારા સાથે સાધુને ઘી વહોરાવતાં અને પછી ગુરુનો ઉપદેશ સાંભળતાં ધના સાર્થવાહ સમકિત ગુણ પામ્યા ! આ

સમકિત પામવાનો ગુણ પણ સાધુની સેવા-વૈયાવચ્ચ ગુણમાંથી પ્રગટ્યો. એવા એમના પૂર્વભવોમાં ગુણો અપરંપાર !

તેમ પ્રભુના પૂર્વના ત્રીજા ચક્રવર્તીના ભવમાં દીક્ષા લઇ ૧૪ પૂર્વધર આચાર્ય બને છે ! ત્યાં ભરતબાહુબલીના જીવ શિષ્ય બાહુ અને સુબાહુ મુનિના ભક્તિ અને વૈયાવચ્ચ ગુણની પ્રશંસા કરે છે. આવા આવા અનંત ગુણો ભગવાને પોતાને આધીન-સ્વાધીન કર્યા છે. પ્રભુની સ્તવના કર્યા પછી છેલ્લે કવિ કહે છે -

**''દેજો સુખનો પોષ''**

કવિ પ્રભુને વિનંતિ કરે છે કે પ્રભુ ! મને સુખનો પોષ આપજો અર્થાત્ મને સુખનું પોષણ કરતા રહેજો. અહીં ગુણનો પોષ ન માગતાં 'સુખનો' એટલે કે ગુણના સુખનો પોષ માગ્યો છે. એવો અર્થ કેમ લેવાનો છે એનો ખુલાસો પછી કરીએ, પરંતુ તે પૂર્વે એ વિચારવા જેવું છે કે જ્યારે ગુણનાં સુખનું પોષણ અર્થાત્ જ્યારે ગુણમાં આનંદ જોઇએ છે, તો ગુણો પર કેટલી બધી મમતા હોય ? પરંતુ

**અફસોસીની વાત આ છે કે આપણને આપણો આત્મા ગુણવાળો ગમતો બનાવવાંની વાત તો પછી, પરંતુ ગુણવાળો હોય એ ગમતું ય નથી !** આપણને બહારનું બધું ગુણવાળું ગમે છે, આપણને ઉદ્યાન ગમે પણ ઉકરડો ન ગમે ! ફૂલ ગમે પણ ધૂળ ન ગમે, મિષ્ટાન ખાવું તો ગમે ઉપરાંત જોવું ય ગમે,પણ વિષ્ટા જોવી ય ન ગમે ! મહેલ ગમે, ઝુંપડું ન ગમે ! દાગીના સોનાના ગમે, પણ લોખંડના ન ગમે ! સારું ફરનીચર ગમે, ભંગાર ન ગમે ! આપણું શરીર સુદ્ધાં આપણને સારું ચોક્ખું ગમે, મેલું કદરુપું ન ગમે !

આ બહારની બધી વસ્તુ આપણને ટીપટોપ સારી ગમે પરંતુ આપણને આત્મા જ ટીપટોપ ગુણસંપન્ન ગમતો નથી ! આપણો આત્મા કામ-ક્રોધ-લોભ અભિમાનાદિ દોષોથી ભરેલો છે, તેવો જ આપણને ગમે છે. આપણો આત્મા સ્વાર્થાંધ, હરામ હાડકાવાળો, માયાવી, વિશ્વાસઘાતી, વિષયલંપટ, કષાયગ્રસ્ત... વગેરે દોષોથી ખદબદતો હોય એવો જ ગમે છે. એટલે તો અવસરે ગુસ્સો-અભિમાન કર્યા ઉપર શાબાશી લેવાય છે ! આમાં ગુણો મેળવવા-જાળવવાનું તો દૂર, પરંતુ ગુણો ગમતા રાખવાનું ને ગુણો પર મમતા રાખવાનુંય મુશ્કેલ દેખાય છે !

પ્રભુને પોતાનો આત્મા ગુણસંપન્નજ ગમ્યો, એટલે પ્રભુ પરાર્થવૃત્તિ, સૌમ્ય-સ્વભાવી, વૈરાગી, શાંત-પ્રશાંત, નિખાલસ, અધર્મ પરાઙ્મુખ, અંતરાત્મ વૃત્તિવાળો, ઉદાર, સદાચારી, સહિષ્ણુ, કરુણા-સંપન્ન, ગંભીર... ઈત્યાદિ ઈત્યાદિ ગુણોથી ભગવાન અલંકૃત છે, તે હોંશે હોંશે છે. ભગવાનના એકેક ગુણ ઉત્તમ અને અદ્ભુત છે.

**ભગવાનની ગંભીરતા કેવી ?**

(૧) ભગવાન અતીન્દ્રિય જ્ઞાની છે, એટલે બીજાના ગુપ્ત પણ પાપો જાણે છે, છતાં એમના પર સૂગ કરતા નથી કે એમના બહારમાં મર્મ પ્રકાશતા નથી !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૩૬,તા.૨૪-૫-૧૯૮૬

(૨) ગંભીર કેવા કે પોતાનું જ્ઞાન બીજાને દેખાડી દેવાની વૃત્તિ જ નથી. માતા પિતા વર્ધમાનને નિશાળે ભણાવવા લઈ ચાલ્યા ! છતાં અવધિજ્ઞાની ગંભીર ભગવાન પોતાનું જ્ઞાન કેટલું છે તે કહેતા નથી ! તેમ ભગવાન ઊંડા દિલવાળા એવા, કે બીજાની ભૂલ-પાપ જાણે છતાં તેને અંદરમાં જ ગોપવી રાખે છે. કે કોઈને કહે નહિ, યા દોષિતને પોતાની દાઢમાં ય ન ઘાલે !

એજ રીતે ભગવાનની સહિષ્ણુતા પણ એવી અદ્ભુત હતી કે હાલી-મવાલી ને અનાડી માણસોનું પણ સમતાથી સહન કરી લીધું. મનમાં જરાય અપ્રસન્નતા ન કરી. ભગવાને આ બધા ગુણોને ગમતા કરી, વહાલા કરી, એની એમણે મમતા ધરી ! અને આપણને ગુણો ગમતા નથી એટલે એના પર મમતા પણ નથી; પછી સંયોગવશાત્ દાનગુણ-ક્ષમાગુણ-સહિષ્ણુતાગુણ લાવ્યા પર આનંદ આનંદ શાનો થાય ?

આવા અનંતગુણ સંપન્ન પ્રભુ પાસે કવિ સુખનો પોષ સુખની પુષ્ટિ માગે છે. અહીં પ્રશ્ન થાય-

**પ્રશ્ન** : કવિએ પ્રભુને 'ગુણ સઘળા અંગી કર્યા' તરીકે સ્તવ્યા, એના અનુસંધાનમાં તો, 'દેજો ગુણનો પોષ' માગવું જોઈએ ને ? 'સુખનો' પોષ કેમ માગ્યો ?

**ઉત્તર** : અહીં રહસ્ય સમજવા જેવું છે. કવિએ ભગવાન પાસે સુખનો પોષ માગ્યો તે સામાન્ય સુખનો પોષ નહિ પણ ગુણના સુખનો પોષ યાને પુષ્ટિ માગી. અર્થાત્ ગુણમાં વધતા આનંદ-આનંદ માગ્યો એનું કારણ એ છે કે ગુણનો પોષ માગવામાં ગુણની પુષ્ટિ તો મળે, પણ તે **ગુણમાં જો સુખ-આનંદ આનંદ ન લાગે તો તે ગુણ કારગત ન થાય.**

**પ્રશ્ન** : આપણે ગુણ રાખીએ ને ગુણમાં સુખ ન લાગે એવું બને?

**ઉત્તર** : હા, કેટલીકવાર ગુણની એવી હોંશ ન હોય, છતાં સંયોગવશાત્ ગુણ રાખવો પડે છે. દા.ત. પડોશી કંઈક બોલી ગયો, ને સંયોગવશ આપણે ક્ષમાગુણ રાખ્યો તો ખરો, પરંતુ જો પાછળથી એમ થાય કે 'આને ક્ષમા કરી એ સારું ન કર્યું. એને તો સંભળાવી દેવા જેવું જ હતું...' ઈત્યાદિ, તો અહીં ક્ષમાગુણ તો રાખ્યો પરંતુ એમાં આનંદ-આનંદ ન માન્યો. કવિ એ સમજે છે, કે - **ગુણ**

**મળવા છતાં એમાં જો સુખ નહિ લાગે, તો ગુણ ટકશે નહિ.** એટલે જ પ્રભુને પ્રાર્થના છે કે 'હે પ્રભુ ! આપ અમને ગુણ તો આપજો જ, પણ સાથે એમાં સુખની અનુભૂતિ પણ આપજો. ગુણમાં સુખનું સિંચન દેજો. ધર્મ આપજો સાથે એ ધર્મમાં અમને સુખનો અનુભવ આપજો, યાને આનંદ-આનંદ થાય એવું કરજો.'

ગુણમાં સુખની પુષ્ટિ આવે એટલે ગુણ પર રાજીના રેડ થવાય. દા.ત. તપ ગુણ આવ્યો, તો તપ કર્યા પર રાજીના રેડ થવાય, પછી ભલે કાયા દૂબળી પડી ગઈ. તેમ, દાન કરીને રાજીના રેડ થવાય, પછી ભલે જરા વધુ ખરચાઈ ગયા. એમ ક્ષમા કરીને રાજીના રેડ થવાય, પછી ભલે સામો દબાવીને વટ રાખી ગયો, અને પોતાને દબાવું પડ્યું. આ રાજીના રેડ એ ગુણમાં સુખનો અનુભવ કહેવાય.

સમ્યગ્દર્શન હોય તો ગુણમાં, ધર્મમાં, સાધનામાં... બધે જ પારાવાર સુખ લાગે. એ સુખનો પોષ અહીં ભગવાન પાસે માગ્યો છે. તેમાં આ જ કરવાનું કે દા.ત. શીલ આદિ સુકૃતમાં સુકૃત કર્યા પછી તેના પર રાજીપો આવવો જોઈએ. આ ન હોય તો ગુણ કે ધર્મ કર્યા પર ખેદ થાય. માટે સુખનો પોષ માગ્યો.

**અમદાવાદના બકુભાઈ શેઠ** કોલ્હાપુરમાં અંજનશલાકાના પ્રસંગ પર ગયેલા, ત્યાં બોલી બોલનારા ચીમનભાઈ કડીયા હતા. સૌધર્મ ઈન્દ્ર બનવાની બોલી ચાલતી હતી. એમણે છેલ્લો આંક ૧૩૦૦ રૂા. ની જય બોલાવી. બોલી પછી લખનારે પૂછ્યું : 'ભાઈ ! આ કોની બોલી છે ?' તો કડિયાએ લખાવ્યું : 'લખો નામ શેઠ બકુભાઈ મણિલાલ'. ત્યાં આશ્ચર્ય સાથે બકુભાઈ આનંદ પામ્યા ! કડિયાને આંખમાં ઝળઝળિયાં સાથે કહે છે : 'કડિયા ! તમે સાચા કલ્યાણ મિત્ર છો. મારાથી જાતે બોલી બોલીને લાભ ન લેવાત, તે તમે મને લાભ અપાવીને મહાન ઉપકાર કર્યો ! જાઓ, તમને હંમેશ માટે મારો સ્ટેન્ડિંગ ઓર્ડર, આવો ક્યાંય પણ મોકો હોય તો મને લાભ અપાવજો. મને માત્ર રકમનો આંકડો કહેજો, હું ભરી દઈશ.' આ શું ? દાન ગુણનો આનંદ.

જો ગુણનો સાચો આનંદ હોય તો બીજાના ગુણ પર ઈર્ષ્યા ન થાય. તેમજ બીજાના અવગુણ પર ખાર-દ્વેષ ન થાય તે ય ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે. એમજ બીજામાં ઓછી આરાધના કે ઓછો ગુણ છે, તેમના પ્રત્યે પણ મૈત્રી કરુણાભાવ રાખવાના, કિન્તુ સૂગ કે દ્વેષ નહિ કરવાનો.

જો કે આમ તો આપણાથી ઓછી લાયકાતવાળા નિર્ગુણી પર સહેજે અભાવ-સૂગ થવા સંભવ; તેથી એમના પર આવો મૈત્રી અને કરુણાનો ભાવ રાખવો એ કઠિન છે, પરંતુ ગુણમાં સુખનો પોષ આવે તો આ મૈત્રી આદિ ભાવો સુલભ બની જાય.

**ગજસુકુમાળ મુનિના** માથા પર સસરાએ ખેરના અંગારા મુક્યા ! તો

ગજસુકુમાળે ક્ષમા રાખી તો રાખી, ઉપરાંત એમને એ ક્ષમાગુણનો ભારે આનંદ હતો, માટે જ ક્ષમાની મમતા રાખી સસરાને દોષ ન દેતાં 'મોક્ષની પાઘડી બંધાવી આપનારા' તરીકે ઉપકારી માન્યો ! કવિ કહે છે-

**"મોક્ષ પાઘ બંધાવી સસરાને દોષ નવિ દીધો રે,**
**વેદના અનંત સહી, સમતા રસ પીધો રે,**
**ચિરંજીવો કુંવર મારા ! ગજસુકુમાળ રે."**

જેમ ક્ષમામાં આનંદ તેમ અતુલ વેદના સહન કરવામાં યાને સહિષ્ણુતા ગુણમાં પણ આનંદ માન્યો. આ સહન કરવાનું મળ્યું, તે સારું માન્યું. માટે તો અંગારાને માથું બાળનાર અંગારા ન માન્યા, પણ કર્મ બાળનાર અંગારા માન્યા ! માથું બળતું હતું ત્યારે ગજસુકુમાળ મુનિ આ વિચાર લાવ્યા હશે કે-

**"બળ બળ માથું બળ, તું બળે એમ મારા કર્મ બળે"**

તેમ, ભગવાનની ભક્તિ વગેરે ગુણમાં આનંદ હોય તો એની સામે ખાવા-પીવાનો રસ કે ધન વગેરે તુચ્છ લાગે. જેમકે, ઇન્દ્રને મેરુશિખર પર ભગવાનનો અભિષેક કરવાનો મળ્યો, તો તેનો આનંદ કેવો ? ભગવાનના અભિષેકના આનંદ આગળ ઇન્દ્રને દેવલોકના સુખો તુચ્છ લાગે છે ! કેમકે એ સમજે છે કે **સ્વર્ગના સુખોથી ભવકેદમાંથી મુક્તિ નથી, પણ પ્રભુ-ભક્તિથી ભવકેદમાંથી છુટકારો મળે.** ને એ આનંદ પામે તેવો આનંદ કેદમાં રહીને એને લાડવા-પેંડા ખાવામાં ન હોય. જુઓ **એક ચોરનો દાખલો** -

**એક ચોર** ફાંસીની સજા પામેલો, પણ ફાંસી દેવાય તે પૂર્વે એના રુદનથી પીગળી ત્રણ રાણીઓએ તેને એકેક દિવસ ખવડાવવા-પીવડાવવા વગેરે દ્વારા તેને સુખી કરવાની પ્રવૃત્તિ કરી, પણ એ ફાંસીની સજાવાળાને આનો કશો આનંદ નહોતો. પણ ચોથી અણમાનિતી ગરીબ રાણીએ રાજા પાસેથી ચોર માટે **'અભયદાન'**- ફાંસીની સજામાંથી મુક્તિની ચિઠ્ઠી મેળવી ચોરને આપી. તો એ ચિઠ્ઠી અને મુક્તિ પર ચોરના આનંદનો પાર નહોતો. આ વખતે ચોરને જે આનંદ હોય તેવો આપણને ગુણમાં આનંદ જોઈએ. કેમકે ગુણ એ મુક્તિની ચિઠ્ઠિ છે.

ધર્મમાં ને ગુણમાં આનંદનો પોષ ખંધક મુનિમાં હતો, તેથી જ રાજાને તથા ચામડી ઉતારનારને સગા ભાઇ કરતાં વિશેષ માની આનંદભેર આ ઉગ્ર પરિષહ સહે છે.

સારાંશ, **'પાપો-દુર્ગુણો દૂર કરવામાં અને ધર્મસુકૃતો તથા સદ્ગુણો એકત્રિત કરવામાં મને આનંદ મળો'**- તેમ પૂજ્ય યશોવિજયજી મહારાજે ભગવાન પાસે માગ્યું.

**(ઇતિ શ્રી ઋષભજિન સ્તવન વિવેચના)**

# શ્રી અજિતનાથ જિનસ્તવન-૨

**અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે,**
**માલતી ફૂલે મોહીયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે, અ૦ ૧**
**ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલ્લર હો રતિ પામે મરાલ કે,**
**સરવર જલધર જળ વિના, નવિ ચાહે હો જિમ ચાતક બાળ કે...૨**
**કોકિલ-કલ-કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે,**
**આછા તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોયે ગુણનો પ્યાર કે...૩**
**કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે,**
**ગૌરી ગિરીશ, ગિરિધર વિના, નવિં ચાહે હો કમલા નિજ ચિત્ત કે. ૪**
**તિમ મુજ મન પ્રભુશું રમ્યું, બીજા શું હો નવિ આવે દાય કે,**
**શ્રી નયવિજય વિબુધ તણો, વાચકયશ હો નિતનિત ગુણ ગાય કે. ૫**

## શ્રી અજિતનાથ જિન સ્તવન વિવેચના

**અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે,**
**માલતી ફૂલે મોહીયો, કિમ બેસે હો બાવળ તરુ ભૃંગ કે, અજિત જિણંદશું. ૧**

**ભાવાર્થ** :- મારે અજિત જિનેશ્વર સાથે પ્રીતિ છે. એ પ્રભુ જ મને ગમે છે, (એ પ્રભુનો જ સંગ મને ગમે છે) હવે મને અન્યનો સંગ ગમતો નથી. શું માલતીના પુષ્પમાં મોહિત થયેલ ભમરો બાવળના વૃક્ષ પર બેસે ? (અર્થાત્ ન જ બેસે.)

**વિવેચન** :- **'અજિત જિણંદશું પ્રીતડી,'** મારે અજિતનાથ ભગવાન સાથે પ્રીત છે. એટલે એમનો જ સંગ મને ગમે છે. મને બીજા સાથે એવી પ્રીત નથી તેથી બીજાનો સંગ મને નથી ગમતો. બીજાનો સંગ એટલે મિથ્યા દેવી-દેવતાનો સંગ, ને જગતના જડ-ચેતન પદાર્થોનો મને એવો સંગ નથી ગમતો. અલબત એના સંગમાં રહેવું પડે છે, પરંતુ હૃદયથી રુચતું નથી; હૃદયથી તો પ્રભુનો જ સંગ રુચે છે, એટલે હૃદયમાં પ્રભુ બહુ આવ્યા કરે છે. અહીં પ્રશ્ન થાય,—

**પ્રશ્ન** : કવિએ તો આ કહ્યું, પરંતુ આપણી જાત માટે તપાસીએ કે 'આપણે ભગવાનના સંગને કેટલો ગમતો કરીએ છીએ ? શું વાસ્તવમાં આપણને ભગવાનનો સંગ ગમે છે ?' આ વિચારતાં ઠેકાણું નથી દેખાતું. જો ભગવાનનો જ સંગ ગમતો હોય, તો આપણે ભગવાનને ક્યાં યાદ કરીએ છીએ ? શું ખાનપાનમાં યાદ કરીએ છીએ ? કે ઘર-રસોડું સંભાળતાં ? ભગવાનને ક્યાં યાદ કરીએ છીએ ? શું

વહાલા-વહાલેસરી સાથે વાતો કરતાં પ્રભુને યાદ કરીએ છીએ ? ત્યારે કવિએ આ કહ્યું તે શી રીતે બોલવું કે 'મને ભગવાન સાથે એવી પ્રીત છે કે મને ભગવાનનો જ સંગ ગમે છે, બીજાનો સંગ નથી ગમતો ?

**ઉત્તર :** મને ભગવાનનો સંગ ગમે છે એમ કહેવામાં કવિનો ભાવ આ છે, કે 'બધી વાતમાં હું ભગવાનને સાથે રાખું છું, અર્થાત્ ભગવાનને આગળ કરું છું.'

**'આગળ કરું છું' એના બે અર્થ :-**

(૧) બધાં કામ ભગવાનની આજ્ઞા યાદ કરીને કરું છું.

(૨) બધાં કામ ભગવાનના સ્મરણપૂર્વક કરું છું.

**(૧) જિનાજ્ઞા યાદ કરીને :-**

શાસ્ત્રે શ્રાવક માટે કહ્યું 'શ્રાવક પરલોક પ્રધાન જીવન જીવે' અર્થાત્ ખાનપાન, અર્થઉપાર્જન, કુટુંબપાલન અને બીજા વ્યવહારિક કાર્યો કરતો હોય એમાં શાસ્ત્રની-જિનની આજ્ઞાથી પરલોકદષ્ટિ મુખ્ય રાખે.

**પરલોકદષ્ટિ મુખ્ય રાખે એટલે ?**

દા.ત. ખાનપાનમાં 'કોઈ અભક્ષ્ય-ભક્ષણ વગેરે તો નથી થતું ને ?' એ ખાસ જુએ. એમ ખાનપાન કરતાં 'એવી રસગૃદ્ધિ વગેરેથી પરલોક ન બગડે' એ જુએ. જિનાજ્ઞાપાલન માટે સદા સાવધાન હોય, ખાનપાનાદિ પ્રવૃત્તિમાં ભગવાનના વચનથી વિરુદ્ધ ન વર્તાઇ જાય એનું ધ્યાન રાખે, આમાં મારો પરલોક ન બગડે, એનું ખાસ લક્ષ રાખે. એને મન આ લોકના સુખ ગૌણ હોય, તેથી ખાનપાનાદિ સુખ વિલાસમાં આંધળિયાં ન કરે કે જેથી ચીકણાં કર્મ બંધાય, ને પાપ-સંસ્કારો ઊભા થઇ પરલોક ખરાબ ખસ્ત થઇ જાય ! પ્રભુનો જ સંગ ગમે છે. એટલે, 'પ્રભુએ કહ્યા અનુસાર સાધુ કે શ્રાવકનું જીવન પોતે જીવી રહ્યો છે ને ?' એ ખાસ ધ્યાન રાખે.

દરેક વાતમાં 'પ્રભુને આગળ કરે' એનો આ એક અર્થ થયો કે પ્રભુની આજ્ઞા યા પરલોક જરાય ભૂલીને પ્રવૃત્તિ ન કરે. પછી દા.ત. સામેથી કોઇ ખોટી રીતે કષાય કરતો કે કજીયો કરતો આવ્યો, તો ત્યાં પોતે દિલમાં જિનવચન યાદ રાખીને ખામોશી રાખે, સમતાભાવ રાખે, દિલને ડર હોય કે 'જેની ખાતર કષાય કરું, કજિયો કરું, એ પદાર્થ કે પ્રસંગ તો ક્ષણિક વસ્તુ છે, નાશવંત છે; જ્યારે એ કષાય-કજિયાના પાપ પરલોકે દીર્ઘ દુર્ગતિના દુ:ખો આપનારાં છે. તેમજ કષાય-કજિયાના સંસ્કાર પરલોકે પાપિષ્ટ બુદ્ધિની હારમાળા ચલાવનારા છે !'

આ એક અર્થ પ્રભુને આગળ કરે એનો, હવે બીજો અર્થ-

**(૨) પ્રભુને યાદ કરીને જ બધું કરે :-**

બીજો અર્થ એ કે દરેક કામમાં પ્રભુને યાદ કરવાનું ન ભૂલે; દા.ત. 'નમો અરિહંતાણં' યા 'નમો જિણાણં જિઅભયાણં' એમ દરેક કાર્યના પ્રારંભે યાદ કરે. એવી રીતે ધાર્મિક પ્રવૃત્તિ કરે ત્યાં 'આ મારા ભગવાનની આજ્ઞા છે માટે કરું છું' એવું યાદ કરીને કરે. દા.ત. શાસ્ત્રમાં કહ્યું છે કે-

**'आणंति वेयावडियं कुज्जा'**

અર્થાત્ દેવ-ગુરુ કે સંઘની સેવા-વૈયાવચ્ચ કરે ત્યાં એમ યાદ કરીને કરે કે 'આ જિનાજ્ઞા આગળ કરીને (યાદ કરીને) કરું' એમ પાપત્યાગ કરે એ પણ 'આ ભગવાનની આજ્ઞા માટે કરું' એમ યાદ કરીને કરે. એમાં ચાર લાભ-

**જિનાજ્ઞા યાદ કરવાના ૪ લાભ :**

(૧) પાપત્યાગ યા ધર્મ-સુકૃત સેવવાનો લાભ તો છે જ, ઉપરાંત વધારામાં

(૨) ભગવાનને યાદ કર્યા, ભગવાનની આજ્ઞા યાદ કરી એમાં સમ્યગ્દર્શન નિર્મળ થાય.

(૩) નિરાશંસભાવનો લાભ થાય. અર્થાત્, ધર્મ કરીને બદલામાં આલોક-પરલોકે સુખ લેવાનું મન ન રહે. કોઈ પૂછે 'ધર્મ કેમ કરો છો ?' તો જવાબમાં એમ જ કહેવાય કે 'ભગવાનની આજ્ઞા છે માટે કરું છું. **આ જીવનમાં જેટલી પ્રભુની આજ્ઞા પળાય એટલી આ માનવજનમની કૃતકૃત્યતા, સફળતા, ધન્યતા.'**

(૪) ભગવાનને દરેક કામમાં આગળ કરવામાં લાભ એ પણ થાય કે મનને શ્રદ્ધા રહે. તે માત્ર અરિહંતદેવ પર શ્રદ્ધા નહિ, કિન્તુ અરિહંતના પ્રભાવ પર પણ શ્રદ્ધા, કે 'દરેક કાર્યમાં સફળતા મલે તો તે ભગવાનના પ્રભાવે જ મળે. અરિહંતના પ્રભાવે જ બધું સારું થાય છે.'

માટે આવી અરિહંતના પ્રભાવ ઉપર શ્રદ્ધા સદા બની રહે તો વાતવાતમાં ભગવાનને આગળ કરવાનું કેમ ભૂલાય ?

**પ્રશ્ન :** શું સંસારના કાર્ય માટે ભગવાનને આગળ કરાય ?

**ઉત્તર : 'શ્રાદ્ધવિધિ'** શાસ્ત્ર કહે છે કે 'શ્રાવક કોઈ મોટા વેપારનો સોદો કરવા જાય ત્યારે સફળતા માટે નવકાર સ્મરણ કરે, ગૌતમસ્વામીનું નામ સંભારે અને દેવ-ગુરુને ભેટણું કરે.' શાસ્ત્રે આ કહ્યું, એમાં સંસારના કાર્યમાં ભગવાનને આગળ કરવાનું કહ્યું કે નહીં ? શ્રાવક સંસારનું કોઈ મોટું કાર્ય કરવા જાય ત્યારે સહેજે ઈચ્છે કે 'આ મારું કાર્ય સફળ થાય, લાભ આપનારું થાય' નહિતર તો જો લાભની ઈચ્છા જ ન હોય તો શું સાંસારિક કાર્ય કરે તે નિષ્ફળતા માટે કરે ? યા શું નુકશાન માટે કરે ? લાભની આકાંક્ષા એને અવશ્ય હોય. હવે જો લાભની આકાંક્ષા છે, તો એ લાભ માટે શું એણે મિથ્યાદૃષ્ટિ દેવ-દેવીને માનવા પૂજવા ?

એને સચોટ શ્રદ્ધા છે કે 'મારા અરિહંતદેવ સર્વસમર્થ છે' તેથી અરિહંતને જ લાગે, મોટું કામ છે એટલે સહેજે પ્રભુ નામમંગળ ધર્મમંગળનો સહારો લે જ. પ્રભુને આગળ કરો એનો એક અર્થ આ છે.

એટલે તો **પંચાશક** આદિ શાસ્ત્રમાં સૌભાગ્યાદિ માટે તપ કરવાનું કહ્યું છે, કેમકે એમાં જિનેશ્વર ભગવાનની આજ્ઞા આગળ કરાય છે.

**પ્રશ્ન :** શું આ સૌભાગ્યાદિરૂપ સંસારની ચીજ માટે તપ કરાય એ ધર્મ છે ?

**ઉત્તર :** હા, આ તપ બીજા કોઈનો કહેલો નહિ, પરંતુ અરિહંતે કહેલો જ કરવાનો છે. એટલે એમાં અરિહંતની આજ્ઞાનું અનુસંધાન છે, તેથી એ તપ એ પાપ નહિ, પણ ધર્મ છે. માટે જ તે તપમાં 'અચિત્ત (ઉકાળેલું) જ પાણી વાપરવાનું, સચિત-ત્યાગ રાખવાનો, જિનભક્તિ કરવાની...' ઇત્યાદિ સાચવવાનું હોય છે. એમાં 'અરિહંત ભગવાનને જ આગળ કર્યા, એમની આજ્ઞા આગળ કરી' એ મહત્ત્વનું છે. માટે એ સૌભાગ્ય આદિ તપ એ પાપક્રિયા નહિ, પણ ઉપાદેય ધર્મક્રિયા કહી છે.

કવિએ સ્તવનમાં 'મને અજિત જિણંદ પર જ પ્રેમ, મને એમનો જ સંગ ગમે, બીજાનો સંગ ન ગમે' એ બહુ માર્કાની વાત કરી. કેમકે મોક્ષમાર્ગનો પાયો સમ્યગ્દર્શન; અને સમ્યગ્દર્શનીનું દિલ આવું જ હોય કે એ અરિહંતદેવ ઉપર સર્વેસર્વા આફરીન હોય, ઓવારી ગયેલું હોય. તેથી જ એ વાતવાતમાં અરિહંતને જ આગળ કરે. એ સમજે છે કે,

**'જગતમાં જ્યારે ભવયાત્રા પડતી મૂકી મોક્ષયાત્રા માંડી છે તો એ યાત્રામાં સથવારા તરીકે કોઈ સ્નેહી જોઈએ; ને તેવા સ્નેહી તરીકે અરિહંત દેવ જ છે.**

અરિહંત જેવા અન્ય સ્નેહી નથી કે જે મોક્ષયાત્રામાં હૂંફ-સહાય-આશ્વાસન ને પ્રેરણા આપે, તેથી અરિહંતને આગળ કર્યા તેણે મોક્ષને આગળ કર્યો. માટે જ કહ્યું "મને ન ગમે બીજાનો સંગ" 'બીજાનો સંગ' એટલે

(૧) અન્ય દેવ-દેવીનો સંગ,

(૨) દુનીયાની જડ સંપત્તિનો સંગ,

(૩) કુટુંબ પરિવારની માયા મમતાનો સંગ, હવે મને ન ગમે.

**પ્રશ્ન :** જો આ સંગો નથી ગમતા, તો ઘરબાર સંપત્તિ આદિ રાખ્યા તો છે ?

**ઉત્તર :** અલબત એ રાખ્યા છે, ને એ હાલ એને છોડી શક્તો નથી, પરંતુ એ ભવી જીવ એને ફાંસલો સમજે છે. એટલે જ અંતરથી એનાથી અલિપ્ત જેવો રહે છે. માટે તો કહ્યું છે...

**"સમકિત દષ્ટિ જીવડો, કરે કુટુંબ-પ્રતિપાલ,**
**અંતરથી ન્યારો રહે, જિમ ધાવ ખેલાવત બાળ."**

જેમ એકનો એક જુવાન છોકરો મરી ગયો તો તેના મા-બાપ આદિ પછી ખાય ખરા, પણ અંતરથી ખાવાનું બિલકુલ ન ગમે, એમ પ્રભુભક્ત સમકિતી જીવો માલ-મિલકત-પરિવારને સંભાળે ખરા, પણ અંદરથી ન્યારા રહે. એ તાત્પર્યથી કહ્યું- 'બીજાનો સંગ ગમતો નથી.' એમાં મિથ્યા દેવ-દેવીઓ કે જડ ચેતન સુખ-સાધનો-પૈસા-પરિવાર આદિનો સંગ ન ગમે.

**પ્રશ્ન :** સાંસારિક માલમિલકત-પરિવારથી તો સુખનો અનુભવ થાય છે. પછી સાંસારિક માલમિલકત-પરિવારનો સંગ શી રીતે અણગમતો બને ?

**ઉત્તર :** 'એમાં ખૂબ પાપ વિકલ્પો, રાગાદિ સંકલેશો, પાપ વાણી, પાપ-વિચારો, પાપી વર્તાવ... આદિ કરવા પડે છે, ને તેથી અગણિત ભવપરંપરાનું સર્જન થાય છે' એ વિચારથી જો મનમાં દુઃખ રહ્યા કરે, તો સહેજે એ બધું અણગમતું બન્યું રહે. એનું જ નામ બીજાનો સંગ ન ગમે. હવે કવિ પ્રભુ પ્રત્યેની ભક્તિને ભ્રમર વગેરેના દૃષ્ટાન્તોથી પોતાના દિલમાં ઉલ્લસિત અને પ્રજ્વલિત કરે છે.

**માલતી ફૂલે મોહીયો :**

ભમરાને જેમ માલતિ ફૂલ પર સ્નેહ છે, તો તે જઇ જઇને એના પર બેસે છે. એને ત્યાંથી હટાવો તોય એ પાસેના બાવળિયા પર જઇને નહિ બેસે, 'અરે ! એને બાવળ સામું જોવાનુંય મન થતું નથી, તેમ મને ભગવાન અરિહંત પર સ્નેહ છે તેથી જ અરિહંતને છોડીને અન્ય કોઇનામાંય મન બેસતું નથી. મન જઇ જઇને અરિહંતમાં જ બેસે છે. પછી ખાનપાનાદિ ક્રિયા વખતે પણ મનને સંગ એનો ગમતો નથી, અરિહંતનો જ સંગ ગમે છે.

**પ્રશ્ન :** ખાનપાનાદિ ક્રિયામાં મન તો ગયેલું છે. પછી ત્યાં મન અરિહંતમાં રહેલું શી રીતે ગણાય ?

**ઉત્તર :** જેમ હમણા પરણેલી પતિવ્રતા સ્ત્રી ઘરનાં બધા કામ કરતી હોય પરંતુ એનું મન પોતાના પ્રિય પતિમાં રહ્યા કરે છે. ઉપા. યશોવિજયજી મહારાજ કહે છે- **'જિમ મહિલાનું વહાલા ઉપરે, ઘરનાં કામ કરંત'**

એમ આપણને જો અરિહંત પ્રિય છે, તો બીજા ત્રીજા કામ વખતે પણ મન અરિહંતમાં રહ્યા કરે એમાં નવાઇ નથી.

**અરિહંત જ કેમ પ્રિય ?**

કારણ કે - અરિહંત જગહિત વત્સલ છે, આપણા એક માત્ર તારણહાર છે.

**રોહિણિયા ચોરને ભગવાન કેમ ગમ્યા ?**

રોહિણિયા ચોરને ભગવાન નહોતા ગમ્યા ત્યાં સુધી ચોર હતો, પણ એમાં ભગવાનના વચને જીવતદાન મળ્યું, પૂર્વે ભગવાનના ત્રણ વચન સાંભળવા મળેલા,

તેથી એના આધારે અભયકુમારની જાળમાંથી છુટકારો મળ્યો, તેથી તેના મનમાં આ બેસી ગયું કે

**'ભગવાનના ત્રણ વચને મને મરતો બચાવ્યો, તો ભગવાનના હજારો વચનો મારું શું હિત ન કરે ?'**

તે અભયકુમારની ચુંગાલમાંથી છૂટેલો રોહિણિયો, હવે એને ભગવાનનો જ સંગ ગમ્યો, તે એ સીધો ચાલ્યો ભગવાન પાસે ! જાણો છો ને એનો પ્રસંગ ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૩,અંક-૩૭,તા.૩૧-૫-૧૯૮૬**

**શ્રેણિક રાજાના** વખતમાં **રોહિણિયો અઠંગ ચોર !** ચોરીઓ કરે, પણ પકડાય નહિ. એમાં એકવાર રાજાએ પાકી તપાસ મૂકેલી, તે એમ જ પકડાઇ જવાનો હતો, પરંતુ એને ખબર પડી ગઇ કે પાછળ પોલીસ દોડે છે તેથી એ જોરથી ટ્રાફિકની વચમાંથી આડો ટેઢો થતો દોડ્યો. નીકળ્યો નગર બહાર, પણ ત્યાં ભગવાનનું સમવસરણ મંડાઇ ગયેલું ! હવે એના બાપે તો અંતકાળે કબૂલ કરાવ્યું છે કે 'વર્ધમાનનું વચન સાંભળતો નહિ,' એટલે જો ભગવાન એક દિશામાં, તો એણે તો બીજી દિશામાં જવાનું હતું; પરંતુ અહીં શું કરે ? દિશા બદલવા જાય ને સિપાઇઓના હાથમાં પકડાઇ જાય તો ? એટલે ન છૂટકે, સમવસરણ જમીનથી અદ્ધર હોય છે, ને એની નીચેથી દોડવું પડ્યું, પરંતુ બે કાનમાં આંગળા ખોસીને દોડ્યે જાય છે. કેમકે- 'ઉપર ભગવાનની જોજનગામિની દેશના વરસી રહી છે, એ સંભળાઇ ન જવી જોઇએ.'

## રોહિણિયો કેવો અભાગિયો ?

અહીં દોડતાં પણ સહેજે ભગવાનની અમૃતવાણી રોહિણિયાને સાંભળવા મળે છે, પરંતુ એને સાંભળવી જ નથી ! આજે એવા અભાગિયા જીવો હોય છે. ગામમાં મહારાજ આવ્યા હોય, વ્યાખ્યાન ચાલતું હોય, પણ બીક છે કે 'મહારાજનું સાંભળીએ તો અસર થઇ જાય ! ને ધર્મ લેવો પડે, બે પૈસા ધર્મમાં ખરચવા પડે, ત્યાગની શીલની બાધા કરવાનું મન થઇ જાય ! માટે સાંભળવા જ ન જવું.' આમ જિનવાણીથી આઘા રહેનારા, એ રોહિણિયાના ભાઇબંધ જ ને ?

પણ રોહિણિયાને, જુઓ, એનો આગળ પર ભાગ્યોદય થવાનો હશે, તે દોડતો જતાં પગમાં કાંટો ભોંકાયો ! હવે દોડે શી રીતે ? જો પગમાંથી કાંટો કાઢવા એક હાથ કાનમાંથી કાઢે, તો ભગવાનની વાણી સંભળાઇ જાય! ને કાંટો ન કાઢે તો ત્યાં જ ઊભો રહેતાં પાછળથી સિપાઇઓ આવીને પકડી લે તો ? એટલે ન

છૂટકે, એક હાથ કાનમાંથી કાઢી કાંટો તરત જ હાથેથી પકડી ખેંચી કાઢે છે, પરંતુ એટલામાં ભગવાનનાં ત્રણ વચન સંભળાઇ ગયા!

(૧) દેવતાની આંખ પલકારા ન લે, ઉઘાડ-વાસ ન થાય.

(૨) દેવતા જમીનને અડીને ન ઊભા રહે, ચાર આંગળ અદ્ધર રહે.

(૩) દેવતાના ગળામાં ફૂલની માળા કરમાય નહિ.

આ વચન સંભળાઇ ગયા, તે આવા કે 'નથી સાંભળવું, નથી સાંભળવું' કરો એ સંભળાતાં હૈયામાં ચોંટી જાય ! તે ત્રણ વચન રોહિણિયાના મનમાં ચોંટી ગયા. એ તો ત્યાંથી પછી દોડીને ભાગ્યો. સિપાઇઓની પકડમાંથી બચી ગયો. એટલે હાશ ! કરે છે, 'હાશ ! સિપાઇઓની પકડમાંથી બચ્યો !' પરંતુ 'હાશ ! ભગવાનનાં ત્રણ વચન સંભળાયા !' એ હાશ નહિ ! ભગવાનના ત્રણ વચન સંભળાઇ ગયા એની તો હાય કરે છે કે "હાય ! ક્યાં વર્ધમાનનું આટલું સંભળાઇ ગયું ? બાપને આપેલો કોલ કે 'નહિ સાંભળું,' તે કોલ, હાય ! ભંગાયો !" કેવો અબૂઝ છે ! જે આ જ ત્રણ વચન એને આગળ પર એનું પોતાનું જીવન બચાવનાર બનવાના છે, એને માટે અત્યારે 'હાય !' કરે છે કે 'હાય ! ક્યાં સંભળાઇ ગયા ?'

પછી તો બીજી વાર ખાસો પકડાઇ ગયો, રાજસભામાં એને ખડો કરવામાં આવ્યો.

રાજા પૂછે : 'તારું નામ શું ?'

રોહિણિયો કહે : 'નત્થુભાઇ.'

'તારા બાપનું નામ શું ?

'મથુરભાઇ'

'ક્યાં રહે છે ?'

ચોર કહે, 'બાજુના... ગામમાં.'

'શું કરે છે ?'

'ફેરી.'

રાજાએ ઘોડેસ્વાર સિપાઇને મોકલી એ ગામમાં તપાસ કરાવી, તો બરાબર એ જ હકીકત મળી. નથુભાઇ મથુરભાઇ અહીં રહે છે, ફેરી કરવા ગયા છે, તેથી ઘર બંધ છે ! સિપાઇએ આવીને રાજાને ખબર આપી.

રાજા કહે : 'ભલે શાહુકારી કરે, પણ આ લુચ્ચો એ જ રોહિણિયો ચોર છે એને નાખો જેલમાં, અભયકુમાર કહે : 'મહારાજ ! ગુનો સાબિત થયા વિના જેલમાં ન પૂરાય, એને છોડી દો.' રાજા કહે : 'અરે અભય ! આ તું શું કહે છે ? ચોર હાથમાંથી જશે !' અભયકુમાર કહે ! સાહેબ ! જાય તો જાય, પણ આપણાથી

અન્યાય ન થાય, ન્યાય તે ન્યાય. ગુનેગારને દંડ, બિન-ગુનેગારને સન્માન !

રોહિણિયાને છોડ્યો, હવે અભયકુમાર એને કહે : ભાઈસાબ! માફ કરજો; તમારા જેવા સારા માણસને ચોર તરીકે અહીં પકડી લાવવા પડ્યા, ને અહીં હાજરી લેવી પડી, તો હવે બહાર તમારું હલકું ન બોલાય માટે તમારું અમારે સ્વાગત કરવું પડે તો પધારો જમવા, અમારી સાથે જમીને જજો !

રોહિણિયો ફુલાયો કે વાહ ! મોટો મંત્રી મારું સન્માન કરે છે ! ચાલો, અભયકુમારે લઈ જઈ જમાડ્યો, દહીંમાં ચંદ્રહાસ દારૂ વપરાવ્યો, પછી જવા વખતે અભયકુમાર કહે : હમણા તાપમાં ક્યાં જશો ? હમણાં જમ્યા છો તો અહીં આરામ કરો, પછી ઠંડા પહોરે જજો. બસ ત્યાં સુવાડ્યા, દરમ્યાન અભયકુમારે હવેલીનો ઉપરનો મજલો દેવલોક જેવો શણગારાવી ત્યાં રૂપાળી યુવાન યુવતીઓને શું કરવું તે સમજાવીને દેવી દેવતા જેવા ઊભા કરાવેલા.

અહીં રોહિણિયો દારૂના નશામાં ઘસઘસાટ ઘોરતો હતો. એને દેવતાઈ વેશ પહેરાવ્યો, અલંકાર પહેરાવ્યા ને એને ઉઠાવીને ઉપર પલંગ પર ફૂલની શય્યામાં સુવડાવવામાં આવ્યો. ૭-૮ કલાકે જ્યારે જાગ્યો, શરીર પરથી રેશમી ચાદર દૂર કરી બેઠો થાય છે ત્યાં દેવતાઈ વાજિંત્ર ચાલી રહ્યા છે, કૃત્રિમ દેવાંગનાઓ 'જય જય નંદા ! જય જય ભદ્દા ! સ્વામીનાથ ! આજે તમારો દેવલોકમાં જનમ થયો ! અમારા જુના સ્વામીદેવ કાળ કરી ગયા, હવે તમે અમારા પ્રાણનાથ દેવ બન્યા, કહો તો ખરા સ્વામી ! તમે પૂર્વજન્મમાં શું શું કરેલું ?' રોહિણિયાને તાજો જ કેફ ઉતરેલો તે વિમાસણમાં પડ્યો.

'હેં ત્યારે ! હું રોહિણિયા તરીકે મરી ગયો ? ને અહીં દેવતા તરીકે જન્મી ગયો ? લાગે છે તો એવું જ; આ બધા દેવી-દેવતાઓ દેવતાઈ વાજિંત્રના નાદ ! ચારે બાજુ દેવતાઈ ઠાઠ ! સાચેસાચ લાગે છે કે હું દેવલોકમાં જન્મી ગયો ! હવે આ લોક પૂછે છે પૂર્વે શું શું કરેલું ? ત્યારે લાવને કહી દે ને કે મેં તો ચોરીઓ કરેલી, અહીં હવે ક્યાં શ્રેણિકના સિપાઈડા પકડવા આવવાના છે ?'

એમ એને ચોરીઓ કર્યાનું, ને તે પણ આવી આવી સીફતથી ચોરીઓ કરેલી વગેરે કહેવાનું ઠેઠ ગળા સુધી આવી ગયું ! ને જો એ કહી દે, તો તરત અભયકુમારના માણસો એને પકડી લેવા તૈયાર હતા; ને પછી તો ભાઈના બાર જ વાગી જાત ! પરંતુ ત્યાં એને ભગવાનના પેલા ત્રણ વચન યાદ આવી ગયા. એટલે તરત જુએ છે, કે ભગવાને તો કહેલું કે 'દેવતાઓની આંખ પલકારા ન લે, એ જમીનથી ચાર આંગળ અદ્ધર ઊભા રહે, એમના ગળામાંની માળા કરમાય નહિ.' જ્યારે અહીં તો આ લોકોની આંખ તો ઉઘાડમીંચ થાય છે, જમીનને ચોંટીને ઊભા

છે, ગળામાંની ફૂલમાળા કરમાઇ ગયેલી છે, તો નક્કી આ દેવી દેવતાય નથી, ને આ દેવલોકેય નથી, પણ આ અભયકુમારની મને પકડવા માટેની જાળ છે. તો ફિકર નહિ...એ બુદ્ધિમાન છે, તો હું હવે ભગવાનના વચનથી મહાબુદ્ધિમાન છું, હું હવે બરાબર જવાબ દઇ દઉં છું, એમ કહી જ્યાં પેલીઓ પૂછે : કહો તો ખરા સ્વામીનાથ ! તમે પૂર્વભવમાં શું શું કરેલું ? આપણે અહીં રિવાજ છે કે પૂર્વભવની વિગત કહેવી; માટે કહો, સંકોચ રાખશો નહિ. ત્યારે રોહિણિયો કહે : 'અહોહો ! આ તો મારે મોંઢે સુકૃત શી રીતે કહેવાય ? તે હું શરમાતો હતો; પણ હવે તમારો બહુ આગ્રહ છે તો લો કહું છું : 'મેં પૂર્વભવમાં દેરાસર બંધાવેલ. પૌષધશાળા, ધર્મશાળા બંધાવેલી, યાત્રાસંઘ કાઢેલો.'

પેલીઓ કહે : 'હાં પછી ?

આ કહે : 'અરે ! તપસ્યાઓ બહુ કરેલી, ખૂબ દાન દીધેલાં, શીલ-બ્રહ્મચર્ય પાળેલા.'

પેલીઓ કહે : 'હાં, પછી ? બીજું કાંઇ કરેલું ?'

આ કહે : 'પછી શું પૂછો છો ? બીજું કાંઇ એટલે ? શું પાપો કરીને દેવલોકમાં અવાય છે ? બસ, ધર્મ જ કરેલો.'

બસ, પત્યું. અભયકુમારને માણસો નીચે જઇને આ ખબર આપે છે. એટલે અભયકુમારે જોયું કે 'ગુનો કબૂલ નથી કરતો, તો એને છોડી દેવો જોઇએ' એટલે એને છોડી મૂક્યો.

રોહિણિયો વિચાર કરે છે કે 'અહોહો ! આ ભગવાનના ત્રણ વચને મને કેવો બચાવી લીધો ! હું તો જીવનની ચોરીઓ કહી દેવાની તૈયારીમાં હતો તે કહી દીધી હોત, તો તો પછી રાજા શ્રેણિક મને કૂતરાના મોતે મારત ! આ એમાંથી બચી ગયો તે ભગવાનનાં ત્રણ વચન અનિચ્છાએ પણ સંભળાઇ ગયેલા એના પ્રતાપે બચ્યો. જેના ત્રણ વચને અહીં જીવતદાન, એની જીવનભર વાણી સાંભળું તો કેવો ન્યાલ થઇ જાઉં ? આ ભવસાગરમાં જનમ-મરણ જ અટકી જાય. માટે હવે તો મારે એ પ્રભુનું શરણ હો, એમ કરી ચાલ્યો સીધો મહાવીર ભગવાનના શરણે; અને ભગવાનને કહે છે : તારણહાર પ્રભુ ! આપના ત્રણ વચને જીવતે જીવતો બચ્યો છું ! હવે તમારે જ શરણે આવ્યો છું, મને ચારિત્ર આપી આપનું શરણું આપો, પ્રભુએ એને ચારિત્ર આપ્યું.

રોહિણિયાએ ચારિત્ર લીધું તે સાંભળી અભયકુમાર દોડતા આવ્યા, ને ધન્યવાદ આપે છે, તમે જ ચોર મટી સાચા શાહુકાર બન્યા છો, અમે શાહુકાર કહેવાતા છતાં પરપુદ્‌ગલની ચોરી કરતા બેઠા છીએ.

રોહિણિયાને પ્રભુનો જ સંગ ગમ્યો, તે માત્ર ચોરી જ નહિ, પણ આખો સંસાર છોડી દીધો.

**ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલ્લર હો રતિ પામે મરાલ કે,**

**સરવર જલધર જળ વિના, નવિ ચાહે હો જિમ ચાતક બાળ કે...૨**

**ભાવાર્થ :-** ગંગાના જળમાં રમવાને ટેવાયેલા રાજહંસ શું ખાબોચિયાના છીછરા જળમાં આનંદ પામે ? વળી સરવર વરસતા મેઘના જળ વિના ચાતકનું બાળક જગતના કોઈ પણ જળને ચાહતું નથી.

**વિવેચન :-** કવિને અરિહંત સિવાય અન્યમાં સ્નેહ પ્રેમ નથી તે માટેનું બીજું ઉદાહરણ કહે છે, કે ગંગાજળના નિર્મળ ઊંડા જળમાં જેણે મસ્તી માણી હોય, તેવા હંસને ખાબોચિયાના ગંદા છીછરા બંધિયાર જળમાં આનંદ આવે ? અર્થાત્ ન આવે.

તેવી જ રીતે ભક્તે અરિહંતને જોયા જાણ્યા પછી બીજું બધું એને ફિક્કું લાગે છે. પૂછો 'એવું તે શું છે અરિહંત ભગવાનમાં ? ઉત્તર એ છે કે અરિહંત ભગવાનના ૩૪ અતિશયોનો જોટો જગતમાં જડવો મુશ્કેલ છે. જગતમાં ભગવાન અને દેવનું બિરુદ લઈને ઘણાં રખડે છે, પણ ભગવાન જેવા અતિશય અને પ્રાતિહાર્યની શોભા તેમની પાસે નથી. ભગવાનની વાણીના ૩૫ અતિશયનો મુકાબલો કરી શકનાર કોઈ નથી. ભગવાનની એવી વાણીનો રસ કેવો ? ડોશી જંગલમાંથી લાકડાનો ભારો લઈને પાછી ફરતાં ભારામાંથી એક લાકડું પડી ગયું તે લેવા વાંકી વળી, ને ભગવાનની વાણી સંભળાઈ તો તે જ રીતે વાંકી ને વાંકી રહી સાંભળવામાં લીન બની ગઈ ! કેવોક રસ લાગ્યો હશે !

ભગવાન ગંગાજળ જેવા એટલે અદ્‌ભુત અતિઉત્તમ ઢગલાબંધ સદ્‌ગુણો અને સુકૃતોથી ભરેલા છે. એની વિચારણામાં રમનારને મિથ્યાદેવોના ખાબોચિયાં જળ જેવાં ગુણોમાં રમવાનું મન જ શાનું થાય ? મહાવીર ભગવાન સમકિત પામ્યા પછી અજબ ગજબના પરાક્રમ કરે છે. પ્રથમ ભવમાં પ્રભુનો જીવ નયસાર જંગલમાં જમતા પહેલાં અતિથિ શોધે છે ! ધર્મ પામ્યા પછી સમકિતની આરાધના એવી કે મરીને દેવલોકમાં ! પછી મરિચિના ભવમાં સમવસરણ જોતાં જ જોરદાર વૈરાગ્ય પામ્યા ! તે ઉપર જઈ સીધી દીક્ષા જ લઈ લીધી ! આગળ વિશ્વભૂતિ મુનિ, પ્રિયમિત્ર ચક્રવર્તી મુનિ, નંદન રાજર્ષિ વગેરે અવતારોમાં કેવા કેવા.ગજબના ગુણો સુકૃતો ! કવિ આ જ કહે છે. ગંગાજળમાં રમનારા હંસને છીછરા-ગંદા ખાબોચિયાના જળમાં શાનો રતિ = આનંદ થાય ? એવી રીતે જેમ ભ્રમર માલતીના ફૂલમાં મોહ પામ્યો છે તો વારે વારે ત્યાં જઈને બેસે છે, ને હંસને ગંગાજળમાં મહાલવાનો શોખ લાગ્યો છે, તો વારે વારે ગંગાજળને જ યાદ કરે છે, ને એમાં જ જઈ ઝીલે

છે, એને એનો જ રસ બીજાનો નહીં, તેમ આપણને પણ જો ભગવાનના ગુણોનો જ રસ છે તો ભગવાનને જ, ભગવાનના ગુણો- સુકૃતોને જ યાદ કરતા રહેવાનું. જેમ ચંદનાને એક જ રટણ હતું મહાવીરનું; સીતાને એક રટણ રામનું; રાજીમતીને એક જ રટણ હતું નેમનાથનું.

એ રટણ આ, કે ભગવાનના ગુણો અને સુકૃતો જ યાદ આવ્યા કરે, મનને થાય કે ભગવાન બાલ્યકાળમાં પણ કેવા ગંભીર હતા. ભગવાન અવધિજ્ઞાનથી બીજાનું છૂપું જાણતા હતા છતાં પોતાની જાણકારી દેખાડે નહિ એવા ગંભીર રહેતા હતા ! ક્ષુદ્રને જ્ઞાન વધે તો છીછરાપણું આવે પણ ભગવાન અગાધ જ્ઞાનવાળા છતાં ગંભીર રહે છે ! ભગવાનનું કેવળજ્ઞાન કેવું જોરદાર કે ત્યાં બેઠા બેઠા અનુત્તરવાસી દેવનું સમાધાન કરી આપે. તેમ ભગવાનનો વૈરાગ્ય પણ અદ્ભુત કોટિનો.

**'સંતિકરં સ્તોત્ર'માં ભગવાનની છાવણી :-**

તેમ કેવળજ્ઞાન પછી ભગવાન સમવસરણમાં બેસે ત્યાં વંદન અને વાણીશ્રવણ માટે ઇંદ્રો આવે, કોટિગમે સુરાસુર આવે, પણ પ્રભુને એનું અભિમાન નહી કે હું કેવો વક્તા ! સમવસરણથી ઉતર્યા પછી ભગવાનની છાવણી કેવી પડે ? **'સંતિકરં સ્તોત્ર'** ની પ્રથમ ત્રણ ગાથામાં ભગવાનની સ્તુતિ છે. પછીની ગાથાઓમાં ભગવાનની છાવણીનું વર્ણન છે. 'સંતિકરં' બોલતાં નજર સામે શાંતિનાથ પ્રભુને આઠ પ્રાતિહાર્ય સાથે ધારવાના, ૪ થી ગાથામાં એ પ્રભુની ચારે બાજુ **સરસ્વતી, ત્રિભુવનસ્વામી, શ્રીદેવી** અને **યક્ષરાજ ગણિપિટક** આદિ ૪ જોવાના, ૫ મી અને ૬ ઠ્ઠી ગાથા વખતે ૮-૮ કરીને ૧૬ વિદ્યાદેવીઓ પ્રભુને પ્રદક્ષિણા દેતી અને થન થન નાચતી જોવાની, પછી ૭મી ૮મીમાં ૧૨-૧૨ કરીને ૨૪ યક્ષ જોવાના, પછી ૯ મી ૧૦ મી ગાથામાં ૧૨-૧૨ કરીને ૨૪ યક્ષિણિ જોવાની, એ યક્ષ-યક્ષિણિને વળી પ્રભુની આસપાસ ઘૂમરી લેતા અને થનથન નાચતા જોવાના, પછી ૧૧મી ઈઅ તિત્થ રક્ખણરયા... ગાથામાં ગાતા નાચતા બજાવતા ચારે નિકાયના બીજા અગણિત દેવ-દેવીઓ, જઘન્યથી ૧ કરોડ દેવતા જોવાના, ૧૨ મી ગાથામાં આ બધા સુદૃષ્ટિ સુરગણથી પરિવરેલા શાંતિનાથ ભગવાન પાસે સંઘનું અને આપણું રક્ષણ માગવાનું અને છેલ્લે ૧૩ મી ગાથામાં જે ત્રિકાલ આ સ્તોત્રનું સ્મરણ કરે છે તે સર્વ પ્રકારના ઉપદ્રવથી રહિત થઈ ઉત્કૃષ્ટ સુખ સંપદાને પામે છે. આ બધું મનમાં લાવીએ તે ગંગાજળમાં ઝીલ્યા સમાન છે, પછી ખાબોચિયામાં યાને જેવા તેવા વિચાર-વાણીમાં મન ન જાય !

**ચાતકબાળ જલધર જળને જ ચાહે.**

ચાતક પક્ષીની આ ખાસિયત છે. તેના ગળામાં કુદરતે કાણું આપેલું છે તેથી

એ જેવું કોઈ નદી તળાવનું પાણી પીએ તરત કાણામાંથી બહાર નીકળી જાય એટલે તૃષા મીટી ન શકે. અને તેથી એને જગતના કોઈ પણ પાણીનો રસ ચાહના એને નથી, એને તો આનંદ છે સરવર સરવર વરસતા વરસાદના પાણી પીવાનો ! કેમકે ચાંચ ઊંચી રાખે એટલે એમાં પડતા વરસાદનું પાણી સીધું પેટમાં ઉતરી જાય, ને તૃષા મીટે. તેમ મને પણ હે પ્રભુ ! આપનો -આપની વાણીનો જ સંગ ગમે છે, જગત આખામાં બીજા કશાનો નહીં; ભગવાનની વાણી જે જીવવિજ્ઞાન આપે છે તે દુનિયામાં અજોડ છે. તેથી જ અહિંસા માર્ગ પણ અજોડ. બીજાને જીવની જ ઓળખ નથી, તો પછી અહિંસા શું પાળે ? અન્ય લોકો એકેન્દ્રિય જીવ 'પાણી'ને જડ વસ્તુ સમજી એને શૌચનું સાધન માને છે !

પાણીના એક ટીપામાં ૩૬ હજાર તો 'ત્રસ' =હાલતા ચાલતા જીવ છે. અલબત એ માને, એટલે અણગળ પાણી ન વાપરે; કેમકે અણગળ પાણી વાપરવામાં એટલા બધા જીવોનો નાશ માને છે કે એમાં સાત ગામ બાળ્યા જેટલું પાપ માને છે. પરંતુ 'પાણી ખુદ અસંખ્ય જીવોનું શરીર છે' એની એમને કલ્પના જ નથી ! છતાં આપણે જ્યારે જાણીએ છીએ કે પાણી એ સ્થાવરકાય એકેન્દ્રિય જીવ છે; અને એનો ઉપયોગ કર્યા વિના ચાલતું નથી, તો પણ અણગળ પાણીમાં હજારો ત્રસકાય બેઇન્દ્રિય જીવોની દયા તો જોઈએ ને ? પીવામાં અને નહાવા-ધોવામાં પણ પાણી ગળેલું જ વાપરવાનો નિયમ ખરો ? ભૂલશો નહિ, કે ૧૮ દેશનું સામ્રાજ્ય ભોગવનાર કુમારપાળ મહારાજા લશ્કરના ૧૧ લાખ ઘોડાઓને ગળેલું જ પાણી પીવરાવતા હતા !

વાત આ છે કે કવિ જે કહે છે, કે 'ઊંચેથી પડતાં મેઘના પાણી વિના ચાતક પક્ષી બીજા તળાવ-નદી વગેરેનાં પાણી ચાહતા નથી, એમ મને અર્થાત્ ભવી ભક્ત જનને અજિતજિણંદ ભગવાનનો જ સંગ ગમે છે, ભગવાન વિના બીજાની ચાહના જ નથી થતી' એ સાચી હકીકત છે. કેમકે અરિહંત ભગવાન એ મેઘ-જલધર જેવા છે જે સમ્યક્ત્વ-બોધ વરસાવે છે; ને આ રીતે જલધર જેવા ભગવાનથી વરસતા સમ્યગ્દર્શન-જૈન દર્શનના જીવવિજ્ઞાન, અનેકાંતવાદ, તથા ષડ્દ્રવ્યાદિ તત્ત્વરૂપી પાણી મળ્યા પછી, ભવ્ય જીવરૂપી ચાતકને અન્ય એકાંતવાદી દર્શનોરૂપી પાણીની સહેજ પણ ઇચ્છા થતી નથી.

**કોકિલ-કલ-કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે,**
**આછા તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોયે ગુણનો પ્યાર કે...૩**

**ભાવાર્થ :-** કોયલ મનોહર આમ્રવૃક્ષનો મહોર ખાઈને મધુર ગાન ગાય છે. તેને આમ્રવૃક્ષને છોડીને અન્ય આછા વૃક્ષ ગમતા નથી. તેને તો મોટા-ભરાવદાર આમ્રવૃક્ષ સાથે જ પ્રીત હોય છે, ને એ પણ મનગમતા રસગુણને લઈને તેને પ્રીત હોય છે.

**વિવેચન** :- કોયલને જે આનંદ આમ્રવૃક્ષની મંજરીના મહોરમાં છે તે અન્યમાં નથી, તેમ સમકિતી જીવને જે આનંદ વીતરાગના ગુણોમાં છે તે અન્યમાં નથી.

પ્રભુ એ ઉત્તમ ગુણોવાળા છે; ૩૪ અતિશય, ૮ પ્રાતિહાર્ય સહિત ૧૨ ગુણો, પૂર્વભવમાં ૨૦ સ્થાનકની આરાધના વગેરે અસંખ્ય ગુણોવાળા છે. માટે તો સુલસાને બીજા દેવ ગમતા નથી યાવત્ સુલસાને કહેવામાં આવ્યું કે 'સાક્ષાત્ શંકર-વિષ્ણુ-૨૫ માં તીર્થંકર આવ્યા છે' તો પણ તેને બનાવટ સમજી એ જોવાની પણ તેવી આતુરતા જ નથી. બીજી પડોશણ બાઈ સુલસાને પૂછે છે "બાઈ ! તને સાક્ષાત્ શંકર ભગવાન વિષ્ણુ ભગવાન જોવાનો રસ નથી ? એમાં આનંદ નથી લાગતો ?"

સુલસા કહે : "ના, મને એ જોવામાં લેશ પણ રસ નથી, સમય પણ નથી."

પેલીઓ પૂછે : "કેમ ?"

સુલસા કહે : "મારા મોટા મહાવીર પ્રભુમાં એટલું બધું જોવાનું છે, કે એ જોવાનું પૂરું જ થતું નથી ! પછી બીજું જોવાની ફુરસદ જ ક્યાંથી હોય ?"

આ હતો સુલસાનો પ્રભુ પરનો રંગ ! અને પ્રભુની સાથેનો સંગ ! પ્રભુના ગિરુઆ ગુણોનો પ્યાર ! આપણને પ્રભુના ગુણોનો પ્યાર આવો બને એ માટે આ ચાતક-કોયલ વગેરેનાં દૃષ્ટાન્ત ધ્યાન પર લેવા જેવા છે. ચાતક એક પક્ષીજાત કહેવાય, એ ૮-૮ મહિના તરસની પીડા ભોગવે, પરંતુ ટેક કેવી કે પાણી પીવું તો મેઘમાંથી વરસતું જ પાણી પીવું, એ ન મળે તો તરસ સહન કરવી. એને મેઘનું જ જળ ગમે, કેમ જાણે એવી ટેક ! એ ટેક તિર્યંચ જાળવી શકે, ને આપણે ન જાળવી શકીએ કે 'ગમે તો પ્રભુનો જ સંગ ગમે ?'

**કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે,**
**ગૌરી ગિરીશ, ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે...૪**

**ભાવાર્થ** :- કમલિની એટલે સૂર્ય-વિકાસી કમળ, તે સૂર્યના કિરણોથી જ વિકાસ પામે છે. તેમ કુમુદિની એટલે કે રાત્રિ-વિકાસી કમળ, તેને ચંદ્રમા પર જ પ્રેમ છે; તેથી તેને પામીને જ વિકસે છે, ખીલે છે. તેમ પાર્વતી શંકર વિના બીજાને, અને લક્ષ્મી વિષ્ણુ વિના બીજાને, પોતાના મનમાં લાવતી નથી, પોતાના ચિત્તથી બીજાને ચાહતી નથી.

**વિવેચન** :- આ બે ઉપમાઓ સૂચવે છે કે કમલિનીમાં ઠંડીની સુસ્તી છે, તેથી સૂર્યનો તાપ એની એ સુસ્તી ઉડાડે છે. ત્યારે, કુમુદિનીને તાપ-ગરમીની સંતપ્તતા છે, તે ચંદ્રના ઠંડા કિરણોથી દૂર થાય છે. કુદરતની આ કરામત છે, કે બંનેય લોકોમાં ઓળખાય છે કમળ તરીકે, પરંતુ બંનેની ખાસિયત ઊલટી છે -

એકને ઠંડીની સુસ્તી છે ! બીજાને તાપની સંતપ્તતા છે ! બંનેની પીડા હરનાર છે ક્રમશઃ સૂર્ય અને ચંદ્ર, એટલે કેમ જાણે સૂર્ય-વિકાસી કમળનું મન સૂર્યમાં જ છે, તેથી તે સૂર્ય-કિરણની હાજરીમાં જ વિકસે છે. એ ઉપમાથી જેમ સૂર્ય-કિરણ આનંદભેર ગ્રહીને કમલિની વિકાસ પામે છે, પ્રફુલ્લિત થાય છે; તેમ પ્રભુ ! હું પણ સંસારના મોહ અને અજ્ઞાનતાની ઠંડીથી સુસ્ત બનેલો, તે પ્રતાપમય અને પ્રકાશભર્યા આપના વૈરાગ્યતાપ અને જ્ઞાનના પ્રકાશને આનંદભેર ગ્રહણ કરું છું; અને પ્રફુલ્લિત થાઉં છું. કારણ કે

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૩૮,તા.૭-૬-૧૯૮૬

**મારે લૌકિક અને લોકાત્તર સૌંદર્ય મેળવી લોકોત્તર ધર્મજીવનની સાધના કરવી છે.**

**જીવના ૬ લૌકિક-૨ લોકોત્તર સૌંદર્ય :**

શ્રીલલિતવિસ્તરા શાસ્ત્રમાં **'જયવીયરાય'** સૂત્રની વિવેચનામાં પ્રભુ આગળ પહેલી ૮ માગણીને સૌંદર્યની માગણી તરીકે બતાવી છે. એમાં 'ભવનિવ્વેઓ' થી... 'પરત્થકરણ' સુધીની છ વસ્તુને આત્માનું લૌકિક સૌંદર્ય કહ્યું છે. 'લૌકિક' એટલે કે લોકમાં પ્રસિદ્ધ, ઇતરધર્મોમાં પણ માન્ય કરેલ સૌંદર્ય, એ છ સૌંદર્ય આ છે - (૧) ભવનિર્વેદ (સંસાર પર વૈરાગ્ય), (૨) માર્ગાનુસારિતા, (૩) ઇષ્ટફલસિદ્ધિ, (૪) લોકવિરુદ્ધ ત્યાગ, (૫) ગુરુજનપૂજા અને (૬) પરાર્થકરણ. ઇતર ધર્મીલોકમાં પણ આ છ ગુણ સુંદર ગણાય છે. જેમકે - **પહેલું સૌંદર્ય-ભવનિર્વેદ :**

**'ભવનિર્વેદ'** યાને સંસાર પર વૈરાગ્યને ઇતરો પણ મૂળભૂત સારો ગુણ કહે છે. વ્યવહારમાં પણ દેખાય છે કે ઘરમાં જે વ્યક્તિને સંસારના સારા સારા ખાનપાન, કપડા-લત્તા, દાગીના, ઠઠારા... વગેરે પર વૈરાગ્ય છે, ને તેથી એનું બધાનું એને મન એવું આંધળું આકર્ષણ નથી કે એના ઉપભોગ વખતે એમાં લટ્ટુ-લંપટ થઇ જાય, ખીલખીલાટ-હરખ બતાવે; ને પછી એની કવિતા ગાયા કરે... આવું જેનામાં નથી, પણ ગંભીરતા-ઉદાસીનતા છે, ઉદાસીનતા એવી કે દા.ત. ભાણામાં આવ્યું તે એમાં લહેવાઇ ગયા વિના ખાઇ લીધું; પછી ચાહ્ય દાળ-રોટી આવી, કે પક્વાન્ન આવ્યા. પરંતુ તે ગંભીર ચહેરો રાખી ખાઇ લીધું. હૈયામાં ભવવૈરાગ્ય હોય તો આ ગંભીરતા આવે; કેમકે એ સમજે છે કે-

**વિષયો પર વૈરાગ્ય શાથી ? :-**

(૧) શું રોટી કે શું પક્વાન્ન, બધું જ **'ઊતર્યું ઘાટી ને થયું માટી !'** બધું

જ, શરીરની અંદર ગયા પછી માટી થનાર છે. એના પર શું ગાંડિયા મોહિત થઈ જવું ? વળી,

(૨) પક્વાન્ન વગેરે મનગમતા વિષયોમાં પૂર્વભવનું પુણ્ય અર્થાત્ વાશી પુણ્ય ખવાઈ-ખરચાઈ જાય છે ! અને વધારામાં આપણી વિષયગૃદ્ધિ-આસક્તિના યોગે બેસુમાર નવા પાપકર્મો બંધાય છે ! તેથી પરલોકમાં દુર્ગતિઓમાં જાલિમ દુઃખ-પીડા-વેદનાઓના ભવોમાં ભટકવું પડે છે !

(૩) આ સંસારના વિષયોની સેવામાં રચ્યા પચ્યા રહેવામાં મહાદુર્લભ અને મહાકિંમતી મળેલા દેવાધિદેવ ! અફસોસ કે, વિસારી દેવાય છે ! એમની અને ગુરુની તથા ધર્મશાસનની તારણહાર સેવા કરવાની રહી જાય છે ! એ પણ કમાણી નહિ પણ મહાગમાણી છે; કેમકે એવા ભયંકર રોગ, અકસ્માત્ કે અંતકાળે ખરું આશ્વાસન આપનારી, જે એ જિનભક્તિ, સાધુસેવા, ત્યાગતપ,...વગેરે સાધનાઓ છે, તે જ કરવાની ગુમાવી ! પછી અનંતકાળ કેવો ? કહો, એકલા રુદનથી વ્યાપ્ત ! આ બધું જોઈને જેને ભવના સુખ પ્રત્યે વૈરાગ્ય રહે, એ આત્માનું સૌંદર્ય છે.

દુનિયામાં આવો વૈરાગી જીવ જ પૂજાય છે, વખણાય છે. જ્યારે વૈરાગ્ય વિનાનો એટલે જ **ખાનપાન-પૈસાદિની તીવ્ર લાલસાવાળો, ને એને હરખી-હરખીને લેવા દોડનારો તથા ભોગવનારો જીવ તો લોકમાં ભૂંડો દેખાય છે.** આ ભવવૈરાગ્યને એ ઈતર ધર્મીલોક પણ એક સુંદર ગુણ માને; તેથી એને લૌકિક સૌંદર્ય કહ્યું.

**૨ જું સૌંદર્ય - માર્ગાનુસારિતા = તત્ત્વાનુસારિતા :**

ભવવૈરાગ્યની જેમ 'માર્ગાનુસારિતા' 'ઈષ્ટફળસિદ્ધિ' આદિ પણ સુંદર ગુણ તરીકે ઈતર ધર્મીલોકમાં પ્રસિદ્ધ છે; એટલે એ પણ લૌકિક સૌદર્ય છે. આમાં 'માર્ગાનુસારિતા' એટલે કે તત્ત્વાનુસારિતા; અર્થાત્ તત્ત્વ એટલે કે માલવાળી વાત-વસ્તુને અનુસરવાપણું અર્થાત્ ચર્ચા-વિચારણા કરવી, પકડ રાખવી, તો માલવાળી વાત-વસ્તુની રાખવી, પણ માલવિનાની તુચ્છ નગણ્ય વાત-વસ્તુની નહિ. દા.ત. 'આ સાવરણી ત્યાંને બદલે અહીં કેમ મૂકી ?' એનો રગડો ન માંડે... આવી તત્ત્વાનુસારિતા રાખે તો ઘર-સંસારમાં અને વાતચીત-વ્યવહારમાં ખોટી ખેંચાતાણ-હોંશાતોશી, રગડો કે ક્લેશ-કંકાશ ન થાય. એ ગુણ જૈનેતરોમાંય શાણા માણસોમાં જોવા મળે.

**૩ જું સૌંદર્ય : ઈષ્ટફળસિદ્ધિ :**

એમાં 'ઈષ્ટફળ' એટલે દુન્યવી જીવનમાં ઈચ્છિત આફત-નિવારણ યા જરૂરી જીવ-ઉપયોગી વસ્તુ કે કાર્ય; એ સિદ્ધ થવાની માગણી પ્રભુ પાસે ઈતરો પણ કરે છે. પ્રશ્ન થાય -

**દુન્યવી ઈષ્ટફળને મોક્ષસાધના સાથે શો સંબંધ ? :**

**પ્રશ્ન :** ઈચ્છિત સાંસારિક વસ્તુ કે કાર્ય સિદ્ધ થાય એને મોક્ષસાધના સાથે શો સંબંધ ?

**ઉત્તર : મોક્ષ સાધના કરવામાં પહેલું જરૂરી ચિત્તની સ્વસ્થતા છે.** કેમકે ઇચ્છિત વસ્તુ કે કાર્ય સિદ્ધ ન થાય ત્યાંસુધી, અગર આફત ઊભી રહે ત્યાં સુધી, ચિત્તને વ્યાકુળતા રહે છે, સ્વસ્થતા નથી રહેતી. ચિત્ત જે અસ્વસ્થ રહે છે એને સ્વસ્થ કરનાર છે આફત-નિવારણ, યા ઈચ્છિત વસ્તુ કે કાર્યની સિદ્ધિ. માટે એ પણ મોક્ષ-સાધનામાં ઉપયોગી છે; ફક્ત જોવાનું આ, કે

**ઈષ્ટસિદ્ધિ માગવામાં ૩ શરત :**

**(૧) માત્ર ચિત્ત-સ્વસ્થતાના હેતુથી એ ઈષ્ટસિદ્ધિની માગણી જોઈએ;**

**(૨) અને તે પણ સ્વસ્થતા, મોક્ષસાધના સુખરૂપ ચાલતી રહે એ માટે જોઈએ. તેમજ,**

**(૩) આ ઈષ્ટવસ્તુ પ્રભુના પ્રભાવથી અવશ્ય સિદ્ધ થાય છે એવી દૃઢ શ્રદ્ધા જોઈએ.**

એટલે મોક્ષસાધનામાં આ રીતે 'ઈષ્ટફળસિદ્ધિ' પણ ઉપયોગી હોઈ, એ આત્મસૌંદર્ય છે, આત્માનો સુંદર ગુણ છે.

**૪થું સૌંદર્ય :**

**'લોકવિરુદ્ધ ત્યાગ':** અર્થાત્ લોકથી વિરુદ્ધ કાર્યો જેવા કે પરનિંદા, પરદ્રોહ, ખરકર્મ વગેરેનો ત્યાગ કરવાનો. એમ જેનાથી લોકને સંક્લેશ થાય, એવા કાર્ય આપણે કરવા એ પણ લોકવિરુદ્ધ કાર્ય છે. માટે એનો પણ અહીં ત્યાગ માગ્યો. આ પણ ઈતરલોકોમાં હોઈ શકે.

**૫ મું અને ૬ ઠું સૌંદર્ય : (૫) વડીલજનોની પૂજા-ભક્તિ-સેવા; તથા (૬) સ્વાર્થકરણ ગૌણ કરી પરાર્થકરણ :**

આ બે માગણી પણ મોક્ષસાધનામાં ઉપયોગી છે. કેમકે એથી મન હરામ-હાડકાવાળું મટી, સાંસારિક મોહમાયાથી ઉપર નીકળી, પરલોક હિતકર પૂજ્ય પૂજાનો મહાન ગુણ યાને પૂજ્યોની સેવા-વિનય-કૃતજ્ઞતા બજાવે છે. અને પરોપકાર તથા પરની પીડામાં સક્રિય હમદર્દી બજાવે છે એ મોક્ષસાધનાના ભાવોમાં ઉપયોગી છે.

આ છ ગુણોને લૌકિક સૌંદર્ય કહે છે, લૌકિક ધર્મ કહે છે. હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે 'એ લૌકિક ધર્મ જેનામાં આવે એ જ પછી એ લોકોત્તર ધર્મ **'શુભ ગુરુયોગ' અને 'તદ્વચન સેવા' નો અધિકારી ગણાય.**

આનો અર્થ એ, કે આપણે જો માત્ર નામધારી જૈન નહિ, પણ જિન અને

જૈનધર્મ પર શ્રદ્ધાવાળા જૈન બનવું હોય, તો પાયામાં પહેલા આ ભવવૈરાગ્ય વગેરે તે પરાર્થકરણ સુધીના છ લૌકિક ગુણો લાવવા જોઇએ; તો જ પછી આપણને શુભ ગુરુ અર્થાત્ ચારિત્રસંપન્ન ગુરુ-સાધુનો વાસ્તવિક યોગ મળે, અને એમની આજ્ઞાનું પાલન મળે.

પ્રભુ ! ચંદ્રવિકાસી કમળ 'કુમુદ-કુમુદિની' તાપથી સંતપ્ત, તે ઠંડા-શીતલ ચંદ્રકિરણને ગ્રહે છે; તેમ કષાયના તાપથી તપેલો હું આપની ૧. શીતલતા, ૨. સૌમ્યતા, ૩. શાંતરસ, અને ૪. એની સમર્થક સામાયિક અર્થાત્ સમભાવ લાવનારી ક્રિયાઓ અપનાવી કષાય-તાપથી રહિત બનું છું.

(૧) આપની વાણી સૌમ્યતાથી ભરેલી છે,

(૨) આપનું જીવન ઉપશમથી ભરેલું નિર્વિકાર છે, અને

(૩) આપનું સ્વરૂપ નિરંજન નિરાકાર છે.

તેનું આલંબન કરી, મારે શાંત-સૌમ્ય-શીતળ નિર્વિકાર બનવું છે, મારે પણ કુમુદની જેમ ખીલવું વિકસવું છે; આપના આલંબને મારે મારા આત્મગુણોને વિકસાવવા છે. પ્રભુ ! તમારું શાસન પામે એનામાં આ શાંતતા-શીતલતા વગેરે શુભ ભાવો આવે છે.

**સુદર્શન અને શુકપરિવ્રાજક :**

**થાવચ્ચાપુત્ર-આચાર્ય** મહારાજથી બોધ પામેલા **સુદર્શન**માં આવા શુભ ભાવ આવેલા, તેથી પૂર્વે એ **શુકપરિવ્રાજક**નો ગૃહસ્થ ભક્ત; પણ હવે તો સમ્યક્ત્વની શાંતતા પામી એ સુદર્શન મિથ્યામાર્ગ ત્યજી શ્રાવક બન્યો ! એણે મિથ્યાગુરુએ પકડાવેલી મિથ્યામાન્યતાને તિલાંજલિ આપી દીધી.

આ વાતની ખબર પડતા શુકપરિવ્રાજક ગભરાયો કે- 'આવો મોટો શ્રીમંત ભક્ત હાથમાંથી જશે ! પણ એને કેમ ખોવાય ?' તેથી એ દોડતો આવ્યો ! એણે કહેવરાવ્યું; છતાં સુદર્શન સામે લેવા ન ગયો ! એટલે શુકપરિવ્રાજક પોતે સુદર્શનને ત્યાં સપરિવાર આવ્યો ! ત્યારે સુદર્શન 'કુગુરુ સામે જોવામાં પણ રખે મારું સમ્યક્ત્વ મેલું થાય તો ?' એ ભયથી આંખ નીચી રાખે છે, કુગુરુની સામે જોતો નથી, એટલી બધી મિથ્યાત્વનો તાપ જઇને સમ્યક્ત્વની શીતલતા-શાંતતા આવી ગઇ હતી.

એ વખતે શુકપરિવ્રાજક કહે : "અરે સુદર્શન ! તને કોણે ભોળવ્યો ? લે લઇ ચાલ મને તારા નવા ગુરુ પાસે; જો મને એ સમજાવી દે, તો હું પણ એનો શિષ્ય થઇ જાઉં."

સુદર્શને લાગ સારો જોયો, એટલે ઊઠ્યો, અને એને લઇ ચાલ્યો. આમ શુકપરિવ્રાજક વાદ કરવાના આંતરિક ઈરાદે થાવચ્ચાપુત્ર આચાર્ય મહારાજ પાસે

આવ્યો. તેના મનમાં તો એમ હતું કે 'આચાર્યને વાદ કરી જીતી લઇશ, અને એના વિશાળ પરિવારને મારા શિષ્ય બનાવી દઇશ !' પરંતુ અહીં તો થાવચ્ચાપુત્ર આચાર્ય ૧૪ પૂર્વના પારગામી હતા.

**ચૌદ પૂર્વના સૂત્રો એટલે ?** ૧૬૩૮૩ હાથી-પ્રમાણ મષીની શાહીથી લખાય ! તો એના પારગામી આવા સમર્થ જ્ઞાની પાસે શુકપરિવ્રાજકનું શું ગજું ? એ અહિંસાની વાત સાંભળતા સાંભળતા બૂઝી ગયો ! શાંત-શીતલ થઇ ગયો ! શી રીતે ?

**શુકપરિવ્રાજકનો પ્રશ્ન : શૌચ વિના ધર્મ શેનો ?**

આ રીતે - આચાર્ય મહારાજને શુકપરિવ્રાજકનો પ્રશ્ન હતો : "તમારી પાસે ધર્મ જ ક્યાં છે ? કેમકે ધર્મનો પાયો બાહ્ય-અભ્યન્તર પવિત્રતા છે, શૌચ છે, અને તમે લોકો સ્નાન તો કરતા નથી, એટલે પાયાનો શૌચ ધર્મજ તમારી પાસે નથી, પછી બીજા ધર્મની કેટલી કિંમત ?"

**આચાર્યનો ઉત્તર : લોહી ખરડ્યું લોહીથી સાફ થાય ?**

થાવચ્ચાપુત્રઆચાર્યે તેનો જવાબ આપ્યો, "લોહીથી ખરડાયેલું કપડું શું લોહીથી સાફ થાય ? ના થાય. તેમ અનંત અનંત કાળથી હિંસાથી ખરડાયેલો આત્મા પાછો શું હિંસાથી સાફ થાય ? પાણીના જીવની હિંસા કરીને પવિત્ર થાય ? ના. એમાંય વળી 'અણગળ પાણીમાં અઢળક ત્રસ જીવો છે, એ વાપરતાં સાત ગામડા બાળ્યાનું પાપ લાગે'- આ વાત તો અન્ય શાસ્ત્રો પણ બતાવે છે. પરંતુ તે તો બેઇન્દ્રિય ત્રસ જીવો. પણ ખુદ પાણી એ એકેન્દ્રિય જીવોનો સમૂહ છે એવું અન્ય શાસ્ત્રો પાસે જ્ઞાન નથી !

**એકેન્દ્રિય જીવોની સાબિતી :-**

કિન્તુ વિચારીએ તો સમજાય કે સૃષ્ટિમાં જ્યારે પાંચ ઇન્દ્રિયવાળા, ચાર ઇન્દ્રિયવાળા, ત્રણ ઇન્દ્રિયવાળા, અને બેઇન્દ્રિયવાળા જીવો છે, તો શું એક ઇન્દ્રિયવાળા જીવો ન હોય ? જરૂર હોય; અને એ છે પૃથ્વીકાય જીવો, અપ્કાય જીવો, તેજસ્કાય જીવો, વાયુકાય જીવો અને વનસ્પતિકાય જીવો. એ જીવ છે માટે તો, દા.ત વનસ્પતિકાય જીવ 'ઝાડ' ખોરાક લે છે, અને ક્રમશઃ એનું શરીર વધે છે. એ જ રીતે અપકાય જીવ 'પાણી' અસંખ્ય જીવોનાં શરીરોનું જાુથ છે. પાણીથી સ્નાન કરો એમાં એ અસંખ્ય જીવોની હિંસા થાય છે. એવા સ્નાનથી તો આત્મા ઊલટો કર્મથી મલીન થાય છે, પવિત્ર નહિ, એમાં શૌચ ક્યાં આવ્યું ?

**સાચું શૌચ તો 'અહિંસા-સત્ય-મસ્તેયં બ્રહ્મચર્યચતુર્થકં'.** 'પાણી એ જીવ છે' તે તથા જિનશાસનનું જ્ઞાન પામીને શુકપરિવ્રાજક ત્યાં જ પોતાના ૧૦૦૦ શિષ્યોની સાથે દીક્ષા લઇ આચાર્ય મહારાજના-શિષ્ય સાધુ બન્યો ! ને અંતે 'ગુરુના પગલે

પગલે' તે સિદ્ધગિરિ પર એ હજારે શિષ્યો સાથે અનશન કરી મોક્ષે ગયા ! ૧૪ પૂર્વધરના સમ્યગ્જ્ઞાન પર પ્રીતથી શુકપરિવ્રાજકે મિથ્યા દેવ-ગુરુ-ધર્મનો રંગ મૂક્યો, સંગ મૂક્યો ! વીતરાગ સર્વજ્ઞ અરિહંતદેવ અને એમના શાસનના ચંદ્રકિરણ જેવા બોધથી શુકપરિવ્રાજક મુનિ બનીને, એમના કષાયતાપ દૂર થઇ એમનામાં શાંતતા-શીતળતા-સૌમ્યતાભરી સાધુતા આવી ગઇ.

**તિમ મુજ મન પ્રભુશું રમ્યું, બીજા શું હો નવિ આવે દાય કે,**
**શ્રી નયવિજય વિબુધ તણો, વાચકયશ હો નિતનિત ગુણ ગાય કે...૫**

**ભાવાર્થ :-** આ રીતે મારું મન વીતરાગ પ્રભુમાં રમતું થઇ ગયું છે, તેથી બીજા સાથે પ્રેમ જામતો જ નથી. (આમ) પંડિત શ્રી નયવિજય મહારાજનો શિષ્ય **વાચક યશોવિજય** આ અરિહંતપ્રભુના જ રોજ ને રોજ ગુણગાન કરે છે.

**વિવેચન :-** જેમ ભ્રમર માલતીને, હંસ ગંગાજળને, ચાતક મેઘના પાણીને, કોયલ આમ્રમંજરીને, કમલિની સૂર્યને, કુમુદિની ચંદ્રને, ગૌરી (પાર્વતી) શંકરને, અને કમલા (લક્ષ્મી) વિષ્ણુને જ ચાહે છે...તેમ હું હે જિનેન્દ્ર અજિતનાથ પ્રભુ ! મારા મનમાં તમને જ ચાહું છું. જેવો આપના પર પ્રેમ છે એવા બીજા કોઇ દેવ કે સગા સ્નેહી કે ધન-માલ-મિલકત પર પ્રેમ આવતો નથી; કારણ કે હે અરિહંત દેવ ! આપ સર્વગુણસંપન્ન છો, આપનામાં કશી કમીના નથી, ત્યારે બીજાઓમાં કમીઓનો પાર નથી.

સારાંશ, જેવા મને અરિહંત ગમે છે, અરિહંતનો સંગ ગમે છે, એવા બીજા કોઇ દેવી-દેવતા યા સગા સ્નેહી કે માલ મિલકત ગમતા નથી.

માટે તો વિમળશા મંત્રી, પેથડશા મંત્રી, ધરણાશાહ પોરવાલ...વગેરેએ વીતરાગ પ્રભુ કરતાં ધનને વધારે વહાલું ન કર્યું, પરંતુ ધન કરતાં પ્રભુને વહાલા કર્યા, અને એ પ્રભુના જગતમાં નામી જિનમંદિર બંધાવી દીધાં !

**વિમળશાહ મંત્રી :-**

જાણો છો ને વિમળશાહ મંત્રીને ! પુત્ર નહોતો, પત્નીના મનને જરા ઓછું આવતું હતું, તેથી શાસનદેવીની આરાધના કરી. શાસનદેવી પ્રગટ થઇ પૂછે છે 'કેમ મને યાદ કરી ? શું જોઇએ છે ?'

વિમળશાહ કહે : 'મારે આબૂ પર જિનમંદિર બનાવવું છે. એમાં સહાયતા જોઇએ છે ને શ્રાવિકાને પુત્ર જોઇએ છે, એ આપો.'

દેવી કહે : 'તમારા ભાગ્યમાં એ બંને નથી. બેમાંથી ગમે તે એક જોઇએ તે માગી લો'

વિમળશાહ કહે કે 'ઊભા રહો, હું પૂછી આવું.'

ઘરની અંદર જઈ શ્રાવિકાને કહે : "બોલો દેવી પધાર્યા છે. એ કહે છે, 'કાં પુત્ર, કાં પ્રાસાદ, બેમાંથી એક મળશે. તો દીકરો માંગુ ? કે દહેરાસર ?'

શ્રાવિકા કહે : "એમાં શું પૂછવા આવ્યા ? દેરાસર જ માગી લેવાનું.

(૧) દીકરો થોડો જ સાથે આવવાનો છે ? કે

(૨) અહીં એ પણ કાયમ થોડો રહેવાનો છે ?

(૩) દીકરો આપણું નામ પણ કેટલું રાખી શકે ? બે પેઢી. ત્રીજી પેઢીએ આપણું નામ કેન્સલ ! તેમ એ પણ જોવાં જેવું છે, કે,

(૪) દીકરો મળ્યાથી એ કેવો નીવડશે એનું પણ શું કહી શકાય ? જો ખરાબ નીવડે તો એનાથી આપણી જ આબરૂ જાય ! માટે આપણે દીકરો કાંઈ જોઈતો નથી. દહેરાસર જ માંગી લો. દેરાસર સેંકડો વર્ષ ટકે એટલે નામ એટલું ટકે, અને દેરાસરથી હજારો માણસ દર્શન-વંદન પૂજન તથા વ્રતગ્રહણ વગેરે ધર્મ લેતા જ રહે, લેતા જ રહે, ને પુણ્ય કમાતા રહે.

આ બધાનાં નિમિત્ત થવાનો આપણને મહાન લાભ મળે ! ને પુણ્ય મળ્યા જ કરે. દહેરાસર તો એક મૂડી થઈ, એમાંથી આપણને ભવોભવ વ્યાજ મળ્યા જ કરે. આવા સરસ લાભને જોઈ દહેરાસર જ માંગી લો." પછી મંત્રીએ એજ માગી લીધું. અને પછી દહેરાસર બાંધવા માટે આબૂ પર જમીન જોઈએ. તો બ્રાહ્મણો ઝગડવા આવ્યા. ત્યારે વિમળશાહ કહે-

તમારે કેટલા પૈસા જોઈએ ?

પેલા કહે : 'સોનૈયાથી જમીન માપી લો' એ રીતે સોનૈયા પાથરવા માંડ્યા,

તો પેલા કહે : 'ગોળ સોનૈયા પાથરવામાં તો વચ્ચે વચ્ચે જગ્યા રહી જાય; માટે ચોખંડા સોનૈયાથી માપો.'

તો વિમળશાહે ચોખ્ખા સોનાના નવા ચોખંડા સોનૈયા પડાવ્યા, અને આજે દેખાતા વિશાળ મંદિર જેટલી અને મંદિર આસપાસની પણ જગ્યા સોનૈયાથી માપીને લઈ લીધી ! અને એના ઉપર એ કાળના ૧૮ ક્રોડ રૂપિયા ખરચીને ભવ્ય બાવન જિનાલય મંદિર બંધાવી લીધું ! એમાં થાંભલે થાંભલે તથા ઉપર સિલિંગમાં ઝીણી ઝીણી કોતરણી કરાવી ! આટલા બધા રૂપિયાનો ખર્ચ શાના માટે ? તો કે,

**"તિમ મુજ મન પ્રભુશું રમ્યું, બીજાશું હો નવિ આવે દાય"**

આબૂ પર પ્રભુમાં મારું મન એવું રમી ગયું છે, અર્થાત્ સાથે એવી પ્રીતડી બંધાઈ ગઈ છે કે બીજા કશાની સાથે મનમાં એવો પ્રેમ જ ઊઠતો નથી.

**પેથડશાહ :**

જેમ વિમળશાહ મંત્રીએ તેમ પેથડશાહ મંત્રીએ પણ પ્રભુ સાથે પ્રેમ એવો

કર્યો કે ત્યાં ધનનો પ્રેમ મન પરથી ઉતારી નાખ્યો. એનું પરિણામ એવું આવ્યું કે કોઈએ પેથડશાહને કહ્યું કે 'તમે દેવગિરિમાં મંદિર બંધાવો તો ખરા.'

પેથડશાહ પૂછે : 'કેમ ભાઈ ! એમ બોલો છો ?' પેલો માણસ કહે 'દેવગિરિમાં રાજાનો બ્રાહ્મણ મંત્રી હેમડ જૈન ધર્મનો એવો પાકો દ્વેષી છે કે જિનમંદિર ઊભું જ નહિ થવા દે.'

પેથડશાહના મનને થયું : 'અરેરે ! પ્રભુએ મને ઉત્તમ મનુષ્યભવથી માંડી ઢગલો પૈસા અને સમસ્ત માળવાદેશનું મંત્રીપણા સુધી આપી દીધું ! અને હું દેવગિરિમાં એ મહાઉપકારી મારા પ્રભુનું એક મંદિર ન બનાવી શકું ?'

**પેથડશાહ તરફથી હેમડના નામની દાનશાળા :**

બસ, પહેલા તો જૈન ધર્મના દ્વેષી બ્રાહ્મણ હેમડ મંત્રીને પોતાનો પ્રેમી બનાવી દેવો જોઈએ, એટલા માટે એ હેમડની રાજધાની દેવગિરિ નગરના નાકે એક ધર્મશાળા-દાનશાળા-ભોજનશાળા ચાલુ કરાવી, એના પર નામ આપ્યું- 'હેમડ ધર્મશાળા' અને એમાં પરદેશથી આવનારા પ્રવાસી માણસોની સ્નાન, નાસ્તો.... વગેરેથી ભક્તિ થાય. ગામના પણ ગરીબ માણસો જમી જાય ! એ રીતે કર્યું. એટલે પ્રવાસીઓ-ગરીબો વગેરેને માટે જાણે એક કલ્પવૃક્ષ બન્યું ! નગરમાં અને બહાર હેમડની કીર્તિ પ્રસરી. એ વાત કેટલાય દિવસો પછી હેમડના કાને એ રીતે પહોંચી કે લોકમાં વાયકા ચાલી - 'આપણા નગરમાં મંત્રી સાહેબ હવે તો બહુ ઉદાર થઈ ગયા છે.' એ શબ્દ હેમડના કાન સુધી પહોંચ્યા.

હેમડ મંત્રી ચમક્યો ! એના મનને થયું કે 'આ શું ? હું મહાકંજૂસ અને મારા નામે દાનશાળા ?' ત્યાં એ તપાસ કરવા આવે છે.

મેનેજરને પૂછે : 'આ કોના તરફથી ચાલે છે ?'

પેલો કહે : 'સાહેબ ! આપના જ તરફથી.'

મંત્રી કહે : 'અરે એ ય ! મારા તરફથી આ દાનશાળા ચાલતી હોય તો શું મને ખબર ન હોય ?'

તો મેનેજર કહે : 'એ તો સાહેબ ! વાત એમ છે કે ઉદાર માણસો સુકૃત પોતે કરે છે એમ ન કહે.' પછી હેમડ મંત્રીએ ઓરડીમાં લઈ જઈ ધમકાવીને પૂછ્યું : 'સાચું કહે' ત્યારે મેનેજરે પેથડશાહનું નામ આપ્યું.

બસ, લિફ્ટની સ્વીચ દબાઈ ગઈ એટલે જેમ લિફ્ટ સરર કરતી ખેંચાઈ આવે, એમ હેમડ મંત્રી સરર ખેંચાયો પેથડશા તરફ! આગળથી સંદેશો મોકલી હેમડ દેવગિરિથી પહોંચ્યો માંડવગઢ ! પેથડશાહ મંત્રીએ સ્વાગત કર્યું. ભોજન વગેરે મહેમાન-ભક્તિ કર્યા પછી હેમડ મંત્રીને કહે કે-

'ફરમાવો મંત્રીશ્વર ! મારા લાયક કોઈ સેવા ?'

ત્યારે હેમડ કહે : 'સેવા હું શું ફરમાવું ? આપ મને ફરમાવો. આપે મારા નામે લાખો રૂપિયા ખર્ચ્યા ?'

પેથડશા કહે : 'રૂપિયા મારા શાના ? રૂપિયા તો ભગવાનના, તે મેં ભગવાનના ખોળે ધર્યા. હું ને તમે ભગવાનના જ બાળકો છીએ ને ?'

હેમડશાને આટલો બધો ખર્ચ હૈયે ચમકાવે છે ! પણ પેથડશાને કેમ ચમકાવતો નથી ? કહો 'તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય' પ્રેમ પ્રભુ ઉપર હતો, મન પ્રભુમાં હતું, એવું ધનમાં નહિ.

હેમડ પૂછે છે : 'મારા સાહેબ ! અહીં મૂકીને આપે મારે ત્યાં આ શું માંડ્યું ? લાખો રૂપિયાનો ખર્ચ કરી દાનશાળા તમે ચલાવો, અને તમારું નામ ગુપ્ત રાખી જગતમાં પ્રસિદ્ધ મને કરો ? બોલો હું આપની શી સેવા કરું ?'

**દ્વેષી હેમડ ખુશીથી મંદિરની જગા આપે છે...**

પેથડશાહ કહે : 'બીજું તો કાંઈ જોઈતું નથી. આપના નગરની મધ્યમાં પરમાત્માનું મંદિર બનાવવા એક નાનકડો જમીનનો ટૂકડો જોઈએ છે.'

હેમડ કહે : 'અરે ! આટલા ખાતર મારા નામની દાનશાળા ?'

પેથડશાહ કહે : 'માફ કરજો સાહેબ ! એ દાનશાળા-સુકૃતનો અપાર બદલો તો મને પુણ્યરૂપે મળી જ ગયો, હવે તમે જમીનનો ટૂકડો આપો એ તમારી મહેરબાની. એ તો મારે મફતમાં લેવાનો છે. અથવા કહો એટલી કિંમત ચૂકવવા તૈયાર છું.'

હેમડ મંત્રી કહે : "હેં ? હેં ? હેં ? આ શું બોલ્યા ? ટુકડા જમીનના પૈસા લેવાના ? જગતમાં મારા નામના તમે લાખો રૂપિયા ખરચી ડંકા તો વગાડી દીધા ! દાનશાળાની પ્રતિષ્ઠાના ઉપકારનો મેરુ-ભાર તો મારા માથે ચડાવી દીધો ! એનો તો કંઈ મારે બદલો વાળવાનો કે વળતર નહિ ને હું જમીનના પૈસા લઉં ? મારા જેવો નિમકહરામી કોણ ? પધારો, તમે પસંદ કરો, ફરમાવો એવી જગા અપાવી દઉં."

પછી તો હેમડ મંત્રી પેથડશાહને પોતાના રાજ્યમાં લઈ ગયો, રાજાને ઓળખાણ કરાવી, અને રાજા પાસેથી એને નગરની મધ્યમાં જ્યાં ચાર રસ્તા મળે એના ખૂણા પર મોટો બગીચો બનાવવા લાયક ખાલી જગા અપાવી દીધી.

કેટલા બધા પૈસા ખરચી હેમડના નામથી દાનશાળા ચલાવીને મહાદ્વેષી હેમડને પીગાળી નાંખ્યો ! ને આ જગા મેળવી શા માટે? કહો 'તિમ પ્રભુશું મુજ મન રમ્યું, લક્ષ્મીશું હો નવિ આવે દાય (પ્રેમ) કે !' **ભગવાનના જ મહા ઉપકારથી મળેલા આ ઉચ્ચ મનુષ્ય અવતારે પ્રભુ ખાતર પૈસા જતા કરી પ્રભુ પરનો પ્રેમ**

**સાર્થક થતો હોય તો એનાથી બીજું રૂડું શું ?**

પણ જોજો આટલા ખરચથી પતે એવું નથી. પેથડે તાબડતોબ જમીનનો પાયો ખોદાવવા માંડ્યો, બીજી બાજુ રાજાની રાતે પગચંપી કરનાર હજામને સાધી રાખ્યો, જેથી રાજા આગળ કોઇ એવી વાતચીત આવે તો તેના સમાચાર હજામ તરત પેથડશાહને આપે. કેમકે ઈર્ષ્યાળુ બ્રાહ્મણો કાંઇ ને કાંઇ રાજાને કાનભંભેરણી કરે એવો સંભવ.

**નગરમાં ખારાં પાણી - પાયામાં મીઠું ! :**

અને બન્યું એવું જ. પાયો ખોદાઇ મોટો ખાડો થયો એમાં જમીનમાંથી પાણી ઉભરાયું તે મીઠું ધરાખ જેવું ! આખા નગરમાં કૂવાનાં પાણી ખારા, ને આ પાણી મીઠું સાકરિયા પાણી જેવું !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૩૯,તા.૧૪-૬-૧૯૮૬**

બ્રાહ્મણોને ખબર પડી તે જપે ? પહોંચ્યા રાજા પાસે, ને કહે છે- 'મહારાજા સાહેબ ! આખા નગરમાં ખારા પાણી; પણ પેલી પેથડશાહને આપેલી જમીનના ખાડામાં તો મીઠા ધરાખ પાણી નીકળ્યા છે. તો ત્યાં તો વાવડી બંધાવવા જેવી છે.'

રાજા કહે : 'સવારે જોઇશું.'

એજ વખતે પગચંપી કરનારો હજામ જરા શંકા થઇ છે લોટે જઇ આવું એમ બહાનું કાઢી ઊઠ્યો, પહોંચ્યો પેથડશાહ પાસે, વાત કરી. મંત્રીએ એને મોટું ઈનામ આપી વિદાય કર્યો. પછી જરાય ગભરાયા વિના તરત ખાનગી માણસને કહ્યું : જાઓ, પરગામથી નિમકની ગુણીઓની ગુણીઓ લઇ આવી આ ખાડામાં નખાવી દો. જોજો હોં ? આ નગરમાંથી નિમક લેતા નહિ; નહિતર વાત બહાર પડી જતાં જમીન હાથમાંથી જાય.'

માણસ દરવાજે જઇ પાછો આવ્યો, 'સાહેબ ! પહેરેગીર કહે છે : ચાવીઓ રાજ્ય દરબારે પડી છે.'

મંત્રી કહે : 'અરે ! ચાવીઓ આ રહી,' એમ કહી રૂપિયાની થેલીઓ આપી. કહે 'લ્યો આ પહેરેગીરને આપો, ચાવીઓ લઇ આવી ખોલી આપશે.'

**પાણી મીઠાનું ખારું :**

પત્યું. એ રીતે દરવાજા ખૂલ્યા. માણસ પરગામ જઇ સાંઢણીઓ પર હજારો રૂપિયા ખરચી નિમકની ગુણીઓની ગુણીઓ લઇ આવી, એને રાતમાં ને રાતમાં પાયાના ખાડામાં પધરાવી દીધી.

સવારે રાજા પેથડશાહને લઈ ત્યાં આવે છે ને પવાલામાં ખાડાનું પાણી મગાવી પીવા જાય છે. એક ઘૂંટ પીતાં તો પાણી ખારું અગર, રાજાનું તો મોં બગડી ગયું.

રાજા પેલા ચાડીખોરોને બોલાવી કહે : 'આમ આવો, લો, આ મીઠું ધરાખ જેવું પાણી પીઓ.' શું પીએ ? એક ઘૂંટ પીતાં તો મોં ખારા ખારા થઈ ગયા. બિચારા લજવાઈ જઈ રાજાની માફી માગે છે.

બસ, પછી તો વિશાળ ગગનચૂંબી દેરાસર ઊભું થઈ ગયું ! પ્રતિષ્ઠા વખતે શિખર પર પાલખ પર ચડી પેથડશા હરખમાં હજારો રૂપિયા ઊછાળી નાચવા જાય છે. પ્રભુભક્તિના હરખમાં ભાન નથી રહેતું કે 'હું નીચે પડીશ તો ?' આચાર્ય મહારાજે નીચેથી ખાસ માણસને તાબડતોડ મોકલી, મંત્રીને નીચે ઉતાર્યા. આમ એક મંદિર બનાવવા પાછળ ક્રોડો રૂપિયા ખરચ્યા! કેમ વારુ ?

"તિમ મુજ મન પ્રભુ શું રમ્યું, બીજા (પૈસા) શું હો નવિ આવે દાય (પ્રેમ)કે..."

**ધરણશાહ પોરવાલ :**

ધરણશાહ પોરવાળે શું કર્યું ? નલિનીગુલ્મ વિમાનનું સ્વપ્નું આવ્યું. ત્રણ માળનું વિમાન ! નીચે ૮૪ ભોંયરા ! ૧૪૪૪ તો થાંભલા ! વિમાનમાં ગુઢ મંડપ, મેઘનાદ મંડપ, નૃત્ય મંડપ, રંગમંડપ, વગેરે કેટલા તો મંડપો ! બીજા જોખ-ઝરુખા-તોરણો વગેરે કેટલું ય ! ધરણશાહને કોડ થાય કે 'મારા ભગવાનનું આવું મંદિર બને તો કેવું સારું ?' બીજા કારીગરને પણ સ્વપ્ન આવેલું. તે આનો પ્લાન બનાવી લાવ્યો. ધરણશાહ કહે : 'આવું મંદિર બનાવવું છે.'

'શેઠ મારા ! મગજ ઠેકાણે છે ? કેટલો ખર્ચ ?'

શેઠ કહે : 'અરે મૂરખ ? તારા પેટમાં શું દુઃખે ? રૂપિયા મારા, ને કારીગરી તારી'.

**કેટલો ખરચ !** એ કાળના ૯૯ કરોડ રૂપિયા ! તે કાંઈ સંઘમાં ટીપ-ટકોરો કરીને નહિ, ધરણશાહ પોરવાળના પોતાના જ એટલા રૂપિયા ! તમને શું થાય છે ? 'હાય બાપ ! આટલા બધા રૂપિયા કેમ ખરચાય ? અને તે ય એક જ મંદિર પાછળ ?' કેમ બન્યું આ ? કહો,

"તિમ મુજ મન પ્રભુશું રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે...'

પ્રભુમાં મન એવું રમતું થઈ ગયેલું કે મન ધનમાં ન રમ્યું, પ્રભુમાં એવુ રમ્યું કે પ્રભુની ખાતર રાણકપુરનું મંદિર બનાવવામાં ૯૯ કરોડ રૂપિયા જતા કર્યા ! 'આ પ્રભુ શું પ્રીત' ના કેટલા બધા ઘેરા સુસંસ્કાર પરભવ લઈ જવાના મળે !

વાત આ છે કે -

**પ્રભુને વહાલા કરવા છે તો બીજું બધું અળખામણું કરો;** અને

**પ્રભુશું રંગ લાગ્યો, તો સંગ પ્રભુનો જ ગમે એવું કરો.** જીવનને પવિત્ર અને ખુશનુમા રાખવું હોય તો ભલે બહારથી મંદિરમાં પ્રભુ પાસે ન હોઈએ, પરંતુ હૃદયમાં પ્રભુનો સંગ બન્યો રહે. 'પ્રભુનો સંગ' એટલે એવું નથી કે ખાસ પ્રભુની આકૃતિ ધરીએ તો જ પ્રભુનો સંગ થયો કહેવાય, એટલું નહિ, પણ વિશેષ તો પ્રભુની આજ્ઞા યાદ કરીએ એ પણ પ્રભુનો વિશેષ સંગ કર્યો ગણાય...

જીવનની પ્રવૃત્તિઓમાં/બોલવા-ચાલવા-વિચારવામાં- ક્યાં ક્યાં પ્રભુની કઈ કઈ આજ્ઞા સંબંધ ધરાવે છે, એ જોયા કરીએ, અને શક્ય પાલન રાખીએ તો વળી ઉત્તમ કોટિનો પ્રભુનો સંગ થયો કહેવાય. એટલું વારંવાર મનમાં લાવ્યા કરીએ કે-

**માનવભવ પુદ્ગલના સંગ છોડી ચોવીસે કલાક પ્રભુનો જ સંગ કરવા માટે છે.**

**(ઈતિ શ્રી અજિતજિન સ્તવન વિવેચના)**

## શ્રી સંભવનાથ જિન સ્તવન-૩

**સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ-જ્ઞાતા રે;**
**ખામી નહિ મુજ ખિજમતે, કદીય હોશો ફળદાતા રે,...૧**
**કરજોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે,**
**જો મનમાં આણો નહિ, તો શું કહીએ થાને રે...૨**
**ખોટ ખજાને કો નહિ, દીજિએ વાંછિત દાનો રે,**
**કરુણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે...૩**
**કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે,**
**લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથે રે...૪**
**દેશો તો તુમહિ ભલા, બીજા શું નવિ જાચું રે,**
**વાચક યશ કહે સાંઇશું, ફળશે એ મુજ સાચું રે...૫**

## શ્રી સંભવનાથ જિન સ્તવન વિવેચના

**સંભવ જિનવર વિનતિ, અવધારો ગુણ-જ્ઞાતા રે;**
**ખામી નહિ મુજ ખિજમતે, કદીય હોશો ફળદાતા રે,...૧**

**ભાવાર્થ :-** હે (અસંભવને સંભવિત કરનારા) સંભવનાથ જિનવર ! હે ગુણના જાણકાર પ્રભુ ! મારી વિનંતી સ્વીકારો-મારી સેવા-ચાકરીમાં ખામી નથી

(તો પછી હવે સેવાનું) ફળ આપવાનું ક્યારે કરશો ?

**વિવેચન :-** ઋષભદેવ ભગવાનના સ્તવનમાં છેલ્લે કહી આવ્યા કે પ્રભુ પાસે સુખનો પોષ માગ્યો, અર્થાત્ ગુણમાં-ધર્મમાં-સુકૃતમાં જ આનંદ આનંદ માગ્યો. એ શી રીતે સિદ્ધ થાય ? તો કે અજિતનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું - પ્રભુનો જ સંગ ગમે, પ્રભુ પર જ પ્રીત હોય, બીજાનો સંગ ન ગમે, કે બીજા પર પ્રીત ન હોય. એ વાત હવે સંગ ગમવાથી પ્રભુની જ સેવા-ઉપાસનામાં રહેવાનું થાય, તો એમાં ફળની માગણી કરવી છે માટે ત્રીજા ભગવાનના સ્તવનમાં કહે છે...

'હે સંભવનાથ જિનેશ્વરદેવ ! આપ મારી વિનતી ધ્યાન પર લો. કારણ કે આપ ગુણના જ્ઞાતા-ગુણની કદર કરનારા છો. એટલે જ મને વિશ્વાસ છે કે મારા ગુણની કદર કરશો. તેથી જ હું વિનતી કરું છું-માગણી કરું છું. જે ગુણજ્ઞ હોય તે ગુણવાનની માગણીને અવશ્ય ધ્યાનમાં લે.

માતા દીકરા પ્રત્યે ગુણજ્ઞ હોય છે, તો દીકરાનો ગુણ દેખીને માતા એની કદર કરે છે, ને દીકરો કાંઈ માગણી કરે તો એની એ માગણીને સંતોષે છે. એમ પ્રભુ ! મારા ગુણની કદર કરી મારી વિનંતી મન પર લો અને વિનંતીને સ્વીકારો, માગણીને સંતોષો. હવે કવિ પોતાના કયા ગુણના બદલામાં શી માગણી કરે છે, તે બીજી લીટીમાં બતાવે છે -

**"ખામી નહિ મુજ ખિજમતે કદીય હોશો ફલદાતા રે"**

મારી સેવામાં કશી ખામી નથી. તો આ મારા ગુણની કદર કરી પ્રભુ ! ક્યારેય પણ સેવાના ફળના દાતા બનશો ? એવી મારી હે સંભવજિન ! વિનંતી છે.

તો સવાલ એ થાય કે 'સેવક એવી શી સેવા કરે છે કે જેમાં કશી ખામી નથી ?'

આનો ઉત્તર આ છે કે સેવા એટલે ઉપાસના. એ ઉપાસનામાં કદાચ સેવક ક્રિયાથી ખામીવાળો હશે, પરંતુ હૃદયના ભાવથી ખામીવાળો નથી. ઉપાસના તરીકે તો સેવકના હૃદયમાં ભગવાનનો જ વાસ છે, તેમને જ દિલમાં જડી દીધા છે, માટે ભગવાન રાત દિવસ યાદ આવ્યા કરે છે. એટલે કહું છું : 'મારે ભાવથી ઉપાસનામાં ખામી નથી.' અહીં પ્રશ્ન થાય-

**પ્રશ્ન :** કવિ આ શી રીતે કહી શકે છે કે પ્રભુને દિલમાં જડી દીધા છે ?

**ઉત્તર :** ગયા સ્તવનમાં અંતે કહી આવ્યા છે કે 'તિમ મુજ મન તુજશું રમ્યું' જેમ હંસ વગેરેને ગંગાજલ આદિમાં મન રહે છે, બીજા શબ્દોમાં કહીએ તો હંસ વગેરેના મનમાં ગંગાજળ આદિ હોય છે; એમ મારે પણ મન પ્રભુમાં જ રમે છે, મનમાં પ્રભુ જ રમતા હોય છે. આ તો 'પાઘડીમાં માથું, માથામાં પાઘડી' જેવું છે.

'પ્રભુમાં મન, મનમાં પ્રભુ.' ગત સ્તવનમાં આ કહ્યાથી સૂચવ્યું કે મારા દિલમાં પ્રભુ એવા જડાઈ ગયા છે, એવા વસી ગયા છે, કે એ જ મારી પ્રભુની ભાવથી સેવા છે, ઉપાસના છે. આ ઉપાસના મારો ગુણ છે, અને એનું ફળ હું માગું છું.

પ્રભુ ! આપ ગુણજ્ઞ છો, ગુણની કદર કરનારા છો, તેથી મને એવો વિશ્વાસ છે કે 'આપ કદીય હોશો ફળદાતા રે'- અર્થાત્ આપના તરફથી મને ફળ ક્યારેક મળશે. અથવા ભગવાનને પ્રશ્ન જ છે કે મને ફળદાતા ક્યારે બનશો ? આગળ ચોથી ગાથાથી સમજાય છે કે 'ફળ' એટલે ભાવલબ્ધિ. તમે મારા પર અચિંત્ય-અગાધ કરુણા કરીને મને ભાવલબ્ધિ ક્યારે આપશો ?

**પ્રશ્ન :** એ ભગવાન પાસે માગવાનું શું કામ ? એ તો પોતે પુરુષાર્થ કરીને મેળવવાની છે ને ?

**ઉત્તર :** ભગવાનની કરુણા જ સર્વેસર્વા છે, સર્વનો આધાર છે; એટલે પુરુષાર્થ થાય તે પણ પ્રભુની કરુણાથી, અને એ સફળ થાય તે પણ પ્રભુની કરુણાથી.

કારણ કે આપણને એક સારો વિચાર પણ આવે તે પણ ભગવાનની કૃપાથી-ભગવાનના પ્રભાવથી આવે છે, માટે તો **શ્રી લલિતવિસ્તરા શાસ્ત્રની** ટીકામાં લખ્યું છે- **'શુભાધ્યવસાયસ્યાપિ ભગવત્-પ્રસાદ-લભ્યત્વાત્ ।'**

મનમાં ભગવાનને લાવો, ભગવાનના શાસનને લાવો, એટલે સારા વિચાર આવે છે. એટલે -

**સારો વિચાર આવવાના મૂળમાં મનમાં વસેલા ભગવાન કારણભૂત છે.** તેથી કહેવાય, એક સારો વિચાર પણ ભગવાનના પ્રતાપે યાને ભગવાનની કરુણાથી આવ્યો.

પ્રભુ મનમાં કેવા વસ્યા છે તે હવે કહે છે...

**કરજોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે,**
**જો મનમાં આણો નહિ, તો શું કહીએ થાને રે...૨**

**ભાવાર્થ :-** દિવસ અને રાત હું બે હાથ જોડીને તમારા ધ્યાનમાં ઊભો રહું છું. (આમ હોવા છતાં જો આ વાત આપ) મન ઉપર લો નહીં, તો પછી અમે આપને વિશેષ શું કહીએ ?

**વિવેચન :-** ભગવાન મનમાં શી રીતે છે ? તો કવિ કહે છે કે હું રાતદિવસ હાથ જોડીને પ્રભુના ધ્યાનમાં ઊભો રહું છું, એટલે કે સજાગ રહું છું. મારા મનમાં પ્રભુ જ વસેલા જ રહે છે.

અરિહંત ભગવાન એવા વીતરાગતા આદિ ગુણો તથા અષ્ટપ્રાતિહાર્ય, ઉ

અતિશય તથા ૩૫ ગુણની વિશેષતાવાળી વાણી, અને અનંત કરુણાથી સંપન્ન છે એ આ પ્રભુના ભક્તને રાતદિવસ પ્રભુ જ મનમાં રમે એમાં નવાઈ નથી. જો પ્રભુ વીસારી દેવાય છે, તો એનો અર્થ એ કે પ્રભુને ઓળખ્યા નથી, અને મનને ગોઝારા ઇંદ્રિય-વિષયોની કારમી ગૃદ્ધિ ગુલામી ઊભી છે. પરંતુ

**સમકિતી આત્માની કાયા કદાચ વિષયોમાં; તો પણ મન અરિહંતમાં હોય છે.** તેથી તો કહેવાય કે,

**વનવાસમાં સીતાનો કેવો નિર્ધાર ? :**

**'સીતાને મન એક રામ તેમ સમકિતીને મન એક અરિહંત'** એમ નિર્ધાર જોઈએ. **સીતાજીને** યાદ કરો, તે રામ સાથે ચાલ્યા વનમાં ત્યારે સીતાજીને કયો નિર્ધાર, કયો વિચાર દિલમાં હતો ? આ જ કે 'હું મહેલને પરણી નથી, હીરા માણેકના દાગીનાને પરણી નથી, દાસ-દાસીને પરણી નથી, માત્ર રામને પરણી છું. તેથી મારે રામ સલામત તો સબ સલામત, રામ મારી પાસે છે તો બધું જ મારી પાસે છે. હૈયાનો સંબંધ રામ સાથે છે, તેથી મારે તેમની સાથે જ રહેવાનું, તેમની સાથે જ ચાલવાનું.' આવા સીતા સરિખા ભાવ લાવવા માટે કવિ કહે છે : **'કરજોડી ઊભો રહું રાતદિવસ તુમ ધ્યાને રે'** અર્થાત્ રાતદિવસ હાથ જોડીને એટલે કે નમ્રતાથી તમારા ધ્યાનમાં ઊભો રહું છું. આના પર પ્રશ્ન થાય છે-

**પ્રશ્ન :** તો શું પ્રતિક્રમણ-પડિલેહણ-ગોચરીપાણી... આદિ આવશ્યક ક્રિયાઓ નહીં કરતા હોય ? શું હાથ જોડીને માત્ર પ્રભુના ધ્યાનમાં જ ચોવીસે કલાક ઊભા રહેતા હશે ?

**ઉત્તર :** ના, એ બધું કરે ખરા, પણ મનમાં પ્રભુની આજ્ઞા સતત ધ્યાનમાં રાખીને કરે; એટલે એને પ્રભુનું ધ્યાન જ કહેવાય.

શ્રી ષોડશક શાસ્ત્રમાં લખ્યું છે કે-

**'अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।'**

અર્થાત્ 'અસ્મિન્' એટલે કે આ જિનાગમ-જિનવચન, જો હૃદયસ્થ છે, તો 'તત્ત્વતઃ' એટલે કે પરમાર્થથી, 'મુનીન્દ્ર' યાને અરિહંત જ હૃદયસ્થ છે.

**અરિહંતે બતાવેલ હેયોપાદેય-તત્ત્વાતત્ત્વ-કર્તવ્યાકર્તવ્ય અને હિતાહિત વગેરે અને જિનવચન જેના દિલમાં વસે છે, જેને આ જિનવચનનો વિચાર છે, તેને અરિહંતનો જ વિચાર છે.**

તેના દિલમાં પરમાર્થથી યાને વાસ્તવિક રીતે અરિહંત જ વસેલા છે, કારણ કે હેયોપાદેયનો વિચાર જિનવચનના યાને અરિહંતના વિચારપૂર્વક આવે છે.

માટે જ અરિહંતે કહેલા રોહિણી-સૌભાગ્યાદિ તપ કરે છે, ત્યાં તપ જિનોક્ત

કરવાનો અને જિનભક્તિ સાથે કરવાનો. આમ આમાં જિનને-અરિહંતને આગળ કરે છે, મુખ્ય કરે છે, તે મહત્વનું ગણ્યું છે. માટે તો **શ્રાદ્ધવિધિ** અને **ધર્મસંગ્રહમાં** લખ્યું છે કે **'સર્વત્ર ધર્મેણૈવ સાફલ્યાત્.'** શું ધાર્મિક કે શું સાંસારિક-બધી જ બાબતોમાં જિનોક્ત ધર્મથી જ સફળતા મળે.

**જિનોક્ત ધર્મને મુખ્ય કરે તો સર્વત્ર સફળતા જ સફળતા છે.**

માટે જ ત્યાં કહ્યું કે મોટો વ્યાપાર-સોદો કરતા પહેલા નવકાર-સ્મરણ કરે, ગૌતમાદિનું નામ લે, અને પોતાનું અમુક દ્રવ્ય દેવ-ગુરુને અર્પણ કરે. આમ વ્યાપાર એ સાંસારિક કાર્ય હોવા છતાં એમાં ભગવાનને મુખ્ય કરવાની વાત કરી. મુખ્ય કરે, તો સોદામાં સફળતા સાંપડે, નિષ્ફલતાથી રોવું ન પડે.

**પ્રશ્ન :** 'સાંસારિક ફળ માગીને રડવડ્યો બહુ સંસાર' એમ લખ્યું છે ને ?

**ઉત્તર :** જેને મન અરિહંતના ધર્મની મહત્તા નથી, જે વાતે વાતે અરિહંતને આગળ કરતો નથી, તેને તો વાતે વાતે અરિહંત યાદ આવતા નથી, ને પૂજા કરીને પછી ફળ માગે છે; એટલે એ તો માત્ર સોદાબાજી કરે છે. જિનોક્ત ધર્મની મહત્તા સમજે, તેને તો વાતે વાતે દિલમાં અરિહંત આવે, દિલમાં તો આ બેઠું હોય કે 'ભગવાનના પ્રભાવે જ બધું સારું થાય.' 'જયવીયરાય'માં શું બોલીએ છીએ ? આ જ, 'તુહપ્પભાવઓ ભયવં !' **'ભગવાન ! મારે તારા પ્રભાવથી હો** - ભવનિર્વેદ, માર્ગાનુસારિતા, ઈષ્ટફળસિદ્ધિ... વગેરે.'

**પ્રશ્ન :** 'તુહપ્પભાવઓ' (તારા પ્રભાવથી) પદ કેમ મૂક્યું ? એ વિના બાકીના પદથી માગણી તો થઈ શકતી હતી ? દા.ત. 'ભગવન્ મારે ભવનિર્વેદ-ઈષ્ટફળસિદ્ધિ હો'.

**ઉત્તર :** 'તુહપ્પભાવઓ' પદ મૂકીને ગણધર ભગવાન સૂચવે છે કે આ શ્રદ્ધા કરો, કે જે કાંઈ સારું થશે એ જગદ્‌ગુરુ વીતરાગ ભગવાનના પ્રભાવે જ યાને ભગવાનની કરુણાથી જ, ભગવાનના ઉપકારથી જ થશે.' આ શ્રદ્ધાથી જ... પ્રભુ પાસે બધું માગવાનું છે કે 'હે પ્રભુ ! તમારા પ્રભાવે મારે ભવનિર્વેદ હો. હે ભગવાન ! તમારા પ્રભાવથી મારે માર્ગાનુસારિતા હો. હે ભગવન્ ! તમારા પ્રભાવથી મારે ઈષ્ટ ફળની સિદ્ધિ હો... યાવત્ 'તવ્વયણ-સેવણા' 'પ્રભુ ! તમારા પ્રભાવે મારે ગુરુવચનની આરાધના હો.' આમ બધું અરિહંત ભગવાનના પ્રભાવે બની આવો.

આવી રીતે જ્યારે અરિહંતના અચિંત્ય પ્રભાવ પર તીવ્ર શ્રદ્ધા છે, તો સહેજે ભગવાન પહેલા અને પછી બંને સમય યાદ આવે. પહેલા આ રીતે, કે મનમાં આવે કે 'અરિહંતના પ્રભાવથી આ આ બનો ! કાર્ય થયા પછીથી આ રીતે

અરિહંત યાદ, 'આ આ બની આવ્યું, પ્રભુ ! તમારો કેટલો બધો ઉપકાર ! આ આ બની આવ્યું એમાં તમારો આભાર માનું છું.' શું રાતે કે શું દિવસે, રોજિંદા જીવનમાં આ ચાલતું હોય તો શું એમ ન કહેવાય કે 'કરજોડી ઊભો રહું રાતદિવસ તુમ ધ્યાને રે ?'

**પ્રશ્ન :** અહીં એક ખૂબી છે કે 'હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં !' અર્થાત્ 'ભગવંત ! તમારા પ્રભાવે મારે હો' કહીને ભવનિર્વેદ વગેરે માગ્યું. પરંતુ પૈસાટકા, માલ-મેવા, માન-સન્માન વગેરે દુન્યવી પદાર્થ ન માગ્યા, શું કારણ ?

**ઉત્તર :** પૈસાટકા વગેરે દુન્યવી પદાર્થો તો નાશવંત છે, અને હૈયાના ભાવ તેથી બગડે એ પરલોક બગાડનારા છે. આત્માના અહીં અને પરભવે એ બેહાલ કરનારા છે. એમાં શું માંગવું ?

**માગવું તો એવું કે જે આત્માને અહીં ને પરભવે ન્યાલ કરી નાખે !**

ભવનિર્વેદ વગેરે એવા ન્યાલ કરનારા તત્ત્વો છે, તેથી એ જ માગ્યું. તો હવે એક જ પ્રશ્ન થાય કે-

**પ્રશ્ન :** જો દુન્યવી પદાર્થ આત્માને બેહાલ-બરબાદ કરનારા છે માટે ન મંગાવ્યા, તો 'ઇષ્ટફળસિદ્ધિ' નો પૂર્વાચાર્યોએ ઇહલૌકિક અર્થ અર્થાત્ એવો અર્થ કરીને 'ઇષ્ટફળસિદ્ધિ' ની માગણીથી દુન્યવી પદાર્થ કેમ મંગાવ્યા ? આધ્યાત્મિક માગણીઓમાં ભૌતિક માગણી ?

**ઉત્તર :** એ મંગાવવાની પાછળ ટીકાકાર પૂર્વાચાર્ય મહર્ષિઓએ હેતુ મૂક્યો છે, કે એ મળે એટલે ચિત્તની સ્વસ્થતા થાય; અને એ થવાથી પછી ધર્મ-પ્રવૃત્તિ સ્વસ્થ ચિત્તે ચાલે. જાણો છો કે ગૃહસ્થજીવન સંકટો ભરેલું છે, તેથી એમાં કાંઇ ને કાંઇ સંકટ આવે. એ વખતે ચિત્ત આર્તધ્યાનમાં પડી ખોટા સંકલ્પ-વિકલ્પમાં પડી જાય. ત્યાં પછી પાપો બંધાય,અને ધર્મમાં ય ચિત્ત ન ચોંટે. તેથી રોજની આવશ્યક ધર્મક્રિયાઓ પણ સીદાય છે. ત્યાં પ્રભુને પ્રાર્થનાથી પ્રભુના પ્રભાવે ઇષ્ટફળસિદ્ધિ થાય, અર્થાત્ ઇચ્છિત દુન્યવી કાર્ય કે વસ્તુ સિદ્ધ થાય, તેથી ચિત્ત સ્વસ્થ થઇને ધર્મપ્રવૃત્તિ સારી ચાલે. આમ ઇષ્ટફળસિદ્ધિની માગણી પરિણામે આધ્યાત્મિક જ છે, એમાં ચિત્તની સમાધિ-સ્વસ્થતા અને ધર્મપ્રવૃત્તિ અખંડ રહે છે. વધારામાં અરિહંત અને અરિહંત પ્રભાવ પર શ્રદ્ધા વધે છે, એ પણ આધ્યાત્મિક જ પ્રાપ્તિ છે.

'કરજોડી ઊભો રહું રાતદિવસ તુમ ધ્યાને રે' ની સત્યતા આ રીતે છે; તેમજ પહેલા કહ્યું તેમ વાતે વાતે જિનાજ્ઞા યાદ કરીએ એ પણ જિનનું ધ્યાન જ છે. જ્ઞાનસાર શાસ્ત્રમાં લખ્યું છે કે-

**'शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।'**

અર્થાત્ 'શાસ્ત્રને યાને જિનવચનને આગળ કરો, તેથી વીતરાગ જિનને આગળ કર્યા બરાબર છે.' આ રીતે અરિહંત દિલમાં જોઇએ.

**એટલે જ જો વીતરાગનું વચન આપણા દિલમાં છે, તો વીતરાગ ભગવાન જ આપણા દિલમાં છે.**

શ્રેણિકરાજા અને કૃષ્ણમહારાજા જેવાના દિલમાં અરિહંતનું વચન-અરિહંતની આજ્ઞા જ પ્રધાન વસેલ હતી, માટે તો કૃષ્ણમહારાજા ઊંમરમાં આવેલી પોતાની દીકરીઓને ખરેખરી રાણી બનવાનું યાને ચારિત્ર લેવાનું કહેતા હતા. અહીં કદાચ પ્રશ્ન થાય,

**પ્રશ્ન :** તો દીકરીઓને જ કેમ કહેતા હતા, દીકરાઓને નહિ ?

**ઉત્તર :** દીકરી વધારે મૃદુ સ્વભાવવાળી હોય છે. જેટલી મૃદુતા, વિનયશીલતા, કોમળતાદિ સ્ત્રીમાં હોય છે, તેટલી પુરુષમાં નથી હોતી. માટે દીકરીઓને કહેતા હતા. જો દીકરાઓને કહેવા જાય, તો કદાચ છોકરા તો જહાંગીરી સ્વભાવના, તે રોકડું પરખાવે કે 'અમને સાધુ બનવાનું કહો છો, તો તમે જ સાધુ બની જાઓ ને ?' જ્યારે દીકરી સ્ત્રીજાત છે, એટલે સુશીલ, સામે નહીં બોલનારી, બાપની વાત માન્ય કરશે. અને આજે દેખાય પણ છે કે ખાનદાન પૈસાવાળી પણ સુશીલ દીકરી હશે, તો સાસરે જશે તો મનમાં માનશે કે "મારે તો પતિની આજ્ઞા જ મુખ્ય છે" અને રાતદિવસ એના મનમાં પતિનું-પતિના વચનનું ધ્યાન હોય છે.

એક મોહમાં બેઠેલી સંસારી જીવ સુશીલ પત્નીમાં આ ધ્યાન હોય કે જેને એમાં કોઇ મોક્ષનો ઉદ્દેશ નથી, તો પછી મોક્ષના ઉદ્દેશવાળા શ્રાવક કે સાધુને જિન-જિનવચનનું ધ્યાન કેમ ન હોય ? તેથી એ પ્રભુને હકથી કહી શકે કે 'કરજોડી ઊભો રહું, રાતદિવસ તુમ ધ્યાને રે'.

**'જો મનમાં આણો નહિ, તો શું કહીએ થાને રે ?'**

પહેલી ગાથામાં કવિએ એવા ભાવનું કહ્યું કે 'ખિજમતગાર ગરીબ હું'-હું તમારો સેવક દયાપાત્ર છું, માટે વિનંતિ અવધારો. મારી વિનંતિ તમે ધ્યાનમાં લ્યો. તમે ગુણજ્ઞ છો, મારી સેવામાં ખામી નથી, તો ફળદાતા ક્યારે બનશો ? બીજી ગાથામાં કવિ પોતે શી ખિજમત યાને સેવા-ઉપાસના કરે છે, તે બતાવે છે : 'કરજોડી ઊભો રહું રાતદિવસ તુમ ધ્યાને રે' કવિ કહે છે-

**'જો મનમાં આણો નહિ, તો શું કહીએ થાને રે'**

અર્થાત્ જો આ મારી વિનંતિ મન પર ન લો, તો 'થાને' (મારવાડી શબ્દ છે) એટલે કે તમને શું કહીએ ? તમે મોટા પુરુષ છો, તમને ઠપકો શાને દેવાય ? કવિ અહીં પ્રભુને ઠપકો ન દેવાય એમ કહે છે -એ સૂચવે છે કે જેને કાંઇ જોઇતું

જોઈએ, એણે વિનમ્ર બનવું જોઈએ, સામા પાસેથી લેવા માટે પ્રેમનો હક-દાવો કરી શકાય, પરંતુ એ નથી આપતા તો ઠપકો ન દેવાય. અલબત ફરીથી બીજી રીતિએ વિનંતિ કરી શકાય; અને કવિ એ અહીં કરવા કહે છે - ખોટ ખજાને... ઇત્યાદિ.

**ખોટ ખજાને કો નહિ, દીજિએ વાંછિત દાનો રે,**

**કરુણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે...૩**

**ભાવાર્થ :-** આપના ભંડારમાં કશી ખોટ નથી, કમીના નથી, માટે મને વાંછિતનું દાન આપો. આપની તો સેવક પર કરુણા-નજર, દયા-દૃષ્ટિ એવી છે કે જેથી સેવકનો વાન=આત્મિકરંગ વધે છે.

**વિવેચન :-** ગત ગાથામાં પોતાની સેવા બતાવી કે - હું રાત દિવસ તમારી ઉપાસના કરું છું. પછી ફળ માગે છે, હવે એના ફળદાતા ક્યારે બનશો ? આના પર જો એ કહો કે મારી પાસે આપવા એટલો બધો માલ નથી, તો કવિ કહે છે કે 'પ્રભુ ! તમારા ખજાને કશી ખોટ નથી. અનંત અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-ક્ષમા-સમતા-કરુણા વગેરે આત્મસંપત્તિના તમારા ખજાને ઢગલા પડ્યા છે ! એમાંથી દીજિયે વાંછિત-દાન. અહીં પ્રશ્ન થાય-

**પ્રશ્ન :** શું કોઈના આત્મામાંથી જ્ઞાન-દર્શન વગેરે કાઢીને બીજાના આત્મામાં પેસાડી શકાય છે ? જગતમાં દ્રવ્યો સ્વતંત્ર છે અને તેના ગુણ-પર્યાય સ્વતંત્ર છે. તો એમાંથી કાઢીને કેમ આ માગ્યું કે તમારા ખજાનામાંથી વાંછિત દાન આપો ?

**ઉત્તર :** દૂધમાં સાકર નાખો તેમ સાકરની મીઠાશ લાગે છે, તે અંદર એકમેક ભળેલા સાકરનાં કણિયાની મીઠાશ લાગે છે. એમાં સાકરના કણિયાની મીઠાશ દૂધનાં કણિયામાં ક્યાં આવી ?

**પ્રશ્ન :** સાકર ભળવાથી દૂધમાં મીઠાશ લાગે છે,તે અંદર એકમેક ભળેલા સાકરનાં કણિયાની મીઠાશ લાગે છે.એમાં સાકરના કણિયાની મીઠાશ દૂધના કણિયામાં ક્યાં આવી ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૪૦,તા.૨૧-૬-૧૯૮૬

**ઉત્તર :** એ રીતે આવી કે દ્રવ્યમાં ગુણનું પરિવર્તન થાય છે. એટલે દૂધમાં ફિકાશનો ગુણ હતો તે સાકરના યોગે પલટાઈને મીઠાશનો ગુણ થઈ ગયો. માટે જ વ્યવહાર એવો થાય છે કે હવે દૂધ મીઠું થઈ ગયું. પણ એમ નથી કહેવાતુ કે અંદરની સાકર મીઠી લાગે છે, પણ દૂધ તો ફીકું લાગે છે. બસ, આ રીતે પ્રભુની

દયા થાય તો સાકરની જેમ પ્રભુ આપણા આત્મામાં એવા એકમેક- એકરસ બની જાય કે આપણા મિથ્યાત્વ-અજ્ઞાન-કષાયો વગેરે અસત્ ગુણો પલટાઇને સમ્યક્ત્વ-જ્ઞાન-ઉપશમ વગેરે સ્વરૂપ સદ્ગુણો બની જાય. આ હિસાબે કવિની માગણી છે કે તમારા ખજાને ગુણોની ખોટ નથી, તો પછી મને વાંછિત ગુણોનું દાન કરો. અર્થાત્ પ્રભુ ! મારી સાથે એવા એકરસ થઇ જાઓ કે મારામાં આપના ગુણોના સંપર્કથી દોષો પલટાઇને ગુણરૂપ બની જાય...

**પ્રશ્ન :** 'દીજિએ વાંછિત દાન' એમ કહીને કવિએ પ્રભુની આગળ વાંછિત માંગ્યું, તે શું માગ્યા માત્રથી મળી જાય ? કે ખરેખર તો એનો પુરુષાર્થ કરવો જોઇએ ?

**ઉત્તર :** શ્રી લલિતવિસ્તરા શાસ્ત્રમાં લખ્યું છે કે -

**'प्रार्थनात एव इष्ट-सिद्धिः ।'**

પ્રાર્થનાથી જ ઈષ્ટની સિદ્ધિ થાય છે. એનું કારણ એ છે કે આપણે જે વસ્તુની પ્રાર્થના કરીએ છીએ એની આપણા દિલમાં અહોભાવ આશંસા અભિલાષા હોય છે. અને **યોગદૃષ્ટિ સમુચ્ચય શાસ્ત્ર**માં લખ્યું છે કે **'બીજં સત્પ્રશંસાદિ'** અર્થાત્ કોઇ પણ ધર્મ કે ગુણ સિદ્ધ કરવો હોય, ઉગાડવો હોય, તો એનું બીજ સમ્યક્ પ્રશંસા-અહોભાવ છે. તમે એની દિલથી પ્રશંસા-અનુમોદના કરો, એના પર અહોભાવ રાખો, એ એનું બીજાધાન કર્યું ગણાય. તેમજ એની અત્યંત અભિલાષા થાય એ બીજમાંથી અંકુર ઊગ્યો કહેવાય. પછી આગળ આગળ એ ગુણ કે ધર્મ અંગે શાસ્ત્રશ્રવણ વગેરે પ્રવૃત્તિ થાય. એ નાળ, પત્ર, પુષ્પ વગેરે છે; અને છેલ્લે એ ધર્મ કે ગુણ સિદ્ધ થાય એ પાકસ્વરૂપ યાને ફળસ્વરૂપ છે. પ્રાર્થનાથી ક્રમશઃ આ બધું નીપજે છે. માટે કહેવાય કે પ્રભુ આગળ પ્રાર્થના કરવાથી આમ ક્રમશઃ ઈષ્ટની સિદ્ધિ થાય છે. માટે જ, 'જયવીયરાય' સૂત્રમાંની માગણીઓ કરતી વખતે આ ખૂબ જરૂરી છે, કે

તે તે ભવનિર્વેદ-વૈરાગ્ય આદિની માગણી કરવા પૂર્વે એની અંતરમાં ખૂબ અનુમોદના અને અહોભાવ યાને 'અહો ! અહો ! આ કેવો સરસ ગુણ' એવો દીલમાં ભાવ જોઇએ, પછી એ ભવવૈરાગ્ય આદિની તીવ્ર આશંસા-અભિલાષા જોઇએ કે 'મારે આ ગુણ જોઇએ છે, મારે એના વિના ચાલે જ નહિ'. પછી એના અંગેનું શાસ્ત્રશ્રવણ, એનો બહુવાર પ્રયત્ન... વગેરે જોઇએ. તાત્પર્ય -સાચી માગણીની સાથે આ બધું જોઇએ; તો જ માગણી-પ્રાર્થના ફળે.

કવિએ વાંછિત દાન માગ્યું - **એ વાંછિત શું ?** તો કે ભવવૈરાગ્યથી માંડીને ઉપર ઉપર અપુનર્બંધક અવસ્થા, સમ્યક્ત્વ, દેશવિરતિ... વગેરે... યાવદ્

...ગતા સુધીની ઉન્નતિ માગી. એ એમાં એની સાધનાઓ, કરણી, તકેદારીઓ... ...ઘણું ઘણું માગ્યું. એના માટે ભગવાન કદાચ કહે કે "તું એ બધું-વર્તમાન ...શાસન, શાસ્ત્રો, સદ્ગુરુઓ, તીર્થો... વગેરે જે સાધન-સામગ્રી મળે છે, ...લબ્ધ થાય છે, એને કાળલબ્ધિ કહેવાય, એનાથી વાંછિત સાધી લે. અમારી ...એની વિનંતિ કરવાનું શું કામ છે ?" તો એના જવાબમાં કવિ કહે છે -

**'કરુણા નજર પ્રભુ તુમ તણી, વાધે સેવક વાનો રે'**

હે અરિહંત ! આપની કરુણા-નજર એવી છે, આપની રહેમ-નજર એવી ...કે એથી સેવકનો આત્માનો વાન-વર્ણ રંગ વધી જાય છે. મારું હૈયું ગદ્ગદ બને ...ને મારા આત્મામાં રંગ-ઉત્સાહ-ઉછરંગ વધી જાય છે. માટે આપ મારા પર ...હેમ-નજર કરો.

**પ્રભુની કરુણા-નજરમાં આ તાકાતનો દાખલો જુઓ, કે**

કમઠના કાષ્ઠમાંથી કાઢેલા બળતા સાપ પર પાર્શ્વકુમારની કરુણા-નજર પડી, ...સાપ મરીને ધરણેન્દ્ર બન્યો. ત્યાં જો પાર્શ્વકુમારની કરુણા-રહેમ-નજર ન મળી ...ોત, તો સંભવ છે કે બળતા સાપને હાયવોય થાત ! કમઠ પર ગુસ્સો આવત ! ...તે રીતે તેને ધરણેન્દ્રપણું તો દૂર, પણ દુર્ગતિ મળત. અલબત, નવકાર મળવાથી દુર્ગતિ ન થાત, પરંતુ નવકારથી જેમ સમડી સુદર્શના રાજકુમારી થઈ, બળદ રાજકુમાર થયો, એમ સાપને કોઈ મનુષ્ય-અવતાર મળત. જ્યારે અહીં તો સર્પને દેવ-અવતાર ! અને તે પણ ઇંદ્રપણાનો અવતાર મળ્યો !

**આ સૂચવે છે કે કોઈને મૃત્યુ પથારીએ નવકાર સંભળાવો એ વખતે જો એની સામે ભગવાનની પ્રતિમા યા સારો ફોટો રાખો, તો એ મરવા પડેલાના શુભ ભાવ વધી જાય.**

આ એટલા માટે કહેવાય છે કે નવકારથી સમડી-બળદ મરીને મનુષ્ય થયા, પણ આ સાપ મરતાં નવકારથી નાગકુમાર દેવલોકનો ઈન્દ્ર ધરણેન્દ્ર થયો. આનું કારણ, એને નવકાર ઉપરાંત પાર્શ્વકુમારનું સૌમ્ય-કરુણાભર્યું મુખદર્શન મળ્યું ! પ્રભુની કરુણા-નજર મળી ! તેથી કવિ કહે છે, 'પ્રભુ ! આપ મને કરુણા નજરથી જુઓ, જેથી મારા આત્માનો નિસ્તાર થાય; કારણ કે આપની કરુણામય નજરથી સાધકને સાધનામાં જોમ આવે છે.

**પ્રભુની કરુણા નજર એ મહાકલ્યાણકારી છે; તે એવી, કે એથી સર્વકાર્યની સિદ્ધિ થાય છે.**

**કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે,**
**લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથે રે...૪**

**ભાવાર્થ :-** સેવક પાસે કાળલબ્ધિ છે (એનાથી વાંછિત સાધી લે)- એમ આપ હિસાબ માંડશો નહિ; કારણ કે (કાળલબ્ધિ સાથે સાધનામાં જરૂરી) ભાવલબ્ધિ આપના હાથમાં છે, આપને સ્વાધીન છે, (ને એના આધારે જ મારે સાધના ચાલી શકે છે) દા.ત. હાથીના નાના બચ્ચામાં પગ ટેકવીને ઘૂમવાની પોતાની શક્તિ નથી, છતાં હાથીનું એ બચ્ચું લડથડિયા ખાતું ખાતું પણ મોટા હાથીના ઘૂમવાની સાથોસાથ ઘૂમે(ગાજે જ) છે,

**વિવેચન :-** ઉપરની ગાથામાં કવિએ એમ જણાવ્યું કે પ્રભુની કરુણાનજર મારા પર પડી જાય, તો વાધે સેવક-વાન, મારું શેર શેર લોહી વધી જાય, મારા આત્માનું નૂર વધી જાય, સ્ફુર્તિનો પાર રહે નહીં. આ રીતે કવિએ સાધનામાં નિ:સીમ જોમ અને સ્ફુર્તિ પ્રગટાવવાની તાકાત-સામર્થ્ય પ્રભુની કરુણાદૃષ્ટિમાં માન્યું; કારણ કે ભગવાનની મહેર થાય, તો મોક્ષ સુધીના સુખ મળે છે.

હવે કવિ કહે છે કે 'જો પ્રભુ આપ મને કહેશો કે કાળલબ્ધિ તો તારી પાસે જ છે તો તેથી એનાથી કાર્ય સાધી લે.'

ત્યારે સેવકનો આ જવાબ છે કે - કાળલબ્ધિ તો કાર્યસિદ્ધિ માટે અનિશ્ચિત છે, એ મળી હોય છતાં ભાવલબ્ધિ ન હોય તો કાર્ય સિદ્ધ ન થાય. એટલે વર્તમાન કાળલબ્ધિ એ ફળ પ્રત્યે અનિશ્ચિત યાને વ્યભિચારી સામગ્રી છે, એના કારણે કાર્ય થવાનું નક્કી નથી. દા.ત. આજે ઘણાય માણસોને જિનમંદિર, સાધુ, અનુષ્ઠાન કરતો સંઘ.... વગેરે સામગ્રી તો મલી છે, પરંતુ શુદ્ધ સાધના ક્યાં છે ? તો શું ખૂટે છે ? તો કે પ્રભુની ભાવકરુણા ભાવલબ્ધિ ખૂટે છે, એટલે કે એમને પ્રભુની કરુણા, કૃપા, પ્રભુનો પ્રભાવ કે જે કાર્ય માટે અચૂક કારણ છે, એના પર શ્રદ્ધા નથી.

**અરિહંત પ્રભાવ પર શ્રદ્ધા ન હોય તો અરિહંત ન ફળે.**

અને એ પ્રભાવ પર શ્રદ્ધા, અર્થાત્ પ્રભુની કરુણાનજર યાને ભાવલબ્ધિ હોય, તો પેલી બધી સાધન-સામગ્રી સફળ થાય, કાર્યકર બને. અહીં **'કાળલબ્ધિ' એટલે** - વર્તમાન કાળમાં મોક્ષ પામવા માટે જરૂરી સાધનાની શક્ય ઉપલબ્ધ સામગ્રી. એ આપણને મળી છે, તેને કાળલબ્ધિ કહેવાય; જેમકે અલબત આપણને સાક્ષાત્ જિનેશ્વરદેવ, ગણધર ભગવંત, કેવલી ભગવાન મળ્યા નથી, છતાં પણ વર્તમાનકાળમાં જે કાંઇ પ્રભુ-પ્રતિમા, ગુરુઓ, આગમ-શાસ્ત્રો, જિનમંદિરો, તીર્થો, આરાધક ચતુર્વિધ સંઘ વગેરે આપણને મળ્યા છે, આપણને કાળાનુસાર જે બધાની પ્રાપ્તિ થઇ છે, તેને કાળલબ્ધિ કહેવાય, અને **'ભાવલબ્ધિ'** એટલે વાસ્તવિક અચૂક કારણપ્રાપ્તિ. એ છે પરમાત્માની કરુણા-પ્રભાવ. કાળલબ્ધિ એ અચૂક કારણ

પ્તિ નથી. કેમકે એ મળી હોય, પણ ભાવલબ્ધિ ન મળી હોય, તો કાર્ય ન થાય. દા.ત. જૈનકુળમાં જન્મેલા આજે કેટલાયને કાળલબ્ધિ મળી છે, પરંતુ એ કાર્ય-સાધક થતી નથી. ત્યારે જેને સાથે ભાવલબ્ધિ મળી છે, એ કાર્ય સાધી જાય છે. એટલે પ્રભુને અરજ છે કે પ્રભુ ! આપ મને તારી પાસે કાળલબ્ધિ છે એનાથી કાર્ય સાધી લે એમ કહી આપ ભાવલબ્ધિ આપ્યા વિના મને છોડી દો તે ન ચાલે, કેમકે ભાવલબ્ધિ યાને મૂળ અસાધારણ કારણભૂત આપની કરુણા આપના હાથમાં છે ને તે મને આપે આપવી જ જોઈએ. અહીં પૂ. યશોવિજયજી મ. અને પૂ. આનંદઘનજી મ. ના એક જ ચીજના પ્રતિપાદનમાં પરસ્પર વિરોધનો મજેનો પ્રશ્ન થાય છે.

**બે કવિના પરસ્પર વિરુદ્ધ કથનનું સમાધાન :-**

**પ્રશ્ન :** અહીં પૂ. યશોવિજયજી મહારાજ કહે છે -

**કાળલબ્ધિ મુજ મત ગણો** અર્થાત્ હે પ્રભુ ! મારી કાળલબ્ધિ સામે આપ જોશો નહીં, કારણ કે એકલી કાળલબ્ધિથી કાંઈ વળે તેમ નથી.

જ્યારે પૂ. આનંદઘનજી મહારાજ કહે છે કે -

**કાળલબ્ધિ લઈ પંથ નિહાળશું** - આપનો મોક્ષમાર્ગ કાળલબ્ધિથી નિહાળશું, પામશું; કાળલબ્ધિથી કાર્ય સિદ્ધ થશે.

આમ (૧) પૂ. યશોવિજયજી મહારાજ 'એકલી કાળલબ્ધિથી કાંઈ વળે નહિ' એમ કહે છે; અને (૨) પૂ. આનંદઘનજી મ. કાળલબ્ધિથી માર્ગ પામવાનું કહે છે. તો આ પરસ્પર વિરુદ્ધ લાગે તેવી વાત કેમ કહી ?

**ઉત્તર :** અહીં પૂ. યશોવિજયજી મહારાજ સેવાના બદલામાં પ્રભુની કરુણા યાચી રહ્યા છે, એટલે કે ભાવલબ્ધિ યાચે છે. એનું કારણ એ, કે કાળલબ્ધિથી યાને વર્તમાનકાળે ઉપલબ્ધ માત્ર આરાધના-સામગ્રી એકલીથી મોક્ષનું કાર્ય સીઝે એમ નથી; કેમકે તે નિશ્ચિત ફળદાયી નથી. એ તો એમાં નિશ્ચિત ફળદાયી જે પ્રભુની ભાવકરુણા, યાને અરિહંતનો અચિંત્ય પ્રભાવ, એ ભળે તો જ કાર્ય સીઝે એમ છે, તેથી ભાવલબ્ધિ પ્રભુ પાસે માગી.

જ્યારે પૂ. આનંદઘનજી મહારાજને પ્રભુનો માર્ગ શોધવો છે કે પ્રભુ કયા માર્ગે મોક્ષમાં ગયા ? એક એ માર્ગ (૧) ચર્મચક્ષુ, (૨) પુરુષ-પરંપરા, (૩) ઉત્સર્ગ-આગમ, (૪) તર્ક-વિચારણા... આદિથી જડે એવો નથી, પરંતુ એ પ્રભુનો મોક્ષમાર્ગ તો સદ્‌ગુરુ, આગમ શાસ્ત્રો, આરાધક સંઘની આરાધનાઓ... આદિથી વર્તમાનકાળે ઉપલબ્ધ થાય એવો છે. માટે તે કાળલબ્ધિ પર ભરોસો રાખ્યો.

અહીં પ્રસંગવશાત્ બીજા શ્રી અજિતનાથ ભગવાનના સ્તવનમાં આનંદઘનજી

મહારાજે એ ચર્મચક્ષુ વગેરેથી અજિતનાથ ભગવાન મોક્ષમાં કયે માર્ગે ગયા એ જાણવાનું મુશ્કેલ કહ્યું, તેને એ સ્તવનના આધારે જરા સ્પષ્ટતાથી જોઈએ -

(૧) તે માર્ગ 'ચર્મચક્ષુ' અર્થાત્ ચામડાની આંખે દેખાય તેમ નથી; કારણ કે તે માર્ગમાં તો 'અમુક તપ કરો, શાસ્ત્રસ્વાધ્યાય કરો, તો કર્મનિર્જરા થાય' એવું આવે; પણ એ વસ્તુ અતીન્દ્રિય છે, ચામડાની આંખેથી ખબર પડે કે -'ચરમ નયણે કરી મારગ જોવતાં ભૂલ્યો સયલ સંસાર.' ચર્મચક્ષુએ અતીન્દ્રિય તત્ત્વ દેખાય નહિ. છતાં તુક્કાની કલ્પના કરી મારગ સ્થાપે, એમાં તો ભુલાવામાં પડાય; તેથી કહ્યું 'ભૂલ્યો સયલ સંસાર' અર્થાત્ તેમાં તો સકલ સંસાર ચૂક્યો છે, અસત્ માર્ગે - ઉન્માર્ગે પડ્યો છે. અગર હવે જો કહો કે 'ચર્મ-ચક્ષુથી નહિ, પણ પૂર્વપુરુષોના માર્ગની પરંપરાથી માર્ગ શોધશું' તો ૩જી ગાથામાં કહે છે -

(૨) પૂર્વ પુરુષની પરંપરાથી પણ સાચો પ્રભુનો માર્ગ જડે એમ નથી. કારણ કે, પરંપરા સાચી-ખોટીની ખબર નથી. એટલે 'અંધેકી હાર ચલી, જય જય દાતાર' બધા આંધળા હોય ત્યાં 'અંધો અંધ પુલાય' અર્થાત્ આગળ ગયેલાં અંધની પાછળ પાછળનો અંધ ખેંચાય છે. આમાં સાચો માર્ગ ક્યાંથી જણાય ? જ્યારે હવે જો કહો, 'માર્ગ આગમ શાસ્ત્રથી જાણી લો' તો

(૩) આગમનો માર્ગ અતિસૂક્ષ્મ છે. તેનો વિચાર કરતાં તો પગ ધરતી પર મૂકી શકાય તેમ નથી. કેમકે આગમમાં તો એટલો બધો ઝીણો માર્ગ મૂક્યો છે.... દા.ત. જિનમંદિરમાં પેસો તો 'નિસીહિ' કહેતાં 'ઘરસંસારનો એક પણ વિચાર નહિ, કે એક પણ બોલ યા એક પણ પ્રવૃત્તિ નહિ જ કરવાની,' એવું નક્કી કરીને પેસો. ત્યારે આટલી મંદિરે પેસવાને સામાન્ય બાબત પણ આગમ કેવી સૂક્ષ્મ બતાવે છે ! એ પાળવાની વાત આવે ત્યાં ધરતી પર પગ મૂકાય એવું નથી. સૂક્ષ્મ રીતે પાળવાનું કઠિન છે, નક્કી કરાય એમ નથી. મનમાં સહેજ પણ સંસારની કોઈ વાત-વસ્તુનો વિચાર જ ન લાવવાનું કેટલું બધું કઠિન છે ? એટલે આગમથી માર્ગ શોધાય એમ નથી.

(૪) તર્કવાદથી પણ પ્રભુનો માર્ગ જડે એમ નથી, કારણ કે તર્કવાદમાં તો વાદની પરંપરા ચાલે, ને તેનો તો છેડો જ ન આવે ! કહેવાય છે કે તર્કની સામે કુતર્ક ઘણા - તેથી તર્કને કોણ પહોંચી શકે ? ત્યારે જો ધર્મયોગના અનુભવીને પૂછવા જઈએ, તો -

(૫) 'તરતમ જોગે તરતમ વાસના' એટલે કે માર્ગની શોધમાં જે આરાધક પાસે જઈ માર્ગ પૂછીએ, તો તે જે માર્ગ - જે ધર્મયોગનો આરાધક હશે, એને એ જ ઈષ્ટ હશે, એટલે તે એ જ બતાવશે. જેમકે, તપસ્વી 'તપ કરો' તપને જ

મહત્વ આપશે. પરંતુ મોક્ષના યોગોમાં તરતમતા છે, કોઈને કોઈ યોગ સુંદર લાગે, બીજાને બીજો યોગ સુંદરતર લાગે; ત્રીજાને વળી ત્રીજો યોગ સુંદરતમ લાગે. જેમકે, ત્રીજ્ય જ્ઞાનયોગીને પૂછો : 'ભાઈ ! પેલા તો કહેતા હતા કે 'તપયોગ સુંદર છે, પણ જ્ઞાનયોગ સુંદરતર છે.' ત્યારે વળી ત્રીજાને પૂછતા એ કહેશે : 'પ્રભુભક્તિયોગ સુંદરતમ છે.' આમ એમને તે તે યોગ-સાધનાથી તરતમતાવાળી વાસના અર્થાત્ સંસ્કાર પડેલા છે, તેથી દરેક તરતમતાવાળી વાસનાથી યોગોમાં તરતમ તરીકે એટલે કે કોઈ 'અમુક યોગ સુંદર.' તો બીજો વળી 'બીજો યોગ સુંદરતર,' ત્રીજો વળી 'ત્રીજો જ યોગ સુંદરતમ' તરીકે ઓળખાવે. એમાંય પરસ્પર પૂછો તો પોતાનો સુંદરતમ અને બીજાનો સુંદર કહેશે. આમ તરતમ યોગોમાં ક્યા યોગને માર્ગ કહેવો ? એટલે આમાં પ્રભુ કયા માર્ગે ગયા એનો શી રીતે નિર્ણય લેવાય ? એટલે અંતમાં પૂ. આનંદઘનજી મહારાજ કહે છે કે કાળલબ્ધિથી પ્રભુનો મોક્ષમાર્ગ નિહાળશું, અર્થાત્ બધી સામગ્રીનો ઉપયોગ કરી, એમાં ય શાસ્ત્રોના ઉત્સર્ગ-અપવાદને આશ્રીને માર્ગ નક્કી કરીશું (નિહાળશું). જ્યારે પૂ. યશોવિજયજી મહારાજ કહે છે કે મોક્ષ પામવા માટે કાળલબ્ધિ એકલી નહી ચાલે. ભાવલબ્ધિ, યાને અરિહંતની કૃપાની પણ અત્યંત જરૂર છે.

જૈન શાસનમાં કોઈ પણ કાર્ય યાવત્ મોક્ષમાર્ગ માટે ભવિતવ્યતા આદિ ૫ કારણ સમવાય જરૂરી છે. એમાં અરિહંતની કૃપા-કરુણા એ મુખ્ય અસાધારણ કારણ છે. કહ્યું છે, **'મુખ્ય હેતુ તું મોક્ષનો...' 'ભવિતવ્યતાદિ** (૫ કારણ) **તુજ દાસો રે.'** કાર્ય થવામાં આ રીતે આ પાંચ કારણ છે-

**૫ કારણ-સમવાય :**

**(૧) ભવિતવ્યતા :-** અનાદિ અવ્યવહાર-રાશિની સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળી વ્યવહાર-રાશિમાં તે જીવ આવે, કે જેની **ભવિતવ્યતા** પાકી હોય. એક આત્મા મોક્ષે જાય ત્યારે એક જીવ અનાદિ નિગોદમાંથી બહાર નીકળે. પણ કયો જીવ બહાર નીકળે તો કે તે જ જીવ નીકળે કે જેની ભવિતવ્યતા બળવાન હોય.

**(૨) સ્વભાવ :-** અવ્યવહાર રાશિમાંથી નીકળવા છતાં લાંબે પણ મોક્ષે જવાનું ત્યારે જ બને કે જ્યારે તે જીવનો મોક્ષે જવાનો **ભવ્યત્વ-સ્વભાવ** હોય. એટલે જ અભવ્ય જીવ તો બિચારો અવ્યવહારમાંથી વ્યવહાર-રાશિમાં આવવા છતાં ય શાશ્વત કાળ માટે સંસારની ૮૪ લાખ યોનિઓમાં રખડ્યા જ કરશે, પણ એના અભવ્યત્વ-સ્વભાવના લીધે કદી મોક્ષ નહીં પામે. જેમ, મગશેળિયો પત્થર પીગળે જ નહીં, તેમ અભવ્યને ગમે તેટલો મોક્ષનો ઉપદેશ મલે, પરંતુ એનો કદીય મોક્ષ થાય જ નહિ, મૂળ પાયામાં એને શ્રદ્ધા જ ન થાય.

**(૩) કાળ :-** જીવને અચરમાવર્ત કાળમાંથી ચરમાવર્તમાં લાવનાર તત્ત્વ **'કાળ'** છે. અચરમાવર્તમાં પુરુષાર્થાદિ ગમે તેટલું હોય, પણ કાર્ય ન થાય. આંબો ઉનાળામાં જ ફળે. ગર્ભ પક્વ થવા માટે ૯ મહિના જોઇએ જ. એમ ચરમાવર્તમાં આવવા માટે અનંત અચરમાવર્ત કાળ પસાર થઇ જ જવા જોઇએ.

**(૪) કર્મ :-** મોક્ષમાં જવા માટે **કર્મ** પણ કારણ છે. મનુષ્ય જન્મમાંથી જ મોક્ષે જવાય, અને મનુષ્ય જન્મ શુભ કર્મથી જ મળે. ૧૪ પૂર્વધર મુનિ ઉપશમ શ્રેણિમાં ચડે, ૧૧ મા ગુણઠાણે પહોંચે ! સંપૂર્ણ વીતરાગ જેવા થાય, પણ ત્યાંથી નીચે ઊતરે. હવે ફરી એમને ક્ષપકશ્રેણિ માંડવાના ભાવ હોય, પણ જો આયુષ્યકર્મ ઓછું પડ્યું, તો એ કાળ કરી જાય ! અને ક્ષપકશ્રેણિ માંડવાનું કર્મના વાંકે જ અટકી જાય ! કહો કે, કર્મના વાંકે જ મોક્ષ અટકી જાય, અને એના બદલે એ અનુત્તરમાં જઇ વસે ! સાત લવનું આયુષ્યકર્મ ખૂટ્યું, તો ૩૩ સાગરોપમ સુધી સંસારમાં રહેવાનું થયું. એટલો જંગી લાંબો કાળ મોક્ષના અનંતા સુખથી દૂર રહ્યા ! અહીં કર્મની બળવત્તા છે કે એમને મોક્ષમાં જતા અટકાવી દીધા ! તેમ શુક્લધ્યાન માટે પણ મનોબળ જોઇએ છે, એ મનોબળ સંઘયણબળ પર મળે છે, ને સંઘયણબળ આદિ સામગ્રી આપનાર પણ કર્મ છે. આટલી બધી કર્મની બળવત્તા છે.

**(૫) પુરુષાર્થ :-** બધી સામગ્રી મળે, પણ **પુરુષાર્થનો** અભાવ હોય તો કાર્ય-સિદ્ધિ ન થાય. કર્મે આપણને મનુષ્ય-જન્મ અને ધર્મ-આરાધનાની બધી અનુકૂળ સામગ્રી આપી દીધી, પણ ૧૩ કાઠિયા ધર્મ-પુરુષાર્થ ન થવા દે. ભવિતવ્યાતાદિ ચારે કારણ આવી મળ્યા, પરંતુ ત્યાં છતી સામગ્રીમાં પણ ધર્મસાધના થતી નથી, કોના વાંકે ? કહો, પુરુષાર્થના અભાવના વાંકે ધર્મસાધના નથી થતી. કહો, દુન્યવી વસ્તુની પ્રાપ્તિમાં પુણ્ય મુખ્ય કારણ છે, કિન્તુ ધર્મકમાઇમાં પુરુષાર્થ એ મુખ્ય કારણ છે.

કારણ કે વ્રતનિયમ-સામાયિક, દર્શન-પૂજા, દાન-શીલ-તપસ્યા.... આદિ તો જો પુરુષાર્થ કરીએ તો જ થાય છે, ને ખીલે છે. પુરુષાર્થના બળ પર જ પૂર્વના મહાપુરુષો બાહ્ય અને આભ્યંતર જિનભક્તિ-ક્ષમા-સમતા-સંયમ... યાવત્ કેવલજ્ઞાન સુધી પહોંચ્યા હતા.

આ પાંચેય કારણ ઉપર અરિહંતનો જબ્બર પ્રભાવ કામ કરે છે; માટે

**પાંચ એ સાધારણ કારણ ને અરિહંતનો પ્રભાવ એ- અસાધારણ કારણ છે.** આ અરિહંતનો પ્રભાવ પાંચેયને અનુકૂળ કરી આપનાર છે.

**પ્રશ્ન :** ભવિતવ્યતા યાને નિયતિ તો નિયત હોય, એના પર અરિહંતનો પ્રભાવ ક્યાંથી કામ કરે?

**ઉત્તર :** નિયતિ પણ એકાન્તે નિયત નહિ, કિન્તુ નિયતાનિયત છે - એવું આચારના **'આચારપ્રદીપ'** નામના શાસ્ત્રમાં આચાર્યશ્રી રત્નશેખરસૂરિજી મહારાજ કહે છે. ભગવાનનો પ્રભાવ નિયતને અનિયત કરી આપે. નિમિત્તિયાએ નિમિત્ત-શાસ્ત્ર પ્રમાણે ૧૨ વર્ષની દુકાળી ભાખી, પરંતુ એવા ધર્માત્માનો ત્યાં જન્મ થયો કે સુકાળ થઇ ગયો ! ધર્માત્મા પરના અચિંત્ય પ્રભાવે એ કામ કર્યું.

તેમ ભવનિર્વેદ પણ અરિહંતની કૃપાથી જ મળે છે. આત્માનું ઉત્થાન પણ અરિહંતની કૃપાથી જ થાય છે.

**પ્રશ્ન :** ભર્તૃહરિ તો જૈનેતર સંન્યાસી થયેલા, તો એમને શું અરિહંતની કૃપા મળી હતી ?

**ઉત્તર :** હા, આડકતરી રીતે મળી હતી; કેમકે મૂળમાં ઋષભદેવ ભગવાને આ અવસર્પિણીમાં પહેલ-પહેલું ધર્મશાસન સ્થાપી જગતને વૈરાગ્ય શીખવ્યો, એના વારસારૂપે ઇતર ધર્મમાં વૈરાગ્ય આવ્યો, એ ભર્તૃહરિને મળ્યો. ઉપમિતિશાસ્ત્ર કહે છે કે જીવ અનાદિ અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળે તે અરિહંતની કૃપા વિના સુલભ નથી.

માટે કવિએ ગાયું કે- **'ભાવલબ્ધિ તુમ હાથે રે'** 'કાળલબ્ધિ' યાને વર્તમાન કાળે ઉપલબ્ધ થતી આરાધનાની સામગ્રી તે ભાવકરુણા વિના એવી ફળદાયી થતી નથી. દા.ત. મનોબળ તે જ્યારે જેવું ઇચ્છિએ ત્યારે ન મળે; કારણ કે આપણું સંઘયણ-પુણ્ય દૂબળું છે. તેમ દાન, આરોગ્ય, સ્ફૂર્તિ, ધન આદિના પુણ્ય દૂબળાં છે, એટલે કે મર્યાદિત છે. પણ જો અમર્યાદિત એવી ભાવલબ્ધિ યાને અરિહંતની કરુણા મેળવીએ, તો અમર્યાદિત ફળ આપે છે. 'ભાવલબ્ધિ' એટલે પ્રભુનો પ્રભાવ-કરુણા-કૃપા-ઉપકાર-દયા.

**પ્રશ્ન :** ભગવાન વીતરાગ છે, તે કૃપા કરે ?

**ઉત્તર :** હા, અરિહંતને આપણા દિલમાં આપણે જેટલું ઊંચું સ્થાન આપીએ, એટલી એમની ઊંચી કૃપા આપણને મળે છે.

**પ્રશ્ન :** પણ આપણા દિલમાં તો આપણે પોતે જ અરિહંતને ઊંચું સ્થાન આપીએ છીએ, ને તેથી ફળ મળે છે, તો તેમાં અરિહંતની કૃપા શી થઇ ?

**ઉત્તર :** અહીં વિચારવાનું આ છે કે જૈન શાસન આ એક ખૂબી બતાવે છે કે **દેવ-ગુરુની કૃપા દેવગુરુ પાસેથી નથી આવતી, કિન્તુ આપણા દિલમાંથી ઊઠે છે. તે આ રીતે, કે આપણે દેવ-ગુરુને આપણા દિલમાં જેટલું ઊંચું સ્થાન આપીએ એટલી ઊંચી એમની કૃપા મળી.**

અર્થાત્ જગતના બીજા સગા-સ્નેહી અને માલ મિલકત કરતાં જેટલો ઊંચો

પ્રેમ અને ઊંચુ બહુમાન દેવ-ગુરુને આપીએ, એટલા પ્રમાણમાં આપણા પર દેવ-ગુરુની ઊંચી કૃપા વરસી કહેવાય.

**પ્રશ્ન :** તો પછી કૃપા દેવ-ગુરુ પાસેથી ક્યાં મળી ?

**ઉત્તર :** જુઓ, ઈતરોમાં **એકલવ્ય** નામના ભીલને ગુરુએ ભણાવ્યો નહોતો છતાં એ માનતો કે ધનુર્વિદ્યા મળવામાં ગુરુની કૃપા થઈ. એકલવ્ય ભીલને દ્રોણાચાર્ય વિદ્યાગુરુએ પાંડવ-કૌરવ રાજપુત્રોની સાથેસાથ ધનુર્વિદ્યા (બાણવિદ્યા) શીખવા બેસવા ના પાડી. તો ભીલે જંગલમાં વિદ્યા-ગુરુનું માટીનું પૂતળું કરી, એને ગુરુ તરીકે રોજ એમને ઊંચા બહુમાનથી નમસ્કાર કરીને વિદ્યાની આજ્ઞા અને કૃપા માગતો; અને બાણ મારવાનો અભ્યાસ કરવા મંડ્યો એમાં એ ભારે નિષ્ણાત ધનુર્ધર થઈ ગયો ! એકવાર દ્રોણાચાર્ય રાજકુમારોને લઈ જંગલમાં ત્યાં આવ્યા, એક ઝાડના પત્તાઓમાં વિચિત્ર કાણાઓની એક સુંદર ડિઝાઈન જોઈ ચમક્યા!

ભીલને પૂછ્યું, 'આ કોણે કર્યું ?'

તો એ કહે 'આપના શિષ્ય આ સેવકે'.

દ્રોણાચાર્ય કહે 'મેં તો તને શીખવામાંથી કાઢી મૂકેલો ? તું ક્યાંથી આ શીખ્યો ?'

આ કહે, આપે મને કાઢી મૂક્યો, પણ મેં આપને નહોતા કાઢી મૂક્યા. મેં આપને મારા દિલમાં જ રાખેલા છે. કહીને ગુરુનું પૂતળું બતાવી બધી વાત કરી.

દ્રોણાચાર્ય જોયું કે 'આ ભીલની હોશિયારી અર્જુન અને કર્ણ જેવાને પણ ટપી જાય એવી છે. તેથી આગળ પર જો આ લોકોના દુશ્મન રાજા ભેગો એ ભળી જાય, તો આ બધા હારી જાય. એટલે આનો હાથ નકામો કરવો.' તેથી

ભીલને કહે 'ખરેખર તું મારો ઉપકાર માને છે ?'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૪૧,તા.૨૮-૬-૧૯૮૬

ભીલ કહે 'અવશ્ય, એમાં પૂછવાનું જ શું ?'

'તો ગુરુદક્ષિણા આપ, તારા જમણાં હાથનો અંગુઠો આપી દે.' આપી દીધો. અહીં આ જોવાનું છે કે ભીલ પર ગુરુનો શો ઉપકાર ? કહો, ભીલે દિલમાં ગુરુને ધારી રાખ્યા, એમના પર અટલ શ્રદ્ધા મૂકીને હૈયે ધર્યા, ને વિદ્યા આવડી, તેથી ગુરુનો જ ઉપકાર ગણાય. આમ ભીલને ગુરુની કૃપા માનતા આવડી. ત્યારે અહીં કેટલાક હાંસી કરે છે.

**પ્રશ્ન :** અરિહંત અને સિદ્ધ તો વીતરાગ છે. હવે એમને કશું કરવાનું રહેતું

નથી, પછી એમને તે વળી કરુણા કરવાનું હોતું હશે ?

**ઉત્તર :** 'કરુણા કરવાનું' એટલે દયાથી કશું દેવા કરવાનું, આવી સ્થૂલ-જાડી સમજથી આ મશ્કરી કરાય છે કે અરિહંત-સિદ્ધ તે વળી કરુણા કરતા હશે ? પરંતુ

**કશું નહિ કરનાર પણ વસ્તુના ઉપકારના દાખલા :**

જુઓ, કરુણા એટલે ઉપકાર, એ કશું નહિ કરનારી પણ પ્રભાવક વસ્તુઓ જગતમાં માનવામાં આવે છે. એવો નિયમ નથી કે કાયાથી કાંઇ ક્રિયા કરે તો જ ઉપકાર કર્યો ગણાય.

એવા જગતમાં દાખલા અનેક. દા.ત.

(૧) રસાળ ધરતી કશી ક્રિયા નથી કરતી, છતાં એમાં બી વાવી ખેડુત પાક ઉપજાવે છે, ને ધરતી માતાનો ઉપકાર માને છે.

(૨) ચિંતામણિરત્ન કશું કરતું નથી, છતાં એના પ્રભાવને સમજે છે. ચિંતામણિની દયા માને છે. એવું કલ્પવૃક્ષમાં પણ મનાય છે. તો પછી જો અરિહંત કે સિદ્ધ આપણા દિલમાં હોય અને કાર્ય સિદ્ધ થાય, તો એમાં એમનો ઉપકાર કેમ ન મનાય ?

(૩) ગુરુ પરની બીજા કરતાં અતિશય શ્રદ્ધાના પ્રભાવે, એને ભણાવ્યાથી બીજાને આવડે એના કરતાં કાંઇ ગુણું વધુ આવડે છે. એમાં એ લાયક શિષ્ય ગુરુની જ કૃપા-ગુરુનો જ ઉપકાર માને છે.

(૪) માંદો માણસ સાજાને ખભે હાથ મૂકી સિદ્ધગિરિ ચડી જાય છે, એમાં કહે છે 'મારી તો ચડવાની હામ નહોતી, પણ આ ભાઇનો ઉપકાર, એમણે મને ચડાવી દીધો.' અલબત ચડ્યો છે પોતાના પગે, પણ સમજે છે કે બીજા ભાઇના ખભાનાં આલંબને ચડી ગયો. એમ દા.ત. મહાવીર પ્રભુની તપસ્યા કે ઉપસર્ગ નજર સામે રાખી કઠોર તપસ્યા કરી શકીએ, યા કષ્ટ વેઠી શકીએ, એમાં પ્રભુનો ઉપકાર-પ્રભુની દયા કેમ ન મનાય ?

(૫) લોહચૂંબક કશું કરતું નથી, પણ એના પ્રભાવે લોઢું ખેંચાઇ આવે છે. એમ અરિહંતનું સમવસરણાદિ ઐશ્વર્ય જોઇ ભવી જીવ ધર્મ તરફ ખેંચાય. જેમકે મરીચિ. એમાં અરિહંતનો ઉપકાર કેમ ન માને ? ત્યાં અરિહંતે પોતે ઉપકારની શી ક્રિયા કરી છે ?

(૬) ધ્રુવનો તારો કશું કરતો નથી, જ્યાં છે ત્યાંનો ત્યાં જ સ્થિર છે. છતાં નાવિક માને છે કે 'આ ધ્રુવતારાનો ઉપકાર છે કે અંધારી રાતે નાવડી એના આધારે બરાબર ચલાવી શકું છું.' એમ દિલમાં અરિહંતની પોતાની સાધના વિચારી, જોમદાર સાધના કરી શકીએ. એમાં અરિહંતનો ઉપકાર કયો કૃતજ્ઞ માણસ ન માને કે 'આ

સાધના તો અરિહંતના પ્રભાવે કરી શકું છું ?'

(૭) કોઈ નોકરી રાખતું નહોતું. એમાં કોઈ શેઠે નોકરી રાખી લીધો, ને નોકર તનતોડ સેવા કરી મહિને મહિને પગાર મેળવે છે, એમાં શેઠનો ઉપકાર માને છે. કહે છે કે 'શેઠની દયા છે કે આજીવિકા મળે છે.' એમ સાધનાની મહેનત આપણે કરીએ પરંતુ અરિહંતે કહેલી સાધના છે તેથી એનું ઊંચુ ફળ મળે છે. તો એ સાધના કરવામાં અને ફળ મળવામાં અરિહંતનો ઉપકાર ન માનીએ ?

(૮) મંત્ર-શબ્દ કશું કરતા દેખાતા નથી, છતાં એનાથી થતી સિદ્ધિમાં મંત્રનો જ ઉપકાર મનાય છે. એમ નવકારના પદ ભલે ગણવાની મહેનત આપણી, છતાં ફળ મળે એમાં નવકારનો ઉપકાર ન માનીએ ?

(૯) અદ્ભુત કુંડલ પત્નીને નહિ પણ કોઈ મહારાણીને પહેરાવતાં એના પર રાજા ખુશ થઈ કલ્પના બહારનું મોટું ઈનામ આપે, એમાં ઈનામ લેનાર કુંડલનો ઉપકાર માનશે ? કુંડળની શાબાશી માનશે ? કે રાજાનો ઉપકાર ને રાજાની શાબાશી માનશે ? એમ મુગટ ઈતરદેવને કે રાજાને નહિ, પણ અરિહંતને ચડાવીને અથાગ પુણ્ય મળે છે, અનન્ય લાભ મળે છે, એમાં શાબાશી કોની ? મુગટની ? મુગટ ચડાવનારની ? કે અરિહંતની ? ભવાંતરે એ અથાગ પુણ્યના ઉદયમાં ઉત્તમ જૈન મનુષ્યભવ તથા અઢળક સંપત્તિ-સન્માન મળે, એ કોના ઉપકારથી ? મુગટના ઉપકારથી ? મુગટ ચડાવનારની પોતાની હોશિયારીથી ? કે મુગટ જેને ચડાવ્યો એ અરિહંતના ઉપકારથી ?

બસ, પરમાત્માનો યા એમની આજ્ઞાને આપણા દિલમાં બેસાડી એમના આલંબને આપણે દર્શન-પૂજન, વ્રત-નિયમ, સ્વાધ્યાય-ધ્યાન... કર્યા અને એના પ્રતાપે ઉચ્ચ ફળ પામ્યા ત્યાં પ્રભાવ-ઉપકાર-કરુણા ભગવાનની જ ગણાય.

ભલેને આપણે જ પુરુષાર્થથી દિલમાં બેસાડ્યા, પણ ખાસ કરીને અરિહંતને જ બેસાડ્યા તો ફળ પામ્યા. અરિહંતને બદલે બીજા દેવદેવીને દિલમાં બેસાડો, ને સાધના કરો, તો ફાસફૂસિયા ફળ પામો. એટલે દર્શનાદિ સાધના એની એ, પરંતુ અરિહંતદેવ કેન્દ્રમાં છે તો ઉચ્ચ ફળ ! અરિહંતને બાદ કરીને ગમે તેટલું કરો સિદ્ધિ નથી થતી. એટલે મુખ્ય કારણ તો અરિહંત અને અરિહંતના પ્રભાવનો જ છે.

**પ્રશ્ન :** પણ પ્રભુની કરુણા પામવી તે આપણા હાથની વાત છે ? કે પ્રભુના હાથની વાત ?

**ઉત્તર :** બીજા કોઈને નહિ, ને માત્ર પ્રભુ અરિહંતને ઊંચું સ્થાન આપીએ, એમાં મુખ્યતા આપણી નહિ પણ પ્રભુની છે. કેમકે, ઊંચું સ્થાન આપનારા તો આપણે જ, પરંતુ જો પ્રભુના બદલે બીજાને ઊંચું સ્થાન આપીએ તો કાંઈ વળે

...હે. અરિહંતને જ ઊંચું સ્થાન આપીએ તો જ વળે. એથી પૂરવાર થાય છે કે અરિહંતની કરુણામાં અરિહંતની એટલે કે અરિહંતના હાથની વાત થઈ. 'હાથની વાત' એટલે 'મુખ્ય કારણતા.' એટલા જ માટે ભક્ત આ જ માને કે અરિહંતની કરુણાથી કાર્યસિદ્ધિ થાય છે; અને તો જ એ અરિહંતનું સાચું શરણ સ્વીકારનારો ગણાય.

જો એ મુખથી બોલે કે 'તમારા શરણથી બધું કાર્ય સિદ્ધ થાય છે' પણ મનથી માને કે 'મારા પુરુષાર્થથી બધું કાર્ય સિદ્ધ થયું, પ્રભુ તો વીતરાગ એટલે આપણું કશું કરે નહિ.' આવી માન્યતામાં કૃતજ્ઞતા ભંગ થાય છે. એથી ઈષ્ટસિદ્ધિ ન થાય માટે તો કહ્યું છે કે,

"તુહપ્પભાવઓ ઈટ્ઠફલસિદ્ધિ" એટલે જ અહીં પણ કહ્યું-

"ભાવલબ્ધિ તુમ હાથે" હે પ્રભુ ! મારે આપના પ્રભાવથી જ આગળ વધવાનું છે, આપના પ્રભાવ વિના મારું કશું કાર્ય સીઝે તેમ નથી. જેમ

**'લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગયવર સાથે રે'**

નાનું અને સરખી રીતે સીધું પણ ચાલવા અસમર્થ એવું પણ હાથીનું બચ્ચું સ્થિર ઊભું રહેવાની ય શક્તિ નથી ધરાવતું; છતાં મોટો હાથી ગેલમાં આવી ગોળગોળ ઘૂમે ને ગાજે, તેમ આ નાનું ગજબચ્ચું જાતે એવી શક્તિ નહિ છતાં એની સાથે સાથે ગોળગોળ ઘૂમે છે, ને ગરજે છે તેમ હું પણ આપની સહાય વિના-આપમેળે મોક્ષમાર્ગ આરાધવા સમર્થ નથી, પણ પ્રભુ ! હું આપના આલંબને આરાધના કરી શકું છું. દર્શન-પૂજાદિ અર્થે અરિહંતની મૂર્તિ મળે તો જ અર્હદ્દર્શન-પૂજન થાય ને તો જ ભાવ નિર્મળ થાય; તેમ આત્મગુણો વિચારવા અરિહંત મળે તો જ એમના ગુણો વિચારું ને મારામાં ગુણ આવે. તેમ ત્યાગ-તપ આદિ પણ અરિહંતના જ કહેલા કરું તો જ નિસ્તાર થાય, એ ત્યાગ-તપ અરિહંતની કરુણા જ છે. આમ પ્રભુ ! ક્યાં ક્યાં આપની કરુણા કામ નથી કરતી ? આમ જ્યારે આપણે હૃદયથી સાચું જ માનીએ કે 'બધું સારું ભગવાનની કરુણાથી જ થાય છે, એટલે કે ભગવાન કરુણા કરે જ છે.' પછી આપણું કર્તવ્ય થઈ પડે છે કે આપણે ગદ્ગદ થઈને પ્રભુની કરુણા યાચીએ, 'પ્રભુ ! મને કરુણા નજરે નિહાળો.' એમ સાચું માનીને જ કહીએ. હવે કવિ કહે છે-

**દેશો તો તુમહિ ભલા, બીજા શું નવિ જાચું રે,**
**વાચક યશ કહે સાંઇશું, ફળશે એ મુજ સાચું રે...૫**

**ભાવાર્થ :-** આપ જ ઈચ્છિત આપશો તો ભલું ભલું. હું કાંઈ બીજા પાસે

માગવાનો નથી, અને બીજા એ આપવા સમર્થ પણ નથી. હે સ્વામી ! મને વિશ્વાસ છે કે 'આપ આપશો જ' તેથી **વાચક યશોવિજય** કહે છે કે 'મારી આ સ્વામીને વિનંતિ જરૂર ફળશે' એ મારી વાત (સોએ સો ટકા) સાચી છે.

**વિવેચન :- અરિહંતના અચિંત્ય પ્રભાવ પર વિશ્વાસ કરનારો વાતે વાતે અરિહંતને જ આગળ કરનારો હોય.**

અહીં પણ કવિ અરિહંતને આગળ કરતાં કહે છે "આપશો તો આપ જ આપશો, અને માગેલું મને આપશો તો ભલું ભલું; બીજા પાસે હું માગવાનો નથી.' બાકી મને વિશ્વાસ છે કે 'મારા સ્વામીને કરેલી વિનંતિ જરૂર ફળશે,' આ મારી વાત અચૂક સાચી છે." કવિ આ કહીને સૂચવે છે કે - હે ભવ્યજનો ! તમે પણ વિનંતિ પ્રભુને જ કરો; ને સફળ થવાનો વિશ્વાસ રાખો કે સ્વામી અરિહંતને કરેલી વિનંતિ નિષ્ફળ જાય જ નહિ.

જૈન દર્શનમાં પાયામાં ત્રણ બાબત મુખ્ય છે;

- (૧) ભવનિર્વેદ લાવો, ને મુક્તિનો દ્વેષ છોડો,
- (૨) અરિહંતને જ ભજો, (મિથ્યાદેવાદિનો ત્યાગ કરો), ને
- (૩) ધર્મપ્રવૃત્તિ કરો, પાપપ્રવૃત્તિને ત્યાગતા આવો.

અહીં અરિહંત પર જ ભક્તિ હોવાના કારણે કવિ કહે છે કે 'આપશો તો આપ જ આપવાના છો, તેથી હું આપના ભરોસે જ રહેવાનો છું. બીજાનો મને ભરોસો નથી, તેથી બીજા આગળ માગવાનો નથી.' આપણે પહેલાં જોયોને એકલવ્ય ભીલનો પ્રસંગ ? ભૂલવા જેવું નથી કે એનો નિર્ધાર હતો કે 'વિદ્યા લઈશ તો ગુરુ દ્રોણાચાર્ય પાસેથી જ લઈશ,' અને ગુરુએ બાણવિદ્યા આપવાની ના કહી તો એ ભીલ ન થાક્યો, ન કંટાળ્યો, કે નિરાશ ન થયો, પણ ગુરુની માટીની મૂર્તિ બનાવી તેમાંથી કૃપા-પ્રેરણા લીધી અને તે ફળી ! આ ચમત્કાર છે કે

**દેવ અને ગુરુને આપણા દિલમાં જેટલું ઊંચું સ્થાન આપીએ, એટલો દેવ-ગુરુએ આપણા પર ઊંચી કૃપા-કરુણા કરી !** ને તેથી જ આપણી એટલી ઊંચી ઉન્નત્તિ થાય. પોતે દેવ-ગુરુને જેટલા આગળ કરે, તેટલો પોતે આગળ વધે. ભીલ એકલવ્યે પોતાના દિલમાં ગુરુને ઊંચું સ્થાન આપ્યું, વાતે વાતે દિલમાં આગળ કર્યા. તેથી જ તે અર્જુનથી અધિક હોશિયાર બની ગયો

આ રીતે દૃઢ નિર્ધાર છે કવિનો, કે 'પ્રભુ ! આપ જ આજે નહીં તો કાલે આપવાના છો. મને એવો વિશ્વાસ છે કે અંતે તો બીજા કોઈ નહિ પણ વાંછિત આપનાર તો આપ જ છો. બીજાને નહિ પણ આપને જ કરેલી વિનંતિ ફળવાની છે.'

એનું એક જ કારણ, કે પૂર્વપુરુષો એ રીતે પ્રભુની કરુણા પર અથાગ શ્રદ્ધા

...ને પોતાના ભવ નિસ્તાર સુધીની કાર્ય સિદ્ધિ કરી ગયા છે, એ શાસ્ત્રોમાંથી ઠામ ઠામ જાણવા મલે છે. જુઓ,

**સુલસા શ્રાવિકાને એવી શ્રદ્ધા હતી કે -**

'અરિહંત પ્રભુનું એવું અચિંત્ય સામર્થ્ય છે કે ઇચ્છિત કાંઇ પણ સિદ્ધ કરવું હોય, તો તે એનાથી જ થશે, એનાથી અવશ્ય સિદ્ધ થવાનું.' એટલે તો એણે પતિની સમાધિ અર્થે પુત્રની માગણી બીજા દેવદેવી પાસે ન કરી. અલબત પતિએ એને કહ્યું કે 'હું જાણું છું કે પુત્રથી મોક્ષ નથી મળતો, પરંતુ મને પુત્ર વિના ઘર વગડા જેવું શૂન્ય લાગે છે, તેથી મારા ચિત્તને પુત્ર વિના શાંતિ નથી થતી, માટે તું કોઇ દેવ-દેવતાની માનતા કર કે પુત્ર મળે.' ત્યારે,

સુલસાએ શું કહ્યું જાણો છો ?

એણે કહ્યું 'હું શા માટે મિથ્યા દેવી-દેવતાની માનતા કરું ? મારા અરિહંતદેવ ક્યાં સમર્થ નથી ? એ સર્વ ઇચ્છિત આપવા સમર્થ છે. એટલે ઇચ્છિત ઇષ્ટફળસિદ્ધિ માગીશ તો અરિહંત દેવ આગળ જ માગીશ; ને એ પ્રભુ પાસે માગવા હકદાર બનું એ માટે એ પ્રભુની પૂજા-ભક્તિ વધારીશ, અને પ્રભુને જ કહેલા ત્યાગ-તપમાં જોર મારીશ.'

અને એણે ખરેખર એમ કર્યું. એનો પ્રભાવ એવો પડ્યો કે એના ધર્મસત્ત્વની દેવલોકમાં ઇન્દ્રે પ્રસંશા કરી !

**પ્રશ્ન :** શું પુત્ર મેળવવાના આશયથી વધારેલું આ ધર્મસત્ત્વ પ્રસંશનીય નહોતું ?

**ઉત્તર :** જો પ્રસંશનીય ન હોત તો મોટા સમ્યગ્દૃષ્ટિ અને અવધિજ્ઞાની સૌધર્મેન્દ્ર એની પ્રશંસા શું કામ કરે ? એની વધારેલી ધર્મારાધના જો અધર્મરૂપ યા વિષક્રિયા હોય તો સમકીતિ ઇંદ્ર એના ગુણ ગાય ? પણ ગુણ કેમ ગાય ? કહો, સુલસાના વધારેલા ધર્મની પાછળ સુલસાના દિલમાં અરિહંતના અચિંત્ય સામર્થ્ય પર યાને અરિહંતની અપાર કરુણા પર અનન્ય શ્રદ્ધા કામ કરી રહી હતી.

**અરિહંત-પ્રભુ પાસે શું માગો છો ? એ પ્રશ્નની પહેલા આ પ્રશ્ન છે કે અરિહંતને તમે કેવા સમર્થ-કેવા દયાળુ-કેવા ઉપકારક સમજો છો ?**

મોટા કવિઓ ને મોટા શાસ્ત્રકારો આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર મ., આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મ. અને કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ જેવાએ કરેલી વીતરાગ અરિહંત ભગવાનની સ્તુતિઓ-સ્તોત્રો અને પ્રાર્થનાઓ વાંચો એટલે ખબર પડે કે એ મહાધુરંધર વિદ્વાન પૂર્વપુરુષો અરિહંત ભગવાનને કેવી અચિંત્ય કરુણા કરનારા તરીકે દિલથી માનતા હતા ?

અરે ! મહાપંડિત ધનપાલકવિએ રચેલી **'ઋષભ પંચાશિકા'** નામની ઋષભદેવ

ભગવાનની કરુણા યાચતી સ્તુતિની વિશેષતા સમજી, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે શ્રી સિદ્ધગિરિ પર દાદાના દરબારમાં ધનપાલ પંડિતની એ સ્તુતિ ગાઈ ત્યારે,

પાછળથી પૂછનારે 'પ્રભુ ! આપ પોતે જ સમર્થ કવિ અને શાસ્ત્રકાર છો, તો આપને વળી એક ગૃહસ્થ શ્રાવક ધનપાલ-પંડિતની રચેલી સ્તુતિ ગાવાનો શો મતલબ ?'

ત્યાં કલિકાલ સર્વજ્ઞ કહે છે 'મતલબ એ, કે એ સ્તુતિમાં જે અરિહંત પ્રભુના મહિમાના ભાવ ભર્યા છે એ અલૌકિક અને અદ્‌ભુત છે; તેથી સહેજે એ ગાવાનું મન થઈ જ જાય !'

**અરિહંતની કરુણાનો વર્તમાન રોમાંચક દાખલો :**

હું તમને જ કહું છું : અરિહંતની અચિંત્ય કરુણાનું શું પૂછો છો ? વર્તમાન કાળે કલકત્તામાં જ્યારે પહેલી પાકિસ્તાનીની ખૂનરેજી ચાલી, ત્યારે જૈનોના એક માળા પાસે ૫૦૦ મુસ્લીમ ગુંડાઓ માળાના બારણા તોડી અંદર ઘૂસી ખૂનરેજી ચલાવવા ત્રાટકી પડેલા ! પરંતુ માળામાં અરિહંત અને નવકારને 'અચિંત્ય અપાર કરુણા કરનારા' તરીકે માનનાર ત્યાં રહેતા છત્રાસા (સૌરાષ્ટ્ર)ના મહાન શ્રાવક લીલાધરભાઈએ માળાના જૈનોને ભગવાનની કરુણા યાચી નવકાર ગણવા બેસાડી દીધેલા. બોલો, એ વખતે નવકાર કેવી ગદ્‌ગદતાથી બોલાય ? ઠેઠ નાભિમાંથી ભારે દિલદર્દભર્યો સૂર નીકળે એ રીતે નવકાર બોલાય.

તે પ્રભુની કરુણા કેવી થઈ, એ જાણો છો ?

સામેના માળાનો લોખંડી દરવાજો ઘણના ઘાથી ગુંડાઓએ તોડી નાખેલો, પણ અહીં લાકડાનો દરવાજો તોડી ન શક્યા ! કેમકે દરવાજા પર અરિહંત અને નવકારની કરુણાનું વજ્રમય પડ ચડાવેલું હતું ! પછી દરવાજા પર પેટ્રોલના કાકડા છાંટી સળગાવવા પ્રયત્ન કર્યો તો પેટ્રોલ બળી ગયું, પણ દરવાજા ન સળગ્યા ! કેમ વારુ ? કહો, ઉપરથી અરિહંત અને પંચપરમેષ્ઠિ કરુણાનો ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો ! અને એટલામાં તો અરિહંત પ્રભુની અચિંત્ય કરુણા મિલિટરીની બે મોટી લોરી ત્યાં ખેંચી લાવી !

તમે ગદ્‌ગદ થઈને દિલથી અરિહંતદેવની કરુણા યાચો, પછી જુઓ કેવી ઇષ્ટસિદ્ધિ થાય છે ! માટે તો ગણધર ભગવાને કહ્યું 'હોઉ મમ તુહપ્પભાવઓ ભયવં !... ઇટ્ઠફલસિદ્ધિ' 'જયવીયરાય' સૂત્ર તો બોલો છો, પરંતુ 'તુહપ્પભાવઓ' આ શબ્દ પર ભાર આપો છો ખરા ? નાં, રાબેતા મુજબ પહેલો શબ્દ 'જયવીયરાય' તે એના પર ભાર આપી, પછી ગાડી ગબડાવવાનું રાખ્યું છે ને ? જે સૌથી અગત્યનું પદ 'તુહપ્પભાવઓ' એ એમ જ લક્ષ બહાર બોલી જવાનું ? પછી ત્યાં

અરિહંત પ્રભુ પર હૈયું ક્યાંથી ઊભરાય ? અરિહંતના અચિંત્ય પ્રભાવ પર હૈયું ક્યાંથી ઓવારી જાય ?

(આ આખા સ્તવનનો સારાંશ એ છે કે,

વીતરાગ અરિહંત પ્રભુ કરુણા કરે કે નહિ ? એ સ્થૂલબુદ્ધિના વિવાદમાં પડ્યા વિના પ્રભુની આપણા પર અચિંત્ય-અમાપ કરુણા ઉતરે જ છે, પ્રભુ અવશ્ય કરુણા કરે જ છે, એ અથાગ શ્રદ્ધા ધરવા જેવી છે.)

**(ઇતિ શ્રી સંભવજિન સ્તવન વિવેચના)**

## શ્રી અભિનંદનજિન સ્તવન-૪

**દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ ! તુજ, મૂરતિ હો પ્રભુ ! મૂરતિ મોહન વેલડીજી**
**મીઠી, હો પ્રભુ ! મીઠી તાહરી વાણી, લાગે હો પ્રભુ લાગે જેસી સેલડીજી...૧**
**જાણું હો પ્રભુ જાણું જન્મ કયત્થ, જો હું હો પ્રભુ, જો હું તુમ સાથે મિલ્યોજી;**
**સુરમણિ હો પ્રભુ ! સુરમણિ પામ્યો હત્થ, આંગણે હો પ્રભુ !**
**આંગણે મુજ સુરતરુ ફળ્યોજી....૨**

**જાગ્યાં હો પ્રભુ ! જાગ્યાં પુણ્ય અંકુર,**
**માગ્યા હો પ્રભુ ! મુંહ માગ્યા પાસા ઢળ્યા જી;**
**વુઠયા હો પ્રભુ ! વુઠ્યા અમીરસ મેહ,**
**નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ, શુભદિન વળ્યા જી...૩**
**ભૂખ્યા હો પ્રભુ ! ભૂખ્યા મિલ્યા ઘૃતપૂર,**
**તરસ્યા હો પ્રભુ ! તરસ્યા દિવ્યઉદક મિલ્યાજી;**
**થાક્યા હો પ્રભુ ! થાક્યા મિલ્યા સુખપાલ,**
**ચાહતા હો પ્રભુ ! ચાહતા સજ્જન હેજે હળ્યાજી...૪**
**દીવો હો પ્રભુ ! દીવો નિશા વન ગેહ,**
**સાખી હો પ્રભુ ! સાખી થલે જળ નૌ મિલીજી;**
**કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,**
**દરિસણ હો પ્રભુ ! દરિસણ લહ્યું આશા ફળીજી...૫**
**વાચક હો પ્રભુ ! વાચક જસ તુમ દાસ,**

**વિનવે હો પ્રભુ ! વિનવે અભિનંદન સુણોજી;**
**કહિયે હો પ્રભુ ! કહિયે મ દેજો છેહ,**
**દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિસણ તણોજી...૬**

## શ્રી અભિનંદન જિન સ્તવન-વિવેચના

**દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ ! તુજ, મૂરતિ હો પ્રભુ ! મૂરતિ મોહન વેલડીજી**
**મીઠી, હો પ્રભુ ! મીઠી તાહરી વાણી, લાગે હો પ્રભુ લાગે જેસી સેલડીજી...૧**

**ભાવાર્થ :-** હે પ્રભુ ! હે જગદ્ગુરુ ! મેં મનમોહન વેલ સમાન (મનને આકર્ષક કલ્પવેલડી જેવી) આપની મૂર્તિ જોઇ, અને આપની મીઠી મીઠી વાણી મને શેરડીના રસ જેવી લાગે છે.

**વિવેચન :-** ત્રીજા સંભવનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુ પાસે 'ભાવલબ્ધિ' યાને પ્રભુની કરુણાનજરની માગણી કરેલી, કેમકે ભાવલબ્ધિ વિના કાળલબ્ધિરૂપ મળેલી આરાધના-સામગ્રી અધુરી છે. ભાવલબ્ધિ આપણે અહીં પ્રભુની પ્રતિમા દ્વારા પ્રાપ્ત કરવાની છે; કારણ કે ભગવાન મોક્ષમાં જઈને બેઠા છે, અશરીરી થયા છે, પરંતુ પ્રતિમા-મૂર્તિરૂપે અહીં આપણી પાસે સાક્ષાત્ છે, ને એ પણ અચિંત્ય પ્રભાવનું કાર્ય કરી રહ્યા છે. પ્રતિમા એ મોહન વેલડી જેવી ઇચ્છિતને પૂરનારી મનોરમ્ય વેલડી જેવી છે, ભગવાનની વાણી પણ કાનને શેરડી જેવી મધુર લાગે છે. વિષમકાળમાં જિનમૂર્તિ-જિનાગમ આ બે જ વસ્તુ ભવિક જન માટે ભવસાગર તરવાના આધારરૂપ છે. માટે તો પૂજાની ઢાળમાં કહ્યું કે -

**'વિષમકાળે જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા'**

**મૂર્તિ મોહન વેલડી -** જિનમૂર્તિ એ સાક્ષાત્ મનમોહક કલ્પવેલડી સમાન છે, કારણ કે તેના આધારે ભગવાનનો પ્રભાવ આપણે મેળવી શકીએ છીએ. પ્રભુની મૂર્તિને સાક્ષાત્ પ્રભુ જ બિરાજમાન તરીકે જોઈએ, અને સ્તવીએ, તો આપણા આત્મા પર અરિહંત પ્રભુ જેવો પ્રભાવ પડે છે.

**જિનમૂર્તિના પ્રભાવે જ શય્યંભવ બ્રાહ્મણના** યજ્ઞ-યાગનો પ્રભાવ વિસ્તરેલો ! લોકમાં બહુ યશ ફેલાયેલો ! ને તે જ જિનમૂર્તિના દર્શનના પ્રભાવે શય્યંભવ બ્રાહ્મણના દિલમાં ઉથલપાથલ કરી નાખી. મિથ્યાત્વ-મિથ્યામાર્ગની રુચિને હચમચાવી. આ પરમાત્માનું સ્વરૂપ શું ? એ શી રીતે થયું ?... વગેરે જાણવા માટે મૂર્તિએ એમને ઊભા કરી દીધા હતા, ને ઝટ ગુરુ પાસે જઇ, એ જાણીને ચારિત્ર-ધર્મ સ્વીકારી લીધેલ !

**આ શય્યંભવ કોણ ? જાણો છો ને ?**

સાધુને દીક્ષા પછી તરત ભણાવાતા આવશ્યક સૂત્ર પછી પહેલું ભણાવાતું દશવૈકાલિક આગમ; એના રચયિતા કોણ ? શ્રુતકેવળી ભગવાન આચાર્ય શય્યંભવસૂરિજી. મૂળ એ શય્યંભવ બ્રાહ્મણ હતા. મહાવીર પ્રભુની પાટે ગણધર શ્રી સુધર્માસ્વામી, એમની પાટે આર્ય શ્રી જંબૂસ્વામી, ને એમની પાટે શ્રી પ્રભવસ્વામી થયા. એમણે પોતાની પાટ કોણ દીપાવે ? એ શ્રુતજ્ઞાનથી જોઈ શય્યંભવ બ્રાહ્મણને પસંદ કર્યા. એ વખતે શય્યંભવ બ્રાહ્મણ તો એક ગામમાં મોટો સમારંભ માંડી મંડપમાં મોટો યજ્ઞ કરાવી રહ્યા હતા. પ્રભવ સ્વામી સપરિવાર એ ગામના ઉદ્યાનમાં પહોંચ્યા, અને ગોચરી જતા એક સંઘાટક સાધુને એમના યજ્ઞમંડપ આગળ જઈ અમુક બોલવા કહ્યું. સાધુ ગયા; ધર્મલાભ કહી મંડપમાં પેસવા જાય છે ત્યાં જ શય્યંભવે હાથ જોડી વિનંતિ કરી -

"મહારાજ ! મહારાજ ! તમે જૈન સાધુલોકો સ્નાન નથી કરતા, તેથી અશૌચથી અમારો વાડો અભડાય. માટે મહેરબાની કરી અંદર પેસતા નહિ."

ત્યાં ગુરુએ શીખવ્યા મુજબ સાધુ બોલ્યા :

**"अहो कष्टं ! अहो कष्टं ! तत्त्वं न ज्ञायते परं !"**

અર્થાત્ "અરે ! અરે ! ખેદની વાત છે કે અહીં પરમતત્ત્વની જ ગતાગમ નથી." એમ બોલીને મુનિ તો ચાલી ગયા, પરંતુ શય્યંભવ જાણે છે કે "અલબત જૈન મુનિ નહાતા નથી, પરંતુ એમને પાંચ મહાવ્રત હોય છે, તેથી એ જૂઠું તો ન જ બોલે. તેથી એમના બોલવા પરથી લાગે છે કે અહીં બધો યજ્ઞ-આડંબર ચાલે છે, ને વેદ મંત્રો ભણાય છે, છતાં મુનિઓએ કહ્યા મુજબ 'આ કોઈ પરમતત્ત્વ નથી;' પરંતુ એમણે પરમતત્ત્વનો સાવ નિષેધ કર્યો નથી. પણ 'સમજાતું નથી' એટલું જ કહ્યું છે, એટલે લાગે છે કે પરમ તત્ત્વ અહીં ક્યાંક છુપાયેલું છે."

**શય્યંભવે પરમતત્ત્વ શું મેળવ્યું ? :**

પછી એણે મુખ્ય ગોરને પૂછ્યું : 'તત્ત્વ શું છે ? એ કહે, અરે ! આમાં પૂછવાનું જ શું ? આ મહાયજ્ઞ, આ વેદશાસ્ત્ર, એના મંત્રો... એ જ તત્ત્વ છે !'

ગોરના ગલ્લાં તલ્લાં જોઈ 'તત્ત્વ કહો છો કે નહિ ? નહિતર... એમ કહી એના ગળા સામે શય્યંભવે તલવાર ઉગામી દેખાડી ! ગોર ગભરાયો કે, 'મર્યા !' તરત કહે છે "ઊભો રહે, ભાઈ ! મારા ગુરુ કહી ગયા છે કે 'મરણાંત કષ્ટ આવે ત્યારે તત્ત્વ કહેવું,' તે હું કહું છું. આ મુખ્ય યજ્ઞસ્તંભની નીચે જમીનની અંદર જૈનોના શાંતિનાથ ભગવાનની મૂર્તિ છે, એ જ તત્ત્વ છે; ને એના જ પ્રભાવે યજ્ઞનો મહિમા પ્રસરે છે !" શય્યંભવે તરત જ સ્તંભ ઊખેડી નીચેથી ભગવાન બહાર લીધા, ને પ્રભુની વીતરાગ શાંત મુદ્રા જોતાં એ ઠરી ગયા ! પછી મુનિની

તપાસ કરતાં પહોંચ્યા પ્રભવસ્વામી પાસે; બધી વાત કરી, પરમાત્માની ઓળખ માગી, ત્યારે પ્રભવસ્વામીએ આત્માની બહિરાત્મદશા, અંતરાત્મદશા અને પરમાત્મદશા સમજાવી. શય્યંભવે ત્યાં તરત જ જૈન દીક્ષા લીધી, અને ક્રમશઃ ૧૪ પૂર્વ શાસ્ત્રો ભણી, શ્રુતકેવલી આચાર્ય ભગવાન, અને પ્રભવસ્વામીના પટ્ટધર થયા ! જિનમૂર્તિ દર્શનનો કેવો પ્રભાવ !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૪૨,તા.૫-૭-૧૯૮૬

**'દીઠી હો પ્રભુ ! દીઠી જગગુરુ તુજ, મૂરતિ મોહન વેલડીજી'** અહીં પ્રશ્ન થાય -

**પ્રશ્ન :** શું જિનમૂર્તિના પ્રભાવથી મિથ્યામતના યજ્ઞયાગાદિનો મહિમા ફેલાય?

**ઉત્તર :** હા, જિનમૂર્તિના પ્રભાવે પોતાના વેપાર ધંધા-ઉત્સવ-જલસા વગેરેની આબાદી થાય, તો પોતાના માનેલા ધર્મના જલસાનું લોકમાં આકર્ષણ પણ કેમ ન થાય ? વિચારો તો ખરા, કે શું આપ્યું મૂર્તિએ ? શય્યંભવને મિથ્યાત્વ છોડાવ્યું ! ચારિત્ર અપાવ્યું ! ચૌદ પૂર્વના પારગામી બનાવ્યા ! ને વીરપ્રભુની પાટપંરપરામાં નંબર લગાડી શાસન સંઘનું સુકાન સંભાળનારા બનાવ્યા !

**પ્રશ્ન :** પ્રતિમા-પૂજા એ ધર્મ છે. તે ધર્મથી સુખ મળે ને સુખમાં રાચતાં નરકાદિ મળે. તો ધર્મને શું નરક આપનારો ન માની શકાય ?

**ઉત્તર :** ના, જીવ નરકમાં જાય છે તે મળેલા સુખસાધનોને પોતાની મોહ-પરિણતિ અને ગેરલાયકાતના કારણે ધર્મારાધનની સામગ્રી બનાવવાને બદલે પાપ-અધર્મ સેવવાની સામગ્રી બનાવી પાપો સેવે છે માટે નરકમાં જાય છે. બાકી ધર્મ તો મોક્ષ આપે તેમ સંસારના સુખ પણ આપે.

**જિનમૂર્તિના પ્રભાવે જ આર્દ્રકુમારને અનાર્ય** દેશમાંથી છોડાવ્યો, સંસારમાંથી છોડાવ્યો, અને પ્રત્યેકબુદ્ધની જેમ ચારિત્ર અપાવ્યું. દેવતાએ આર્દ્રકુમારને સંસારવાસના ભોગાવલિ કર્મનો ભય દેખાડી દીક્ષાની ના પાડી; પણ તીવ્ર વૈરાગી આર્દ્રકુમારે 'પ્રભુના ત્યાગ-તપ-સંયમથી કર્મો તોડી નાખીશ' એમ નિર્ધાર બતાવી ચારિત્ર લઈ લીધું, ને એમાં વિશેષ પુરુષાર્થ ને ઉત્સાહ વધાર્યો. જેમ, જંગલમાંથી પસાર થવું હોય, ને આગળથી ખબર પડી જાય કે 'જંગલમાં ડાકૂઓનો ભય છે,' તો રાઈફલ આદિ સાથે લેવાય છે, તેમ ભોગાવલિ કર્મના ભયની સામે આર્દ્રકુમાર પહેલેથી જ વિશેષ ત્યાગ-તપ-સંયમમાં ઉજમાળ થયા. આ બધાના મૂળમાં અભયકુમાર દ્વારા ભેટ મોકલાયેલ જિનપ્રતિમાના દર્શનનો પ્રભાવ કામ કરી રહ્યો હતો.

**'મૂર્તિ મોહન વેલડીજી'** જિનમૂર્તિ આર્દ્રકુમારના જીવનમાં કેટલું બધું અદ્ભુત કામ કરી ગઇ ! પૂર્વ ભવના ચારિત્ર-જીવનમાં એકવાર પત્ની-સાધ્વીને જોતાં રાગ જાગી ગયો; એ વિરાધનાથી અહીં અનાર્યદેશમાં આર્દ્રકુમાર રાજપુત્ર તરીકે જન્મી ગયેલા. એમને હવે જૈનધર્મ પાળવાનો અવકાશ જ ક્યાં ? પરંતુ અભયકુમારે એને ભેટ તરીકે મોકલેલી જિનમૂર્તિએ જાતિસ્મરણ જ્ઞાન કરાવી ઠેઠ મહર્ષિ આર્દ્રકુમાર બનવા સુધી પહોંચાડી દીધા.

**હરિભદ્ર બ્રાહ્મણને મૂર્તિની અસર :**

વીતરાગની પ્રતિમાના દર્શને **હરિભદ્ર બ્રાહ્મણ** વીતરાગ દેવાધિદેવને ઓળખી ગયા. કષાયોની શાંતિ થઇ ગઇ. ભવાભિનંદી જીવની ભવાભિનંદિતાની દશા તાવ જેવી છે. તાવથી જેમ જીભમાં કડવાશ આવે, તેમ ભવાભિનંદી જીવને હિતકારી તત્ત્વો પર કટુતા હોય છે. તે જ્યારે માર્ગાભિમુખ બને છે, ત્યારે તેમાં માધુર્ય આવે છે. તે માધુર્ય આવ્યું હરિભદ્ર બ્રાહ્મણમાં; નહિતર તો એકવાર જિનપ્રતિમા જોઇ દેવાધિદેવની આવી મશ્કરી કરનારા પણ તે જ હતા કે દેવ ! તારી લષ્ટપુષ્ટ મૂર્તિ જ કહી રહી છે કે તું લાડવા-પાણી સારા ઉડાવતો હશે ! પરંતુ એ ઓઘદષ્ટિના વિચારથી બોલતા હતા. પરંતુ જ્યાં યોગદષ્ટિનું માધુર્ય આવ્યું, ત્યાં હવે એ જ જિનમૂર્તિ જોતાં બોલી પડ્યા, 'દેવ ! તારી મૂર્તિ જ સ્પષ્ટપણે તારા વીતરાગ સ્વરૂપને કહી રહી છે.' અહીં પ્રશ્ન થાય.

**પ્રશ્ન :** પ્રતિમા બોલતી તો છે નહિ, પછી પ્રતિમાનો પ્રભાવ શો પડે ?

**ઉત્તર :** મંદિરમાં બહેનો ઉદ્ભટ વેશ પહેરીને આવે છે, તો એને જોનારા ભગવાનને પડતા મૂકે છે ! અહીં સ્ત્રી કે એનો વેશ કાંઇ જ બોલતા નથી, છતાં પ્રભાવ પાડે છે ને ? તેમ ભલે પ્રતિમા બોલે નહીં, છતાં અચિંત્ય પ્રભાવ કેમ ન પાડે ? માટે તો કહ્યું હતું ને કે **ભીલ એકલવ્યે દ્રોણાચાર્ય ગુરુની પ્રતિમાના પ્રભાવે જ ધનુર્વિદ્યામાં પ્રવીણતા મેળવી હતી.**

**પ્રતિમા-દર્શનના** પ્રભાવે જ **અભયદેવસૂરિજી મહારાજાનો** કોઢ રોગ દૂર થયેલો ! શ્રી **કલ્યાણમંદિર સ્તોત્રના** પ્રભાવે ઉજ્જયિનીમાં **શિવલિંગ** ફાટ્યું હતું ! ને એમાંથી **અવંતી પાર્શ્વનાથ પ્રભુજી** પ્રગટ થયા હતા ! જેના દર્શને રાજા અને લોકો આકર્ષાઇ પ્રભાવિત થઇ ગયેલા. **'દીઠી જગગુરુ તુજ મૂરતિ મોહન વેલડીજી'** આ જિન મૂર્તિનું દર્શન એવું મનમોહન કલ્પવેલી સમાન કેમ બને ? દેરાસરમાં જઇએ, અને દૃષ્ટિ કેમ પ્રભુ પર ઠરી જાય ? એની ચાવી આ, કે મનથી વિચારાય કે -

**પ્રભુદર્શનમાં ઠરી જવાની ચાવી :-**

**(૧) આ જગતમાં પ્રભુને છોડીને બીજી કોઇ જોવા લાયક ચીજ નથી.**

**(૨) મોહના પૂતળાં જોઇ જોઇ અધન્ય બનેલી મારી આંખ આજે પ્રભુજીને જોઇ વાહ ! કેવી સરસ ધન્ય બની !**

**(૩) વિષયદર્શનોથી લાગેલા લખલૂટ પાપનું વળતર કરી આપનાર કેવી ચમત્કારી આ સુંદર જિનમૂર્તિ !**

ઇત્યાદિ વિચારણાથી મૂર્તિ મોહન વેલડી લાગે, અને એનું દર્શન મળ્યા બદલ અહોભાવ આવે કે 'અહો ! અહો ! મને આ મળ્યું. ધન્ય ! ધન્ય !'

**મીઠી તાહરી વાણી**

વિષમકાળમાં સાક્ષાત્ તીર્થંકર પ્રભુની વાણી નહિ, કિન્તુ આગમશાસ્ત્ર રૂપે આપણને તીર્થંકર ભગવાનની વાણી મળી છે. આ ભગવાનની વાણી કેવી ? કવિ કલ્પના કરે છે કે કલ્પવેલી સ્વર્ગમાં કેમ ? દ્રાક્ષ ગામ બહાર વાડીઓમાં કેમ ? શેરડી કોલ્હુમાં કેમ પીલાય છે ?... તો કે

**જિનમુખ દીઠી વાણી મીઠી, સુરતરુ વેલડી,**
**દ્રાક્ષ વિહાસે ગઇ વનવાસે, પીલે રસ શેલડી...** ઇત્યાદિ.

અર્થાત્ જિનેશ્વર ભગવાનના મુખમાંથી પ્રગટેલી વાણી કેટકેટલી મીઠી ? તો કે કલ્પવૃક્ષની વેલડી વિહાયસે-આકાશમાં સ્વર્ગમાં ચાલી ગઇ. ને દ્રાક્ષે વનવાસ લીધો; કેમકે એ નગર બહાર વાડીઓમાં જ ઊગે-વધે છે; અને શેરડીએ બિચારીએ કોલ્હુમાં પીલાઇ આપઘાત જ કર્યો !

**ભગવાનની વાણી કેવી ?** આ ભગવાનની વાણી કહે છે કે 'ઉપશમ રાખો.' તેના પર **મહાસતી મદનરેખાએ,** સૌંદર્યમાં મોહિત થયેલા જેઠના હાથે ખડ્ગથી કપાયેલા પોતાના પતિ યુગબાહુને જિનવાણી યાદ કરાવી ઉપશમ રખાવ્યો, ને દેવલોકમાં પહોંચાડ્યા ! **રાજા ગુણસેન** ધ્યાનમાં છે ત્યારે અગ્નિશર્મા દેવતાએ વરસાવેલ અગ્નિ ધીખતી રેતીમાં શેકાઇ જતાં રાજાએ જિનવચન યાદ કરી ઉપશમ રાખ્યો.

આવી ભગવાનની વાણી અહીં સાંભળવા મળે છે ને જો એ સાંભળતાં ઝોકાં આવે છે, તો એનો અર્થ એ કે એમને જિનવાણીમાં એટલો રસ નથી. **આપણને જિનવાણી માટે કેટલો રસ છે એના પર આપણા સમ્યગ્દર્શનનું પારખું છે; કેમકે,**

**સમ્યગ્દર્શનના ૩ લિંગ છે,**

**(૧)** જિનવાણી શ્રવણનો રસ, **(૨)** ચારિત્રની ભૂખ, અને
**(૩)** દેવ-ગુરુનું વૈયાવચ્ચ.

આ લિંગ હોય ત્યાં સમ્યગ્દર્શન હોય. એમ તો સમ્યગ્દર્શનના પાંચ લક્ષણ છે, શમ, સંવેગ... વગેરે; પરંતુ

**લિંગ અને લક્ષણમાં ફરક શો ?**

તો કે **'લક્ષણ'** એવી વસ્તુ છે કે એ આમ તો હોય, પણ કોઈ વાર ન હોય, છતાં એનામાં સમ્યક્ત્વ હોઈ શકે. દા.ત. **શ્રેણિક, કૃષ્ણ મહારાજા** કોઈ વાર લડાઈમાં ઊતરતા. એ વખતે સામો અનાડી રાજા હોય તો ત્યાં એનો કચ્ચરઘાણ કાઢવા ગુસ્સો કેટલો બધો હોય ? તો શું એ વખતે એના પ્રત્યે શમ ઉપશમ ભાવ હોય ? ના, છતાં એ ક્ષાયિક સમકિતી એટલે એમનામાં સમ્યક્ત્વ હતું. ત્યારે **'લિંગ'** વસ્તુ એવી છે કે એ જો ન હોય, તો સમકિત ન હોય. દા. ત. મહાવીર પ્રભુનો ભાણેજ, પછી બનેલો **જમાઈ-જમાલિ,** એ પછીથી દીક્ષા લઈને બન્યો **પ્રભુનો શિષ્ય.** એકવાર સંથારો પાથરવાના પ્રસંગમાં 'કાર્ય કરાતું હોય ત્યારે કર્યું કહેવાય' એવા પ્રભુના વચનથી વિરુદ્ધ સિદ્ધાન્તમાં તણાયો. 'પૂરું કર્યું હોય ત્યારે જ કર્યું કહેવાય; પણ કરાતું હોય ત્યારે કર્યું ન જ કહેવાય' એમ મત બાંધી બેઠો. એમાં એણે સમકિત ગુમાવ્યું. એના શિષ્યો એને લઈ ગયા પ્રભુ પાસે. પ્રભુ સમજાવવા તૈયાર, પરંતુ હવે એને જિનવચન સાંભળવાનો રસ ઊડી ગયો છે, એટલે સમકિત નષ્ટ. ત્યાં પ્રભુ શું સમજાવે ? જેના વચન પરનો રસ ઊડી ગયો, શ્રદ્ધા ઊઠી ગઈ, એના પોતાના પરની ય શ્રદ્ધા ઊઠી ગઈ. હવે આવાને પ્રભુ શું કહે ?

**'મીઠી તાહરી વાણી'**

**પ્રભુની વાણી મીઠી લાગે ત્યાં સુધી સમ્યક્ત્વ; એનો પ્રભાવ જબરદસ્ત.**

આ રીતે **પ્રભુનો પ્રભાવ ત્રણ રીતે** આપણે જોવાનો છે-

**(૧) દર્શનનો પ્રભાવ:** જે પ્રભુની પ્રતિમાના દર્શનના કારણે શય્યંભવસૂરિજી, હરિભદ્રસૂરિજી, આર્દ્રકુમારાદિ તરી ગયા !

**(૨) વાણીનો પ્રભાવ :** જે પ્રભુની વાણી દ્વારા યુગબાહુ દેવગતિ પામ્યા ! ઇન્દ્રભૂતિ જેવા પ્રભુને શરણે આવ્યા ! અરે ! મહાહિંસક સર્પ ચંડકૌશિકને પણ 'બૂજ્ઝ બૂજ્ઝ' ના શબ્દે વાણીના પ્રભાવે તાર્યો.

**(૩) પ્રભુના મિલનનો પ્રભાવ :** અરિહંત-મિલન એટલે અરિહંતની સાથે મળવું. એ વાત બીજી ગાથામાં કરશે. પરંતુ હું અરિહંતને મળ્યો એટલે બીજા બધાનો ત્યાગ કરીને એટલે કે વિષયોનો ને કુદેવોનો ને મિથ્યામાન્યતાનો ત્યાગ કરીને મેં અરિહંતને સ્વીકાર્યા, મારા દિલમાં ભેળવી દીધા. મારા આરાધ્ય, શરણ્ય, સર્વસ્વ, જે ગણો તે, હે અરિહંત ! આપ જ છો. કારણ કે મેં આપને મારા દિલમાં ભેળવી દીધા છે.

જેમ-પત્નીને પતિ મળ્યા, ને તે પોતાના દિલમાં જો પતિને ભેળવી દેતી નથી, તો દુઃખિયારી થાય છે. સીતાજી દુઃખિયારા ન હતા, કારણ કે પતિ રામને પોતાના દિલમાં એણે ભેળવી દીધા હતા. આપણે ભગવાનને આમ આપણા દિલમાં

ભેળવી દેવાના છે, આવું મિલન કરવાનું છે.

• • •

**જાણું હો પ્રભુ જાણું જન્મ કયત્થ,**
**જો હું હો પ્રભુ, જો હું તુમ સાથે મિલ્યોજી;**
**સુરમણિ હો પ્રભુ ! સુરમણિ પામ્યો હત્થ,**
**આંગણે હો પ્રભુ! આંગણે મુજ સુરતરુ ફળ્યોજી....૨**

**ભાવાર્થ :-** હે પ્રભુ ! જો હું આપ વીતરાગની સાથે મળી ગયો છું તો તેમાં હું મને મળેલો મનુષ્યજન્મ કૃતાર્થ સફળ થયો માનું છું. વળી પ્રભુ ! આપ મળ્યા છો, તો મારા હાથમાં ચિંતામણિ રત્ન આવી ચડ્યું સમજું છું. અને મારા આંગણામાં (સર્વ મનવાંછિત આપનાર) કલ્પવૃક્ષ ઊગી ગયો માનું છું.

**વિવેચન :-** હે અભિનંદન સ્વામી ! જો હું તમારી સાથે મળ્યો તો હું મારા જન્મને 'કૃતાર્થ' થયો માનું છું. 'અર્થ' એટલે પ્રયોજન, 'કૃત' એટલે સરી ગયું, અર્થાત્ મનુષ્ય જન્મ પામવાનું જે પ્રયોજન છે, તે પ્રયોજન મારે સરી ગયું. શું પ્રયોજન છે ? આ, 'જો હું તુમ સાથે મળ્યો.' 'પ્રભુની સાથે મળ્યો' એનો સામાન્ય અર્થ એ, કે પ્રભુની ભેટ-મુલાકાત થઈ. પરંતુ આટલામાં બહુ વળે નહિ; કેમકે એવી તો અનંતા ભૂતકાળમાં અનંતીવાર મુલાકાત થઈ. કારણ શાસ્ત્ર કહે છે, અનંત ભૂતકાળમાં જીવ અનંતીવાર જૈન ચારિત્ર પામ્યો. તો એમાં સહજ છે કે અરિહંત સાથે અનંતી વાર મળ્યો, અનંતી મુલાકાત થઈ, પરંતુ તેથી વળ્યું શું ? આપણો જીવ હજી સંસારમાં ભટકતો છે ! તો એવું પ્રભુ સાથે મળવાથી જનમ કૃતાર્થ થયો થોડો જ મનાય ? તો પછી,

**પ્રશ્ન :** 'જો હું તુમ સાથે મળ્યો' નો ભાવાર્થ શો ? કે જેથી આ જનમ કૃતાર્થ સફળ થયો ગણાય!

**ઉત્તર : મનુષ્ય જનમનું પ્રયોજન પ્રભુની સાથે મળવું એ.**

**પ્રભુની સાથે મળવાના બે અર્થ -**

**"પ્રભુને મળીએ, પ્રભુમાં ભળીએ"**

(i) પ્રભુના આત્મામાં આપણો આત્મા ભળી જાય.

(ii) વીતરાગ પ્રભુ પોતે આપણા આત્મામાં ભળી જાય.

**(૧) પ્રભુના આત્મામાં આપણા આત્માને ભેળવવો એટલે આપણું વ્યક્તિત્વ ભૂલી જવું અને પ્રભુનું વ્યક્તિત્વ આપણા મન સામે રાખવું.**

**સુશીલ પત્ની પતિમાં કેવી ભળે ? :**

દા.ત. સુશીલ કન્યા સુયોગ્ય પતિને પરણ્યા પછી પતિના આત્મામાં ભળી જાય છે, એટલે કે પોતે પોતાનું વ્યક્તિત્વ ભૂલી જાય છે, અને પતિનું વ્યક્તિત્વ જ મન પર રાખે છે. અર્થાત્ પોતાની રુચિ કેવી ? પોતાની ઇચ્છા શી ? પોતાને અનુકૂળ શું ? પોતાનો મત અભિપ્રાય શો ? પોતાનું માન-ગૌરવ કેટલું જળવાયું ? પોતાને બહારમાં યશ-સંપત્તિ વગેરે લાભ શો થયો ? વગેરે વગેરેને બાજુએ મૂકી દે છે. એની ગણતરી રાખતી નથી; પરંતુ એ તો એ જ જુએ છે કે, એમની રુચિ કેવી ? એમની ઇચ્છા શી ? એમને શું શું અનુકૂળ ? એમનો મત-સિદ્ધાન્ત શો ? એમનો અભિપ્રાય શો ? મારાથી એમનું માન-ગૌરવ કેટલું સચવાયું ? એમને બહારમાં યશકીર્તિ સંપત્તિ વગેરેનો લાભ કેટલો મળ્યો ? એટલે કે પતિની રુચિ-ઇચ્છા એ જ મારી રુચિ-ઇચ્છા. એમની અનુકૂળતા એ જ મારી. એમણે મારું માન નહિ સાચવવાનું, પણ મારે એમનું માન-ગૌરવ કરવાનું. બહારમાં મારે જશ નહિ લેવાનો, પણ એમને મારે જશ અપાવાનો. જો આ જ જોતી રહે તો જ એ સુશીલ છે, અને પતિમાં પોતાના આત્માને ભેળવી દેનારી ગણાય છે.

એટલે તો દુનિયા સવારે ઊઠીને **સીતાજીને** યાદ કરે છે. રામ પિતાની આજ્ઞાથી રાજ્ય-હક છોડી વનવાસ જાય છે, અને એમણે સીતાજીને આદેશ પણ નથી કર્યો કે 'ચાલો, આપણે વનવાસ ભોગવવાનો છે,' ઊલટું એમ કહ્યું કે- પિતાજીની આજ્ઞા છે કે 'ભરત અયોધ્યાનું રાજ્ય કરે.' પરંતુ અમારે ભાઈઓમાં એવી મર્યાદા છે કે ભાઈઓ પિતાજી પછી મને વડીલ તરીકે માને છે, અને **એ વડીલથી ઊંચું પદ ભોગવે નહિ,** એટલે હું અહીં જ રહું તો ભરત કાંઈ રાજા બને જ નહિ અને જો એ રાજા ન બને, તો પિતાજીએ માતા કૈકેયીને આપેલ વરદાન સચવાય નહિ, માટે પિતાજી પાસે મેં વનવાસ માગી લીધો છે. તો હમણા તમે અહીં માતાજીની સેવામાં રહો. રામચંદ્રજીએ સીતાજીને આમ કહેવા છતાં, સીતાજી કહે : 'માફ કરજો, એ તો ઝાડ ત્યાં જ છાયા; હું તમારી સાથે જ રહીશ.'

આમાં સીતાએ શું જોયું ? પોતાની નહિ, પણ પતિની રુચિ-ઇચ્છા-અનુકૂળતા જોઈ. પતિને વનવાસની ઇચ્છા છે, તો મારી પણ ઇચ્છા એ જ વનવાસની. અહીં પૂછો-

**પ્રશ્ન :-** પતિએ તો સીતાજી સાસુની સેવામાં રહે એવી ઇચ્છા દર્શાવી હતી. તો સીતાજીએ કેમ એ વધાવી ન લીધી ? ને પોતાની વનમાં સહગમનની ઇચ્છા કેમ રાખી ?

**ઉત્તર :-** અહીં એમણે પતિનો ભાવ જોયો. પતિનો ભાવ આ હતો કે 'આવા સુકોમળ અને હમણા પરણીને આવેલા સીતાજીને વનવાસનાં કષ્ટમાં ન

ખેંચાય.' એટલે એમણે બહાનું મૂક્યું કે માતાજીની સેવામાં રહો. બાકી માતાની સેવામાં તો દાસદાસીઓ, દેરાણીઓ વગેરે ક્યાં ઓછા હતા ? તેથી સીતાજીએ પોતાને પતિની વનવાસને બદલે મહેલવાસ કરવાની કોઇ આજ્ઞા નહોતી. પતિએ તો માત્ર ઇચ્છા બતાવી કે અહીં માતાજીની સેવામાં રહો, ને સીતાજીએ રહેવા ન ઇચ્છયું, એ કાંઇ પતિની ઇચ્છાથી પોતે જુદી ઇચ્છા કરી ન ગણાય, વડીલની ઇચ્છાથી પોતાની જુદી ઇચ્છા એ જો સ્વચ્છંદવાદની હોય, આપમતિની હોય, વૈષયિક અનુકૂળતા ભોગવવા અંગેની હોય તો જ એમાં વડીલની ઇચ્છા કરતા જુદી ઇચ્છા કરી ગણાય.

વાત આ હતી કે સીતાજી રામમાં ભળી ગયેલા હતા એટલે કે પોતાનું અલગ વ્યક્તિત્વ ભૂલીને પતિનું વ્યક્તિત્વ જોનારા બની ગયેલા. તેથી પોતાની કોઇ જ સ્વતંત્ર રુચિ-ઇચ્છા-મન-અનુકૂળતા-યશ-માનાકાંક્ષા... વગેરે નહિ, કિન્તુ પતિની જ રુચિ-ઇચ્છા વગેરે એ જ પોતાની રુચિ-ઇચ્છા એ જ પોતાનું મન, અનુકૂળતાદિ... તો જ એ પતિમાં ભળ્યા ગણાય.

આ જ હિસાબ આપણે દેવ-ગુરુ સાથે રાખવાનો છે. આપણે ભગવાન અને ગુરુમાં ભળવું હોય તો આપણું અલગ વ્યક્તિત્વ ભૂલીને દેવાધિદેવની અને ગુરુની રુચિ-ઇચ્છા-મન-અનુકૂળતા વગેરે જોનારા બનીએ. દેવ-ગુરુનું ખૂબ ખૂબ ગૌરવ કરીએ. માન સન્માન એમને આપીએ અને સેવા વૈયાવચ્ચ કરીને જશ દેવ-ગુરુને આપીએ, મહેનત આપણે કરીએ, ધનખર્ચ આપણે કરીએ, પરંતુ યશ દેવ-ગુરુનો વધારીએ. આ થઇ પરમાત્મા સાથે મળવાની એટલે કે પરમાત્મામાં આપણે ભળી જવાની વાત.

સારાંશ, આપણું વ્યક્તિત્વ ભૂલીને દેવગુરુનું વ્યક્તિત્વ આગળ કરીએ, તો આપણે દેવ-ગુરુમાં મળ્યા-ભળ્યા ગણાઇએ. એથી આપણો સ્વચ્છંદાચાર મટે.

આમ **'જાણું જન્મ કયત્થ. જો હું તુમ સાથે મળ્યોજી'** માં **'પ્રભુ સાથે મળવા'નો એક અર્થ.** હવે બીજી વાત, **'પ્રભુ સાથે મળવા'નો બીજો અર્થ.**

### (૨) પરમાત્માને આપણા આત્મામાં ભેળવીએ :

પહેલામાં આપણે પ્રભુમાં ભળીને પ્રભુની આગળ આપણું વ્યક્તિત્વ આપણું માન-દરજ્જો-રુચિ-મન-અનુકૂળતા વગેરે ભૂલવાનું છે; ત્યારે આ બીજામાં પ્રભુને આપણા અંતરમાં ઊતારી આપણે પ્રભુની સાધના, પ્રભુનાં સુકૃતો, પ્રભુના સદ્ગુણો, પ્રભુની સદ્ભાવનાઓ... વગેરે જોવાનું છે. જેથી પ્રભુની અપેક્ષાએ આપણી પોતાની નિર્માલ્ય સાધનાઓ સુકૃતો વગેરે પર ગુમાન ન થાય, કે અતિ સંતોષ ન થાય; અને વારે વારે મનને થયા કરે કે 'અહો ! અહો ! મારા પ્રભુની કેવી જ્વલંત ઉત્કૃષ્ટ

...નાઓ !... કેવા સર્વોચ્ચ સુકૃતો !... કેવા કેવા અતિ અતિ અદ્ભુત ક્ષમા-...ત્સલ્ય આદિ સદ્ગુણો ! આમ પ્રભુનો ઉત્કર્ષ અને આપણી જાતનો અપકર્ષ ...યા કરીએ, અને શક્ય ગુણ-ગ્રહણ કરતા રહીએ, એટલે આપણા આત્મામાં ...ભુને ભેળવતા જવાનું થાય. પૂર્વના મહાન શ્રાવકો અને મુનિઓ આ કરતા. ...તરમાં પ્રભુને રાખી એમના જીવન-કવનના આલંબને સાધનાઓ-સુકૃતો-સદ્ગુણોમાં ...ગળ વધતા !

**બાળમુનિએ ઘાણીમાં પીલાતાં પ્રભુને અંતરમાં રાખ્યા :**

પેલા **પાલક પાપીની ઘાણીમાં** ૪૯૯ મોટા મુનિઓની જેમ છેલ્લા **એક ...ળમુનિ** પણ કેવી રીતે ખુશીથી પીલાઇ ગયા ! ખબર છે ને ? પાલક મંત્રીએ ...ધકસૂરિજી પરના વૈરથી એમના ૫૦૦ શિષ્યો સહિત એમને ઘાણીમાં પીલી ...ખવાની તૈયારી કરેલી ; વૈર એમ થયેલું કે ખંધક યાને સ્કંદક પૂર્વે રાજકુમાર હતા ...ારે એની પિતાની રાજસભામાં પાલકે જઇને નાસ્તિકવાદનું પ્રતિપાદન કરેલું, ત્યાં ...છી સ્કંદકકુમારે સચોટ યુક્તિ-પ્રયુક્તિ-દૃષ્ટાન્તથી એનું ખંડન કરેલું, એનો કશો જવાબ ન દઇ શક્યો, એટલે દિલમાં વૈર લઇને ગયો.

પછી તો સ્કન્દકે વૈરાગ્ય વધવાથી ૨૦મા તીર્થપતિ શ્રી મુનિસુવ્રત ભગવાન પાસે દીક્ષા લીધી, મોટા આચાર્ય અને ૫૦૦ શિષ્યોના ગુરુ થયા. એકવાર પ્રભુને પૂછે-

'પ્રભુ ! બેનના 'દંડક' દેશમાં જાઉં ? તો ત્યાં બેન-બનેવી વગેરે કદાચ પ્રતિબોધ પામે.'

પ્રભુએ કહ્યું : 'તમે જશો તો વિરાધક થશો.'

આ પૂછે 'ને પ્રભુ ! આ ૫૦૦ મુનિઓ ?'

પ્રભુ કહે : એ આરાધક થશે.

એ પરથી ખંધકસૂરિએ વિચાર્યું કે 'મારા નિમિત્તે ૫૦૦ તો તરી જશેને? મારું જે થવું હોય તે થાય. જાઉં બેનના દેશમાં.' એમ રજા માગે છે, પણ પ્રભુ મૌન રહ્યા. **'ભલે જાઓ' એમ સંમતિ ન આપી.**

**પ્રશ્ન :** પ્રભુએ કેમ સંમતિ ન આપી ? ૫૦૦નું તો કલ્યાણ છે ને ?

**ઉત્તર :** ભલે ૫૦૦નું કલ્યાણ થવાનું છે, પરંતુ અહીં પૂછનાર જે છે એનું અકલ્યાણ છે, ને એ જ પૂછે છે 'જાઉં ?' એટલે એનો ભાવ આ, કે 'અકલ્યાણમાં જાઉં ?' તો શું પ્રભુ સંમતિ આપે ? ના; પ્રભુ મૌન રહ્યા.

પછી તો 'ન નિષિદ્ધમ્ અનુમતમ્' માની ખંધકસૂરિજી સપરિવાર ઊપડ્યા દંડક દેશમાં. રાજધાનીના ઉદ્યાનમાં ઊતર્યા. ત્યાં પેલો પાલકમંત્રી દિવાન બનેલો હતો. એણે વૈરનો બદલો લેવા ધાર્યું, અને ઉદ્યાનમાં રાતના ગુપ્ત રીતે ઠામ ઠામ જમીનમાં શસ્ત્રો દટાવ્યા !

સવારે રાજાને કહે : 'આ તમારા સાળા ૫૦૦ સહસ્રયોધી સુભટો સાથે સાધુના વેશમાં આવ્યા છે. તે તમને જીતીને તમારું રાજ્ય લઇ લેશે !'

'ખાતરી ?'

'ખાતરી માટે ઉદ્યાનની તપાસ કરાવો, શસ્ત્રો છુપાવ્યા છે !' તપાસ કરાવતાં શસ્ત્રો મલ્યાં, ને રાજા વિફર્યો ! પાલકને કહે તને ઠીક લાગે તે શિક્ષા કર.'

બગીચામાં પાલકે મોટી ઘાણીનો માંચડો તૈયાર કરાવ્યો. ખંધકસૂરિને કહ્યું : 'તમને બધાને ઘાણીમાં પીલી નાખવાનો રાજાનો હુકમ છે.'

ખંધકસૂરિએ જોયું, 'ઉપસર્ગ મોટો આવ્યો છે પણ ફિકર નહિ, પ્રભુએ સિક્કો માર્યો છે કે '૫૦૦ મુનિઓ આરાધક થવાના છે,' અને ૫૦૦ પણ ખુશી થઇને કેમ જાણે હરિફાઇથી એક પછી એક ઘાણીમાં કૂદી પડ્યા ! આટલી બધી હિંમત? કહો, પોતાના અંતરમાં પ્રભુ શ્રી મુનિસુવ્રત ભગવાનને ભેળવી લી'ધા હતા એટલે હિંમતનું શું પૂછવું ?

**ખંધકસૂરિજીની ૫૦૦ ને નિઝામણા :**

મુનિઓ જયારે ઘાણીમાં પડાપડી કરી પીલાઇ રહ્યા હતા, ત્યારે આચાર્ય મહારાજ માંચડા પર ઊભા રહી મુનિઓને નિર્યામણા કરાવતા હતા કે **"જોજો, અંતરમાં મુનિસુવ્રત ભગવાનને રાખજો. ભગવાનને અંતરમાં ભેળવી દેજો. ભગવાન વીતરાગ છે, રાગ-દ્વેષ રહિત, અને કાયાની મમતા વિનાના છે, તો આપણે પણ એવા જ છીએ. અંતરમાં ભગવાનની વાણી સાંભળજો, ભગવાન કહી રહ્યા છે, 'આ પાલક તમારો ઉપકારી છે. આ પીડાના કર્મો, આમ કાયા પીલાયા વિના, આત્મા પરથી ખસે એવા નહોતા, તે પાલક કાયાને પીલીને તમારા કર્મોને પીલી પીલીને રવાના કરી રહ્યો છે. બાકી આમ સાતે નરકોની જાલિમ પીડાને અનંતવાર આપણા જીવે સહન કરી છે ! એની આગળ તો આ પીડા કશી વિસાતમાં નથી. તેથી એ લક્ષમાં રાખી, મારું સ્વરૂપ એ જ તમારું વીતરાગ સ્વરૂપ જોયા કરજો. જેથી કોઇ જ દેહ-રાગ કે દુશ્મન-દ્વેષ થાય નહિ.' આમ આપણા અંતરમાં ભેળવેલા ભગવાન કહી રહ્યા છે, એ જ ધ્યાનમાં રાખજો..."**

...રીતની ખંધકસૂરિજી મહારાજ ની નિઝામણાએ ૪૯૯ મુનિઓને મોક્ષે પહોંચાડી ...યા !

**બાળમુનિની ઘાણીમાં પીલાતાં ભાવના :**

હવે આવ્યો વારો બાળમુનિનો. એ પણ શૂરાતનમાં ચડી ગયેલા વિચારે છે- ...રી પાસે મારા દિલની અંદર મુનિસુવ્રત ભગવાન છે મારે શી ગભરામણ ?' ...મ કરીને એ જાતે જ ઘાણીમાં કૂદી પડ્યા. ઉંમરમાં નાના છે, ઝીણું તત્વજ્ઞાન ...હિ ભણેલા, પરંતુ અંતરમાં ભગવાનને એવા ભેળવી દીધેલા કે મન સમજે છે કે ...તો ભગવાન છું. ભગવાને ક્યાં કાયાને પોતાની માની છે ? મારે પણ કાયા ...રી છે જ નહિ, એ મુઇ ભલે કચડાય, હું કચડાતો નથી.' આમ બાળમુનિએ પણ ...ગવાનને પોતાના અંતરમાં એવા એકરસ એકમેક કરી દીધા કે પીડાને કશી ...ામાં લીધીજ નહિ, તે અનાસક્ત યોગમાં ચડી વીતરાગ થઇ ગયા ! ને તરત ...ર્વજ્ઞતા અને તરત મોક્ષ પામી ગયા !

**'જાણું હો પ્રભુ ! જાણું જન્મ કયત્થ, જો હું હો પ્રભુ ! જો હું તુમ સાથે ...ળ્યોજી !'** જો હું પ્રભુ ! તમારી સાથે મળી ગયો તો મારો જન્મ કૃતાર્થ થયો ...ાણું. પ્રભુ સાથે મળવાના આ બે અર્થ બહુ ધ્યાનમાં રાખવા જેવા છે.

સ્તવનમાં બોલીએ ને ? **'પારસનાથ જિન ભેટીએ.'** એમાં પણ આ રીતે વિચારી શકીએ-

**ભગવાનને આપણે ભેટવાના ? કે ભગવાન આપણને ભેટે ?**

આપણે ભગવાનને ભેટવા જઇએ છીએ ? કે ભગવાનને ભેટાડવા જઇએ છીએ ? બંને કરવાનું - ભગવાનને ભેટવાના ય ખરા, અને ભગવાનને આપણા દિલમાં ભેટાડવાના ય ખરા. આપણે ભગવાનને ભેટવા જઇએ, તો ભગવાનને ભેટીએ એટલે શું કરવાનું ?

**(૧) ભગવાનને ભેટવા હોય તો ?** ભગવાનને ભેટવા એટલે આપણે ભગવાનનાં દર્શન તો કરીએ, પણ આપણે ભગવાનમાં ભળી જવાનું. ત્યાં આપણું વ્યક્તિત્વ ભૂલવું જોઇએ. આપણું વ્યક્તિત્વ એટલે આપણી શું ઇચ્છા ? આપણો શો મત ? આપણી શી રુચિ ? આપણું માન કેટલું સચવાય ? આપણને યશ કેટલો મળે ? આપણને શું ગમે અને શું ન ગમે !... એ બધું ભૂલવાનું. એના બદલે ભગવાનને શું ગમે છે ? શું અનુકૂળ છે ?... એનો વિચાર કરવાનો. ભગવાનને શું અનુકૂળ હોય ? ભગવાનને આપણું કલ્યાણ અનુકૂળ હોય એ જાણે કહે છે. 'તું બરાબર સાચું દાસપણું બજાવ.' ભગવાનનો મત-સિદ્ધાંત-અભિપ્રાય શું ? જે કાંઇ કરું એનું માન ભગવાનને મળે.

ઘરે ૧૦ મહેમાન ઊતરી પડ્યા, જમાડવાની મજૂરી ઘરવાળી કરે, છતાં મહેમાનો ધણીને શું કહે ? 'તમારી ભક્તિ ઉદારતા મહેનત ભાઈ ! બહુ ! તો ઘરવાળીને કાંઈ થાય કે નહીં ? ઘરવાળાને માન-યશ-ગૌરવ જે કાંઈ મળે, એ બધું ઘરવાળી સમજે કે 'મારા ધણીને મળ્યું એ મને જ મળ્યું.' એમ, ભગવાનની સારા પૈસા ખરચીને ભક્તિ કરી, પણ એનું માન-યશ ભગવાનને મળવો જોઈએ. એ ક્યારે મળે ? આપણે પૈસા ખરચ્યા એ ગુપ્ત રહે, કોઈ જાણે નહિ, તો ભગવાનને યશ મળે. લોકો કહે : 'જુઓ, જુઓ ભાઈ ! આ ભગવાન કેવા પ્રભાવક છે કે એમને એવા એવા ભક્ત છે કે જે એમની આટલી ઊંચી ભક્તિ કરી જાય, પણ કોઈને ખબર જ ન પડે કે આ કોણ કરી ગયું ! એટલી બધી ભગત ગુપ્તતા રાખે છે.'

**સતીઓને આ આવડે છે** કે પોતાના ખાનગી પૈસાથી ધણી પાસે સુકૃત કરાવ્યું, પણ બહારમાં એમ જ બોલાય કે ધણીએ આ મહાન કામ કર્યું ! બાકી તો ભગવાનને ભેટવા અર્થાત્ દર્શન-ભક્તિ કરવામાં આપણું વ્યક્તિત્વ ભૂલવું જ પડે. એટલે જ મોટું મંદિર બંધાવીને પણ એમ થાય કે ભગવાને આ મંદિર સ્વીકારીને મારું કેટલુ બધું ભલું કર્યું ? અથવા આ તો ભગવાનના પૈસા હતા, એનાથી મંદિર બન્યું. મેં ભગવાનનું કશું કર્યું નથી. એમ ભગવાનને ભેટવા હોય તો આ બધું કરવું જોઈએ.

**(૨) ભગવાનને ભેટાડવા હોય તો ?** ભગવાનને ભેટાડવા એટલે આપણા આત્મામાં ભગવાન ભળી જાય. ભગવાન આપણા દિલમાં વસી જાય. એટલે શું કરવાનું ? 'ભગવાને શું શું કર્યું ? કેવું કર્યું ? તપ-જપ-સ્વાધ્યાય-ધ્યાન કેવા કર્યા ? મહાવીર પ્રભુએ પૂર્વભવમાં લાખ વર્ષ ચારિત્ર પાળ્યું તે સતત માસખમણને પારણે માસખમણ કર્યા ! માત્ર એક જ દિવસ પારણાના આંતરા વિના બીજું આંતરું નહિ ! ને આપણે જાણે હરિફાઈ માંડીને આંતરા વિના રોજની નવકારશી !'

'ભગવાને શું શું કર્યું ?' એ દિલમાં લાવો તો ભગવાન દિલમાં વસે. ઋષભદેવ ભગવાને શું કર્યું ? હજાર વર્ષ સુધી વિહાર કર્યો ! મૌન રહ્યા ! કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા ! આંખ મીંચીને ભગવાનને અંદરમાં લાવીએ, ને પછી દેખાય- ભગવાને આવા વિહારો કર્યા ! આમ રોજના ૨૧-૨૧ કલાક કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા ! હજાર વર્ષ સુધી મૌન રહ્યા, માખી મચ્છર પણ ઉડાડ્યા નહીં !... આવી આવી ભગવાનની સાધના હતી. આપણે એક દિવસ પણ મૌન રાખી શકતા નથી. વિચાર કરો. **માત્ર ભગવાનને આપણે ભેટવાનાં છે એટલું જ નહિ, પણ અંદરમાં ભગવાનને ભેટાડવાનાં છે.** માટે આવા કાંઈ નિર્મલ સ્વરૂપ અંદર લાવો જેથી મનને અંદરમાંથી આરાધનાનો પાવર મળે.

ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીએ અમૃતશી વાણીથી અરિહંત પ્રભુની ...આમ બંને રીતે ભગવાનને મળવાની ભેટવાની જંબૂકુમારે લગન લગાડી હશે, ...સ્તો એ ૯૯ ક્રોડ સોનૈયાની સંપત્તિ, વહાલસોયા માતાપિતા, અને નવી પરણેલી ...રાશી આઠ રમણીઓ, સાપ કાંચળી ઊતારી ચાલ્યો જાય એમ ઘરવાસ મૂકીને ...ત્ર માર્ગે નીકળી પડ્યા હશે ને ?

પરંતુ જંબૂમુનિ પ્રભુ સાથે મળવાનું જેટલું સહેલું સમજતો હશે એટલું ન ...જે, એટલા માટે હવે ગુરુ સુધર્મા ગણધર ભગવાન કહે છે-

**'बुज्झिज्जति तिउट्टिज्जा बंधनं'**

'હે જંબૂ ! જો તું તારી જાતને બોધવાળો સમજદાર માનતો હો, તો બંધનોને ...ડ.'

શું અહીં જંબૂ ન કહે કે 'પ્રભુ ! આટલા બધા માયાના બંધનો તોડીને તો ...વ્યો, હવે શું બાકી રહે છે ?' ના, એ તો સીધું પૂછે છે-

'હે પ્રભુ ! મહાવીર ભગવાન બંધન કોને કહે છે ?'

ગણધર દેવ કહે છે, 'એક તણખલાના પણ પરિગ્રહને ભગવાન બંધન કહે ...કેમકે-

**એ પરિગ્રહની પાછળ કામ કરતા અંતરમાં રહેલા રાગ-દ્વેષાદિ કષાયો ...હાબંધન છે, આ બંધનો તોડવા જંબૂમુનિએ કમર કસી.**

**બંધન તૂટે શી રીતે ? ભગવાનમાં પોતે ભળ્યા, અને ભગવાનને પોતાના ...તરમાં ભેળવ્યાં.**

આમ ભગવાન સાથે મળ્યા-ભળ્યા, તો જંબૂમુનિના વાંછિત ફળ્યાં; પહેલાં ...તકેવળી અને પછી કેવળજ્ઞાની બની ગયા ! અંતે મોક્ષે પધાર્યા !

જો આપણે પ્રભુ સાથે મળ્યા-ભળ્યા, તો આપણે ધારી અનુકૂળતા પૂર્ણ ...રનાર અરિહંતના બન્યા, અને અરિહંત આપણા બન્યા.

ત્યારે તો **અષ્ટાપદ તીર્થ** પર રાવણની ભક્તિથી ખુશ થયેલો **ધરણેન્દ્ર** કહે ...- **'રાવણ !** તારી ભક્તિ બહુ અદ્‌ભુત ! એના બદલામાં ઇચ્છિત માંગી લે,' ...રાવણે માગ્યું નહીં ! એ નીકળ્યો હતો દિગ્વિજય કરવા, મોટા વિદ્યાધર ...જાઓને વશ કરવા; પરંતુ ભક્તિના બદલામાં રાજાઓને હરાવવા-નમાવવાની ...નુકૂળતા ન માગી. રાવણ વિચારે છે- 'પ્રભુભક્તિના બદલામાં અનંત સુખમય ...ક્ષ મળે, એના બદલે સાંસારિક તુચ્છ વસ્તુ શાની મંગાય ? કોહિનૂર હીરાના ...દલામાં કુરમુરા (મમરા) ન મંગાય, માગે તો એ માણસ નહિ, પણ ગધેડો ...ણાય. ગધેડો જ પકવાન્ન મૂકી ઊકરડાની ભૂસી ખાવા ઇચ્છે.

**હવે બીજી રીતે અર્થ વિચારીએ -**

**"જાણું જન્મ કયત્થ - જો હું તુમ સાથે મિલ્યો"**

આપની સાથે ભળ્યો એટલે હું કૃતાર્થ થયો. મારા બધા પ્રયોજનો સરી ગયા ! મારો માનવજન્મ સફળ થઇ ગયો ! પ્રભુ ! આપની સાથે ભળ્યો એટલે આપની શુદ્ધ આત્મચેતના સાથે ભળ્યો. તેથી મારો જન્મ કૃતાર્થ થયો માનું છું. 'કૃતાર્થ' એટલે માનવજન્મના પ્રયોજન સિદ્ધ થયા.

**પ્રશ્ન :** માનવજન્મનાં પ્રયોજન શું છે ?

**ઉત્તર : (૧) માનવજન્મનું મુખ્ય પ્રયોજન જન્મ-મરણની પરંપરાનો અંત લાવવો એ છે.** 'યોગદષ્ટિ સમુચ્ચય' શાસ્ત્રમાં લખ્યું છે કે-

**'भव एव महाव्याधिः जन्म-मृत्यु-विकारवान्'**

આ સંસાર એ જ મોટો રાજરોગ (T.B.) છે. જેને આશ્રીને જન્મ-મૃત્યુ-જરા આદિ બીજા COMPLICATIONS વિકારો-વિવિધ રોગો જીવને વળગેલા રહે છે. અરિહંતે જન્મ મરણના રોગનો અંત આણ્યો છે, તો તેમની સાથે ભળવાથી મારા પણ એ રોગ ટાળવાનું પ્રયોજન અવશ્ય સિદ્ધ થશે. જેમ શેરડી રસના મોટા તાવડામાં કરિયાતાના પાણીનો વાટકો ભળ્યો, તો કડવું પણ એ પાણી મીઠું બની જાય છે, તેમ જન્મ મરણ વિનાના પ્રભુ સાથે ભળીને હું પણ જન્મ મરણ વિનાનો બનીશ.

**(૨) માનવજીવનનું બીજું પ્રયોજન છે-** રાગ-દ્વેષનો નાશ કરવો તે. વીતરાગ સાથે ભળી જવાથી આ પ્રયોજન સરે છે. કેમકે પ્રભુ રાગ-દ્વેષરહિત છે, તો હું પણ વીતરાગ પ્રભુ સાથે ભળીને રાગદ્વેષ વિનાનો થઈશ.

**(૩) ત્રીજું પ્રયોજન** શુદ્ધ જ્ઞાન પામવું તે. આ પ્રયોજન પણ અનંતજ્ઞાની પ્રભુ સાથે ભળવાથી સિદ્ધ થશે.

**પ્રશ્ન :** પ્રભુ સાથે ભળવામાં શું કરવું પડે ?

**ઉત્તર :** જેમ પહેલાં કહ્યું તેમ, નવી સુશીલ પત્ની પતિ સાથે ભળી જઇ પતિની ઇચ્છાને પોતાની ઇચ્છા બનાવે, પતિની દષ્ટિને પોતાની દષ્ટિ કરે, પતિની અનુકૂળતાને પોતાની અનુકૂળતા માને, પતિના મતને પોતાનો મત બતાવે,... યાવત્ પોતાનું સર્વસ્વ પતિને માને, તેમ અરિહંત સાથે ભળવા માટે આપણે પોતાની આગવી કોઇ દષ્ટિ નહિ, પણ અરિહંતની દષ્ટિ તે આપણી દષ્ટિ બનાવવી પડે; ને અરિહંતના મતને આપણો મત કરવો પડે. જો આ કરીએ તો પરમાર્થથી અરિહંતમાં ભળ્યા કહેવાઈએ અને આપણો જન્મ 'કૃતાર્થ' થયો, સાર્થક થયો ગણાય.

એમાં ય, આપણને ભગવાન મળે એમાં એટલી વડાઇ નહિ, જેટલી વડાઇ

આપણે ભગવાનને મળીએ. બીજા શબ્દોમાં કહીએ તો

**આપણે ભગવાનમાં ભળી જઇએ એના કરતા પણ જો આપણી જાતમાં ભગવાનને ભેળવી દઇએ તો આપણે ખરેખરા કૃતાર્થ ને કૃતકૃત્ય થઇ ગયા.**

**એ ભગવાનને આપણા આત્મામાં ભેળવવા માટે**

**(૧) આપણે મન પર ભગવાન જેવા મોટા માણસની ઓથ માનવી જોઇએ. અર્થાત્ મારે મોટા વીતરાગ ભગવાનની ઓથ છે, મારે શી ચિંતા છે ?**

**વીતરાગ ભગવાનની આપણને ઓથ છે એ માનવાથી આપણામાં પાવર આવી જાય, આવી જ જવો જોઇએ.**

**(૨)** અરિહંત સાથે ભળવા માટે આપણે લાયકાત લાવવી જોઇએ,

**(૩)** કેઇ ગુણો લાવવા પડે.

નહિતર એમ જ થોડું જ અરિહંત સાથે ભળાય છે ?

**પ્રશ્ન :** અરિહંત સાથે ભળવાની ઓછામાં ઓછી (MINIMUM) લાયકાત શું ?

**ઉત્તર :** અપુર્નબંધક અવસ્થાના ત્રણ ગુણો લાવવા એ મિનિમમ લાયકાત. તે ગુણો આ, કે શાસ્ત્ર કહે છે 'અપુનર્બંધક' જીવ

(૧) તીવ્રભાવે પાપ ન કરે;

(૨) સંસારને પર માને- બહુમાન ન ધરાવે; અને

(૩) સર્વત્ર ઔચિત્ય સાચવે.

**અરિહંત સાથે આપણે ભળ્યા એટલે આપણી દુનિયા બદલાઇ ગઇ હોય.**

પહેલાં દેહ-દ્રવ્ય-કુટુંબ એ આપણી દુનિયા હતી, તો હવે આપણે જિન-જિનાગમ (મત) અને જિનના ચતુર્વિધ સંઘને આપણી દુનિયા માનવાની. કહ્યું પણ છે કે-

**देहे द्रव्ये कुटुंबे च सर्व संसारिणां मतिः ।**
**जिने जिनमते संघे पुनर्मोक्षाभिलाषिणाम् ॥**

**ભગવાન મળ્યા, ભગવાનનું શાસન પામ્યા, એટલે દૃષ્ટિ બદલાઇ જાય. નહિતર આપણે પેલી ભીલડી જેવા.**

**ભીલડીને** રાજાએ રાણી બનાવી. છતાં તેની દૃષ્ટિ કેવીક ? ચાર દિવસ પછી રાજાએ પૂછયું-

"કેમ ગુલાબજાંબૂ-પેંડા-બરફી કેવા લાગ્યા ?"

આ કહે "કશું નહિ, ખાટાં ખાટાં બોર વિના લુખ્ખું."

વળી રાજા પૂછે, "પણ આ રેશમી જરિયાન સાડી-પોલકાં કેવાં ?"

ભીલડી કહે, "પેલા ઝાડની છાલના બદનિયા વિના કશી કિંમતના નહિ,"

એમ, હીરા-માણેકના હાર અને બંગડિઓ માટે પૂછ્યું, તો કહે કે-

'પેલા વેલડીના રેસાના બલૈયાં વિના એમાં કશો માલ નહિ." એમ આપણે પ્રભુ સાથે ભળ્યા છતાં જો જિનભક્તિ-વ્રત-નિયમ-બ્રહ્મચર્ય-સામાયિક-સ્વાધ્યાય વગેરેને મેવા-પકવાન્ન અને રેશમી કપડાં-દાગીના-પૈસાટકા આગળ માલ વિનાના સમજીએ તો આપણે ભીલડી જેવા નહિ ? આ ક્યાં સુધી ? કહો, ભગવાન એ શી ચીજ છે એનું અજ્ઞાન છે ત્યાં સુધી.

**આપણને ભગવાન નથી મળ્યા; કે મળ્યા છે તો આપણે ભગવાનમાં ભળ્યા નથી ત્યાં સુધી જ દુઃખ દુઃખરૂપ લાગે છે.**

પણ ભગવાન મળ્યા, ને એમનામાં આપણે ભળ્યા, તો પછી દુઃખ દુઃખ નથી લાગતા. જેમ સળગતી અંગારા-ભરેલી સગડી સોમિલ સસરાના હાથે **ગજસુકુમારના** માથે મૂકાઇ, છતાં તે મહાત્મા સસરાને મોક્ષની પાઘડી બંધાવનારા ઉપકારી તરીકે જુએ છે ! માથું બળ્યાનું દુઃખ એમને દુઃખ નથી લાગતું ! આશ્ચર્ય નથી આ ! પણ આમાં નવાઇ ન માનશો, કેમકે આપણને આપણા મનની કિંમત નથી એવા આપણે બોઘડ છીએ, નહિતર

**મન આપણને ઉચ્ચ કોટિનું મળ્યું છે, ધાર્યા વિચાર કરી શકીએ છીએ,**

માત્ર શાણપણ જોઇએ કે **'મનથી કચરાપટ્ટી વિચારોના ભૂસા કૂટવાને બદલે મનથી ઉત્તમ ઉમદા વિચારોના પકવાન્ન જમતા રહેવું છે.** પ્રભુને આપણા આત્મામાં ભેળવી, એમણે ભયંકર ઉપસર્ગમાં પણ મનને જરા ય દુઃખ ન લગાડ્યું, બલ્કે 'આ નિમિત્તે ભૂંડા કર્મોનો નિકાલ થઇ રહ્યો છે,' એની દિવાળી માની !

ઘરમાં ભરાયેલા ભૂંડા માણસ રવાના થાય ત્યારે આનંદ થાય છે ને ?

**વિશ્વાસઘાતી** ભાગીદારની ભાગીદારીમાં સારો વેપારી કર્મ સંજોગે બંધાઇ ગયો હોય, અને જો એ ભાગીદાર સહેજે સહેજે છૂટો થઇ જતો હોય, તો વેપારી દિવાળી માને છે- નિરાંત અનુભવે છે ને ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૪૪,તા.૨૬-૭-૧૯૮**

ગજસુકુમારે માથે સગડીમાં ગોઝારા કર્મને આમ સહેજે છૂટા થઇ જતા દેખ્યા, તેથી 'કર્મ ખપાવાનો અવસર આવો ફરી નહિ મળશે પ્રાણી રે' માન્યું તેથી મનને જરાય દુઃખ ન લગાડ્યું. આ શેના આલંબને ? નેમનાથ ભગવાન અંતરમાં ભેળવ્યા હતા, અંતરમાં એ પ્રભુના વીતરાગ-પરમાત્મ સ્વરૂપ સાથે એકરસ થવા લાગ્યા હતા; એ માટે અંતરમાં પ્રભુની વાણી ગુંજતી હતી કે,

## "શ્રી જૈન ધર્મ વિના સાર નથી શેમાં રે"

'આવા ભયંકર ઉપસર્ગ આનંદથી વધાવી લઇ ખૂબ સમતાભાવે સહન કરી ...એ જૈન ધર્મ છે, એમાં જ સાર છે. એના બદલે મનને દુઃખ લગાડવામાં કશો ...નથી, કિન્તુ માથે ભારે કર્મોનો મેરુ-ભાર ચડે છે. આવા અંતરમાં ભેળવેલા ...નાં વચનોના ગુંજારવના આલંબને મહામુનિએ માથે ધગમગતા અંગારાને સમભાવે ...ન કરીને કર્મોના ભુક્કા બોલાવી દીધા ! શુભધ્યાનમાં કેવળજ્ઞાન પામી એ ...ક્ષે સિધાવી ગયા ! જનમ કૃતાર્થ થઇ ગયો ! કેવી રીતે ? પ્રભુ સાથે મળી ...વાથી, માટે કવિ કહે છે,-

"જાણું જન્મ કયત્થ (કૃતાર્થ) જો હું તુમ સાથે મળ્યોજી"

હવે આવા પ્રભુ સાથે મળવાનું થયું એ કેવું સુંદર થયું ? તો કહે છે,

"સુરમણિ પામ્યો હત્થ આંગણે હો પ્રભુ, આંગણે મુજ સુરતરુ ફળ્યોજી"

અર્થાત્ પ્રભુ મળ્યા એ જાણે સુરમણિ-ચિંતામણિ હાથમાં આવ્યું અને મારા આંગણામાં સુરતરુ-કલ્પવૃક્ષ ઊગીને ફળી ગયો.

### ચિંતામણિ ચિંતવ્યું આપે, કલ્પવૃક્ષ માગ્યું આપે,

ભગવાનના શાસનના પ્રતાપે સમજાઇ ગયું કે આ લાખેણા માનવ જનમનું પ્રયોજન લખલૂટ કર્મક્ષય અને મોક્ષ છે, એ કેમ થાય એની ચિંતવના હતી ને એની માંગણી હતી, તે ચિંતવેલું અને માગેલાં પ્રયોજન પ્રભુના મળવાથી સરી ગયા, પ્રભુ પાસે ચિંતવ્યા અને માગ્યાથી મળી ગયા. એક પ્રશ્ન ઊઠે છે-

### મોટા દુઃખમાં સમતાની ચાવી ?

**પ્રશ્ન :** ગજસુકુમારને માથે બળવાનું આવ્યું એવા ભયંકર દુઃખ વખતે કર્મક્ષયનો આનંદ અને સમતાભાવ ક્યાંથી રહે ?

**ઉત્તર :** આ પ્રશ્ન એટલા માટે ઊઠે છે કે જીવનમાં દુઃખ-કષ્ટને દુઃખકષ્ટરૂપ જ માની એનાં રોદણાં જ કર્યાં છે. પરંતુ ખરી રીતે જો જીવન પહેલેથી જ એવું જીવતા રહીએ કે નાના નાના કષ્ટ-આફતના વખતે એને દુઃખરૂપ-કષ્ટરૂપ ન માનતા, એના બદલે કર્મક્ષય યાને કર્મનો નિકાલ થઇ રહ્યાનો આનંદ અને સમતાભાવ રાખ્યા કરીએ, તો એના બહુ અભ્યાસ પર અવસરે મોટા દુઃખમાં પણ કર્મક્ષય થઇ રહ્યાનો આનંદ અને સમતાભાવ રહે અભ્યાસથી શું સાધ્ય નથી ?

'પ્રભુ મળ્યા એટલે ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યા' એને એ રીતે પણ વિચારી શકાય કે

**પ્રભુને પામીને આ ઉત્તમ જીવનમાં શુભ ભાવો, શુભ અધ્યવસાયો બહુ કમાવાની જરૂર છે.**

અનંતા જન્મારા મલિન ભાવો, મલિન વિચારો ને મલિન અધ્યવસાયોમાં બરબાદ કર્યા છે; કેમકે એવા એવા ધર્મસામગ્રીહીન એ જનમ મળેલા. આજે પણ દુનિયામાં દેખાય છે ને ? કે દેવ-ગુરુ આદિ ધર્મસામગ્રી વિનાના અનાર્યો મ્લેચ્છો અને મિથ્યાત્વી મનુષ્યો અને તિર્યંચો પણ કેવા કેવા મલિન ભાવો, મલિન વિચારો, ને મલિન અધ્યવસાયોથી ભરચક જીવન જીવી રહ્યા છે ! તો આપણે પણ એવા પૂર્વભવો પામીને શું કર્યું હોય ? એ જ, હવે અહીં જિનશાસન મળ્યું, પ્રભુ મળ્યા, એટલે ક્ષમાદિના ભરચક શુભ ભાવો, ધાર્મિક શુભ અધ્યવસાયો, તથા દયાના, દાનના-શીલના, મૈત્રી આદિ ભાવોના, ને વિષયત્યાગના... વગેરે વગેરેના ભરચક વિચારો કરવાની સગવડ થઇ છે. એવા ઉત્તમ અધ્યવસાય (વિચાર) ધાર્યા કર્યે જાઓ, કોઇ રોકનાર નથી. આ બધું ધાર્યું થાય એ અરિહંત પ્રભુ મળ્યાના જ પ્રતાપે; માટે પ્રભુ મળ્યા એ અપૂર્વ ચિંતામણિ તે અપૂર્વ કલ્પવૃક્ષ મળ્યા !

**જાગ્યાં હો પ્રભુ ! જાગ્યાં પુણ્ય અંકુર,**
**માગ્યા હો પ્રભુ ! મુંહ માગ્યા પાસા ઢળ્યા જી;**
**વુઠ્યા હો પ્રભુ ! વુઠ્યા અમીરસ મેહ,**
**નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ, શુભદિન વળ્યા જી...૩**

**ભાવાર્થ :-** હે પ્રભુ ! (જો હું તમારા સાથે મળી ગયો, તો એમાં તો)(૧) મારે ઊગવામાં પુણ્યના જ અંકુર ઊગી નીકળ્યા ! અને (૨) માગ્યું ફળવામાં મોં-માગ્યા પાસા પોબાર પડી ગયા ! (૩) વરસવામાં તો મારે અમીરસના મેહુલા વરસ્યા ! અને (૪) નાસવા-ભાગવામાં અશુભ દિવસો મારે ક્યાંય નાસી-ભાગી ગયા ! અને શુભ દિવસો પાછા વળી ગયા !

**વિવેચન :-** કવિએ અહીં આ સ્તવનની શરૂઆત જિનમૂર્તિ અને જિનાગમની પ્રાપ્તિમાં જે મનમોહક કલ્પવૃક્ષની વેલડી અને રસદાર શેલડીના અનહદ આનંદથી વ્યક્ત કરી છે, એના પર બીજી ગાથામાં જે જિનમૂર્તિ અને જિનવાણી દ્વારા પ્રભુ સાથે મળવાનું થાય એનાથી જનમની કૃતાર્થતા-સફળતા વ્યક્ત કરી, જાણે ચિંતામણિ કલ્પવૃક્ષ મળી ગયાનો ભાવ વ્યક્ત કર્યો.

હવે આગળ કવિ ગાય છે કે આજ સુધી અરિહંત પ્રભુ નહોતા મળ્યા એટલે તો દુ:ખના જ દહાડા પસાર થતા હતા. કેમકે સંસારી જીવન પ્રભુ વિના કેવળ પાપપ્રપંચો અને પાગલ-મોહ-વિલાસોમાં જ પસાર થતું હતું. આત્મક્ષેત્રમાં જ્યાં માનસિક-કાયિક-વાચિક ભરચક પાપપ્રવૃત્તિઓથી કેવળ પાપના જ બીજનાં વાવેતર કર્યે જવાનું હોય ત્યાં માત્ર પાપના જ અંકુરા ફૂટે એમાં નવાઇ નથી. પરંતુ હ

...મળ્યા એટલે પ્રભુદર્શન-ભક્તિ આદિ ધર્મપ્રવૃત્તિઓ શરૂ થઈ. તેથી પુણ્યના બીજ વવાયાં; ને તેથી પુણ્યના 'અંકુર' પ્રગટી ઊઠ્યા ! એટલે કે શુભ વિચારો-શુભ ભાવો સ્ફુરવા માંડ્યા.

ઘરમાં એવી લક્ષણવંતી પુત્રવધૂ આવે છે તો ઘરમાં પુણ્યનો ઉદય થાય છે. ...દેખાય છે. તેમ લક્ષણવાળો પુત્ર જન્મતાં પણ આનંદ સુખ ફેલાતું દેખાય છે. જેમકે **વર્ધમાન** મહાવીરસ્વામી ત્રિશલા માતાની કુક્ષીમાં આવ્યા કે સિદ્ધારથ રાજાના ઘરમાં પુણ્યના અંકુરા પ્રગટ્યા ! ધન-ધાન્યાદિથી એ વૃદ્ધિ પામતા ગયા. **ધનાજી** ઘરમાં રહે તો ધનના ઢગલા થતા ! ધનાજી જ્યાં મોટાભાઈઓના કકળાટથી ઘર છોડી જતા, ત્યાં પાછળથી લક્ષ્મી પલાયન થઈ જતી. વળી પાછા ધનાજી ભેગા થાય એટલે કુટુંબના પુણ્યના અંકુર જાગી જતા ! એમ અહીં કવિ કહે છે, 'મને પ્રભુજી મળ્યા એટલે મારે પુણ્યના અંકુર જાગી પડ્યા છે. એમ,

**'મુંહ માગ્યા પાસા ઢળ્યા જી'**

આપ અરિહંત મને મળ્યા તેથી પાસો નાખી રમવાની બાજીમાં મારે મોં-માગ્યા યાને ઇચ્છિત પાસા ઢળ્યા, મારી હારની બાજી જીતમાં પલટાઇ ગઇ ! આ સંસારમાં ઠેઠ એકેંદ્રિય-વનસ્પતિકાય-નિગોદમાંથી નીકળ્યા પછી એકેન્દ્રિય પૃથ્વીકાયાદિ, બેઇન્દ્રિય પોરા આદિ, તેઇન્દ્રિય કીડા આદિ, ચૌરેન્દ્રિય માખી આદિ, અને પંચેદ્રિય તિર્યંચ આદિના જનમ કર્યા, એમાં જ્યાં જીવનની બાજી જીત્યા તો ઊંચે ચડ્યા, અને બાજી હાર્યા તો નીચે ઊતર્યા !

**જીવન એક બાજી છે.**

**જીવનની બાજી જીતવાનું કાંઇક કૂણા શુભ પરિણામ થવા ઉપર થાય છે. અને હારવાનું ચિત્તના વધી જતા રાગાદિના સંકલેશ પર થાય છે.**

આમ જીવનબાજીમાં હારજીત કરતાં કરતાં આપણે પંચેદ્રિય મનુષ્યપણું, જૈન ધર્મ, ને સમ્યગ્ દેવ-ગુરુ પામ્યા છીએ. એટલે આપણે કરોડોની બાજી અરિહંતના કારણે જીત્યા છીએ, વિજય પામ્યા છીએ. જો હવે આ બાજી સારી રીતે ખેલતાં નહિ આવડે તો બધું ઊલટું થઇ જશે. દેવ-ગુરુ-ધર્મ પામ્યા પછી કંચન-કામિનીની મૂર્ચ્છામાં પડ્યા, ને દેવ-ગુરુ-ધર્મની સેવાને ભૂલ્યા તો હાર કેટલી મોટી ? હાર કદાચ એવી થાય કે એકેન્દ્રિયપણામાંથી ચડી બેઇન્દ્રિયપણું, વળી એમાંથી પડી પાછું એકેન્દ્રિયપણું, વળી એમાંથી ચડી બેઇન્દ્રિય, એમાંથી ચડી તેઇન્દ્રિયપણું, એમાંથી પડી પાછું એકેન્દ્રિયપણું, એમાંથી વળી કદાચ ચઉરિન્દ્રિયપણું, પાછા એમાંથી નીચે પડવાનું ને એકેન્દ્રિયપણું વળી એમાંથી ચડતાં ચડતાં પંચેન્દ્રિયપણું... એમ ઠેઠ મનુષ્યપણે આવતાં કદાચ યુગના યુગ વીત્યા હશે પરંતુ ત્યાં મનુષ્યપણે તીવ્ર

મૂર્ચ્છાના કારણે બધુ ખોઇ હારીને પંચેન્દ્રિય મનુષ્યપણામાંથી કાં સીધું એકેન્દ્રિયપણું આવીને ઊભું રહે ! કરોડોની બાજી હારીને બેલેન્સમાં મીંડું નીપજાવવાનું થાય ! પણ આ ભય કોને ? જેને અરિહંત મળ્યા નથી, અને એકલા રંગરાગ તથા ધરખમ હિંસા પરિગ્રહાદિ પાપોમાં જ રાચવું છે એને.

કવિ કહે છે - 'મને તો અરિહંત મળ્યા છે એટલે હવે 'મુંહ-માગ્યા પાસા ઢળ્યા જી' મનમાની જીત મેળવવા હારની બાજી જીતમાં પરિણમી. એકેન્દ્રિયપણામાંથી અકામનિર્જરાથી ઊંચે ચડી ચડી પાપરંગથી જીવનબાજી હારી હારીને નીચે પડતો હતો, તે હવે અહીં અરિહંતદેવના પ્રભાવે અરિહંત મૂર્તિ અને અરિહંત-વાણીના સહારે, જીવનબાજી જીતી જવાની તક મળી; સુંદર સુંદર આરાધનાઓ થવા માંડી છે, તેથી હું જીવનબાજી જીતી જવાનો.

## 'વુઠ્યા અમીરસ મેહ'

**અમૃતરસના મેઘ વરસ્યા :** અમૃતરસની વૃષ્ટિ થાય તો રસમય મીઠાં પાણી મળે, અને વિપુલ ધાન્ય પાકે ! અમૃતના રસથી જીવસૃષ્ટિ સચેતન બની જાય ! તેમ હું અરિહંત સાથે ભળ્યો એટલે અરિહંતના અમૃત રસ જેવા અનંત પ્રભાવ અને અનંત જ્ઞાનદર્શન ચારિત્રાદિથી હું સચેતન બની ગયો. મારી મોહમય અશુદ્ધ ચેતના મટીને શુદ્ધ ચેતના વિકસવા માંડી ! અરિહંત સામે આવ્યા એટલે મિથ્યાત્વ બિચારું મરવા પડ્યું ! પાપવૃત્તિઓ ઓસરતી ચાલી, ધાર્મિક વૃત્તિઓ ઉલસતી ચાલી ! પાપપ્રવૃત્તિઓ, ધર્મકરણી, ધાર્મિક આચારો અમલમાં આવતા જાય ! દુર્ગુણો ભાગવા માંડે, સદ્‌ગુણો પ્રગટતા જાય !

**આ બધો સારો પાક અરિહંત મળવા રૂપી અમૃતમેઘ વરસવાથી થાય છે.**

**મહારાજા કુમારપાળનાં જીવનમાં** દેખાય છે કે જ્યાં સુધી કલિકાલ સર્વજ્ઞ ગુરુ હેમચંદ્રાચાર્ય દ્વારા અરિહંતની પ્રાપ્તિ નહોતી થઇ, ત્યાં સુધી એમનું જીવન રેઢિયાળ હતું. આમ એ ત્રિભુવનપાલ ઠાકોરના દીકરા, એટલે માંસાહારી પણ ખરા.... એ વખતે ગુજરાતનો રાજા સિદ્ધરાજ જયસિંહ હતો, એને ભવિષ્યવેત્તાએ ભાખેલું કે 'તમારી ગાદીએ કુમારપાળ રાજા બનશે.' તે સિદ્ધરાજના મનને કઠ્યું, 'હેં ? મારો વારસદાર એક નાના ઠાકરડાનો દીકરો ? ઉડાવી નાખું એને.' એમ વિચારી કુમારપાળને મારી નાખવા મારા છોડેલા ! એના ભયથી કુમારપાળને ઠામ ઠામ ભટકતા રહેવું પડેલું. એવા રખડું જીવનમાં ધર્મપ્રવૃત્તિ શાની ? તો એવી પવિત્ર વૃત્તિઓ અને વિચારો પણ શાના ? પરંતુ પોતાની ૫૫ વરસની ઉંમરે કુમારપાળ, સિદ્ધરાજના મૃત્યુ પર, રાજ્યગાદીએ આવ્યા. પછી એની પૂર્વની સ્થિતિ જોઇ સમ્રાટ સિદ્ધરાજના સામંત રાજાઓ શાના એની આજ્ઞા માને ? તે બળવાખોર

થઇ ગયા. એ બધાને વશ કરવામાં કુમારપાળ રાજાને ૧૫ વરસ લાગ્યા ! ત્યારે સિદ્ધરાજના રાજ્ય કરતાં પણ એનો રાજ્ય-વિસ્તાર મોટો થઇ એ અઢાર દેશના સમ્રાટ રાજા થયા ! ત્યાં સુધીમાં લગભગ ૭૦ વરસની ઊંમર થયેલ.

**કુમારપાલ સમ્રાટની ધર્મ-આરાધના :**

હવે ગુરુ પાસેથી વ્યવસ્થિત જૈનધર્મ શ્રાવકધર્મ મળ્યો, અને અરિહંતદેવને ઓળખ્યા ! ઓળખ્યા તે કેવા ? કે અરિહંતના પરમ ભક્ત બની ગયા. ગુરુએ જ એમને **'પરમ આર્હત્'** તરીકે બિરદાવ્યા ! અહીં અરિહંત મળ્યા, એ જાણે એવો અમૃતરસનો વરસાદ વરસ્યો કે જીવનની વૃત્તિઓ-પ્રવૃત્તિઓ બધું બદલાઇ ગયું ! ૭૦ વરસની ઉંમરે મોટા રાજા છતાં સમ્યક્ત્વ સહિત બાર વ્રતધારી મહાન શ્રાવક બની ગયા !

**એમાંય દર ચોમાસે-** ચારે માસ બ્રહ્મચર્ય ! નિત્ય એકાસણા ! અને એમાં લીલોતરી સદંતર ત્યાગ, તથા ૫ વિગઇ ત્યાગ ! ત્રિકાળ જિનભક્તિ ! ચોમાસાભરમાં રાજધાની પાટણની બહાર જવાનું નહિ ! આ બધું આખા ચોમાસા માટે પાળવાનું ! આ હિસાબે શેષ આઠ માસનું ય જીવન કેટલું ઊંચુ હશે !

**સુકૃતો કેવા ?** એમાં ઠામ ઠામ જિનમંદિર-નિર્માણ ! પૌષધશાળા-નિર્માણ ! જ્ઞાનભંડારોના નિર્માણ ! યાત્રાસંઘ, જિનભક્તિ ઉત્સવો,.... વગેરે તો કેટલું ય !

**અહિંસા ૧૮ દેશમાં -** એમાં વળી ભલે લાખો કે ક્રોડો રૂપિયાના ખર્ચ લાગ્યા હશે, પણ ૧૮ દેશમાંથી જીવ-હિંસાને રવાના કરી દીધી ! કસાઇઓ, પારધિઓ, માછીમારો, વગેરેના ધંધા બંધ કરાવી એમને બીજી બીજી આજીવિકા આપી દીધી !

**ત્યારે જીવનમાં ક્યારેક ધર્મપરાક્રમ કેવા ?** નવરાત્રિમાં બોકડાનો ભોગ નહિ આપવામાં કંટકેશ્વરી દેવીનો ત્રિશૂળપ્રહાર, આખા શરીરે કોઢ અને તીવ્ર પીડા વધાવી લીધી !... યાવત્ એજ રાતમાં ચિતામાં પડી બળીને ખાખ થવાની તૈયારી રાખી ! જેથી લોકને અધર્મપ્રભાવ જોવા ન મળે. એ તો બધું ગુરુએ પછી નિવાર્યું. પરંતુ કુમારપાળનું પોતાનું પરાક્રમ કેટલું બધું ! એકવાર સામાયિક કે પૌષધમાં શરીર પર મંકોડો ચોંટ્યો, તે ઊખડતો નથી, તો એની રક્ષા માટે પોતાની જ એટલી ચામડી ઊખેડી એ ચામડી સહિત મંકોડાને બાજુએ મુકાવી એને અભયદાન દઇ દીધું !

૩।। ક્રોડ શ્લોક પ્રમાણ શાસ્ત્રોના રચયિતા ગુરુ હેમચંદ્રસૂરિજી મહારાજને એ લખાવવામાં તાડપત્રો ખૂટી ગયા, તો કુમારપાળ અભિગ્રહ કરી બેઠા કે તાડપત્ર ન આવે ત્યાંસુધી આહાર પાણી બંધ !

એવો જ અભિગ્રહ એક વખતે પ્રભુને છએ ઋતુનાં ફૂલ ચડાવવાનું મન થયું ત્યારે 'એ ફૂલ ન મળે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કરેલો !

**એમની ક્ષમા કેવી કે** એમને રાજ્યગાદી મળવામાં સહાયક બનેલ એમના બનેવી રાજા અર્ણોરાજે સાધુની મશ્કરી કરી, તો એની સાથેના યુદ્ધમાં કુમારપાળના લશ્કર-અમલદારોને અર્ણોરાજે ફોડી નાખી એમને જીતી લેવા ધાર્યું. પરંતુ કુમારપાળ યુદ્ધભૂમિ પર જ એકાએક એકલે પંડે અણધાર્યો પોતાનો હાથી કૂદાવી સીધા અર્ણોરાજના હાથી પરની અંબાડીમાં કૂદી, એની છાતી પર બેસી તલવારે મારવા લીધો ! પેલો નમી પડ્યો, માફી માગી, તો ક્ષમાના દરિયા કુમારપાળે એને ય ક્ષમા આપી ! અને પોતાના લશ્કરી અમલદારોને ય ક્ષમા આપી દીધી !

પરમ આર્હત્ સમ્રાટ મહારાજા કુમારપાળનાં સુકૃતો-સાધનાઓ-સદ્ગુણો યાદ કરીએ એટલા ઓછા છે ! ત્યારે એ ગણધરપણાનું પુણ્ય ઉપાર્જી દેવલોકમાં ગયા છે ! આ બધા અદ્ભુત સુકૃતો શાના પર ? કહો, અરિહંત મળવા પર **'વુઠ્યા અમીરસ મેહ' !** અરિહંત પ્રાપ્તિ-મિલનરૂપી અમૃતમેઘ એવા વરસ્યા કે એમાંથી આવો આવો પાક સરજાયો.

**અજોડ જૈન પૂર્વપુરુષો :**

અરિહંતને પામ્યા પછી અદ્ભુત અપૂર્વ ગુણસુકૃતભર્યું જીવન બનાવનાર આવા કેઈ પૂર્વ પુરુષોનાં જે જીવન જોવા મળે છે, ત્યારે મનને એમ થાય કે આપણાં કેવાં અહોભાગ્ય કે દુનિયાના કોઈ ધર્મમાં કે કોઈ ઇતિહાસમાં ન મળે એવા અદ્ભુત પરાક્રમી જૈન પૂર્વપુરુષો આપણને મળ્યા છે ! આવા પરમાર્હત્ મહારાજા કુમારપાળનો જોટો ક્યાં મળે ?

એમ શાલિભદ્ર, સ્થૂલભદ્ર, ભરતચક્રી, બાહુબલજી, અર્ણિકાપુત્ર આચાર્ય વગેરે મહાપુરુષો, તથા મહાસતીઓ, સીતાજી, ચંદનબાળા, સુભદ્રા, મદનરેખા... વગેરે વગેરેના નમૂના બીજે ક્યાં મળે ? એમનાં જીવનની સાધનાઓ સુકૃતોના નમૂના બીજે ક્યાં મળે ?

આ બધો શાનો પ્રતાપ ? અરિહંત-પ્રાપ્તિરૂપી અમૃતના મેહુલા વરસવાનો પ્રતાપ ! અમૃતનો વરસાદ એ સુખના અમૃતનો વરસાદ છે. એનાથી સામાન્ય બીજમાંથી પણ અઢળક પાક આવે તેમ પૂર્વપુરુષની અપેક્ષાએ આપણી સામાન્ય અને પાંગળી એવી પણ ધર્મ આરાધના ઊંચા ફળ આપનારી બને ! કારણ કે આપણને અરિહંત મળ્યા.

**અરિહંત મળ્યા એટલે આપણે અરિહંતમાં ભળ્યા, ને આપણામાં એમને ભેળવ્યા.**

એટલે અમૃતના મેઘ વરસ્યા ! કારણ કે વાતે વાતે અરિહંતને આગળ કરવાથી ભવની બધી કરણી શુભ થવાની; અંતે સમાધિ-મરણ મળવાનું; ને પરભવે સંપત્તિમાં પણ ત્યાગનાં સંભારણા થવાના અને વૈરાગ્યનો આનંદ ઊભો થવાનો ! જેમકે, શાલિભદ્રજીને ભગવાન મળ્યા તે અમૃતના મેઘ વરસ્યા !

**પ્રશ્ન :** વાતે વાતે અરિહંત આગળ કરાય તે શી રીતે ?

**ઉત્તર :** દા.ત. 'ઉપદેશપદ'માં કહ્યું છે કે-

**"कुज्जा वेयावडियं आणत्ति काउं निरासंसो ।"**

અર્થાત્ આચાર્યાદિના દેહને ઉપકાર થાય એવી ભક્તિ-વૈયાવચ્ચ કરે. જેમકે, આ દ્રવ્યથી તેમને શરદી આદિ નહીં થાય ને ? એમના દેહને સારી તુષ્ટિ પુષ્ટિ મળશે ને ?' એમ વિચારીને ભક્તિ-વૈયાવચ્ચ કરે; (પોતાના ગજા ઉપરાંત વૈયાવચ્ચની મહેનત કરે તો પોતે જ કદાચ બિમાર પડે !) સ્વ-પરના ઉપકાર અપકાર સમજીને આચાર્યાદિની વૈયાવચ્ચ કરે. તે પણ 'ભગવાનની આજ્ઞા છે માટે' કરે, અને નિરાશંસભાવથી કરે. **'આજ્ઞા છે માટે કરે'** એટલે કે જિનાજ્ઞા-જિનવચનને આગળ કરીને કરે. 'હું આ જિનાજ્ઞા છે માટે કરું છું' **એમ દરેક સાધના વખતે જિનાજ્ઞા યાદ કરવાથી સાધનાનું મૂલ્ય વધી જાય છે.**

**માટે જ આપણી સામાન્ય પણ સાધનામાં અરિહંતની આજ્ઞાને ને અરિહંતની કૃપાને આગળ કરી એટલે કે અરિહંતને આગળ કર્યા, તો અમીરસના મેહ વુઠ્યા !**

**"નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ શુભ દિન વળ્યાજી."**

અર્થાત્ અરિહંત પ્રભુ મળ્યા એટલે અશુભ દિવસો ભાગી ગયા. અરિહંત નહોતા મળ્યા, એમનામાં હું, ને મારામાં એ, નહોતા ભળ્યા ત્યાં સુધી મોહ માયા અને હિંસાદિ દુષ્કૃત્યોમાં દિવસો પસાર થતા, તે બધા અશુભ દિવસો હતા; કેમકે ભલે એમાં સંપત્તિ-રંગરાગ હતા, છતાં જીવનમાં અરિહંત વિના ચિત્તને સંતાપ-સંકલેશ-આર્તધ્યાનનો પાર નહિ ! ને પરભવ માટે પાપનાં પોટલાં બાંધવાનો હિસાબ નહિ ! જેના પરિણામે દીર્ઘકાળ દુર્ગતિનાં દુઃખો આવે. એ લાવનાર મોહમાયાના દિવસો એ અશુભ જ દિવસો કહેવાય, દુઃખના જ દહાડા ગણાય.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" **વર્ષ-૩૪,અંક-૪૫,તા.૨-૮-૧૯૮૬**

પરંતુ હવે દુઃખના દિવસો ગયા. અરિહંત સાથે આપણે ભળીએ કે અશુભ દિન દુઃખના દહાડા જાય, ને સુકૃત-સાધના-સદ્ગુણોના શુભ દિવસો પ્રાપ્ત થાય; એટલે કે હવે નરક-તિર્યંચગતિ દૂર થઈ, સદ્ગતિ નજીક થઈ. **અરિહંતમાં ભળે તેને**

**દુર્ગતિ હોય નહીં, અવશ્ય સદ્દગતિ જ હોય, સદ્દગતિની પરંપરા ચાલે.** એ અશુભ દિન વળ્યા કહેવાય. પાણીના પૂર બીજી બાજુ વળી જાય એ પૂર વળ્યા કહેવાય, એટલે કે પાણીના પ્રવાહ એ તરફ ચાલ્યા કહેવાય. એમ 'શુભ દિન વળ્યા' એનો અર્થ એ કે અશુભ દિન મટીને શુભ દિનનો પ્રવાહ ચાલ્યો, 'શુભ દિનનો પ્રવાહ ચાલ્યો' એટલે કે અરિહંત વિના દિવસો અશુભ અધ્યવસાયોમાં ને અશુભ કરણીમાં પસાર થતા તે અશુભ દિવસ હતા. અરિહંતમાં ભળ્યા પછી, અશુભ અધ્યવસાયને જગ્યા જ ક્યાં છે ? એટલે શુભ અધ્યવસાયોમાં દિવસ પસાર થતા જાય, તે શુભ દિવસ વળ્યા ગણાય એ જ દિવસો સફળ.

**વીરે ઉપસર્ગમાં શું વિચાર્યું ? :-**

**સંગમે** ભયંકર જુલ્મ કર્યા, છતાં ભગવાને પોતાના અધ્યવસાય બગાડ્યા નહીં ! અતિ અતિ નિર્મળ રાખ્યા ! ભગવાને તો વિચાર્યું કે 'દેહે દુઃખં મહાફલમ્' "દેહને કષ્ટ મહાફળદાયી બને; કેમકે સહજ રીતે ઉદયમાં આવી જે કર્મ ભયંકર નરકાદિના વિપાક દેખાડવાના હતા, તે શુભ અધ્યવસાયમાં રહીને ખપી જાય છે ! આમ દેહને કષ્ટ એ મહાફળદાયી," એમ સમજી કષ્ટ સહર્ષ વધાવી લીધા.

**કષ્ટ સહર્ષ વધાવી લેવા માટે સત્ત્વ વિકસાવવું જોઇએ.**

**કષ્ટ ખુશીથી સહવામાં સત્ત્વ કેળવાય છે.** અને કષ્ટ વધાવી વધાવી સાત્ત્વિકતા વધાર્યે જવાનો દીર્ઘકાળ અભ્યાસ હોય એજ સમાધિ કેળવી શકે છે. નિઃસત્ત્વ માણસથી વાસ્તવમાં ધર્મ માલદાર ન થઇ શકે. તો પછી આગળ પણ નિઃસત્ત્વ જીવ ક્ષપકશ્રેણી શી રીતે માંડી શકે ? એ તો સત્ત્વશાળી જ માંડી શકે. અહીં 'સત્ત્વ' એટલે અપૂર્વકરણ. એ ૮માં ગુણઠાણે આવે, પણ ક્યારે ? પૂર્વે વર્ષો સુધી કે ભવો સુધી કષ્ટ વેઠી સત્ત્વ ખીલવતા ગયા હોય, અને ધર્મ સાધતા રહ્યા હોય ત્યારે.

**ચંદનબાળાનું સત્ત્વ વિચારો.** ચંદનબાળાને માથે મુંડન થયું, ભોંયરામાં પગમાં બેડી સાથે પૂરાવાનું થયું. વિચારો, એક વખતની રાજકુમારી ચંદનબાળાને મૂળા શેઠાણીએ આ કેવા દુઃખના દહાડા દેખાડ્યા? પણ મહાવીર ભગવાન ત્યાં વહોરવા પધાર્યા, તો માથા પર ફરીથી વાળ આવી ગયા ! પગની બેડીઓ ઝાંઝર થઇ ગઈ ! ૧૨॥ ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઇ !... યાવત્ ભગવાનની પ્રથમ શિષ્યા બનવાનું સૌભાગ્ય પામ્યા ! આ રીતે અરિહંત મળ્યાથી તેમના દુઃખના દહાડા ગયા, સુખના દહાડા આવ્યા.

**ભૂખ્યા હો પ્રભુ ! ભૂખ્યા મિલ્યા ઘૃતપૂર,**
**તરસ્યા હો પ્રભુ ! તરસ્યા દિવ્યઉદક મિલ્યાજી;**

**થાક્યા હો પ્રભુ ! થાક્યા મિલ્યા સુખપાલ,**

**ચાહતા હો પ્રભુ ! ચાહતા સજ્જન હેજે હળ્યાજી...૪**

**ભાવાર્થ :-** હે અરિહંત ! હું આપની સાથે ભળ્યો છું એ તો મને જાણે (૧) ભૂખ્યાને ઘેબર મળ્યા ! (૨) તરસ્યાને દિવ્ય પાણી મળ્યું (૩) થાકેલાને સુખપાલ (એટલે પાલખી) મળી અને (૪) જે સ્વજનને મળવાની આતુરતા હતી તે સ્વજન પ્રેમથી હળી ગયા !

**વિવેચન :** અરિહંત મળ્યા એટલે જાણે ભૂખ્યાને ઘેબર મળ્યા ! સમકિતના ૩ લિંગમાં બીજું લિંગ- સમકિતીને ચારિત્રની કેવી ભૂખ હોય ? એના માટે કહ્યું-

**"ભૂખ્યો અટવી ઊતર્યો રે જિમ દ્વિજ ઘેબર ચંગ"**

અર્થાત્ જંગલ ચાલીને પાર કર્યું હોય, અને હવે ભારે ભૂખ્યો થયો હોય એવા દ્વિજ (બ્રાહ્મણ)ને ગામના નાકે નોંતરું મળે, 'જાઓ, ગામની વચ્ચે ઘેબરનું જમણ છે. ત્યાં બેસી જજો જમવા;' તો એ વખતે એ થાક્યા અને ભૂખ્યા બ્રાહ્મણને ચંગ (સારાં ઘેબરની) ચાહના જેવી ઊભી થાય એવી ચાહના સમકિતીને ચારિત્રની હોય. પેલાને તલપાપડ થાય કે 'ક્યારે જાઉં ને ક્યારે ઘેબર ખાઉં !' એમ આને તલપાપડ થાય 'ક્યારે સંસારમાંથી નીકળું, ને ક્યારે ચારિત્ર લઉં !'

અહીં કવિ કહે છે જેમ બ્રાહ્મણભાઇને ઘેબર મળ્યાની ખુશખુશાલી, એમ અહીં અરિહંત મળ્યાનો આનંદ આનંદ હોય. **જામનગરના ગુલાબચંદભાઇને** મોત જેવા સમયે અરિહંત-નવકાર મળી ગયા, અને જીવી ગયા ! ત્યાં એમને અરિહંત અને નવકાર મળ્યા એટલે આવા ઘેબર મળ્યા જેવો આનંદ રહ્યો.

**નવકાર પર ગુલાબચંદભાઇનો વર્તમાન પ્રસંગ :**

વાત એમ બની કે એમને લગભગ ૩૫/૪૦ વરસની ઉંમરે કેન્સર જેવું થયું ને ગળું બંધ થતાં થતાં એક શનિવાર સાંજે સાવ બંધ થઇ ગયું એવું કે તૃષા અત્યંત અને પાણીનું એક ટીપું ઊતરે નહીં. ત્યારે ફેમિલી ડૉક્ટરને બતાવતાં એણે જોયું કે એમને કેન્સર વધી ગયો લાગે છે, ને રાતમાં જ મરશે માટે હું કાં અપજશ લઉં ?' તેથી કહે છે 'આમાં તો મોટા ડૉ. ને બતાવવું પડશે. કાલે તો રવિવાર છે એટલે એની સોમવારની એપોઇંટમેન્ટ લઇ લઉં છું; સોમવારે આવજો, બતાવવા જઇશું.' કેન્સરનું કહ્યું નહિ. ગુલાબચંદભાઇ ઘરે આવ્યા, તૃષા એટલી બધી ! ને પાણીનું એક ટીપું પણ ગળા નીચે ઉતરતું નથી, મોતની પથારીએ સૂતા. લોકોને ખબર પડી કે ગુલાબચંદભાઇની આ પરિસ્થિતિ છે તેથી લાઇનબંધ મળવા ખબર પૂછવા આવે છે. પૂછે છે, 'તે હેં ગુલાબચંદભાઇ ! તમે સારા ડૉ. ને ન બતાવ્યું ? ને હેં ગુલાબચંદભાઇ ! આ કેટલા દિવસથી ચાલ્યું ? તેં હેં ગુલાબચંદભાઇ ! ગળે જરા

શેક કરાવો ને ? ગળે થૂલી બંધાવો ને ?'

ગુલાબચંદે જોયું કે 'હવે આ જાલિમ તરસમાં પાણી વિના હું જીવી શકવાનો નથી, ને આ ખબર પૂછવા આવનાર બધાને જવાબ આપવામાં મારે આરાધના વિના અંતકાળ બગડી જશે !' તેથી માતા અને પત્નીને કહે છે : "આ લોકોને જવાબો આપવામાં મારું મોત બગડી જશે. મુંબઇ ગયેલો ત્યારે **ગુરુ મહારાજ ભદ્રંકરવિજયજી મહારાજના** વ્યાખ્યાનમાં સાંભળેલું કે **'જેના પ્રાણ મૈત્રીભાવના અને નવકાર સાથે જાય, એની અવશ્ય સદ્ગતિ થાય'** તેથી હું અંદર બેસી, એ કરું છું. તમે બહાર રહી બધાને જવાબ દેજો."

**મૈત્રીભાવના-નવકારનો પ્રભાવ :**

એમ કહી ગુલાબચંદ પોતે અંદર બેસી, પહેલાં ઉચ્ચારણ કરીને મૈત્રીભાવના બોલે છે. 'સૌનુ ભલું થાઓ, સૌના પાપ નાશ પામો, સૌના રોગ-દુઃખ નાશ પામો, સૌનો મોક્ષ થાઓ'.... એમ ભાવના કરી પછી બોલીને ૨૦-૨૫ નવકાર વળી પાછી મૈત્રીભાવના, પછી નવકાર, એમ ૧-૧।। કલાક ચલાવ્યું. એમાં અંદરની ગાંઠ ફૂટી ! ખૂબ ઊલટી થઇ ! એમાં કાળું કાળું લોહી ! ભારે ઊલટીથી બેભાન થઇ ગયા. માતા અને પત્ની ઊલટીનો હ્હુહુહુ અવાજ સાંભળી ઝટ અંદર આવ્યા, ને બેભાન એમને બહાર લીધા.

માતાને લાગ્યું કે 'ગુલાબ ગયો !' તે મોટેથી નવકાર સંભળાવે છે. વચમાં વચમાં કહે છે 'ભાઇ ગુલાબ ! અરિહંત... નવકાર.'

ગુલાબચંદને કળ વળી, આંખ ખોલી, પાણી માગ્યું, આપ્યું, ગટગટ અડધો ગ્લાસ પાણી, અડધો ગ્લાસ દૂધ ચડાવી ગયા ! માતાને કહે 'કેટલા દિવસથી સરખી ઊંઘ નથી આવી, તે અત્યારે હવે ઊંઘી જાઉં છું. હવે મોતની શંકા ન કરીશ. હું મરવાનો નથી. માટે ઊંઘમાં વચમાં દખલ ન કરીશ કે મારો ગુલાબ જીવે છે ને?' બસ, એ ઘસઘસાટ ઊંઘી ગયા; સવારે ઊઠ્યા, જોયું કે **'આબાદ જીવી ગયો. એ પ્રભાવ મૈત્રીભાવના, નવકાર, અને અરિહંતનો !'** તે ઊઠીને પાછું એ જ યાદ કર્યું, દેરાસર જઇ આવી નવકારશી પારી. માતા કહે : 'ભાઇ ગુલાબ ! જરા બદામનો શીરો કરી આપું ?' 'કરી આપ.' કર્યો, પીરસ્યો, **ગઇ સાંજે જ્યાં પાણીનું ટીપું નહોતું ઊતરતું ત્યાં આજે સવારે દૂધ અને શીરો પણ ગટગટ ઊતરી ગયો!** કારણ ? ગુલાબચંદ નવકાર અને અરિહંતમાં ભળી ગયા હતા.

સોમવારે ડૉ. પાસે ગયા, ડૉક્ટર ચકિત થઇ ગયો કે 'આ જીવતા શી રીતે રહી ગયા ?' પછી મોટા ડૉ. પાસે લઇ ગયા. નાના ડૉક્ટરે કેન્સરની વાત કરી પણ મોટા ડૉક્ટરે ગળું તપાસ્યું તો કાંઇ નહિ, નાના ડૉ. પર એ ગુસ્સે થઇ ગયો

ગુલાબચંદે કહ્યું 'નાના ડૉ. ની વાત સાચી છે. હું રાતના મરી જ ગયો હોત એવી તરસની પીડા હતી.'

**મોટો ડૉ. પૂછે : 'તો પછી તમે શી દવા લીધી ? આ કહે 'કશી જ નહિ, માત્ર ભગવાનનું નામ જપ્યું.'**

મોટો ડૉ. પણ ચકિત થઇ ગયો કે 'ભગવાનના નામ-રટણમાં આટલી બધી તાકાત ? કે કેન્સર મટાડી દે !'

પછી તો ગુલાબચંદને આ રોજિંદો કાર્યક્રમ બની ગયો. પરોઢિયે ૩-૩॥ વાગે જાગી ગદ્ગદ સ્વરે મૈત્રી ભાવના અને નવકારનું રટણ કરે, પછી પ્રતિક્રમણ વગેરે દૈનિક ધર્મચર્યા. બોલો, આ રટણમાં એમને આનંદ કેવો ? કહો, સાક્ષાત્ પોતાના જ જીવનમાં ચમત્કાર જોયો, એટલે નવકાર-અરિહંતમાં એવા ભળી ગયેલા ને એવા હળી ગયેલા કે ભૂખ્યાને ઘેબર મળ્યા જેવો નવકાર-અરિહંતની રટણામાં આનંદ રહેતો. સ્તુતિકાર કહે છે,-

**'ध्यातस्त्वं यैः क्षणं वाऽपि, सिद्धिस्तेषां महोदया ॥**

એકાદ ક્ષણ પણ અરિહંતને ધ્યાવવાથી મહાન ઉદયવાળી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પછી તો ગુલાબચંદભાઈએ કેટલાયને પોતાના અનુભવથી નવકાર અને મૈત્રીભાવમાં ભેળવ્યા. તેમ, ૧૫૦૦ તાપસોને કૈલાસનાથના દર્શનની ભૂખ હતી, તે ગૌતમ સ્વામીએ ભાંગી હતી; તો એમનો આનંદ કેવળજ્ઞાન સુધી પહોંચ્યો !

**તરસ્યાને દિવ્ય પાણી મળ્યા :**

તરસ્યાને સામાન્ય ઠંડા પાણીથી શાતા વળે, તરસ છીપાય, તો દિવ્ય જળ મળે એટલે તો કેવી ય ઠંડક મળે ! ને તૃષા કેવીય છીપાય ! તેનું પૂછવું જ શું ? તેમ અધ્યાત્મભાવની તૃષામાં અરિહંતને અંતરમાં ભેળવાય, તો અધ્યાત્મભાવની તરસ છીપાય. **અધ્યાત્મસારમાં કહ્યું છે કે-**

**गतमोहाधिकाराणाम् आत्मानमधिकृत्य या ।**

**प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥ (जगौ मुनिः)**

**'અધ્યાત્મ'ની વ્યાખ્યા :** અર્થાત્ જેના હૃદય પરથી મોહનો અધિકાર ઊઠી ગયો હોય, યાને મોહનું વર્ચસ્વ ઊતરી ગયું હોય, એવા આત્માની આત્માને ઉદ્દેશીને જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે તેને અધ્યાત્મ કહેવાય. આમાં 'મોહનું વર્ચસ્વ' એટલે એ જે કાંઇ કરે-બોલે-વિચારે, તે મોહની દષ્ટિએ જ; એટલે કે પોતાની કાયાને, યા કુટુંબને, પૌદ્ગલિક લાભ-નુકસાન શો થાય એ અપેક્ષાએ જ જુએ. આના બદલે સ્વ-પરના આત્માની દૃષ્ટિએ લાભ નુકસાન શા થાય એ જુએ તો એના દિલ પરથી મોહનું વર્ચસ્વ ઊઠી ગયું અને જ્ઞાનીનું વર્ચસ્વ આવ્યું ગણાય; દિલ પર જ્ઞાનીનો

અધિકાર આવ્યો ગણાય.

આમ હવે અરિહંતમાં ભળ્યા એટલે આત્મા પર જ્ઞાનીનો અધિકાર આવ્યો, ને મોહનો અધિકાર ઊઠ્યો. પછી ત્યાં આત્માના હિત-અહિત નજર સન્મુખ રાખી આત્માને ઉદ્દેશીને જે પ્રવૃત્તિ થાય, એ અધ્યાત્મ કહેવાય. આવા અધ્યાત્મભાવની તૃષાવાળાને અરિહંત મળ્યા એટલે જાણે દિવ્ય ઉદક મળ્યા ! તૃષા છીપે.

**થાક્યાને પાલખી મળી :**

રસ્તાના ચાલવાના થાક, ને તાપ-તરસથી લાગેલા વધુ થાકવાળાને ચાલવામાં જો કોઈ પ્રવાસીની સોબત મળી જાય, તો ય આનંદ થઈ જાય છે; ત્યારે જો બેસવા પાલખી મળી જાય તો તો થાક ઊતરી જવાનું, અને આનંદ ઉછળવાનું પૂછવું જ શું ? તેમ ભવથી ત્રાસેલા, ને ભવના ફેરાથી હારેલા-થાકેલા-કંટાળેલા મને ભવ પાર કરનાર અરિહંત મળ્યા, મારો થાક ઊતરી ગયો ! મારા ભવના ફેરા ટળ્યા, આનંદનો પાર નથી.

**ચાહતા સજ્જન હેજે હળ્યા :**

જીવનમાં કોઈ વાત-વિચાર-સૂચન માટે આપણે સારા માણસને ચાહતા હતા, એમાં કોઈ સારા સજ્જન મળ્યા અને પ્રેમથી આપણી સાથે હળી ગયા, તો કેટલો આનંદ ! યા જેના ઉપર હેત હતું તેવા સગા સ્નેહી પરદેશમાં, કે જ્યાં એ મળવાની કશી આશા નહોતી, તે ત્યાં મળી ગયા ને પ્રેમથી હળી ગયા, તો કેટલો આનંદ થાય ? તેમ સંસારમાં ભટકતા આપણને ભગવાન અપાર સ્નેહ ઓથ-આશરો આપનારા અનન્ય સ્નેહી મળ્યા ને આપણે એમની સાથે પ્રેમથી હળી ગયા. પછી આપણને આનંદ કેટલો ? સારા સજ્જનો આપણી સાથે પ્રેમથી હળી જાય એ માટે રોજ બેવાર પ્રતિક્રમણ વંદિત્તુ સૂત્રમાં શ્રાવકભાવના કરે છે કે-

**'चिरसंचियपावपणासणीइ भवसयसहस्समहणीए ।**

**"चउवीसजिणविणिग्गयकहाइं, वोलंतु मे दिअहा ॥"**

'ચોવીસ જિનેશ્વરોના મુખારવિંદમાંથી નીકળેલી એ ધર્મકથાઓ વડે મારા દિવસો પસાર થાઓ'. કારણ ? એ ધર્મકથાઓ 'ચિરસંચિય પાવપણાસણી' અને 'ભવસયસહસ્સ મહણી' છે; અર્થાત્ દીર્ઘકાળના એકત્રિત કરેલા પાપોનો નાશ કરે છે, અને લાખો ભવોને મથી નાખે છે, છેદી નાખે છે, ભરપૂર ભવોચ્છેદ કરે છે.

**ધર્મકથાઓથી પાપનાશ - ભવોચ્છેદ શી રીતે ?**

**(૧) પાપનાશ** એટલે કે અશુભકર્મનાશ, એ એ રીતે, કે અશુભકર્મો દુષ્કૃત્યોના અશુભ ભાવોથી બાંધેલા; એટલે સહજ છે કે શુભ ભાવોથી એનો નાશ થાય.

**દુષ્કૃત્યોની નિંદા-જુગુપ્સા એ શુભ ભાવ છે, તેમજ સુકૃત્યોની અનુમોદના**

**પણ શુભભાવ છે. ધર્મકથાઓના શ્રવણથી આ બંનેનો લાભ છે.** કથાના પાત્રોના સુકૃત્યોની અનુમોદના થાય છે, તથા પાત્રોએ કરેલ દુષ્કૃત્યોની નિંદા-જુગુપ્સા થાય છે. તેથી સ્વાભાવિક છે કે એ બંને પ્રકારનાં શુભભાવથી આપણા પાપોનો નાશ થાય.

**(૨) ભરપૂર ભવોચ્છેદ :** એટલે કે ભવોની પરંપરા ટૂંકી થાય તે.

ભવોની પરંપરા, અશુભ તીવ્ર સંકલેશોથી બંધાતા, તીવ્ર અશુભ અનુબંધો ઉપર નીપજે છે. આપણે પાપો આનંદભેર કરીએ, એમાં આપણા ચિત્તમાં તીવ્ર રાગાદિ કષાયના સંકલેશ રહે છે. એથી ઊભા થયેલ અશુભ અનુબંધ (કુસંસ્કાર) ભવાંતરે પાપબુદ્ધિ-દુર્બુદ્ધિ-કુમતિ આપે છે, જે નવા નવા દુષ્કૃત્યો કરાવ્યા જ કરે છે. **એક ભવના ઊભા કરેલા આ તીવ્ર અશુભ અનુબંધો (કુસંસ્કારો) નો પ્રભાવ છે કે જો એને તોડવામાં ન આવે તો ભવે ભવે દુર્બુદ્ધિ કરાવી પાપો કરાવ્યા જ કરે! ને એથી ભવપરંપરા ચાલ્યા કરે.**

એટલે સહજ છે કે જો આ અશુભ અનુબંધો (કુસંસ્કારો) સારા પ્રમાણમાં તોડી નાખવામાં આવે, તો નવી કુબુદ્ધિ ન થાય, કુબુદ્ધિ-જનિત પાપો ન થાય, ને ભવપરંપરા ન વધે. ઊલટું લઈ આવેલ ભવપરંપરામાં કાપ પડે ! બસ, ધર્મકથાઓના શ્રવણથી એવી જોરદાર દુષ્કૃતગર્હા-ઘૃણા થાય છે કે જેથી અશુભ અનુબંધો ખૂબ મોળા પડી જાય છે, એ મોળા પડવાથી પૂર્વની જેમ તીવ્ર દુર્બુદ્ધિઓ ન થાય, એટલે અશુભાનુબંધનાશ પૂર્વે ઊભેલા એ પાપાનુબંધથી ચાલનાર ભવપંરપરાની સંખ્યા પર કાપ પડે. એમ ધર્મકથાઓના શ્રવણમાં પાત્રોના (સજ્જન મહાપુરુષોના) સુકૃત્યોની ભરપૂર અનુમોદના થાય છે,

ચિત્તની અંદર વિશુદ્ધિ થાય છે, તેથી શુભ અનુબંધો યાને પુણ્યાનુબંધો ઊભા થાય છે, એથી નીપજનાર સદ્‌બુદ્ધિ અને શુભભાવો જેમ સુત્કૃત્યોને વેગ આપે છે, તેમ દુષ્કૃત્યોને અટકાવી દુષ્કૃત્યજનક દુર્બુદ્ધિ પ્રત્યે ઘૃણા ઊભી કરે છે; ને એ પણ અશુભ અનુબંધો તોડવા દ્વારા ભવોની પરંપરા પર કાપ મૂકે છે.**આમ ધર્મકથાઓના શ્રવણથી લાખો ભવોની પરંપરા પર કાપ પડીને ભવપરંપરા ટૂંકી થાય એ મહાન લાભ છે.**

એટલા જ માટે 'વંદિત્તુ' સૂત્રની 'ચિરસંચિય પાવપણાસણીઇ...' વાળી ગાથાને અનુસારે શ્રાવક સહેજે ઇચ્છે, સહેજે ભાવના કરે, કે 'ધર્મકથાઓના શ્રવણમાં મારા દિવસો પસાર થાઓ.' એ શ્રવણમાં એણે શું કર્યું ? ધર્મકથામાં સજ્જન મહાપુરુષોના પાત્રો હોય છે.

ધર્મકથા સાંભળતાં એ સજ્જન મહાપુરુષોના સત્સંગનો લાભ મળ્યો. તો જેમ વીતરાગ અરિહંત પરમાત્મા એ શ્રેષ્ઠ સજ્જન હોવાથી એમના જીવન-શ્રવણમાં દુર્લભ ઉત્તમ શ્રેષ્ઠ સજ્જન સંગ મળે, એમ ધર્મકથાઓમાં અન્ય ઉત્તમ મહાપુરુષોના પણ સત્સંગનો લાભ મળ્યો. એટલે જેમ શ્રેષ્ઠ સજ્જન અરિહંત ભગવાન સાથે આપણું દિલ હળી જાય, એમ અન્ય સજ્જન મહાપુરુષ સાથે આપણું દિલ હળી જાય, પછી મનમાં એમના અંગેના સુખદ શુભ વિચારોના આંદોલનો ચાલે.

**સુલસા પ્રભુ સાથે કેવી હળી ગઇ ?**

આવું જ કાંઇક સુલસા શ્રાવિકાએ કરી મૂકેલું ! દેવાધિદેવ મહાવીર ભગવાનનું જીવન સાંભળીને ભગવાન સાથે એનું દિલ જોરદાર મળી ગયેલું, હળી ગયેલું, તે 'ચાહતાં સજ્જન હેજે હળ્યાજી' એને સજ્જનસંગની ચાહના હતી, એમાં એને ભગવાન જ શ્રેષ્ઠ સજ્જન મળી ગયા ! એટલે હૈયામાં ભગવાનના વિચારોના ભરપૂર આંદોલનો ચાલે એ સહજ છે. પછી અંબડ પરિવ્રાજક સુલસા શ્રાવિકાના સમકિતની પરીક્ષા કરવા ત્યાં નગર બહાર ભલે ને સાક્ષાત્ બ્રહ્મા, શંકર વગેરેના રૂપ ઉતારે, પરંતુ સુલસાને એ જોવા જવાનીય ફુરસદ શાની હોય ? યા એને જોવાની આતુરતા સરખી ય શાની થાય ? કેમકે શ્રેષ્ઠ સજ્જન એવા પ્રભુ સાથે હૈયું હળી ગયા પછી, મનને બીજાઓની લેશ માત્ર વિશેષતા જ ન દેખાય; પછી એ અંગે શાની આતુરતા પણ થાય ? જેને કોહિનૂર હીરો મળ્યો હોય, એને બીજા નકલી હીરા કે કાચના ટુકડા જોવાની આતુરતા ક્યાં થાય છે ?

વાત આ છે કે અરિહંત ભગવાન મળ્યા એટલે એ શ્રેષ્ઠ સજ્જન-સ્વજન સ્નેહી મળ્યા, તો એમની સાથે આપણું હૈયું હળી જાય.

હવે કવિ પાંચમી ગાથામાં વીતરાગ સર્વજ્ઞ અરિહંત પ્રભુનું દર્શન એટલે પ્રત્યક્ષ દર્શન અને એમનું સમ્યગ્દર્શન મળ્યાથી કેવા કેવા ચમત્કાર થાય, એ અંધારામાં દીપક વગેરેની ઉપમાથી બતાવે છે, અને એ મળતાં થતો અપૂર્વ આનંદ સ્તવનમાં વ્યક્ત કરી પોતાની આશા સફળ-થવાનું દર્શાવે છે.

**દીવો હો પ્રભુ ! દીવો નિશા વન ગેહ,**<br>
**સાખી હો પ્રભુ ! સાખી થલે જળ નૌ મિલીજી;**<br>
**કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,**<br>
**દરિસણ હો પ્રભુ ! દરિસણ લહ્યું આશા ફળીજી...૫**

**ભાવાર્થ :-** (હે અરિહંત અભિનંદન સ્વામી ! આપ મળ્યા એટલે મને તો પ્રભુ (જાણે) રાત્રિમાં દીવો મળ્યો ! જંગલમાં (જાણે) ઘર મળ્યું ! (મરુભૂમિ જેવી તપેલી) ભૂમિ પર ઝાડ મળ્યું ! અને જળમાર્ગે નાવ મળ્યું ! જેમ આ બધું મળવું મુશ્કેલ, તેમ કલિકાલમાં તમારું દર્શન મળવું દુર્લભ. એ એ મને મળી ગયું ! એથી મારી સર્વ આશા સફળ થઈ.

**વિવેચન :** કવિએ પૂર્વે દુર્લભ એવી વસ્તુઓની ઉપમાઓ જે કહી, અને અહીં પણ ઉપમાઓ જે કહે છે, એની જેમ 'કલિકાળમાં જિનદર્શનની દુર્લભતા છે' એ અહીં કહે છે.

**રાત્રિમાં દીપક મળ્યો :-**

અંધારી રાત્રિમાં કાંટા-કાંકરાવાળા રસ્તે અથડાતા હોઈએ, સાચો રસ્તો મળતો ન હોય; અંધારાના કારણે ઠોકરો ખાઇ ખાઇને પગ છોલાતા હોય, એવામાં કોઇ ત્યાં દીપક ધરે, તો કેટલો 'હાશ'નો અનુભવ થાય ? તેમ મિથ્યાધર્મોના ઘનઘોર અંધકાર વચ્ચે જીવન ચલાવતાં ધર્મના નામે કાંટા કાંકરા જેવા અસત્ કાર્યો ને અસત્ માન્યતાઓમાં અથડાવાનું થતું હોય, 'માર્ગે ચાલવાનું ફળ તો મોક્ષ-સ્ટેશને પહોંચવાનું હોય,' પરંતુ અહીં તો મિથ્યામાર્ગે મોક્ષની કશી નિકટતા જ થતી ન હોય, ઊલટું, કાંટા કાંકરા તુલ્ય અશુભ ભાવો અને કષાયોથી આત્માને ઘવાવા-હણાવાનું થાય; અને હિતમાર્ગ સમજીને ચાલ્યા પણ અહિતમાર્ગે ઠોકર જ ખાવાનું થતું હોય, ત્યાં જો વીતરાગ પ્રભુના દર્શનરૂપી દીવો મળી જાય, તો એ બધી આપદા મટી જાય; કેમકે અરિહંતનું દર્શન મળ્યાથી મિથ્યાત્વનો અંધકાર દૂર થયો.

**ઈન્દ્રભૂતિગૌતમ માટે વીર ભગવાનનું દર્શન દીપક બન્યું :**

મિથ્યાધર્મમાં માનતા, અને એની યજ્ઞ-યાગાદિ ક્રિયાકાંડમાં રાચતા, ઈન્દ્રભૂતિનો એક સંશય મહાવીર ભગવાને ફેડી આપ્યો, અને મિથ્યાત્વનું અંધારું ટળ્યું ! તેનો એમને આનંદ કેટલો ? કે સંસાર ત્યજી ચારિત્ર લઇ જીવનભરના ભગવાનના દાસ (શિષ્ય) બની ગયા !

ઇંદ્રભૂતિ ખરેખર સર્વજ્ઞ વીર પ્રભુ પાસે આવ્યા હતા ભ્રાન્ત સર્વજ્ઞતાના અભિમાનમાં ! પ્રભુને વાદમાં હરાવી પોતે વિજેતા બનવા માટે ! પરંતુ પહેલું તો સમવસરણ પર ભગવાનનું દર્શન થતાં જ ઠરી ગયા ! મનને થયું કે 'આ કોઈ અસાધારણ વ્યક્તિ છે. પણ આ છે કોણ ? આ કાંઈ બ્રહ્મા નથી, કેમકે બ્રહ્મા તો જરાગ્રસ્ત છે, ત્યારે આ યુવાન છે. તો આ વિષ્ણુય નથી, કેમકે વિષ્ણુ તો શ્યામ, ત્યારે આ સોનેરી ગૌર વર્ણના છે. ત્યારે આ શંકરે ય નહિ, શંકરનું તો નીચેનું અર્ધું શરીર નારી પાર્વતીનું છે, અને આ તો સંપૂર્ણ પુરુષ શરીરવાળા છે. ત્યારે આ ચંદ્ર

પણ નહિ, ચંદ્ર તો કલંકવાળો છે. સૂર્ય પણ નહિ, સૂર્ય તો એવા પ્રખર તેજવાળો કે એની સામે આંખ માંડી શકાય નહિ જ્યારે આ તો સૌમ્ય દર્શનવાળા છે. ત્યારે આ છે કોણ ?'

આમ વિચારતાં ઈતર દર્શનના વેત્તા આ ઇંદ્રભૂતિએ શોધી કાઢ્યું કે 'જૈન દર્શને કહેલા આ છેલ્લા તીર્થંકર લાગે છે !' પણ હજી મિથ્યાત્વની પીડા મટી નહિ, તેથી સાચા સર્વજ્ઞ તરીકે વધાવી લેવા તૈયાર નથી. ત્યાં પ્રભુએ 'હે ઇંદ્રભૂતિ ગૌતમ ! તમે સુખપૂર્વક આવ્યા ?' એમ સંબોધ્યા, ત્યારે ચોંક્યા કે 'હેં ? શું મારું નામ પણ આ જાણે છે ? પરંતુ નામ જાણે એટલા માત્રથી સર્વજ્ઞ ન માનું, કેમકે મારું નામ તો શેરી-શેરીનું બચ્ચુંય જાણે છે. હા, જો મારો સંશય કહી આપે, તો સાચા સર્વજ્ઞ જાણું.' એટલામાં જ પ્રભુએ એમના દિલમાં વર્ષોથી છૂપો રહેલો જગતમાં જીવ જેવી વસ્તુ છે કે નહિ ? એવો સંશય-ભ્રમ પ્રગટ કરી બતાવ્યો, અને એનું નિરાકરણ બતાવ્યું, ત્યાં ઈન્દ્રભૂતિ પ્રભુને સાચા સર્વજ્ઞ માની પ્રભુના ચરણે બેસી ગયા.

એવું શય્યંભવ બ્રાહ્મણ, હરિભદ્ર પુરોહિત, વગેરેને બન્યું. જિનદર્શન મળતા એમના મિથ્યાત્વના અંધકાર ટળ્યા !

**વન ગેહ જંગલમાં રહેવાની સગવડતા મળી :**

વિકટ અટવીમાં જ્યાં વાઘ-વરુ ને સાપ-વીંછીનો ડર હોય, સલામત સ્થાન મળવું મુશ્કેલ હોય, અથવા જંગલમાં ચાલ ચાલ કરતાં જંગલ ખૂટતું જ ન હોય, અને બહુ થાક્યા હોઈએ, ત્યાં જો સલામતી અને સગવડતાવાળું સ્થાન મળ્યું તો બધા ભય-ડર-બીક- થાક ચાલ્યા જાય, ને સુખેથી સમય પસાર કરી શકાય. તેમ આ સંસારમાં દુર્ગતિ, આધિ, વ્યાધિ, શોક... આદિના અનેક ભયો અને એના એ જ વિષયરાગના કંટાળાવાળાને તથા કષાયોના થાકવાળાને નિર્ભય વીસામા સ્વરૂપ વીતરાગ અરિહંત મળ્યા, એટલે જાણે સુંદર સુખ-સગવડતાવાળું ઘર મળ્યું; હવે પછી પેલી કશી પીડાનો ડર કેમ રહે ?

**સાખી થલે જલ નૌ મિલીજી :**

**ભાવાર્થ :-** સ્થલમાર્ગ પર સાખી= શાખાવાળા વૃક્ષ મળ્યા, અને પાણીના માર્ગે નૌ= નાવ (હોડી) મળી.

**વિવેચન :** કવિ કહે છે- મુસાફર સ્થળમાર્ગે ચાલ્યો જતો હોય, પરંતુ ઉનાળાનો સમય એટલે રસ્તોય ગરમ, અને હવાય ગરમ હોય, તેથી તપ્યો હોય, અને થાક્યો પણ હોય, એમાં સદ્ભાગ્યે કોઇ ઘટાદાર વૃક્ષોની હારમાળા મળે, તો એને 'હાશ !' નિરાંત થાય છે. એમ અહીં સંસારના માર્ગો બહુ ક્લેશભર્યા છે, શ્રમ-થાક ભર્યા

છે, એમાં અહીં ભગવાન-ભગવાનનું શાસન મળ્યું, ભગવાનનો મોક્ષમાર્ગ મળ્યો, એટલે સંસારમાં બહુ પાપ કરવાના થાક ઓછા થઈ જાય છે, તેમજ બહુ કષાયો અને આર્તધ્યાનના તાપ ઓછા થઈ જાય છે.

વળી જેમ પ્રવાસીને માર્ગે ચાલતાં મોટી નદી આવી, ત્યાં પૂલ છે નહિ, ને નાવડી મળી ગઈ, તો મનને નિરાંત થાય છે કે હાશ! નદી પાર કરી જવાશે ! એમ અહીં સંસારના માર્ગે ચાલતા વીતરાગ ભગવાન અને એમનું શાસન મળ્યું એટલે નિરાંત થાય છે કે હાશ હવે સંસાર પાર કરી જવાશે.

બંને ઉપમામાં સહરાના રણ જેવા યા ખારાપાટ દરિયા જેવા સંસારમાં જૈનશાસન જેવું વૃક્ષ યા નાવ મળવાથી પરમ આલ્હાદ થાય.

**કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,**
**દરિસણ હો પ્રભુ ! દરિસણ લહ્યું આશા ફળીજી.**

**ભાવાર્થ :-** કલિયુગમાં ભગવાનનું દર્શન દુર્લભ તે મળ્યું, આ દુષમ પંચમકાળમાં અરિહંતનું દર્શન બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થઈ શકે તેવું છે એ પ્રાપ્ત થયું, તો મારી આશા ફળી. હવે અરિહંતનું દર્શન મળ્યા પછી આ જગતનું અપૂર્વ મેળવવાના મારા મનોરથ ફળ્યા.

કલિયુગમાં દુર્લભ એવું પ્રભુનું દર્શન જિનદર્શન મળ્યું. અહીં જિનદર્શન એટલે... (૧) અરિહંતને આંખેથી નિહાળવાનું તેમ (૨) જૈનધર્મ અને અરિહંતની શ્રદ્ધારૂપી સમ્યગ્દર્શન હૈયે ફરસવું. કલિયુગમાં મિથ્યાદેવ-દેવીઓના દર્શન સુલભ, યા નાસ્તિકના સુલભ છે, પરંતુ અરિહંતનું દર્શન દુર્લભ છે.

આજે દુનિયામાં જુઓ, અરિહંત કેટલાને મળ્યા છે ? આજની શોધાયેલી દુનિયામાં માણસોની સંખ્યા કેટલી ? લગભગ ૪ અબજ અર્થાત્ ૪૦૦ કરોડ, એમાં કેટલા માણસોને જૈનધર્મ મળ્યો છે કે જ્યાં અરિહંત પરમાત્મા મળ્યા હોય ? તો કે લગભગ ૫૦ લાખ. જૈન ધર્મ મળવામાંથી કેટલા બાદ ? કહો ! ૩૯૯॥ કરોડ બાદ. દુનિયાના ૩૯૯॥ ક્રોડ માણસને જે જૈનધર્મ નથી મળ્યો તે આપણને જૈનકુળમાં જનમવા માત્રથી મળી ગયો છે. એમાંય ભગવાનની મૂર્તિને ભગવાન નહિ માનનારાને ય અરિહંત ભગવાનનું દર્શન ક્યાં ? કેવી કમનસીબી ? ઘરમાં રાખેલા સગા બાપના ફોટા તરફ માનથી જોશે, પરંતુ ભગવાનના ફોટા કે મૂર્તિને ભગવાન તરીકે પૂજ્યભાવથી નથી જોવા ! મૂર્તિવિરોધી દયાનંદ સરસ્વતીના 'આર્યસમાજ' ધર્મના એક પ્રચારકે એક ગામમાં ભાષણમાં 'લો મૂર્તિ પૂજવાનું માનનારાઓએ પત્થરમાં ભગવાન માન્યા !...' વગેરે મશ્કરી કરવાનું ચલાવ્યું.

ત્યાં એક ડાહ્યા ગામવાસીએ કપડામાં લપેટીને લાવેલ દયાનંદ સરસ્વતીનો

ફોટો બહાર કાઢી પહેલાં તો સભાને એના દર્શન કરાવ્યાં. એટલે ભાષણકર્તા રાજી રાજી થઈ ગયો. પણ પછીં પેલાએ ફોટાને નીચે પછાડી એના પર લાતો ઠોકી એના પર થૂંકે છે ને રાડો પાડે છે- 'આ તો નર્યો કાગળ; નર્યો કાગળ.'

ત્યાં ભાષણકાર ગુસ્સે થઈ કહે છે, 'એય ! ગુરુને પછાડી લાતો મારે ? ગુરુ પર થૂંકી ગુરુનું અપમાન કરે ?'

ત્યારે પેલો કહે 'અરે મૂર્ખ ! જો કાગળમાં ગુરુ મનાય, તો પાષાણની ભગવાનની મૂર્તિમાં ભગવાન ન મનાય ? શા લવારા કરવા નીકળી પડ્યો છે ? નાસ્તિક ! લોકોની ધર્મશ્રદ્ધા ભાંગી નાખતાં લજ્જા નથી આવતી ?...' બિચારો વક્તા શરમાઈને ત્યાંથી છૂ થઈ ગયો !

સારાંશ, ૩૯૯ાા ક્રોડ મનુષ્યોને જે અરિહંત ભગવાન જોવા નથી મળ્યા, તે મને જિનમૂર્તિમાં જોવા મળ્યા ! એટલે આશા ફળી, જેમ મેતારજને પરણવું હતું, લગ્નના ઘોડે ચડ્યો હતો, પણ આબરૂ લૂંટાઈ.

જાણો છો ને મેતારજે પૂર્વે દેવના ભવમાં મિત્રદેવ પાસેથી કોલ લીધેલો કે તારે દીક્ષાનું સમજાવવા આવવાનું; તે અહીં જ્યાં મેતારજ લગ્નના વરઘોડે ચડવા તૈયાર થયો, ત્યાં દેવ આવી ઊભો રહ્યો, ઓળખ આપી, કોલની વિગત કહીને કહ્યું : 'પરણવાનું રહેવા દે, દીક્ષા લઈ લે.' પણ આ મેતારજે પૂર્વના ત્રીજા ભવે સાધુપણામાં ગુરુ પર જરાક સૂગ કરેલી કે 'ગુરુએ ચારિત્ર તો ઉમદા આપ્યું, પણ આમ ધમકી આપીને પરાણે ધર્મ કરાવાય ?'

**એ ગુરુ પરની જરાક સૂગથી દુર્લભબોધિપણાનું કર્મ બાંધી લાવેલા, તેથી અહીં ધર્મનું મન નથી થતું.** જેમકે તાવવાળાને દૂધપાક ખાવાનું મન ન થાય, એમ આને ધર્મ કરવાનું મન ન થાય. એટલે કહે છે, 'હમણા દીક્ષા નહિ, હમણા તો હું પરણી લઈશ.'

પછી દેવતાએ બજાર વચ્ચે એનો લગ્ન વરઘોડો આવતાં એની આબરૂ લૂંટી. મેતારજને જન્મ આપનાર ભંગણીના શરીરમાં દેવે પ્રવેશ કરી, એ ભંગણીએ ભરબજાર વચ્ચે ઘોડે ચડેલા મેતારજનો પગ પકડી કહે,

'મેરરે ! મારા પેટના ! ઊતર હેઠો. અહીં વાણિયાની દીકરીઓ અભડાવવા ચાલ્યો છે !'

લોકોને શંકા તો હતી જ કે 'મેતારજની કૃત્રિમ મા બનેલી શેઠાણીને તો મરેલા છોકરા જનમતા હતા, તે આ જીવતો દીકરો ક્યાંથી જનમ્યો ?' એમાં આ ભંગણીનું નાટક જોઈ લોક બોલવા મંડ્યા કે 'જરૂર મેતારજ તો ભંગણીનો જ દીકરો છે, પણ જનમ પછી ભંગણીના દીકરાની અદલબદલમાં શેઠને ત્યાં આવી ગયો લાગે

હાય ! આવાને દીકરી પરણાવાય ?' આઠ કન્યાવાળા બાપાઓ 'હાશ ! ...તે ભંગીના દીકરા વેરે પરણાવતા બચ્યા !' એમ કહી બાપાઓ ને સાજન ઘરે ...બેઠું ! મેતારજનો હુરિયો બોલાયો. મેતારજ નિરાશ થઇ ઘરે જઇ બેઠો.

બોલો હવે, અહીં મેતારજને પરણવાની કોઇ આશા ? એમ આપણે આ ...કાળ સંસાર-વનમાં રખડતા-રામ છીએ, એમાં મોક્ષમાર્ગ મળવાની ક્યાં આશા ...આજે જ્યાં કલિયુગે લગભગ ૪૦૦ કરોડને સાચો મોક્ષમાર્ગ નથી મળ્યો, ત્યાં ...પણને મળવાની શી આશા ? પરંતુ જેમ પેલા મેતારજને દેવમિત્ર છે એટલે ...શા ફળે છે, એમ અહીં કવિ કહે છે, મને અરિહંતનું દર્શન મળ્યું છે એટલે ...માર્ગ મળવાની આશા ફળી છે.

પેલા મેતારજને ત્યાં બન્યું એવું કે ઘરે નિરાશ થઇ બેઠેલા એને દેવ આવી ...ણી મારે છે : 'કેમ ? પરણી લીધું ને ? બોલ, હવે તો દીક્ષા લે છે ને ?' હવે ...ઓ આશા શી રીતે ફળે છે.

**મેતારજને શી રીતે આશા ફળી ?**

દેવને આ કહે "આ સંયોગમાં મને દીક્ષા અપાવી તારે ધર્મનો ફજેતો કરાવવો ...? લોકો કહેશે : લો બાયડી ન મળી એટલે બાવા થયા !"

દેવતા કહે "એમ નહિ, તને આબરૂભેર પરણાવી આપું; પણ પછી તો ...ીક્ષા લઇશ ને ?"

"જોઇશ !"

આબરૂ પાછી લાવવા મેતારજને દેવે દિવ્ય રત્નોની લીંડીઓ કાઢે એવી ...કરી આપી ! કહ્યું : "આ રત્નોનો થાળ લઇ જઇ શ્રેણિક રાજાને ભેટ કરજે. ...છે કે ક્યાંથી લાવ્યો ? તો કહેજે મારી બકરી રત્નો આપે છે."

બસ, મેતારજે એમ કર્યું : શ્રેણિક ચકિત થઇ જાય છે ! કેમકે એક તો, રત્નો ...એવા કે જેનો જોટો મગધ-સમ્રાટ શ્રેણિકના ખજાનામાં ન મળે ! અને બીજું એ કે ...આ રત્નો વળી બકરીની લીંડીઓ ? મંત્રી અભયકુમાર પાસે મેતારજને ત્યાં તપાસ ...કરાવી, સાચું નીકળ્યું.

રાજા અભયને કહે : અરે અભય ! મેતારજને આપણી એક દીકરી પરણાવી ...જમાઇ બનાવી દો. આનો મિત્રદેવ અવસરે આપણા કામનો છે. બસ લગ્ન નક્કી ...થયા. પેલા આઠ સસરા-શેઠિયા ગભરાયા. "હાય ! રાજાનો જમાઇ બનનાર આ ...મેતારજ સસરા-રાજાને ફરિયાદ કરે કે 'આ શેઠિયાઓ સગાઇ કરીને હવે પોતાની ...કન્યાઓ મને પરણાવતા નથી;' અને સસરો બનેલ મગધ સમ્રાટ આપણને દંડી ...નાખે તો ?"

આવ્યા મેતારજના બાપ પાસે, પાઘડીઓ ઉતારી કહે છે- "ભાઈ સાહેબ ! અમારી દીકરીઓને પણ તમારા દીકરા માટે સ્વીકારી લેજો, અને અમારો ગુનો માફ કરજો. શેઠ ! અમે તમારી માફી માગીએ છીએ."

બસ, આઠ કન્યા પરણવાની આશા પડી ભાંગી હતી, બજાર વચ્ચે ભંગણીના દીકરા તરીકે ફજેત થયેલો, એને હવે પરણવાનું મળે એવી શી આશા ? છતાં એને દેવ મળ્યો, ને આશા ફળી ! એમાં જેમ મેતારજને દેવે બકરી આપી, આબરૂ પાછી ભેગી કરી આપી, ને મેતારજની આઠને બદલે નવ કન્યા પરણવાની આશા ફળી, ને અપાર આનંદ માને છે, એમ કવિને અરિહંતનું દર્શન મળ્યું તો સાચો મોક્ષમાર્ગ-મોક્ષસાધના મળવાની આશા ફળી. કવિ કહે : પ્રભુ મળ્યા તો સંસાર પરથી કંટાળેલા પોતાના આત્માને સંસારથી છૂટવાનો સચોટ મોક્ષમાર્ગ મળ્યો. ઉપરાંત અરિહંતનો સહારો મળ્યો ! સમ્યગ્દર્શન મળ્યું ! ચારિત્ર મળ્યું ! આશા ફળી.

**'કલિયુગે દુલ્લહો તુજ દરિસણ' નો બીજો અર્થ :**

કલિયુગમાં જૈનદર્શન, જૈનફિલોસોફી, જૈનશાસન મળવાનું દુર્લભ છે. આ તો તમે પૂર્વના પુણ્યે જૈનકુળમાં જન્મી ગયા એ જનમ માત્રથી સહેલાઈથી જૈનશાસન મળી ગયું, તેથી આની દુર્લભતા નથી લાગતી; પરંતુ (૧) જેણે જૈનકુળમાં નહિ જનમવા છતાં શોધીને જૈનદર્શન મેળવ્યું હોય, તો એને દુર્લભતા જણાય, અને આનું મૂલ્ય સમજે. અથવા (૨) જેણે જૈનકુળમાં જન્મીને જૈનધર્મની બીજા ધર્મો કરતાં આગવી વિશેષતાઓ ગુરુ પાસેથી જાણી હોય, એને પણ જૈનધર્મ અને જિનદર્શન-જિનશાસનની દુર્લભતા સમજાય.

(૧) આ બે વિકલ્પમાં પહેલા વિકલ્પના આધુનિક દાખલાઓમાં કલકત્તાના ભટ્ટાચાર્ય એડવોકેટ, બર્નાડ શો વગેરેના દાખલા આપી શકાય. પ્રાચીન દાખલામાં શય્યભંવસૂરિ, હરિભદ્રસૂરિ વગેરેના દાખલા આપી શકાય.

વર્તમાન દાખલામાં કલકત્તાના બ્રાહ્મણ જ્ઞાતિના એડવોકેટ ભટ્ટાચાર્યે શોધીને જૈનદર્શન મેળવ્યું, ને કલિકાલે એની દુર્લભતા સમજાઈ. જૈનદર્શન મળ્યાથી એમની આશા ફળી; આનંદિત થઈ ગયા ! જૈનદર્શનની ફિલોસોફી પર ઓવારી ગયા.

**કલકત્તામાં ભટ્ટાચાર્ય** બાહોશ એડવોકેટ; એને ફિલોસોફીનો શોખ એવો, કે દુનિયાના ઈતર ધર્મોની ફિલોસોફીના સાહિત્ય જોઈ લીધેલા ! પણ તેમાં તેમના મનને સંતોષ થતો ન હતો, મનનાં સંશય દૂર થતા ન હતા. એમાં જૈનધર્મના વાદીદેવસૂરિજી મહારાજનો **'પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર'** ગ્રંથ વાંચવા મળ્યો, વળી સંપતરાય જૈનનું **ડિવાઈન લાઈટ** પુસ્તક વાંચવા મળ્યું. ત્યારે મનને સંતોષ થયો કે આના તત્ત્વોમાં પરસ્પર વિરોધ-વિસંવાદ નથી. જૈનદર્શન સચોટ સત્ય લાગ્યું.

બીજા દર્શનશાસ્ત્રો વિસંવાદી એટલે કે પ્રારંભે કહ્યું હોય, એનાથી વિરુદ્ધ એવું વચમાં કે છેડે પ્રતિપાદન હોય. જ્યારે જૈનદર્શન અવિસંવાદી લાગ્યું. તેણે અન્યદર્શનો અને જૈનદર્શનના તુલનાત્મક લેખો દા.ત. જૈનધર્મ અને ખ્રીસ્તીધર્મ, જૈનધર્મ બોદ્ધધર્મ વગેરે લખ્યા છે, ને તેમાં જૈન ધર્મને સર્વ ધર્મમાં સર્વોપરી બતાવ્યો છે. તેમના લેખો બંગાળી ભાષામાં હતા, તેનું ગુજરાતી કરાવીને ઊંઝા ફાર્મસીવાળાએ 'જિનવાણી' નામનાં પુસ્તકમાં છપાવ્યાં છે. વળી ભટ્ટાચાર્યે અંગ્રેજીમાં 'Six Reals' 'જૈન ધર્મનાં ષડદ્રવ્ય' નામનો મોટો નિબંધ (થીસીસ) પણ લખેલ છે. એ લખીને કલકત્તા યુનિવર્સિટિના રિસર્ચ ખાતાને તપાસવા આપ્યો. નિરીક્ષકો વાંચીને દિંગ થઇ ગયા, પૂછે છે કે-

'આટલું ઝીણું, અણુ વગેરેનું વિજ્ઞાન તમે લાવ્યા ક્યાંથી ?' ત્યારે આ કહે 'હું જૈનદર્શનરૂપી દરિયામાંથી ખસખસ જેટલું લઇ આવ્યો છું.' આ શોધીને જૈનદર્શન મળ્યુ કહેવાય. તેથી એમને એની દુર્લભતા અને વિશ્વશ્રેષ્ઠતા સમજાણી. 'કલિયુગે દુલ્લહો તુજ દરિસણ'.

જૈનેતર કુળમાં જનમવા છતાં શોધીને જૈનધર્મ મેળવ્યાનો

**બીજો દાખલો વિલાયતના પ્રસિદ્ધ નાટ્યકાર 'બર્નાર્ડ શો'નો.**

એને નાનપણથી સાહિત્ય વાંચવાનો બહુ શોખ. એમાં બીજા ધર્મની જેમ જૈનસાહિત્ય પણ વાંચ્યું. એમાં બીજે જે સંતોષ નહોતો થતો તે એને જૈનધર્મ, વૈજ્ઞાનિક અને અ-વિસંવાદી ધર્મ લાગ્યો, ને જૈનધર્મના સાહિત્ય પ્રત્યે એને બહુ સંતોષ થયો. તેથી જ્યારે અત્રેથી ત્યાં ગયેલ ગાંધીજીના પુત્ર દેવીદાસ ગાંધીએ પૂછ્યું કે-

"જો પુનર્જન્મ જેવી વસ્તુ તમે માનો છો, તો આવતા જનમમાં તમે શું થવા ઇચ્છો છો ?"

ત્યારે બર્નાર્ડ શો તરત જ બોલી ઊઠ્યો કે 'હું જૈન થવા ઇચ્છું છું.

'કારણ કાંઇ ? કેમ, બહુ મોટી સંખ્યાવાળી અમારી હિંદુ કોમમાં નહિ, ને બહુ નાનકડી જૈન કોમમાં જન્મ ઇચ્છો છો ?'

ત્યારે એ કહે છે કે "તમે હિંદુઓએ અને બીજાઓએ પરમાત્માપણાની સોલ-એજન્સી કોઇ એક વ્યક્તિને આપી દીધી છે. ત્યારે જૈનો કહે છે કે 'પરમાત્મા કોઈ પણ બની શકે છે. અમારે ત્યાં અત્યાર સુધીમાં અનંતા પરમાત્મા થઇ ગયા છે, અને ભવિષ્યમાં પણ અનંતા થવાના છે; તમારે પરમાત્મા થવામાં નંબર લગાવવો હોય, તો આવો, ખરેખર પરમાત્મા બનાવનાર અમારા જૈનધર્મે બતાવેલ ધર્મમાર્ગ પર આવો.' તો હું જૈન જ ન થાઉં ? જેથી પરમાત્મા બનવામાં મારો

નંબર તો લાગે ?" દેવીદાસ ગાંધી આ સાંભળીને ચકિત થઈ ગયેલ !

પ્રાચીન દાખલામાં, ૧૮ દેશના સમ્રાટ મહારાજા કુમારપાળ પણ જન્મે અજૈન, છતાં સદ્ગુરુ-સંપર્કે જૈનધર્મ બીજા ધર્મો સાથે તોલીને પછી જૈનધર્મ સ્વીકાર્યો અને પછી તો પ્રભુ પાસે આ જ પ્રાર્થના કરતા કે "પ્રભુ ! ભવાંતરમાં હું જૈન ધર્મ વિનાનો મોટો ચક્રવર્તી પણ થવા ઇચ્છતો નથી, પરંતુ કર્મસત્તા મને ભલે દાસ કે નિર્ધન બનાવે, પણ જો ત્યાં જૈનધર્મની શ્રદ્ધા મળતી હોય તો ય મારે એ મંજૂર છે."

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૪૭,તા.૧૬-૮-૧૯૮૬

## "કલિયુગે દુલ્લહો તુજ, દરિસણ લહ્યું આશા ફળીજી"

'પ્રભુ ! આ કળિકાળમાં તમારું દર્શન-જૈનદર્શન મળવું બહુ દોહિલું.' આજે જુઓ, પૃથ્વી પર નાસ્તિકવાદ, વિલાસવાદ અને જડવાદનાં પાપો કેટલા બધા ઉભરાયા છે ! એમાં જૈનધર્મ અને એના પવિત્ર આચારો-અનુષ્ઠાનો તથા એનાં તત્ત્વો પૃથ્વી પર ક્યાં જોવા મળે ? કેટલા માનવમાં જોવા મળે ? **સિદ્ધર્ષિગણી** બૌદ્ધધર્મનું વાંચી-સાંભળી જૈનધર્મની શ્રદ્ધાથી ચલિત થઇ ગયેલા, તે અંતે **'નમુત્થણં'** સૂત્રની વિવેચનારૂપી શ્રી **'લલિત વિસ્તરા' શાસ્ત્રથી** જૈનધર્મની વિશ્વશ્રેષ્ઠ અનેરી વિશેષતાઓ જોઇને જૈનધર્મમાં સ્થિર થઇ ગયા ! અને પોતાના દુનિયાના અતિ મહાન રૂપક ગ્રંથ **'શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા'** માં એવો ઉલ્લેખ કર્યો છે કે "હું તે હરિભદ્રસૂરિને નમસ્કાર કરું છું કે જે ચૈત્યવંદન સૂત્રો (નમુત્થુણં વગેરે) ઉપર મારા માટે જ લલિતવિસ્તરા નામની વૃત્તિ રચી ગયા."

### જૈન ધર્મની શી શી આગવી વિશેષતાઓ :-

(૧) જીવશાસ્ત્રનું ઊંચામાં ઊંચું **જીવવિજ્ઞાન,** અર્થાત્ ઠેઠ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ સુધીનું વિજ્ઞાન જૈનધર્મે જ આપ્યું છે,

(૨) એટલે જ ઊંચામાં ઊંચી સૂક્ષ્મઅહિંસા પણ જૈનધર્મે જ આપી છે; કેમકે જે જીવોને જ પૂરા ન ઓળખે, એ એની હિંસા ટાળી અહિંસા શી રીતે પાળી શકે ?

(૩) **મોક્ષમાર્ગ** તરીકે અતિ આવશ્યક વિરતિમાર્ગ જૈનધર્મે જ બતાવ્યો; જેમાં પાપ ન કરો એટલેથી બસ નથી, પરંતુ પાપત્યાગની પ્રતિજ્ઞા (વિરતિ) પણ હોવી આવશ્યક બતાવી. એકેન્દ્રિય જીવોને મન-વચન નથી, માનસિક-વાચિકયોગ નથી, માત્ર કાયિકયોગ છે. એનાથી એને પાપ આચરવાના થોડા; કેમકે એ સ્થિર સ્વેચ્છાથી હાલી ચાલી ન શકે એવા સ્થાવરકાય છે; એટલે કાયાથી પણ કેટલી પાપપ્રવૃત્તિ કરી શકે ? પરંતુ એને અવિરતિના કારણે બને તો યુગોના યુગોની

સ્થિતિ ભોગવવી પડે છે; અર્થાત્ એવી ને એવી સૂક્ષ્મ એકેન્દ્રિય નિગોદ (સ્થિતિ) કાયામાં યુગોના યુગો સુધી જન્મ-મરણ કરવાનું બને છે; કેમકે પાપની તિ નહિ છતાં અવિરતિથી થોક કર્મ બંધાય છે. આ એને વિરતિ નહિ હોવાથી છે. માટે જ વિરતિનું અતિ મહત્ત્વ છે. જે જૈનદર્શન જ બતાવે છે.

(૪) અનેકાંતવાદનો સિદ્ધાન્ત એ જૈનધર્મની સ્પેશિયાલીટી છે, અન્ય કોઈ માં ન મળે એવી અનન્ય વિશેષતા છે.

(૫) અધ્યાત્મ-ભાવના-ધ્યાન વગેરેનો તથા ૧૪ ગુણસ્થાનકોનો યોગમાર્ગ નધર્મનો જ.

(૬) ૧૪ રાજલોકનું યથાસ્થિત અને અતિવિશાળ તથા વ્યવસ્થિત ભૂગોળનું ત જૈનધર્મમાં જ મળે.

(૭) પાપોના સૂક્ષ્મ પ્રકાર અને એના વિસ્તારથી સુયોગ્ય પ્રાયશ્ચિત્ત વિધાન નધર્મમાં જ જાણવા મળે... વગેરે વગેરે જૈનધર્મની અનન્ય વિશેષતાઓ જોતાં ભુને કહેવાય કે પ્રભો !

'કલિયુગે દુલ્લહો તુજ દરિસણ લહ્યું, આશા ફળીજી' પ્રભુ! આવી અનન્ય વિશેષતાઓવાળો તારો ધર્મ આ કળિયુગમાં મળવો અતિ દોહિલો, એ મને મળ્યો, મારી મોક્ષ પામવાની આશા હવે અવશ્ય સફળ થશે.

'પ્રભુ કળિયુગમાં દુર્લભ તમારું દર્શન લહ્યું, મારી આશા ફળી' આમાં શી આશા ફળી ? એનો બીજી રીતે અર્થ વિચારીએ-

પૂર્વે કહ્યું 'જલ નૌ મિલીજી' અર્થાત્ આ સંસારસાગરના જળમાં ડૂબતા રહેલા મને જિનદર્શનરૂપી નાવ મળી એથી હવે ડૂબતા નહિ રહેવાય. તે શી રીતે ? તો કે -

**જિનદર્શનનો શો ઉપયોગ ?**

**તો કે અરિહંતનું દર્શન મળવાથી જીવમાં સત્ત્વ પ્રગટ્યું-વિકસ્યું.** જેને શાસ્ત્રીય પરિભાષામાં **'અપૂર્વકરણ'** કહેવાય. એ વિકસવા પૂર્વે અનંતાનંત કાળમાં જીવ કર્મના માર ખાતો ખાતો કાંઈક શુભ ભાવ કરતો હતો. જેને શાસ્ત્રીય શબ્દમાં **'યથાપ્રવૃત્ત કરણ'** કહેવાય, પરંતુ સત્ત્વના એટલે કે જીવના વિશિષ્ટ પુરુષાર્થ વિના સહેજે સહેજ પ્રવર્તેલા (યથાપ્રવૃત્ત) શુભ ભાવ, એ અનંતી વાર ઊઠેલા ! પરંતુ સત્ત્વના અભાવે એમાં આગળ વધી શક્તો નહોતો; ઊલટું શુભભાવમાંથી નીચે પડતો હતો, ને ઠેઠ **ગ્રંથિદેશ** સુધી આવવા છતાં રાગદ્વેષની ગ્રંથિ (વાંસની દુર્ભેદ્ય ગાંઠ જેવી ગાંઠ) ને ભેદી શક્તો નહોતો, તે હવે જિનદર્શન મળવાથી જોમ-સત્ત્વ વિકસ્યું, આગળના ઉપરના ઉચ્ચ શુભભાવમાં ચડી અપૂર્વકરણના શુભભાવને ફરસવાથી (સ્પર્શવાથી) એ પ્રબળ શુભ અધ્યવસાયના બળે ગ્રંથિભેદ કરવા સજ્જ થયો, કે

જેના ઉપર સમ્યક્ત્વ પ્રગટવાનું છે.

આ **'અપૂર્વકરણ' ને નાવા કહેવાય.** યથાપ્રવૃત્તકરણોથી જીવ પાછો ફરતો હતો એટલે કે અશુભ ભાવોમાં ડૂબતો જ રહેતો હતો; તે હવે અપૂર્વકરણથી આગળ વધે છે, અર્થાત્ અંતરના અધ્યવસાયો વિશુદ્ધ-વિશુદ્ધતર થતા જાય છે, ને એમાં પાપકર્મોમાં અપૂર્વ રસઘાત અને અપૂર્વ સ્થિતિઘાત વગેરે કરે છે. અહીં 'અપૂર્વ' એટલે કે અનાદિ અનંત સંસારકાળમાં પૂર્વે કદી કરવાનું નહિ પ્રાપ્ત થયેલ તે. એ હવે કરવાથી ઉપરના **'અનિવૃત્તિકરણ'** ના શુભ અધ્યવસાયથી નિબિડ રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ કરવા, એને તોડી નાખવા સમર્થ થાય છે. ને એને તોડીને **અંતરકરણ** પ્રાપ્ત થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ! એટલે કે જિનદર્શનરૂપી નાવા મળવાથી એના દ્વારા મિથ્યાત્વનો સાગર તરી જવાનું થાય છે.

પરંતુ આ બધું પ્રાપ્ત થવા માટે જીવનું સત્ત્વ-જોમ વિકસવું બહુ જ જરૂરી છે. જૈનદર્શને સત્ત્વનો પ્રભાવ ક્યાં સુધી બતાવ્યો ? કે (૧) પ્રારંભે, ગ્રંથિભેદ અને સમ્યક્ત્વ પામવા જરૂરી તરીકે પણ અપૂર્વકરણનું સત્ત્વ બતાવ્યું ! ને (૨) છેલ્લે, વીતરાગ બનવા પણ જરૂરી સંયમ-ચારિત્રના ભાવમાં આગળ વધવા માટે પણ સત્ત્વસ્વરૂપ અપૂર્વકરણને જરૂરી બતાવ્યું! જેથી એના ઉપર ક્ષપકશ્રેણિ માંડી મોહનીય કર્મોનો મૂળતઃ વિધ્વંસ કરતો કરતો ૯ મા ગુણઠાણે ચડી આગળ વધે છે. એટલે જ જિનદર્શનના પ્રભાવમાં સત્ત્વનો મહિમા અહીં ગાતા કહીએ છીએ કે-

**સાધનામાં સત્ત્વ-જોમ-વીર્યોલ્લાસ અતિ આવશ્યક છે.**

**કંપની-મેનેજરનો સત્ત્વ-વિકાસ :**

લૌકિક વ્યવહારનો એક દાખલો જુઓ- **પરદેશમાં** એક નવી કંપનીના મેનેજરને ૮૦૦ ડોલરનો પગાર; કિન્તુ એની કુનેહથી કંપની આગળ આગળ વધતી જોઇ બીજી કંપની વાળાએ ૧૨૦૦ ડોલરના પગારથી પોતાને ત્યાં મેનેજર તરીકે આવી જવા ઓફર કરી. આ મેનેજરે પોતાના ડાયરેક્ટરોને વાત કરી.

ડાયરેક્ટરોએ કહ્યું "અમે તમને સારો ચાન્સ મળતો હોય તો ના પાડી શકીએ નહિ; તમે જુઓ છો કે તમારી જ હોશિયારીથી કંપની કેટલી આગળ વધી રહી છે ! તે તમારા જતાં એનો વિકાસ અટકી પડશે. ને હમણા કંપનીની સ્થિતિ જોતાં તમે ઊંચા પગારને લાયક હોવા છતાં કંપનીને હાલ એટલો ઊંચો પગાર આપવો પોષાય એમ નથી. હવે આના ઉપર તમે યોગ્ય વિચારી લો."

ડાયરેક્ટરોના સૌમ્ય અને સહાનૂભૂતિભર્યા શબ્દોથી મેનેજરને કંપની પ્રત્યે લાગણી થઇ આવી, તે કહે છે "ભલે એ બીજી કંપનીની ઓફર જતી કરી હું અહીંજ રોકાઇ જઇશ' ડાયરેક્ટરોએ ખૂબ આભાર માન્યો.

પરંતુ પછીથી ૮-૧૦ મહિના બાદ એવું બન્યું કે કોઇ બાબતમાં મેનેજર ડાયરેક્ટરોને એવો વાંધો પડી ગયો, કે મેનેજરને રાજીનામું આપી દેવું પડ્યું ! બત ડિસમિસ થવાની નાલેશીથી બચી જવાયું, પણ નોકરી છૂટી ગઇ. હવે મોટી ઓફર કરનારી કંપનીમાં તો મેનેજરની જગા પૂરાઇ ગઇ હતી, એટલે આને ઘરે બેસવું પડ્યું.

એમાં એક માનસશાસ્ત્રી મળ્યો. એને આ નિવૃત્ત મેનેજર કહે છે : 'જુઓ, શ્વરને ત્યાં કોઇ ન્યાય છે ? ઈશ્વરને દયા છે ? મેં કંપનીના ભલા ખાતર દોઢા રની નોકરીની ઓફર જતી કરી, ત્યારે અત્યારે ઈશ્વર મને બેકાર બનવાની સ્થિતિમાં મૂકે છે.'

**માનસશાસ્ત્રીની સલાહ : ઈશ્વરની દયા શેમાં ? :-**

ત્યારે માનસશાસ્ત્રી કહે: 'તમે ઈશ્વરની દયાને શું સમજો છો ? માત્ર રૂપિયા પૈસાની ફૂટપટ્ટીથી જ ઈશ્વરની દયા મપાય ? શું ઈશ્વર રૂપિયા આપે તો જ દયાળુ ? નહિતર દયા વિનાનો ? ઈશ્વરની દયા માત્ર રૂપિયા જ આપવામાં છે ?'

મેનેજર કહે : 'તો પછી બીજી શી રીતે ઈશ્વરની દયા ?'

આ કહે : **'ઈશ્વરની દયા તો સદ્ગુણો, શક્તિ, સત્ત્વ વગેરે ઘણું ઘણું આપવામાં છે.**

એટલે આમાં ઈશ્વરે તમને અંદરનું સત્ત્વ વિકસાવવા તક આપી છે, તે કાં ભૂલો ?

**જીવનમાં પૈસા કરતા સત્ત્વની મોટી કિંમત છે.** ગમે તેવા સંયોગ-પરિસ્થિતિમાં પણ જો તમે સત્ત્વ ધરાવો છો, તો તમે ખરેખરા સુખી છો; અને તમારો આત્મા બીજા માનવો કરતા ઊંચા સ્તરમાં છે. માટે ઈશ્વરનો આભાર માનો કે રૂપિયા કરતા બહુ ઊંચી કિંમતી વસ્તુ સત્ત્વ કમાવાની તમને તક આપી ! બાકી પૈસા ગમે તેટલા હોય, પણ સત્ત્વ ન હોય, તો તે ડગલે ને પગલે દુઃખી થાય છે.'

મેનેજરને વાત મગજમાં બેઠી. એ કહે છે : 'બરાબર, તમારી વાત સાવ સાચી છે. તમારો આભાર માનું છું કે તમે ઈશ્વરની દયાની ઓળખ કરાવી.'

માનસશાસ્ત્રીએ મેનેજરને સત્ત્વ કમાવાની કેટલી સુંદર સલાહ આપી ! કાંઈક વાંકું પડ્યું તો કેટલાય માણસ ભગવાનને દોષ દેવાનું કરે છે ! પણ એને ખબર નથી હોતી કે કદાચ ત્યાં અનિષ્ટ થયું દેખાવામાં કદાચ કુદરતના કોઇ ગેબી સંકેત હોય. જો એ સત્ત્વથી સહન કરવાનું કરે, તો સંભવ છે કે પછીથી કંઈક ન ધાર્યું સારું બની આવે ! પરંતુ આ સહી લેવા માટે સત્ત્વ કેળવવું પડે.

મેનેજરે રોજ સવાર સાંજ ઈશ્વરને પ્રાર્થનામાં ઈશ્વરનો ઉપકાર માનવા માંડ્યો

કે 'પ્રભુ ! તારી કેવી દયા, કે આ જગતની મહાકિંમતી વસ્તુ 'સત્ત્વ'ની કમાઈની તેં મને તક આપી ! તારો આભાર માનું છું. આમ જગત પર અને મારા જીવન પર તારી કેટલી બધી દયા ! સાથે સાથે, પેલી કંપનીવાળા ડાયરેક્ટરો પણ કેવા ભલા કે અત્યાર સુધી આ જીવનમાં હું રૂપિયા જ કમાવા લાયક ચીજ સમજતો હતો. તે એના બદલે ખરેખર કમાવા લાયક તો સત્ત્વ છે, સત્ત્વ વિકાસ છે, એ સમજવા તક આપી.'

બસ, મેનેજરની રોજની બે વારની આ શુદ્ધ દિલની પ્રાર્થનાથી એને ઈશ્વર પ્રત્યે સદ્ભાવ તો વધ્યો, ઉપરાંત થોડા જ વખતમાં એને સારી કમાઈ પણ મળી ગઈ !

**જીવનમાં સત્ત્વની કમાઈ એ મોટી કમાઈ.**

આવા સત્ત્વનો વિકાસ મનુષ્ય કરી શકે; કારણ કે-

**What is a human being ?**

**A human being is not a belly but a brain.**

અર્થાત્ મનુષ્ય પ્રાણી શું છે ? તો કે મનુષ્ય પ્રાણી એ પેટ નથી, પણ મગજ છે. એટલે કે ઢોરના-પશુના જીવનમાં માત્ર પેટનો વિચાર-એટલે પેટ મુખ્ય, પરંતુ મનુષ્યના જીવનમાં પેટ મુખ્ય નહિ, પરંતુ મન મુખ્ય છે, કે જે મનથી ઉત્તમ શુભ વિચાર કરી શકે છે. તો જૈન મનુષ્ય જીવનમાં એવા ઉત્તમ સારા ભાવ એ જિનદર્શન-જૈનશાસનની મહાન બક્ષિસ છે. કલિયુગમાં પ્રભુનું દર્શન મળ્યું છે તો આ સત્ત્વ ખીલવવાની આશા-કોડ સફળ કરવાની આપણને સાધન-સામગ્રી મળી છે.

(૨) તેમ દર્શન મળ્યું એટલે સમ્યગ્દર્શન મળ્યું, મિથ્યા માન્યતામાંથી છૂટકારો મળ્યો, તેથી આશા ફળી. જિનદર્શન મળ્યાથી સત્ય તત્ત્વની આશા-જિજ્ઞાસા ફળી. કલિકાલમાં દુર્લભ આવું અરિહંત દર્શન સુલભ બન્યું, પછી ભક્ત સેવકના આનંદનું પૂછવાનું જ શું હોય ? સર્વ આશા ફળી !

**જિનદર્શન એટલે કે જિન-અરિહંતનું આંખેથી પ્રત્યક્ષ દર્શન, અને હૈયાથી સમ્યગ્દર્શન :**

એ આ ઉચ્ચ અધ્યવસાયોનું સત્ત્વ આપે છે. ભગવાનને પ્રત્યક્ષ જોતાં ભગવાનના જીવનમાં અદ્ભુત ગુણો, સુકૃતો અને સાધનાઓ દેખાય છે, જેનાથી આપણા મનનો પાવર વધે છે, આપણા સત્ત્વ ઉલ્લસે છે, તેમજ (જિનદર્શન યાને સમ્યગ્દર્શન એટલે કે જિનશાસન શાસ્ત્ર સિદ્ધાન્તો દ્વારા) એવા ઉચ્ચ કોટિના પદાર્થ ચિંતનાદિ મળે છે કે જેથી આપણું સત્ત્વ વિકસિત - અધિક વિકસિત થાય. સત્ત્વ-વિકાસથી ઊંચા ઊંચા ગુણસ્થાનકની પાયરીએ ચડાય છે.

એટલે, કવિ જે કહે છે કે દુર્લભ જિનદર્શન મળ્યું એટલે આશા ફળી, તે આ ...ર્થમાં કહે છે કે જિનદર્શનથી એવું સત્ત્વ ઉલ્લસ્યું છે કે આત્માની ઉત્ક્રાન્તિના માર્ગે ...ાગળ ધપવાની જે મારી આશા હતી, અભિલાષા હતી ને તે માટે અતિ જરૂરી જે ...ત્ત્વ જોઈએ, તે મને મળ્યું, એટલે જિનદર્શનની પ્રાપ્તિમાં મારી આશા ફળી...

**આત્માના ઉત્થાન માટે જેમ સત્ત્વ જરૂરી છે, તેમ પરમાત્મા સાથે હૃદયનો ...લાપ જરૂરી છે, તે તન-મન-ધનનો યથાશક્તિ ભોગ કરવાથી થાય.**

સાક્ષાત્ વીતરાગ જિનેશ્વર ભગવાન મળી જાય તો એમનું આંખોથી દર્શન ...રવાથી જે આત્મિક ઉત્થાનની આશા છે, આ ભોગ આપવાથી તે આશા સફળ ...ાય. કારણ કે એવું દર્શન મળ્યા પછી એમની અને એમના શાસનની ભક્તિ કરવા ...દાકાર થઇ જવાય છે, અને એની પાછળ તન-મન-ધનનો ભોગ આપવાનું સહેજે ...ને છે. એના ઉપર **મારવાડી યુવકનું** મજેનું દૃષ્ટાંત છે.

**'તેં મને નવ મહિના પેટમાં ઊંચક્યો તો...'**

**મારવાડી યુવક** પોતાની વૃદ્ધ માતાને વરસીતપના પારણા માટે પાલીતાણા લઇ ગયેલો. ડોશીએ વરસીતપમાં છેલ્લે અઠ્ઠાઇ કરેલી તે ગિરિરાજ ચડવા અશક્ત હતી. ડોળીવાળો ૧૦ રૂપિયા માગે છે. આ કહે બારઆનામાં ડોળી મળે છે ને તું ૧૦ રૂપિયા કેમ માંગે ? ડોળીવાળો કહે પોષ મહિનામાં આવજો, બાર આનામાં લઇ જઇશું. આજે અક્ષય તૃતીયા છે, કમાવાનો દહાડો છે. યુવક કહે, લે ચાલ, બે રૂપીયા, લે ૩,૪,૫, રૂપિયા લે. ડોળીવાળો કહે : આજે રૂ. ૧૦માં એક ફદિયું ઓછું નહિ થાય.

છોકરો માતાને કહે : મા ! એવા ૧૦ રૂ. મફતના ફેંકી દેવા કરતાં એના ફૂલ લઇને પ્રભુને ન ચડાવીએ ? ચાલ આવી જા મારા ખભા પર, તેં મને નવ મહિના પેટમાં ઊંચક્યો છે, તો હું આજે એક દિવસ તને ખભે ઊંચકીને ગિરિરાજ ચડાવી ન દઉં ? યુવક અલમસ્ત હતો, માતાને ખભે ઊંચકીને ડુંગરના હડા ચડાવી દીધા, એમાં જ્યાં જ્યાં સીધું ચાલવાનું આવ્યું ત્યાં ત્યાં ડોશી ખભેથી નીચે ઊતરી જતી, કહે 'મને સીધું ચાલવામાં વાંધો નથી.' એમ કહી ચાલતી ઉપર પહોંચી. 'જય આદેસર દાદા !' કહી દર્શન કરાવી માતાને યુવક પૂછે : 'શું જોઈએ ?'

ડોશી કહે, 'મારે દાદાનો પહેલો પખાળ જોઇએ.'

હજારો રૂ. લગાવીને ચડાવો લીધો ! દાદાને પહેલો પ્રક્ષાલ કરાવ્યો, પછી પૂછે : 'હવે શુ જોઇએ ?'

ડોશી કહે 'આ દાદાના પૂજારીઓ-નોકરો-સિપાઇઓ-ભાટ-બારોટો બિચારા આ દહાડે કાંક મળવાની આશા રાખે, માટે મને લાવ રૂ. ની થેલી આપ, બધાને

વહેંચું !' આપી, તે ડોશી રૂ. આપતી આપતી નીચે ઊતરે છે. રસ્તામાં પેલા ડોળીવાળા મળ્યા, એમણે સાંભળેલું કે યુવકે પહેલા પક્ષાલની બોલી લીધેલી, તે અહીં યુવકને કહે : 'શેઠ ! તમે તો ૧૦ નહિ, ૨ આપું, ૩... ૪... ૫ આપું કરતા હતા, તે આટલી મોટી બોલી શી રીતે બોલ્યા ?'

યુવક કહે : 'ભલા આદમી ! શું તને ખબર નથી કે આ રૂપિયા કોના હતા ? રૂપિયા મારા આદેસર દાદાના હતા, તે આદેસર દાદાના ખોળે જ જાય ? કે તારા ખોળે ધરાય ?' ભગવાનનું દર્શન મળ્યું. તો ભક્તિ યોગ્ય પાત્રમાં તન ધનનો ભોગ આપવાની જે આશા અભિલાષા હતી તે ફળી. વીતરાગ ભગવાનનું દર્શન જ ન મળ્યું હોત તો સુયોગ્ય પરમ પાત્ર એમના જેવું બીજે ક્યાં મલે ?

**પરમ પાત્રમાં તન-મન-ધનનો વિનિયોગ (સ્થાપન) કરવાથી, પરમ પાત્રમાં તન-મન-ધનને અંશે પણ અર્પિત કરવાથી જીવન ધન્ય બને.**

એ બનાવવાના કોડ હતા તે ફળ્યા ! શ્રાવકને બીજા શા કોડ હોય ? વીતરાગનું દર્શન મળ્યું એટલે કે વીતરાગની ભેટ (મુલાકાત) થઇ, તો કોડ સફળ કરી શકાય. જૈન મનુષ્યપણે આવા આવા કોડ હોય કે- .

**(૧)** 'સત્ત્વ વિકસાવું.' તે જૈન દર્શનના ત્યાગધર્મ, તપધર્મ અને સહિષ્ણુતાદિથી થાય.

**(૨)** 'તન-મન-ધનનો સુયોગ્ય પાત્રમાં વિનિયોગ કરું.' તે જિનેશ્વર ભગવાન આદિની ભક્તિથી થાય.

સારાંશ, કવિએ આમ 'દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ ! તુજ...' થી શરૂ કરી 'જિનમૂર્તિ-દર્શન અને જિનાગમવાણી-શ્રવણ પામ્યાથી જો હું તમારી સાથે મળી ગયો, તો મારો જન્મ કૃતાર્થ થયો' એમ કહી, એ પામવા પર જાણે સુરમણિ ચિંતામણિ પામ્યો ! કલ્પવૃક્ષ પામ્યો ! પુણ્ય અંકુર ઊગી નીકળ્યા ! ઇચ્છિત પાસા ઢળ્યા ! અમૃતના મેહ વરસ્યા ! અશુભદિન ટળી શુભ દિન વળ્યા ! ભૂખ્યાને ઘેબર મળ્યા !... વગેરે ઉપમાઓ કહી, એના સમાન મને કળિયુગમાં તારું દુર્લભ દર્શન મળ્યું, અને મારી આશા ફળી, એમ કહ્યું.

હવે છેલ્લે કવિ પ્રભુને વિનવે છે કે -

**વાચક હો પ્રભુ ! વાચક જસ તુમ દાસ,**
**વિનવે હો પ્રભુ ! વિનવે અભિનંદન સુણોજી;**
**કહિયે હો પ્રભુ ! કહિયે મ દેજો છેહ,**
**દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિસણ તણોજી...૬**

**ભાવાર્થ :-** હે પ્રભુ અભિનંદન સ્વામી ! આ તમારો દાસ **વાચક** (ઉપાધ્યાય) **યશોવિજય** તમને વિનંતિ કરે છે તે સાંભળો. મારે પ્રભુ ! એ કહેવું છે કે મને (ક્યારેય) છેહ દેતા નહિ, અને મને દર્શનનું સુખ દેજો.

વિવેચન : હે પ્રભુ ! અભિનંદન સ્વામી ! હું તમારો દાસ છું માટે આ દાસની વિનંતિ સાંભળો. તમે મારા સ્વામી છો, સાહિબા છો, અને સાહિબો તે સાચો કે જે સેવકના કામ સુધારી આપે.

એમ કવિ કહે છે - **"સાહિબ તે સાચો રે જગમાં જાણીયે,**
**સેવકના જે સહેજે સુધારે કાજ જો."**

સાચો સ્વામી દાસના કાર્ય સુધારે, દાસની વિનંતી સાંભલી એનું ઇચ્છિત પૂરે; એમ આ તમારા દાસની વિનંતિ સાંભળો.

**'કહિયે હો પ્રભુ ! કહિયે મ દેજો છેહ'**

વિનંતિમાં આ દાસનું વારંવાર આ જ કહેવું છે કે પ્રભુ ! મને છેહ દેતા નહિ. મારી પાસેથી ખોવાઈ જતા નહિ.

આલોક-પરલોકના સમસ્ત સુખ આપવા સમર્થ વીતરાગ અરિહંત પરમાત્મા પાસે કવિ શાની વિનંતિ કરી રહ્યા છે ? 'પ્રભુ ! પ્રભુ ! મને છેહ દેતા નહિ, મને તરછોડી દેતા નહિ.' કેમ એમ માગે છે ? એટલા માટે કે લૌકિક સુખો માગ્યા ને પામ્યા, પણ **એ જે અંતે તો અવશ્ય ખોવાઈ જનારા છે, એ શું માગવા જેવી ચીજ છે ?**

જ્યારે અનંત અનંત કાળે પણ મળવા દુર્લભ એવા અરિહંત પ્રભુ અહીં મળી ગયા છે, તો એમની પાસે માગવું તો એવું માંગવું કે જે મળ્યા પછી કદી ખોવાય નહિ. એ ચીજ તો અરિહંત છે.

**પ્રશ્ન :** અરિહંત ન ખોવાય એ માટે તો આપણી જ સાવધાની જોઈએ ને ? એમાં પ્રભુ પાસે શું માગવાનું કે તમે મને છેહ દેતા નહિ ?

**ઉત્તર :** અલબત્ત, મળેલા અરિહંત ન ખોવાય એમાં સાવધાની આપણી જોઈએ, છતાં પણ એ અરિહંતની કરુણા પર નિર્ભર છે. તેથી જ પ્રાર્થના કરતા રહેવાનું છે કે પ્રભુ તમે મને છેહ દેશો નહિ....

**આપ મને ક્યારેય છેહ ન દેશો :**

હે નાથ ! હું આપના વિશ્વાસે ચાલ્યો છું માટે મને ક્યારેય છેહ-વિશ્વાસભંગ કરશો નહિ, અધરસ્તે મને છોડી જતા નહીં.

સદાને માટે,

**'મારા મનમાં અરિહંત', ને 'અરિહંતમાં મારું મન'. એ મારે જોઈએ છે.**
**'મારું મન અરિહંતને તાણે.' અને 'અરિહંત મારા મનને તાણે.'**

બસ ! 'આપના દરિશનનો વિરહ-છેહ મને ક્યારે ન પડજો'- એવી મારી એકની એક ઉત્કટ અભિલાષા છે.

**પ્રશ્ન :** તો શું ભગવાન છેહ દે ખરા ?

**ઉત્તર :** 'છેહ દે' એટલે શું ? એ જ કે આપણા મનમાંથી ખસી જાય. આપણે લાયક બન્યા રહીએ ત્યાં સુધી ભગવાન આપણને છેહ ન દે, અર્થાત્ આપણા મનમાંથી ખસી ન જાય. આપણી લાયકાત ગઇ તો ભગવાન આપણા ચિત્તમાંથી ખસી જાય; જેમ કે, **નંદમણિયારે** લાયકાત ગુમાવી તો દેડકો બન્યો !

આ લાયકાત એટલે અપુનર્બંધક અવસ્થાના ત્રણ ગુણો. તે આ, કે એ -

(૧) તીવ્રભાવે પાપ ન કરે. (પાપમાં સંતાપ હોય)

(૨) સંસાર પર બહુમાન નહિ, પણ સહજ કંટાળો હોય; કેમકે એમાં વારંવાર જનમવું-મરવું પડે છે.

(૩) સર્વત્ર ઉચિત વર્તન રાખે.

**શ્રાવક નંદમણિયાર :**

પાર્શ્વનાથ ભગવાનના શાસનનો શ્રાવક નંદમણિયાર (ઝવેરી) સદ્ગુરુ અને સુસાધર્મિકોના સત્સંગના અભાવે શ્રાવકપણામાં શિથિલ બન્યો, પાપમાં રાચવાનું આવ્યું, ભવવૈરાગ્ય મોળો પડી ગયો, એટલે લાયકાત ગુમાવી, દિલમાંથી અરિહંત ખસી ગયા. છતાં પર્વતિથિએ ઉપવાસ સાચવી રાખેલો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૪૮,તા.૩૦-૮-૧૯૮૬

એમાં એકવાર રાતના તૃષા જોરદાર લાગી, ને એ વખતે દિલમાં અરિહંત એવા પકડી રાખેલા નહિ, તેથી ખોટા સંકલ્પ વિકલ્પમાં ચડ્યા, અરિહંતના શાસનને માન્ય નહિ એવા વાવડી બનાવવાના વિચારમાં ચડ્યો ! માત્ર વિચાર નહિ, પણ ગામની બહાર વાવડી બંધાવીય દીધી. આ બધામાં આર્તધ્યાનમાં રહેતાં એણે તિર્યંચનું આયુષ્યકર્મ બાંધી, પછીના ભવે એજ વાવડીમાં દેડકા તરીકે જનમ્યો !

એટલું સારું થયું કે, લોકો જે બોલતા કે 'અહોહો ! નંદમણિયાર શેઠે આ વાવડી કેવી સારી બંધાવી !' એવા લોકોના બોલ સાંભળી એને જાતિસ્મરણ જ્ઞાન થયું ! પોતાના પૂર્વભવનો ખ્યાલ આવી જવાથી દિલમાં પાછા અરિહંત આવી વસ્યા ને હવે પાપના પશ્ચાત્તાપ કરતો બેઠો છે ત્યાં 'મહાવીર પ્રભુ વિચરતા પધાર્યા છે' એમ લોક-અવાજ સાંભળી ખુશી ખુશી થઇ જઇ વાવડીની બહાર આવી જઇ પ્રભુના દર્શન-વંદને ચાલ્યો ! એણે પૂર્વે અરિહંત ખોયેલા, ગુમાવેલા, એનો એને ખ્યાલ છે

તેથી જો અહીં અરિહંત મળે છે, તો એમને ભેટું એમ કરી હોંશે હોંશે પ્રભુને ભેટવા દોડ્યો ! એમાં ભીડોભીડના રસ્તા પર ઘોડાના પગ નીચે કચરાતાં દેડકો મર્યો ! પણ જાતિસ્મરણ પછી અંતરમાં હવે પ્રભુને લીધા હતા તે આ ભરોસે, કે 'હવે પ્રભુ મને છેહ નહિ દે,' એટલે જ અહીં કવિ જે વિનવી રહ્યા છે કે 'કદીયે મ દેજો છેહ.' એ એટલા જ માટે, કે- **આ જગતમાં અરિહંતનો ભરોસો સાચો; બીજાના ભરોસા ખોટા.** અરિહંતનો ભરોસો ક્યારેય છોડાય નહીં. તે માટે આપણે લાયક બનતા રહેવાનું, બન્યા રહેવાનું, ને અરિહંત રટણા ન મૂકાય; અરિહંતનો પક્ષ ન છોડાય, એ ધ્યાન રાખવાનું. હવે ઉપસંહારમાં કવિ વિનવે છે...

**'દેજો સુખ દરિસણ તણોજી'**

**'આપ મને દર્શનનું સુખ આપજો.'**

પ્રભુનું દર્શન તો મળે, પણ તેમાં જો આનંદ ન હોય, તો દર્શન ફળે નહીં. જેમ પ્રતિક્રમણ તો કરે પણ તેનો જો આનંદ ન હોય, અર્થાત્ પ્રતિક્રમણ કરે પણ ખેદ સાથે કંટાળા સાથે, તો એટલો નક્કર લાભ ન મળે. એના ઊંડા સુસંસ્કાર ન પડે કે જે પરભવે જવાબ આપે. માટે કહ્યું, જૈનદર્શન અને જિનદર્શન એમ બન્ને દરિશનનો આનંદ મને આપજો.

જેમ પહેલા સ્તવનમાં ખાલી ગુણનો પોષ ન માગતાં, સુખનો પોષ માગ્યો, અર્થાત્ ગુણના સુખનો પોષ માગ્યો, તેમ અહીં ખાલી દર્શન ન માગતાં, 'દેજો સુખ દરિસણ તણોજી' કહીને દર્શનનો આનંદ-દર્શનનું સુખ માગ્યું, પ્રભુનું દર્શન મળ્યાનો આનંદ ને જૈનદર્શન મળ્યાનો આનંદ માગ્યો.

**માત્ર દર્શન નહિ, પણ દર્શનનું સુખ :**

**'ભરતજી મનહી મેં વૈરાગી'** ભરત ચક્રવર્તીને છ ખંડના સામ્રાજ્યનાં અઢળક સુખો પાસે છતાં એમને મનમાં વૈરાગ્ય રહેતો, કેમકે એમને એમાં સુખ લાગતું નહોતું. સુખ લાગતું હતું જિનેશ્વર ભગવાનના શાસનમાં દર્શનમાં.

**જો મનમાં જિનદર્શનનો આનંદ આવે, તો બીજા આનંદ સુકાઈ જાય.**

**ભરત ચક્રવર્તીને** આ દર્શનનો આનંદ સુકાઈ ન જાય માટે એમણે બીજામાં આનંદ સૂકવી નાખેલા, બીજામાં વૈરાગ્ય રાખેલો. આ વિષયોમાં વૈરાગ્ય અને દર્શનમાં જ સુખ એ ભાવના કાયમ ટકી રહે તેથી જ પોતાને જાગતા રાખવા માટે શ્રાવક-માહણો રાખેલા, કે જે એમને રાજસભાના પ્રારંભે રોજ સંભળાવતા કે 'ભરત મહારાજા ! ચેતતા રહેજો, તમે આંતર દુશ્મનોથી જિતાયેલા છો, ભય વધે છે, મા હણ, મા હણ' ને ભરત રાજા એમ જ સદા સાવધાન રહેતા. તેથી તો માત્ર એક આંગળી પરથી વીંટી નીકળી ગઈ, ને ઊંચી વૈરાગ્યની અનિત્યતાની ભાવનામાં

ચડી વીતરાગ બની ગયા ! કેવળજ્ઞાન પામ્યા ! કયા બળ ઉપર આ ઉત્કટ વૈરાગ્ય ? કહો, જિનદર્શનનું સુખ એમને અદ્ભુત લાગતું, એના પર સંસાર પર, સંસારના વૈભવો પર વૈરાગ્ય રહેતો.

**પુણિયા શ્રાવકને** જૈનદર્શન મળ્યાનો આ આનંદ હતો કે તેને મહારાજા તરફથી પુણિયાના એક સામાયિકના ફળના બદલામાં મગધદેશનું સામ્રાજ્ય ભેટ ધરાય ! છતાં એને એ લેવું નહોતું ગમતું! તેથી જ શ્રેણિક ઘેર આવ્યા તો લેશ પણ લહેવાઇ ગયો નહીં. એ સમજતો કે મારી પાસે જે જિનદર્શનનું સામાયિક છે, એની આગળ ત્રિભુવનનું પણ રાજ્ય વિસાતમાં નથી, પછી નાના મગધદેશના રાજ્યની શી કિંમત ? આનું રહસ્ય આ, કે -

**પુણિયાને જિનદર્શન મળ્યાનો અતિશય આનંદ, એટલે જ એમાં એના એક સામાયિકના ફળનો આંકડો મંડાય એવો નહોતો.**

કહે છે 'જૈનદર્શનમાં કડકાઇ બહુ' પણ કડકાઇ છે, ત્યાં જ આત્માનું કલ્યાણ છે. આત્માનું કલ્યાણ સહેલ-સપાટીથી થતું નથી. માટે તો **એક યુવાન વૈરાગીને કોઇએ કહ્યું : 'દાનસૂરિજી મહારાજના સમુદાયમાં કડકાઇ બહુ ; ત્યાં ક્યાં દીક્ષા લો છો ?' ત્યારે આ કહે 'એટલા જ માટે મારે ત્યાં દીક્ષા લેવી છે. કડકાઈમાં જ કલ્યાણ છે.'** કડકાઇ એટલે કષ્ટ, કષ્ટમાં સુખ માન્યું.

**રાજકુંવર મૃગાપુત્રને** નરકનાં કષ્ટ નજર સામે આવ્યાં તેથી જૈનદર્શનના ચારિત્રમાં આનંદ માની વૈભવી સંસાર છોડેલો.

**સુલસા શ્રાવિકા** અંતરમાં મહાવીર પરમાત્માના સુખદાયી દર્શનનું મહાસુખ અનુભવતી હતી, તેથી મિથ્યાદર્શનના દેવો જોવાની એને લેશ પણ આતુરતા થઈ નહિ. મહાવીર પ્રભુના દર્શનનો જ આનંદ માનતી, તેથી પ્રભુ તરફથી 'ધર્મલાભ' સંદેશો મળતા એને 'હુબહુ પ્રભુનું દર્શન મળ્યું' સમજી, એવો પારાવાર આનંદ અનુભવે છે ! કે એની રોમરાજી ખડી થઇ જાય છે ! અને આંખમાં હર્ષનાં અશ્રુ ઉભરાય છે ! મહાવીર ભગવાન જે દિશામાં વિચરે છે તે દિશા તરફ ઝુકી ઝુકીને વંદન કરતી કહે છે...

'ઓ મારા નાથ ! આ દાસી ઉપર આટલી બધી દયા ? આપ મને ધર્મલાભ કહેવરાવો, મારા પર એ આપનો કેટલો બધો ઉપકાર ! ક્યાં આપ ૬૪ ઇંદ્રોથી સેવાતા ત્રણ ભુવનના શિરતાજ ? ને ક્યાં હું એક પામર મનુષ્યની ગુલામડી ? આપ પ્રભુ ! વીતરાગ સર્વજ્ઞ ક્યાં ? અને ક્યાં હું વિષયકષાયના કીચડમાં ખૂંચેલી ? છતાં મારા પર આપ કૃપા કરીને ધર્મલાભની આશીષ મોકલો ? મારી ધર્મપ્રવૃત્તિ પૂછાવો ?'

આ બોલતાં બોલતાં આંખમાંથી આંસું વહે છે. સુલસાને જિનદર્શન મળ્યાનો આનંદ જોતાં વિદ્યાધર અંબડપરિવ્રાજક સ્તબ્ધ થઈ ગયો, મનનું અભિમાન- કે ઓ પ્રભુ ! હું હજાર શિષ્યોનો ગુરુ છતાં મેં કેવુંક આપનું સમ્યગ્દર્શન લીધું ! આ અભિમાન ઓસરી ગયું.

**સમ્યગ્દર્શન એટલે જિનદર્શન મળ્યાનો અપરંપાર આનંદ :**

એ એને અહીં સુલસામાં જોવા મળ્યો, તેથી એને લાગ્યું કે 'પ્રભુએ મને સમ્યગ્દર્શન શી ચીજ છે' એ સાક્ષાત્ મૂર્તિમંત જોવા માટે જ અહીં સુલસા શ્રાવિકા આગળ મોકલ્યો.

આ દર્શનનો આનંદ હતો. **નાસ્તિક પ્રદેશી રાજાને** કેશી ગણી પાસેથી જિનદર્શન મળ્યા પછી ! તેથી જ વિષયાંધ રાણી તરફથી ઝેર મળ્યું છતાં દર્શનના સુખે એ સમાધિ મૃત્યુ પામી સૂર્યાભવિમાનના માલિક દેવ થયા ! ને ત્યાં દર્શનાનંદી બની રહ્યા. માટે શાસ્ત્રમાં ગવાયા... **"તે જિનપૂજાથી આરાધક...**

**તિમ સૂરિયાભ પ્રમુખ બહુ સુરવર, દેવી તણા સમુદાયાજી"**

**ખંધકસૂરિના ૫૦૦ શિષ્યો** ઘાણીમાં પીલાણા, છતાં જિનદર્શનના સુખે સુખી હતા, તો ઘાણીમાં પિલાવા ને પિસાવાની ઘોર પીડામાં જરાય દુઃખ કે દ્વેષ ન અનુભવતા વીતરાગ બન્યા ! સર્વજ્ઞ અને સિદ્ધ બની મોક્ષમાં સિધાવી ગયા !

દૈવી પરીક્ષામાં **સૂર્યયશા રાજાએ** પોતાના ગળે પોતે જ જાતે તલવારના ૯-૯ ઘા મારવાં છતાં રાજાને હૈયામાં સહેજ આંચકો નહીં ! કારણ કે રંભા-ઉર્વશીની માગણીમાં પોતાની અષ્ટમી તિથિની આરાધના માટે પોતાનું માથું કાપી આપીને અષ્ટમીની આરાધના ઊભી રાખે છે ! આ હિંમત કોણ આપે છે. દર્શન સુખનો આનંદ આપે છે. 'હાશ' મને જિન-વીતરાગનું દર્શન મળ્યું એવું દર્શનમાં સુખ જે ન અનુભવે, એ દર્શન કરે તે રોતડ ! ઉલ્લાસ ભર્યું નહિ.

**જેને ધર્મમાં સુખનો અનુભવ નહિ, તેનો ધર્મમાં તેવો ઉલ્લાસ નહીં,** એટલે (૧) એવા ધર્મના એના હૈયામાં ઊંડા સંસ્કાર ન પડે કે જે પરલોકે સારા ઉપયોગી થાય, વળી (૨) એવું પણ બને કે કરેલ ધર્મનું સુખ નથી અનુભવ્યું એટલે કદાચ એવો સંયોગ આવતા કરેલા ધર્મસુકૃતને સંતાપથી બાળી નાખે. દા.ત. ટીપમાં તો લખાવ્યું, પરંતુ 'હાશ ! ઠીક થયું આટલી પરિગ્રહની બલા છૂટી'- એવો સુખનો અનુભવ નથી, તો પછી બડબડ કરતો રહેશે. 'હાય ! ક્યાં ફલાણાની શરમમાં પડ્યો ? ને, આ લખાવવું પડ્યું?' અથવા પાછળથી કોઈના એવું બોલવા પર 'ક્યાં મેં લખાવ્યા !' એવો સંતાપ કરશે. ધર્મસુકૃતમાં સુખનો અનુભવ નહિ, માટે આ અનિષ્ટ બને છે.

દર્શનના દિવ્ય સુખના અનુભવથી જ **અર્હન્નક શ્રાવકને** દેવતા કહે 'મૂકી દે તારું જૈનદર્શનનું પૂંછડું ! નહિતર ખત્મ કરી નાખીશ તને !' એમ કહી દેવે કરેલા ભયંકર ઉપસર્ગ-ઉપદ્રવમાં પણ મનમાં જિનદર્શનના રહેલા દિવ્ય સુખાનુભવથી દુઃખ નથી લાવતો ! કવિ અરિહંત શ્રી અભિનંદન જિન પાસે આ દર્શનસુખનો આનંદ માગે છે.

'દેજો સુખ દરિસણ તણોજી' આમાં કવિએ પ્રભુ પાસે સુખ માગ્યું, પણ તે શાનું ? સંપત્તિ-ઐશ્વર્યનું નહિ, કિન્તુ દર્શનનું ! એ સૂચવે છે કે -

**ભક્તને મન ભગવાનના દર્શન જેવું બીજું સુખ નથી :**

પ્રશ્ન થાય-

**પ્રશ્ન :** ધન-માલ-પક્વાન્નના સુખ કરતાં દર્શનનું સુખ કેમ ઊંચુ?

**ઉત્તર :** (૧) ધનમાલના સુખ મેળવીને ય શું કરવું છે ? આનંદમંગળનો અનુભવ જ ને ? તો એ આનંદ-મંગળ તો દર્શનમાં સુખનો અનુભવ કરનારને ઓછું નથી હોતું. પરંતુ ધનમાલમાં આનંદ-મંગળનું સુખ તકલાદી છે. જરાક કોઈ મોટો શ્રીમંત આવ્યો કે એ ડુલ થઈ જાય છે. ત્યારે દર્શનનું સુખ અખંડ રહે છે.

(૨) દર્શનમાં સુખ અનુભવનારો મોટી સંપત્તિ જેવાનાં સુખને તુચ્છ ગણી શકે છે. જ્યારે સંપત્તિને સુખ માનનારો અવસરે દીન-ગરીબડો થાય છે. **દક્ષિણમાં એક રાજાની સભામાં** અહીંનો સરસ્વતીના અવતાર જેવો એક પંડિત પહોંચ્યો. રાજાને શાસ્ત્રવિનોદ કરાવતાં. રાજા કહે છે- 'લ્યો એક લાખ રૂ. નું ઇનામ લઈ જાઓ.'

પંડિત કહે : 'આપનો આભાર માનું છું. પણ મારે કાંઈ જોઈતું નથી.'

રાજા બહુ આગ્રહ કરે છે તોય પંડિત લેતો નથી, તેથી

રાજા અભિમાનથી કહે : 'તમને કદર નથી ? આટલામાં આવું મોટું દાન કરનાર મારા જેવો બીજો ક્યાં મળશે ?'

પંડિત કહે : 'હજી દેનાર તો કોક મળીય જાય, પરંતુ આવડી મોટી રકમ લેવાનો ઈનકાર કરનાર બીજો કોઈ દેખ્યો ?' રાજા સમજી ગયો, પંડિતની ક્ષમા માગે છે. પંડિત મોટી લાખ રૂ. જેવી રકમ સહેજમાં મળતી હતી, એ લેવાની 'ના' શી રીતે કહી શક્યો હશે ? કહો. એની પાસે દર્શનશાસ્ત્રોનું જે જ્ઞાન હતું, એ જ્ઞાનમાં એને ક્રોડોના ધન કરતાં કંઈગુણું ઊંચું સુખ લાગતું હતું !

સારાંશ-એમ અહીં પરમાત્માનાં દર્શનનાં સુખને કવિ અનુપમ સમજે છે, તેથી ભગવાન અભિનંદન સ્વામીને વિનવે છે; 'દેજો સુખ દરિસણ તણોજી'. પ્રભુ મને આપના દરિસનનું સુખ આપજો.

**(ઈતિ શ્રી અભિનંદન જિન સ્તવન વિવેચના)**

# શ્રી સુમતિનાથજિન સ્તવન-૫

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ...૧

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;
પરિમલ કસ્તુરી તણોજી, મહીમાંહે મહેંકાય...સોભાગી...૨

આંગળિયે નવી મેરું ઢંકાયે, છાબડિયે રવિ તેજ;
અંજલિમાં જિમ ગંગ ન માયે, તિમ મુજ મન પ્રભુ હેજ; સોભાગી...૩

હુઓ છીપે નહીં અધર અરુણ જિમ, ખાતાં પાન સુરંગ;
પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી...૪

ઢાંકી ઈક્ષુ પરાળશુંજી, ન રહે લહી વિસ્તાર;
વાચક યશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર...૫

● ● ●

## શ્રી સુમતિનાથજિન સ્તવન વિવેચના-૧

**સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,**
**તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહે ભલી રીતિ;**
**સોભાગી જિનશું, લાગ્યો અવિહડ રંગ...૧**

**ભાવાર્થ :** મારા મનની પ્રીત સુમતિનાથ ભગવાનના ગુણો પર ઢળવાથી વધતી રહે છે. જેમ કે, તેલનું ટીંપુ (પાણી પર પડે તો) પાણી પર વિસ્તાર પામી જાય છે. (પ્રભુના ગુણો પર પ્રીતિનાં વિસ્તારનું કારણ)'સોભાગી જિનશું'... સૌભાગ્યવંતા જિનેન્દ્ર ભગવાન પર મને અવિહડ (વિઘટન ન થાય એવો) રંગ લાગ્યો છે.

**વિવેચન :** ચોથા અભિનંદન સ્વામીની સ્તુતિમાં જિનમૂર્તિ અને જિનવાણી મળતાં કેટલો બધો અનહદ આનંદ થાય છે એ ઉપમાઓથી વ્યક્ત કર્યો. હવે એ પ્રશ્ન છે કે 'પ્રભુ મળી ગયા તેટલા માત્રથી શું ?' પણ મનમાં પ્રભુ પર અવિહડ અવિચળ રંગ જમાવવો જોઈએ, અને તે શી રીતે બને ? તો કે પ્રભુના ગુણની પ્રીતિ એવી ઊભી કરાય કે એ વધતી ને વધતી જ રહે. તો રંગ જામે. તેથી કવિ

અહીં કહે છે –

**'સુમતિનાથ ગુણશું મિલીજી...'** સુમતિનાથ ભગવાનના ગુણો જે બીજા દેવી-દેવતાઓમાં જોવા ન મળે એવા ઉત્કૃષ્ટ, અજોડ અને અપરંપાર છે કે એ વીતરાગ અરિહંતના ગુણો પર મારા મનની પ્રીત જામી પડી છે.

**પ્રભુમાં અજોડ ગુણો શાથી ? પ્રશ્ન** : ભગવાનમાં આ અન્યત્ર અલભ્ય એવા ઉત્કૃષ્ટ, અજોડ, અને અપરંપાર ગુણો શી રીતે આવ્યા ? તો કે,

**ઉત્તર** : (૧) પહેલું તો અરિહંત પ્રભુના આત્મામાં અનાદિ કાળથી વિશિષ્ટ તથા-ભવ્યત્વ હોય છે, અને અજિનસિદ્ધ થનારા બીજા ભવ્ય જીવો કરતાં વિશિષ્ટ પ્રશ્ને અનેરું તથા ભવ્યત્વ હોય છે; એથી એ ગુણો પ્રગટ થાય છે.

**(૨) પ્રભુની અંતિમ પૂર્વના ત્રીજા ભવની ત્રણ સાધનાઃ જેવી કે –**

(A) જ્વલંત સમ્યગ્દર્શન, (B) સર્વજીવ કરુણા અને (C) અરિહંતાદિ ૨૦ સ્થાનકની જ્વલંત સાધના. એટલી બધી ઉચ્ચ કોટિની હોય છે કે એથી આત્માના કંઈ કચરા સાફ થઈ જવાથી આવા અતિ દુર્લભ અને અનુપમ અપાર ગુણો પ્રગટે એમાં નવાઈ નથી. ઈતર દર્શનોમાં પરમાત્મા બનવાની આ કોઈ પ્રક્રિયા જ નથી. એમને તો અનાદિસિદ્ધ પરમાત્મા માનવા છે, પરંતુ

**અનાદિ પરમાત્મા માનવા એ યુક્તિહીન માન્યતા છે.** એવા પરમાત્મા હોય એ કોઈ યુક્તિથી સિદ્ધ નથી. વળી એવા પરમાત્મા જગતને કશા ઉપયોગના પણ નહિ; કેમ કે અનાદિસિદ્ધ અને અરૂપી નિરંજન નિરાકાર આત્માને શરીરાદિ નહિ, પછી ભગવાન ધર્મ-ઉપદેશ પણ શી રીતે દે ? અને ધર્મસંઘ પણ શી રીતે સ્થાપે? અને સંઘને ઉચિત કર્તવ્યો અને હિતમાર્ગ પણ શી રીતે બતાવે ? જ્યાં અનાદિસિદ્ધને બોલવાનું જ નહિ, ત્યાં અજ્ઞાન જગતને જ્ઞાન-પ્રકાશ કોણ આપે ? તેમ એવા પરમાત્માને જગત ઓળખે પણ શી રીતે ?

**પ્રશ્નઃ** મહર્ષિઓ ઉપદેશ આપે ને ? એ અનાદિસિદ્ધ પરમાત્માની ઓળખ કરાવે ને ?

**ઉત્તર** : પણ મૂળ વાત તો એ છે કે મહર્ષિઓ પણ શી રીતે મહર્ષિ બની શક્યા ? મહર્ષિ બનવાનો માર્ગ ક્યાંથી શીખ્યા ? જો કહો કે પૂર્વમહર્ષિ પાસેથી શીખ્યા ? તો શું મહર્ષિની પરંપરા અનાદિથી ચાલી આવે છે ? એમ હોય તો પછી અનાદિ શુદ્ધ પરમાત્મા માનવાની જરૂર જ શી રહે ? તેથી ખરી વસ્તુ એ છે કે મહર્ષિઓમાંથી કોઈક વિશિષ્ટ સાધનાના બળે વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા થાય છે, અને એ ધર્મશાસન સ્થાપે છે. હિતનો ઉપદેશ આપે છે. યોગ્ય જીવોને દ્વિવિધ ધર્મ ગૃહસ્થધર્મ-સાધુધર્મ આપે છે. એમ અરિહંત પરમાત્મા બનનારમાં

અપાર ગુણસમૂહ હોય છે. એ ગુણો મન પર ઓવારી જાય એવું હોય છે; કેમ કે આપણી નાની બાબતમાં ય રાગ-દ્વેષ, હરખ-શોક વગેરે ખરાબીઓ ? ક્યાં ન પરમાત્મામાં ભારે અનુકૂળતા છતાં રાગ નહિ ! ભયંકર દુશ્મન પર દ્વેષ નહિ ! એવી વીતરાગ અવસ્થા ક્યાં ? આ જોઈને અરિહંતના ગુણ પર હૈયું ઓવારી જાય ! તેમ એમનાં ગુણો પર અથાગ પ્રેમ પ્રીતિ થાય એ સહજ છે.

કવિ કહે છે : 'ભગવાનના ગુણો પર લાગેલી પ્રીતિ વધતી ચાલે છે.' કેમ ?

પ્રભુભક્તને સંસારની વિટંબણા અધિકને અધિક ખટકતી જાય છે; તેથી પ્રભુ પર પ્રીત વધતી જાય એ સહજ છે.

એ શેની જેમ ? તો કે,

**"તેલબિંદુ જિમ વિસ્તરેજી, જળમાંહી ભલી રીતિ....."**

પાણી પર તેલનું ટીપું પડે, તો એ નાનું પણ ટીપું જળની સપાટી પર ફેલાઈ જાય છે. એમ પ્રભુના ગુણો પર મારી પ્રીતિ ફેલાઈ જાય છે, પ્રસરી જાય છે. વળી પાણીમાં બીજું પાણી પડીને અથવા એ જ પાણી પહોળી સપાટીના વાસણમાં નંખાઈ જાય તો પાણીની સપાટી મોટી થાય તો તેલબિંદુનો પ્રસાર વધે છે. તેલનો સ્વભાવ છે કે એનો સ્થૂળ અણુ અણુમાં વિભાજિત થઈ, જલના અણુ અણુ પર પ્રસરી જાય છે. એમ પ્રભુના ગુણો પર લાગેલી પ્રીતિનો સ્વભાવ એવો છે કે જેમ જેમ પ્રભુના અધિકાધિક ગુણ મન પર આવતા જાય તેમ તેમ એના પર મનની પ્રીતિ વધુને વધુ પ્રસરતી જાય. ત્યારે પૂછો – **પ્રશ્ન** : પ્રભુના ગુણો કયા કયા ?

**ઉત્તર :** પ્રભુના ગુણો અનંતા છે, શે ગણાવાય ? પરંતુ સંક્ષેપમાં પ્રભુના ગુણો કયા ? વીતરાગતા, નિર્વિકારતા, ઉદાસીનતા, ઉપશમ, સહિષ્ણુતા, નિર્વિ-કલ્પતા, વાત્સલ્ય, કરુણા... વગેરે વગેરે. આપણે **ચરમાવર્તમાં આવ્યા પછી, અને એમાંય ભવાભિનંદિતાના પાયાનો દોષ ટાળ્યા પછી સહેજે ગુણ પર પ્રીતિ થાય.** એમાં વળી વીતરાગ પ્રભુના ગુણ જોવા મળ્યા, એટલે તો એના પર આપણા હૃદયની પ્રીતિ ઊછળી પડે, અને એમાં એવી ભળી જાય કે એ પછી બીજે જવી મુશ્કેલ બને. અર્થાત્ વીતરાગના ગુણો જોવા ગમે, અને એના પર હૈયું જેવું ઓવારી જાય, એવું દુન્યવી કશું ન ગમે, દુન્યવી કશા પર હૈયું ન ઓવારી જાય.

**પ્રશ્ન** : આમ પ્રભુના ગુણો પર પ્રીતિ વધવાનું મુખ્ય કારણ શું ?

**ઉત્તર :** કવિ કહે છે – **"સૌભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ."**

ગુણો પર પ્રીત થવાનું કારણ એ, કે એ ગુણો કોના ? જિનેશ્વર ભગવાનના; અને મૂળ પાયામાં એ ભગવાન જ એવા સૌભાગી છે, એવા સૌભાગ્યવંતા છે કે મને એમના પર અવિહડ રંગ લાગ્યો છે. જે વ્યક્તિ પર 'અવિહડ' યાને 'અવિઘટ'

એટલે કે 'વિઘટન'-વિનાશ ન પામે એવો રંગ લાગ્યો હોય, એના ગુણ બહુ ગમે.

**ગૌતમ મહારાજને પ્રભુ પર અવિહડ રંગ :**

ઈંદ્રભૂતિ ગૌતમને મહાવીર પ્રભુથી પોતાનો સંશય ભેદાઈ જવા માત્રથી મહાવીર પ્રભુ ગમી ગયા. પ્રભુશું અવિહડ રંગ લાગી ગયો ! તે એવો કે હવે ઘરે પાછા જ જવું નથી ! તો પછી પ્રભુના ગુણોમાં એમની પ્રીત કેવીક ભળી ગઈ ?

પ્રભુના ગુણો સિંહાવલોકન દૃષ્ટિથી જોઈએ તો - દા.ત. પ્રભુમાં સહિષ્ણુતાનો મોટો ગુણ દેખાય, જેણે ઉત્થાન અને પ્રગતિ કરવી હોય એને આ અતિ જરૂરી ગુણ છે. આપણે કાંઈક પણ સહન કરવાની વાત આવે ત્યાં મન કચવાટ અનુભવે છે, ઝટ ભાગવાનું કે સામનો કરવાનું મન થાય છે. ત્યારે પ્રભુએ એક હિસાબ રાખ્યો છે.

પ્રભુનો એક હિસાબ- કે 'જે આવે તે આનંદથી સહી લેવું, મનથી વધાવી લેવું.'

મહાવીર ભગવાન જનમથી મહાજ્ઞાની છે, છતાં માતાપિતા એમને મોહથી મહેતા પાસે ભણાવવા માટે નિશાળે મૂકવા ચાલ્યા ! સરસ્વતીને ભણવા બેસાડવી એના જેવું આ તદ્દન અજુગતું વર્ધમાન કુમારને પંતુજી પંડિત પાસે નિશાળે ભણવા બેસાડવાનું કાર્ય છે; પણ વર્ધમાનકુમાર કશો ઈનકાર કરતા નથી કે એક અક્ષર પણ બોલતા નથી કે "મહેતો કેટલું ભણ્યો છે ? મને શું ભણાવશે ?"... ના, એ તો

'જે આવ્યું તે શાંતિથી સહી લેવાનું, વધાવી લેવાનું.'

આ જ હિસાબ રાખ્યો છે, તો પૂછો –

**પ્રશ્ન :** આમલકી ક્રીડામાં પરીક્ષા કરવા આવેલ દેવતાએ પ્રભુને ખભે લઈ તાડ જેટલું ઊંચુ રૂપ કરીને ડોળાં કાઢી પ્રભુને બીવડાવવાનું કર્યું, ત્યારે કેમ પ્રભુએ એ સહી ન લીધું ? કેમ વધાવી ન લેતાં દેવને મુઠ્ઠી મારીને નીચે બેસાડ્યો ?

**ઉત્તર :** આનાં બે કારણ – (૧) એક તો સાથે રમવા આવેલા નાના છોકરાં ગભરાઈ ગયા હોય, એમને શાંતિ અને હિંમત આપવા માટે પ્રભુએ દેવતાને બોધપાઠ ભણાવ્યો. (૨) બીજું કારણ આ, ઈંદ્રસભામાં ઈંદ્રે કરેલી પ્રભુ-પ્રશંસા પર મિથ્યાત્વી દેવતા પ્રભુને એક સામાન્ય મનુષ્ય બાળક સમજી અહીં પ્રભુને ડરાવવા આવ્યો છે, તો એને સમજાવી દેવું હતું કે "અનંત બળી અરિહંતજી, આ કોઈ સામાન્ય બાળક નહિ આ તો અસાધારણ બાળક છે." માટે એને પ્રભુએ મુઠ્ઠી મારી, તે મુઠ્ઠીપ્રહાર દેવને પણ અસહ્ય હતો, તેથી હવે દેવતાને ભાન થતાં એ પ્રભુને નમી પડ્યો અને ભગવાનની ક્ષમા માગી.

**મહાવીર ભગવાનનો એક ગુણ 'સંસારી લાલચો ફગાવી દેવાનો' :**

ભગવાને ચારિત્ર લીધું ને કઠોર સાધનામાં લાગ્યા. ત્યાં પૂર્વના સંસારસુખ સગવડ, માન-સન્માન, ખાનપાનાદિ લેશમાત્ર પણ એ યાદ નથી કરતા કે 'હું તો

આવા સુખ-સન્માનવાળો રાજકુમાર હતો ને મારે આ સહવાનું ?' ના, કેમ કે સાંસારિક લાલચો કશી રાખી નથી. **ભગવાનનો વૈરાગ્ય કેવો ?** તો કે ભગવાન જન્મથી મહાવૈરાગી છે. ભગવાન ઘરે હતા ત્યારે એમને સારું સારું ખાવાપીવા-પહેરવા-ઓઢવા માટે મનાવવા પડે. એટલે તો મહાવીર મોટા થયા ત્યારે પિતા સિદ્ધાર્થરાજાને વિચાર આવે છે કે આવા વૈરાગીને વિવાહ કરવાનું કહેવું કેવી રીતે ? પ્રભુને ભોગાવલિ બાકી છે એ પોતે જાણે છે છતાં પ્રભુને પરણવાની લાલચ નથી.

**પ્રભુનો એક મહાન ગુણ નિરભિમાનતાનો :**

જન્મતાં ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ ભગવાનનો મેરુ પર જન્માભિષેક ઊજવે છે છતાં પ્રભુને લેશ માત્ર અભિમાન નથી કે 'મારું કેવું સન્માન થઈ રહ્યું છે ?' જન્મતાં મેરુને ડોલાવનારા મહાવીર ભગવાન તેમના કાનમાં ખીલા ઠોકવા ઈચ્છતા ગોવાળિયાને અનુકૂળ થઈને રહ્યા ! જેથી પેલો સહેલાઈથી પ્રભુના કાનમાં ખીલા ઠોકી શકે ! કેવી પ્રભુની વત્સલતા ! સહિષ્ણુતા ! ધીરતા ને વીરતા ! કેવી ક્ષમા ! ને નિર્વિકારતા ! 'ગુણશું મિલીજી વાધે મુજ મન પ્રીત' એટલે કે પ્રભુના આ આવા ગુણો આપણને ગમ્યા. એટલે આપણને પણ ભગવાનની સહિષ્ણુતા-નિસ્પૃહતા-નિરાભિમાનતા-નિર્વિકારતા-ક્ષમા-સમતા વગેરે ગુણો પર અહોભાવ થાય, એ ગુણબીજાધાન છે, ગુણોના બીજનું વાવેતર છે. **'બીજં સત્પ્રશંસાદિ'** એમ શાસ્ત્ર કહે છે – પણ ગુણ-પ્રશંસા ત્યારે જ થાય કે જો ગુણ ગમે, ગુણ પર પ્રીતિ થાય તેમ પ્રભુ ગુણ પરની પ્રીતિ વિસ્તારી તેના પર **અહોભાવ** થયો એટલે દોષ ને દોષપ્રેરક વિષયો પરથી મન ઊભગે, 'છટ્ ! દોષો કેવા નઠારા !' એમ મનને થાય.

**અભિમાન રોકવા ૪ વિચારણા :**

**પ્રશ્ન :** ભગવાનને એવી ઈન્દ્રો-ઈન્દ્રાણીઓથી મેરુ પર્વત પર અભિષેક કરવાની મહાસન્માનની અવસ્થામાં અભિમાન કેમ નહીં ?

**ઉત્તર :** કારણ એ છે કે પ્રભુને ખ્યાલ છે કે –

(૧) 'હું અનંત કર્મોનો ગુલામ છું' આ વિચારથી લાગે કે 'ગુલામને શું અભિમાન શોભે' ?

(૨) મેં પૂર્વ ભવેથી ભવયાત્રા પડતી મૂકી મોક્ષયાત્રા આરંભી છે, એટલે હું સર્વથા કષાય-ક્ષયનું જીવન જીવવા નીકળ્યો છું. તેમાં વચ્ચે આવી પડતાં આ માન-સન્માનમાં અભિમાન કષાય કેમ કરાય ?

(૩) 'મારી પહેલા અનંતા અરિહંતના આ રીતે મેરુ પર્વત પર મહોત્સવ થયા તે બધાએ અભિમાન નથી કર્યા, તો મારે અભિમાન શા કરવાના ?' આ વિચારે ભગવાનને અભિમાન નહીં, તેમ

(૪) ભગવાન 'આ સન્માનમાં પોતાના આત્માનું શું વળ્યું ?' આ વિચારથી પણ અભિમાન નથી કરતા.

**ભગવાનની બાળપણમાં ય અનાસક્તિ :**

આ બધાં ભગવાનના અદ્ભુત ગુણો છે. તેમ ભગવાન બાળપણમાં પોતાના અંગુઠામાંથી અમી પીએ છે, પણ ત્યાં માતાનું સ્તનપાન નથી કરતા; એમને માતાને બાઝી પડવાના કોડ નથી ! બાળ ભગવાન રમવા જતા, તે પણ પોતાના રસથી નહિ કિન્તુ બીજા નાના બાળકોનાં આગ્રહને વશ એમનું મન રાખવા માટે જ જતા. તેમ ભગવાનને વળી મોટા થયે રાજપાટ-પત્ની-પરિવાર-ખજાના વગેરે કશા પર આસક્તિ- આકર્ષણ નથી હોતું. લગ્નમાં કે રાજ્ય ચલાવવામાં એ અનાસક્ત જ રહે છે. ભગવાન જીવંત છે, નીરોગી છે, છતાં દિલમાં આની કશી ઊર્મી જ ઉઠવા દેતા નથી.

તેમ સાધુપણામાં ભગવાનને આવીને હાલી-મવાલી જેવા દુષ્ટો સતાવી જાય છે, છતાં અતુલબળી ભગવાન રોષ કરતા નથી, છંછેડાતા નથી. ભગવાને બળનો ઉપયોગ શત્રુનો સામનો નહિ પણ સહન કરવામાં કર્યો ! એ અનંતબળી ભગવાનની **સહિષ્ણુતા સહન કરવાની વૃત્તિ કેવી ! કે ચાહીને કર્મક્ષયાર્થે અનાર્ય દેશમાં ગયા !** આ બધા ભગવાનના ગુણોમાં મારી પ્રીતિ તેલની જેમ વિસ્તાર પામે છે !

**ભગવાનનું સૌભાગ્ય કેવું ?**

આમેય દુનિયામાં સામાન્ય સૌભાગ્યવાળાનાય પગલાં સૌને ગમે છે, તો તીર્થંકર ભગવાન તો વિશિષ્ટ સૌભાગ્યવાળા ! તે કેવા ? તો કે ઓછામાં ઓછા એક કરોડ દેવતા તો ચોવીસે કલાક એમની સાથે હોય, તે પણ લોકાચારમાં આવેલાની જેમ સુસ્ત મુખમુદ્રાવાળાને મૂંગા મૂંગા બેઠેલા નહિ, પરંતુ ગીતગાન, વાજિંત્રનાદ, નૃત્ય, રાસડા વગેરે કરતા ત્યાં રહેલા હોય; આ પ્રભુનો વિહાર હોય તો પ્રભુની સાથે ચાલતા હોય. પ્રભુનું વિશિષ્ટ સૌભાગ્ય કેવું તો કે પ્રભુ ચાલે ત્યારે વૃક્ષો નમે ! પંખેરા ગગનમાં પ્રદક્ષિણા ઘૂમરી દેતા ચાલે ! ચારેકોરથી ટોળેટોળા લોકો જોવા દોડ્યા આવે ! એમને પ્રભુ પાસેથી ખસવાનું મન ન થાય. અરે ! ઈંદ્રો ને દેવતાઓ આવ્યા કરે ! દેવીઓ-ઈંદ્રાણીઓ આવે ! તેઓ પ્રભુને હરખભેર ટગરટગર જોતા જ રહે. પ્રથમ જિનેશ્વરના સ્તવનમાં કહ્યું –

**"કલ્પવૃક્ષ પર તાસ ઈંદ્રાણી નયન જે, ભૃંગ પરે લપટાય"**

અર્થાત્ જેમ ભૃંગ-ભમરા કલ્પવૃક્ષ પર લપટાય એમ ઈંદ્રાણીઓનાં નયન પ્રભુ પર લપટાય છે. આવા અવ્વલ સોભાગી-સૌભાગ્યવંતા જિનેશ્વર પ્રભુ સાથે અવિહડ-અવિઘટ રંગ-અવિનાશી રંગ લાગે એમાં શી નવાઈ ?

પાણી પર તેલબિંદુની જેમ આ પ્રભુના ગુણો પર પ્રસરનારી પ્રીત દિલમાં રાખી શકાય એવી નથી એ વાત કવિ હવે બીજી ગાથામાં કહે છે –

**સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય;**

**પરિમલ કસ્તુરી તણોજી, મહીમાંહે મહેંકાય...સોભાગી...૨**

**ભાવાર્થ :** સજ્જન પુરુષ સાથે જે પ્રીત ઊભી થાય તે છૂપી રાખી શકાતી નથી (દા.ત.) કસ્તુરીની સુવાસ (છૂપી ન રહેતાં) પૃથ્વી પર મહેંક મહેંક થાય છે.

**વિવેચન : સજ્જન સાથેની પ્રીતિનું કાર્ય :** કોઈ સજ્જન પુરુષ પ્રત્યે આપણાં દિલમાં જો આવી કોઈ પ્રીત ઊભી થઈ ગઈ હોય, તો એ દિલમાં ગુપ્ત છાની-દબાઈ ન રહેતાં વ્યવહાર અને વાણીમાં વ્યક્ત થાય છે. દા.ત. એ સજ્જન આપણા ઘરે આવતાં, પહેલાં તો આપણે ઝટ હરખભેર આવકારીએ છીએ કે 'અહો ! અહો ! પધારો પધારો સાહેબ !' પછી આસન-પ્રદાન, કુશલ-પૃચ્છા જલપાનાદિ ભક્તિ.... વગેરે કરી એમનાં ગુણગાન કરીએ છીએ. ઈત્યાદિ ઈત્યાદિ વાણી-વર્તાવનો વ્યવહાર સજ્જન પ્રત્યેની પ્રીત પર ચાલે જ છે, ને બધાં વ્યવહારોથી પ્રીત વ્યક્ત થઈ જ જાય છે; પરંતુ આવા કશા વ્યવહાર વિના સજ્જન સાથેની પ્રીતિને દિલમાં ગુપ્તપણે દાબી શકાતી નથી. અંતરમાં જો ખરેખર પ્રીત છે તો તે વાણી-વર્તાવમાં ઊતર્યા વિના રહે જ નહિ. દા.ત. કસ્તુરીની સુવાસ એવી હોય છે કે એ છૂપી રાખી શકાતી નથી; એ તો પૃથ્વી પર પ્રસરે જ છે. એમ સજ્જન પરની પ્રીત દિલમાં છૂપી ન રહેતાં વાણી-વર્તાવના વ્યવહારમાં ઊતરે જ છે. કવિ કહે છે, બસ એજ રીતે મારા દિલમાં જાગેલી પ્રભુ પર ને પ્રભુનાં ગુણો પરની પ્રીતિ એમ જ અંદરમાં છાની છૂપી ગુપ્ત રહી શકતી નથી, બલકે એ પ્રીત પ્રભુનાં દર્શન-પૂજન-સ્તુતિ વગેરે વગેરેમાં પ્રગટ થઈ જ જાય છે.

વાત સાચી છે. બીજા દેવોને છોડીને વીતરાગ પ્રભુનાં દર્શન-પૂજનાદિ થાય તે એ પ્રભુ પ્રત્યે પ્રેમથી આકર્ષાયા વિના થોડા જ થાય છે ? પ્રેમથી આકર્ષાઈને જ દર્શન-પૂજનાદિ થાય છે. એટલે એ દર્શન-પૂજનાદિમાં પ્રેમ વ્યક્ત થાય છે. આમ પ્રેમ ગુપ્ત રહી શકતો નથી. એ સજ્જનનાં સન્માન કરાવે છે. પરંતુ હા, એક વિશેષતા છે, કે સજ્જન સાથેની પ્રીતિમાં સજ્જનના માત્ર સન્માન જ કરવાનાં હોય એવું નથી. કિન્તુ સજ્જનના ગુણોનું અનુકરણ પણ કરવાનું હોય છે; જેમ કે, સજ્જન જો સારો દાતાર છે, તો એના દાનનું અનુકરણ થાય, યથાશક્તિ દાન દેવાય. જો તપસ્વી છે તો એના તપનું અનુકરણ થાય. ત્યારે પ્રભુ તો શ્રેષ્ઠ સજ્જન છે, તો પ્રભુ સાથેની પ્રીતમાં પ્રભુનાં પૂજન-બહુમાન-ગુણગાન ઉપરાંત પ્રભુના ગુણોનું અલ્પાંશે પણ અનુકરણ થાય. 'મારા ભગવાને મહાત્યાગ કર્યા હતા, તો

હું પણ મારાં જીવનમાં થોડો થોડો તો ત્યાગ અપનાવું !' એમ ભગવાનની તપસાધના-સંયમસાધના વગેરેને લઈને સ્વજીવનમાં એ અલ્પાંશે ઉતારાય અને એ માટે 'ભગવાન્ ! તારા સેવકપણાનું નામ ધરવા ખાતર આટલું તો મારે કરવું જ જોઈએ ને એમ જીવનમાં ત્યાગ તપ વગેરે આચરતા રહેવાય, એમાં અંતરમાં રહેલો પ્રભુપ્રેમ વ્યક્ત થાય છે.

એમ, જેવી રીતે પત્નીને જો પતિ પર હૈયામાં પ્રેમ છે, તો એ એ જ વિચારે છે, કે 'અમુક બાબત હું કરું એ એમને ગમતું નથી, તો તો મારે એ નહિ જ કરવી જોઈએ' અને એમ એ ન કરે, એમાં પતિ પ્રત્યે પ્રેમ વ્યક્ત થાય છે.

**પ્રભુના પ્રેમ ખાતર :**

એવી રીતે જો આપણા હૈયામાં પ્રભુ પર પ્રેમ છે તો મનને એમ થાય કે, 'મારા પ્રભુને હું હિંસા-જૂઠ-ચોરી આદિ કરું એ નથી ગમતું'. અને હૈયામાં એવું થવાથી પ્રભુની ખાતર એ પાપોનો અપકૃત્યોનો જીવનમાંથી ત્યાગ થાય. એ ત્યાગમાં પ્રભુનો પ્રેમ વ્યક્ત થાય છે. આપણે પ્રભુના પ્રેમની ખાતર રોજ પ્રભુની સુંદર પૂજાભક્તિ કરતા હોઈએ એમ સાથે સાથે ૧૨ તિથિ કાંઈ ને કાંઈ તપ કરતા રહીએ, ને અવસરે અવસરે બોલતા હોઈએ કે પ્રભુ પરના પ્રેમથી, પ્રભુ ખાતર આટલું થઈ જાય છે, તો એ જોનાર એમ બોલે છે કે 'ભાઈ ! આમનામાં પ્રભુ પર ભારે રાગ છે, તે પ્રભુની ખાતર આવા તપ જપ કરતા જ રહે છે, એમના ત્યાગ તપ કહી રહ્યા છે કે, એમના હૈયામાં પ્રભુ પ્રત્યે પ્રેમ ઉછળી રહ્યો છે. તાત્પર્ય, સજ્જન સાથેની પ્રીતની જેમ પ્રભુ સાથેની પ્રીતિ અંતરમાં છૂપી રહેતી નથી; પરંતુ એને અનુરૂપ પૂજા-ભક્તિ-સન્માન-ગુણગાન વગેરે કરવા-કરાવવા દ્વારા બહાર પ્રગટ થાય છે. અહીં પ્રશ્ન થાય –

**પ્રશ્ન:** અંતરમાં પ્રભુ પર પ્રેમ તો અમારે છે, છતાં કેમ અમારાથી બહારમાં એવા ઉત્તમ ભક્તિ આદિ કાર્યો નથી થતા ?

**ઉત્તર:** એ થાય, જો એમ વિચારવામાં આવે કે જે આ પ્રભુભક્તિ આદિના શુભ કાર્યોમાં હું શિથિલતા કરું છું, એની પ્રત્યે તદ્દન આંખ મિંચામણા કરું છું, તેનું કારણ ધન, વેપાર, કુટુંબ આદિની અતિશય રાગભરી ભરચક પ્રવૃત્તિ છે. પરંતુ એમાં ભય મોટો છે કે **'એમ ધન-વેપાર-કુટુંબ ને ખાનપાનાદિને બહુ ગમતા કરવામાં રખેને પ્રભુ મારે અણગમતા થઈ જાય તો ?'** જો આ વિચાર વારેવા મનમાં આવ્યા કરે તો પ્રભુ અણગમતા થઈ જવાના ભયથી, એ ધન-વેપાર ખાનપાનાદિ બહુ ગમતા ન કરાય; અને એ બહુ ગમતા ન રહે એ માટે એની બહુ પ્રવૃત્તિ પર કાપ મૂકાય, પ્રવૃત્તિ ઓછી કરાય, ને એથી બચતા સમયમાં એના

ત્યાને ધર્મપ્રવૃત્તિ-શુભપ્રવૃત્તિ વધારાય.

**પુદ્ગલની બહુ પ્રવૃત્તિ પુદ્ગલના પ્રેમને પોષે છે :**

બીજી વાત એ છે કે આપણે પ્રભુને બહુ ગમતા કરવા છે, અર્થાત્ મનને એમ ઠસાવવું છે કે 'મને પ્રભુ બહુ ગમે' તો સાથે આ અવશ્ય ધ્યાનમાં રહે કે **પ્રભુ પરની પ્રીત જીવનની બધી વાતમાં ઉતારવી જોઈએ.** દા.ત. "મારા પ્રભુને હું અપ્રિય બોલું, અસત્ય બોલું, બીજાના હૃદયને આઘાત લગાડે એવું બોલું, એ મંજૂર નથી; તો પ્રભુ પરના પ્રેમની ખાતર પ્રભુને અમંજૂર એવું મારે નહિ બોલવાનું - નહિ કરવાનું."

આમ જો વારે વારે અસત્ બોલ, ચાલ અને વિચાર પર પ્રભુની ખાતર અંકુશ રાખીએ, તો પ્રભુ પરની પ્રીત વિકસે છે, ને એ વિકસેલી પ્રીત બીજા નવા અસત્ ત્યાગની અને નવા સત્ વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિને પ્રેરે છે.

સારાંશ, જો પરમ સજ્જન પરમાત્મા પર અંતરમાં સાચી પ્રીત ખરેખર જાગી હોય, તો એ શુભ પ્રવૃત્તિ કરાવે જ; ને એ પ્રવૃત્તિમાં ભગવત્ પ્રીતિ છતી થાય છે. કસ્તૂરીની મહેંક ઢાંકી રહેતી નથી, એને પેકેટમાં મૂકી હોય તો ય પેકેટની બહાર એની સુવાસ આવે છે; એમ પ્રભુ પરની પ્રીત પ્રવૃત્તિમાં ઉતરે છે. અહીં પ્રભુ પ્રત્યેનો પ્રેમ કેવો છે ? તો કહ્યું, કસ્તૂરીની સુવાસ જેવો છાનો-છૂપો રહે જ નહિ એવો.

હવે કેટલો પ્રેમ છે એ કહે છે –

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૧૩,તા.૧૩-૧૨-૧૯૮૬

**આંગળિયે નવી મેરું ઢંકાયે, છાબડિયે રવિ તેજ;**
**અંજલિમાં જિમ ગંગ ન માયે, તિમ મુજ મન પ્રભુ હેજ; સોભાગી...૩**

**ભાવાર્થ :** મેરુની આડે કે મેરુની ઉપર આંગળી ધરી દેવાથી કાંઈ મેરુ ઢંકાઈ જતો નથી, તેમજ રવિની આડે છાબડી ધરી દેવાથી રવિનું તેજ ઢંકાઈ જતું નથી; એમ હાથની અંજલિમાં કાંઈ ગંગા સમાઈ શકતી નથી, તેમ મારા મનમાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ સમાતો નથી.

**વિવેચન :** પૂર્વે સ્તવનમાં છેલ્લે 'કહિયે મ દેજો છેહ' કહીને પ્રભુને વિનતિ કરી છે કે 'પ્રભુ ! મને છેહ દેતા નહિ,' અર્થાત્ 'મારા મનમાંથી ખસી જતા નહિ, દર્શનનું સુખ આપ્યા જ કરજો. આ દાવાપૂર્વક વિનવું છું, કેમ કે મારા

મનમાં પ્રભુ ! તમારા પર અપરંપાર પ્રેમ છે.'

પ્રભુ પર પ્રેમ કેટલો ? તો કે જેમ આંગળીની સામે મેરુનું ક્ષેત્રફળ એટલું બધું મોટું છે કે આંગળી કાંઈ મેરુને ઢાંકી શકે નહિ, એમ મારા આત્મામાં પ્રભુ પ્રત્યે પ્રેમ એટલો બધો વિશાળ છે કે એ મારા મનમાં સમાઈ શકતો નથી, એટલે જ એ પ્રભુના ગુણગણની સ્તવનારૂપે યા બીજી રીતે બહાર નીકળી પડે છે. દા.ત. પ્રભુની કોઈ ભવ્ય અંગરચના કરવામાં પ્રભુપ્રેમ એમાં ગૂંથાઈ પડે છે. વ્યવહારમાં દેખાય છે કે નિકટના અંગત સ્નેહી માટે કોઈ કાર્ય કરવાનું હોય તો એમાં તન-મન-ઈન્દ્રિય પ્રેમથી એકાકાર થઈ જાય છે. કવિ કહે છે : 'આ જ રીતે મારો પ્રભુ પ્રત્યેનો પ્રેમ અંતરમાં સમાતો નથી. તેથી પ્રભુના એકેક ગુણ યા સુકૃત લઈ લઈને અખંડ વિચારધારામાં પ્રગટ થાય છે; અર્થાત્ ખૂબ જ પ્રેમભરી ગુણ-વિચારધારા ચાલવા માંડે છે.

**કવિ ગુણો કેમ ગાય છે ?**

અહીં આંગળી અને મેરુ, છાબડી અને રવિતેજ, અંજલિ અને ગંગાનાં દૃષ્ટાન્ત મૂક્યા, એ સૂચવે છે કે જેમ મેરુ રવિતેજ અને ગંગાને સમાવવા માટે આંગળી છાબડી અને અંજલિ તો કશી વિસાતમાં જ નથી તેમ અહીં પ્રભુપ્રેમ સમાવવા માટે મન, વાણી વગેરે કશી વિસાતમાં નથી. પ્રેમ એટલો બધો વિશાળ છે કે પ્રભુપ્રેમથી મનની વિચારસરણી ગમે તેટલી લંબાવાય, તોય એમાં પ્રેમ પૂરો વ્યક્ત થતો જ નથી. પ્રેમ આગળ આગળ વિચારણા કરાવતો જ રહે છે. એમ પ્રભુનાં ગુણગાન ગમે તેટલા કરાય પણ પ્રેમ સંતોષાતો નથી. પ્રભુના કેવા કેવા ગુણો શોધીએ ? દા.ત.

કવિ પ્રભુને આ એટલા માટે કહી રહ્યા છે કે પ્રભુ પાસેથી કરુણા માગવાનો પોતાનો દાવો યથાર્થ થાય. પોતે જ્યારે પોતાના દિલમાં પ્રભુ પ્રત્યે આટલો બધો પ્રેમ-પ્રીત ઉભરાવે છે, તો પ્રભુને હકપૂર્વક કહી શકે કે **'મારા પર કરુણા કરો'**.

**પ્રભુમાં ગુણો કેવા કેવા ?**

કવિ પ્રભુના ગુણો ગાતાં ગાતાં થાકતા નથી. પ્રભુના ગુણો કેવા કેવા ? દા.ત. **મહાવીર પ્રભુ** માતાના ઉદરમાં હતા ત્યારે એમને મનોરથ થયો કે 'હું ઉદરમાં હાલં ચાલં થાઉં છું તો માતાને કેટલો ત્રાસ થાય ? એના કરતાં સ્થિર થઈ જાઉં તો એમને મારા તરફથી કોઈ તકલીફ નહીં' એમ કરીને ભગવાન સ્થિર થઈ ગયા ! અહીં વિચારવા જેવું છે કે આપણે તો સ્થૂળ શરીરવાળા છીએ, એમાં માત્ર ૪૦ લોગસ્સના કાઉસ્સગ્ગમાં સ્થિર થઈ જવું હોય, તો જાણે 'બાપ રે બાપ ! એમ કેવી રીતે સ્થિર થવાય ?' એમ થાય ! થોડો ટાઈમ પણ મોટા શરીરે પલાંઠી

ળીને સ્થિર બેસવું મુશ્કેલ ! ત્યારે ભગવાને અતિ નાના શરીરે ભારે કષ્ટ વેઠીને સ્થિર રહેવામાં એક તો પોતાનો મહાન સહિષ્ણુતા-ગુણ અને બીજો માતા પ્રત્યેનો વાત્સલ્ય ગુણ કેવો સુંદર ઊભરાવ્યો !

**'સુમતિ' નામ શા માટે ?**

**સુમતિનાથ ભગવાન** ગર્ભમાં પણ કેમ જાણે એમનું શરીર ગુણોથી જ છાયેલું ! તે એની સુવાસ બહાર આવ્યા જ કરે. તે આ રીતે, કે એકવારે રાજદરબારમાં બે શોક્ય બાઈઓનો એક બાળક માટે ઝઘડો આવ્યો, કે એક કહે : 'આ બાળક મારું છે', બીજી કહે 'મારું છે.' મહારાજ વિચારમાં પડ્યા કે 'આમાં સાચું શી રીતે શોધી કાઢવાનું ?' પરંતુ મહારાણી, તે ભગવાનના માતા સિંહાસન પર બેઠા કહે છે કે 'સિપાઈ, આ બાળકનાં બે સરખા ટુકડા કરી એકેકને એકેક ટુકડો આપી દો.'

ત્યાં બનાવટી માતા કહે છે કે 'ભલે'.

પણ સાચી માતા કહે છે કે 'ના રે ના, મહારાજ ! ટુકડા કરાવશો નહિ. દીકરો આખો ને આખો ભલે એને આપી દો, મારો દીકરો ભલે મને ન મળે. છતાં એ જીવતો રહેશે તોય બસ છે.' પ્રભુની માતાએ તરત ફેંસલો આપી દીધો કે, 'દીકરો, આ દીકરા પ્રત્યે સાચી લાગણીવાળી આ માતાનો જ છે, માટે એને સોંપી દો.'

તાત્પર્ય, પ્રભુ આવા ગુણિયલ હતા કે એમના સાંનિધ્યથી માતામાં સુમતિનો ગુણ આવ્યો. એટલે પ્રભુનું સુમતિનાથ નામ રાખવામાં આવ્યું. પ્રભુ ગુણિયલ કેવા ! ૫૬ દિગ્ કુમારી અને ૬૪ ઈન્દ્રો દ્વારા થતા જન્માભિષેક વખતે ભગવાન હરખપદુડા થયા નહિ, ફૂલાયા નહિ, તેમ અભિમાન પણ કર્યું નહિ કે 'મારાં કેવાંક અલૌકિક સન્માન થાય છે !'

**ભગવાને અભિમાન ન કરવાનું કારણ—**

(૧) અવધિજ્ઞાની ભગવાન જીવની 'કર્મ નચાવત તિમહી નાચત' દશા જુએ છે કે 'આજે માન પામનાર હું, એકવાર પરમાધામીને વશ છેદન-ભેદન પામેલો ! કર્મોની વિટંબણા આગળ આ માન-સન્માન શી વિસાતમાં છે ? કશી જ વિસાતમાં નહિ. તો પછી આનંદ શા ?

(૨) 'અભિમાન નહિ' નું બીજું કારણ આ, કે પ્રભુ જુએ છે કે અત્યારે જે વખતે મારાં સન્માન થાય છે એ જ વખતે અત્યારે નરકોમાં મારા ભેરુ જીવો બિચારા રેંસાઈ રહ્યા પ્રત્યક્ષ દેખાતા હોય, ત્યાં મારે આનંદમંગળ શા ? ઘરે દીકરીના લગ્નમાં કરોડપતિની જાન આવી હોય ને ત્યાં જ અચાનક ભાઈના છોકરાનું અકસ્માતથી મૃત્યુ થયું, તો એના દુ:ખમાં લગ્નના હરખ ડુલ થઈ જાય છે ને ?

એમ પ્રભુને ઈન્દ્રોના માન-સન્માનમાં નારકીના જીવોના દુ:ખ જોતાં, આનંદમંગળ નથી, પ્રભુના એવા એવા અનેક ગુણો પર સહેજે અમાપ હેત રહે છે.

**'અંજલિમાં જિમ ગંગ ન માયે, તિમ મુજ મન પ્રભુ હેજ.'**

જેમ મોટી ગંગા નદી અંજલિમાં ન સમાય, તેમ મારો પ્રભુ પરનો પ્રેમ નાના મનમાં, ને નાના સ્તવન-કાવ્યમાં સમાતો નથી.

અહીં સવાલ થાય કે જ્યારે અપાર પ્રભુપ્રેમ મનમાં સમાતો નથી, અર્થાત્ મનથી પણ જો એને પૂરો વિચાર શકાતો નથી, તો પછી વાણીથી એને અવગાહવાનું તો શી રીતે થવાનું હતું ? એટલે જ સ્તવન-રચના શા માટે ? એના જવાબમાં હવે કવિ કહે છે–

**હુઓ છીપે નહીં અધર અરુણ જિમ, ખાતાં પાન સુરંગ;**
**પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સૌભાગી...૪**

**ભાવાર્થ :** (જેમ) રંગીલું પાન ખાતાં હોઠ લાલ થયેલો છૂપો રહેતો નથી, તેમ મારા મનમાં જાગેલા પ્રભુપ્રેમની સ્થિતિ છે. જેમ જેમ પ્રભુ- ગુણરસના પ્યાલા ભરી ભરીને પીવામાં આવે છે, તેમ તેમ મારા અરિહંત પરનો પ્રેમ અભંગ-અતૂટ બને છે.

**વિવેચન :** પ્રભુગુણ પરનો પ્રેમ કેવો ? કોઈ પૂછે,

**પ્રશ્ન:** તમે કેમ નવા નવા સ્તવનો રચ્યા કરો છો ? શું તમને કાવ્ય બનાવવાનો શોખ લાગી ગયો છે ?

**ઉત્તર :** ના ભાઈ ! ના, આ તો અમારા ચિત્તમાં ઉઠેલો અરિહંત પરનો પ્રેમ છૂપો રાખી શકાતો નથી, તે એ જ આપમેળે પ્રભુ ગુણગાનરૂપે બહાર પડે છે. માણસ પાન ખાય અને ખાતાં ખાતાં હોઠ પર લાલિમા આવી જાય છે, તે છૂપાવવા મથે તો શું એ લાલાશ છૂપી રહી શકે ? ના, એ તો લાલિમા હોઠ પર પ્રગટ થઈ જ જાય છે. બસ, એ જ રીતે અરિહંત પ્રભુ પર આપણને એવી પ્રીતિ જાગી ગઈ હોય, તો તે નવનવા ગુણગાનમાં વ્યક્ત થયાં જ કરે છે. કોઈ સરબત જેવા મીઠા રસની મહેફિલ જામી હોય, તો ત્યાં પ્યાલા ભરી ભરી રસપાન કરાય છે, એમ અહીં 'પીવત ભર ભર પ્રભુગુણ પ્યાલા, પ્રભુગુણના રસના પ્યાલા રસ ભરી ભરીને પીવાનું થાય છે.'

કવિ શ્રી યશોવિજયજી મહારાજ કહે છે : આમ પ્રભુગુણ રસના પ્યાલા ભરી ભરીને પીવાનું પરિણામ એ આવ્યું કે જેમ જેમ રસ પીતો ગયો, તેમ તેમ પ્રભુ પર મારો પ્રેમ અભગ્ન અતૂટ થતો ગયો છે.

**જિનગુણના પ્યાલા ભરી ભરીને પીવા એટલે શું ?** એ જ કે જિનગુણના સ્તવન-સ્તોત્ર બનાવી બનાવીને ગાવાના. એમ સીધા આડકતરા જિનગુણ અર્થાત્ જિનોક્ત તત્ત્વોનાં શાસ્ત્ર બનાવી બનાવી, એની વાંચના, અનુપ્રેક્ષા... વગેરે કરવું. એ કરવાની મજા કેવી થાય ? તો કે સ્તોત્ર કે શાસ્ત્ર રચતા પહેલાં પ્રભુ પર જે પ્રેમ હોય, એ એની રચના પછી વધી જાય છે ! યા કહો, મજબૂત થાય છે, અતૂટ થાય છે. એટલે કહ્યું : "પીવત ભર ભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ."

**વીતરાગ પર પ્રેમ અભંગ કેમ ?**

ઉપાધ્યાયજી મહારાજનો આ વીતરાગ પરનો પ્રેમ અભંગ થયાનો એમની અનેકાનેક શાસ્ત્રરચનાઓમાં દેખાઈ આવે છે. એઓશ્રીએ પોતે જ પોતાના રચેલા દ્રવ્ય-ગુણ-પર્યાય રાસમાં ઉલ્લેખ કર્યો છે કે "દો લાખ બૌદ્ધન્યાય લિખી" અર્થાત્ બે લાખ શ્લોક પ્રમાણ બૌદ્ધમતનાં ખંડનનો ન્યાય લખ્યો. આ હિસાબે વિચારો કે બીજા તો કેટલાય અપરંપાર શાસ્ત્રો, જૈન તત્ત્વ સિદ્ધાન્તો અને યોગ, ધ્યાન, અધ્યાત્મ, તથા કર્મસિદ્ધાન્ત વગેરે વગેરેનાં રચી ગયા છે ! એમાં સ્પષ્ટ દેખાય છે કે પ્રભુગુણરસના પ્યાલે પ્યાલા પીતાં પીતાં પ્રભુપ્રીતિ, અને પ્રભુગુણ પ્રીતિ, અભગ્ન-અતૂટ અવિનાશી થઈ જાય એમાં નવાઈ નથી. વિચારવા જેવું છે કે માત્ર બૌદ્ધ ન્યાયનું ખંડન કરવા બે લાખ શ્લોકપ્રમાણ સંસ્કૃત ગ્રંથ લખ્યા, ત્યારે એમની વિદ્વત્તા કેવી ? સંસ્કૃતમાં અનેક વિષયના મહારથી ગ્રંથો લખ્યા છે ! જૈન ધર્મનો અજોડ રૂપક ગ્રંથ 'ઉપમિતિ **ભવપ્રપંચા** કથા'- એ ગદ્ય-પદ્યમાં છે, એને ઉપાધ્યાયજી મહારાજે વિશેષ તત્ત્વ ભરપૂર બનાવી **'વૈરાગ્યકલ્પલતા'-** કાવ્યમય સંસ્કૃત મહાગ્રંથ બનાવ્યો ! પ્રભુના એ ગુણોમાં આપણી પ્રીતિ ભળે એટલે આપણને એ ગુણ જ ગમે; એના પ્રતિપક્ષી દોષ ન ગમે.

**પ્રભુગુણ-પ્રીતિમાંથી અનેક સુકૃતો :**

સારાંશ, પ્રભુગુણમાં, આપણી પ્રીત ભળવાથી અર્થાત્ એ ગુણોની મનને લગન લાગવાથી, એના પર એમાંથી પ્રેરણા લઈને મન-વચન-કાયાના અનેક સુકૃતો સરજાય છે. પ્રભુગુણો પર ઊછળતી પ્રીતિ વાંઝણી નથી હોતી, એ પ્રભુગુણ-પ્રીતિમાંથી સુંદર અને સ્વ-પર-કલ્યાણકારી સુકૃતો જન્મે છે. પુત્રને માતા જો સારી મળી હોય, તો પુત્ર માતાના ગુણ ગાયા જ કરે છે, પછી અવસરે એમાંથી સેવાનાં સુકૃત ટપકી પડે છે, એ શેનો પ્રભાવ ? માતા પર ગુણ-પ્રીતિનો.

**લાલભાઈ શેઠનો માતૃપ્રેમ :**

લાલભાઈ દલપતભાઈ શેઠને ગુણિયલ ગંગામા પર અનહદ પ્રેમ તે એવો કે લાલભાઈ શેઠ જમવા આવે ત્યારે એમની પત્ની રસોડામાં હોય તો બહાર નીકળી

જાય, અને ગંગામા ત્યાં હાજર થઈ જાય, અને એ લાલભાઈના ભાણામાં પીરસી પીરસીને જમાડે ! આ કળિયુગની વાત છે હોં, બની શકે ? હા, બનાવવું હોય એને બની શકે. અને જે સમજે કે પત્ની પીરસે એમાં ભોગો અપવિત્ર કામરાગ પીરસાય, ત્યારે માતા પીરસે એમાં પવિત્ર પુત્રવાત્સલ્ય પીરસાય; જે અવસરે ધર્મનો ઉત્તેજક બને. જુઓ –

લાલભાઈ શેઠ પાસે સંઘવાળા આવી કહે : 'શેઠ ! સમેતશિખર પર દિગંબરો તરફથી આફત છે. આપ રક્ષાનું કાંક કરો.' શેઠ કહે : 'ભાઈ એટલે બધે દૂર આપણે પહોંચવું મુશ્કેલ છે.' સંઘવાળા નિરાશ થઈને ગયા ગંગામા પાસે, બધી વાત કરી. માતા કહે : 'ફિકર ન કરો. હું લાલભાઈને સમજાવીશ'. પછી જમવાના ટાઈમે લાલભાઈના ભાણામાં રોટલીને બદલે હાથના કંકણિયા મૂક્યા.

લાલભાઈ કહે : 'આ શું ?'

મા કહે, 'ભાઈ ! હવે તું એમ કર, તારાથી શિખરજીની રક્ષા નહિ બને, અમારા કંકણિયા ને સાડી તું પહેરી લે, અને મને તારા પહેરણ-ધોતીયું વગેરે કપડાં લઈ દે, જેથી એ પહેરીને હું શિખરજીની રક્ષા કરવા જઈશ.'

બસ, લાલભાઈ શેઠની આ ઠપકો સાંભળવાની જીગર નહોતી, તરત માતાને હાથ જોડી કહે : 'મા ! ક્ષમા કરો મને, હમણાં જ જઈને તજવીજ કરું છું.'

લાલભાઈ શેઠને માતા પર અપાર પ્રેમ હતો, એ પ્રેમ પર માતાને ઈષ્ટ શિખરજી રક્ષાનું સુકૃત શેઠે ઉપાડી લીધું.

**તિમ મુજ પ્રેમ અભંગ–**

પ્રભુ પરનો મારો પ્રેમ રોક્યો રોકાય તેમ નથી.

**ઢાંકી ઈક્ષુ પરાળશું જી, ન રહે લહી વિસ્તાર;**

**વાચક યશ કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર...૫**

**ભાવાર્થ :** મોટી ઊગી ગયેલી શેરડી ઘાસથી ઢંકાયેલી (હોવા છતાં) વિસ્તાર પામ્યા વિના રહેતી નથી; તેમ વાચકયશ કવિ કહે છે કે પ્રભુ પર મારા પ્રેમનો પ્રકાર પણ એવો છે કે જે છૂપાયો છૂપાવી શકાતો નથી; અને જે શેરડીની જેમ વિસ્તાર પામ્યા વિના રહેતો નથી.

**વિવેચન :** વૃદ્ધિ પામેલી શેરડી ઘાસથી આચ્છાદિત કરવા છતાં પણ છૂપી રહી શકતી નથી. તે ઊંચી વધેલી જણાઈ જ આવે છે. તેમ કવિએ પોતાનો અતુલ પ્રેમ પ્રભુ પ્રત્યે દર્શાવ્યો છે કે તે છૂપાયો છૂપાવી શકાતો નથી. એટલે કે કવિની પ્રભુ પ્રત્યેની પ્રીત થોડા સ્તવનથી - થોડા ગુણગાનથી સંતોષાતી નથી, પણ વિસ્તાર

ભમતી જાય છે. આપણે પણ આવો વિસ્તારવાળો, ઝાલ્યો ઝાલી રખાય નહીં ને અટક્યો અટકે નહીં તેવો પ્રભુગુણનો પ્રેમ કરવો છે. વીતરાગ પ્રભુના ગુણોનો અભંગ પ્રેમ એવો, કે એની સામે મોટા સુખ-સન્માનની લાલચ આવે તો પણ એની લેસ પણ મહત્તા ન ગણી, એ પ્રેમ ન છૂટે; ભલે સન્માન મળવાના રહી જાય તો કાંઈ નહિ.

**કવિ પંડિત ધનપાલનો પ્રભુગુણ-પ્રેમ :**

રાજા ભોજની સભામાં મહાન જૈન પંડિત ધનપાલ તે એણે ગદ્ય સંસ્કૃતમાં શ્રી ઋષભદેવ અને ભરત ચક્રવર્તીની અદ્‌ભુત કથા લખી. સંસ્કૃત ભાષા-લાલિત્ય કેવું કે ઈતરોમાં બાણકવિની કાદંબરી કથા પ્રસિદ્ધ છે, જે એમનામાં એ અજોડ ગદ્યકાવ્ય (Prose-Poetry) તરીકે ઓળખાય છે, એને કંઈગુણી ટપી જાય એવી આ ધનપાલ કવિની **'ઋષભકથા'** ! પછી એ કથા એણે રાજા ભોજને બતાવી, ભોજ પણ સંસ્કૃત ભાષા સારી જાણતો હતો, એણે પોતે સંસ્કૃત વ્યાકરણ રચ્યું છે, એવા વિદ્વાનને આ અદ્‌ભુત રચના જોવા મળી એટલે તો એ રાજીનો રેડ થઈ ગયો ! પછી રાજા ભોજ ધનપાલને કહે –

**રાજાની બેહૂદી માગણી :**

ધનપાળ ! ધનપાળ ! તમે કથા તો અદ્‌ભુત આલેખી. મને લાગે છે કે આનો વિશ્વમાં પ્રચાર થવો જોઈએ. જો તમે આ કથામાં અયોધ્યા નગરીના સ્થાને ધારાનગરી, ઋષભદેવના સ્થાને શંકરમહાદેવ, અને ભરતની જગાએ ભોજને ગોઠવી દો, તો આ તમારી કથાની પ્રતિઓ કરાવીને દુનિયાભરમાં પ્રસિદ્ધ કરાવી દઉં.

શું ચુસ્ત સમ્યક્ત્વધારી ધનપાળ પંડિત આ સહન કરી શકે ? એ તરત તાડૂકી ઉઠ્યો, અને કહે છે –

**ધનપાલનો પ્રતિકાર :**

'મહારાજા ! માફ કરજો, ક્યાં મેરુ ? ને ક્યાં સરસવ ? એમ ક્યાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા શ્રી ઋષભદેવ ? અને ક્યાં અલ્પજ્ઞ શંકર મહાદેવ ? ઐરાવણ હાથીના સ્થાને ગધેડાને જો મૂકી શકાય તો જ આ ફેરફાર થઈ શકે.

રાજા આ સાંભળીને શું કરશે, એની પરવા ધનપાલે ન કરી. એણે તો પરમાત્માની હલકાઈ સાંભળતાં જ તત્કાળ એનો ફેંસલો સંભળાવી દીધો ! ત્યારે રાજાએ પણ ગુસ્સે ભરાઈને આ પુસ્તકને આખું ને આખું પાસેની સગડીમાં નાખી દીધું. પુસ્તક બળીને સાફ !

બોલો, ધનપાળને કેટલું દુઃખ થયું હશે ? કહો, પાર વિનાનું ! અતિ દુઃખિત થઈને ત્યાંથી ચાલ્યા ગયા ઘરે, ઘરે એમને ઉદાસ જોઈ એમની દીકરી

તિલકમંજરી પૂછે છે, 'બાપુ ! કેમ આજે ઉદાસ ?'

**ધનપાલનો કલ્પાંત :**

ત્યારે ધનપાલ કહે છે : 'બચ્ચી ! શું પૂછે છે ? આજ રાજાએ મારી આખી કથાપોથી સગડીમાં નાખી બાળી નાંખી ! મને બાળી નાખ્યો હોત તો મને આટલું દુઃખ ન થાય. ઋષભદેવ ભગવાનના ગુણગાનથી ભરેલી આ તૈયાર કરેલી મારી કથા તો ત્રિભુવનના રાજ્ય કરતાં પણ અતિ અતિ કિંમતી શાસ્ત્ર હતું. હવે તો મારે એ સ્વપ્નું જ રહ્યું, હાય ! આ દુષ્ટ રાજાએ શું કર્યું ? હવે એ ફરીથી લખવા બેસું તો થોડી જ એ એ ભવ્ય સ્ફુરણાઓ મગજમાં આવે ? ઓ મારા નાથ ! આ અણમોલ નિધાન ગુમાવીને હવે હું ક્યાં જાઉં ? શું કરું ? આ વ્યથા કોને કહું ? ઓ પ્રભુ ! પ્રભુ ! કેવો મારો મહાન પાપોદય !'

**પુત્રીને આખો ગ્રંથ મોઢે :**

ધનપાળ પંડિતનો આ કલ્પાંત જોતાં પુત્રી તિલકમંજરી કહે : "બાપુ ! બાપુ ! શું કામ આ કલ્પાંત કરો ? જરાય ચિંતા ન કરો. મારા મગજમાં આપનો ગ્રંથ તૈયાર છે. આપ જ્યારે મહાગ્રંથ લખી રહ્યા હતા ત્યારે હું એ વાંચતી રહેતી, ને તે આજે સંપૂર્ણ ગ્રંથ મને કંઠસ્થ છે. હું બોલતી જાઉં છું, આપ લખવા માંડો !..."

ધનપાલ સાંભળીને ચકિત થઈ જાય છે ! અને ખોવાઈ ગયેલ અપૂર્વ મહાન નિધાન પાછું મળ્યા જેવો અવર્ણનીય આનંદ અનુભવે છે. તિલકમંજરીએ આખો ગ્રંથ અક્ષરેઅક્ષર લખાવ્યો; અને એના એ ગુણની સ્મૃતિરૂપે ગ્રંથનું નામ મહાકવિએ **'તિલકમંજરી'** એવું રાખ્યું.

આ હતી ધનપાલ પંડિતને અનહદ ને અનન્ય જિનગુણ-પ્રીતિ ! અને એના પર જે તિલકમંજરી મહાશાસ્ત્રનું સર્જન કર્યું, એ જાણે પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા ! અને યશોવિજયજી મહારાજ કહે છે : 'તિમ મુજ પ્રેમ અભંગ'. ઉપાધ્યાયજી મહારાજે લાખો શ્લોક-પ્રમાણ શાસ્ત્રો રચ્યા ! કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે ૩ ॥ કરોડ શ્લોક-પ્રમાણ શાસ્ત્રો લખ્યા ! સૂરિપૂરંદર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ૧૪૪૪ શાસ્ત્રો લખ્યા ! આ બધું શું છે ? પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા'. પ્રભુગુણરસના પ્યાલા ભરીભરી પ્રેમપૂર્વક પીતાં પીતાં 'તિમ મુજ પ્રેમ અભંગ,' મારો પ્રેમ અભંગ અતૂટ થઈ ગયો. પ્રેમ તૂટવાની વાત જ ન રહી. પ્રેમની ધારા ચાલી ચાલી તે ચાલતી જ રહી. અંગ્રેજીમાં કહેવત છે **'Practice makes a man perfect'** જેનો અભ્યાસ કરો એની પૂર્ણતા આવે, નિષ્ણાતતા આવે. છોકરીઓ પહેલાં રસોઈની પ્રેક્ટિસ કરે છે. એ કરતાં કરતાં પછી રસોઈમાં નિષ્ણાત થઈ જાય છે. એમ સીવણ વગેરે કાર્યમાં પ્રેક્ટિસથી એની નિષ્ણાતતા આવે

એમ પ્રભુના ગુણોથી આકર્ષાઈ એ ગુણોને ગીતમાં ઉતાર્યે જઈએ, તો એવી નિષ્ણાતતા આવે છે કે પછી ગુણ-ગીતની ધારા ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે...એ રીતે પ્રભુગુણનો પ્રેમ અભંગ અતૂટ બની જાય.

**પ્રશ્ન:** પણ મૂળ પાયામાં **(૧)** પ્રભુના એટલા ગુણ મનમાં સ્ફુરતા જ ન હોય, ને નજર સામે આવતા જ ન હોય, તેમજ

**(૨)** કાવ્ય બનાવવાની કશી આવડત કે મહાવરો જ ન હોય, પછી શું થાય ?

**ઉત્તર:** (૧) પ્રભુના ગુણો મનમાં સ્ફુરે એવું કરવા માટે અર્થાત્ આપણા મનમાં પ્રભુના ગુણ એક પછી એક સ્ફુરતા આવે, એ માટેનો એક ઉપાય આ પ્રમાણે છે –

**(૧) પ્રભુના ગુણો સહેજે સ્ફુરે એનો ઉપાય :**

પ્રાચીન કવિઓના પ્રભુનાં સ્તવનો લઈ, પછી એકેક સ્તવનની એકેક કડીમાં જોવું કે પ્રભુના કયા ગુણની એમાં સ્તવના કરી છે ? એમાં એક ગુણ હોય તો એક, ને બે-ત્રણ ગુણ હોય તો ૨-૩, યાદ કરી લેવા. પછી બીજી કડીના ગુણ લઈ એને પૂર્વની સાથે જોડવા. એમાં વળી પછી ત્રીજી કડીના ગુણ લઈ જોડવા... એમ એમ કરતાં ગુણોનું એક લંગર તૈયાર થાય તે આપણે સરળતાથી પ્રભુ આગળ 'હે અરિહંત ! હે ભગવંત ! હે વીતરાગ ! એમ સળંગ ચલાવી શકીએ. 'માતા મરુદેવીના નંદ' સ્તવન છે, તો એમાંથી 'હે મરુદેવાનંદન ! તમારી મૂર્તિ મનને લોભાવનારી છે. હે ઋષભદેવ ભગવાન ! એ મૂર્તિ-મુદ્રાની પાછળ કારણભૂત તમારું રૂપ અનુપમ ! વળી એ રૂપને પેદા કરનારી સર્વજીવ-કરુણાના હે સ્વામી ! વળી એ કરુણાથી કંચનવર્ણી દેહને પ્રાપ્ત કરનારા હે પ્રભુ ! વળી એ કરવાનો ઉપયોગ શો ? તો કે એ કાયાથી જોજન ગામિની મીઠી મધુર તત્ત્વવાણી વરસાવનારા હે અરિહંત વિભુ ! વાણી એવી મીઠી રેલાવી કે જેણે રંભા-ઉર્વશીને ત્યાં નાચતી કરી દીધી ! હે વીતરાગ ! આપ કેવા જગત સોભાગી કે એ રંભા-ઉર્વશી મૂંગી નહોતી નાચતી પરંતુ નાચતી ને ગાતી કે **'તું હી બ્રહ્મા... તું હી બ્રાતા...'** હે સિદ્ધાચલના રાજા ! આમ સ્તવનો ચૈત્યવંદનોને સ્તોત્રો પરથી પ્રભુના ગુણોની હારમાળા બનાવી શકાય. એમાંથી ૩-૩ ગુણોનું ગ્રુપ કરી કરી બોલીને જોડતાં જોડતાં લાંબી હારમાળા યાદ રહી જાય. પછી સળંગ એનાથી ગુણગાન કરી શકીએ.

**(૨) પછી એ ગુણોને ગીતમાં-કાવ્યમાં કેમ ઉતારવા ? એની એક ચાવી આ છે, કે-**

પ્રાચીન પુરુષોનાં સ્તવનોમાં જ આપણે જાતે જ એકેક ગુણથી એકેક કડી બનાવી બનાવી એમાં જોડી દઈએ દા.ત. 'જગજીવન જગવાલહો' સ્તવનની છેલ્લી કડીમાં છેલ્લે આવ્યું... 'દેજો સુખનો પોષ' પછી એમાં નવી કડી જોડવા માટે ભાવ આ, કે 'પ્રભુ તમે અખૂટ ખજાનાવાળા છો, અને એમાંથી થોડું દેતાં તમારે કાંઈ

ઓછું થવાનું નથી, તો અમને દો.' હવે આને કાવ્યમાં જોડવાનું આ રીતે -

**'ગુણ ગણાનંત છે તુમ વિશે, તુમ ઉદારમુનીશ લાલ રે;**
**વિશ્વાસ છે મુજ મોટકો, દેશો ગુણનો અંશ લાલરે.'**

વાત આ છે કે જીવનભર પ્રભુ ગુણ-પ્યાલાની એષણા-લગની લાગી જવી જોઈએ. છેવટે કવિએ કહ્યું : જેમ શેરડી વધતાં વધતાં પછી ઘાસના આચ્છાદનથી ઢાંકવા જાય તો ઢાંકી રહેતી નથી. એમ મને પ્રભુનો પ્રેમરંગ, પ્રભુના ગુણનો પ્રેમ... એવો વધતો ને વધતો રહે છે કે પ્રભુનાં સ્તવન-સ્તોત્રોથી એ પ્રેમને છીપાવવા જાઉં, તો એ છીપતો નથી. અરે ! પ્રેમ વધતો વધતો અટકતો નથી, વધતો જ જાય છે. જિનેશ્વર ભગવાનના સ્તવનનો ચમત્કાર એવો છે કે જેમ જેમ સ્તવન રચાતાં જાય, તેમ તેમ પ્રભુપ્રેમ વધતો જ જાય. એ પરથી સૂચિત થાય છે કે શુદ્ધ હૃદયથી પ્રભુના ગુણગાન કરતા ચાલો, તેમ તેમ તમારો પ્રભુ પ્રત્યેનો પ્રેમ વધતો જ રહેશે, ગુણ-પ્રીતિ વધતી જ રહેશે.

**(ઈતિ શ્રી સુમતિનાથ જિન સ્તવન વિવેચના)**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૧૬,તા.૩-૧-૧૯૮૭

# શ્રી પદ્મપ્રભજિન સ્તવન-૬

**પદ્મપ્રભ જિન જઈ અલગા વસ્યા, જિહાંથી નાવે લેખોજી;**
**કાગળ ને મષી તિંહા નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી.**
**સુગુણ સનેહા રે કદીય ન વીસરે...૧**
**ઈહાંથી તિહા જઈ કોઈ આવે નહીં, નવિ કહે સંદેશોજી;**
**જેહને મિલવું દોહિલું, તેહશું નેહ તે આપ કિલેશોજી. સુગુણ...૨**
**વીતરાગશું નેહ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી.**
**ઘોડો દોડે રે સાહિબ વાજમાં, મન નાણે અસવારોજી. સુગુણ...૩**
**સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિંહા દોય રીઝેજી;**
**રસ ને રીઝ બેહુ હોડા હોડશું, મનના મનોરથ સીઝેજી. સુગુણ...૪**
**પણ ગુણવંતા ગોઠે ગાજશું, મોટા તે વિશ્રામોજી,**
**વાચક જસ કહે એહી જ આશરે, સુખ લહું ઠામો ઠામજી. સુગુણ...૫**

## શ્રી પદ્મપ્રભજિન સ્તવન વિવેચના-૬

**પદ્મપ્રભ જિન જઈ અલગા વસ્યા, જિહાંથી નાવે લેખોજી;**
**કાગળ ને મષી તિંહા નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી.**
**સુગુણ સનેહા રે કદીય ન વીસરે...૧**

**ભાવાર્થ :** (વર્તમાન ચોવીશીના છઠ્ઠા જિનેશ્વર ભગવાન) શ્રી પદ્મપ્રભ સ્વામી (અહીંથી સાતરાજલોક દૂર જઈ જુદા વસીને બેઠા છે. મારે શી રીતે એમને મળવું ?) એમની તરફથી કોઈ પત્ર પણ આવતો નથી, (કે જેથી પત્ર દેખીને ય મળ્યા તુલ્ય આનંદ થાય. પત્ર ન આવવાનું કારણ) ત્યાં કાગળ ને શાહી મળતી નથી. (તો પછી હું ત્યાં જાતે જઈને જ એમને ન મળું ? પરંતુ) ત્યાં પહોંચવાનો વિશેષ માર્ગ કોઈ જતો દેખાતો નથી. (હવે શું કરવું ? કેમ કે સદ્‌ગુણોભર્યા સ્નેહીને મળ્યા વિના કેમ રહેવાય ? અને) સદ્‌ગુણોભર્યા સ્નેહી કદીય વીસર્યા વીસરાતા નથી.

**વિવેચન :** પાંચમા સુમતિનાથ ભગવાનના સ્તવનમાં કવિએ પાણીની સપાટી પર તેલનું ટીપું વિસ્તરે તેમ પોતાની પ્રીતિ પ્રભુના ગુણો પર વિસ્તર્યાનું જણાવી પ્રભુ સાથે અતૂટ પ્રીતિ-ભક્તિનો રંગ લાગ્યાનું કહ્યું. પ્રભુના ગુણો એવા છે કે, એ આપણી પ્રીતિને આકર્ષે છે. પરંતુ કવિને દૂર રહીને પ્રભુ સાથે પ્રીત કર્યાથી સંતોષ નથી. પ્રભુને સાક્ષાત્ મળવા-ભેટવાના અને પ્રભુની સાથે જ વસવાના કોડ છે; કેમ કે સાથે વસ્યા વિના પ્રભુની રીઝ કેવી રીતે મળે ? તેથી કહે છે - 'પ્રભુને મળવું કેવી રીતે ? કેમ કે પ્રભુ તો અહીંથી મોક્ષમાં ઉપડી ગયા, અને ઠેઠ ૭ રાજલોક ઊંચે જઈને અળગા વસ્યા છે ! તો એટલે બધે દૂર જવું ને પ્રભુને મળવું કેવી રીતે ? કદાચ કોઈ કહે,

**પ્રશ્ન :** પ્રભુ પર પ્રીત જમાવી છે પછી પ્રભુ સાક્ષાત્ ન મળ્યા, તો શી મોટી ખોટ આવે છે ? પ્રભુ તો દયાળુ છે, દૂર વસેલા પર પણ કૃપા-અનુગ્રહ-રીઝ કરે જ છે.

**ઉત્તર :** આપણી દશા બાળક જેવી છે. બાળકને માતા પર ઘણીય પ્રીતિ હોય છે, છતાં એ માતાનું સાંનિધ્ય એવું ઇચ્છે છે, કે એને માતા દૂર રહે એ પાલવતું નથી. માતા પાસે હોય તો માતાની ખુશી જોઈ પોતે ખુશ થાય છે. માતાનો પ્રેમાળ ચહેરો જોઈ એને માતા પર પ્રેમ વધતો રહે છે. એમ ભક્તને પ્રભુ દૂર રહે એ પાલવતું નથી; પ્રભુ પાસે હોય તો પ્રભુની પ્રેમાળ મુદ્રા જોઈ પોતાને પ્રભુ પર પ્રેમ વધતો રહે.

ગૌતમસ્વામીને મહાવીર પ્રભુ પાસે ને પાસે હતા, તો પ્રભુ પર એમનો પ્રેમ

વધતો રહેતો. પ્રભુ 'ગૌતમ ! ગૌતમ ! સંબોધતા, એથી એમનો રાજીપો વધી જતો. અવસરે પ્રભુના મુખથી ગૌતમ મહારાજને કોઈ આદેશ મળતો, ત્યારે વળી એમનો આનંદ ઓર વધી જતો.

પરંતુ ગૌતમ મહારાજને તો પ્રભુ પાસે હોવાથી આ લાભ મળતા. ત્યારે મારે તો 'પદ્મપ્રભ જિન જઈ અળગા વસ્યા' અર્થાત્ પ્રભુ દૂર અળગા જઈ વસેલા છે. તો મને શી રીતે આ લાભો મળે ? હા, દૂર દેશ વસતાને એક આશરો છે, ભલે સ્નેહી રૂબરૂ નથી મળતા, પણ એનો એક કાગળ આવે તો ય આનંદ થાય. જેમ કે પરદેશ વસતા માતૃભક્ત દીકરાને માતાનો પત્ર આવે, તો ય એને આનંદ આનંદ થાય છે; એમ મને પ્રભુનો પત્ર આવે, તો ય આનંદ થાય. પરંતુ અહીં તો,

**'તિંહાથી નાવે લેખોજી.'**

પ્રભુ તરફથી કોઈ ચિઠ્ઠી કે પત્ર પણ આવતો નથી, તો મને શી રીતે આનંદ થાય ? મારે શી રીતે પ્રીત ટકાવવી ?

**'કાગળ ને મષી તિંહા નહિ સંપજે.'**

ભગવાન તરફથી પત્ર નહિ આવવાનું કારણ, – ત્યાં પત્ર લખવાનાં સાધનરૂપ કાગળ અને શાહી મળતા નથી. તો અહીં સવાલ થાય કે,–

**પ્રશ્ન :** શું ત્યાં કાગળ-શાહી મળતા હોત, તો ભગવાન પત્ર લખત ? ના, ભગવાન તો કૃતકૃત્ય થઈ ગયા છે, એમના બધા કામ સમાપ્ત થઈ ગયા છે, એટલે હવે શાનો પત્ર લખે ? તો આ કહેવાનો શો અર્થ કે 'ત્યાં કાગળ-શાહી મળતા નથી માટે પત્ર નથી લખતા ?'

**ઉત્તર :** પ્રભુ કૃતકૃત્ય હોવાથી જ પત્ર ન લખે એ હકીકતે સાચું છતાં, જેમ કહેવાય કે, પ્રભુ દૂર દેશ જઈ વસ્યા છે માટે એમનો પત્ર આવતો નથી, તેમ હકીકતે આ સાચું કે મોક્ષમાં કાગળ શાહી નથી મળતા; પરંતુ વ્યવહારથી એમ કહેવાય કે ત્યાં કાગળ-શાહી નથી મળતા તેથી પ્રભુ પત્ર લખતા નથી. ભક્ત માણસ પ્રભુને ભક્તિથી વિનંતિ કરે કે, 'પ્રભુ ! એક કાગળ તો લખો. આ જગતમાં દેખાય છે કે, સ્નેહી સંબંધી દૂર હોય છતાં, જો એનો એક કાગળ આવે છે તો ધરપત થાય છે.' આમ સેવકની આ વિનંતી પર જાણે પ્રભુ કહે કે, 'જો ભાઈ ! અહીં તો પત્ર લખવા માટે કાગળ ને શાહી મળતા નથી.' તો પછી ભક્તનું કર્તવ્ય છે કે, – ખેર ! તો પછી કાગળ-પત્રની રાહ જોયા વિના આપણે જાતે જ પ્રભુ પાસે પહોંચી જવું.' ત્યારે અહીં કવિ કહે છે–

**'ન ચલે વાટ વિશેષોજી.'**

પ્રભુને ભેગા થવાનો માર્ગવિશેષ, અર્થાત્ ખાસ માર્ગ કે જે પ્રભુના મુકામે જતો

હોય, એવો કોઈ દેખાતો નથી. પ્રભુનો મુકામ સાતરાજલોક ઊંચે સિદ્ધશિલા પર છે, ને ત્યાં સુધી જવાની કોઈએ કેડી પાડી હોય એવું છે જ નહિ. કદાચ કહો,–

**પ્રશ્ન :** આ માર્ગવિશેષ એ કાંઈ જમીન પરના કોઈ ગામ જવાના માર્ગ જેવો માર્ગ નથી; પરંતુ આ તો મોક્ષ પ્રાપ્ત કરવાના ઉપાયરૂપ માર્ગ છે. અર્થાત્ સમ્યગ્દર્શન-ચારિત્રરૂપ માર્ગ છે, ને તે તો હાલ અહીં પાંચમા આરામાં વિદ્યમાન છે. વળી એ, મિથ્યાદર્શનોએ કહેલા મોક્ષના કલ્પિત ઉપાય કરતાં સર્વજ્ઞકથિત યથાર્થ ઉપાયરૂપ હોવાથી, માર્ગવિશેષ, જે અહીં મળે છે; તો પછી કવિ કેમ કહે છે,'ન ચલે વાટ વિશેષોજી ?'

**ઉત્તર :** એમ કહેવાનું કારણ એ છે કે, અહીં માર્ગવિશેષ તરીકે ઠેઠ મોક્ષે પહોંચાડે એવો માર્ગ લેવો છે. ત્યારે અવસર્પિણી યુગના પંચમકાળમાં ભરતક્ષેત્રમાંથી મોક્ષે જવાનું બંધ છે. અલબત્ત અત્યારે વીતરાગ તીર્થંકર ભગવાનનું શાસન હજી હયાત છે. એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રરૂપ રત્નત્રયીનો મોક્ષમાર્ગ પણ વિદ્યમાન છે; કિન્તુ તે રત્નત્રયી પરાકાષ્ઠાથી સધાય, અર્થાત્ રત્નત્રયી પૈકી ચારિત્રરત્ન વીતરાગ અવસ્થાનું 'યથાખ્યાત ચારિત્ર' સધાય, તો જ મોક્ષ પ્રાપ્ત થાય. આ ચારિત્ર માટે ક્ષપક-શ્રેણીના ઉચ્ચ વિશુદ્ધ અધ્યવસાય આવવા જોઈએ, ને એ માટે ઉચ્ચ કોટિનું મનોબળ જોઈએ. અને તેવું મનોબળ શરીરના શ્રેષ્ઠ કોટિના 'વજ્રઋષભનારાચ' નામના સંઘયણ-બળ ઉપર આવી શકે. પરંતુ આ પંચમકાળના જીવોમાં એવું પુણ્ય નથી હોતું, તેથી તેવા સંઘયણના અભાવે તેવું મનોબળ નહિ; એટલે પંચમકાળે જિનશાસન અને રત્નત્રયી પામવા છતાં ઉત્કૃષ્ટ ચારિત્ર 'યથાખ્યાત ચારિત્ર' પામી શકાતું નથી. એટલે અત્યારે આ ભરતક્ષેત્રમાંથી વિશેષ મોક્ષમાર્ગ નથી મળતો કે જેથી અહીંથી સીધા મોક્ષે પહોંચી શકાય. આ હિસાબે કવિએ અહીં ઠીક જ કહ્યું કે, 'ન ચલે વાટ વિશેષોજી.' અહીં એક પ્રશ્ન થાય, –

**પ્રશ્ન :** આજે ભરતક્ષેત્રમાંથી ભલે ઠેઠ મોક્ષ સુધી ન પહોંચાતું હોય, તો પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જે માર્ગ છે, એનાથી મોક્ષ નજીક તો થાય જ છે. એટલે મિથ્યાદર્શનોના માર્ગની અપેક્ષાએ જૈનદર્શનના આ રત્નત્રયી માર્ગને **'માર્ગવિશેષ'** જરૂર કહી શકાય. હવે જો એ આજે પણ અહીં મળે છે, તો 'ન ચલે વાટ વિશેષોજી' કેમ કહ્યું ?

જેવી રીતે વ્યવહારમાં મુંબઈથી પાલીતાણાની સીધી લાઈન ન મળતી હોય, છતાં વાયા-વિરમગામ જે-જે લાઈનથી જવાતું હોય, તે તે લાઈન એ પાલીતાણાનો જ માર્ગ કહેવાય છે; એમ અહીં પણ પ્રાપ્ત થતી રત્નત્રયીથી ભલે અહીંથી સીધા મોક્ષે ન જવાય, પરંતુ આ જનમની રત્નત્રયીની સાધના પછીના જનમમાં રત્નત્રયીથી

સીધા મોક્ષે જઈ તો શકાય છે, એટલે કે પદ્મપ્રભસ્વામી જિનને મોક્ષમાં જઈ મળી શકાય છે. તો અહીંની સધાતી રત્નત્રયી એ પણ એ પ્રભુને મળવાની વાટ વિશેષ જ કહેવાય; છતાં કવિએ 'ન ચલે વાટ વિશેષોજી' કહ્યું, એનો ભાવ શો ?

**ઉત્તર :** કવિની પોતાની આ અંગત વાત છે કે મારા માટે આજે વાટવિશેષ ચાલતી નથી; ભાવ એ છે કે 'રત્નત્રયી' નામ દીધું, 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર' નામ દીધું અર્થાત્ એ દ્રવ્યક્રિયારૂપે સાધ્યા, એટલા માત્રથી તરાતું નથી;

**ભાવ વિનાની દ્રવ્યક્રિયા અંતિમ તારણહાર નથી બની શકતી.**

માટે એ સમ્યગ્દર્શનાદિ ભાવ ક્રિયારૂપ સધાવા જોઈએ; અને રત્નત્રયીને ભાવથી સાધવા જવાની આડે આ કળિકાળમાં એવા પ્રતિબળો પ્રસરી ગયા છે કે, જે ભાવ-સાધના ન આવવા દે.

દા.ત., ભાવરત્નત્રયીની સાધના માટે જરૂરી ૬ વસ્તુ છે, જેમ કે

**१तच्चित्ते, २तम्मणे ३तल्लेस्से ४तदज्झवसाणऽज्झवसिए,**
**५तदप्पिअकरणे ६तदट्ठोवउत्त**

અર્થાત્ ૧. તચ્ચિત્ત, ૨. તન્મન, ૩. તલ્લેશ્ય, ૪. તદધ્યવસાનાધ્યવસિત, ૫. તદર્પિત-કરણ, ને ૬. તદર્થોપયુક્ત. સાધનામાં આવા બનવા માટે એમાં (૧) એકાકાર અને સંવેદનશીલ બનવું જોઈએ; પરંતુ

**(૧) પ્રભુમાં આપણી એકાકારતા કેમ નહિ ?** વીસમી સદીના વિકસેલા ભૌતિક સાધનો અને ફાલી-ફૂલેલી વિષયવિલાસની રીતરસમોના ઘેરાવાની વચ્ચે રત્નત્રયીની સાધનામાં એકાકારતા ક્યાંથી લાવવી ? મગજ પર બાહ્ય વસ્તુઓનો ખડકલો એટલો મોટો છે કે, ત્યાં મગજમાં અંતસ્તલ સુધી રત્નત્રયી પહોંચી જ શકે નહિ. એ તો મગજને બાહ્યથી તદ્દન ખાલી કરાય તો જ ત્યાં રત્નત્રયીને બેસવા જગા મળે. પરંતુ જીવ બાહ્યથી એવો ટેવાઈ ગયો છે કે એ બાહ્ય વસ્તુ મગજનો કબજો જ ન મૂકે. પછી ત્યાં વાટ વિશેષ તરીકે ભાવથી રત્નત્રયી શી રીતે ચાલી શકે ?

(૨) એકાકારતા ઉપરાંત બીજી એક આવશ્યકતા સંવેદન- શીલતાની છે. એની ય આજે મુશ્કેલી છે; કેમ કે પૌદ્ગલિક બાબતની સંવેદનશીલતામાં જીવ એક્કો છે; ઝટ એમાં એ સંવેદનશીલ બની જાય છે; પછી એ આ આધ્યાત્મિક સાધનામાં સંવેદનશીલ શી રીતે બની શકે ?

## સંવેદનશીલતા એટલે શું ?

'સંવેદનશીલતા' એટલે ક્રિયાનુસારે અંતરમાં સંવેદન થાય, ઝણઝણાટી થાય; દા.ત. ગરમીના દિવસમાં બહાર તાપમાં તપીને બળ્યાઝળ્યા આવ્યા, તરસ ભારે લાગી છે; હવે ત્યાં કોઈ એકદમ ઠંડુગાર પાણી પાય, તો એ પીતાં પીતાં 'હાશ !'

એમ દિલમાં શેરડો પડે છે. આજ સંવેદનશીલતા છે. એવું આપણને ધર્મક્રિયા કરતાં 'હાશ !' ના સંવેદનનો અનુભવ ખરો ?

દુન્યવી જીવનમાં, જુઓ, કેટકેટલી ક્રિયાઓ કે પ્રસંગોમાં 'હાશ !'ના હૃદયસ્પર્શી સંવેદન થાય છે. દા.ત.

(૧) બજારમાંથી સાંજે થાક્યા પાક્યા ઘરે જવા પગ ચાલતા ન હોય, અને એવામાં તમને કોઈ પોતાની ગાડી ઊભી રાખી કહે, - 'ભાઈ ! આવી જાઓ ગાડીમાં, તમને ઘરે મૂકી દઈશ ! તો ત્યાં ગાડીમાં બેસી જતાં કેવુંક 'હાશ !' નું સંવેદન થાય ?

(૨) ત્રાહિત માણસ તમારા દેવાદારને પકડી લાવી અને દેવાના રૂપિયા ૧૦ હજાર તમારી આગળ ધરાવી દે, તો તમને એ રૂપિયા ગણતા કલેજે કેવીક 'હાશ'-ની ઠંડકનું સંવેદન થાય ?

(૩) તાવ, ખાંસી,... વગેરે બીમારી મટતી ન હોય, અને કોઈ પોતાના અનુભવના મહાનિષ્ણાત વૈદ્ય-ડૉ. ને લઈ આવે, તો કેવુંક 'હાશ' ! નું સંવેદન.

બસ, આપણે આ તપાસવાનું છે કે આવું આપણા કલેજે 'હાશ' નું સંવેદન કઈ ધર્મક્રિયામાં અનુભવીએ છીએ ? પ્રભુદર્શનમાં ? પ્રભુપૂજામાં ? ચૈત્યવંદનમાં ? માળા ગણવા બેસતાં ? ઉપવાસ વગેરે પચ્ચક્ખાણ કરતાં ? કોઈ સાધર્મિક સેવા-ઉદ્ધારનું કાર્ય આવી લાગે ત્યાં 'હાશ'નું સંવેદન ખરું ? કે કદાચ ઊલટું 'હાય ! આ આવ્યું. ચાલો ભાઈ ! પતાવો, 'એવા કંટાળાનું સંવેદન ?

કવિ અહીં જે કહે છે, 'ન ચલે વાટ વિશેષોજી' અર્થાત્ 'પ્રભુને ભેગા થવા કોઈ માર્ગવિશેષ જતો દેખાતો નથી' એ કહેવાનો એક ભાવ આ છે કે, 'આમ તો પ્રભુને ભેગા થવાનો માર્ગ એટલે કે મોક્ષ પામવાનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આજે મળે છે, પરંતુ એ માર્ગની આરાધના વાસ્તવમાં કલેજે શેરડો પડે એવા સંવેદન સાથે જ ચાલવી જોઈએ, જેને માર્ગવિશેષ કહેવાય. એ અમારે ચાલતી નથી. એટલે અળગા જઈ બેઠેલા પ્રભુને ભેગા થવાનું કેવી રીતે થાય ?

ત્યારે જો કોઈ એમ કહે કે, "તો પછી જો પ્રભુ મળવાની આશા જ નથી, તો એના ઓરતા કરવાનું ને ઝંખના રાખવાનું માંડી વાળો", તો કવિ કહે છે,–

**"સુગુણ સનેહા રે કદીય ન વીસરે"**

અર્થાત્ આ સદ્ગુણોના ભંડારસ્વરૂપ ભગવાન અમારા એવા સ્નેહી છે, સ્નેહવાળા છે, કે એ ક્યારેય વીસર્યા વીસરાતા નથી. પછી ભગવાનને મળવાની ઝંખનાની માંડવાળ કેમ કરાય ? પૂર્વે ગાયું, **'ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ'** આગળ કહેશે **'દુલ્લહા સજ્જન સંગાજી.'**

માટે જ મને પ્રભુનું એવું આકર્ષણ છે કે, એ ભૂલ્યા ભૂલાય નહિ. દુનિયામાં ય દેખાય છે કે, જે સ્નેહીમાં સ્વાર્થ-માયાનો દોષ નહિ, પણ સેવા-સહકારનો ગુણ હોય, યા દ્વેષ-ઈર્ષ્યાનો દોષ નહિ, પણ સહાનુભૂતિ અને નિર્મળ પ્રેમ-અનુરાગનો ગુણ હોય, તો એવા સ્નેહી ભૂલ્યા ભૂલાતા નથી. તો અહીં તો ભગવાન મહાન પરાર્થતા-પરોપકાર આદિ ગુણવાળા, દુશ્મન પર પણ મહા ક્ષમા કે મૈત્રી-વાત્સલ્ય ગુણવાલા છે, દુઃખિત પર અત્યંત કરુણા ગુણવાળા છે, એવા એવા તો કંઈ લોકોત્તર ગુણવાળા પ્રભુ છે, પછી એવા પ્રભુ ભૂલ્યા કેમ ભૂલાય ? 'સુગુણ સનેહા રે કદીય ન વીસરે'.

**પ્રશ્ન :** 'સનેહી' શબ્દ અને 'સનેહા' શબ્દમાં શો ફરક ?

**ઉત્તર :** 'સનેહી' શબ્દ સ્નેહી શબ્દનો અપભ્રંશ છે. 'સ્નેહી' એટલે સ્નેહવાળો, સ્નેહપાત્ર, ફલાણા ભાઈ અમારા સ્નેહી છે, એટલે કે, અમારા સ્નેહનું પાત્ર છે, એ અમારા પર સ્નેહવાળા છે. 'સનેહા' શબ્દમાં નેહ સહિત તે 'સનેહ', એનું બહુવચન તે સનેહા; અર્થાત્ નેહવાળા, પ્રેમવાળા. માન આપવા અર્થે બહુવચન વપરાય. ભગવાન જગતના જીવો પર સ્નેહવાળા છે, દુનિયાના એક સારા સામાન્ય સ્નેહી ભૂલાયા નથી, તો ભગવાન જેવા અનન્ય સ્નેહી કેમ ભૂલાય ? મનને એમના વિરહનું દુઃખ વારે વારે થયા કરે; પછી ભલે એ પોતે અહીં ન આવે, પરંતુ અમારે ત્યાં પહોંચી શકાતું હોય તો અમે પહોંચીનેય સંતોષ માનીએ કે 'ચાલો, પ્રભુજી ભેટી ગયા !' પરંતુ ખાટલે મોટી ખોડ પાયો જ નથી, એમ અહીં 'ન ચલે વાટ વિશેષોજી' - ત્યાં પહોંચવાનો માર્ગ વિશેષ યાને ખાસ માર્ગ, જે આભ્યન્તર તાદૃશ આત્મ પરિણતિરૂપ છે, તે પરિણતિ અમે હાલ અમારામાં ચલાવી શકતા નથી, એનું અમને ભારે દુઃખ છે. ત્યારે એમ થાય કે, હવે પ્રભુની સાથે અમારે ઝહાકજી સંપર્ક શી રીતે રાખવો ? હા, એક રસ્તો છે, કે અહીંથી ત્યાં જનાર કોઈ હોય તો એમના દ્વારા સંપર્ક રાખી શકાય. આજે દા.ત. પરદેશમાં રહેનાર સગાં સ્નેહી સાથે સંપર્ક ખેપિયા (પોસ્ટમેન) દ્વારા રખાય છે. પરંતુ આમાં મુસીબત એ છે કે-

**ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહીં, નવિ કહે સંદેશોજી;**
**જેહને મિલવું દોહિલું, તેહશું નેહ તે આપ કિલેશોજી. સુગુણ...૨**

**ભાવાર્થ :** અહીંથી ત્યાં જઈ શકનારામાંથી કોઈક પણ અહીં પાછા આવતા નથી. એટલે આ દુઃખ છે કે ન તો એ ત્યાં પ્રભુને અમારો સંદેશો કહેતા હોય, યા ન પ્રભુનો સંદેશો લાવીને અમને કહેતા હોય.

આમ જેને (સંદેશાની આપ-લે દ્વારા પણ) મળવાનું દુર્લભ છે, એમની સાથે પ્રેમ માંડવો એ આત્મક્લેશ છે.

**વિવેચન :** મહાગુણિયલ સ્નેહી ભગવાન પાસે પહોંચી જવાનો વિશિષ્ટ માર્ગ ભલે હાથ ન લાગતો હોય, છતાં કોઈ ખેપિયા જેવા દ્વારા સંદેશાની આપ-લે કરવાથી પ્રભુ સાથે સંપર્ક રહી શકે છે. પરંતુ એ અહીં અશક્ય છે; કેમ કે અહીંથી પ્રભુ પાસે જે જાય છે તેમાંથી કોઈ પણ પછી પાછા આવતા નથી, એટલે એમણે અમારો સંદેશો પ્રભુને પહોંચાડ્યો કે કેમ ? એની ય ખબર પડતી નથી. તેમજ પ્રભુ અમને કોઈ સંદેશો કહેવડાવે છે કે કેમ ? એની પણ અમને જાણ નથી; તેમજ કદાચ પ્રભુ આપ સંદેશો અમને કહેવડાવતા હો, તો તે પણ સંદેશો લાવીને અમને કોઈ કહેતું નથી. અહીં પાછા આવે તો ખબર પડે ને ? અહીં કદાચ સવાલ થાય, -

**પ્રશ્ન :** મોક્ષમાં પ્રભુને જઈ મળનારા હોય, તો પછી એ કેમ પ્રભુને આપણો સંદેશો ન કહે ?

**ઉત્તર :** એનું કારણ એ છે કે પ્રભુને જે મોક્ષમાં જઈ મળનારા હોય છે, એ અહીં પ્રભુ જેવા થઈને જઈ મળે છે, પ્રભુ જેવા એટલે કે વીતરાગ કૃતકૃત્ય. એવા થઈને જઈ મળનારા, એટલે ત્યાં ગયેલા એમને હવે આપણા માટે રાગ નથી કે એ આપણું કામ હાથમાં લે; તેમજ એ કૃતકૃત્ય એટલે હવે એમને આપણો સંદેશો પ્રભુને કહેવા કરવા વગેરેના કોઈ કૃત્યો કરવાનાં બાકી નથી; એટલે શાનું એ સંદેશો કહેવાનું કૃત્ય કરે ?

સારાંશ પ્રભુની સાથે સંપર્ક સંદેશાની આપ-લે દ્વારા પણ થાય, કિન્તુ એ શક્ય નથી; એટલે પ્રભુને મળવાનું દોહિલું છે.

**જેહને મિલવું દોહિલું, તેહશું નેહ તે આપ કિલેશોજી.**

જેમને મળવાનું બધી વાતે દુર્લભ છે, એમના પર સ્નેહ ધરવો એ આત્માને કષ્ટરૂપ છે, પ્રભુ પર સ્નેહ ધરવો છે, એ તો નિશ્ચિત વાત છે, અને આપણે નિમિત્તવાસી આલંબનજીવી જીવ છીએ, એટલે જેમ દુન્યવી જીવનમાં એમ અહીં પ્રભુને મળવાનું એક યા બીજું નિમિત્ત મળે, સાધન મળે, આલંબન મળે, તો આપણને પ્રભુ પર સ્નેહ ટકાવી રાખવાનું સરળ બને. બાકી તો જ્યારે સુગુણ સનેહી કદી વીસર્યા વિસરાતા નથી, પછી એમના કોઈ સંદેશા વિના શી રીતે દિલને શાંતિ વળે ? સીતા રાવણની કેદમાં પૂરાયા, દિવસો સુધી પતિ-રામચંદ્રજી તરફથી કોઈ સંદેશો મળતો નથી, તો સીતાજીને રામ પરનો સ્નેહ કષ્ટરૂપ બન્યો, અર્થાત્ ઝૂરવારૂપ થયો. સીતાજી સીદાતા જ રહ્યા, ભોજન અકારા લાગ્યાં... આવી પરિસ્થિતિ ક્યાં સુધી ચાલી ? તો કે જ્યાં સુધી હનુમાનજી દ્વારા સીતાજીને રામચંદ્રજીની વ્યથા જ્ઞાત નહી કરાઈ.

કવિ કહે છે, "પ્રભુના રૂબરૂ મળવા સિવાય આ પ્રભુના પ્રેમ સંદેશા વિના, મારે તો 'નેહ તે આપ કિલેશોજી', અર્થાત્ પ્રભુ પરના સ્નેહમાં સીદાવાનું થાય છે. અહીં સવાલ થાય,–

કવિ અંતે તારવણી કાઢે છે કે વીતરાગ પરમાત્મા શ્રી પદ્મપ્રભસ્વામી અલગ જઈ વસેલા તે જ્યારે અહીં આવનાર નથી, તેમજ એમની પાસે હાલ જઈને પોતે મળી શકે એમ નથી, ઉપરાંત એમનાં તરફથી સંદેશાવ્યવહાર પણ ચાલે એમ નથી, તો એનો અર્થ એ છે કે પ્રભુ આપણા પ્રત્યે સ્નેહનું કશું કાર્ય કરે એમ નથી, તો પછી અમારે પ્રભુ પર સ્નેહ રાખવો શી રીતે ? એ વાત હવે કવિ કહે છે.

**વીતરાગશું નેહ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી.**
**ઘોડો દોડે રે સાહિબ વાજમાં, મન નાણે અસવારોજી ...સુગુણ...૩**

**ભાવાર્થ :** વીતરાગ ભગવાન સાથે પ્રીત બાંધવી તે એક પાક્ષિક રહેવાની, તો તે કેવી રીતે કરવી ? સાહિબની સવારીમાં ઘોડો દોડે છે ત્યારે એ કાંઈ પોતાના સવારને લક્ષમાં લેતો નથી.

**વિવેચન :** કવિ અહીં ભક્તનો આર્તનાદ રજૂ કરે છે, - પ્રભુ કોઈ એકની સાથે સ્નેહ કર્યા વિના ચાલતું નથી. મારા જીવનો સ્વભાવ જ એવો પડી ગયો છે કે સાથે કંપની જોઈએ, સહયોગી જોઈએ છે. જમવા બેસે તો સાથે જમનાર જોઈએ છે. ગામમાં કે બહાર ફરવા જાય તો સાથે ફરનાર જોઈએ છે. કોઈક પ્રસંગમાં ક્યાંક જવાનું હશે તો સાથે સધિયારો જોઈએ છે. આવા સ્વભાવ પર આ જગતમાં જીવન પસાર કરવાનું છે એમાં મારે સહયોગી જોઈએ છે, તે પ્રભુ તમને સહયોગી બનાવી તમારા પર સ્નેહ કરું છું પણ તેમાં તમે તો પ્રભુ ! વીતરાગ હોવાથી કોઈને સ્નેહ આપતા નથી, તો મને પણ નહિ. એટલે હવે મારે સ્નેહ કરવાનો તે એક પાક્ષિક સ્નેહ કરવો પડે એવી સ્થિતિ છે. એ કેવી રીતે કરવો ? એ વિમાસણ છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૬,અંક-૧૭,તા.૧૦-૧-૧૯૮૭**

દુનિયામાં તો કહેવાય છે કે બે હાથે તાલી પડે, એક હાથે તાલી ન પડે તો સામાના પ્રેમ વિના એકલે પંડે પ્રેમ શી રીતે કરાય ? સવાલ થાય, –

**પ્રશ્ન :** ભગવાન તો જગતદયાળુ કહેવાય છે તો આપણા પર પ્રેમ કેમ ન રાખે ?

**ઉત્તર :** પ્રેમ બે રીતે થાય છે, (૧) સ્વાર્થથી અને (૨) ગુણના આકર્ષણથી. દુન્યવી પ્રેમ લગભગ સ્વાર્થના હિસાબે હોય છે: માબાપ પ્રેમથી પુત્રને

ઉછેરે છે, પણ તે એવી સ્વાર્થબુદ્ધિથી કે 'આ મોટો થશે એટલે અમને સંભાળશે.' ત્યારે સમાજમાં અમુક વિશિષ્ટ વ્યક્તિ પર પ્રેમ થઈ આવે છે. અને સ્વાર્થ વિના એનાં કામકાજ પણ કરી દેવાય છે, તે એના ગુણોના આકર્ષણને લીધે.

અહીં વીતરાગ ભગવાન કૃતકૃત્ય થઈ ગયા છે. એમના બધા કામ બધા સ્વાર્થ સિદ્ધ થઈ ગયા છે. હવે કોઈ જ સ્વાર્થ એમને સાધવાનો બાકી નથી કે એ સ્વાર્થવશ આપણા પર પ્રેમ કરતા આવે. તો હવે એમ બને કે આપણા ગુણના આકર્ષણથી આપણા પર પ્રેમ કરતા આવે. પરંતુ આપણામાં ગુણો કેવા છે કે પ્રભુનું આપણા પર આકર્ષણ થાય. એ આપણે જાણીએ છીએ, એટલે પ્રભુ આપણા પર સ્નેહ શી રીતે કરે ?

**પ્રભુ મહાન તરીકે પ્રેમ કેમ ન કરે ?**

**પ્રશ્ન :** અગર એમ કહીએ કે ભલે ભગવાનને સ્વાર્થ ન હોય, તેમજ આપણામાં ગુણ ન હોવાથી આપણા પ્રત્યે ભલે આકર્ષણ ન હોય, પરંતુ ભગવાન મહાન દયાળુ પુરુષ છે એ હિસાબે તો આપણા પર પ્રેમ રાખે ને ? ઘરમાં ચાર પેઢી જોનારા દાદાને ચોથી પેઢીના છોકરા પાસેથી કશો સ્વાર્થ નથી, તેમજ એના કશા ગુણનું આકર્ષણ નથી, છતાં એના પર સ્નેહ રાખે જ છે ને ? તો પ્રભુ ! એ પ્રમાણે આપણા પર કેમ સ્નેહ ન રાખે ?

**ઉત્તર :** આનો ખુલાસો એ છે કે, અહીં ચાર પેઢી જોનાર દાદાનું દૃષ્ટાંત લાગુ નહિ પડે, કેમ કે આમાં તો લૌકિક મોહભર્યું જીવન છે, ત્યારે પ્રભુ એવા જીવનથી પર થઈ બેઠા છે. લોકોત્તર જીવન માંડીને પરમાત્મા બનેલા છે. એમને એવા લૌકિક સ્નેહ કરવાના હોય નહિ.

એટલે હવે આપણે સમજીને પ્રભુ પર સ્નેહ કરવાનો છે કે એ પ્રભુ આપણને સ્નેહ આપશે નહિ, ને છતાં આપણે સ્નેહ કરવાનો. તો પછી મૂંઝવણ છે કે એક-પાક્ષિક સ્નેહ શી રીતે કરવો ?

આ મૂંઝવણનું કારણ એ, કે કોઈના ઉપર એકવાર પ્રેમ કરતા જઈએ, બીજી વાર પ્રેમ કરતા જઈએ, ત્રીજી વાર પ્રેમ કરતા જઈએ, છતાં એકેય વાર જો સામેથી કશો રિસ્પોન્સ પ્રતિભાવ ન મળે, તો પછી પ્રેમ કરવાની ધીરજ ખૂટી જાય છે. એટલે પ્રભુ પર સ્નેહમાં એમ બને તો ધીરજ ખૂટી જ જાય ને ? કદાચ કહો, 'તો પછી પ્રભુ પર પ્રેમ કરવાનું છોડી દેવું', ના પ્રભુ એવા પ્રભાવવંતા છે, કે એમને ય છોડાય એમ નથી, કેમ કે પ્રભુ પર પ્રેમ કરવાથી જ માયા-મોહિનીનો પ્રેમ દૂબળો પડે, ને તો જ અમારો ઉદ્ધાર થવાનો છે.

એટલે સવાલ પાછો આ જ આવીને ઊભો રહે છે કે 'પ્રભુએ પ્રેમ દેખાડ્યા

વિના અમારે એકલે પંડે પ્રેમ શી રીતે કરવો ?'

હવે તો એક જ રસ્તો છે, કે જેમ કોઈક ધનિક કે રાજાની સવારીમાં ઘોડા નીકળે, અને ત્યાં એ ઘોડા જ્યારે દોડમાં હરીફાઈ કરતા દોડે છે. એ જોતા નથી કે 'અસવાર પોતાની ઉપર બરાબર સાવધાન રહીને બેઠો છે કે નહિ.' ઘોડાનું કામ તો એકમાત્ર પોતાથી બને તેટલી ઝડપે દોટ મૂકવાનું. ઉપર બેઠેલા સવારે પોતાનું જોખમ સમજીને બેસવાનું. સવાર પડી ન જાય એ કાંઈ ધ્યાન ઘોડો નહિ રાખે. એમ અહીં પ્રભુ અમારા પ્રેમને લક્ષમાં લેતા નથી છતાં, અમારે અમારું જોખમ સમજીને પ્રભુ પર પ્રેમ રાખવાનું કાર્ય બજાવ્યે જવાનું છે.

તો એવો અમારો પ્રભુ પર પ્રેમ કેટલો ટકશે ? દુન્યવી વ્યવહારમાં સામેથી રિસ્પોન્સ (પ્રતિભાવ) મળવાને ટેવાયેલા અમારે પ્રભુ સાથેના પ્રેમમાં શી રીતે ટકવું ? સામેથી પ્રભુનો પ્રેમનો પ્રતિભાવ છે નહિ, તો એકમાત્ર અમારે પ્રભુ પર પ્રેમ રાખવામાં ટકવું કેમ ? અહીં એક મહત્ત્વનો પ્રશ્ન થાય,–

**પ્રશ્ન :** અહીં વીતરાગ સાથેનો સ્નેહ તો એક પાક્ષિક જ રહેવાનો છે. પછી કવિનો બળાપો શા માટે ? વીતરાગને રાગ-સ્નેહરહિત સમજીને તો એમના પર સ્નેહ કર્યો છે. પ્રભુ રાગી-સરાગી હોત તો થોડા જ આપણે એમને ભજવાના હતા ? એટલે એકપક્ષી સ્નેહનો આ વલોપાત નકામો નથી ?

**ઉત્તર :** અલબત્ત વીતરાગ પર આ સમજીને જ સ્નેહ કરેલો છે કે એ પ્રભુ આપણા પર રાગ નથી કરવાના, પરંતુ વલોપાત એટલા માટે છે કે આપણે કોઈને બોલાવીએ અને એ બોલે, તો એની સાથે સ્નેહ રાખીએ, આપણે કોઈના સામે જોઈએ, ને એ આપણા સામું જુએ, તો એની સાથે સ્નેહ ધરીએ, આપણે કોઈને કાંઈ સંભળાવીએ, ને એ સાંભળે તો એની સાથે સ્નેહ સ્થાપીએ. તેથી અહીં જો આપણે પ્રભુ પર પ્રેમ કરવા છતાં પ્રભુ પ્રેમ ન કરે એટલે સહેજે વલોપાત થાય કે આપણે એકપાક્ષિક સ્નેહમાં જ તણાવું ? તો આપણા સ્નેહના ભાવ કેમ ટકે ? પ્રભુ પરના આપણા સ્નેહભાવની સામે સહેજે અપેક્ષિત પ્રભુ તરફથી પ્રતિભાવ ન મળે એટલે મન વલખા મારે એ સહજ છે. તો પૂછો,

**પ્રશ્ન :** જ્યારે આપણે સમજીએ જ છીએ કે પ્રભુ વીતરાગ હોવાથી આપણને રાગ-પ્રેમ નથી આપવાના, તો પછી એવા વીતરાગ પ્રભુ પર રાગ કર્યો જ શા માટે ?

**ઉત્તર :** વીતરાગ પ્રભુ પર રાગ આટલા માટે કર્યો કે, જગત પરના રાગ ઓછા થાય.

**જ્યારે જગદ્ગુરુ ગમશે ત્યારે જગત્ નહિ ગમે.**

વીતરાગને વળગતા જઈએ તો જ જગત અકારું લાગે. કોઈ પૂછે, કેમ તરાગ પર રાગ કરો છો ? તો કહીએ. જગત ન ગમે, જગતના પદાર્થો ન ગમે, કારા લાગે, એ માટે વીતરાગ પર રાગ કરું છું.'

**રાજા પ્રદેશીને** કેશી ગણી મહારાજના ઉપદેશથી વીતરાગ ઓળખાયા, તરાગ ગમ્યા એટલે પછી વહાલામાં વહાલી સૂર્યકાન્તા રાણી પણ ગમતી બંધ ગઈ ! એકલી રાણી શું આખું રાજ્યપાટ, ખજાનો, પરિવાર, બધું જ અકારું ગ્યું ! એવો જ્વલંત વૈરાગ્ય હતો તોજ રાણીના વિષપ્રયોગ પર પ્રદેશી રાજાને તની ઘડી આવી છતાં, એ વિષય વૈરાગ્યના અને વીતરાગ પરની શ્રદ્ધાના બળે ને પહેલા દેવલોકમાં સૂર્યાભ વિમાનના માલિક સૂર્યાભદેવ થયા !

એટલે સ્થિતિ આ છે કે, જેમ રેસમાં ઘોડા દોડે છે એ એના સવાર સામે તો નથી, સવારને લક્ષમાં લેતો નથી, એમ તમે વીતરાગને ભજો. વીતરાગના મમાં દોડ્યા જાઓ. ત્યાં આ જોતા નહિ કે સામેથી વીતરાગ પ્રભુએ સ્નેહ આપ્યો નહિ ? એક જ હિસાબ રાખવાનો કે પ્રભુ મારા તારણહાર છે.

**પ્રશ્ન :** પણ એ તો તારશે ત્યારે તારશે ને ? અત્યારે તો સંસારમાં રઝળપાટમાં ીએ ને ?

**ઉત્તર :** ના, અત્યારે પણ આપણે જે દુન્યવી જુદા જુદા પદાર્થના વિચારો-કલ્પો કરીએ છીએ એ આપણી એ પદાર્થોમાં રઝળપાટ જ છે એટલે જ કોઈ પૂછે ીતરાગ આપણા પર સ્નેહ તો કરતા નથી, છતાં આપણે કેમ એમને વળગીએ ? ો એનો જવાબ આ છે કે,

વીતરાગને વળગવાથી દુન્યવી પદાર્થોમાં આપણા મનનો રઝળપાટ અટકે. લબત્ત મને વીતરાગની લગન લાગવી જોઈએ. પ્રભુ પર હૈયું ઓવારી જાય કે, ાહ પ્રભુ વાહ ! આ મારું ચિત્ત દુન્યવી જડ પદાર્થોમાં એટલું બધું રખડ રખડ રતું કે, રખડેલ છોકરાની જેમ એને એનો થાક જ નહિ, તે સારું થયું, હવે મનને વિશ્રાન્તિ કરવા વીતરાગ મળ્યા ! ને વીતરાગમાં ને વીતરાગમાં મન રહ્યા કરે, એમનાં ગુણો તથા જીવન-સુકૃતોમાં જ મન રમ્યા કરે, એટલે જડના બાલિશ અને ખેદ રઝળપાટથી બચી જવાય છે. એનો આનંદ ઓર !

ચંદનબાળાના પિતાનું રાજ્ય ગયું. માતા સાથે એને સિપાઈડો લઈ ચાલ્યો. માતાએ આપઘાત કર્યો ! ચંદનાને સિપાઈડાએ ઊભે બજારે વેચી. શ્રાવક ધનાશેઠ ખરીદી ગયા. શેઠાણી મૂળાએ ચંદનાનું માથુ મુંડાવી પગમાં બેડી ઘાલી ભોંયરામાં પૂરી ! કહો, ચંદનબાળા એક રાજકુમારી એને કેવાંક દુઃખ પર દુઃખ ? છતાં એ રો-રો નથી કરતી ! કેમ વારું ? વીતરાગ ભગવાન વીર પ્રભુની એને લગન લાગી

હતી. પ્રભુના ચિંતનમાં એને બાહ્યની બહુ કિંમત નહોતી લાગતી, એટલે તો જ્યારે પ્રભુને અડદના બાકળા વહોરાવ્યા ત્યાં ૧૨॥ કરોડ સુવર્ણની વૃષ્ટિ થઈ પરંતુ એના પર ચંદના રાજી ન થઈ, હક ન કર્યો, એ બધું ધન એણે પાલક પિતા ધનાશેઠને આપી દીધું ! ચંદનાએ ધન અકારું કર્યું, કેમ ? કારણ આ, ચંદનાને પ્રભુ પર સ્નેહ હતો. શું અહીં પ્રભુએ એના પર સ્નેહ કર્યો હતો ? ના, છતાં એકપક્ષી સ્નેહમાં ચંદના તરબોળ રહી હતી, તો ભારે દુઃખો દુઃખરૂપ ન લાગ્યા. એમ

**સુલસા**ને શું બનેલું ? એ જ વીતરાગ વીર પરમાત્માની એને લગન એવી લાગેલી કે વિદ્યાધર અંબડ પરિવ્રાજકે આકાશમાંથી જીવંત બ્રહ્મા-વિષ્ણુ-મહેશના રૂપ ઉતાર્યાં. તો રાજગૃહીનગરી એ જોવા ઊલટી, પણ સુલસાને એ જોવા જવાની આતુરતા જ ક્યાં ? જોવાની આતુરતા સરખી ન થઈ !

**'ઘોડો દોડે' નો એક અર્થ :**

રેસનો ઘોડો સવારનું જરાય લક્ષ રાખ્યા વિના પૂરપાટ દોડ્યે જાય એમ સુલસાનું મન, સામેથી વીતરાગ પ્રભુનો સ્નેહ મળે છે કે નહિ, એ કાંઈ જ લક્ષમાં લીધા વિના પ્રભુ પરના અથાગ સ્નેહથી વીતરાગ પ્રભુના વિચારમાં પૂરપાટ દોડ્યે જતું હતું, અથવા,

**'ઘોડો દોડે' નો બીજો અર્થ :**

જેમ રેસનો ઘોડો સવારના તરફ લક્ષ રાખ્યા વિના પૂરપાટ દોડ્યે જાય છે, એમ વીતરાગ સર્વજ્ઞ પ્રભુ, ભક્તના સ્નેહનો સ્નેહથી પ્રતિભાવ આપ્યા વિના, ક્ષણે ક્ષણે જ્ઞેય પદાર્થોની નવનવી વર્તનામાં ચાલ્યા જાય છે. ત્યાં મારે પ્રભુ પ્રત્યે સ્નેહ, પ્રભુ પ્રત્યે ભક્તિ શી રીતે ટકાવવી ? સ્નેહનો જવાબ સ્નેહથી મળે તો ઉલ્લાસેય વધે.

આમ પ્રભુપ્રેમમાં નિરાશા લાગતા કવિ હવે પ્રેમભક્તિની જૈનશાસનની વ્યાખ્યા યાદ કરી આશ્વાસન અનુભવે છે. એ માટે ચોથી કડીમાં કવિ કહે છે,–

**સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિંહા દોય રીઝેજી**
**રસ ને રીઝ બેહુ હોડા હોડશું, મનના મનોરથ સીઝેજી...સુગુણ...**

**ભાવાર્થ :** સાચી ભક્તિ ભાવન (પરિણમન-સંવેદન) રસને કહી છે. (એ) રસ હોય ત્યાં (ભક્ત અને દેવ) બંને રીઝે છે. (પછી તો રસ અને રીઝ હરીફાઈથી ચાલે છે, (ને એમાં) મનના મનોરથ સિદ્ધ થાય છે.

**વિવેચન :** પ્રભુ તો દૂર જઈ વસ્યા છે, એમના મેળાપ વિના એમની સાથે સ્નેહ શી રીતે કરાય ? અહીંથી ત્યાં સામાન્ય માણસથી જવાય એવું નથી, સંત જઈ શકે, પણ તેમના દ્વારા સંદેશો-પત્ર-વ્યવહાર ચાલે એમ નથી; કેમ કે જે જાય છે એ પાછા આવતા નથી, તેથી આપણા સ્નેહના જવાબમાં પ્રભુનો સ્નેહ

...ી મળતો નથી... ત્યારે આ બધી મૂંઝવણ સ્નેહ-પ્રેમ-ભક્તિ લૌકિક રીતની ...રવામાં ઊભી થાય છે; કિન્તુ જો જૈનશાસ્ત્રીય પદ્ધતિની લોકોત્તર સ્નેહ-પ્રેમ-...ક્તિ વિચારાય તો આ કશી મૂંઝવણ ઉઠે જ નહિ. અહીં ધ્યાનમાં રહે, **(૧)** ...ની સાચી ભક્તિ,- 'હું તમારો ભક્ત છું' મારામાં અરિહંત પ્રત્યે અનન્ય ભક્તિ ...એવી માત્ર બોલવાની ભક્તિ નથી. એવું તો ઢોંગીને સારું બોલતાં આવડે. ...! બોલતાં આંખમાંથી પાણી ય કાઢી બતાવે. પણ એ કાંઈ સાચી ભક્તિ નહિ. ...કે નાટકિયો-ભવૈયો આ સારું કરી બતાવે.

**(૨)** ત્યારે પ્રભુ પાસે બેસી રહેવાથી કાંઈ સાચી ભક્તિ થતી નથી. ગોશાળો ...વીરપ્રભુની સાથે ને સાથે જ રહેતો હતો. પણ તે સારાને મફતિયા ખાનપાન ... માનસન્માન મળવાના નર્યા સ્વાર્થમાં. કિન્તુ એ કાંઈ ભક્તિ નહોતી. તેથી જ ...સ્વાર્થ સર્યો એટલે અંતે પ્રભુથી અલગ થઈ ગયો. પ્રભુ પર સાચી ભક્તિ હોત ...પ્રભુથી અળગો થઈ જાત ?

**(૩)** તો પ્રભુ સાથે સ્નેહાલાપ-સેવા-વૈયાવચ્ચ, શું એ સાચી ભક્તિ છે ? ... જમાલિ પણ પ્રભુ સાથે સ્નેહાલાપ ને બાહ્ય ભક્તિ - વૈયાવચ્ચ કરતા હશે, ...તુ સંથારા પાથરવા અંગે જ્યાં પ્રભુનો સિદ્ધાંત માનવાની વાત આવી ત્યાં એ હટી ગયો ...અને જે ૧૧ અંગ પોતે ભણ્યો હતો, એના ખુદ રચયિતા ગણધર ભગવાન શ્રી ...તમ સ્વામીજી મહારાજે એને સમજાવવાનું કર્યું, છતાં એણે માન્યું નહિ, ને અંતે ...નિહ્નવ થયો ! ક્યાં ગયો એનો પ્રભુ પરનો ભકિતભાવ ? સ્નેહાલાપ ને સેવા-...ાવચ્ચ, એ સાચી ભક્તિ નથી. તો પછી સાચી ભક્તિ શી ચીજ છે ? તો કવિ ...છે –

**'સાચી ભક્તિ રે ભાવનરસ કહ્યો'**

વીતરાગ પ્રત્યેની સાચી ભક્તિ કોને કહેવાય, તો કે 'ભાવનરસ' ને. ...ભાવનરસ' એટલે પ્રભુના ગુણો અને તત્ત્વો- સિદ્ધાન્તોથી આત્માને ભાવિત કરવો ... 'ભાવિત' એટલે વાસિત, રંગાયેલો, મઘમઘ થયેલો. દા.ત. મોટા શેઠિયા કે ...જા મહારાજાઓને સવારે દાતણ કરવા માટે એ દાતણને કસ્તૂરીની સુવાસથી ...ઘમઘતું જોઈતું હોય તો આગલી રાતે દાતણ કસ્તૂરીના દાબડામાં ઉપર મૂકી ...ાતું. તેથી દાતણ કસ્તૂરીની સુવાસથી એવું ભાવિત થઈ જતું, કે પછી સવારે એ ...ખું ચાવે ત્યાં સુધી મોંમાં નાકમાં કસ્તૂરીની સુવાસ પથરાઈ રહેતી. એમ આપણે ...ભુના ગુણો, - મૈત્રી - વાત્સલ્ય - કરુણા - ક્ષમા - સમતા - નિરભિમાનિતા ...ગેરેથી આપણા મનને ભાવિત કરી દેવું જોઈએ. એ શી રીતે થાય ? તો કે ...આપણે એ ગુણો પર અથાગ રાગ અને એનો તીવ્ર અભિલાષ ઊભો કરી, જીવન-

પ્રસંગોમાં એ ગુણોનો આછો આછો ખપ કરીએ, અનુભવ કરીએ, તે ય એવો કે આપણને એનો અનેરો રંગ આવે, અધિક ગુણો માટેના પ્રયત્નનું દિલ બન્યું રહે, તો કહેવાય કે આત્મા એ ગુણોથી ભાવિત થયો. આત્મામાં જે આ ગુણોની ભાવિતતા ઊભી થાય એ જ ભાવનરસ, અને એ જ પ્રભુ પર સાચી ભક્તિ.

જો જમાલિએ આ કર્યું હોત, તો પ્રભુના સિદ્ધાંતોથી ભાવિત થયેલો એ પ્રભુના 'કડેમાણે કડે' અર્થાત્ 'ક્રિયમાણં કૃતં' એ સિદ્ધાન્તોનો વિરોધ શાનો કરત?

ત્યારે જો આ ભાવનારસ આજે પણ આપણે ઊભો કરીએ છીએ, તો ભલે પ્રભુ સાક્ષાત્ અહીં નથી, તેમજ ભલે પ્રભુની મૂર્તિ પણ ચોવીસ કલાક આપણી સાથે નહિ, એટલે કાંઈ ચોવીસે કલાક પ્રભુની સેવાભક્તિમાં ઊભા રહેતા નથી, છતાં દિનરાત આપણામાં પ્રભુ પર સાચી ભક્તિ આવે છે, કેમ કે આપણા અંતરમાં ભાવનરસ સતત વહી રહ્યો છે.

**ભાવનરસમાં આ જ કરવાનું છે,** - પ્રભુના ભાખેલા જીવ-અજીવ આદિ તત્ત્વો, સ્યાદ્વાદ આદિ સિદ્ધાંતો, અને મૈત્રી-ક્ષમા આદિ ગુણો તથા સંયમ-સાધનાદિ, આ બધાથી આપણી મતિ રંગાઈ જાય, આપણી આત્મપરિણતિ તદનુસારિણી બની જાય. પૂર્વના શ્રાવક-શ્રાવિકા આવા બનતા, તેથી શાસ્ત્રમાં એમના માટે આ વિશેષણ વપરાતા, 'તત્ત્વપરિણતિમિત' 'જિનવચન ભાવિતમતિ'...

આ ભાવિતતા-ભાવનારસની આત્મસ્થિતિ ઊભી કરવા માટે સમજી રાખવું જોઈએ કે,—

અનાદિ કાળથી જીવ પુદ્ગલથી વાસિત થયેલો છે. અનુકૂળ પુદ્ગલરૂપ સામે આવે તો મનમાં તરત એનું સુખદ સંવેદન ઊભું થઈ જ જાય છે, એનું આંદોલન ચાલે છે. મનને તે મીઠું લાગે છે. તેમ ઉકરડા પાસેથી ચાલતાં મન ઉદ્વિગ્ન-કટુ બને છે; તેમ ઉકરડા પાસેથી જવું ગમતું નથી, ને બગીચા પાસેથી ચાલે તો મન મલકાય છે, આનંદ થાય છે. આ જડ ભાવિતતા હોવાનું સૂચવે છે. જ્ઞાતાધ્યયનમાં સુબુદ્ધિમંત્રી અને જિતશત્રુ રાજાનું દૃષ્ટાંત આવે છે.

**સુબુદ્ધિમંત્રીનો ભાવનરસ :**

સુબુદ્ધિમંત્રી જૈન તત્ત્વના ભાવનારસથી ભાવિત છે. એટલે દર્શન-શ્રવણ સ્મરણાદિમાં વાતવાતમાં અરિહંતના તત્ત્વોનું ચિંતન આગળ કરે છે. દા.ત. પુદ્ગલોનાં પરિણામોને બદલાતા જુએ છે, તેથી એ એમાં લહેવાઈ જતા નથી. એકવાર રાજાએ આપેલ જમણપાર્ટીની સારી સારી વસ્તુઓના બધાએ વખાણ કર્યા. પ્રશંસા કરી, પણ મંત્રી મૌન રહ્યા, રાજાને પ્રશંસા સાંભળવી હતી, તો પૂછ્યું 'કેમ મંત્રીજી, તમને રસોઈ બરાબર ન લાગી ?'

મંત્રીએ જવાબ આપ્યો, 'મહારાજ સાહેબ ! આ બધા પુદ્ગલના ખેલ છે.' ત્યાં રાજા પૂછે 'આમાં ખેલ શેના ?' મંત્રી કહે 'અવસરે કહીશ'. જમણ પછીથી બહાર ફરવા જતાં નગર બહાર નીકળતી ગંદી ગટરની બદબોથી બધાએ નાક પર ડૂચા માર્યા, મંત્રીએ ન માર્યા. ત્યાં પણ રાજાએ પૂછતાં મંત્રીએ આ જ જવાબ આપ્યો કે, 'બધા પુદ્ગલના ખેલ છે', ત્યાં રાજાએ 'પુદ્ગલનાં ખેલ એટલે શું ?' પૂછતાં મંત્રી કહે, 'અવસરે બતાવીશ !'

પછીથી ભાવનરસથી ભાવિત મંત્રીએ તે જ ગંદી ગટરનું પાણી કોલસીના ૮ મટકામાંથી ગળાવી કેસૂડા વગેરે ફૂલોથી ભાવિત કરી, રાજાને જમણ માટે નોતરીને આ પાણી રાજાને પીવડાવ્યું.

રાજા કહે 'તમે આવા કંજૂસ કે આજ સુધી મને આવું સરસ પાણીય ન પાયું ?'

ખુલાસા માટે મંત્રીએ અભયદાન લખાવી દીધું. પછી બધી પ્રક્રિયા દેખાડીને બતાવ્યું કે આ બધા પુદ્ગલના ખેલ એટલે રૂપના પલટા છે. મિષ્ટાન્નના પુદ્ગલ ઘડીમાં વિષ્ટાના પુદ્ગલ બની જાય ! આમાં આનંદ શું મનાવવો ? તેમ તેજ ગટરનું પાણી હમણા ગંદુ પણ ફિલ્ટર કરી ફૂલો વચ્ચેથી પસાર કરાવ્યું. તો તે સુંદર દિવ્ય બની ગયું ! પછી મંત્રીએ રાજાને જૈનદર્શનના નવ તત્ત્વો બતાવ્યા.

**આ ભાવિતપણાનું નામ છે 'ભાવનરસ.'**

જીવ અનાદિકાળથી જડ પુદ્ગલથી ભાવિત છે, વાસિત છે; તેથી જડ પુદ્ગલનો એ રસિયો છે. હવે તત્ત્વથી વાસિત થવાનું છે. તત્ત્વથી વાસિતનો દાખલો. તત્ત્વથી ભાવિત મન હોય તો ૫૦ લાખનો હીરો જોઈને આનંદ ન થાય, પણ અરેરાટી થાય કે, અરરર ! આ હીરાએ એની જિંદગીમાં માણસની કેટલીય પેઢીઓને દુર્ગતિમાં મોકલેલ છે ! તેથી ૧ લાખના હીરા જોતાં જે કમકમી થાય, તેના કરતા ૫૦ લાખના હીરામાં વધારે કમકમી થાય; કારણ કે વધારે મોટા રાગના સંક્લેશ કરાવી વધુ નીચી દુર્ગતિમાં મોકલી આપનાર છે.

**આંબાના રસમાં અતિ રાગ કેમ ?**

તેમ મિઠાઈ-મોસંબી આદિના રસ કરતાં કેરી-આંબાને જોતાં વધારે કમકમી થાય; કેમ કે એ ભયંકર ભવપરંપરા વધારી આપનાર છે; કારણ, આંબાના રસમાં રાગ અને આનંદ જાલિમ થાય છે.

**પ્રશ્ન :** આંબાના રસમાં જાલિમ આનંદ જાલિમ રાગ શી રીતે ?

**ઉત્તર :** જુઓ, માનો કે ઘરવાળા પિયર ગયા હોય, ને મિત્ર ૮ દહાડા સુધી આગ્રહ કરીને જમાડવાનું રાખે, એમાં એકની એક સારી મિઠાઈ કે ફૂટ રોજ ને રોજ જમાડે, તો ત્રીજે ચોથે દહાડે કંટાળો આવી કહેવાનું મન થાય કે, હવે આ

રહેવા દો. રોટલી દાળ શાક લાવો. પરંતુ રોજ ને રોજ આંબાનો રસ ને પૂરી (રોટલી) જમાડે, તો ચાર નહિ, ચાલીસ દહાડા સુધી જમતાં કંટાળો નથી આવતો ! જીવને હજુ એક વરસ બરફી-ત્યાગ થાય, પણ આર્દ્રા પહેલાના ૪ દહાડા આંબાનો ત્યાગ કરવો મુશ્કેલ પડે છે ! એટલો બધો આંબા પર ઉત્કટ રાગ છે એને રાગનો તીવ્ર સંક્લેશ કહેવાય. એ નરકનાં ભાતાં બંધાવી આપે.

**જુઓ તો ખરા કે રાગનો તીવ્ર સંકલેશ શું કામ કરે છે ?**

ચક્રવર્તીની પટ્ટરાણી એવી હિંસા, જૂઠ-ચોરી-દુરાચાર-પરિગ્રહાદિ ન કરે, છતાં છઠ્ઠી નરકમાં કેમ જાય ? તો કે તેને જે વિષયો મળ્યા છે, તેમાં રાગના જાલિમ સંકલેશ છે, તેને કારણે નરકમાં સીધાવે છે. આંબો કહી રહ્યો છે કે તું મને ઘોળી ઘોળીને ચૂસ, ને સબડકા મારીને ચાટ, હું તને નરકાદિમાં રિબાવી રિબાવીને મારું !

તત્ત્વથી ભાવિતપણું એટલે ભાવનરસ, તે આવે એટલે યોગની દૃષ્ટિ ખૂલે છે. તે ભાવનરસ આગળ આંબાના રસ ફિક્કા લાગે.

**ભાવનરસ હોય તો આશ્રવ વસ્તુને એવી રીતે ઊંડાણ ને લંબાણથી જોવાય કે તેના પર એવા અતિ હર્ષ-શોક કે રાગ-દ્વેષ ન થાય.**

**પુંડરીક અને કંડરીક બે ભાઈ,**

નગરમાં મુનિ પધાર્યા. બંનેને બોધ લાગ્યો. બંને ચારિત્ર લેવા તત્પર, પણ એકને રાજ્ય સાચવવા રહેવું પડે એમ હતું. કંડરીક કહે "મોટા ભાઈ ! તમે એવા જબ્બર વૈરાગી છો કે રાજ્ય સમાલવા બેસશો તોય એમાં અંતરથી નહિ ફસાઓ. બાકી હું તો જો રાજ્યકાજમાં પડ્યો તો તો જતે દહાડે વૈરાગ્ય ખતમ સમજો !" કંડરીકને દીક્ષા લેવા દીધી. પુંડરીક રાજ્ય ચલાવે છે, પણ એવા ભાવનરસ સાથે તત્ત્વભાવિત મતિ સાથે કે રાજ્યપાટ, ખજાના, લહાવલશ્કર, ઊંચા ખાનપાન, બધું જ ભવવર્ધક દેખાય છે, અંતર કકળે છે. એક હજાર વરસ રહેવું પડ્યું, પણ પછી ભાઈ કંડરીક મુનિ જ્યાં પતિત થઈને આવ્યો, ત્યાં તરત એને રાજ્ય સોંપી પુંડરીક એનો સાધુવેશ લઈ પોતે નીકળી પડ્યા ! બે દિવસે ગુરુને ભેગા થયા ત્યાં ગુરુ પાસે દીક્ષા લઈ છટ્ઠના પારણે અંતપ્રાંત શીતળ ભોજન વાપર્યું, રાતના જ મૃત્યુ થયું, પણ મરીને જનમ્યા અનુત્તર વિમાનમાં ! કેમ ? સંસારના હજાર વર્ષ તત્ત્વભાવિત દશામાં કાઢેલા, તેથી આશ્રવથી દિલ કકળી ઉઠે; સંવરમાર્ગ પર પારાવાર આલ્હાદ થાય ! તે આત્માની પરિણતિ ઘડાઈ ઘડાઈ તે એવી થઈ ગયેલી કે બે દિવસના અતિ ઉત્તમ ચારિત્ર-જીવનથી અનુત્તરવાસી વીતરાગ સમાન દેવ બન્યા. બને જ ને ? રાજ્ય ચલાવવા છતાં તત્ત્વભાવિત બન્યા રહી એવા રાગ-દ્વેષ, હર્ષ-શોક કરેલા નહિ, તે અંત ઘડીએ વીતરાગ જેવા ચારિત્રથી કળશ ચડાવી દીધો.

**છોટાભાઈ સંઘવીનો ભાવનરસ :**

અમદાવાદમાં વિદ્યાશાળાના ટ્રસ્ટી છોટાભાઈ સંઘવી. તે એવા જ તત્ત્વ-ભાવિત તત્ત્વ-દૃષ્ટિવાળા હતા. રોજ વ્યાખ્યાનમાં બરાબર સમયસર જનારા, પણ એકવાર વ્યાખ્યાનમાં જરાક મોડા આવ્યા, ને વ્યાખ્યાન પછી મહારાજે પૂછ્યું, - 'આજે કેમ વ્યાખ્યાનમાં મોડા ?' તો જવાબ આપ્યો - જરાક મહેમાનને વળાવવા ગયો હતો ! આથી મહારાજ સમજ્યા, મહેમાન એટલે મોટો આડતિઓ હશે, પણ બાજુમાં ઉભેલાએ ખુલાસો કર્યો કે, સાહેબ ! મહેમાન એટલે એમનો પેઢી ચલાવનારો જુવાનજોધ ૨૫ વર્ષનો પુત્ર ! ટાઈફોઈડ તાવમાં મૃત્યુ પામી ગયો, તેને શ્મશાને મૂકવા જવું પડ્યું, તેથી વ્યાખ્યાનમાં મોડું થયું. તત્ત્વથી એ ભાવિત કેવાંક થયા હશે કે એમને મન - છોકરો પરોણો હતો, કાંઈક લેણું લેવા આવ્યો હશે, તે એનો સમય પૂરો થયો, ને લેણું લઈ ચાલતો થયો ! એમ પુત્ર-મરણ વખતે વિચારે છે ! કેવાક તત્ત્વજ્ઞ !

**ભાવનરસ એટલે**

(૧) ભગવાને જે જે જીવાદિ તત્ત્વો જેવા જેવા સ્વરૂપનાં કહ્યાં છે, તેની તેની પ્રત્યે તેને તેને અનુરૂપ મનનું વલણ રાખવાનું. દા.ત. ધન-માલ-વિષયો હેય કહ્યા છે, તો ધન-માલ આદિ પ્રત્યે તેને અનુરૂપ મનનું વલણ અરુચિનું-ભયનું રહ્યા કરે. એમ

(૨) ભાવનરસમાં 'તત્ત્વભાવન' એટલે ભગવાને ક્ષમાદિ ગુણોને જે રીતે આત્મસાત્ કર્યા છે, તે રીતનો આપણે ક્ષમાદિનો અલ્પાંશે પણ અનુભવ કરવાનો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૧૮,તા.૧૭-૧-૧૯૮૭

'ભાવન' એટલે ભગવાન ૪ મહિના કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા ને ઊભા રહ્યા, તો આપણે પણ તેવો પુરુષાર્થ કરવાનો કે 'લાવ, હું ૧૨-૨૦ કે ૪૦ લોગસ્સના કાઉસ્સગ્ગમાં તો સ્થિર રહું ? વિકલ્પરહિત બનું ?' ભલે પછી પગે મચ્છર કરડે, કે માખી બેસે, પણ ઉડાડવાનો વિચાર સરખો કરવાનો નહીં. આ રીતે પ્રયત્ન કરતા કરતા આપણે આપણા આત્માને ભગવાનના ગુણો અને સાધનાથી ભાવિત કરતા રહેવાનું.

(૩) એમ આપણો આ અનાડી જીવ અનાદિનો વિષય-કષાયાદિ દોષોથી અને હિંસાદિ પાપોથી ભાવિત થયેલો છે. એટલે જ્યાં મોકો આવે ત્યાં એ જ દૃષ્ટિકોણથી જુએ છે, એ જ લાઈટથી જુએ છે, દા.ત. સામે હીરો આવ્યો, એટલે

'આ સારો સુખકારી' તરીકે જુએ છે. સ્ત્રી નજરે ચડી તો 'આ જોવાલાયક' એવી મોહબુદ્ધિથી જુએ છે. કોઈ વાંકુ બોલ્યું-ચાલ્યું, તો 'એના પર ગુસ્સો જ કરવા લાયક છે,' - એમ સમજે છે. સ્વાર્થના આરંભ-સમારંભમય કામ આવ્યા, તો એ કરવા લાયક અને સુખાકારી તરીકે જ સમજે છે. આ બધી સમજ એની અનાદિ કાળની જડથી ભાવિતતા અને દોષ દુર્ગુણોથી વાસિતતાનું પરિણામ છે. હવે પ્રભુના તત્ત્વો સાધનાઓ તથા ગુણોથી ભાવિત થવાનો અવસર આવ્યો છે, એ માટે તેવા તેવા પ્રસંગોમાં પ્રભુ કેવા કેવા ગુણ ધરતા, એ જોવાનું; ને એનું આંતરિક સંવેદન કરવાનું. દા.ત. પ્રભુ હીરાને મહાન આશ્રવ અને મારક તરીકે સમજીને એના પ્રત્યે વિરક્ત અને અનાસક્ત રહેતા હતા. નારી અદૃષ્ટવ્ય સમજી એનાથી પરાઙ્મુખ રહેતા ને એ અચિંતનીય સમજી એના વિચાર-વિકલ્પોથી દૂર રહેતા હતા. એમ વાંકુ બોલનાર-ચાલનાર પ્રત્યે 'આ ઉપકારી છે' એમ સમજી વાત્સલ્યભર્યા ને ક્ષમાશીલ રહેતા. તેમ આરંભ-સમારંભોથી સર્વવિરત રહેતા. પ્રભુનું આ બધા ગુણોનો આપણે પણ કાલ્પનિક અભ્યાસ ભાવન કરી સ્વાદ ચાખવાનો, આંતરિક સંવેદન કરવાનું. તે ભાવનરસ. જેમ સંગમદેવતાએ મહાવીર પ્રભુના માથા પર કાળચક્ર ઝીંક્યું. ભગવાન જમીનમાં ઘૂંટણ સુધી નીચે ઊતરી ગયા, પછી તેણે છ મહિના ભગવાનને રંજાડ્યા, ભગવાને ખૂબ ક્ષમા-સમતાથી સહન કર્યું. આ બધાનો વિચાર કરી આપણે એવી સહિષ્ણુતા-સમતાથી ભાવિત થવાનું છે. એવી કલ્પના કરવાની કે 'મારા પર પણ કોઈ કાળચક્ર ઝીંકે છે, ને હું પણ સમતાભાવમાં સ્થિર રહું છું. (જોકે કોઈ કાળચક્ર ઝીંકવાનું નથી, પણ ભાવના કરવાની). તે ભાવનાથી પછી નાના નાના અપમાનના ને નાના નાના ઉપસર્ગના પ્રસંગમાં મનની સ્વસ્થતા-પ્રસન્નતા રહે. તેમ સંગમ ગયો ત્યારે ભગવાનની આંખમાં એના પરની કરુણાના આંસું આવ્યા ! તે રીતે આપણે પણ કષ્ટ આપનારની સામે કરુણા રાખવાની. અહીં એક પ્રશ્ન થાય,'-

**પ્રશ્ન :** જ્યારે સંગમ ઉપસર્ગ કરતો હતો ત્યારે ભગવાને તેના પર કરુણા કેમ ન ચિંતવી ? ને તેના જવા વખતે કેમ ચિંતવી ?

**ઉત્તર :** પહેલાં ભગવાન ઉપસર્ગ-પરિસહ સહન કરવાની સાધના કરી રહ્યા હતા. એટલે એ સાધનામાં તો ખૂબ સમતાથી સહન કરવાનું છે, તેથી એમાં મનને કડક ને કઠિન બનાવવું પડે. ત્યાં દયાની કૂણી લાગણી કેમ લવાય ? બીજાની દયાનો વિચાર કરવા જાય તો પોતાને કષ્ટ વેઠવાની સાધનામાં મન શી રીતે કડક રહે ? દા.ત. ભગવાન અનાર્યદેશમાં કઠિન ઉપસર્ગો-પરિસહો સહવા માટે ગયા. ત્યાં તો પ્રભુએ એવો વિચાર કર્યો હોત કે 'હું અનાર્યદેશમાં જઈશ તો બિચારા અનાર્યો મને કનડી પાપ બાંધશે !' 'તો તો આ દયાના વિચારથી ત્યાં જવાની

માંડવાળ જ કરવી પડતે ! પછી પોતાનાં કષ્ટ સહન અને કર્મ-નિર્જરા ઉપર જ ધ્યાન રહે. ત્યાં સામા જીવની દયા પર મન ન લઈ જવાય. પછી એવો વિચાર કે વિકલ્પ ભગવાનને શેનો હોય કે 'આ મારી કાયાને કેટલું બધું કષ્ટ ! મને કષ્ટ આપીને આ બિચારા સંગમનું શું થશે ? આદિ ઉપસર્ગ સહતી વખતે એવો એક પણ વિચાર નહતો. પણ સંગમ હવે જાય છે, તો ઉપસર્ગ સહન કરવાની સાધના સમાપ્ત થઈ; એટલે હવે ભગવાનની દયા ચિંતવવાની સાધના શરૂ થઈ.

ભગવાનના આ બધા દયા-ક્ષમાદિ ગુણોને આપણે આપણા કરવાના છે, એ માટે આપણા માટે એવા પ્રસંગો કલ્પી આપણે ક્ષમાદિ સેવીએ છીએ, એમ સંવેદવાનું, તેને ભાવનરસ કહેવાય. જેમ ખંધક મુનિએ રાજાના મારાઓ ચામડી ઉતારવા આવ્યા ત્યારે પહેલેથી આ ભાવિતતા કરી મૂકેલી. અને આ અંતર્નાદ હતો કે **'કાયા સાચવેલી રહે એવી નથી. આરાધના સાચવેલી રહે છે.'** તો મનમાં આનંદ પામ્યા, સજ્ઝાયમાં ગાયું પણ છે ને ? કે

**"એ તો વળી મનમાં આનંદ્યા, પરિસહ આવ્યો જાણી રે,**
**કર્મ ખપાવવાનો અવસર એહવો, ફરી નહીં મળશે પ્રાણી રે,**
**અહો અહો સાધુજી ! સમતાના દરિયા."**

આવું શી રીતે સહી શકાય ? કહો, જીવનમાં પ્રસંગો કલ્પી કલ્પીને યાને કલ્પિત પ્રસંગો મનમાં લાવી લાવીને પોતે વીરતાથી સહન કરવાની, અને ક્ષમા-સમતાભાવ રાખવાની કલ્પના કર્યે રાખી હોય, તો અંતરાત્મા ક્ષમા-સમતાથી ભાવિત થતો જાય., પછી એવી કોઈ આપદા કષ્ટ રોગ આવ્યે ક્ષમા-સમતા સુલભ થાય. આ 'ભાવન' કહો, 'ભાવના' કહો, એ પાંચ પ્રકારના યોગ, ૧ 'અધ્યાત્મ, ૨ ભાવના, ૩ ધ્યાન, ૪ સમતા, ૫ વૃત્તિ-સંક્ષેપ' એમાંનો બીજો યોગ છે. 'અધ્યાત્મ' થી જિનોક્ત નવ તત્ત્વનું ચિંતન તો કરતા રહ્યા, પરંતુ અંતરાત્મા જો તે તે પાપ-પુણ્ય, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા, વગેરે તત્ત્વથી ભાવિત યાને પરિણત ન થતો ગયો તો અંતરમાં તે તે તત્ત્વથી ભાવિતતા ન આવવાથી ચિત્ત વિષયોમાં તણાઈ જવાનું. દા.ત. ધન એ આશ્રવતત્ત્વ છે. આશ્રવતત્ત્વથી ભાવિત એટલે આશ્રવ પ્રત્યે હેય બુદ્ધિ થાય, ઉદ્વેગ રહે, ભયભીતતા રહે. જો ધન પ્રત્યે આ રહે, તો એમાં એવી અંધ આસક્તિ ન થાય, કે મન રાત દિવસ એમાં ને એમાં નિશ્ચિતપણે ન રમ્યા કરે; એટલે પછી કોઈ વિષયનું ધર્મધ્યાન કરવું હોય, તો ચિત્તની એમાં સ્થિરતા રહે, ભાવના પછી ધ્યાન આટલા માટે જ છે કે, ભાવનાથી ભાવિતતા આવી, એટલે ચિત્ત હેય તત્ત્વમાં આસક્ત થઈ દોડ્યા ન કરે; ને તોજ પછી ચિત્તની સ્થિરતાથી ધર્મધ્યાન લાગી શકે. આમાં પ્રભાવ તત્ત્વબોધ મેળવીને તત્ત્વચિંતન કરી

આત્માને તત્ત્વથી ભાવિત કર્યો હોય એનો.

એ જ પ્રમાણે ક્ષમાદિ ગુણથી મનને ભાવિત કર્યું એટલે, પછી મન તેવા તેવા પ્રસંગમાં ક્ષમામાં સ્થિર રહેવા માટે પ્રભુના કે તત્ત્વના ધ્યાનમાં જોડાઈ શકે.

ભગવાનના ક્ષમા ગુણથી આ રીતે ખંધકમુનિ ભાવિત થયા હશે એટલે જ **'ચડચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલે રે',** એ અદ્ભુતતા થઈ. ભગવાન, શત્રુ હોય કે મિત્ર હોય, બંને પ્રત્યે ઉદાસીન અને દયાભાવવાળા, આ ગુણોથી ભાવિત થવા માટે પહેલે પગથિયે હૈયાને જીવનમાં એજ કર્તવ્ય હાડોહાડ લાગે, જીવનની વડાઈ એમાં જ દેખાય. આ પછી પ્રભુના ગુણોને અંશે અંશે અનુસરવાનું થાય, તો ભાવિતતા-ભાવનરસ ઊભો થાય; અને આપણે પ્રયત્ન કરી એ બનાવવું જોઈએ.

**ભાવના જુદી : ચિંતન જુદું :**

ચિંતન-અનુપ્રેક્ષા તે અલગ છે; અને આ ભાવના, જેનાથી આત્મા ભાવિત વાસિત થાય તે, એ અલગ છે. જેમ કે મુસલમાનનો છોકરો જન્મથી હિંસાથી વાસિત થયો છે, તેની સામે તે રોજ મરઘા-બકરા કપાતા જુએ છે, અને આ હિંસાથી ભાવિત થયેલો તે બકરા-મરઘાને મારીને ખાઈ જવાની વસ્તુ સમજે છે. તેની સામે જૈનકુળમાં જન્મેલો સ્વાભાવિક અહિંસાના સંસ્કાર અને અહિંસાની પ્રવૃત્તિથી અહિંસાથી ભાવિત થયેલો હોય છે; જેમ કે સાધુના સાધ્વાચારની ક્રિયાથી હાથી ભાવિત થઈ ગયેલો.

એક રાજાના **પટ્ટહસ્તીને** લડાઈમાં ઉતાર્યો, તો પહેલાં તો એ કાળો કેર વર્તાવનારો, પણ આજે એ પાછો પડે છે ! મહાવતે ઘણી પ્રેરણા કરી, અંકુશ માર્યા, પણ આજે દુશ્મનો સામે ધસતો જ નથી ! રાજા અને મંત્રી વિચારમાં પડ્યા, 'આનું કારણ શું ?' પછી મહાવતને પૂછ્યું

'આ હાથીને ક્યાં બાંધેલો ?'

મહાવત કહે... 'જ્યાં બાંધેલો તેની સામે સાધુ મહારાજોનો વાસ હતો.'

કારણ મળી ગયું. સાધુ મહારાજની જયણા દયાના પરિણામની ક્રિયા જોઈ જોઈને હાથી પણ દયાથી ભાવિત થઈ ગયેલો હતો. પછી તેને બીજી જગ્યાએ બાંધવા કહ્યું, અને તેમ કરવાથી પછી લડાઈને જોતાં એનામાં શૂરાતન ચડી આવ્યું. આ ભાવનરસ છે.

ભાવનરસથી આપણે આપણા આત્માને ભાવિત કરવા માટે એમ શ્રદ્ધા કરવાની કે 'ભગવાને જે પ્રસંગમાં જે રીતે વર્તન કર્યું હતું તે વાજબી હતું' જેમ કે "ભગવાનને ગોવાળિયો અનાડીપણે કાનમાં ખીલા ઠોકવા તૈયાર થયેલો, એને

નિવારવા પ્રભુ પાસે શક્તિ પણ હતી, છતાં પ્રભુએ ક્ષમા-મૈત્રી રાખી કાનમાં ખીલા ઠોકાવા દીધા, તે વાજબી હતું. ઉત્તમ મનુષ્યજન્મમાં ઉત્તમ કરણી તરીકે ક્ષમા-મૈત્રી એ જ કર્તવ્ય છે." આ વિશ્વાસપૂર્વક આપણે આ તેવા તેવા પ્રસંગમાં તેવી તેવી રીતે વર્તવું. પૂછો.

**પ્રશ્ન :** તો શું ભગવાને ગર્ભમાં જે પ્રતિજ્ઞા કરી કે 'માતા પિતાના જીવતાં હું દીક્ષા નહિ લઉં' એ વાજબી હતી ? ને આપણે એમ કરવું ?

**ઉત્તર :** ભગવાન તીર્થંકર થનાર છે, અને અવધિજ્ઞાનવાળા છે. તેથી એમના માટે આ પ્રતિજ્ઞા યોગ્ય હતી. આપણા માટે સર્વવિરતિને રોકનારી આવી પ્રતિજ્ઞા અને આચરણ યોગ્ય નહિ; કેમ કે આપણે જ્ઞાની નથી કે જોઈ શકીએ કે 'આપણી દીક્ષાથી માતાપિતાનું મૃત્યુ થશે.' એટલે એવા જ્ઞાનના અભાવે, એકમાત્ર મનુષ્યજન્મમાં સુલભ એવા દીક્ષા લેતા અટકવું નહિ જોઈએ. ત્યારે પ્રભુને એ પ્રતિજ્ઞા યોગ્ય એટલા માટે કે પોતે જો દીક્ષા લે, તો માતાનું મૃત્યુ થાય એવું પ્રભુએ જ્ઞાનથી નિશ્ચિત જોયેલું, કેમ કે ભગવાને ગર્ભમાં માતાને કષ્ટ ન પડે એટલા માટે સ્થિર થઈ જતાં માતાનો મોહ અને કલ્પાંત જોયો છે, અને એ પણ જોયું છે કે,, માતાનું આયુષ્ય સોપક્રમ છે, એટલે પોતે જો દીક્ષા લે તો માતાને મોહના લીધે એવો સજ્જડ આઘાત લાગે કે એ પોતાના આયુષ્ય પર ઉપક્રમનું કામ કરે, અને એમાં માતાનું મૃત્યુ થાય; ને એમાં તો તીર્થંકર જેવા જ્ઞાની માટે અત્યંત અનુચિત ગણાય. એક પ્રશ્ન થાય,–

**પ્રશ્ન :** પ્રભુને જો માતાના કારણે સંસારમાં રહેવું જ પડે એમ હતું, તો (૧) એમ જ અભિગ્રહ વિના પણ રહી શકતા હતા. એમાં ગર્ભમાં અભિગ્રહ કરવાની શી જરૂર પડી ? તેમજ (૨) લગ્નનો આગ્રહ કરતા મિત્રોને દાદ કેમ ન આપી ?

**ઉત્તર :** (૧) પ્રભુનું ભોગાવલિ કર્મ યાને ચારિત્ર મોહનીય કર્મ પણ એવું સોપક્રમ હતું કે પ્રભુના ઉત્કટ વૈરાગ્યથી એ તૂટી જાય. એટલે એને ટકાવવા માટે પ્રભુને પ્રતિજ્ઞાની દીવાલ ઊભી કરવી પડેલ; જેથી માતાના જીવતાં દીક્ષા ન થાય, અને એથી માતાનું અકાળ મૃત્યુ ન થાય. (૨) લગ્ન માટે મિત્રોને દાદ ન આપવાનું કારણ (૧) એક તો પ્રભુના દિલમાં ઉત્કટ વૈરાગ્ય ઝળહળતો હતો. તેમજ (૨) બીજું કારણ એ, કે પ્રભુએ મિત્રોને બતાવવું હતું કે લગ્ન એટલે ભવની મુસાફરી વધારવાનો ધંધો. તમારા જેવા કલ્યાણ મિત્રો શું આની દલાલી કરે ?'

એક ભગવાનનું અખૂટ બળ છતાં દીક્ષા બાદ અનાડીઓના આવેલા ઉપસર્ગોને છતી શક્તિએ સહન કર્યા, ક્ષમા રાખી,.... વગેરે વગેરે ભગવાને જે જે આચર્યું તે યોગ્ય જ કર્યું. તેને આચરવા લાયક માનવું. 'એ પ્રભુએ આચર્યું' એ ઉચિત જ

હતું' એમ આપણું હૈયું બોલે, એ ભગવાન પરની આપણી સાચી ભક્તિ છે. એ ઉચિત કર્તવ્ય માનીએ એથી આપણું દિલ એ કર્તવ્યથી ભાવિત થવા માંડે; અલબત્ત શક્ય આપણે આચરવુંય પડે. દા.ત. તપથી ભાવિત થવા માટે સવારનાં પહોરમાં ભગવાને કરેલા છમાસી તપ સુધીના તપની ભાવના કરવાની કે, 'ભગવાન આ ભવમાં નિશ્ચિત પોતાનો મોક્ષ જાણતા છતાં ઘોર તપ તપ્યા, તો હે ચેતન ! તું પણ ભગવાનની ખાતર આમાંથી શું કરી શકીશ ?'

**ભાવિતતા એ જ સાચી ભક્તિ :**

સારાંશ, ભક્તિ એટલે પ્રભુને ભજવું, અર્થાત્ પ્રભુના આશ્રયે જવું. પ્રભુની પાસે રહ્યા એટલા માત્રથી પ્રભુને ભજ્યા ન કહેવાય; પરંતુ પ્રભુના સિદ્ધાન્તો અપનાવીએ, તેમના ગુણો અને આચરણ એ જ કર્તવ્ય માનીએ, અંશે પણ એને આચરણમાં અપનાવીએ, એ પ્રભુને ભજ્યા કહેવાય. એ જ સાચી ભક્તિ. આ કરીએ એટલે એના સ્વાદથી પ્રભુને દિલમાં ઊંચુ સ્થાન આપીએ એ જ પ્રભુની કૃપા, પ્રભુની રીઝ. ભાવનરસમાં આપણે વધીએ એટલે પ્રભુની રીઝ વધે.

**અહીં સમજી રાખવાનું છે કે, :**

જૈનશાસનમાં દેવ-ગુરુની કૃપા એ દેવ-ગુરુ પાસેથી નથી મળતી પરંતુ આપણા દિલમાં એમના માટે જેટલું ઊંચુ સ્થાન એટલી એમની કૃપા આપણને મળી ગણાય. આ કૃપા આપણા દિલમાંથી ઊઠતી છતાં એ દેવ-ગુરુના આલંબને જ ઊઠતી હોઈ કૃપા એમની પાસેથી મળી ગણાય.

**'રસ ને રીઝ બેહુ હોડાહોડ શું'**

'રસ' એટલે ભાવનરસ ભાવિતતા; એ આવે એટલે પ્રભુની 'રીઝ' આવે, પ્રભુની કૃપા આવે. આ રીઝ આ કૃપા એટલે આપણા દિલમાં પ્રભુને ઊંચુ સ્થાન અપાય, પ્રભુ માટે ઊંચું બહુમાન ધરાય, એ આવે એટલે સહેજે પ્રભુ પરના ઉચ્ચ બહુમાનથી પ્રભુનાં તત્ત્વ-સિદ્ધાન્ત-સુકૃતોથી દિલને અધિક ભાવિત કરાય, એના માટે આંતર સંવેદન વધે. એવી ભાવિતતા (ભાવનરસ) વધે એટલે આપણા દિલમાં પ્રભુ પર બહુમાન વધે, પ્રભુનું અધિક ઊંચું સ્થાન નીપજે; અર્થાત્ પ્રભુની 'રીઝ' વધે. આમ રસ અને રીઝ એકબીજાની વૃદ્ધિએ વધતા રહેવાથી રસ અને રીઝ બંનેની હરીફાઈ ચાલે, બંને હોડાહોડથી વધતા જાય. આ શેના જેવું છે ? તો કે જેમ, સુશીલ નવી પત્નીનો પતિ પર ખૂબ ભાવ અને સેવા છે, તો પતિની એના પર સારી મહેર રહે છે. એ જોઈને પત્નીના ભાવ વધે છે, તો એના હિસાબે પતિની મહેર વધે છે. આમ અન્યોન્ય હરીફાઈથી વધે છે.

'રસ હોય તિહાં દોય રીઝેજી'

**પ્રશ્ન :** ભાવનને રસ કેમ કહ્યો ?

**ઉત્તર :** ભાવન એ પરિણમન છે, પરિણતિ છે, ને એ પરિણતિ અસ્ખલિતપણે દિલમાં વહેતી રહે એટલે એને એક પ્રકારનો રસ કહી શકાય. આ ભાવનરસ ઉપર પ્રભુની રીઝ થાય. પૂછો,

**પ્રશ્ન :** પ્રભુ તો વીતરાગ છે, એમને રીઝવાનું શું ?

**ઉત્તર :** દુનિયામાં જુઓ, દુકાનમાં પાંચ નોકર હોય, એમાંથી ચાર અવારનવાર શેઠને પગાર વધારા તથા બોનસ માટે કહેતા હોય, પણ એક શાણો નોકર આવું કશું માગતો ન હોય, ઊલટું ક્યારે ખાનગીમાં શેઠ પૂછે, 'એ ય ? આ બધા માગે છે તો તારે એ જોઈતું નથી ?'

ત્યારે એ કહે છે, 'શેઠ ! આપ મને શું ઓછું આપો છો ? સાહેબ ! મારે આપની મહેરનજર છે એ ઘણું ઘણું છે.'

ત્યારે એ નોકર શેઠની સારી નજરમાં ચોંટી જાય છે, એટલે કે શેઠને એના એકલામાં સારી યોગ્યતા દેખાય છે. શેઠની આ સારી નજર છે, એ એના તરફ શેઠની સાચી રીઝ છે. અને અવસરે એ જ નોકર માટે ઘણું કામ કરી જાય છે. શેઠ બીજાઓ સાથે હસી ખીલીને બોલે ખરા, પણ શેઠની એ કાંઈ સાચી રીઝ નથી.

શેઠની સાચી રીઝ તો શેઠની નજરમાં એની વિશિષ્ટ યોગ્યતા દેખાય એ એમ અહીં પ્રભુની સાચી રીઝ આ કે, પ્રભુના જ્ઞાનમાં આપણી યોગ્યતા દેખાય. આપણા ભાવનરસ આપણી ભાવિતતા ઉપર વીતરાગ ભગવાનની નજરમાં (જ્ઞાનમાં) આપણા આત્માની સારી યોગ્યતા તરવરે, એ જ આપણા પર પ્રભુની રીઝ છે.

સારાંશ, આપણે પ્રભુના તત્ત્વ-સિદ્ધાન્તથી અને પ્રભુના ગુણ-સુકૃતોથી ભાવિત થઈએ એટલે આપણને ય મિથ્યાતત્ત્વ આદિમાંથી છૂટ્યાનો રાજીપો થાય, રીઝ થાય, તેમજ પ્રભુની નજરમાં આપણી સારી યોગ્યતા ભાસે, એ પ્રભુની રીઝ થઈ કહેવાય. એમ ભાવનરસ "ભાવિતતા હોય તિહાં દોય રીઝેજી.' હવે આમાં ખૂબી આ થાય છે,–

**'રસ ને રીઝ બેહુ હોડાહોડશું'**

આપણો ભાવનરસ વધે તેમ પ્રભુની નજરમાં આપણી યોગ્યતા વધે, અર્થાત્ પ્રભુની રીઝ વધે. એ વધતી જોઈ આપણો ઉત્સાહ વધી જાય. તેથી આપણે તત્ત્વ આદિથી વિશેષ ભાવિત થવાનો યત્ન કરીએ. એટલે આપણો ભાવનરસ વધે, એ વધે એટલે આપણી યોગ્યતા વધવાથી પ્રભુની રીઝ વધી ગણાય. એમ રસ અને રીઝ બંને હોડાહોડથી હરીફાઈથી વધે છે.

જેમ કરોડપતિની પણ સુશીલ કન્યા પતિમાં ભળી જાય છે, એટલે પતિની

ઈચ્છાને પોતાની ઈચ્છા કરે છે. પતિનો સ્વભાવ, પતિની રુચિ, અને પતિના ગુણો પોતાનામાં ઉતારવાનું કરે છે; પતિના સ્વભાવ, રુચિ, અને ગુણોથી પોતાની જાતને ભાવિત કરે છે, જાણે તન્મય થઈ જાય છે. એથી પછી પતિનો રાજીપો એ પોતાનો રાજીપો, પતિની રુચિ એ જ પોતાની રુચિ, પતિનો અભિપ્રાય એ જ પોતાનો અભિપ્રાય... આમ કરવાથી ખરેખરી પતિની રીઝ ઊભી થાય છે. એ જોઈને પત્નીને વળી ભાવિતતા વધે છે, તો પછી પતિની રીઝ વધે છે. આમ રસ અને રીઝ પરસ્પરની હરીફાઈથી વધતા રહે છે.

**રસ હોય તિંહા દોય રીઝે** - પત્નીને રસ છે અર્થાત્ પતિના ગુણ આદિમાં ભળે છે, એટલે સ્વયં રીઝે, ને પતિ પણ રીઝે, પતિ રીઝે એટલે વળી પત્નીનો રસ વધે. તેમ ભગવાનના ગુણથી આપણે ભાવિત થતાં આપણે પ્રભુના જ્ઞાનમાં યોગ્ય ઠર્યા, એ જ આપણા પર ભગવાન રીઝ્યા. ભગવાન રીઝે તેથી આપણા ભાવ વધે, રસ વધે.

**આપણી યોગ્યતા એ સામાની રીઝ પર - પોટ્ટિલા તેતલીપુત્રઃ**

**તેતલીપુત્ર મંત્રી** માગીને શ્રીમંત સોનીની કન્યા પોટ્ટિલા સાથે પરણ્યો, પાછળથી મંત્રી રાજ્યકારભારમાં ઘણો વ્યગ્ર રહે છે, તેથી પોટ્ટિલા સાથે પહેલા કરતાં ઓછું બોલવાનું થાય છે, ને પોટ્ટિલાને એથી એમ લાગે છે કે 'મારા પતિનો મારા પર પ્રેમ ઓછો થઈ ગયો છે.' એમાં એ સીદાય છે; ને જોગી-જોગણ આદિ દ્વારા પતિનું વશીકરણ કરવા ફાંફા મારે છે; પણ કશું વળતું નથી. કારણ કે પતિના સ્નેહાલાપ જે તે ઈચ્છે છે તેવા એને મળતા નથી, ને એના મનને ઓછું આવ્યા કરે છે. એમાં સાધ્વીજી મળ્યા. તો તેમના ઉપદેશે ધર્મમાર્ગે ચડી જવાથી પતિની નજરમાં એની વિશેષ યોગ્યતા દેખાય છે, ને એથી પોટ્ટિલાની વિશેષ સરભરા-સન્માન કરે છે. આમ પત્નીનો ધર્મરસ ને મંત્રીની રીઝની હરીફાઈ ચાલે છે.

**પ્રશ્ન.** પોટ્ટિલા મોહનો પ્રેમ કાઢી નાખી ધર્મમાર્ગે લાગી, એનું શું કારણ?

**ઉત્તર :** અહીં સાધ્વીજી મહારાજે પોટ્ટિલાને કહ્યું કે,

"તને પતિ નથી બોલાવતા તેથી તું દુઃખી નથી, પરંતુ તારા કામરાગથી તું દુઃખી છે."

કેમ કે તારો કામરાગ તને પતિના લાડની ઝંખના કરાવે છે, ને એ લાડ તને મળતા નથી એટલે તને દુઃખ લાગે છે. એટલે એ દુઃખ વાસ્તવમાં મૂળ પાયામાં તારા કામરાગના લીધે છે. જો કામરાગ ન હોય તો કશી લાડની અપેક્ષા નથી. પછી લાડ ન મળવામાં દુઃખ શાનું લાગે ? માટે સમજ કે, તું કામરાગથી દુઃખી છે. અને સમજી રાખ, આ દુઃખ અનંતા ભવનું છે,

તારા કામરાગથી સળગતી રહીશ તો તો બીજા અનંતા ભવે ય તું ઊંચી નહિ આવે. માટે કામરાગ કાઢી નાખ, તે અહીં જ કાઢી નાખવા જેવો છે, કેમ કે કામરાગના સર્વ નાશ માટેનો આ એક જ ભવ છે. ધર્મરાગ વધારી ધર્મપ્રવૃત્તિ ખૂબ વિકસાવ; તો તારે કશું દુઃખ નહિ રહે. ટૂંકમાં, ધર્મના માર્ગે ચાલ, ને કામરાગને તોડી નાખ, તો ન્યાલ થઈ જઈશ."

પોટ્ટિલાએ સાધ્વીજીના વચને કામરાગ વોસિરાવ્યો, કાઢી નાખ્યો; એણે સમકિત સહિત બારવ્રત લીધાં, જીવન પલટાવી નાખ્યું ! ધર્મમાર્ગે લાગી, તો પતિના સ્નેહ ને લાડ બધું ભૂલી ગઈ. ધર્મપ્રવૃત્તિ વધી ગઈ, તો એક સાચી પતિવ્રતા નારી તરીકે એના દિલમાં પતિ પર ભાવ વધી ગયો. પતિની રીઝ બાહ્યથી નહીં, પણ પોતાના અંતરમાં પતિનું ઊંચુ સ્થાન એ પતિની રીઝ સમજી; તો પતિનો ય ભાવ તેના પ્રત્યે વધી ગયો.

સારાંશ, ભગવાનનાં જીવ અજીવ આદિ તત્ત્વો, અને સ્યાદ્વાદ આદિ સિદ્ધાન્તોથી આપણું દિલ આખું ને આખું આરપાર ભાવિત કરી દઈએ એનાથી આખું ને આખું રંગી દઈએ, તેમજ, ભગવાનના ગુણો, સુકૃતો આપણામાં ઉતારીએ, તો ભગવાન આપણા પર રીઝે છે; અર્થાત્ (૧) પ્રભુની નજરમાં આપણી યોગ્યતા વિશેષ તરવરે, તેમજ (૨) ભગવાનનું આપણા દિલમાં ઊંચુ સ્થાન બને, એ જ ભગવાનની રીઝ છે, એ આપણને મળે છે. આ રીતે પોતાનો ભક્તિરસ અને ભગવાનની રીઝ એ બંને વધતી ચાલે. બંનેમાં સ્પર્ધા ચાલે, ભાવનરસ વધે તો ભગવાનની રીઝ વધે, ભગવાનની રીઝ વધે તો ભાવનરસ વધે. ભીલકુમાર એકલવ્યે આ કર્યું હતું, તે અપાર ગુરુકૃપા પામ્યો હતો. આ રીતે,

**રસ ને રીઝ બેઉ હોડાહોડસું, મનના મનોરથ સીઝેજી.**

પ્રભુને આપણા દિલમાં ઊંચું સ્થાન આપીએ, પ્રભુનું ઊંચું મૂલ્યાંકન કરીએ, એટલે એ પ્રભુની સાચી કૃપા થઈ. એથી ભક્તિભાવમાં વધારો થાય. એ થાય એટલે પ્રભુની રીઝ વધે, અર્થાત્ આપણને પ્રભુનું વળી વધારે મૂલ્યાંકન થાય કે "આહાહા ! કેવા મહાકિંમતી મારા તારણહાર પ્રભુ !" એ ભાવથી ભાવનરસ-ભાવિતતા વળી વધે. રસ અને રીઝ પરસ્પર બંને હરીફાઈથી વધે. એનું ફળ ?

**મનના મનોરથ સીઝેજી**

મનના મનોરથ કયા ? **'વીતરાગ' પ્રભુને ભજી મારે વીતરાગ થવું છે'** એ મનોરથ સિદ્ધ થાય. કેમ કે વીતરાગના ગુણોથી સંપૂર્ણ ભાવિત થવામાં પરાકાષ્ઠાએ એટલે કે ઉત્કૃષ્ટતા વીતરાગ બનાય છે. વીતરાગની કૃપા મળે એટલે કે હૈયામાં આપણે વીતરાગને ઉત્કૃષ્ટ ઊંચું સ્થાન આપીએ, તો વીતરાગ બનાય.

**પ્રશ્ન :** 'મનના મનોરથ' બહુવચન કહ્યું, તો બીજા કયા મનોરથ છે ?

**ઉત્તર :** વીતરાગ થવા અર્થાત્ વીતરાગતા પ્રાપ્ત કરવા પૂર્વે ય ઘણું ઘણું પ્રાપ્ત કરવાનું છે, એના મનોરથ હોય, ને તે સિદ્ધ કરવાના છે. દા.ત. (૧) પાંચ યોગ - બીજો પૈકી પહેલું બીજ **"जिनेषु कुशलं चित्तं"** વગેરે વગેરે કેટલું ય પ્રાપ્તવ્ય છે, એના મનોરથ, આ ભાવનરસ અને પ્રભુની રીઝ સિદ્ધ થવાના બળ ઉપર, સફળ થવાનું સહેલું છે.

**પ્રભુના ભક્તને મનોરથ કયા હોય ?**

વીતરાગ પ્રભુના ભક્તને (૧) પહેલો તો ભવનિર્વેદનો સંસાર પર વૈરાગ્યનો મનોરથ હોય. તેથી તો પ્રભુની સારી દ્રવ્યભક્તિ કરી, પછી ભાવ-ભક્તિરૂપ ચૈત્યવંદનમાં 'જયવીયરાય' સૂત્રથી પહેલો ભવનિવ્વેઓ' માગે છે. 'પ્રભુ ! આપના પ્રભાવે મને સંસાર પર વૈરાગ્ય (અભાવ) હો.' પછી (૨) એના ઉપર માર્ગાનુ-સારિતા-તત્ત્વાનુસારિતા વગેરે પરાર્થકરણ સુધીના પાંચ લૌકિક સૌંદર્યના મનોરથ હોય, કે 'તે મને મળો', એટલે તે માગે છે. એના પર (૩) લોકોત્તર સૌંદર્ય તરીકે શુભ ગુરુયોગ અને તદ્વચન સેવાના મનોરથ હોય; એટલે તે માગે છે.

એમ **પાંચ યોગબીજોમાં** (૪) માનસિક - વાચિક - કાયિક - જિનોપાસના. આ જિનોપાસનામાં ભગવાન ભરાવવા, જિનમંદિર બંધાવવા, તીર્થયાત્રાઓ કરવી, યાત્રાસંઘ લઈ જવા, મહાન અર્હદ્અભિષેક ઉજવવા, જિનભક્તિ મહોત્સવ કરવા, પ્રભુના અલંકાર કરવા, અન્યોને જિનદર્શનાદિ ભક્તિમાં જોડનારાં આયોજન કરવા... વગેરે વગેરે ઘણું ઘણું આવે. (૫) આચાર્યાદિની ઉપાસના, આમાં વિવિધ સાધુસેવાઓ આવે. સહજ ભવ-વૈરાગ્ય, (૭) વિવિધ અભિગ્રહ-નિયમો, તથા (૮) આગમ ઉપાસનાના મનોરથ હોય. એમ (૯) માર્ગાનુસારીના ન્યાયસંપન્નતાદિ ગુણો, (૧૦) અપુનર્બંધક-દશાના **(i)** 'પાપ તીવ્રભાવે ન કરવા' **(ii)** 'ઘોર સંસાર પર બહુમાન નહિ' **(iii)** 'સર્વત્ર ઔચિત્યપાલન' એ ત્રણ ગુણના મનોરથ હોય. એના પર (૧૦) સમ્યગ્દર્શન અને (૧૧) એના ૬૭ ગુણના મનોરથ, (૧૨) દેશવિરતિ (શ્રાવકપણા) માટે યોગ્યતાના અ-ક્ષુદ્રતાદિ ૨૧ ગુણ, (૧૩) દેશવિરતિના ૧૨ વ્રત, (૧૪) શ્રાવકની ૧૧ પ્રતિમા, વગેરે વગેરેના મનોરથ હોય. એના પર (૧૫) સર્વવિરતિ દીક્ષાની યોગ્યતાના ૧૬ ગુણ. (૧૬) સર્વ વિરતિ-સામાયિક, (૧૭) સાધુપણાના મૂળ ગુણ-પાંચમહાવ્રત આદિ ચરણ સિત્તરી, તથા સમિતિ ગુપ્તિ આદિ કરણસિત્તરીના મનોરથ હોય, તેમજ (૧૮) ગ્રહણ આસેવન શિક્ષા, જિનવચન આરાધનામાં આગળ શાસ્ત્રોના

રાતદિવસ અધ્યયન-સ્વાધ્યાયના કોડ હોય, મનોરથ હોય.

**મનોરથો સાચી ભક્તિથી સીઝે :**

આ બધા મનોરથ શી રીતે સિદ્ધ થાય ? તો કે સાચી જિનભક્તિથી સિદ્ધ થાય. એ માટે અહીં સાચી ભક્તિ ભાવનરસ કહ્યો' કહીને પ્રભુના તત્ત્વો-સિદ્ધાન્તો અને પ્રભુના ગુણો સાધનાઓ-સુકૃતોથી ભાવિતતા યાને ભાવનરસ અને એના પર પ્રભુની રીઝ અર્થાત્ પોતાના હૃદયમાં પ્રભુનું ઊંચામાં ઊંચું સ્થાન જોઈએ. અને પ્રભુની નજરમાં પોતાની સારી યોગ્યતા જોઈએ. આ રસ અને રીઝ પરસ્પરની હરીફાઈથી વધતા રહે છે. અને એથી મનના મનોરથ સિદ્ધ થાય છે. એવો કવિને વિશ્વાસ છે.

**કઠિન સિદ્ધિ શી રીતે મળે ? :**

પરંતુ આવી મોટી કઠિન સિદ્ધિઓ એમ એકદમ શી રીતે પ્રાપ્ત થાય ! ત્યારે જેમ સંભવનાથ ભગવાનના સ્તવનમાં કહી આવેલા

**"કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે,**
**લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથે રે;"**

એ વાત અહીં કહે છે.

**પણ ગુણવંતા ગોઠે ગાજશું, મોટા તે વિશ્રામોજી,**
**વાચક જસ કહે એહી જ આશરે, સુખ લહું ઠામો ઠામજી સુગુણ...૫**

**ભાવાર્થ :** (આત્મ-સિદ્ધિરૂપ સાચી ભક્તિ આદિ કઠણ છે જરૂર), પરંતુ ગુણવંતાના આલંબને અમે, મોટા હાથીની પાછળ નાનું ગજ બચ્ચું ગાજે એમ), ગાજવાનું કરશું; અને એમાં મોટા પુરુષ વિશ્રામસ્થાન (આલંબન-સ્થાન) છે. વાચકયશ કવિ કહે છે એમના જ આશરે હું તો ઠામઠામ સુખ પામીશ.

**વિવેચન : પણ ગુણવંતા ગોઠે ગાજશું.** 'ભગવાનની સાચી ભક્તિ તે ભાવનરસ' એમ વાત તો કરી, પણ ખાટલે મોટી ખોટ કે પાયો જ નથી ! પાયારૂપ ભાવનરસ યાને પ્રભુના ગુણો-સુકૃતોથી મનને ભાવિત કરવાનું યાને ભાવિતતા તેમજ તત્ત્વો-સિદ્ધાન્તોથી ભાવિતતા લાવવા ક્યાંથી ? એટલે કહ્યું કે, ભગવાન ગુણવંતા છે. તેમના સહારે-તેમના આલંબને અમે પણ ગાજશું. ભગવાન જે રીતે જીવન જીવ્યા તે રીતે ભગવાનને નજર સામે રાખીને હું પણ જીવન જીવતો જઈશ, પછી ભલે અલ્પ અંશે પણ, જેમ ભગવાનની ક્ષમા, જેમ ભગવાનનો ચંદનબાળાનો અભિગ્રહ આ રીતે ભગવાનના ગુણ નજરમાં ને નજરમાં રાખીને ગાજીશ અર્થાત્ મારા જીવનમાં એ ક્ષમા, અભિગ્રહાદિ ગુણ ઉતારવા ભારે જોમ-ઉત્સાહ સાથે મથીશ.

જેમ લડથડતું પણ નાનું ગજબચ્ચું હજી જમીન પર બરાબર ઊભું રહી શકતું

નથી, ને ગર્જનાનો એટલો ધ્વનિ કાઢી શકતું નથી, છતાં મોટા હાથીના આલંબને ઘૂમે છે ને ગાજે છે, અર્થાત્ મોટો હાથી નદીની રેતમાં ગોળ ગોળ ઘૂમે છે ને ગાજે છે. એવી રીતે અમે પણ મથશું. મારા પ્રભુએ ઉચ્ચ કક્ષાની ક્ષમા-સંયમ આદિની સાધનાઓ કરી છે, તો હું નીચેની કક્ષાની સાધના કેમ ન કરી શકું ?' આ રીતે કવિએ આશ્વાસન મેળવ્યું કે અત્યારે એવા ઠીક ભાવનરસની શક્તિ નથી, છતાં પણ ગુણવંતા પ્રભુના આલંબને હું પણ સાધનાઓમાં ગાજીશ જોરદાર પુરુષાર્થ કરીશ.

કવિના અંતરની ધગશ કેટલી બધી આમાં વ્યક્ત થાય છે ! એવી ધગશ રાખ્યા વિના જો દુનિયાના સાહસ નથી થતા, તો ધગશ વિના ધર્મના સાહસિક કામ શી રીતે થાય ? મૂળ પાયામાં ધગશ જોઈએ - એમ કહી 'ગાજશું' શબ્દ કહે છે.

**હરિભદ્ર પુરોહિતની ધગશ :**

હરિભદ્ર પુરોહિતને સાધ્વીના મુકામ પાસેથી પસાર થતાં, '**चक्कीदुगं**' ગાથાનો અર્થ ન સમજાયો, તો એ પૂછવા મુકામમાં આવ્યા. સાધ્વીઓની સાધના અને પ્રશાંતતા જોઈ તથા અર્થ અમારા આચાર્ય મહારાજ સમજાવશે એમ મોટા સાધ્વીનો આચાર્ય પ્રત્યે વિનય વગેરે જોઈ, દિલમાં ધગશ કેવી જાગી હશે કે પછી ગાથાનો અર્થ સમજવા માટે આચાર્ય પાસે જતાં, જ્યાં આચાર્ય મહારાજ કહે છે કે 'ગાથાનો અર્થ તો એકડે એકથી ક્રમસર ભણો ત્યારે સમજાય., ને તે સંસારના પાપ-કપડે નહિ. પણ સાધુના પવિત્ર વેશે જ કરવાનું ભણવાનું ' તો હરિભદ્ર પુરોહિત સાધુ બનવા તૈયાર થઈ ગયા ! ક્યાં મોટું રાજમાન્ય વિદ્વાન પુરોહિત પદ ? ને ક્યાં જૈન સાધુપણું ? પોતાના વેદ અને વૈદિક-ધર્મનો ક્ષણમાં ત્યાગ ! અને જે જૈનધર્મ અને એના આચાર-વિચારનો કશો અભ્યાસ નથી, એને તરતમાં જ સ્વીકારી, લઈ લીધું સાધુપણું ! કેમ આ બન્યું ? કહો, ધગશથી ધગશ જાગી ગઈ કે 'ગાથાનો અર્થ સમજ્યા વિના રહું નહિ.'

એમ કવિને અહીં ધગશ જાગી છે **'પણ ગુણવંતા ગોઠે ગાજશું, મોટા તે વિશ્રામોજી'** 'પ્રભુ એવા મોટા છે, કે તે મારે મહાન વિસામો છે, આશ્વાસન છે, જે પ્રભુની કૃપાના બળે પ્રભુના આશરે મોટા યોગાભ્યાસી-જ્ઞાની-ધ્યાની એવા ગૌતમ સ્વામી, ધન્નો અણગાર, ધનાજીમુનિ અને શાલિભદ્રમુનિ જેવા તરી ગયા. તે જ કૃપા અને આશરાના બળે આલંબનના બળે હું પણ તરી જઈશ. કદાચ આરાધનામાં તેટલો વિકાસ ન થાય, તો પણ હું નિરાશ નહીં થાઉં, કારણ કે પ્રભુનો મોટો વિશ્રામ છે, આશરો છે.

આ શ્રદ્ધાબળની વાત છે. આપણે તીર્થંકર પ્રભુ માથે ધર્યા છે ખરા, પરંતુ એવી શ્રદ્ધા નથી રાખી કે આ પ્રભુના બળે મારે અચિંત્ય સિદ્ધિઓ થઈ શકે છે,

માટે મારા આત્મદોષો નષ્ટ થઈ જવાના. 'એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો' આ ખોટું થોડું જ બોલીએ છીએ ? એ સત્ય જ છે, પંચપરમેષ્ઠિ-અરિહંત નમસ્કારથી મારા પાપ અવશ્ય નષ્ટ થશે.

'ગુણવંતા ગોઠે ગાજશું'- આ વચન, આ પંચમકાળમાં સત્ત્વહીન આપણે આપણી લૂલી પાંગળી સાધનાઓમાં નિરાશ ન થઈ જઈએ, એ માટે પ્રોત્સાહક વચન છે. આ વચનથી આત્મા પોતાનો આંતર અવાજ કાઢે છે કે 'ભલે મારે પૂર્વના મહાપુરુષો જેવી સાધના નથી, જ્ઞાનીની દૃષ્ટિએ ઘણા ઘણા દોષો, અતિચારો, સ્ખલનાઓ લાગે છે, પરંતુ મને મહાગુણવંતા પરમાત્મા મળ્યા છે. તેથી એમનું જીવન, એમની સાધનાઓ, એમના સુકૃતો, એમના ગુણો...વગેરે મારે નજર સામે રાખવા એવા મળ્યા છે કે એના આલંબનને હું પણ સાધના-આરાધનામાં વેગબંધ આગળ વધતા રહેવાનો છું. સાધના-આરાધનામાં સ્ખલના કરાવનારા મોહની, હવે મને અરિહંત મળ્યા પછી, શી ચિંતા ? શો ભય ? કહ્યું ને ?

**"તું મુજ હૃદયગિરિમાં વસે, સિંહ જો પરમ નિરીહ રે;**
**કુમત માતંગના જુથથી, તો પ્રભુ ! મુજ કીશી બીહ રે."**

અર્થાત્ તું પરમ નિરીહ-નિસ્પૃહ અને એક સિંહ તરીકે મારા હૃદયરૂપી પર્વતમાં વસેલો હોય તો કુમતોરૂપી હાથીઓના સમૂહથી મારે શું બીવાનું રહે ?

ઈંદ્રભૂતિ ગૌતમના દિલમાં ઘણા બધા મિથ્યા શાસ્ત્રો હતા, મિથ્યાત્વ હતું, પરંતુ જ્યાં મહાવીર ભગવાન મળ્યા, પોતાનો સંશય દૂર કરવાથી સર્વજ્ઞ તરીકે ઓળખાયા. ને જ્યાં હૃદયમાં વસી ગયા, ત્યાં બધું મિથ્યાત્વ-મિથ્યાબોધ, મિથ્યા માન્યતાઓ સઘળું ય દૂર ભાગી ગયું ! પછી ભગવાનની એ હૂંફ લાગી કે ગુણવંતા ગોઠે ગાજ્યા. પ્રભુએ આપેલ ત્રિપદી અર્થાત્ ત્રણ પદ ૧૪ પૂર્વ સહિત દ્વાદશાંગી આગમો રચી કાઢ્યા !

**પ્રશ્ન :** મોટો હાથી ગાજે એની ગોઠે નાનું હાથી-બચ્ચું ગાજે, એમ અહીં ગુણવંત પ્રભુ શું ગાજતા કહેવાય ? અને આપણે શું ગાજવાનું કહેવાય ?

**ઉત્તર :** (૧) પહેલું તો પ્રભુએ દીક્ષા લીધી, સર્વ વિરતિ સામાયિક ઉચ્ચર્યું, એમાં દૃઢ સંકલ્પપૂર્વક 'કરેમિ સામાઈયં'માં 'સવ્વં સાવજ્જં' જોગં પચ્ચક્ખામિ' બોલ્યા, એ મોહને પડકારરૂપે ગાજ્યા કહેવાય. પડકાર આ કે 'મારે ચારિત્ર જીવનમાં ગમે તેવા પરીસહ-જુલ્મ-ઉપસર્ગ આવો, મારે સાવદ્ય યોગ-કષાય નહિ કરવાના પચ્ચક્ખાણ, કષાય ન કરવાની પ્રતિજ્ઞા.' અરે ! 'જુલ્મગાર ખરાબ' કે, કે 'જુલ્મ ખરાબ' એટલું ય મનમાં લાવવાનું નહિ, પછી જ્યાં જ્યાં જુલ્મ આવ્યા. ત્યાં ત્યાં આ પ્રતિજ્ઞા નજર સામે એટલે કે જાણે ગાજ્યા કે 'મારે કષાય શરીર-

રાગ કશું ખંપે નહિ.' આ ગાજવાનો બાહ્ય ધ્વનિ નથી, આંતર ધ્વનિ છે. એના પર કવિ કહે છે તેમ પણ ગુણવંતા ગોઠે ગાજશું. એમાં

(૧) પહેલું ગાજશું એટલે કે 'પ્રભુના એ સર્વ વિરતિ-સામાયિકના દઢ સંકલ્પના આલંબને અમે પણ 'ગાજશું', અર્થાત્ અમે પણ અમારી શક્તિ ખૂબ ખરચીને મહાવ્રત સહિત શક્ય એટલા વ્રત-નિયમ કરશું'. આ એક ગાજવાનું.

(૨) બીજું ગાજવાનું એ, કે પ્રભુ સંયમ જીવનમાં ભદ્રપ્રતિમા-મહાભદ્રપ્રતિમા વગેરે ઘોર અભિગ્રહમાં ભયંકર ઉપસર્ગને પણ નહિ ગણકારતાં, કાયોત્સર્ગમાં રહી સ્થિર પ્રતિજ્ઞાબદ્ધ એક જ દ્રવ્ય પર ધ્યાનમાં રહેલા ! એ પરથી આપણે પ્રભુને નજરમાં રાખી શક્તિ અનુસાર ધ્યાનમાં રહી શકીએ.

(૩) ત્રીજું ગાજવાનું એ, કે પ્રભુ પર ઉપસર્ગ આવ્યા. દા.ત. શૂલપાણી યક્ષે પ્રભુ પર જુલ્મ વરસાવવા માંડ્યા, એક રાતમાં જ ૯-૯ કલાક સુધી ત્રાસ પર ત્રાસ વરસતા રહ્યા ! પણ પ્રભુ ક્ષમા-સમતા-સહિષ્ણુતારૂપીગર્જના કરતા જ રહ્યા ! તો આપણે પણ એવા કોઈ ત્રાસ તકલીફ વખતે સમતારૂપી ગર્જના કરતા રહીએ. 'ગુણવંતા ગોઠે ગાજશું' એટલે એવા વખતે મનમાં સમતાભાવ આ વિચારીને લાવવાનો કે 'મારા પ્રભુએ આના કરતાં અતિ ભયંકર ત્રાસ જુલ્મોની હારમાળા વખતે ભારે સમતાભાવ રાખેલો. તો મારે એની અપેક્ષાએ આ અતિ સામાન્ય તકલીફમાં કેમ સમતાભાવ ન રહે ?'

બસ, મહાત્રાસમાં પણ ભાઈસાબ ! આ સમતાભાવ શી રીતે રહે ? દીનતા કરવાની કે કરમાઈ જવાની જરૂર નથી. કેમ કે આશરો જબરદસ્ત છે કોનો ?

**'મોટા તે વિશ્રામોજી'**

મોટા પુરુષ અરિહંત ભગવાન મારે મોટો વિસામો છે. ડુંગર ચડતાં વિસામા હોય છે એથી ચડતાં ચડતાં થાક લાગ્યો હોય આગળ ચડવાની એટલી હામ, એટલું જોમ ન હોય, પણ વિસામા પર વિશ્રાન્તિ કરતાં થાક ઉતારીને આગળ જોમપૂર્વક ચડાય છે. એમ આરાધના સાધનામાં સતત જોમ અને વેગપૂર્વક આગળ વધવા મોટા પુરુષો વિસામા તુલ્ય છે. એમના પર એમની સાધના પર વારેવારે મન ઠહેરાવવાથી મનને સ્ફૂર્તિ આવે છે જોમ ચડે છે.

જંગલમાંથી માલ સાથે પસાર થવું પડ્યું હોય, ત્યાં લૂંટારાઓના પકડો પકડો, મારો મારો એવા અવાજ આવતા હોય, પરંતુ પાસે જો મિલિટરી પોલિસ ચાલતી હોય, યા ત્યાં આવી ગઈ હોય, તો હૈયાને એ વિસામારૂપ દેખાય છે. એમ વિષયોના ઘેરાવાવાળા આ જગતમાં ધર્મની આરાધના-સાધના કરવા નીકળ્યા ત્યાં એમાં મન ડગુમગુ થવા ભય રહેતો હોય, પરંતુ ભગવાન પર દિલનો ઝોક રાખતાં

વિસામો લાગે છે. આપણી પાસે મહાન ધર્મશાસન આરાધનાના અંગો, આરાધક સાત્ત્વિક મહાપુરુષો....વગેરે સહિત ભગવાન છે, એ આપણા અંતરમાં છે, એ મીટો વિસામો છે.

**"વાચક જસ કહે એહિજ આશરે, સુખ લહું ઠામોઠામજી."**

**વાચક યશ કવિ કહે છે કે,** એ પ્રભુ અને પ્રભુની કૃપાના બળના આશ્વાસને હું ઠેર ઠેર સુખ પામીશ. પ્રભુનો જ એક આશરો રાખવાથી ઠામ ઠામ સુખ કેવી રીતે ? તો કે આ રીતે, કે –

(i) કોઈ આપત્તિ - આફત આવી, ત્યાં આ વિચાર, કે આફતને સમાધિપૂર્વક ભોગવી લેવાથી પૂર્વના દુષ્કર્મો નાશ પામે છે, કચરા સાફ થાય છે.' એવો મારા પ્રભુનો સિદ્ધાન્ત છે. એટલે આફતને સમાધિપૂર્વક ભોગવતાં સિદ્ધાન્તનાં પાલનથી ધર્માત્માને સિદ્ધાન્તના પાલનમાં જિનાજ્ઞા પાલનમાં અવર્ણનીય સાચું સુખ લાગે.

(ii) આરાધના મોળી અને જોમ તથા જોશ વગરની થાય છે, ત્યાં સર્વત્ર એ આરાધનાના પ્રણેતા શ્રી અરિહંત પ્રભુને દિલમાં રાખ્યાનો ભારે સંતોષ રાખવાનો, એ જ અરિહંતના આશરે સર્વત્ર સુખ તેથી પ્રભુના બળે જ આરાધનામાં વિશેષ જોમ મળે.

(iii) દુન્યવી મોટા માલ કે માન-સન્માન મળે ત્યાં, 'આ મારું માન નથી,' પણ મારા પ્રભુનું સન્માન છે. પ્રભુનો પરમ પ્રતાપ છે, ઉપકાર છે, કે એના સેવક આગળ માલ-માન-સત્કાર ખેંચાઈ આવે છે. એ જ પ્રભુના આશરે સર્વત્ર સુખ.

(iv) તેમ 'આ બાહ્યમાં મળતા માલની કે માન-સન્માનની પણ એ કિંમત નથી જે કિંમત અરિહંતને હૈયે વસાવ્યાની છે' તે વિચારે આનંદ સુખ પામવાનું. આ રીતે અરિહંતના આશરે સુખ લહું ઠામોઠામ.

તેમ 'અરિહંતના આશરે ઠામ ઠામ સુખ લઉં' એટલે અરિહંતની પ્રાર્થનામાં સુખ, નમસ્કારમાં સુખ, સ્તવનમાં સુખ, સ્મરણમાં સુખ, આજ્ઞાવિહિત દરેક સાધના-આરાધનામાં સુખ, અર્થાત્ આજ્ઞા-પાલનમાં સુખ, આમ ભગવાનના આલંબને બધે સુખ જ સુખ માનવાનું; કેમ કે (૧) આ એકેક સાધનામાં અનંત કર્મોનો ક્ષય છે. (૨) મોક્ષ નિકટતા વધે છે; (૩) અરિહંતનો પરિચય વધે છે.

**પ્રશ્ન :** કોઈ કષ્ટમય સાધના કરતા હોય, ત્યાં માનો કે એ સાધનામાં કોઈ મોટું વિઘ્ન આવ્યું, તો ત્યાં 'પ્રભુના આશરે સુખ જ સુખ રહે' એ કેવી રીતે ?

**ઉત્તર :** તો કે મન કહે "પ્રભુ ! તેં મને ઠેઠ નિગોદમાંથી એટલે કે કેટલે બધે નીચેથી ! આટલે ઊંચે લાવી મૂક્યો ! તો હવે પ્રભુ ! તારા ખાતર આ સાધનાનું કષ્ટ કેમ ન ઉપાડું ? અને પ્રભુ ! તેં સાધનામાં જે ઘોર કષ્ટ ઉપાડ્યા છે,

જે પરીસહ ઉપસર્ગ સહન કર્યા છે, એ મને લાગે છે કે મારા જેવા મુડદાલ અને નિઃસત્ત્વ જીવો માટે જ સહન કર્યા છે. તેથી હવે તો અમારા અહોભાગ્ય કે અમે એમાંથી પાવર લઈએ, શક્તિ અને સત્ત્વ વિકસાવીએ. પ્રભુ ! મારા પર આટલા બધા તારા ઉપકારના પ્રતાપે મારામાં પણ કષ્ટો હસતાં સહવાનું અને સાધના-આરાધના કરવાનું બળ-જોમ-હોંશ આપશો.' આમ સાધના આરાધનામાં આપણા પર અનંત ઉપકાર વરસાવનારા પ્રભુ મન પર આવતાં જ સુખ જ સુખ લાગે.

જેમ આરાધનામાં સાધનામાં ભગવાનના આલંબને ઠામોઠામ સુખ તેમ સાંસારિક બાબતોમાં પણ અરિહંતને આગળ કર્યાથી ઠામઠામ સુખ લાગે. જેમ કે -

સાંસારિક જીવનમાં અરિહંત નહોતા મળ્યા, ને જે જે અપકૃત્ય, અને બદવ્યવહાર, તથા પાપસરંજામના કચરા ચાલતા હતા, તે હવે કચરા અરિહંત પામ્યાથી નથી; એનો પરમ હરખ થાય. એટલા માટે એમાં સુખ જ સુખ અનુભવાય.

વળી સાંસારિક જીવનમાં બે ઉદય હોય છે, - શુભોદય, ને અશુભોદય, શુભોદયમાં શાંતિથી પ્રભુસ્મરણ-સ્તવના અને પ્રભુના ગુણગણચિંતન થઈ શકે છે. એની મસ્તીનો આનંદ છે, સુખ છે; અને અશુભોદયમાં આ વિચારે સુખ છે કે, 'સમાધિથી અશુભોદય સહી લેવામાં કચરા સાફ થાય છે, અને મહાન સત્ત્વ-વિકાસનો લાભ મળે છે ! સત્ત્વના વિકાસે જ ગુણસ્થાનકમાં આગળ વધાય છે, અને અંતે સત્ત્વવિકાસે જ અપૂર્વકરણ થાય છે. શુક્લધ્યાન અને ક્ષપકશ્રેણી લાગે છે, જેના પર કેવળજ્ઞાન મળે છે ! તેથી અશુભોદયમાં એવા સત્ત્વવિકાસને દર્શાવનારા અરિહંત મળ્યાથી અશુભોદયમાં પણ આનંદ છે. આ રીતે સર્વત્ર પ્રભુના આલંબને સુખ જ સુખ લાગે છે. સીતાજી વનમાં રહ્યા રહ્યા આ જ કરતા હશે; તેથી વનમાં પણ સુખી હતા ! પાંચ પાંડવ દ્રૌપદી આ વિચારે જ જંગલમાં મસ્ત રહેતા હશે. પાલક પાપીની ઘાણીમાં ખંધકસૂરિના શિષ્ય ૫૦૦ મુનિ પીલાતા છતાં મનમાં મુનિસુવ્રત ભગવાનના આલંબને મસ્ત સુખી હતા. ને એમાં એ પાંચસો ય મુનિ કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા ! ગજસુકુમાળને માથે સગડી મુકાયેલી, માથું ભડભડ બળે છે, છતાં ભગવાન નેમનાથ સ્વામીનો આશરો મળ્યાનો પારાવાર આનંદ હતો, તેથી મનને બળવાની કશી પીડા જ લાગતી નહોતી.

'ભગવાનના આશરે ઠામઠામ સુખ મળે' એ સૂત્ર વાક્ય છે. એના પર બહુ વિચાર થઈ શકે.

દા.ત. મિથ્યામાર્ગની શ્રદ્ધાથી અભક્ષ્ય-ભક્ષણ ટેસથી કરતો હોય, પરંતુ જો એને અરિહંતનો માર્ગ મળી જાય, ને એ અભક્ષ્યનો ત્યાગ કરે, પછી જ્યાં જ્યાં અભક્ષ્ય-ત્યાગના પ્રસંગ આવે, ત્યાં ત્યાં એને એમ થાય કે 'ભલું થજો પેલા ભાઈનું

એમણે અરિહંત ભગવાન ઓળખાવ્યા, એમનો માર્ગ બતાવ્યો. તે એ ભગવાનના આશરે હવે અભક્ષ્યત્યાગમાં અપૂર્વ આનંદ આવે છે !'

**ધનપાલ પંડિતનું મિથ્યાત્વ કેમ ટળ્યું ?**

ધારાનગરીમાં ભોજરાજાની રાજ્યસભાનું એક રત્ન પંડિત ધનપાલ. પૂર્વે મહામિથ્યાદૃષ્ટિ હતો. જૈન ધર્મનો પાકો વિરોધી, તે નગરીમાં જૈનમુનિ આવે, એમને 'કેટલું ભણ્યા છો ? ધર્મનું શું જાણો છો ?...' એમ પ્રશ્નો કરી પોતાની પંડિતાઈથી મશ્કરી કરે.

ધનપાલને જૈન મુનિની કેમ આટલી બધી ઈર્ષ્યા ! બનેલું એવું કે ધનપાલના પિતા બ્રાહ્મણ હતા, એને એકવાર જૈનમુનિ તરફથી ઉપકાર થયેલો તેથી એણે પોતાના બે બાળ પુત્રોમાંથી મોટા થયે એક પુત્ર મુનિને વહોરાવવાનું કબૂલેલું. તે મહારાજ વર્ષો પછી પાછા એ જ નગરમાં આવતાં અને બ્રાહ્મણને યાદ દેવડાવતાં, બ્રાહ્મણે ઘરે જઈ પહેલા મોટા પુત્ર ધનપાલને આ પિતૃ-ઋણ વાળવા વાત કરી તો ધનપાલ કહે,

"તમે મહારાજને કબૂલાત આપી છે, તો તમે જાઓ, હું મિથ્યાધર્મમાં શાનો જાઉં ?'

ત્યારે નાના પુત્ર શોભનને વાત કરતાં 'બાપનું દેવું માથા પર' એમ કરી એ મંજૂર થયો. બાપ એને મુનિ પાસે દીક્ષા અપાવે છે. એના પર ધનપાલને જૈન સાધુ અને જૈન ધર્મ પર ભારે દ્વેષ-ઈર્ષ્યા થાય છે;

હેં ? મારા ભાઈને સાધુ ઉપાડી ગયા ?' તે જૈનમુનિઓની મશ્કરી કરે છે. તેથી જૈનમુનિઓનું ધારાનગરીમાં આગમન બંધ થાય છે.

શોભનમુનિને આ ખબર પડતાં, ગુરુને કહી બીજા મુનિઓ સાથે અહીં આવે છે. અહીં પોતાના પૂર્વના સાંસારિક ઘરમાં પેસતાં ધનપાલ મશ્કરીના બોલથી આવકારે છે કે, - '**किं गर्दभदन्त कुशलं ते**' અર્થાત્ ગધેડાના જેવા દાંતવાળા તમને કુશળ છે ?

શોભનમુનિને દાંત સહેજ બહાર આવતો હતો. તેથી ભાઈએ ગર્દભદન્ત ! એવી ગાળ દીધી, પણ મુનિ ગાંજ્યા જાય એવા નહોતા. કેમ કે એમને તો હિંસાભર્યા યજ્ઞ આચારાદિના ઉપદેશક મિથ્યા વૈદિક ધર્મમાંથી ખસી વીતરાગ સર્વજ્ઞ પ્રભુના સૂક્ષ્મ જીવોને પણ અભયદાન દેનારા પરમ અહિંસામય જૈનધર્મમાં સ્થાન મળ્યું હતું. તેથી એ તો 'ગુણવંતા ગોઠે ગાજતા હતા', ગુણવંતા અરિહંત પ્રભુના તત્ત્વજ્ઞાનના આલંબને પ્રભુના ગૌરવથી ગાજતા હતા. એમણે તરત જવાબ દીધો **किं कपिवृषणास्य कुशलं ते** ? હે વાંદરાની અંડગોળી જેવા (લાલ) મુખવાળા તમને કુશળ છે ?'

ધનપાલ સમજી ગયો કે, આમને સતાવવામાં સાર નથી, તેથી હવે આગળ મશ્કરી ન લંબાવતાં પૂછે છે, 'શું લેશો ?'

શોભનમુનિ કહે, **'यथा कल्प्यम् '** અમારે કલ્પે એવું.'

ધનપાલ પંડિત બીજી રસોઈ તૈયાર નહિ હોય તે દહીંનો વાટકો લઈ આવી કહે છે 'લો'.

શોભનમુનિ પૂછે છે, 'કેટલા દિવસનું છે ?'

ધનપાલ હાસ્ય કરતાં કહે છે - 'ઓહો ! લો આટલા સરસ દહીંમાં શું કીડા પડ્યા છે ? તે પૂછો છો કેટલા દિવસનું આ દહીં ?'

શોભનમુનિ કહે 'મને કહોને કેટલા દિવસનું ?'

પંડિત કહે 'ત્રણ દિવસનું હેં હેં હેં શું આમાં કીડા છે ?'

મુનિ કહે 'હા કીડા પડ્યા છે, શું કહેવું છે ? લાવો અળતો લાવો, છાંટો આના પર.' પંડિતે લાલ અળતો લાવી એના પર છાંટ્યો. તો દહીંએ લાલ કલર પકડી લીધો, પણ જીવડાએ ન પકડ્યો, એટલે લાલ દહીંમાં સફેદ કીડા ખદબદતા દેખાય છે.

મુનિ કહે - 'લો, જો જૂઓ શું છે ? તારા વેદશાસ્ત્રે આ જ શીખવાડ્યું કે, 'જીવતા જીવડાવાળું દહીં ખાઈ જવાનું ?' યા ચુલા ઉપર દહીં ગરમ કરતાં જીવતા જીવડાને પણ ઉકાળી નાખવાના ?'

આ તમારું આત્મ-કલ્યાણકર ધર્મશાસ્ત્ર ? એના પર પંડિતાઈનો ગર્વ ? એવો ગર્વ રાખી સાચા જ્ઞાની પવિત્ર ત્યાગી સંયમી મુનિઓની મશ્કરી કરવાની ? આ ઉત્તમ માનવઅવતારની આ સફળતા, જીવતા જીવડા ખાવા, ને મહાસંયમી મહાત્માની મશ્કરી કરવી ?''

ધનપાલને તો ભોંય ભારે થઈ ! કેમ કે મહાપંડિતનું નામ ધરાવે છે. અને આટલું બધું અજ્ઞાન છે, ધરતી માર્ગ આપે તો અંદરમાં ઊતરી જવાનું મન થયું ! પૂછે છે મુનિને, 'આ તમે શી રીતે જાણ્યું ?'

મુનિ કહે, 'અમારા શાસ્ત્રો વીતરાગ સર્વજ્ઞ અરિહંત ભગવાનના કહેલા છે, એમાં તો જ્ઞાનનો દરિયો છે. એમાંથી આટલું જ્ઞાન તો એક ખસખસ જેટલું ય ન ગણાય. જિનાગમથી આ જ્ઞાન મળે છે.

ધનપાલ પંડિતને આકર્ષણ થયું, ભાઈ મુનિની ક્ષમા માગે છે, મિથ્યા ધર્મના ત્યાગ કરી જૈન ધર્મનું સમ્યક્ત્વ સ્વીકારી જૈન શાસ્ત્રો ભણી જૈન મહાપંડિત થાય છે !

પછી તો જીવનમાં અરિહંત અને અરિહંતના શાસનના આશરે આધારે એણે જે અદ્‌ભુત સુખ અનુભવ્યા છે, એ પ્રબંધ ગ્રંથોમાંથી જાણવા મળે છે. એમનું 'તિલકમંજરી' શાસ્ત્ર, 'ઋષભપંચાશિકા' વગેરેમાં જોવા મળે છે કે અરિહંતના આશરે

એમના દિલમાં કેટકેટલા સુખ આનંદના સંવેદન ઉછળતા હશે !

**"વાચક જશ કહે એહીજ આશરે સુખ લહું ઠામોઠામજી."**

આને એ રીતે પણ ઘટાવી શકાય, કે - જગતમાં જ્યાં જ્યાં મારી નજર પડે છે, ત્યાં ત્યાં અરિહંતના જીવનના આશરે એ દેખાય છે કે, અરિહંત દેવે આ બધા પદાર્થને ઉદાસીન દૃષ્ટિથી જોયેલા. એમાં કશા રાગદ્વેષ નહિ કરેલા. એ પ્રભુના આધારે મારે પણ એવું ઉદાસીન દર્શન રાખું, તો કશી હૈયાહોળી નહિ, આનંદ આનંદ. જેવો આ ઉદાસીન ભાવ કોઈ પણ દર્શનમાં, એવો દરેકેદરેક જગતના પદાર્થના શ્રવણમાં, અને સ્મરણમાં પણ ઉદાસીન ભાવ. એ ઉદાસીન ભાવમાં રાગ-દ્વેષ-હર્ષ-શોકની હૈયાહોળી નહિ, એ જ આનંદ આનંદ.

આમ અનેક રીતે 'સુખ લહું ઠામોઠામજી' વિચારી શકાય.

**(ઈતિ શ્રી પદ્મપ્રભજિન સ્તવન-વિવેચના)**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૨૦/૨૧,તા.૭-૨-૧૯૮૭

## શ્રી સુપાર્શ્વજિન સ્તવન-૭

**શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ,**
**આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી...૧**
**[૧]દિવ્યધ્વનિ [૨]સુરફુલ, [૩]ચામર [૪]છત્ર અમૂલ.**
**આજે હો રાજે રે, [૫]ભામંડળ, ગાજે [૬]દુંદુભિજી...૨**
**અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર,**
**આજ હો કીધા રે ઓગણીસ, સુરગુણ ભાસુરેજી...૩**
**વાણી ગુણ પાંત્રીસ, પ્રાતિહારજ જગદીશ,**
**આજ હો રાજેરે દીવાજેરે, છાજે આઠશુંજી...૪**
**સિંહાસન અશોક, બેઠા મોહે લોક,**
**આજ હો સ્વામીરે શિવગામી, વાચક યશ થુણ્યોજી...૫**

• • •

# શ્રી સુપાર્શ્વજિન સ્તવન વિવેચના-૭

**શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ,**
**આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી...૧**

**ભાવાર્થ :** હે સુપાર્શ્વનાથ જિનરાજ ! આપ ત્રણ ભુવનના મસ્તકે મુગટ સમાન છો. હે પ્રભુ ! આજે આપના તીર્થંકરપદની ઠકુરાઈ યાને તીર્થંકરપદનું ઐશ્વર્ય શોભી રહ્યું છે.

**વિવેચન :** પ્રભુ શિરતાજ કેટકેટલી રીતે ?

હે પ્રભુ ! આપ ત્રિભુવનના ઠાકોર છો. આપના બે પાર્શ્વ (પડખાં) સુંદર છે, માટે આપનું નામ 'સુપાર્શ્વ' પાડેલું. આપ 'શિરતાજ' ત્રિભુવના શિરે આપ મુગટ સમાન છો; કારણ કે ૧૪ રાજલોકના મસ્તકે સિદ્ધશિલા છે, ત્યાં આપ સિદ્ધશિલા પર વસેલા છો; એટલે આપ મુગટ સ્થાને છો. શુદ્ધ સ્ફટિક રત્નની ઉજ્જવળ શિલા પર આપ શુદ્ધ ચૈતન્ય, અરૂપિતા ને અનંત જ્ઞાન-દર્શન-સુખથી શોભી રહેલા માટે મુગટ જેવા છો. મસ્તક મુગટથી શોભે, મસ્તક કરતાં મુગટ વધુ શોભિતો હોય છે. એમ અહીં સિદ્ધશિલા તથા પ્રભુ બંને ઉજ્જવળ ખરા, પરંતુ પ્રભુ સિદ્ધશિલા કરતાં વધુ શોભિતા છે; કેમ કે ભલે સિદ્ધશિલા આકૃતિથી શાશ્વત એટલે આકૃતિ એની એ જ રહે. પણ એમાં જૂનાં પુદ્ગલ વહેલા મોડા અસંખ્ય કાળે ખરી જાય, ને નવા પુદ્ગલ સામેલ થઈ ગયા હોય એટલે કે સિદ્ધશિલામાં પરિવર્તન થાય; પરંતુ પ્રભુના આત્મપ્રદેશો અનંતકાળે પણ એના એ જ ત્યાં કાયમ, અને તેવા જ નિર્મળ રહે છે; તેમાંથી એક પ્રદેશ પણ ઓછો ન થાય, આઘો પાછો ન થાય, કે લેશ પણ મલિન ન થાય.

તેમ મેરુ શાશ્વત છતાં તેના પુદ્ગલોમાં ફેરફાર થાય, દેવવિમાનોમાં પણ આ રીતનો ફેરફાર થાય, પરંતુ પ્રભુના આત્મપ્રદેશો અનંતકાળે પણ એના એ જ અને એવા ને એવા જ શુદ્ધ રહે છે; માટે જ આપ સિદ્ધશિલા કરતાં ઘણા વધુ શોભિતા છો, તેથી આપ સાચા શિરતાજ છો.

આ વિચારણા સૂચવે છે કે, પ્રભુ જેમ શિરતાજ બન્યા, ને તેમનો આત્મા કાયમ માટે નિર્મળ થયો, તેમ આપણે જો આપણો આત્મા નિર્મળ કરી દઈએ, તો તે ક્યારેય મલિન ન થાય.

આ તો દ્રવ્યથી શિરતાજના અને દ્રવ્યથી નિર્મલતાની વાત થઈ.

હવે, **પ્રભુભાવથી શિરતાજ :**

પ્રભુ ત્રણ ભુવનના શિરતાજ છે, એટલે કે ત્રણ જગતના જીવોને (૧) મોક્ષ

માર્ગ બતાવનાર, (૨) તત્ત્વ બતાવનાર, અને લોકને (૩) અંધકારમાંથી પ્રકાશમાં લાવનાર શિરોમાન્ય ભગવાન જ છે. ત્રણે જગત પર હે પ્રભુ ! આપનું સામ્રાજ્ય ચાલે છે. કારણ કે આપના શાસન અનુસારે વિરાધકને મહાદુઃખો, ને આરાધના કરનારને ત્રણે ભુવનમાં સુખો મળે છે. તેમ ભગવાન જ્યારે બાર પર્ષદા વચ્ચે દેશના આપતા બેસે છે, ત્યારે ત્યાં ત્રણે ભુવનના ઈંદ્રો પણ બેઠા હોય છે. તેથી પણ પ્રભુ ત્રણ ભુવનના શિરતાજ લાગે છે. તેમ ત્રણે જગતના જીવો કરતાં શુદ્ધ હોવાથી તો ભાવથી શિરતાજ છે જ.

સિદ્ધશિલા પર બિરાજમાન પ્રભુ આપણા માટે એવા મહાન આદર્શરૂપ છે, એવા આશ્વાસનરૂપ છે, કે જો આપણે એકવાર શુદ્ધ થઈ જઈએ, તો પછીથી કદી મલિન થવાનું નહિ બને. આપણે હાલ રાગ-દ્વેષથી મલિન, કર્મથી મલિન, પુદ્‌ગલના સંગથી મલિન, અને સ્પૃહાઓ અને તૃષ્ણાઓથી મલિન છીએ. આમ અનેક રીતે મલિન થઈએ છીએ. આ હિસાબે જ સ્પૃહાઓ-તૃષ્ણાઓ કમી કરતાં કરતાં, ઓછી કરતાં કરતાં પરનો સંગ ઓછો કરતાં કરતાં, ને રાગદ્વેષ કમી કરતાં કરતાં આપણે નિર્મળ થતા જ જઈએ છીએ. પ્રભુના આલંબને આ બને છે, માટે પ્રભુને આપણે શિરતાજ રાખવાના.

દુનિયાના શિરતાજ રાજા-મહારાજાધિરાજ આપી આપીને શું આપે ? માત્ર આ ભવની લીલા, ને તે પણ પરિમિત ! પરિમિત એટલે કે મનગમતું મળ્યું તો ખરું, પરંતુ મર્યાદિત મળ્યું. તેથી બીજાનું અધિક જોઈને ઈર્ષ્યા-બળતરા કરાવે, સમજુ હોય તો કદાચ સામા અધિકવાળા ઉપર દ્વેષ-ઈર્ષ્યા ન કરે કે, 'હાય ! આ માળાને અધિક ક્યાં મળ્યું ?' પરંતુ પોતાનું ઓછું લગાડે કે મને મનગમતું મળ્યું તો ખરું, પરંતુ પેલા કરતાં ઓછું મળ્યું.' આમ મળેલું ઓછું લાગે એટલે બળતરા થાય આ બળતરા રોકવાની તાકાત દુન્યવી શિરતાજોમાં નથી; કેમ કે માણસનું મન એવું છે, કે એને ગમે તેટલું મળે તોય ઓછું લાગે. હવે આ એનું ઓછું લાગતું કયો દુન્યવી શિરતાજ-સમ્રાટ પણ પૂરું કરી શકે ? કોઈ નહિ. ત્યારે તીર્થંકર ભગવાન એવા શિરતાજ છે, કે જે આત્મહિત એવાં આપે છે કે જેની મર્યાદા છેલ્લે વીતરાગ દશાની છે, ને એ મળ્યા પછી જીવને કશું મેળવવા જેવું રહેતું જ નથી. તેથી કશી ઈચ્છા જ રહેતી નથી; એટલે મનને ઓછું લગાડવાનું ને બળતરા કરવાનું રહે નહિ એ સ્વાભાવિક છે.

**પ્રશ્ન :** પરંતુ એ અંતિમ વીતરાગદશા પહેલાં તો જે મળે તે તો અધૂરું જ હોય ને ? એટલે એનાથી અધિક ન મળ્યાની બળતરા કેમ ન થાય ?

**ઉત્તર :** પોતાની કક્ષા સમજનાર સમજે જ છે કે મારી વર્તમાન દશામાં જે

છે તે મારી લાયકાત અને પુણ્યાઈ પ્રમાણે બરાબર છે. માટે આરાધનામાં આગળ આગળ વધતા રહેવાનું છે, ને તે કામ મારે ચાલુ છે. વળી આરાધનામાં છું એટલે મોક્ષ તરફ જ પ્રયાણ છે, પછી શું કામ મનને ઓછું લગાડી દૂબળો પડું ?'

જુઓ, પાંચમી ક્લાસમાં ભણનારો જુએ છે કે મેટ્રિક કૉલેજમાં ભણનારો મારાથી આગળ છે; પણ મારે હમણાં એ મેળવવાનો અધિકાર નથી, એમ સમજતો હોવાથી મેટ્રિક વગેરેમાં ભણનાર પ્રત્યે કશી ઈર્ષ્યા બળતરા કરતો નથી. એમ અહીં નાની આરાધના કરનારો ઊંચી આરાધના કરનાર પ્રત્યે શું કામ ઈર્ષ્યા કે બળતરા કરે ? કે 'હાય ! પેલાને કેમ મળી ? ને મને પેલી ઊંચી આરાધના કેમ ન મળી !' બસ, પોતાની કક્ષા અનુસારે આરાધના સારી રીતે કરતો જાય છે,

**પ્રશ્ન :** તો પછી શાસ્ત્રમાં આરાધકને હંમેશાં અતૃપ્ત રહેવાનું કેમ લખ્યું છે?

**ઉત્તર :** એ, એટલા માટે કે, 'ચાલો, હું બનતી બધી આરાધના કરું છું' એમ કરી પોતાની ચાલુ આરાધનામાં ભાદરવાની ભેંસની જેમ ચીપકીને બેસી પડવાનું નથી; પરંતુ આગળ આગળ ધપવાનું છે. ભાદરવા માસમાં પાણીના ખાબોચિયા-તળાવડા ભરેલા હોય, એ ભેંસને મળે એટલે જાણે ભાવતું ભોજન મળ્યું, તે એમાં બેસી પડે છે, તે એવી કે સાંજ સુધી એમાંથી ઊઠે જ નહિ, આરાધકે જે આરાધના લીધી એમાં એ રીતે ચીપકી પડવાનું નથી કે જિંદગી સુધી એમાં ને એમાં જ રહે. કશી પ્રગતિ જ નહિ. અરે ! પ્રભુનાં માત્ર દર્શનની આરાધના હોય, તોય એમાં પ્રગતિ કરવાની છે. એ માટે દર્શનના વિષયભૂત ભગવાન વધારવાના; દર્શનનો સમય વધારવાનો છે. એનું પછીથી સ્મરણ વધારવાનું છે. દર્શનમાં માત્ર પોતે ભગવાનનું મુખ જોવાનું એટલું જ નહિ, પણ 'ભગવાન પોતે મને જુએ છે ને ?' 'ભગવાનની રહેમનજર મારા પર પડે છે ને ?' એ જોવાનું છે. એમ જ્યાં અનેક ભગવાન હોય ત્યાં **એકેએક ભગવાન ક્રમશઃ આપણા પોતાના ઉપર દૃષ્ટિ નાખે છે, એ જોતા ચાલવાનું છે,**

તાત્પર્ય, પોતાની ધર્મ-આરાધનામાં નિત્ય પ્રગતિ રાખવાની, તેમજ અધિક આરાધનાવાળા પર ઈર્ષ્યા બળતરા કરવાની નહિ.

વાત આ હતી, - અરિહંત 'શિરતાજ' બનેલા એવું આપે છે કે જેમાં કશો સંતાપ-ઈર્ષ્યા-બળતરા કરવાની હોતી નથી. આ શિરતાજ એટલે એક અનન્ય દાતાર તરીકેની વાત થઈ. હવે શિરતાજને શોભારૂપ તરીકે જોઈએ, તો તો ત્રિભુવન માટે ભગવાન શોભારૂપ છે, ત્રણ ભુવનની શોભા વધારનારા છે.

**પ્રશ્ન :** ભગવાન ત્રણ ભુવનની ત્રણ જગતની શોભારૂપ શી રીતે ?

**ઉત્તર :** જેમ કોઈ ગામ કે શહેરમાં ઘાંચી, મોચી, ચમાર, ભંગી... વગેરેની

સ્તી હોય, એ કાંઈ નગરની શોભારૂપ ન કહેવાય, પરંતુ એમાં સારા સમૃદ્ધ ઉદાર પરદુ:ખભંજન વણિકો હોય, ભણેલા વિદ્વાનો હોય, એમાં પણ જે અગ્રણી રાજા મહારાજા હોય, એ નગરને શોભારૂપ ગણાય છે. એમ ઊર્ધ્વ-અધો-મધ્ય ત્રણ ભુવનમાં દેવો, મનુષ્યો, તિર્યંચો છે, એ સામાન્ય પ્રજા જેવા ગણાય, એમા ઈન્દ્રો, મુનિઓ તથા સમકિતી જીવો, વ્રતધારી જીવો, એ સમૃદ્ધિવાળા ગણાય; અને એ બધાને શોભારૂપ તીર્થંકર ભગવાન છે.

આવા ત્રિભુવનના શિરતાજ સુપાર્શ્વનાથ ભગવાન મને મળ્યા ? મારા મહા અહોભાગ્ય છે !

**'આજે હો છાજેરે ઠકુરાઈ તુમ પદ તણી રે.'**

આજે એટલે પાપ પ્રપંચોથી ઉભરાતી આજની પૃથ્વી ઉપર પણ પ્રભુ ! તમારી એટલે કે મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરપદની ઠકુરાઈ છાજે છે, શોભે છે, આજે મહાવિદેહ ક્ષેત્રમાં ૨૦ તીર્થંકર ભગવાન વિચરી રહ્યા છે. આમાંના એકેક ભગવાનની ઠકુરાઈ કેવી ? ઐશ્વર્ય કેટલું ? તો કે ચોવીસે કલાક ઓછામાં ઓછા ૧ કરોડ દેવતાઓ એકેક ભગવાનની સેવામાં સાથે ને સાથે હોય ! એટલે અત્યારે ૨૦ ભગવાનના હિસાબે ૨૦ કરોડ દેવતાઓ ભગવાનની સેવામાં આ પૃથ્વી પર સતત હાજર રહે છે.

**૧ કરોડ દેવતાઓ ભગવાનની શી સેવા કરે ?**

ભગવાન અષ્ટપ્રાતિહાર્ય સાથે રત્નસિંહાસન પર જ્યાં બિરાજમાન હોય, ત્યાં આસપાસ જમીન પર એટલા બધા દેવતા સમાય નહિ, તેથી જમીન પર અને આકાશમાં દેવતાઓ ગીત-નૃત્ય-વાજિંત્રના મધુરા નાદ જમાવે, રાસડા લે, બિરુદાવલિ ગાય, વળી વિહારમાં પ્રભુની સાથે ચાલે. તે પણ લોકાચારમાં આવેલા માણસોની જેમ મૂંગા મૂંગા નહિ, પણ એ જ ગીત-નૃત્ય-વાજિંત્રના નાદ સાથે જમીન પર અને આકાશમાં ચાલે, પ્રભુની સાથે ચાલે. પ્રભુ ચાલે ત્યાં ઊંચે આકાશમાં દેવદુંદુભિ નાદ ગાજતો રહે; તેથી માઈલો સુધી લોકોને ખબર પડે **'ધર્મ નરેસર આવ્યા ગાજે.'** વળી ત્યાં દેવતા ભગવાનને જમીન પર ચાલવા ન દે, ભગવાનને પગ મૂકવા નવ સુવર્ણ કમળ ગોઠવે ! તે પણ માખણના પિંડા જેવા મુલાયમ હોય, ચાલતાં પ્રભુના પગ પડે એની નીચે સુવર્ણ કમળ ગોઠવાઈ જ ગયા હોય.

પ્રભુની ઠકુરાઈ કેવી ? પ્રભુ ચાલતાં બે બાજુના અક્કડ વૃક્ષ નમે, પ્રભુની સાથે સાથે ગગનમાં પક્ષી પ્રદક્ષિણા ઘૂમરી દેતા ચાલે, છત્ર-સિંહાસન આકાશમાં ચાલે. પ્રભુ બેસવા માગે ત્યારે આપોઆપ સિંહાસન નીચે ઉતરી પ્રભુની બેઠક નીચે ગોઠવાઈ જાય. વળી પ્રભુની ઠકુરાઈ યાને પ્રભાવ કેવો ? તો કે પ્રભુ વિચરવાની

ચારે દિશામાં ૧૨૫-૧૨૫ યોજન સુધી મારી મરકી વગેરે ઉપદ્રવ દૂર થાય.

ભગવાન દુષ્કાળના દેશમાં વિચરે, તો ત્યાં પણ વિદેશથી અનાજના ગાડેગાડા ઠલવાય ને દુષ્કાળ દૂર થઈ જાય. સ્વદેશે બળવો, ને પરદેશના લશ્કરનાં આક્રમણ હોય તો તે શાંત થઈ જાય.

તીર્થંકર પદની ઠકુરાઈ કેવી ? તો કે પ્રભુને દેશના માટે જોજનનું સમવસરણ મંડાય; જેમાં ઝાકઝમાળ ચાંદી-સુવર્ણ-રત્નના ત્રણ કિલ્લા ઉપરાપર ગોઠવાયા હોય, પ્રભુની જોજનગામિની વાણી યાને ભગવાનનાં વચન બધાને તેમની તેમની ભાષામાં સમજાય ! કરોડો દેવતાદિ સમવસરણમાં આરામથી બેસે ! વિરોધી પશુ-પંખી પોતાના વૈર ભૂલે ! પાસે પાસે બેસે ! સુગંધીદાર પુષ્પવૃષ્ટિ ઝરમર ઝરમર વરસતી રહે. તેમ ભગવાન સમોસરણ પરથી ઉતર્યા પછી પ્રભુની જ્યાં છાવણી પડે, ત્યાં ઓછામાં ઓછા ૧ કરોડ દેવતાઓ ગીત-ગાન-નૃત્ય વાજિંત્રનાદ કરતા હોય ! બીજા હજારો-લાખો માણસો આવતા જતા ને એકત્રિત થતા હોય. આખી છાવણીના માથે અશોકવૃક્ષ હોય !

તેમ ભગવાન માતાના ગર્ભમાં આવ્યા કે તરત ઈન્દ્ર 'શક્રસ્તવ'થી સ્તુતિ ગૌરવ કરે છે. આમ જોતાં તે વખતે ભગવાનનું શરીર તો નાનું બિંદુ જેવડું છે, પરંતુ ઈન્દ્રને મન પ્રભુનો આત્મા મહાન છે. જનમતાં ૫૬ દિક્કુમારી ભગવાન આગળ નાચે ! જન્મોત્સવ કરે ! મેરુ પર ઈંદ્રો-દેવો પ્રભુનો જન્માભિષેક ઉજવે !

ભગવાન ઉચ્ચ કુળમાં જ જન્મે, ઈત્યાદિ.

પાંચે કલ્યાણક પ્રસંગોમાં પ્રભુનું ઐશ્વર્ય કેવું દીપે ? ચ્યવન-જન્મ-વ્રત-નાણ-નિર્વાણ આ પાંચ કલ્યાણક પ્રસંગોમાંના એકેકને જ્યારે આપણે મનની સામે લાવીએ અને વિસ્તારથી જોઈએ ત્યારે સમજાય કે આ આખાય વિશ્વમાં તીર્થંકર ભગવાન સિવાય આ ઠાઠ બીજાને હોય નહિ, અને આ જોનારા ચકિત ચકિત થઈ જાય. એટલે તો કવિએ ગાયું કે **'જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય તે સુરનર-ખેચરા !'**

આ પ્રભુની ઠકુરાઈ-ઐશ્વર્ય એવું છે કે એમનું ક્ષણવાર ધ્યાન કરવાથી મહાન સિદ્ધિ થાય છે, યાવત્ મોક્ષ થઈ શકે છે.

**[૧]દિવ્યધ્વનિ [૨]સુરફૂલ, [૩]ચામર [૪]છત્ર અમૂલ.**

**આજે હો રાજે રે, [૫]ભામંડળ, ગાજે [૬]દુંદુભિજી...૨**

**ભાવાર્થ :** (અહીં પ્રભુના ૮માંથી ૬ પ્રાતિહાર્ય કહ્યા છે.) (૧) દિવ્યધ્વનિ, (૨) પુષ્પવૃષ્ટિ, (૩) ચામર, (૪) અમૂલ્યછત્ર (૫) ભામંડળ, (૬) દુંદુભિ શોભે છે.

**વિવેચન :** તીર્થંકર ભગવાનને અષ્ટપ્રાતિહાર્યની શોભા હોય છે. એ પાઠ સહેલાઈથી યાદ રાખવા માટે નીચેથી ઉપર ઉપર જોવું જેમ કે, (૧) નીચેમાં પહેલો

પ્રાતિહાર્ય **'સિંહાસન'**. બેસવા માટે રત્નમય સિંહાસન હોય છે. એની ઉપર જોતાં (૨) બે બાજુ **'ચામર'** વીંજાતા રહે છે. એની ઉપર (૩) મસ્તક પાછળ **'ભામંડલ'** (પ્રકાશપુંજ) હોય છે. એની ઉપર જોતાં (૪) મસ્તક પર ઊંચે **ત્રણ છત્ર** હોય છે. એની ઉપર (૫) આખા સમવસરણને ઢાંકતું **અશોકવૃક્ષ** હોય છે. એની બાજુમાં ઊંચે (૬) **દેવદુંદુભિ** ઘણણ વાગતાં નગારા છે. વૃક્ષમાં નીચે (૭) **'પુષ્પ-વૃષ્ટિ'** વરસે છે. (૮) ત્યાં એક મધુર **'દિવ્યધ્વનિ'** પ્રસરે છે. અહીં ગાથામાં આ આઠમાંથી **અશોકવૃક્ષ** અને **સિંહાસન** એ બે સિવાયના ૬ પ્રાતિહાર્ય લીધા.

**(૧) સિંહાસન :** ભગવાનને પ્રાતિહાર્યરૂપે એક સિંહાસન કાયમનું પરંતુ સમવસરણ પર દેવતાઓ બાકીની ત્રણ દિશામાં બીજા ત્રણ જિનબિંબ અને ત્રણ સિંહાસન રચે છે.

ભગવાન વિહાર કરે ત્યારે સિંહાસન ઊંચા આકાશમાં ચડી જઈ સાથે ને સાથે જ ચાલે છે. પ્રભુ બેસવાની તૈયારી કરે ને સહજરૂપે એ નીચે ગોઠવાઈ જાય !

પૂર્વના ત્રીજા ભવમાં ભગવાન સવિ જીવને શાસન રસિક કરવાની ભાવનાવાળા બનેલા. એ ભાવના હવે સફળ થવાની છે એ માટે પ્રકૃતિ **સિંહાસન** ધરે છે એના પર બેસી શાસન સ્થાપે. **ગુણોના આસનનું પ્રતિક છે.**

**(૨) ચામર :** સમવસરણમાં ભગવાનની બંને બાજુએ દેવતા ચામર વીંજે છે. ભગવાને જગતના જીવો પર સ્નેહ, મૈત્રી, ભાવ અને કરુણા વીંજયા છે તેથી કુદરત ભગવાનના ચામરથી વીંજવા દ્વારા સન્માન કરે છે. પ્રભુનો મૈત્રીભાવ કેવો ? ગોવાળીયાને ખીલા ઠોકવાનું શક્ય બને માટે માથું સ્થિર રાખ્યું !

તેમ પ્રભુએ જીવોને અભયદાન અને કરુણાની સફેદાઈ વીંજી છે, તેથી પ્રભુ સફેદ ચામરથી વીંજાય છે. આ **ચામર** બે છે એ ભગવાનની **મૈત્રી અને કરુણા એમ બે ભાવના પ્રતિક છે.**

**(૩) ભામંડલ :** ભગવાનના મસ્તક પાછળ તેજનો પુંજ-**ભામંડલ** ઝળહળે છે, કેમ જાણે પ્રભુનું મુખ જોતાં આંખ અંજાઈ જવાની હોય તેથી મુખ-કાન્તિમાંથી સંહરી ભામંડલ ન બન્યું હોય ? ભગવાને પૂર્વભવમાં ૨૦ સ્થાનકની વિશિષ્ટ પ્રકારે આરાધના સમ્યગ્દર્શનના જ્વલંત પ્રકાશ સાથેની આરાધના કરી છે. માટે જાણે અહીં પ્રકૃતિ પ્રભુના મસ્તક પાછળ ભામંડળ પ્રકાશનો પુંજ રજૂ કરે છે.

**(૪) ત્રણ છત્ર :** છત્ર કેમ ? પૂર્વના ત્રીજા ભવે અને અહીં સંસારની આધિ વ્યાધિ ઉપાધિથી દીનદુઃખિયારા બનેલા જીવોને છત્રરૂપ બની આશરો આપેલો. તેથી કુદરત ભગવાનને જગતના છત્રરૂપ બનાવી ભગવાનના મસ્તક ઉપર ત્રણ છત્ર યોજે છે. તે નીચેનું નાનું, ઉપરનું તેથી મોટું, સૌથી ઉપરનું સૌથી મોટું હોય

છે. અરે ! સ્વયં ભગવાને ચારિત્ર પાળીને જગતને એકેન્દ્રિયાદિ **જીવની રક્ષા શીખવી** એ જીવન માટે પણ છત્રરૂપ બન્યા છે. **માટે કુદરતે છત્ર આપ્યું.**

કુટુંબમાં નાનડિયાને માથે વડીલ છત્રરૂપ ગણાય છે. સુશીલ પુત્રવધુને સાસુ મરતાં લાગી આવે છે, બોલે છે અમારા માથે છત્ર હતું તે ગયું. એક દીક્ષાર્થીએ પુત્રને પરણાવી તરત દીક્ષાની તૈયારી કરવા માંડી. વહુ કહે, 'બાપા ! આ તમે દીક્ષા લઈ લેશો, પછી તમારા દીકરાના માથે છત્ર કોણ ? એ હરવા ગયા, ફરવા ગયા, મોડા આવશે તો કોણ પૂછશે ક્યાં ગયા હતા ?'

**(૫) અશોકવૃક્ષ :** સમવસરણની મધ્યમાં ચાર દિશાના ચાર સિંહાસનની વચ્ચે પ્રભુની પીઠ પાછળ અશોકવૃક્ષ રચાય છે, જેની શીતલ છાયામાં બેસીને લોકો ભગવાન જે દેશના આપે છે તે સાંભળે છે. જગતને રાગાદિના તાપથી અને અનિષ્ટોના અરતિ શોકથી બચાવનાર પ્રભુ આ અશોકવૃક્ષ જેવા છે, માટે સ્તવનમાં પણ ગાયું છે કે

**'જિનજી તાહરા વૃક્ષ અશોકથી, શોક દૂરે ગયો રે લો.'**

જેમ અશોકવૃક્ષ તાપને-ઉદ્વેગને અટકાવે છે તેમ ભગવાને પૂર્વ જન્મમાં સાધના કરીને પોતાનો વિષય-કષાય અને મોહમિથ્યાત્વનો તાપ કાઢી નાખેલો, તેમ અહીં પણ જીવોના એ તાપને દૂર કરનારા છે. મોહ-વિષય-કષાયના તાપથી તપેલાને ભગવાન ઠારનારા છે. તો પ્રકૃતિ તરફથી ભગવાનને જાણે અશોકવૃક્ષની ભેટ મળી ! કહેવત છે 'ઠાર્યા તેવા ઠરશો, બાળ્યા તેવા બળશો.' પ્રભુએ જગતના જીવોને ઠાર્યા છે, તો પ્રભુને પોતાને કરોડોની આખી પર્ષદા સાથે ઠરવાનું મળે છે, એનું **પ્રતીક અશોકવૃક્ષ.**

**(૬) દેવદુંદુભિ :** ભગવાનના સમવસરણની ઉપર ગગનમાં દેવતાઓ દુંદુભિનાદ કરે છે. ભગવાને પૂર્વભવમાં અરિહંતના શાસનનો નાદ જગતને સંભળાવવા નિર્ધાર કર્યો છે. ભાવિ જીવોને અરિહંતના ભક્ત બનાવી દેવાનો પોતાના અંતરમાં કરુણા **ભાવનાનો નાદ ગજવ્યો** છે. તેથી અહીં ભગવાનનું **દુંદુભિના નાદથી** સન્માન થાય છે.

**(૭) પુષ્પવૃષ્ટિ :** સમવસરણમાં દેવતાઓ પાંચ વર્ણના મઘમઘ **સુગંધીદાર** નાના પુષ્પોની ઝરમર ઝરમર વૃષ્ટિ કરે છે. તેના ઉપરથી લોકો આવ જા કરે છતાં પ્રભુના પ્રભાવે પુષ્પોને કિલામણા નથી થતી. પુષ્પમાં સુવાસ અને સૌંદર્ય હોય છે, ભગવાને પૂર્વભવમાં **સદ્‌ગુણોની સુવાસ અને સુકૃતોનું સૌંદર્ય** રેલાવ્યું છે, માટે એના **ઈનામમાં** જાણે પ્રકૃતિ તરફથી અહીં **પુષ્પવૃષ્ટિ** થાય છે. એનો સુગંધિત પમરાટ આખા સમવસરણમાં ફેલાઈ જાય છે.

**(૮) દિવ્યધ્વનિ :** ભગવાન બહુધા માલકોશ રાગમાં દેશના આપે છે. તે વખતે દેવતાઓ દિવ્યધ્વનિ યાને વાંસળીના સૂર પૂરી પ્રભુના સૂરને વિશેષ દિવ્ય અને લોકોત્તર બનાવે છે. પ્રભુના આ 'દિવ્યધ્વનિ' પ્રાતિહાર્યનો પ્રભાવ છે કે સતત સંગીતનો મધુરો સૂર બજ્યા કરે છે, અહીં પ્રભુની આસપાસના વાતાવરણમાં દિવ્યધ્વનિનો મધુરો રણકાર બજ્યા કરે છે, જે વાતાવરણને ખુશનુમા રાખે છે.

ભગવાને જગત પ્રત્યે **વિશિષ્ટ મૈત્રીભાવનો ગુંજારવ કર્યો છે,** એથી **દિવ્યધ્વનિનો** ગુંજારવ જાણે **પ્રકૃતિ તરફથી** ભગવાનને બક્ષિસરૂપે મળ્યો ! તેમ ભગવાને પૂર્વજીવનમાં સર્વ જીવોની કરુણા વિચારી છે. આ કરુણાના નાદે દિવ્યધ્વનિનો નાદ ઊભો કર્યો, **પંચસંગ્રહ શાસ્ત્ર કહે છે, જે સ્વયં પોતાની કરુણા વિચારે તે મુંડકેવલી બને. કુટુંબ-સમાજ-દેશની કરુણા વિચારે તે ગણધર બને. વિશ્વ આખાની કરુણા વિચારે તે તીર્થંકર બને છે.** એટલે કર્મ તરફથી એમને તીર્થંકર તરીકે મળતા લાભ જગતના એટલે કે એમના શ્રોતાના લાભમાં કેમ ન ઊતરે ?

**પ્રશ્ન :** ભગવાને પૂર્વભવમાં વિશિષ્ટ સાધના કરી છે એટલે કર્મસત્તા એમને પોતાને અંગત તો વૃક્ષની શીતળ છાયા, પુષ્પોની સુગંધી તથા દિવ્યધ્વનિનો મધુરો નાદ ભેટ કરે, પરંતુ આખા સમોસરણમાં રહેલા શ્રોતાવર્ગને શા માટે ભેટ કરે ?

**ઉત્તર :** સમસ્ત શ્રોતાવર્ગને એનો લાભ આપે એમાં પણ પ્રભુનું ગૌરવ છે. પ્રભુનો યશ ગવાય છે કે 'અહો ! આ પ્રભુનો કેવો પ્રભાવ કે અહીં શ્રોતાઓને પણ આ અદ્‌ભુત સુખશાંતિ મળે છે ! વળી પ્રભુએ જગતને દેશના આપી બોધ પમાડવો છે તે જો શ્રોતાઓને અદ્‌ભુત સુખશાંતિથી સાંભળવા મળતું હોય તો જ બને. એટલે પૂર્વસાધનાથી પ્રભુને એવી પુણ્યકર્મની સત્તા ઊભી થઈ છે કે એનાં રૂડાં ફળ જગતને જાણે કહે છે કે આવો આવો અહીં આ સમવસરણમાં બેસીને તમે પણ અદ્‌ભુત-સુખ-શાંતિને સમાધિને પામો.

**ભગવાનના અતિશયો પરહિતાર્થે :**

વાત આ છે - ભગવાનના પ્રાતિહાર્ય ભગવાનની શોભા તો વધારે જ છે, પરંતુ એ જગતના પણ મહાન લાભમાં ઊતરે છે, અર્થાત્ મહાન પુરુષના અંગત લાભ જગતના લાભમાં ઊતરે છે. મહાન પુરુષોને એમાં કોઈ સ્વાર્થ નથી હોતો. નિઃસ્વાર્થપણે જ એ જગતનું ભલું કરતા હોય છે. કેમ વારુ ? કહો, મહાનતા ચીજ જ એવી છે સૂર્ય-ચંદ્ર આખા જગતને પ્રકાશ આપે છે. એમાં એને પોતાને શો સ્વાર્થ છે ? કશો જ નહિ. એમ અરિહંત પ્રભુના વિહાર અને અરિહંત પ્રભુની દેશના ચાલે એમાં પ્રભુને પોતાને શો સ્વાર્થ છે ? કશો નહિ; પરંતુ પ્રભુની આ મહાનતા છે કે પોતાની શક્તિ અને પુણ્યાઈ જગતના લાભમાં ઉતારે છે, જીવોનું હિત કરે

છે. કવિ અહીં પ્રભુના અતિશય ગુણ ગાઈ આ સૂચવે છે કે પ્રભુ ! અમારા જેવા પામર જીવોના લાભ માટે આ તમારા કેવા અનુપમ ઉપકારક અતિશયો !'

**પ્રભુને અષ્ટપ્રાતિહાર્ય એ નિસર્ગ તરફથી સન્માન :**

આ અષ્ટપ્રાતિહાર્ય એ તીર્થંકરના પ્રકૃતિ (નિસર્ગ-કુદરત) દ્વારા થતા સન્માન છે. એમાં એક કલ્પના આ છે કે પ્રભુ પૂર્વના ત્રીજા ભવે જગતના સમસ્ત જીવોની ભાવ કરુણા ચિંતવે છે. એ કેમ જાણે જગતના જીવો પ્રકૃતિમાતાના બાળકો. તે એની રક્ષા-અહિંસાની બ્રીફ લેનારા આ તીર્થંકરદેવ હતા. પ્રાતિહાર્યોથી જીવોને શો લાભ ? તો કે પ્રાતિહાર્યો જોઈ ભવ્યજીવો બૂઝે છે તેમ પ્રાતિહાર્ય એકલા અરિહંતને બદલે પ્રાતિહાર્યો સહિત અરિહંતનું ધ્યાન વિશેષ જોમવાળું થાય છે. ઈન્દ્રભૂતિ, ઈન્દ્રનાગ, તાપસ, મરીચિ, આ સમવસરણ અને અષ્ટપ્રાતિહાર્યની શોભાવાળા પ્રભુને જોઈ બોધ પામ્યા હતા. આ અષ્ટપ્રાતિહાર્યની શોભા દ્વારા જનતાને જ્ઞાન થાય છે કે 'આ જગતમાં માનવા જેવા, પૂજવા જેવા, જો કોઈ હોય, તો તે એક માત્ર અરિહંત જ છે' બાહ્યમાં ટેવાયેલાને પહેલા બાહ્યનું આકર્ષણ બતાવો. તો એ જોવા સાંભળવા ખેંચાઈ આવે. એટલા જ માટે આકર્ષક સમવસરણ રચાય છે, ને એમાં વળી અરિહંતદેવ અદ્‌ભુત પ્રાતિહાર્યાદિ અતિશયો સહિત જોવા મળે. એટલે લોકો સહેજે દોડ્યા આવે એ અતિશય કયા ? તો કવિ કહે છે –

લાડીલા તીર્થંકર ભગવાન પાસે આવો તમને મસ્ત અનુપમ શાંતિ આરામી અને દિવ્ય સ્ફૂર્તિથી અનુપમ સાંભળવા મળશે.' એટલે આ બધો ઠાઠ પ્રભુનો અંગત જ છે કે જેનો લાભ જગતને પણ મળે છે. પ્રભુ જગતના અતુલ મહાન પુરુષ છે. મહાન પુરુષના અંગત લાભ જગતના પણ લાભમાં ઉતરે એ એમની મહાનતા છે.

પૂર્વના કાળે સુખી માણસો પરદેશ કમાવા જતા, સારી કમાઈ કરી લાવીને સ્વદેશમાં પહેલું કામ આ કરતા, જાહેરાત કરતા, દાન લેવા આવો બજાર વચ્ચે ઊભા રહીને લોકોને ભરપૂર દાન દેતા. મહાનતા આ સમજતા કે 'પોતાનો લાભ બીજાના લાભમાં ઉતારાય.'

**લલિતાંગની મહાનતા :**

પાર્શ્વનાથ ચરિત્રમાં લલિતાંગ રાજકુમારનો પ્રસંગ આવે છે. એનો જીવ એવો ઉદાર પરોપકાર કરવાનો પ્રસંગ આવે તો એ કર્યા વિના જીવ ઝાલ્યો ન રહે. એકવારના પ્રસંગમાં રાજાને કોઈએ આવી કિંમતી હીરાનો હાર ભેટ કર્યો, ત્યાં રાજકુમાર લલિતાંગ રાજાને પગે પડવા આવ્યો તો રાજાએ એ હાર એના ગળામાં પહેરાવી દીધો ! હાર પહેરીને લલિતાંગ બહાર નીકળ્યા, ત્યાં યાચકો એની ઉદારતા

જાણતા તેથી એની પાસે પૈસા માગવા આવ્યા. એ વખતે કુમારની ગાંઠે પૈસા નથી, ને પેલા બહુ દયામણા ચહેરે અને કરગરતા શબ્દોમાં યાચના કરે છે. ત્યારે કુમારે ગળામાંથી કિંમતી હીરાનો હાર કાઢી યાચકોને આપીને કહ્યું : 'લો આ બજારમાં વેચી દેજો, અને જે રકમ આવે તે તમો સૌ વહેંચી લેજો.'

અહીં જોવાની ખૂબી છે કે હાર બહુ સુંદર છે, ગળામાં સારો શોભી રહ્યો છે, વળી બહુ કિંમતી પણ છે, તેમજ પિતા રાજા જો પૂછે કે હાર ક્યાં ગયો ને જાણે કે યાચકોને આપી દીધો, તો પોતે કુમાર પરના ખાસ પ્યારથી હાર કુમારને આપેલો, તે હેં આણે ભિખારીઓને આપી દીધો ! એ વિચારથી કુમાર પર ભારે ગુસ્સે થઈ જવા સંભવ છે - આ બધું જોતાં કુમારે કયા બળ ઉપર હાર યાચકોને આપી દીધો હતો ? કહો, મહાનતાના બળ ઉપર આપી દીધો, **મહાન આત્માઓની મહાનતા આ હોય છે કે પોતાને મળેલ લાભ બીજાના લાભમાં ઉતારે અને પછી એની અફસોસી નથી હોતી.**

લલિતાંગને એવું જ બન્યું. એના દુર્જન મિત્રે રાજાને ચાડી ખાધી અને રાજાએ ધમકાવતાં કહ્યું, 'જા નાલાયક ! ચાલ્યો જા અહીંથી' તો કુમાર કશી અફસોસી કર્યા વિના તરત રાજધાની છોડી ચાલી નીકળ્યો !

પછી તો લલિતાંગને એના દુર્જન મિત્રે એવા રવાડે ચડાવ્યો કે એને જંગલમાં આંખ ખોવાની મહા આપદા આવી. પરંતુ એની મહાનતાએ એવો સંયોગ એને મળી ગયો કે આંખ પાછી આવી ! ને આગળ જતાં એ એક રાજાનો જમાઈ બની બેઠો ! ત્યાં પછી પેલો દુર્જન મિત્ર જંગલમાં લૂંટાઈ રખડતો થઈ ગયેલો આવ્યો, તો એને લલિતાંગની મહાનતાએ રાજાનો પ્રિય બનાવ્યો.

**અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર,**

**આજ હો કીધા રે ઓગણીસ, સુરગુણ ભાસુરેજી...૩**

**ભાવાર્થ :** ભગવાન શ્રી અરિહંતને જન્મથી સ્વાભાવિક ૪ અતિશય હોય છે. કર્મના નાશથી ૧૧ અતિશય, અને દેવના કરેલા ૧૯ અતિશય એમ કુલ ૩૪ અતિશય હોય છે.

**વિવેચન :** ભગવાનના ૪ **અતિશય મૂળથી યાને જન્મસિદ્ધ હોય,**

**(૧)** અદ્‌ભુત રૂપ સૌંદર્ય,

**(૨)** અનુપમ કાયા, લોહી-માંસ, શ્વેત-અ-બિભત્સ રમણીય હોય,

**(૩)** શ્વાસોશ્વાસ કમળ જેવો, **(૪)** આહાર-નિહાર-વિધિ અદશ્ય હોય.

**કર્મ ખપ્યાથી ૧૧ અતિશય:**

તેના બે વિભાગ (એ) ૪ અતિશય સમવસરના (બી) ૭ અતિશય લોકોની

પીડા દૂર થવાનો

**(A) સમવસરણના ૪ અતિશય :**

(૧) કરોડો દેવતા પ્રભુના સમવસરણમાં સમાઈ જાય,

(૨) પ્રભુની વાણી યોજનગામિની હોય,

(૩) પ્રભુની વાણી બધા જીવો પોતપોતાની ભાષામાં સમજે,

(૪) ભામંડલ અર્થાત્ પ્રભુને મસ્તક પાછળ ઝળહળતો પ્રકાશપુંજ હોય. આ ભામંડળ સમવસરણ સિવાયના સમયે પણ હોય અર્થાત્ પ્રભુ જ્યાં વિચરે ત્યાં ચોવીસે કલાક હોય.

**(B) લોકોની પીડા દૂર થવાના ૭ અતિશય :**

**(૧)** વૈર-વિરોધ શાંત થઈ જાય, **(૨)** ભયંકર રોગો શાંત થાય,

**(૩)** મારી-મરકી-તીડ-ઉંદરના ઉપદ્રવ નાશ પામે, **(૪)** અતિવૃષ્ટિ દૂર થાય,

**(૫)** અનાવૃષ્ટિ દૂર થાય, વરસાદ આવે, **(૬)** દુષ્કાળ દૂર થાય,

**(૭)** સ્વચક્ર (સૈન્ય બળવો) અને પરચક્ર (અન્ય રાજાના સૈન્યનું આક્રમણ) શાંત થાય.

**દેવના કરેલા ૧૯ અતિશય :** તેના ત્રણ વિભાગ

**(એ)** પ્રભુની છાવણીમાં ૭ અતિશય **(બી)** વિહારમાં ૬ અતિશય

**(સી)** સમવસરણમાં ૬ અતિશય કુલ ૧૯ તે નીચે મુજબ

અહીં ધ્યાન રાખવાનું છે કે આ ૩ વિભાગ તો સહેલાઈથી યાદ રાખવા માટે અતિ સ્થૂલ દષ્ટિએ કર્યા છે. બાકી ખરેખર કેટલાક અતિશય બબ્બે કે ત્રણે વિભાગમાં હોય છે. દા.ત. છત્ર-ચામર-સિંહાસન ત્રણેય વિભાગમાં હોય છે. કેશ-રોમ-નખ વધે નહિ. એ સ્થિતિ સર્વ અવસ્થામાં હોય છે.

**(એ)** પ્રભુની છાવણી વખતે ૭ અતિશય (અષ્ટપ્રાતિહાર્યમાંથી) ભામંડલ-દિવ્યધ્વનિ સિવાય ૬ પ્રાતિહાર્ય.

૧. સિંહાસન ૨. ચામર ૩. છત્ર ૪. અશોકવૃક્ષ ૫. પુષ્પવૃષ્ટિ ૬. દેવદુંદુભિ ૭. જઘન્યથી કરોડ દેવતા સેવામાં

**(બી) વિહારના ૬ અતિશય** (છત્ર ચામર સાથે હોય પણ તે સમવસરણમાં ગણ્યા)

૧. નવકમળ રચાય ૨. કાંટા ઊંધા થાય ૩. વૃક્ષ નમે ૪. પક્ષી પ્રદક્ષિણા દે ૫. બધી ઋતુ અનુકૂળ થઈ જાય ૬. સહસ્રયોજન ઊંચો ધર્મધ્વજ આગળ ચાલે

**(સી) સમવસરણના ૬ અતિશય**

૧. જળવૃષ્ટિ ૨. વાયુ અનુકૂળ અને સુગંધિત ૩. સમવસરણ ૪. ધર્મચક્ર ૫. ભગવાન ચતુર્મુખ ૬. કેશ-રોમ નખ વધે નહિ.

**વાણી ગુણ પાંત્રીસ, પ્રાતિહારજ જગદીશ,**
**આજ હો રાજેરે દીવાજેરે, છાજે આઠશુંજી...૪**

**ભાવાર્થ :** ભગવાનની વાણી પાંત્રીસ ગુણોથી યુક્ત છે. જગત્પ્રભુ અરિહંતદેવ અષ્ટપ્રાતિહાર્ય વડે વિરાજી રહ્યા છે, ઝગમગી રહ્યા છે. (આ અષ્ટપ્રાતિહાર્યોની શોભા અરિહંતને જ હોય છે.)

**વિવેચન :** ભગવાનની વાણીનો અતિશય એવો કે સર્વ જીવો પોતપોતાની ભાષામાં સમજી શકે. એટલે કે સિંહ સિંહની ભાષામાં ને બકરી બકરીની ભાષામાં. તેમ ભગવાનની વાણીની મીઠાશ એવી હોય છે કે કસાઈ-નાસ્તિકનાં પણ મન ડોલે. અષ્ટપ્રાતિહાર્યની શોભાને યોગ્ય અરિહંત જ છે, બીજા નહીં.

ભગવાનની આ બધી ઠકુરાઈ છે. વાણીના ૩૫ અતિશય અષ્ટપ્રાતિહાર્ય, દેવકૃત ૧૯ અતિશય, આ બધું પૂર્વની (૧) વીસસ્થાનકની સાધનાના, અને (૨) સર્વ જીવ-ભાવ કરુણાની ભાવનાના તથા (૩) અતિ નિર્મળ સમ્યગ્દર્શનના પ્રભાવે આવીને મળ્યું છે.

'અરિહંત' શબ્દના અર્થમાં જ પ્રાતિહાર્ય છે; કેમ કે 'અરિહંત' એટલે 'અરિના હંતા' એવો અર્થ નથી લેવાનો. કારણ કે- 'અરિ' અર્થાત્ આંતરશત્રુને તો બીજા કેવળજ્ઞાની મહર્ષિઓએ પણ 'હંતા' હણી નાખ્યા છે, છતાં એ 'અરિહંત' નથી કહેવાતા. માટે અહીં અર્થ આ રીતે લેવાનો 'અરિહંત' એ પ્રાકૃત ભાષાનો શબ્દ છે. સંસ્કૃત ભાષામાં અરિહંત એટલે 'અર્હત્', 'અર્હ' એટલે યોગ્ય હોવું. એનું વર્તમાન કૃદંત અર્હત્ થાય. 'અર્હત' એટલે યોગ્ય હોનારા. શાને યોગ્ય ? તો કે અષ્ટપ્રાતિહાર્યની શોભાને યોગ્ય. આ અષ્ટપ્રાતિહાર્યના વિષયમાં એક મત એવો છે કે આ આઠે પ્રાતિહાર્ય ભગવાનની સાથે જ હોય. જ્યારે બીજા મતે આઠ પ્રાતિહાર્ય સમવસરણ વખતે અવશ્ય હાજર હોય છે. પરંતુ વિહારમાં પુષ્પવૃષ્ટિ અને અશોકવૃક્ષ ન હોય, તેમ દિવ્યધ્વનિ પણ ન હોય એટલે વિહારમાં પાંચ પ્રાતિહાર્ય હોય છે. અલબત્ત દેવતાઓ સાથે છે એટલે એ વાજિંત્રો તો બજાવતા હોય તેથી એના મધુર ધ્વનિ ચાલતા હોય.

**પ્રશ્ન :** ભગવાનના ૩૪માંથી ૧૯ અતિશય તો દેવો કરે છે, તો પછી એ અતિશય દેવતાઓનો ? કે ભગવાનનો ?

**ઉત્તર :** અતિશય ભગવાનના જ કહેવાય છે, કારણ કે ભગવાનના પુણ્યના પ્રભાવે તે થયા છે. જેમ શેઠનું કાર્ય નોકર કરે, છતાં કાર્ય તો શેઠના પુણ્ય પ્રભાવે થાય છે, માટે શેઠનું જ કહેવાય; એમ બધી ઠકુરાઈ ઐશ્વર્યમાં મૂળ કારણ અરિહંત છે.

**પ્રશ્ન :** અરિહંતના આ બધા ગુણો જાણીને શો લાભ ?

**ઉત્તર :** તીર્થંકરોનું આ રીતનું અપૂર્વ-પુણ્ય-ઐશ્વર્ય શાસ્ત્રથી જાણ્યા પછી આપણે આ સંસારના કોઈ કૌતુકથી આકર્ષાઈએ નહીં, એ મોટો લાભ છે. મનને એમ થાય કે 'મારા પ્રભુના અતિશયો પ્રાતિહાર્યોની આગળ આ કૌતુકો શી વિસાતમાં છે ?' તે માટે આ અતિશયોની વિચારણા છે. મારા અરિહંતમાં કેટલું બધું જોવાનું છે-આ વિચારે જ સુલસા બ્રહ્મા-વિષ્ણુ આદિમાં લોભાયા નહોતા.

તેમ ભગવાનને ૪ અતિશય મૂળથી યાને જન્મથી હોય. (૧) ભગવાનની કાયા અનુપમ કાન્તિ-લાવણ્ય સૌંદર્યવાળી રૂપાળી હોય. (૨) માંસ અને લોહી સફેદ અબિભત્સ હોય, પસીનો થાય નહિ. એટલે એમનું શરીર કદી ગંધાય નહિ.

(૩) ભગવાનનો શ્વાસ સુગંધિત હોય. ભગવાનનું રૂપ એવું અનુપમ છે માટે તો શ્રી માનતુંગસૂરિજીએ ગાયું, કે ભગવાનની કાયામાં જેટલા પરમાણું છે, જગતમાં તેટલા જ પરમાણુ પુદ્ગલો આ વિશ્વમાં અનુપમ હોવાનું લાગે છે; કેમ કે ભગવાનની કાયાના રૂપ જેવું જગતના કોઈનીય કાયાનું રૂપ નથી. કારણ કે કરોડો દેવતાના શરીરના રૂપના અર્કથી ભગવાનનું શરીર બનાવવા કોઈ પ્રયત્ન કરે તો તેમાંથી ભગવાનનાં શરીરનો માત્ર એક અંગૂઠો પણ બને નહીં. આવું અદ્ભુત ભગવાનનું રૂપ છે. તેમ ભગવાનની કાયામાં દેવતાઈ ઘોર ઉપસર્ગ વખતે પણ અલબત્ત ત્રાસ થાય. કિંતુ સડન પડન ન થાય. ગોશાળાએ મહાવીર ભગવાન પર તેજોલેશ્યા છોડી તો ભગવાનને છ મહિના સુધી લોહીના ઝાડા થયા, પણ તે પીડા હતી, કાયાનું સડન નહીં તેમ ભગવાનનો આહાર-નિહાર-વિધિ અદૃશ્ય એટલે કે જમવા બેઠા તે દેખાય, પરંતુ કોળિયો કેવી રીતે હાથમાં લીધો મોંમાં મૂક્યો પછી કેવી રીતે ચાવ્યો... વગેરે ન દેખાય.

ભગવાનની વાણીના ૩૫ ગુણો એ અતિશયો છે. તિર્યંચ પણ તેની ભાષામાં સાંભળે સમજે છે. તેથી જ ધર્મનાથ ભગવાનના સમવસરણમાં

**ઉંદરને હરખ-હરખ :** ભગવાન સામે જોઈ જોઈ ઉંદરડો કૂદાકૂદ કરે છે. બધાને કૂતુહલ થાય છે, ત્યાં ઈંદ્ર પૂછે છે, 'પ્રભુ ! આ ઉંદર કેમ આમ કૂદાકૂદ કરે છે ?'

પ્રભુ કહે 'આ પૂર્વભવમાં રાજકુમાર હતો. બાલ્યવયે એ સાધુ બનેલો. વિહારમાં એક ખેતર જોયું તો ખેતરના ખળામાં ઊંદરડા કૂદાકૂદ ને દોડાદોડ વગેરે ક્રીડા કરે છે. કૂદતા ને ગેલ કરતાં આ ઉંદરડાઓને જોઈને બાળ સ્વભાવે બાળ-સાધુના મનમાં થયું આ ઉંદરડા કેવા સ્વતંત્ર છે ? કેવા ખેલે કૂદે છે, મારે ખેલવા કૂદવાનું રહી ગયું. એ એવા વિચારમાં મરીને ઉંદરડો થયો. અત્યારે અહીં સમવસરણ

રચાયું તે અહીં એ આવ્યો છે. અમને જોઈ એને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવની સંયમ વિરાધનાથી તિર્યંચ અવતાર મળ્યાનું જાણ્યું. પરંતુ અમને તીર્થંકર તરીકે ઓળખી અમે એને મળી ગયાનો એને પારાવાર આનંદ થઈ રહ્યો છે. એનું એ નાચે કૂદે છે,'

ત્યાં ઈન્દ્રે ભગવાનને પૂછ્યું તે મોક્ષમાં ક્યારે જશે ?'

ભગવાન કહે, 'તારા, ને મારા પહેલાં મોક્ષમાં જશે.'

ઈન્દ્ર વિસ્મય પામી પૂછે, 'પ્રભુ ! એ શી રીતે ?'

**ઉંદર કેવી રીતે મોક્ષે ? :** ભગવાન કહે છે, - તે અહીંથી જઈ પોતાના મુકામે પહોંચી અનશન કરશે. ત્યાંથી સમાધિમાં કાળ કરી મનુષ્યઅવતારમાં રાજકુમાર થશે, ને ત્યાં એના પિતારાજા પર દુશ્મન રાજા ચડાઈ કરશે. રાજા મરશે. રાણી બાળકને લઈ ભાગી છૂટશે. એ ચાલતાં ચાલતાં ક્રમશઃ ભરૂચ શહેરમાં આવશે. ક્યાં આશ્રય કરવો એ શોધમાં નગરમાં ફરતાં ફરતાં સાધ્વીજીનો મુકામ જોઈ ઊભી રહેશે, સાધ્વીજી એના રૂપ પરથી કોઈ સારા ઘરનું માણસ જોઈ પ્રેમથી એને અંદર બોલાવશે. ત્યાં વડીલ સાધ્વી એની બધી વિગત જાણી એને આશ્રય આપશે, અને બાળકને આચાર્ય મહારાજ પાસે મુકાવશે. સાધુઓના સંપર્ક અને ઉપદેશથી એ જૈન માર્ગ જાણશે, એથી અને પૂર્વભવના સંસ્કારથી એ વૈરાગ્ય પામશે, અને માતાની રજાથી એ સંયમ લેશે, ને આરાધના કરી મોક્ષમાં જશે. ત્યાં સુધીમાં આપણે બંને જીવંત હોઈશું, એટલે કહ્યું, "તારા ને મારા પહેલાં આ ઉંદર મોક્ષે જશે."

આમ તિર્યંચ પણ પ્રભુની વાણી સાંભળે, સમજે, ને પ્રભુનો વચનાતિશય છે. અરિહંત ભગવાન ૧૨ ગુણોથી યુક્ત હોય છે. તેમાં આઠ પ્રાતિહાર્ય એ ૮ ગુણ તથા (૯) જ્ઞાનાતિશય, (૧૦) પૂજાતિશય, (૧૧) વચનાતિશય અને (૧૨) અપાયાપગમ-અતિશય.

ભગવાનની આ બધી ઠકુરાઈ જોઈને કેઈ ભવ્યાત્મા સમ્યગ્દર્શન પામે છે. આપણી બધી સાધનામાં સમ્યગ્દર્શનનો પ્રકાશ જોઈએ. સાધુને પણ સમ્મતિ આદિ શાસ્ત્ર ભણવા માટે કદાચ આધાકર્મ આહાર લેવો પડે તો આગાર આપ્યો; કારણ કે આવા દર્શનશાસ્ત્રો ભણતાં સમ્યગ્દર્શનની અધિક નિર્મળતા થાય છે. પૂ. યશોવિજય. મ. સ્વ શાસ્ત્રોને શીખીને કાશીમાં ગયા હતા. તો ત્યાં બહારથી આવેલ એક દુર્ઘર્ષ અન્ય વાદીની સામે કાશીના વિદ્વાનોની સંમતિ લઈને વાદમાં ઉતરીને અનેકાંતવાદના સિદ્ધાન્ત દ્વારા એને જીતી લીધો, અને કાશીની પ્રતિષ્ઠા બચાવેલી.

સમ્યગ્દર્શન જેમ વધુ નિર્મળ થાય એમ ધર્મશ્રદ્ધા જોરદાર થવાથી ચારિત્ર

વધુ સારુ સધાય. અરિહંત ભગવાનની ઠકુરાઈ જોતાં યા વિચારતાં સમ્યક્ત્વ પ્રગટ થાય ઉપરાંત વધુ નિર્મળ થાય છે.

**વાણીના ૩૫ અતિશયો :**

પ્રભુની વાણીમાં ૩૫ વિશેષતાઓ હોય છે. એને વાણીના ૩૫ અતિશય કહે છે. એવા એ અદ્ભુત અતિશયો યાદ કરી લેવા જેવા છે; કેમ કે એ એકેક કરીને એના સ્વરૂપ સાથે મન પર લાવતાં, મનમાં અરિહંત ભગવાન પ્રત્યે અનેરું બહુમાન ઉછળે છે, અહોભાવ જાગે છે 'અહો ! અહો ! મારા અરિહંત ભગવાનની વાણીમાં આવી આવી અલૌકિક વિશેષતા ! વાહ રે વાહ ! ધન્ય મારો આ અવતાર કે એમાં આવા લોકોત્તર ત્રિલોકનાથ અરિહંત પરમાત્મા મળ્યા !

અરિહંત પ્રભુની વાણીના આ ૩૫ અતિશય યાદ રાખવા માટે એને અહીં ચાર વિભાગમાં વહેંચી દઈને જોઈએ. ઉચ્ચારણની દૃષ્ટિએ, શબ્દની દૃષ્ટિએ, અલંકારની દૃષ્ટિએ, ને અર્થની દૃષ્ટિએ ૩૫ અતિશયોનું આ સ્થૂલથી વિભાગીકરણ કરાય, —

**ઉચ્ચારણની દૃષ્ટિએ...૧૦**

(૧) ઉદાત્ત... માંદલો સૂર નહિ, મોટો સૂર

(૨) મેઘગંભીર (વાદળોના ગડગડાટ યા સમુદ્ર-મંથન જેવો ગંભીર)

(૩) પ્રતિનાદયુત... ગુફામાં પડઘાની જેમ

(૪) સંગીતયુત... (માલકોશાદિ રાગમાં વાણી, પણ રાગ વિનાની શુષ્ક નહિ.)

(૫) સ્નિગ્ધ-મધુર... (અમૃતથી ય અધિક ભીની, મીઠી, કોઈ થાક કંટાળો નહિ)

(૬) વિવિક્ત... (એકેક અક્ષર પદ, વાક્ય, સ્પષ્ટ; પણ ગરબડિયા નહિ.)

(૭) કારક-વિપર્યાસ રહિત. (વિભક્તિ-વચન-લિંગાદિમાં ભૂલ નહિ)

(૮) અનતિવિલંબી... (ઝટપટ કે અટકી અટકીને વિલંબે બોલાતી વાણી નહિ.)

(૯) સત્ત્વપ્રધાન... (માયકાંગલી કે કાયરની વાણી નહિ)

(૧૦) અ-ખેદ... (બોલવામાં થાકવાળી ન લાગે, કે શ્રવણમાં થાક-કંટાળો ન આવે.)

**શબ્દરચનાની દૃષ્ટિએ...૮**

(૧) અભિજાત્ય... (શ્રેષ્ઠ; વક્તાની અને વિષયની ભૂમિકાને યોગ્ય)

(૨) સંસ્કારી... ઉત્તમ લક્ષણો-અલંકારોવાળી
(૩) ઉપચારાપરીત... (તોછડી ગામડિયા નહિ, પણ પ્રૌઢ ભાષા)
(૪) શિષ્ટ... (મહાસજ્જનોની શિષ્ટતાવાળી અને સ્વસિદ્ધાન્તાનુસારી)
(૫) ઉચિત... (શબ્દે શબ્દે પ્રકરણ-પ્રસ્તાવ દેશકાળના ઔચિત્યવાળી, તેથી ચમત્કાર ને પ્રેમ સર્જનારી.)
(૬) અતિહૃદયંગમ... (હૃદયને અતિશય ગમી જાય ને સુગ્રાહ્ય થાય એવી.)
(૭) ચિત્રકારી... (પદે પદે અખંડરસને આગળની આતુરતા ઊભી રાખનારી)
(૮) અદ્ભુત... (અન્ય ભલભલામાં જોવા ન મળે એવી અત્યંત ચડિયાતી ને ચમત્કારી)
(૯) પ્રશંસનીય... (શ્રોતા બહાર જઈને આની જ પ્રશંસામાં મગ્ન, ચારેકોર પ્રશંસાપાત્ર)

**દોષરાહિત્યની દૃષ્ટિએ...૮**

(૧) દાક્ષિણ (બોલનાર-સમજનારને કઠણાઈ નહિ, સરળતાથી બોલાતી અને સરળતાથી સમજાતી)
(૨) અસંદેહકર (લેશ પણ શંકા ન રહે, કિન્તુ નિશ્ચિત બોધકારી)
(૩) વિભ્રમાદિવિયુક્ત (બોલવામાં ભ્રાન્તતા કે વિક્ષેપાદિ નહિ)
(૪) અન્યોત્તરહીન (પ્રત્યેક વચન દૂષણ આદિ પ્રત્યુત્તરરહિત)
(૫) અપ્રકીર્ણ અપ્રસૃત (સંબંધ વિનાના આડા અવળા પદાર્થનું પ્રતિપાદન નહિ; કે સસંબંધિકાનું પ્રતિપાદન ખોટું લંબાવવાનું નહિ.)
(૬) અવ્યાઘાત (પૂર્વોત્તર કથનમાં ક્યાંય વ્યાઘાત-વિરોધ-અથડામણ નહિ)
(૭) સ્વશ્લાઘા પરનિંદા રહિત (આત્મશ્લાઘા યા પરનિંદા વિનાની)
(૮) અમર્મવેધી (બીજાના ગુપ્ત રહસ્ય નહિ ખોલનારી.

**અર્થની દૃષ્ટિએ વાણી કેવી ?...૮**

(૧) મહાર્થ (ફાસફુસિયા નહિ, પણ મૂલ્યવાન વિશાળ-ઊંડા અર્થવાળી.
(૨) ઉદાર (અલ્પ તુચ્છ નહિ, પણ મહાન ગંભીર અર્થભાષા)
(૩) ધર્માર્થ પ્રતિબદ્ધ (ધર્મ - પ્રતિબદ્ધ, અકાલ્પનિક સત્ - અર્થ - પ્રતિબદ્ધ)
(૪) તત્ત્વનિષ્ઠ (વસ્તુના સ્વરૂપને અનુસારી પ્રતિપાદન)
(૫) સાકાંક્ષ (પદો વાક્યો પૂર્વ પૂર્વને સાકાંક્ષ વર્ણન ઉત્તરોત્તર સંબદ્ધ વસ્તુનું સળંગ ધારાબદ્ધ વર્ણન)

(૬) અનેકજાતિ વિચિત્ર (વર્ણનીય વસ્તુના હેતુ-સ્વરૂપ-ફળ અનેક રીતે દર્શાવે.)
(૭) આરોપિત વિશેષતા (વચને વચને વિશિસૃતા - વિશેષતા સ્થાપિત હોય.)
(૮) અવિચ્છિન્ન (વિષયને તર્ક-દૃષ્ટાન્તાદિથી સારી સિદ્ધ કરીને કહેનારી)

અરિહંત ભગવાનની વાણીના આ ૩૫ અતિશય યાને વિશિષ્ટ ૩૫ ગુણ ખાસ યાદ કરી મનન કરવા જેવા છે. એ સહેલાઈથી યાદ કરી શકાય એ માટે એને આ ચાર વિભાગમાં વહેંચેલા છે , –

• (૧) વાણીનું ઉચ્ચારણ કેવું ? • (૨) વાણીમાં શબ્દરચના કેવી ?
• (૩) વાણીમાં દોષરાહીત્ય કેવું ? • (૪) વાણીમાં વર્ણવાતા પદાર્થ કેવા ?

આને જરા વિસ્તારથી જોઈએ.

દા.ત. **પહેલા વિભાગમાં પ્રભુ વાણીનું ઉચ્ચારણ** કેવું કરે છે, એના ૧૦ ગુણ છે એમાં, –

(૧) પ્રભુ વાણી પ્રકાશે છે, એ **ઉદાત્ત** યાને મોટા સ્વરથી પ્રકાશે છે, પણ નહિ કે ધીમા માંદલા અવાજથી, અલબત્ત અહીં પ્રશ્ન થાય, –

**પ્રશ્ન :** પ્રભુનો એવો વચન-અતિશય છે કે જેમ આજે માઈકમાં બોલાયેલો અવાજ બ્રોડકાસ્ટ થઈ દૂર જાય છે, એમ માઈક વિના જ પ્રભુનો અવાજ સહજ રીતે એક યોજનમાં પ્રસરે છે, તેથી પ્રભુ ધીમે બોલે તો પણ એ યોજનમાં પ્રસરી તો જાય, તો પછી પ્રભુને મોટા અવાજે બોલવાની શી જરૂર ?

**ઉત્તર :** આ ઉદાત્ત સૂર મોટા સૂરનો એ અર્થ નથી કે પ્રભુ બરાડીને બોલતા હોય; પરંતુ તાત્પર્ય એ છે કે જેમ કોઈ સશક્ત માણસ ચારની વચ્ચે બોલતો હોય એ કાંઈ માંદલાની જેમ ન બોલે, પણ એક સારા તંદુરસ્ત માણસ તરીકે મોટા અવાજે બોલે. એવી રીતે અહીં પ્રભુ સશક્ત છે અને સામે મોટી પર્ષદા છે, તેથી એ સહજ મોટા અવાજે બોલે, વાણીનો આ ગુણ છે. કેમ કે આપણે અનુભવીએ છીએ કે વક્તા જો માંદલાની જેમ બોલતા હોય તો શ્રોતાને સુસ્તી ચડે છે, એવી અસર નથી કરતો; ઊલટું કદાચ શંકા પડે છે.

મોટા અવાજથી બોલવામાં એક મોટો લાભ આ છે કે સાંભળનારાના મનને એમ ઠસી જાય છે કે વક્તા આ સચોટ નિર્ધારપૂર્વક બોલે છે. એના બદલે માંદલા અવાજથી બોલે તો કદાચ ઊલટી અસર થાય કે કોણ જાણે આ કહેવાતી વસ્તુ ખરેખર એ પ્રમાણે હશે કે કેમ ?

સૂતેલી દ્રૌપદીને ઘાતકીખંડના પદ્મોત્તર રાજાએ મિત્ર દેવ દ્વારા પલંગ સાથે ઉપડાવી મંગાવેલી. અહીં પછી પાંડવો કૃષ્ણ વાસુદેવને સહાયમાં લઈ, દ્રૌપદીને લઈ આવવા ત્યાં પહોંચ્યા. પેલો રાજા નગરના કિલ્લાના દરવાજા બંધ કરાવી,

અંદર ભરાઈ બેઠેલો. બહાર આમની છાવણી પડી. કૃષ્ણ વાસુદેવ પાંડવોને કહે છે 'બોલો હું જાઉં ? કે તમે જાઓ છો ? આ પૂછવાનું કારણ એ છે કે કદાચ હું આગળ થાઉં, ને રાજાને જીતી દ્રૌપદીને લઈ આવું, તો તમને એમ ન લાગે કે આ કામ તો અમે પણ કરી શકતા હતા, એમાં કૃષ્ણે શું કામ જશ લીધો ?'

ત્યારે પાંડવો ઉત્તર કરે છે કે 'અમે જઈએ છીએ.'

પાંડવો ગયા, પણ થાકીને પાછા આવ્યા. કૃષ્ણ વાસુદેવ પૂછે કેમ ? ફત્તેહ ?

પાંડવો કહે 'ના'.

કૃષ્ણ કહે, 'કેમ શું થયું ?'

પાંડવો કહે, "અમે કહ્યું 'શું બાયલાની જેમ કિલ્લો બંધ રાખી અંદર ભરાઈ બેઠો છે ? મર્દાનગી હોય તો બહાર મેદાનમાં આવી જા લડવા. **સમજી રાખ કાં તો તું નથી, કાં અમે નથી'.**

કૃષ્ણ વાસુદેવ કહે 'આ જ તમારી ભૂલ. તમે જે કહ્યું, 'કાં અમે નથી, એમાં જે તમારા મનમાં સંદેહ રહ્યો કે 'કદાચ એ જીતે ને અમે હારી જઈએ' બસ, સંશયાત્મા વિનશ્યતિ ! એને કહેવું તો એ જ જોઈએ કે 'બહાર નીકળ, બહાર આજ તારો કાળ આવી લાગ્યો છે. ખલાસ થઈ ગયો સમજ, બાયલાની માફક અંદર શું ભરાઈ બેઠો છે ? આજ તને માર્યા વિના જવાના નથી.'

જેમ અહીં 'તને મારીને જવાના' ને બદલે કાં તું નથી, કાં અમે નથી' બોલવામાં સામા પર સચોટ અસર ન પડે, એમ બોલવાનું ધીમું માંદલા જેવું હોય તો ય એની સાંભળનાર પર અસર ન પડે. ભગવાનની વાણી એવી ધીમી ને માંદલી નહિ, પણ ઉદાત્ત યાને મોટા સૂરવાળી હોય છે.

### (૨) મેઘ-ગંભીર :

વળી પ્રભુની વાણી કેવી ? તો સૂર મોટો છતાં બરાડિયા નહિ, પરંતુ મેઘગંભીર; અર્થાત્ જેમ વાદળોના મનોહર ગડગડાટનો કેવો ગંભીર ધ્વનિ હોય ? એવો વાણીનો ગંભીર ધ્વનિ. એ કેવો ગંભીર હોય તો એમ પણ કહેવાય કે જેમ સમુદ્રનું મંથન થતું હોય તો એમાંથી કેવો ગંભીર ધ્વનિ નીકળે ? એવો ગંભીર. બસ, ભગવાને વાણી શરૂ કરી ત્યારથી પૂર્ણ થાય ત્યાં સુધી આવા ગંભીર ધ્વનિમાં વાણી ચાલ્યા કરે.

### (૩) પ્રતિનાદયુક્ત :

પાછી એ ગંભીર વાણી પણ રણકાર સાથે ચાલે. ઘંટના ધ્વનિનો પાછળ પ્રતિનાદ યાને રણકાર કેવો ચાલે ? એવો પ્રભુની વાણીમાં રણકાર ચાલે.

**(૪) સંગીતયુક્ત :**

પ્રભુની વાણી શુષ્ક ગદ્ય નિરૂપણ જેવી નહિ, પણ મુખ્ય તો માલકોશ રાગમાં સંગીતમય ચાલતી હોય, કેમ જાણે પ્રભુના ગળામાં વાજિંત્ર ન ગોઠવાયું હોય ? પ્રભુની દેશનાના એક પછી એક વાક્યો નીકળે, તે સંગીતમય રાગમાં નીકળે. એટલે જ

**(૫) સ્નિગ્ધ અને મધુર :**

પ્રભુની વાણી શ્રોતાઓને સાકર શેલડી તો શું, પણ અમૃત કરતાં ય અતિશય સ્નિગ્ધ અને મીઠી લાગતી હોય ! એટલે જ એ વાણી જો દિવસોના દિવસો ચાલે, તો પણ શ્રોતાને થાક કંટાળો કે ભૂખ-તરસ... વગેરે કશું ન લાગે ; ભલે ને પછી લગાતાર છ મહિના સુધી કદાચ આ વાણી ચાલતી હોય. તો ય એ સાંભળતાં ન થાક લાગે, ન ઊંઘ આવે, એક ઝોકું ય નહિ. તેમ ભૂખ ન લાગે, તરસ ન લાગે... કોઈ જ પીડા નહિ, જાણે અમૃતરસના ઘૂંટ પીધા કરતા હોય એવી સ્નિગ્ધ અને મધુર વાણી હોય. માટે તો પંડિત વીરવિજયજી મહારાજે પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિમાં ગાયું કે –

**"જિનમુખ દીઠી વાણી મીઠી, સુરતરુ-વેલડી,**
**દ્રાખ વિહાસે ગઈ વનવાસે પીલે રસ શેલડી,**
**સાકર સેતી તરણાં લેતી, મુખે પશુ ચાવતી,**
**અમૃત મીઠું, સ્વર્ગે દીઠું, સુરવધુ ગાવતી."**

**'જિનમુખ દીઠી...' નો અર્થ :**

આનો અર્થ સમજવા જેવો છે, કેમ કે મહાકવિના આ શબ્દો છે. એ કહે છે,–

જિનેશ્વર ભગવાનના મુખમાંથી નીકળતી વાણી એવી અતિશય મીઠી મધુર દીઠી, કે જુઓ, જગતમાં મીઠી ગણાતી વસ્તુઓના કેવા હાલ બેહાલ થયા ! –

સુરતરુ વેલડી યાને કલ્પવૃક્ષની વેલડી આ જગત છોડીને 'વિહાસે' યાને આકાશમાં એટલે કે સ્વર્ગમાં ચાલી ગઈ ! અને દ્રાખ, દ્રાક્ષ 'ગઈ વનવાસે' અર્થાત્ શહેરમાંથી નીકળી જઈ વનવાસ સ્વીકારી જંગલની વાડીઓમાં ઠરી પડી. ત્યારે લોકો શેરડીને કોલુમાં પીલી નાખી રસ કાઢે છે ને ? એ શું છે ? કહો, શેરડી બિચારી તો પ્રભુની વાણીની મીઠાશથી શરમાઈને કોલુમાં પડી જઈ આપઘાત જ કરે છે ? ત્યારે સાકર તો બિચારી 'સેતી' યાને સીદાઈ જ ગઈ ! સંકોચાઈને નાના ટુકડારૂપ થઈ ગઈ ! અને 'તરણાં' અર્થાત્ તૃણ-ઘાસ તો એવા નરમ પડી ગયા કે પશુ એને મુખમાં લઈને ચાવી નાખે છે, તો પણ બોલી શકતા નથી. ત્યારે અમૃત બહુ મીઠું ગણાય, પરંતુ પ્રભુની વાણીની મીઠાશ અતિ અતિશય જોઈ અમૃત

શરમાઈ ગયું તે સ્વર્ગમાં જ ભાગી ગયું ! કેમ કે એ સ્વર્ગમાં જ જોવા મળે છે, અહીં પૃથ્વી પર નહિ. આવી પ્રભુની મીઠી વાણી હોય છે.

**(૬) વિવિક્ત :**

પ્રભુની વાણીમાં અક્ષરો પદો વગેરેનું અક્ષરમાં અક્ષર કે પદમાં પદ ભળી ગયા જેવું ઉચ્ચારણ નહિ. અર્થાત્ ગરબડિયુ ઉચ્ચારણ નહિ,

**(૭) કારક-વિપર્યાસ રહિત :**

કર્તા કર્મ વગેરે કારક વિભક્તિઓ, એકવચન-દ્વિવચન-બહુવચન વગેરે વચન; પુલિંગ-સ્ત્રીલિંગ-નપુંસકલિંગ એ લિંગ, ત્રણ કાળ ઇત્યાદિમાં ક્યાંય જરા પણ ભૂલભાલ, ઉલટ-સૂલટ, સ્ખલના વગેરે કશું જ નહિ. એવી શુદ્ધ સુંદર વાણીનું ઉચ્ચારણ નીકળે. પૂછો–

**પ્રશ્ન :** ભગવાનની દેશના એક પહોર એટલે કે ત્રણ કલાક સુધી ચાલે, ત્યારે એમાં કેટલું બધું બોલવાનું હોય; તો એમાં ક્યાંક સહેજ ઉતાવળ પણ ન થઈ જાય ?

**ઉત્તર :** ના, કેમ કે ઉતાવળ થવાનું કારણ કોઈક આતુરતા ઉત્સુકતા હોય છે, અગર કોઈ આવેશ આવી ગયો તો બોલવામાં ઉતાવળ થાય છે, અહીં તો અરિહંત પ્રભુ વીતરાગ છે, તેથી એમનામાં કોઈ આવી આતુરતા-ઉત્સુકતા-આવેશ... વગેરે લાગણી જ હોતી નથી. પછી શાની એવી ઉતાવળ થાય ? એટલે જેમ સમભૂમિ પર ગંગાપ્રવાહ કોઈ સ્ખલના વિના એકસરખા વેગથી વ્યવસ્થિત ચાલ્યો જાય, એમ પ્રભુનો વાણી પ્રવાહ અસ્ખલિત ધારાએ ચાલ્યો જાય છે.

આવી વાણી સાંભળવા મળે, એ કેવુંક ધન્ય જીવન ! સંસારની ઢગલો ઉપાધિઓની વચ્ચે આવા અનેક ગુણોભર્યા જિન પ્રવચન માત્ર સાંભળવાય મળે, એ પણ કેવુંક મહાન સૌભાગ્ય ! એ કાળે તિર્યંચો પણ આવા ભાગ્યશાળી હતા ! 'પ્રભુ ! મારો એવો શો ગુનો કે આજે મારું તેવું સૌભાગ્ય નથી ? આજે પાંચેય મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા તીર્થંકર ભગવાનની નજીકમાં જન્મીને જેમને એમની આવી અવ્વલ અવ્વલ અતિશયભરી વાણી સાંભળવા મળતી હશે એ કેવાક ભાગ્યવંતા ! એટલે જ સવારે ઉઠીને કવિ ભાવના કરાવે છે -

**"ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી, ધન્ય પુંડરિક ગિણિ ગામ;**
**ધન્ય તિંહાના માનવીજી, નિત્ય ઊઠી કરે રે પ્રણામ,**
**સીમંધર જિનવર ! કહીયે રે હું મહાવિદેહ આવીશ."**

**પ્રશ્ન :** ખાલી ખાલી ભાવનાથી શું થાય ?

**ઉત્તર :** ખાલી ખાલી ભાવના પણ હૈયાના તાર ઝણઝણવા સાથે કરાય એ હૈયાને ફેરવી નાખે છે. સાધ્વીજી બાલપણાથી ચળકેલા યુગપ્રધાન વજસ્વામીજીના

ગુણ ગાતી હતી તે સાંભળી એક કરોડ પતિની કન્યા રુક્મિણી ભાવનામાં ચડી કે આ જો પરણવા મળે તો કેવું સારું !

હવે ક્યાં ભરોસો હતો કે જુદા દેશમાં વિચરતા આચાર્ય ભગવાન વજ્રસ્વામીજી અહીં આવે ? અગર ક્યારે આવે શો પત્તો ? એ ગમે તેમ, પણ રુક્મિણી ખાલી ખાલી ભાવના-મગ્ન રહે છે.

આનું પરિણામ શું આવ્યું ? એવી ભાવનાના સંસ્કારથી વજ્રસ્વામી પ્રત્યે જે આકર્ષણ ને મમતા ઊભી થઈ, તે એવી થઈ કે એકવાર આચાર્ય ભગવાન ત્યાં પધાર્યા, ત્યારે એઓશ્રીને રુક્મિણીના બાપે એક કરોડના ધન સાથે કન્યાની ઓફર કરી, પરંતુ આચાર્ય ભગવાને પોતાનો સાધુ-ધર્મ સમજાવી એ સ્વીકારવા ના પાડી, અને વૈરાગ્યના ધર્મનો ઉપદેશ આપ્યો, તો રુક્મિણીએ આચાર્ય ભગવાન પ્રત્યેની મમતાને વશ થઈ, એમના વરદહસ્તે સાધ્વી-દીક્ષા લીધી !

બસ, ભગવાનની વાણીના અદ્‌ભુત અતિશયો પર ભગવાનની લોકોત્તરતા તથા પરોપકારિતાની ભાવના કરવાથી આપણા દિલમાં ભગવાન પ્રત્યે આકર્ષણ મમતા વધે.

**(૮) ભગવાનની વાણીમાં ઉચ્ચારણ**નો એક અતિશય **અનતિ વિલંબિતાનો** છે. આનો અર્થ એ કે ભગવાનના શ્રીમુખેથી એકેક શબ્દ પર શબ્દ, યા વાક્ય પર વાક્ય નીકળે છે તે બહુવિલંબે નથી નીકળતા, તેમ એકદમ ધડબડ ધડબડ ઉતાવળથી ય નથી નીકળતા. પ્રભુને કાંઈ એકેક વાક્ય ઉચ્ચારવામાં બહુ વિચાર નથી કરવો પડતો કે જેથી એકેકના ઉચ્ચારણમાં વિલંબ થાય તેમ બોલવાનું કાંઈ ગોખી લાવેલું નથી હોતું કે જેથી એ બધું ઝટોપટ બોલી નાખવાનું હોય.

તાત્પર્ય, કાંઈક બોલવાનું હોય ત્યારે (૧) સ્મરણશક્તિ સતેજ રાખવી પડે; તેમજ (૨) ચિત્ત સ્વસ્થ જોઈએ; પણ (૩) ખોટી આતુરતા ન જોઈએ. એક 'આ કામ પતાવીને ઝટ બીજું કામ કરવા લાગું', એટલી ય ખોટી ઉત્સુકતા ન જોઈએ; તેમજ (૪) પોતાનાં સ્થાન—દરજ્જાનો વિચાર જાગતો જોઈએ. દેશકાળ વગેરેનોય વિચાર જોઈએ. વિચારવા જેવું છે કે રામચંદ્રજી કેટલા સ્વસ્થ હશે કે જ્યાં પિતા દશરથે એમને કહ્યું કે "વત્સ રામ ! તારી માતા કૈકયીને મેં લગ્ન-સમયે વરદાન આપેલું કે 'માગ તે આપું.' તે એણે હવે માગ્યું કે 'મારા ભરતને અયોધ્યાની રાજ્યગાદી આપો', એટલે મેં રાજ્યગાદી ભરતને સોંપી છે", ત્યાં જ રામે એમાં રાજીપો દેખાડ્યો !

પિતા દશરથ રામને આ કેવા અવસરે કહે છે ? દશરથને દીક્ષા લેવાની હોવાથી આવતી કાલે પાટવી કુંવર રામચંદ્રને રાજ્યગાદી સોંપવાનું નક્કી થયું છે. એવા અવસરે ! રામનું કેન્સલ કરી ભરતને ગાદી સોંપવાનું કહે છે !

શું અહીં રામને અસ્વસ્થતા ન થાય ? અને અસ્વસ્થતામાં જેમ તેમ બોલી નાખવાનું ન થાય ?

**રામની અદ્ભુત સ્વસ્થતા :**

પરંતુ રામ સ્વસ્થ છે, કેમ કે એમને પોતાનું સ્થાન-દરજ્જો, દેશ-કાળ... વગેરેનો વિચાર જાગતો છે. એટલે પોતાનું સ્થાન પિતાના એક વફાદાર આજ્ઞાંકિત પુત્ર તરીકેનું જોઈ કહે છે, –

'પિતાજી ! આપે આમાં મને પૂછવા કહેવાનું રાખ્યું, એમાં મારો અવિનય વ્યક્ત થાય છે કે 'આપે કરેલું કદાચ હું મંજૂર કરું કે નહિ ?' આપ રાજ્યના પૂરા અધિકારી છો, માલિક છો, તેથી આપ આપની ઈચ્છાનુસાર એનો વિનિયોગ કરી શકો છો, જરૂર પડ્યે એક હવાલદાર જેવાને ય રાજ્ય સોંપી શકો છો. મારે આપનો આદેશ ખુશીથી મંજૂર છે. માત્ર મને એક ભય લાગે છે કે મારી અત્રે હાજરીમાં ભરત રાજા નહિ બને; અને એ જો રાજા બને તો આપે મારી માતાને આપેલું વચન ફોક જાય, તેથી આપનું વચન અખંડ માન્ય રહે એ માટે ભરતે રાજ્ય લેવું જ જોઈએ, અને એ રાજ્ય લે એ માટે હું મારા તરફથી બાર વરસનો વનવાસ માંગી લઉં છું. હું વનવાસમાં જાઉં એટલે પછી એને રાજ્ય સંભાળવું જ પડે.'

રામના દિલને કેટલી બધી સ્વસ્થતા હશે ! કે પિતાના આદેશ પર બહુ વિચાર કરવાનો નથી કે જેથી જવાબમાં વિલંબ થાય. એ તો તરત જ વિલંબ વિના આદેશ સ્વીકારી લીધો. તેમજ કશું અજુગતું બોલ્યા નહિ.

પ્રભુની વાણી અતિવિલંબી નથી હોતી, સહજ ભાવે શબ્દ પર શબ્દ ને વાક્ય પર વાક્ય નીકળ્યે જ જાય, નીકળ્યે જ જાય ! ત્યારે શ્રોતાઓને એ સાંભળવાની કેવીક મજા આવે ! અને એ બધા વાક્ય, પાછા ઉત્તરોત્તર વાક્ય પૂર્વપૂર્વના વાક્ય સાથે સંબંધવાળા જ નીકળે ! ત્યારે સાંભળનાર અલંકારિક શબ્દ અને તાત્ત્વિક અર્થના અમૃતઘૂંટ પીધે જ જાય.

**(૯) સત્ત્વ-પ્રધાન :**

વળી પ્રભુની વાણીનો એક ગુણ આ છે કે એ સત્ત્વપ્રધાન હોય છે.' 'સત્ત્વપ્રધાન' એટલે મુખમાંથી બોલ જે નીકળે તે સાત્ત્વિક હોય, પણ માયકાંગલા

બોલ કે દીનતા યા ભયના માર્યા કાયરના બોલ નહિ, આનું કારણ એ છે, કે–

(૧) ભગવાન થાક્યા પાક્યા નથી હોતા, કે જેથી માયકાંગલા બોલ પણ નિત્ય તાજા સ્ફુર્તિમાન હોય છે.

(૨) પ્રભુને વાણી પ્રકાશીને સામા પાસેથી કોઈ જશ-માનસન્માનાદિ લેવાના હોતા નથી કે દીનતા આવે.

(૩) બોલવામાં કશો ભયભીતિ નથી હોતી કે હું કાંક બોલીશ ને આ લોકો કાંક વિરોધ તો નહિ કરે ? ભય હોય ત્યાં કાયરતાના બોલ નીકળે સાત્ત્વિક બોલ ન નીકળે, પ્રભુની વાણીની બલિહારી છે કે પ્રભુ સતત ત્રણ કલાક બોલે. પણ જેમ શરૂમાં તેમ અંતે પણ વાણી સાત્ત્વિક સત્ત્વપ્રધાન બોલાતી હોય.

**(૧૦) અ-ખેદ :**

પ્રભુની વાણીનો એક ગુણ આ કે પ્રભુને બોલતાં ખેદ નહિ; તે ક્યાં સુધી તો કે ત્રણ કલાક બોલી રહેતાં છેવાડો આવે ત્યાં પણ કશો ખેદ ઉદ્વેગ-કંટાળો... વગેરે નહિ. પ્રભુ તાજા ને સાજા હોય અરે ! માત્ર પ્રભુને પોતાને કશો ખેદ કંટાળાનો અનુભવ ન હોય એટલું જ નહિ, પણ શ્રોતાઓને ય ન લાગે કે પ્રભુ હવે થાક્યા છે, કંટાળ્યા છે. તેમ શ્રોતાઓને પોતાને ય ખેદ કંટાળો ન આવે.

**પ્રશ્ન :** ત્રણ કલાકના અંતે ય કેમ ખેદ નહિ ?

**ઉત્તર :** કહો, પ્રભુ કર્તવ્ય-પરાયણ છે.

**જેણે કર્તવ્ય-પરાયણ બન્યા રહેવું હોય એણે કર્તવ્ય બજાવતાં છેક છેડે પણ ખેદ-થાક-કંટાળો કશું લવાય નહિ.**

બસ, કર્તવ્ય એટલે કર્તવ્ય. હોંશપૂર્વક એ પાર પાડવાનું. માણસાઈ કર્તવ્ય-પરાયણતામાં છે. કર્તવ્યપાલનમાંથી ભાગેડાપણું હોય અર્થાત્ માથે કર્તવ્ય અવશ્ય બજાવવાનો કશો ભાર નહિ, એ પશુતા છે. મનુષ્યપણાનું ભેજું મળ્યું છે, બુદ્ધિ-શક્તિ મળી છે; એમ

**માનવબુદ્ધિનો આ જ ઉપયોગ હોય કે બુદ્ધિ અવસર અવસરનાં કર્તવ્યને જોયા કરે.** ભગવાન તો મહાન લોકોત્તમ પુરુષ છે. એ કેમ કર્તવ્યને ભૂલે ? પૂર્વના ત્રીજા ભવે એમણે સર્વ જીવોની ભાવકરુણા ચિંતવી છે; હવે એ માટેની શક્તિ-સામગ્રી-અવસર મળી ગયા છે; તેથી એ ભાવનાને કાર્યાન્વિત કરવાનું જ કર્તવ્ય હોય. વિચારો,

**તીર્થંકર ભગવાનની કર્તવ્ય-પરાયણતા કેવી ?**

પ્રભુ કેવળજ્ઞાન પામ્યા એટલે તો કૃતકૃત્ય થઈ જ ગયા છે; હવે તો આયુષ્ય પૂર્ણ કરી સીધા મોક્ષે ચાલ્યા જવાનું છે, છતાં હવેના બાકીના આયુષ્યમાં એક સ્થાને

ઠરીઠામ બેસવાની વાત નહિ ! ઋષભદેવ ભગવાનને કેવલજ્ઞાન થયા પછી ૧૦૦૦ વર્ષ ન્યૂન એક લાખ પૂર્વ વર્ષ જેટલું આયુષ્ય બાકી છે. એક પૂર્વ વર્ષ એટલે કેટલા વરસ ? તો કે ૮૪ લાખ વર્ષનું એક 'પૂર્વાંગ' થાય; અને એવા ૮૪ લાખ પૂર્વાંગ પસાર થાય એટલે એક 'પૂર્વ' વર્ષ થાય. ૮૪ લાખ x ૮૪ લાખ એટલે કેટલો આંક આવે ? તો કે ૭૦, ૫૬૦ અબજ વર્ષ ! કેટલા અબજ ! ૨-૪ નહિ, ૧૦૦-૨૦૦ નહિ, ૧૦૦૦-૨૦૦૦ અબજ નહિ, પણ ૭૦ હજાર અબજ ! એના ઉપર વળી ૫૬૦ અબજ વર્ષ. આટલે તો હજી માત્ર એક 'પૂર્વ' થાય. એવા એક લાખ લાખ પૂર્વ વર્ષ પ્રભુને જીવવાનું બાકી છે ! પછી મોક્ષે જવાનું છે. આટલો જંગી કાળ સંસારનો બાકી છે, છતાં ઋષભદેવ ભગવાન ભરતને ઘેર જઈને એમ કહેતા ન બેઠા કે લે ભરત ! કેવળજ્ઞાન થઈ ગયું છે, સાધના પૂરી થઈ. હવે તો માત્ર આયુષ્ય વગેરે ચાર કર્મ ભોગવીને પૂરા કરવાના છે. એટલે હવે તો અહીં ઠરીઠામ બેઠો છું.' ના પ્રભુ ભરતને ત્યાં જઈ ઠરીઠામ બેઠા નહિ, પરંતુ એક લાખ 'પૂર્વ' વર્ષ એટલે કે અબજોના અબજો વર્ષ પૃથ્વી તલ ઉપર વિચરતા રહ્યા ! અને ધર્મઉપદેશ આપતા રહ્યા !

કેમ વારુ ?

કહો, કર્તવ્ય-પરાયણતા બજાવવાની છે. સૂર્ય નિત્ય પ્રભાતે ઊગી ઊંચે ચડી સાંજે આથમે; આ રોજનું કર્તવ્ય. એમ પ્રભુનું કેવળીપણામાં આ કર્તવ્ય ચાતુર્માસ સિવાય વિહાર અને બારે મહિના ધર્મદેશનાનો પુષ્કરાવર્ત મેઘ વરસાવવાનો. કવિ કહે છે

**"જે સમવસરણમાં રાજતા, ભાંજતા ભવિક સંદેહ રે,**
**ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહરે,**
**ચેતન ! જ્ઞાન અજવાળિએ"**

**કર્તવ્યમાં કંટાળો ટાળવા શું કરવું ? :**

આપણે ક્યારેક કર્તવ્ય બજાવવામાં થાકીએ ત્યારે આ વિચારવાનું કે 'આપણા ઋષભદેવ ભગવાને સુ-દીર્ઘકાળ થાક્યા કંટાળ્યા વિના આ કર્તવ્ય બજાવ્યે રાખ્યું. તો પછી આપણે અલ્પકાળના કર્તવ્યમાં કેમ થાકવા-કંટાળવાનું હોય ? નજર સામે પ્રભુને વરસોના વરસો વિચરતા ને વિચરતા અને લોકોને ઉપદેશ કરતા ને કરતા જોવાના. આ જો અવરનવર જોયા કરીએ, તો કોઈ પણ કર્તવ્યમાં કંટાળો શાનો આવે ?'

મોક્ષાર્થીને મોટું કર્તવ્ય કર્મક્ષયનું. એ કર્મક્ષય જિનભક્તિ જ્ઞાનધ્યાન તપત્યાગ સાધુસેવા વગેરેથી, તો એની સાધના આરાધનામાં કંટાળો શાનો ? એ તો મનને નક્કી જ કરી રાખ્યું હોય કે જ્યાં સુધી સર્વ કર્મક્ષયે ન પહોંચાય ત્યાં સુધી આ કર્યે

જવાનું છે આ મારું અનન્ય કર્તવ્ય છે બસ, એમ હોંશ સાથે આરાધના કર્યે જ જવાની. પ્રભુનો વાણીનો આ અતિશય, સદા તાજી વાણી એમાં પ્રભુને કશો ખેદ થાક-કંટાળો નહિ તો શ્રોતાઓને પણ કદાચ લગાતાર છ મહિના સાંભળવા મળે, તોય એમને કશો ખેદ કંટાળો નહિ. આ ઉચ્ચારણની દૃષ્ટિએ વાણીના ૧૦ ગુણ જોયા, હવે શબ્દરચનાની દૃષ્ટિએ પ્રભુની વાણીના ૯ ગુણો જોઈએ.

## શબ્દરચનાની દૃષ્ટિએ ૯ ગુણ :

તીર્થંકર અરિહંત ભગવાનને ૩૪ અતિશયો (અનન્ય વિશિષ્ટતાઓ) હોય છે, એમાં એક વાણીનો અતિશય એટલો બધો ઉચ્ચ કોટિનો છે કે એમાં વળી ૩૫ વિશેષતાઓ હોય છે, ૩૫ ગુણો હોય છે. એમાંના ૧૦ ગુણ જોયા પછી હવે શબ્દરચનાની દૃષ્ટિએ ૯ ગુણોને વિચારીએ,–

### (૧) અભિજાત્ય :

અર્થાત્ પ્રભુની વાણીમાં શબ્દો 'અભિજાત્ય' અર્થાત્ પ્રભુની ભૂમિકાને યોગ્ય અને વિવેચનીય પદાર્થની ભૂમિકાને યોગ્ય ઉત્તમ કોટિના હોય છે. કોઈના સારા ભાષણ પર કહે છે ને કે 'ભાઈ ! શું એમના શબ્દો ? નામી શબ્દો ! જાણે મુખમાંથી અમૃતનાં વેણ નીકળ્યા, એવા બહુ અદ્‌ભુત ઉચ્ચ કોટિના શબ્દો !' ભગવાન જગદીશ્વર પરમાત્મા છે, તો એમની ભૂમિકા અત્યંત ઊંચી છે, એટલે એમના મુખારવિંદમાંથી સહેજે અનેરા ઉત્તમ બોલ નીકળે... આ વક્તાની ભૂમિકાને યોગ્ય શબ્દ.

એમ પ્રભુને દેશનામાં જે વિષય ઉપદેશવો હોય, તેની પણ ભૂમિકાને યોગ્ય ઉચ્ચ શબ્દો નીકળે. દા.ત. પારસીઓમાં રિવાજ છે, મા બૂમ મારે, 'રુસ્તમ ?' તરત રુસ્તમ કહેશે 'ઓ જી, આવ્યોજી.' કોઈ મેમાન ઘરે આવ્યો તો કહેશે 'પધારિયેજી, બિરાજીયેજી, આપના દર્શને અતીવ આનંદ થયો.'

### (૨) સંસ્કારી, :

પ્રભુની વાણીમાં શબ્દરચના સંસ્કારવાળી હોય, અર્થાત્ ઉત્તમ લક્ષણવંતી રચના; ને શબ્દાલંકારને અર્થાલંકારવાળી ભાષા હોય. એકલી આ સંસ્કારી ભાષા જ એવી કે શ્રોતાઓ એ કલાકો સુધી એકસરખા રસ અને એકસરખી આતુરતા-ઉત્સુકતાથી સાંભળવામાં લીન હોય.

### (૩) ઉપચારપરીત, – વાણી ઉપચાર-શિષ્ટતાભરી :

પ્રભુની વાણી 'ઉપચારપરીત-સહિત' એટલે કે શિષ્ટતા વગેરેથી ભરેલી હોય, પણ અભણ ગામડિયાની ભાષા નહિ. શ્રોતાના સ્વાગત સન્માન વગેરેને સાચવનારી હોય. શ્રોતાને એમ લાગે કે 'વાહ ! કેવા અનુપમ બોલ ! આવા મોટા ત્રણ

જગતના નાથ પણ જાણે અમારું ગૌરવ સાચવીને બોલતા ન હોય ! ધન્ય પ્રભુ ! ધન્ય તમારી અલૌકિક વાણી' આમ શ્રોતાઓને પ્રભુના અમૃત-બોલ માટે માન ઉપજે, અને સાંભળવાનો ઉત્સાહ વધે, ભગવાનના આવા અદ્ભુત અતિશયોવાળી વાણીની પાછળ પ્રભુનો પુણ્ય-પ્રકર્ષ કામ કરી રહ્યો છે, અને પુણ્ય-પ્રકર્ષની પાછળ પ્રભુના અદ્ભુત શુભ અધ્યવસાયો સાથેની તીર્થંકર પદપ્રાપક વીસસ્થાનકની ગજબની આરાધના કામ કરી રહી છે. આપણને પુણ્યના ઊંચા ફળ જોઈએ છે. પણ એ વિચારો કે -

એ પુણ્યના કારણરૂપી ઉચ્ચ શુભ અધ્યવસાયો અને ઉત્તમ કોટિની ધર્મસાધનાઓની ગરજ કેટલી ? ખપ કેટલો ? ધગશ અને પુરુષાર્થ કેટલો ?

પૂર્વના મહાન આત્માઓ ઊંચા પુણ્યના ફળ પામેલા. તે ઉચ્ચ સાધના કરીને પામેલા; તેમજ વર્તમાનમાં પણ જે પામતા હોય છે તેય પૂર્વની ઉચ્ચ સાધનાઓના પ્રતાપે પામે છે; એ ભૂલવા જેવું નથી.

એક ફેક્ટરીની બહાર મહિનાની આખર તારીખે એક માણસ જાજમ પાથરીને બેઠેલો, અને ફેક્ટરીમાંથી બહાર નીકળતા કામદારો એમાં પૈસા નાખતા હતા; આ જોઈએ રસ્તે જનાર એક ભાઈએ પણ ત્યાં શેત્રંજી પાથરી, સિપાઈ એને તડકાવે છે,—

'એય ! શાનો અહીં શેત્રંજી પાથરી બેઠો ?'

આ કહે 'કેમ વળી ? જેમ આ ભાઈએ પૈસા લેવા પાથરી, એમ પૈસા લેવા મેં પાથરી.'

સિપાઈ કહે 'મૂરખ ! આણે તો પહેલાં આ લોકોને નાણાં ધીરેલા તે લોકો એને આજે પાછા વાળે છે. તે પહેલાં આ લોકોને કશું આપેલું છે ? તે અહીં પૈસા લેવા પાથરી બેઠો ? હરામખોર ! ઊભો થઈ જા, ચાલતી પકડ, નહિતર પૈસા નહિ. ડંડા મળશે' જોવાનું આ છે, — અહીં આપણે સારું સારું મળવાનું ઝંખીએ છીએ. પરંતુ એ જે પૂર્વના શુભભાવ અને પુણ્યને ઊભું કરનારા કારણો નથી સેવવા તો ઝંખના શેખચલ્લીના તરંગ જેવી જ રહેવાની ? કે ફળવાની ?

**(૪) શિષ્ટ વાણી, :**

પ્રભુની વાણી 'શિષ્ટ' અર્થાત્ મહાસજ્જન પુરુષો બોલે એવી શિષ્ટતાભરી હોય છે. સ્વસિદ્ધાન્તોને અનુસરતા પદાર્થોને કહેનારી હોય છે, પણ નહિ કે પોતાના જ સિદ્ધાન્તોથી બાધિત થાય એવા પદાર્થને કહેનારી યા સ્વસિદ્ધાન્તને બાધક પદાર્થને કહેનારી. તીર્થંકર પ્રભુનો મુખ્ય સિદ્ધાન્ત સ્યાદ્વાદ-અનેકાંતવાદનો; તો ભગવાન જે જીવ અજીવ વગેરે નવતત્ત્વ પદાર્થનું નિરૂપણ કરે છે, એ આ સ્યાદ્વાદ-સિદ્ધાન્તથી બાધિત ન થાય એવા, તેમજ સ્યાદ્વાદ સિદ્ધાન્તનો બાધ ન કરે એવા, એ નવતત્ત્વના

પદાર્થનું પ્રતિપાદન કરે છે. જો પોતાના જ સિદ્ધાન્તનો બાધ કરે એવા પદાર્થ કહે, તો તો તે વાણી શિષ્ટ યાને મહાસજ્જનની ભાષા ન કહેવાય.

**(૫) ઉચિત વાણી, :**

વીતરાગની વાણી ઔચિત્યભરેલી હોય, શબ્દે શબ્દે ઔચિત્ય હોય, અર્થાત્ શબ્દો (૧) પ્રકરણને ઉચિત હોય, (૨) પ્રસ્તાવને ઉચિત હોય, (૩) દેશને ઉચિત, (૪) કાળને ઉચિત હોય. જો આ ઔચિત્ય ન સચવાય, ને અનુચિત વાણી બોલાય, તો કેટલીકવાર **વિવાહની વરસી** થાય. દા.ત. એમ જો બોલાય કે **'શુદ્ધ ભાવ વિનાની ધર્મક્રિયા નકામી, ભવના ફેરા વધારે',** તો સામાન્ય માણસના મનને એમ થાય કે 'મારે તો એવા ભાવ નથી, તો પછી આ ધર્મક્રિયા કરીને મારે મારા ભવના ફેરા શા માટે વધારવા ? એના કરતાં તો ધર્મક્રિયા જ બંધ કરું; તો ભવના ફેરા તો ન વધે." આમ એ શબ્દોથી શ્રોતાને ધર્મમાં આગળ વધવાનું તો બાજુએ રહ્યું, ઊલટું ધર્મમાંથી ખસવાનું થયું ! આનું નામ વિવાહની વરસી થઈ. ધર્મ કરાવવા દેશના આપી, ને દેશનાથી જ શ્રોતા ધર્મમાંથી ખસ્યો ! અહીં ઔચિત્ય અંગે એક પ્રશ્ન થાય,–

**પ્રશ્ન :** પ્રકરણ, પ્રસ્તાવ, દેશ, કાળ, વગેરે એટલું બધું જોઈને, ને એટલા બધાને ઉચિત વિચારીને બોલવાનું મુશ્કેલ નથી ?

**ઉત્તર :** ના, તીર્થંકર ભગવાન માટે કશું મુશ્કેલ નથી; કેમ કે ભગવાન અનંતજ્ઞાની છે, તેથી એમનો બધો વ્યવહાર જ્ઞાનમૂલક છે; ને અનંતજ્ઞાનમાં કશું અજ્ઞાત નથી, જે વખતે જે યોગ્ય દેખે તે પ્રમાણે એ વર્તી લે છે. બીજા માટે માનસિક જાગૃતિ અને તીવ્ર ક્ષયોપશમ, એ બે સાધન પ્રકરણ પ્રસ્તાવ આદિને શું ઉચિત છે, તે સુઝાડી દે છે. અલબત્ત આમાં આ ચાર પ્રકારની બુદ્ધિ કામ કરે;

**૪. પ્રકારની બુદ્ધિ, –**

(૧) પહેલી છે **ઔત્પાતિકી બુદ્ધિ :** 'ઔત્પાતિકી બુદ્ધિ (હાજર જવાબી બુદ્ધિ)થી 'ઉચિત શું છે' એ સહજરૂપે સ્ફુરી જાય.

(૨) બીજી છે **કાર્મિકી બુદ્ધિ :** 'કાર્મિકી બુદ્ધિ' એટલે કોઈ પણ જાતનું કામ-હુન્નર-કળાનો અભ્યાસ કરતાં કરતાં જે એની એમાં હોશિયારીની બુદ્ધિ ઊભી થઈ જાય છે. દા.ત. તર્કશાસ્ત્ર-ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય તો એનાથી તર્કબુદ્ધિ એવી ઉભી થઈ જાય કે પછી તેવા તેવા પ્રસંગમાં ઉચિત શું છે, તે એ કાર્મિકી બુદ્ધિથી તરત સ્ફુરી જાય.

(૩) ત્રીજી છે **વૈનયિકી બુદ્ધિ :** 'વૈનયિકી બુદ્ધિ' એવી હોય છે કે ગુર્વાદિકનો વિનય કરતાં કરતાં એવો ક્ષયોપશમ યાને બુદ્ધિ-શક્તિ ઊભી થઈ જાય કે જેથી

અવસરોચિત વસ્તુ ઝટ સ્ફુરી જાય.

શાસ્ત્રમાં આનો એક મજાનો પ્રસંગ આવે છે.

**વિદ્યાર્થીની વૈનયિકી બુદ્ધિ :**

એક પંડિતના બે વિદ્યાર્થી નદીએ ચાલ્યા, રસ્તામાં એક ઝાડ નીચે પોરો ખાવા બેઠા, ત્યાં એક વિદ્યાર્થી આસપાસ નજર નાખીને કહે 'હે ભાઈ ! ચાલ ચાલ ઝટ ચાલ, અહીંથી કાણા હાથી પર બેસીને એક રાજાની ગર્ભિણી રાણી ગઈ છે અને એને રસ્તામાં જ રાવઠીમાં દીકરો જન્મ્યો હશે, એટલે દાન દેવાતું હશે, તો આપણે ઝટ પહોંચી જઈએ તો આપણનેય દાન મળી જાય. મોડું થાય તો ત્યાં દાનનું કામ પતી ગયું હોય, પછી આપણને કશું મળે નહિ.

વિદ્યાર્થી ચાલ્યા પહોંચી ગયા, ને ખરેખર ત્યાં રાણીએ પુત્રને જન્મ આપેલો, ને દાન દેવાતું હતું તે મળી ગયું દાન. પછી એ ચાલ્યા નદી તરફ, ત્યાં પહોંચ્યા તો કાંઠા પર એક બાઈ રોતી હતી, પૂછ્યું 'મા કેમ રુઓ ?' એ કહે 'ભાઈ શું કહું ? વર્ષોથી મારો છોકરો પરદેશ ગયો છે, હજી સુધી એના સમાચાર નથી, કમાનાર કોઈ નહિ, એમાં વળી આ ઘડો ફૂટ્યો, રોઉં નહિ તો શું કરું ?' ત્યારે એક વિદ્યાર્થી કહે 'મા હવે આશા મૂકી દો ઘડો ફૂટ્યો એ બતાવે છે છોકરો મરી ગયો છે.' ત્યારે બીજો વિદ્યાર્થી કહે 'એય ! આવા ખોટા ખરાબ સમાચાર શું આપે છે ?' બાઈને કહે 'જાઓ મા ! જાઓ ઘરે, છોકરો તમને પરદેશથી આવેલો મળી જશે; અને ખરેખર તેમ બનેલું; તે વિદ્યાર્થીઓ ગુરુ પાસે પહોંચી ગયા અને પાછળ એ બાઈ ભેટણું લઈને આવી પંડિત પાસે, પંડિત પૂછે 'શું છે આ ?'

બાઈ કહે તમારા આ 'વિદ્યાર્થીએ મને છોકરો આવી ગયાના શુભ સમાચાર આપ્યા તેનું આ વધામણી દાન છે.' ત્યાં ગુરુ એ વિદ્યાર્થીને પૂછે છે, શું બન્યું ? તેં શી રીતે જાણ્યું ? બીજો વિદ્યાર્થી ત્યાં ગુરુ પર તાડુક્યો કે 'તમે આ વિદ્યાર્થીને ખાનગી ખાનગી એવું ભણાવ્યું કે એને અમારા રસ્તામાં ખબર પડી ગઈ કે અહીંથી રાજાની રાણી ગઈ છે, ને આગળ પર એણે પુત્રને જન્મ આપ્યો છે. તેમ આ પણ એને નદી પર ખબર પડી ગઈ કે આ ડોશીનો છોકરો ઘરે આવી ગયો છે. આ બધું એણે જાણ્યું તો એને તમે કેવુંક ખાનગી ભણાવ્યું હશે ?'

ગુરુ કહે 'શાંતિ રાખો, એને ખાનગી કશું ભણાવ્યું નથી બંનેને જ્યારે જ્યારે પાઠ ભણાવ્યા, ત્યારે ત્યારે સાથે જ પાઠ ભણાવ્યા છે. પણ લાવ પૂછીએ એને, શી રીતે આ ખબર પડી ગઈ ?' એમ કહી ગુરુ એને પૂછે છે.

ત્યાં એ બીજો વિદ્યાર્થી કહે છે : "ગુરુજી ! અમે રસ્તે જતાં જોયું તો રસ્તામાં હાથીના પગલાં પડેલાં હતાં, એટલે મને લાગ્યું કે 'હાથી પર કોણ જાય ?

કોઈ બહુ મોટો શેઠિયો કે રાજા રાણી જાય. એમાં ઝાડના એક જ બાજુના પાન ચવાયલા હતા તેથી લાગ્યું કે એ હાથી કે હાથણી કાણી હશે એટલે જ એક જ બાજુના ઝાડોના પાન ખવાયેલા છે. પછી અમે રસ્તામાં મોટું ઝાડ દેખી પોરો ખાવા બેઠા તો ત્યાં જોયું છોડવાને રેશમી તાર લાગેલા. એટલે ચોક્કસ થયું કે કોઈ રાણી જ ગઈ હશે. પાછી એ બેઠેલી ઊભી થઈ હશે તે જમણી બાજુ હાથનો ટેકો દઈને ઊભી થયેલી ધૂળમાં એની છાપ જોઈને મેં કલ્પના કરી કે એ ભારે શરીરવાળી ગર્ભવતી હશે. અને ગર્ભમાં પુત્ર હશે. ધૂળમાં સારી રીતે વજન પડેલું એટલે લાગ્યું કે ગર્ભ પાકી ગયો હોય તો રસ્તામાં જ પ્રસૂતિ આવી હોય. તેથી અંદાજે પુત્ર-જન્મની કલ્પના કરી. એ મેં કહ્યું અને આગળ ગયા એટલે હકીકત એ જ દેખાણી, ને દાન મળ્યું."

ગુરુ પેલા બીજા વિદ્યાર્થીને કહે, "બોલ આ સાંભળ્યું ? આમાં કશી ખાનગી વિદ્યા આપી હોય એવું દેખાય છે ? કે પોતાની ચિંતન-શક્તિએ કામ કર્યું લાગે છે ?' પછી હોશિયાર વિદ્યાર્થીને પૂછે છે કે 'પેલી ડોશીમાના પુત્રનું આગમન તેં શી રીતે કલ્પ્યું ?'

વિદ્યાર્થી કહે, 'ગુરુજી ! એમાં શી મોટી કલ્પના છે ? ઘડો ફૂટ્યો પાણી ઢળી ગયું, તો ઘડો માટીમાંથી બનેલો તે પાછો માટી ભેગો થઈ ગયો, અને પાણી નદીમાંથી ઘડામાં લીધેલું તે પાણી પાછું નદીમાં ભેગું થઈ ગયું. આમ બંને મૂળ સ્થાનમાં મળી ગયા, એટલે મેં કલ્પના કરી કે આ માજીને પણ એમનો પુત્ર ભેગો થઈ જવો જોઈએ, અને ખરેખર તેમ બન્યું.

આ સાંભળીને બીજો વિદ્યાર્થી ઠંડો પડી ગયો; ગુરુની ક્ષમા માંગે છે કે 'મેં ખોટો આરોપ મૂક્યો મને માફ કરો. આમાં કોઈ ગુપ્ત વિદ્યા જેવું કશું નહિ, પણ માત્ર બુદ્ધિનો ઉપયોગ અને ચિંતનના અભ્યાસે સહેજે અવસરોચિત સ્ફુરી ગયું એમ હવે હું માનું છું.'

આપણે આવી બુદ્ધિ અને ચિંતન-પ્રવૃત્તિ વધારવાની છે, એથી પ્રસ્તાવ-પ્રકરણ-દેશ-કાળને ઉચિત બોલવાનું સહેલાઈથી સ્ફુરી આવે. પ્રભુને તો વિશિષ્ટ-પુણ્યથી એનો વિશિષ્ટ અતિશય છે.

**(૬) વાણી અતિ હૃદયંગમ, :**

પ્રભુની વાણી અતિશય હૃદયંગમ હોય છે. એમાં શબ્દોની રચના, બોલવાની ઢબ, એમાં સંગીતમયતા.... વગેરે વગેરે એવું કે શ્રોતાના હૃદયને એકદમ પકડી લે ! હૃદયને એટલું બધું મીઠું મધુરું લાગે, અને એવું સુંદર સમજાય એવું હોય, કે એ સાંભળવામાં બીજું ભાન ભૂલીને એકતાનમાં આવી જાય છે. પેલી ડોશીની

વાત આવે છે ને ? માથા પરના લાકડાના ભારામાંથી એક લાકડું નીચે પડી ગયું ને લેવા વાંકી વળી, ને એટલામાં કાનમાં જિનવાણીનો સૂર આવતા કેવીક વાંકી ને વાંકી જ ઊભી રહી ! બિચારી ડોશી તે કેવી કમનસીબ કે પહેલાં જંગલનાં એક ભાગમાં લાકડાં લેવા ગયેલી તે મળ્યા નહિ, ને રોજના હિસાબે શેઠને લાકડા આજે ન મળ્યાનું કહી ખાવાનું માગ્યું તો શેઠ કહે 'જા ખાવા નહિ મળે; લાકડાં લઈ આવ તો ખાવાનું મળશે !' હવે એ ડોશીથી ઉપવાસ તો થઈ શકે એમ નહોતો. ખાધા વિના ચાલે એમ નહોતું. તેથી ખાવાનું મેળવવાની લાલચે થાકી પાકી છતાં જંગલનાં બીજા ભાગમાં લાકડાં લેવા ગઈ ! લાકડાં ભેગા કરતાં ઓર થાક વધ્યો; પાછો એનો ભારો માથે ચડાવી હવે નગર તરફ ચાલી રહી છે; ભૂખી છે, આટલો બધો શ્રમ છે, એટલે કેવીક થાકીને લોથ થઈ ગઈ હોય ? એમાં માથા પરના ભારામાંથી એક લાકડું નીચે પડી ગયું તે લેવા એક હાથે માથે ભારો પકડી રાખી બીજો હાથ વાંકી વળીને નીચે પડેલું લાકડું લેવા હાથ લંબાવે છે, એમાં નજીકમાં જ રચાયેલા સમવસરણ પરથી પ્રભુની વાણીનો રણકાર એના કાનમાં જ્યાં આવ્યો કે તરત જ એમ ને એમ વાંકી ને વાંકી ઊભી રહી ગઈ, વાંકી કાયા સીધી કરવાનું ભાન ન રહ્યું, તે કેટલો સમય ? તો કે જ્યાં સુધી પ્રભુની વાણી ચાલતી રહી ત્યાં સુધી ! આ હિસાબે વાણીની કેવીક અતિ હૃદયંગમતા ! પછી ત્યાં દુન્યવી કોઈ વિષયોનો રસ વિસાતમાં નથી પૂછો,–

**પ્રશ્ન :** પ્રભુની વાણીની શી રીતે આટલી બધી હૃદયંગમતા ?

**ઉત્તર :** કહો, પ્રભુએ પૂર્વભવે જગતના જીવોને, ચાહે એ દુશ્મન પણ બન્યા હોય તોય એમને, એટલા બધા મૈત્રી વાત્સલ્ય ભાવથી હૃદયંગમ કરેલા છે, કે પ્રભુ અને પ્રભુની વાણી હવે જગતને એટલી બધી હૃદયંગમ લાગે છે.

**(૭) વાણી ચિત્રકારી :**

પ્રભુની વાણી અતિ હૃદયંગમ ઉપરાંત ચિત્રકારી પણ છે. 'ચિત્રકારી' એટલે આશ્ચર્યકારી. તે એવી કે પ્રભુના શબ્દે શબ્દે પદે પદે અખૂટ રસ અનુભવાય છે, તેમજ વાક્યે વાક્યે આગળ શું આવશે એ જાણવાની તીવ્ર આતુરતા બની રહે છે ! મોરલીના અવાજ પર સાપ ડોલે એમ પ્રભુની વાણી પર શ્રોતા પર્ષદા ડોલે છે !

ત્યારે તો સાંભળીએ છીએ કે અભવી જીવ કાલસૌકરિક કસાઈ મહાવીર પ્રભુની વાણી સાંભળવા આવતો, ને વાણી સાંભળતાં ડોલતો ! વળી સાપ અને મોર, તથા બિલાડી ને ઉંદર જેવા વિરોધી પ્રાણીઓ પણ આ ચિત્રકારી વાણી કેવી રીતે સાંભળતા ? તો કે પોતાનું વેર કે ભય ભૂલી, સાથે બેસીને ટેસથી સાંભળતા ! અલબત્ત, આ જન્મસિદ્ધ વેરવાળા મોર અને બિલાડી વગેરે વેર ભૂલતા, એ ભૂલવાનું

તીર્થંકર ભગવાનના સિદ્ધ અહિંસા ગુણ તથા ઉત્કૃષ્ટ સૌભાગ્ય નામકર્મ આદિ પુણ્યને આભારી હોય છે, પરંતુ વાણીમાં પદે પદે અખૂટ રસ અને આગળની અખંડ જિજ્ઞાસા બની રહેવી, તે વાણીના આ 'ચિત્રકારી' અતિશયને આભારી છે.

**(૮) વાણી અદ્‌ભુત :**

આવી પ્રભુની વાણી જગતની એક અતિ અદ્‌ભુત વસ્તુ છે, A Novelty of the world જગતમાં એવા કોઈક કોઈક અદ્‌ભુત પદાર્થ હોય છે કે જેનો મુકાબલો પણ ન મળે, અને એની શી અદ્‌ભુતતા ? તે શબ્દથી વર્ણવી પણ ન શકાય. એવી અતિશય અદ્‌ભુત જિનેશ્વર ભગવાનની વાણી હોય છે. એ બીજા ભલભલામાં જોવા ન મળે, અથાગ પુણ્યવાળો મોટો બારમા દેવલોકનો ઈન્દ્ર હોય, પરંતુ એનીય વાણી પ્રભુની વાણી આગળ બાક્સબુક્સ, ફાસફુસિયા અને રસકસ વિનાની લાગે...

'ભાઈ એ જિનવાણીમાં શી એવી મીઠાશ, શી એવી અદ્‌ભુતતા હોય છે?' એમ પૂછનારને કવિ કહે છે–

**'જીરે વાણી મીઠી રે મહાવીર તણી.**
**જીરે દેવોના થોક મળી ગાય રે, ગુણવંતા ગીરુઆ... વાણી મીઠી રે...**

એટલા જ માટે

**(૯) વાણી પ્રશંસનીય :**

પ્રભુની વાણી અત્યંત પ્રશંસનીય હોય છે. મોટા ઈંદ્રોને ગણધર આદિ મહર્ષિઓ જેવા આની મુક્ત કંઠે પ્રશંસા કરે ! પછી જન સામાન્યનું તો પૂછવું જ શું ? શ્રોતાઓ સાંભળી સાંભળીને જાય ત્યારે રસ્તામાં જિનવાણીની પેટ ભરીને પ્રશંસા કરતા ચાલતા હોય; પછી સાથે પ્રભુનીય પ્રશંસા કરતા હોય. ત્યારે તો કલ્પસૂત્રના વ્યાખ્યાનમાં સાંભળીએ છીએ, કે બ્રાહ્મણ ઈંદ્રભૂતિ ગૌતમ યજ્ઞ કરાવતાં. વાડામાં આંટા મારી રહ્યા છે ત્યાં લોકોને સમવસરણમાંથી પ્રભુને જોઈને અને પ્રભુની વાણી સાંભળીને આવતા અને ભરપેટ પ્રશંસા કરતાં જુએ છે ત્યારે ઈંદ્રભૂતિને એટલી બધી ઉચ્ચ પ્રશંસા અઘટમાન લાગે છે. તે મશ્કરીના ઘેનમાં લોકોને પૂછે છે, 'કેમ ? જોઈ આવ્યા પેલા સર્વજ્ઞને ? કેમ કેવોક છે એ ? કેમ લાગ્યો ? કેવું બોલે છે એ ?'

પરંતુ અહીં તો લોકોને પ્રભુ અને પ્રભુની વાણીનું દિલમાં આશ્ચર્ય એટલું બધું અનહદ છે કે એ દિલમાં માતું નથી ! એટલે કહે છે, 'અરે ભૂદેવ ! શું પૂછો છો કે એ કેવાક છે ? ને કેવુંક બોલે છે ? જગતમાં એમને માટે કોઈ ઉપમા નથી; ને આખા ત્રણે લોકના જીવોએ ત્રિલોકનાથના ગુણોથી સંખ્યા ગણવા બેસી જાય ને ? તો પણ ગણ્યા ગણાય નહિ ! એટલી બધી મોટી અનંતની સંખ્યામાં

ગુણો હોય છે.' તેમજ એ કેવુંક બોલે છે એ તો જાત અનુભવથી એની મીઠાશ સમજાય. ભૂખ્યા-તરસ્યા પણ સાંભળે તો ભૂખ તરસ ભૂલી જાઓ.' આમ પ્રભુની વાણીનો આ એક અતિશય કે એ અતિ પ્રશંસનીય હોય છે.

જિનવાણીના ૩૫ અતિશયમાંથી બે વિભાગમાં ૧૯ અતિશય જોયા.

**હવે ત્રીજા વિભાગના ૮ અતિશય જોઈએ**

**ત્રીજો વિભાગ - દોષરાહિત્યનો**

**(૧) દાક્ષિણ :** વીતરાગ જગતગુરુ તીર્થંકર ભગવાનની વાણીનો આ એક અતિશય કે એ 'દાક્ષિણ' યાને દાક્ષિણ્યવાળી હોય છે. દાક્ષિણ્ય એટલે સારલ્ય, સરળપણું; વક્તાને બોલવામાં પણ સરળ, અને શ્રોતાને સમજવામાં પણ સરળ, બંનેને કશી જ કઠિનતા નહિ.

અહીં વક્તા પ્રભુ છે, એ અનંતજ્ઞાની છે. એટલે એમને શું બોલવું, આવી રીતે કેમ બોલવું, હેતુ-યુક્તિ-દૃષ્ટાન્ત કયા લગાડવા... વગેરે વગેરે માટે કશું શોધવા જવું ન પડે; બધું અનંતજ્ઞાનમાં તૈયાર માલ તે પ્રત્યક્ષ દેખાય; એટલે પછી બોલાય તે સહેજે સરળતાથી બોલાય. આપણને બોલવામાં એ બધું કેમ શોધવું પડે છે ? કહો, આપણને ઊઠા જેટલું જ્ઞાન છે. તેથી 'અહીં કયો હેતુ લાગશે ?' 'કયો તર્ક કઈ યુક્તિ લાગશે ?' 'કયું દૃષ્ટાન્ત અહીં ફિટ બેસશે ?' 'કઈ રીતે બોલવાથી સામાને એકદમ હૃદયંગમ અને હૃદયગ્રાહ્ય થશે ?'... વગેરે વગેરે આપણા ઊઠા જેટલા જ્ઞાનના સ્ટોકમાંથી શોધી કાઢવું પડે ! ત્યારે, પ્રભુને અનંત જ્ઞાનમાં આ બધું પ્રત્યક્ષ છે, હાથવેંતમાં છે, એટલે જેમ દુકાનદારને માલ સામે હાથવેંતમાં પડ્યો હોય એટલે ઘરાકે માલ માગ્યો કે તરત કહે, 'લો, આ ઉઠાવો;' એમ અહીં બોલવા માટે હેતુ-યુક્તિ-દૃષ્ટાન્ત, રીત, પરિણામ... વગેરે બધું નજર સામે હાથવેંતમાં છે, તેથી બોલવામાં કશી કઠિનાઈ નથી; બધું સરળતાથી બોલાયે જ જાય, બોલાયે જ જાય ! જાણે વાણીનો ગંગા-પ્રવાહ, મૂળમાંથી છૂટ્યો ! તે અસ્ખલિત ધારાએ વહેતો જ જાય, વહેતો જ જાય. આપણી પાસે અનંત જ્ઞાન નથી; જ્ઞાન છે તે પ્રભુના જ્ઞાનના અનંતમાં ભાગે ચૌદ પૂર્વના રચયિતા ગણધર ભગવાનનું જ્ઞાન; ને એમાંય અનંતમાં ભાગનું આપણી પાસે જ્ઞાન એટલે જ આજે આપણી પાસે ગમે તેટલું જ્ઞાન હોય તોય એના પર અભિમાન કરવા જેવું નથી કે 'હું મોટો જ્ઞાની, હું બહુ વિદ્વત્તાવાળો...'

**કાલિકસૂરિજીની શિખામણ :**

કાલિકસૂરિજી મહારાજનો ભાણેજ મુનિ પરિવાર સાથે મામા મહારાજને વંદનાર્થે દૂર દેશથી આવી રહ્યો હતો. તે હવે મામા મહારાજના ગામની નજીકના

ગામે આવી પહોંચ્યો છે, અને ત્યાં મુનિઓને આગમની વાચના આપે છે. એવા સમયે કાલિકસૂરિજી મહારાજ એકલા ત્યાં આવી પહોંચ્યા, અને વાચના-મંડળીની પાછળ ચૂપચાપ બેસી ગયા ! મળ્યે વર્ષો થઈ ગયેલા અને દરમિયાન કાલિકસૂરિજી મહારાજ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપના અઠંગ ઉપાસક, તેમજ ઉંમર પણ ખાસ્સી થયેલી એટલે કાયા ઉતરી ગયેલી, તે ભાણેજ મુનિએ ઓળખ્યા નહિ. એ તો સમજ્યા કે કોઈ સામાન્ય વૃદ્ધ મુનિ બહારથી આવ્યા છે, એટલે એમના સ્વાગત-સત્કાર જેવું કાંઈ કર્યું નહિ, તો પૂછો,–

**પ્રશ્ન :** આવા માટે આચાર્ય કાલિકસૂરિજી મહારાજ કેમ એકલા ચાલી આવ્યા હશે ?

**ઉત્તર :** વાત એમ બનેલી કે આચાર્ય મહારાજે પોતાના શિષ્યોમાં પ્રમાદ અને અવિનય દેખ્યો, તેથી એમને શિક્ષા આપવા માટે શય્યાતર (મકાનમાલિક)ને સાંજે પોતાનો અભિપ્રાય કહીને વહેલી સવારે એકલા નીકળી પડેલા ! તે અહીં આવી પહોંચ્યા હતા. અહીં વાચના પૂરી થયા પછી ભાણેજ મુનિ અભિમાનથી ઠસ્સો દેખાડતાં આમને પૂછે છે, 'કેમ ડોસા ! વાચના કેમ લાગી ?'

આચાર્ય મહારાજ કહે, સારી. હવે હું ક્યાં ઉતરું ? તે બતાવો.' ભાણેજ મુનિએ ખૂણો દેખાડ્યો, એટલે ત્યાં જઈ બેસી ગયા, અને સ્વાધ્યાય કરવા લાગ્યા.

ત્યાં આચાર્ય મહારાજના શિષ્યો સવારે જાગીને જુએ છે તો ગુરુ નથી દેખાતા ! અરસપરસ પૂછે છે પણ એક જ જવાબ મળે છે 'ખબર નથી'. સમજી ગયા કે આપણા પ્રમાદના અપરાધથી આપણને છોડીને ક્યાંક ચાલ્યા ગયા લાગે છે. પરંતુ મકાનમાલિક (શય્યાતર)ને પૂછીને ગયા હશે, 'કેમ કે સાધુની વિધિ કે મકાનમાં ઉતરતાં અને મકાન છોડીને જતાં મકાનમાલિકને પૂછવું જોઈએ. એટલે ચાલો એમને પૂછીએ.'

એમ કરી શય્યાતરને પૂછે છે 'ગુરુજી ક્યાં ગયા ?'

પેલો કહે 'અરે !' તમે મને પૂછો છો ? 'તમારા ગુરુજીની ખબર તમે નથી રાખતા ?'

સાધુઓ કહે 'ભાઈસાબ ! અમારી ભૂલ થઈ પણ તમને તો કહીને ગયા હોય, એટલે હવે તમે બતાવો ગુરુજી ક્યાં પધાર્યા છે ?'

છેવટે શય્યાતરે બતાવ્યું એટલે સાધુ અહીં આવી પહોંચ્યા. અહીં આવીને ભાણેજ મુનિને પૂછે છે, 'આચાર્ય મહારાજ સાહેબ અહીં પધાર્યા છે ?'

'કોણ ? કાલિકસૂરિજી મહારાજ ?'

'હા, હા તો અહીં તો આવ્યા નથી ?'

'અહીં કોઈ જ આવ્યું નથી ?'

'એક બુઢ્ઢા મહારાજ આવ્યા છે, જાઓ જુઓ પેલા ખૂણામાં બેઠા છે.'

એ સાધુઓ જઈને આચાર્ય મહારાજને ઓળખી પગમાં પડી આંસુ સાથે માફી માગે છે, 'ભગવંત ! ક્ષમા કરો, ક્ષમા કરો અમારા અપરાધને...'

પેલા ભાણેજ મુનિ તો આ જોતાં સ્તબ્ધ જ થઈ ગયા, લજવાઈ ગયા કે આ જ મામા આચાર્ય મહારાજ સાહેબ ! ને મેં મૂરખે હાય ! હાય ! આમની આગળ અભિમાન દેખાડ્યું કે કેમ વાચના કેમ લાગી ?'

હવે એય પગમાં પડી ક્ષમા માગે છે "પ્રભુ ! પ્રભુ ક્ષમા કરો, ક્ષમા કરો મને; આપશ્રીને મેં ઓળખ્યા નહિ, ને આપશ્રીની આગળ મેં મારું ખોટું અભિમાન દેખાડ્યું ?'

**અભિમાન ઉતારનારી ગુરુવાણી :**

ત્યાં આચાર્ય મહારાજ એને કહે છે, : 'જો ભાઈ !' આપણી પાસે કેટલું જ્ઞાન તે આપણે અભિમાન કરીએ ? ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામી પાસે અનંતજ્ઞાન ! એ સમજો કે જ્ઞાનનો એક મોટો મહાસાગર ! એમાંથી એમણે માત્ર એક ખોબો ભરી જ્ઞાન ગણધર ભગવાનને આપ્યું; જેના પર દ્વાદશાંગી અને ૧૪ પૂર્વ આગમોની એમણે રચના કરી ! પછી એમણે એ ખોબા જેટલા જ્ઞાનમાંથી પોતાના શિષ્યોને જ્ઞાન આપ્યું. ભલે બધું આપ્યું તો પણ એ પૂરું તો આપી શકે નહિ એટલે ઓછું જ હોય, એ શિષ્યોએ વળી એમના શિષ્યોને આપ્યું... એમ ક્રમસર અપાતાં અપાતાં મારી તારી પાસે આવ્યું તે ત્રિભુવનગુરુ તીર્થંકર ભગવાનના અનંતજ્ઞાન આગળ કેટલું ? સમજ કે સમુદ્રમાંથી કોઈકે ખોબો પાણી ભરી બીજા કોઈકને આપ્યું હોય; એ વળી એ ખોબો બીજાને આપે, બીજો વળી ત્રીજાને આપે... એમ અપાતું ચાલે તેમાં કેટલુંક અંજલિમાંથી ઢળતું ય જાય, તો ૧૦-૧૫મી પેઢીને ફાળે કેટલું આવે ? ક્યાં આ ખોબામાંથી ય ઓછું થતું આવેલું જ્ઞાન ? અને ક્યાં અનંતજ્ઞાન ? આવા અતિ અતિ અલ્પ બિન્દુ જેટલા આપણા જ્ઞાન પર આપણે અભિમાન કરવાનું ?

ભાણેજ શિષ્યે કાલિકસૂરિજી મહારાજાની ખૂબ જ ક્ષમા માંગી.

સારાંશ, અનંત જ્ઞાનના ધણી તીર્થંકર ભગવાનને બોલતાં કશો વિચાર જ શાનો કરવાનો હોય કે 'અહીં કઈ યુક્તિ કામ લાગશે ? ને કયું દૃષ્ટાન્ત લાગુ પડે ?'

પ્રભુની વાણી 'દાક્ષિણ' એવી કે પોતાને બોલવામાં કશી કઠિનાઈ નથી પડતી, તેમ સાંભળનારને પણ સમજવામાં કશી કઠિનાઈ નથી પડતી, એવી સરળ હોય છે.

**અસંદેહકર :**

ભગવાનની વાણીનો આ એક અતિશય છે કે એ સાંભળતાં શ્રોતાને લેશ માત્ર પણ શંકા ન થાય. અર્થાત્ શંકાશીલ બોધ નહિ, પણ નિશ્ચિત બોધ થાય, એવી વાણી અરે ! હૃદયની કેઈ શંકાઓનું એ વાણીથી ઉન્મૂલન થઈ જાય ! અનેકોના દિલમાં જુદાં જુદાં પ્રશ્ન જુદી જુદી શંકા ઉદ્ભવિત થઈ હોય, પણ પ્રભુની વાણીનો આ અતિશય છે કે પ્રભુના માત્ર એક જ વાક્યથી આ અનેકોની શંકાઓનું નિરસન થઈ જાય છે !

**પ્રશ્ન :** શંકાઓ તો કંઈ પ્રકારની નિરનિરાળી હોય, એના એક જ વચનથી સમાધાન શી રીતે થાય ?

**ઉત્તર :** આ સવાલ આજના કેટલાંક ચાલુ વિષયથી તદ્દન જુદા ગમે તે ગમે તે પ્રશ્નની ફેંકોલોજી ચલાવે છે એમનો છે. જ્યારે વસ્તુગત્યા શ્રોતાઓ, પ્રભુ જે વિષય પર બોલતા હોય, એને વફાદાર હોય છે. અર્થાત્ એ વિષયમાં મનને પરોવનારા હોય છે. પછી પ્રશ્ન કેવા ઊઠે ? તો કે ચાલુ વિષય અંગે જુદાં જુદાં પ્રશ્ન ઊઠે, એના ઉત્તર પ્રભુનાં એક જ વચનથી મળી જાય. એવો અતિશય પ્રભુનો હોય છે ! કેવી મજા આવી જિનવાણી સાંભળવાની ! આપણે સાંભળતા રહીએ, ક્યાંક આપણા મનમાં પ્રશ્ન ઉઠતો રહે અને પછી તરતમાં પ્રભુવચનથી જ એનું સમાધાન મળે.

**(૩) વાણી વિભ્રમાદિ વિયુક્ત :**

પ્રભુની વાણી 'વિભ્રમ' અર્થાત્ ભ્રાન્તિપૂર્વકની નથી હોતી. પ્રભુને કેવળજ્ઞાન છે. એટલે પ્રભુને પોતાને બોલવાના વિષય અંગે કશી ભ્રાન્તિ વગેરે હોતું નથી. પ્રભુ અભ્રાંતપણે નિશ્ચિત પદાર્થ જ બોલનારા હોય છે. તેમ શ્રોતાને પણ બોધ ભ્રાન્તિ-ભ્રમણારહિત થાય છે. વાત પણ સાચી છે. બોલનારને પોતાને પોતે જે કાંઈ કહી રહ્યો છે, એમાં ભ્રમણા ભ્રાંતી હોય, તો સાંભળનારને એના કથનથી ભ્રાન્તિવાળો બોધ થવાનો. મિથ્યા દર્શનવાળાની શી સ્થિતિ છે ? આવી જ. એ દર્શનકાર પોતે જ ભ્રાન્તિવાળા છે, એટલે એમના કથનથી દોરવાઈ જનારાને ભ્રાન્તિવાળો જ બોધ થાય છે.

**જૂઠું શાથી બોલાય છે ? :**

આનું મૂળ કારણ, દર્શનકારોને પોતાને સંપૂર્ણ રાગદ્વેષ નષ્ટ થયા નથી, તેમજ પદાર્થનું વસ્તુ-તત્ત્વનું પૂરું પ્રત્યક્ષ જ્ઞાન પણ નથી, ને તર્ક અને કલ્પનાના ઘોડા દોડાવવાના હોય છે; એટલે એમનો બોધ ભ્રમણાવાળો હોય. એમાં નવાઈ નથી. માતાને દીકરા પર અત્યંત રાગ હોય છે, તો તોફાની દીકરા માટે માની લે

છે કે 'મારો દીકરો ડાહ્યો છે.' દુશ્મન પર દ્વેષ હોય છે તો એ બીજાની દૃષ્ટિએ સારો છતાં પોતે એને ખરાબ માની લે છે. તેમજ વસ્તુનું સંપૂર્ણ ભાન ન હોય અને એનું સ્વરૂપ વિચારવા વર્ણવવા જાય, તો સંભવ છે ક્યાંક અસત્ય વિચારાઈ જાય, ને બોલાઈ પણ જાય, વસ્તુના સંપૂર્ણ પ્રત્યક્ષ દર્શન વિના અને જ્ઞાનીનો આધાર રાખ્યા વિના પોતાની આપમતિએ વિચારવામાં ભ્રમ-ભ્રાન્તિરૂપ બોધ થવાનો પૂરો સંભવ, રાગદ્વેષ કે મિથ્યા કલ્પના યથાર્થ બોધ ન કરાવી શકે. એ રાગ આદિ એ અસત્ય ભાખેલામાં કારણ છે.

અરિહંત પ્રભુ વીતરાગ છે, એટલે એમને રાગ નથી, દ્વેષ નથી; તેમજ પોતે સર્વજ્ઞ છે, એમને બધું પ્રત્યક્ષ છે, તેથી એમાં લેશ અજ્ઞાનતા નથી કશી ભ્રાન્તિ નથી, તેથી જ અસત્ય બોલવાનું કોઈ કારણ નથી. એ જોઈને જ ગણધર બનનાર ઈંદ્રભૂતિ ગૌતમાદિ ૧૧ બ્રાહ્મણો ૧૪ વિદ્યાના પારગામી છતાં અરિહંત મહાવીર પરમાત્માનાં ચરણે ઝૂકી પડ્યા. એમને લાગ્યું કે 'ક્યાં અમારો કૂવાના દેડકા જેટલો બોધ' અને કયાં આ સાચા સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનો અનંત બોધ ? મહાવીર પ્રભુના સમજાવવાના પ્રયત્નમાં ગૌતમે જોયું કે એક વેદ વાક્યમાં પણ જો પોતાને ભ્રાન્તિ હતી તો પોતાને વિરાટ વિશ્વના સાચા બોધની વાત પણ શી ? ભ્રમણાત્મક જ બોધ હોય. હવે જો વીતરાગ સર્વજ્ઞ પ્રભુનું શરણું મળે છે તો પછી મિથ્યા મતને શાનું વળગી રહેવાનું હોય ? સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ એટલે જ કહે છે.

**'पक्षपातो न मे वीरे, न द्वेषो कपिलादिषु ।**
**युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥'**

અર્થાત્ હું મહાવીર ભગવાનને કેમ વળગી પડ્યો છું ? આ ભગવાન કાંઈ મારા કાકા, મામા નથી થતા. તે એમને પક્ષપાતથી રાગથી વળગ્યો હોઉં; તેમ કપિલ વગેરે દર્શનકારો, સાંખ્યમત, વેદાન્તમત વગેરે મત (દર્શન) ચલાવનારા, - એ કાંઈ મારા દુશ્મન નથી કે એમના પર દ્વેષથી એમને માનવા છોડી દીધા હોય. કિન્તુ કલ્યાણનો રાહ એ છે કે, 'જેમનું દર્શન યુક્તિયુક્ત હોય, એમને જ વળગવું.' વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર મહાવીર ભગવાનનું દર્શન મને બરાબર યુક્તિયુક્ત લાગે છે, લેશ પણ ભ્રાન્તિ વિનાનું લાગે છે. તેથી મેં એમનુ શરણું સ્વીકાર્યું છે એ યથાસ્થિત વસ્તુવાહી છે, માટે જ એમના વચનને શિરોમાન્ય કરું છું.

આપણા માટે આ એક આલંબન છે કે અતિ મહાન બુદ્ધિના નિધાન આવા મોટા ધુરંધર વિદ્વાનો ઈંદ્રભૂતિ, ગૌતમ, ભદ્રબાહુસ્વામી, સિદ્ધસેનદિવાકર, જિનભદ્રગણી ક્ષમાશ્રમણ, હરિભદ્રસૂરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય... યાવત્

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ વગેરેએ જિનવચનને જૈનદર્શનને શિરોમાન્ય કર્યું છે. તે એમણે જ એને સર્વેસર્વા શરણ કરવા યોગ્ય કહ્યું છે, તો પછી આપણે બીજો વિચાર શાનો કરવાનો હોય ? આપણે તો એ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનાં દર્શનને-શાસનને આંખ મીંચીને વળગી પડવાનું.

આજે કેટલાંક ગાંડાઓ લવારો કરે છે 'યોગ દર્શનમાં કેટલીક તાત્ત્વિક વસ્તુઓ છે, જે જૈન દર્શનમાં નથી;' 'ક્રિશ્ચિયન મતમાં જે મૈત્રીભાવ અને માનવ દયા છે તે આપણામાં નથી' 'બૌદ્ધ દર્શનનના ત્રિપિટકમાં જે તત્ત્વદર્શન છે અજોડ છે'... આવી આવી ગાંડી કલ્પનાઓ કરે છે. એમને જૈનદર્શનની વિશાળતા વ્યાપકતા અને સૂક્ષ્મતાનું ભાન નથી. બિચારો જૈનશાસન સાથેના જૈનકુળમાં જન્મ પામી ગયા પછી હારી જાય છે ! જૈન શાસ્ત્રોનો વ્યાપકરૂપે અભ્યાસ કરતા નથી, આધુનિક ઉપરછલકા બોધને આપનારા મિથ્યામતના પુસ્તકો વાંચી વાંચીને ભ્રાન્તિ અભિપ્રાય બાંધી દે છે. પછી છતે દીવે આંખ મીંચી અંધારે અથડાય એમાં નવાઈ નથી. તીર્થંકર ભગવાનની વાણી વિભ્રમ-ભ્રાન્તતાથી રહિત હોય છે એટલે એમની વાણીથી બોધ પામનાર વસ્તુનો યથાર્થવેત્તા બને છે.

**(૪) વાણી અન્યોત્તરહીન :**

તીર્થંકર પ્રભુની વાણીનો એક અતિશય 'અન્યોત્તરહીનતા'નો હોય છે. એનો અર્થ એ, કે પ્રભુના વચનની સામે કોઈ દૂષણ કાઢવા, વગેરે હોતું નથી. જિનવચન સર્વેસર્વા ટંકશાળી વચન હોય છે. એમાં દોષ શોધવા એ દૂધમાં પોરા શોધવા જેવું છે. જિનવચન પર પ્રશ્ન જ ન થઈ શકે ત્યારે તો ભગવાનના સમવસરણમાં આવનારા કુમતિઓ પાખંડીઓ પ્રભુની સામે કશી કુમતની દલીલ કરી શકતા નથી. ઊલટું 'હા બરાબર ! હા સરસ ! એમ બોલે. પરંતુ જિનવાણી સાંભળીને જ્યારે નીચે ઉતરે છે ત્યારે અંદર-અંદર વાત કરે છે કે જોઈ કેવી માયા જાળ ? કેવી ઈંદ્રજાળ છે ? માણસો એવું બોલે છે, કે એ આપણી બુદ્ધિમાં એ વખતે તો બરાબર બેસી જાય, પણ તેથી કાંઈ લલચાઈ જવાનું નહિ; કેમકે જગતમાં કુતર્ક ઘણા...' પાછળથી આવું વાંકું બોલનારની મજાલ નથી કે પહેલાં સાંભળતી વખતે પ્રભુનાં વચનની સામોસામ ખંડનનો બોલ બોલી શકે. કેમ કે પ્રભુની વાણી 'અન્યોત્તર રહિત' અતિશયવાળી હોય છે. ત્યારે અહીં પ્રશ્ન થાય.

**પ્રશ્ન :** તો પછી શાસ્ત્રોમાં ગણધરવાદ જેવામાં પ્રશ્ન ઉત્તર તો આવે છે, તો અન્યોત્તર રહિત શી રીતે ?

**ઉત્તર :** એ જે આવે છે એ શિષ્યને સમજાવવા માટે કે જો આ કથન સામે આવો પ્રશ્ન કોઈ લઈ આવે, તો એનો આ ઉત્તર છે. અથવા એક જ પદાર્થને જુદાં

જુદાં દષ્ટિબિન્દુથી જોવો હોય ત્યારે એમાં એક કરતાં બીજી દષ્ટિએ કેમ વધારે સારું ? એ બતાવવા પૂર્વના દષ્ટિબિન્દુમાં પ્રશ્ન ઉઠાવી એનું નિરાકરણ બીજાથી બતાવાય.

**(૫) વાણી અપ્રકીર્ણ અપ્રસૃત :**

ભગવાનની વાણીનો આ એક અતિશય, કે વાણીમાં સંબંધ વિનાના પદાર્થનું પ્રતિપાદન જ નહિ. જે બોલાય તે સંબંધવાળા પદાર્થનું જ બોલાય. અર્થાત્ એક વસ્તુનું નિરુપણ ચાલ્યું તો તેના સંબંધિત પદાર્થનું એમાં વર્ણન આવે, પણ જે તે પરચુરણિયા અપ્રસ્તુત પદાર્થની વાત ન આવે, આનો લાભ એ છે કે કશી પરચુરણીયા વસ્તુની વાત જ ન હોય, અને પ્રસ્તુત તત્ત્વ અંગે જ નિરૂપણ ચાલતું હોય, ત્યારે શ્રોતાના મનમાં એની જ પુષ્ટિ થાય.

**પ્રશ્ન :** પ્રભુ તો ઘણું બધું જાણતા હોય છે; તો પછી એમની વાણીમાં અપ્રસ્તુત વિષય પણ કેમ ન આવે ?

**ઉત્તર :** બોલવામાં અપ્રસ્તુત વિષય ન આવવાનું કારણ વેપારીનો હિસાબ છે. વેપારીને ઘરાકને માલ પકડાવવો હોય છે તો ઘરાક આગળ માલના જ ગુણ ગાય છે, માલ અંગેની જ વાત કરે છે, બાકી અપ્રસ્તુત વાતો નહિ કરે. તો પછી પ્રભુને ભવ્ય જીવોને તત્ત્વ પકડાવવા છે, માર્ગ પકડાવવો છે, તો ભલેને બીજું ઘણુંય પોતે જાણતા હોય, પરંતુ અપ્રસ્તુત વાત શાની કરે ?

પ્રભુ જેમ 'પ્રકીર્ણ' એટલે કે પરચુરણીયું યા આડુંઅવળું બોલનારા નથી હોતા. એમ પ્રસૃત એટલે કે બહુ પ્રસારીને - લંબાવીને પણ બોલનારા નથી હોતા, કેટલાંકોને કુટેવ હોય છે તે નાની નજીવી વાતને પણ લંબાવ્યા કરે. પાંચ મિનિટમાં જે વાત પતે એવી હોય, એને ૧૫-૨૦-૨૫ મિનિટ સુધી લંબાવ્યા કરે. આવા વ્યાખ્યાનથી શ્રોતા કંટાળી જાય. વાણીમાં માલ ઉમદા પરંતુ લાંબો પ્રસારો કરીને કહેવા જતાં એ ઉમદા માલ તરફ પણ શ્રોતાને કંટાળો આવે, અભાવ થાય.

**(૬) વાણી અવ્યાઘાતવાળી :**

પ્રભુની વાણીમાં આ એક મહાન અતિશય હોય છે કે પૂર્વાપર કથનમાં પરસ્પર વિરોધ ન હોય, ઉત્તર કથન પૂર્વ કથનથી વ્યાહત ન થાય, વ્યાઘાત ન પામે. જેમ વેદશાસ્ત્રમાં પ્રારંભમાં કહ્યું છે કે, **'मा हिंस्यात सर्वभूतानि'** અર્થાત્ કોઈ પણ જીવની હિંસા નહિ કરવી, પછી એ જ વેદશાસ્ત્રમાં આગળ પણ કહ્યું છે કે, 'સ્વર્ગની ઈચ્છાવાળો પશુ યજ્ઞ કરે,' અર્થાત્ બકરાની હિંસાવાળો યજ્ઞ કરે, એમ ન્યાયદર્શન નવદ્રવ્ય બતાવતાં જીવ દ્રવ્યને એકાંતે નિત્ય બતાવે છે. પછી આગળ જઈને એમાં જન્મ-મરણ અને વિવિધ ગતિઓમાં ભ્રમણ બતાવે છે. આ

પરસ્પર વિરુદ્ધ છે, કેમકે જીવ જો એકાંત નિત્ય છે, તો એમાં કશો ફેરફાર થાય નહિ, તો મરણ શી રીતે થાય ? આવા ફેરફારો તો થાય જ છે, એ જ બતાવ છે, કે જીવ એકાંતે નિત્ય નથી.

પ્રભુ-વચન જેમ પરસ્પર બાધિત નહિ, મિથો અબાધિત હોય, એમ ત્રિકાલાબાધિત હોય છે, કેમ કે પ્રભુને અનંતકાળ તેમજ અનંતકાળના પદાર્થ અને પ્રસંગ પ્રત્યક્ષ હોય છે. એટલે પહેલાં કહ્યું, ને પછી કહ્યું, એમાં એકબીજાને સંઘર્ષ થવા જેવું વ્યાઘાત થવા જેવું બનતું નથી.

જિનેશ્વર ભગવાનની આવી વાણી છે તેથી જ જિનની વાણીને સંઘરનારા જિનાગમ એકાંતે શ્રદ્ધા કરવા યોગ્ય ને સર્વેસર્વા માન્ય કરવા યોગ્ય છે. જિનવાણીના આ અવ્યાઘાત અવિસંવાદી ગુણના હિસાબે મહાતાર્કિક શ્રી સિદ્ધસેનદિવાકર મહારાજ આદિ ધુરંધર વિદ્વાનો જૈન ધર્મને વળગી પડેલા.

**(૭) સ્વશ્લાઘા-પરનિંદા રહિત :**

પ્રભુની વાણીમાં આ એક અતિશય છે, મહાન વિશેષતા છે, કે એમાં પોતાની પ્રશંસા યા પરની નિંદાનો અક્ષર ન મળે. આને અતિશય કહેવાનું કારણ એ છે કે સારા વક્તામાં હું પદ આવી જવા સંભવ રહે છે, ને તેથી પોતે જ પોતાની પ્રશંસા સીધી યા આડકતરી રીતે કરવા પ્રેરાય છે, દા.ત. કોઈ પૂછે,

**પ્રશ્ન :** આ તમે આટલું બધું કહો છો તો સાહેબ ! આટલી નાની ઉંમરમાં ગુરુએ સારું ભણાવ્યા !

આમ કોઈ પૂછે તો કહેશે.

**ઉત્તર :** એ તો એવું છે ને કે ભણવાની મહેનત કરવી પડે મહેનત કરીએ તો સારું કેમ ન આવડે ? આ બોલવામાં શું છૂપાયું છે ? કહો, અભિમાન કે 'મેં સારી ભણતરની મહેનત કરી;' અને એથી આડકતરી રીતે જાતની બડાઈ ગાવાની જાતની પ્રશંસા કરવાની કે આવી મહેનત કરનાર હું કેવો સારો !

આમ આપણી જાતનાં પ્રભુની અપેક્ષાએ ગુણના કશા ઠેકાણાં નથી છતાં આપવડાઈ ગાવાનું મન થઈ જાય ત્યારે પ્રભુમાં લાયકાત કેટલી બધી ઊંચી ! તેમજ ગુણો કેવા અનંતા ! છતાં પ્રભુને આ કશું મન જ નહિ. આપણે જો આવા ઉદ્દંડ મન પર કાબૂ મૂકવો હોય, તો જિનેશ્વર ભગવાનનું મહાન આલંબન છે. એમના પર આપણને એમ થાય કે, 'ધન્ય પ્રભુ ! ધન્ય, કે હું આપને પામ્યો; જે આપનામાં અનંતા સદ્‌ગુણો છે, અનંતા સુકૃતો છે. છતાં આપ આપના મુખે કદી આપની પોતાની પ્રશંસા કરતા નથી, આપની વડાઈ કદાપિ ગાતા નથી ! ને મને આપવડાઈ ગાતાં શરમ નથી ?'

**પ્રશ્ન :** તો આપણને કેમ જાતપ્રશંસા કરવાનું મન થાય છે !

**ઉત્તર :** કારણ એ છે કે આપણે વિચારતા નથી કે 'જાતની પ્રશંસા કરીને આપણને મળે છે કેટલું ?' ચાર માણસમાં એથી સારા દેખાયા અને પછી એ લોકોએ કદાચ બીજા આગળ આપણી પ્રશંસા કરી, આટલો જ લાભ ને ? શું આ બહુ મોટો લાભ છે ? ના, તો પછી એવા અલ્પ લાભ ખાતર આપણે આપણા દિલમાંથી ગંભીરતા ગુણને બહાર ધકેલી દેવાનો ? પ્રભુ આગળ આપણે તો કશી જ વિસાતમાં નથી, 'એવા અતિ મોટા પ્રભુ પણ જો પોતાની પ્રશંસા ગાતા નથી, તો હું કોણ માત્ર ?' આપણે તો પ્રભુના સાચા વારસદાર થવાનું છે, એમના ગુણો-સુકૃતો-સદાચારોનો આપણામાં યત્કિંચિત્ પણ વારસો ઉતારવાનો છે.

જોવા જઈએ તો સમજાય એવું છે કે 'આપણી પાસે ગુણો કેટલા ?' સુકૃતો કેટલા ? સાધનાઓ કેવી ? પરોપકાર કેટલા ? દોષો કેટલા ? આપણા ગુપ્ત દુષ્કૃત્યો કેટલા ? એમાંય ખાસ કરીને માનસિક અશુભ વિચારો કેટલા ? આ વિચારીએ તો આપણી દુર્દશા મોટી દેખાય.

આવી આપણી મહાદુર્દશા હોય છતે આપણે કયા મોઢે આપણી બડાઈ હાંકીએ ? કઈ સમજે જાત-પ્રશંસા કરીએ ? ભગવાનની વાણીમાં જેમ સ્વપ્રશંસા નથી આવતી, તેમ પરનિંદા પણ નથી આવતી. અલબત્ત ભગવાનની ને ભગવાનના શાસનની વિરુદ્ધ બોલનારાને ભગવાન જાણે છે, છતાં એની નિંદા કરવાની વાત નહિ. પૂછો,—

**પ્રશ્ન :** તો શું ભગવાન એવા વિરોધીનું કશું ખંડન કરે નહિ ? જો કરે તો એ નિંદા ન થઈ ?

**ઉત્તર :** સવાલ મહત્ત્વનો છે; પરંતુ અહીં સમજવા જેવું છે કે વિરોધીના કુમતનું ખંડન એ મિથ્યાત્વનું ખંડન છે. મિથ્યાત્વના ખંડન વિના સમ્યક્ત્વનું મંડન થાય નહિ. મિથ્યામાર્ગનો મોહ છૂટે, તોજ સમ્યગમાર્ગનો રાગ થાય; અને એ કુમાર્ગનો મોહ છોડાવવા એની ખરાબીઓ બતાવવી જોઈએ. ત્યારે કુમાર્ગનો મોહ છોડાવવા એની ખરાબી બતાવવી એ કાંઈ અજુગતું નથી. દૂધપાકમાં ઝેર પડ્યું હોય અને કોઈ એ દૂધપાક ખાવા તૈયાર થતો હોય, તો એને બચાવી લેવા એની ખરાબી બતાવવી જ પડે. એ બતાવાય એ કાંઈ અજુગતું નથી; કેમ કે એ જો ન બતાવાય, તો પેલો એ ઝેરવાળો દૂધપાક ખાઈને મરે ને એને એમ મરતો જોઈ રહેવું એ દયા નહિ, ક્રૂરતા છે. પૂછો,—

**પ્રશ્ન :** કુમત સાથે કુમતવાળાનું ખંડન કરવામાં તો નિંદા થઈ જ ને ?

**ઉત્તર :** કુમતવાળાની વૈયક્તિક કશી નિંદા કરવાની હોતી નથી; નિંદા કરાય

નહિ, માત્ર ઓળખ કરાવાય કે આ ભાઈ સારા ભવી જીવ છે. પરંતુ જે આ મત સ્થાપે છે એ કુમત છે, જૂઠો મત છે. એ માનવા જેવો નથી.

**શું વીરે ગોશાળાની નિંદા કરી ? :**

મહાવીર ભગવાનને એકવાર ગૌતમસ્વામીએ બહારથી આવીને પૂછ્યું, 'ભગવંત ! આજ શ્રાવસ્તિમાં બે જિન છે, એમ બોલાય છે, તે શું સાચું છે ?'

ભગવાને કહ્યું, 'ના, સાચું નથી; કેમ કે બીજા જિન તરીકે ઓળખનાર ગોશાલક એકવાર જાતે ને જાતે અમારા શિષ્ય તરીકે બની બેઠેલો; મુનિઓ પાસેથી કાંઈક નિમિત્તશાસ્ત્ર ભણેલો; તે હવે એના આધારે લોકોને નિમિત્તોથી ભવિષ્ય કહી કહી ભરમાવે છે કે 'હું સર્વજ્ઞ છું'; પરંતુ વાસ્તવમાં એ સર્વજ્ઞ નથી.'

આમ પ્રભુએ ખુલાસો કર્યો એ શું ગોશાલકની નિંદા કરી ? ના, ભદ્રલોક ગોશાલકના અસત્ નિયતિ માર્ગમાં દોરાઈ જતા હતા, તે પ્રભુએ લોકોને ગોશાલકની એને એના કુમતની સાચી ઓળખ આપી બચાવી લીધા; નહિતર કુમત-કુગુરુમાં જીવનભર ફસાયા રહેવામાં લોકો બિચારા દુર્ગતિઓમાં રખડતા થઈ જતે માટે ત્યાં એવો વિચાર ન કરાય કે 'કુમતીના કુમતનો પ્રચાર બંધ કરવા માટે લોકોને' જો એનો ઘટસ્ફોટ કરીએ કે 'આ કુમત આવી રીતે ખોટો છે, ને એને વળગી રહેવામાં સોના જેવો માનવભવ માટી થઈ જાય ! તો એમાં તો નિંદા થાય'. – આવો વિચાર ન કરાય; કેમ કે જો કુમત ફેલાયો ન અટકાવવામાં આવે, તો એ કુમત ફેલાઈ ફેલાઈને કેટલાય બિચારા મહાન પુણ્યોદયે ઉત્તમ માનવભવે આવેલા મનુષ્યોને ઊંધે રવાડે ચડાવી પાછા હલકી યોનિયોમાં દુર્ગતિના હલકા ભવોમાં ભટકતા કરી દેનારો બને ! નિંદા તો એને કહેવાય કે જ્યાં સામામાં ખરેખર કોઈ અસત્ આચાર છે. છતાં બીજા આગળ એનું પ્રકાશન કરાય; એને ગાયા કરાય, તો એ નિંદા છે; એ ત્યાજ્ય છે. નિંદા તો રસ્તે જનાર એક સામાન્ય માણસની પણ ન કરાય, તો ધર્મમાં આગળ વધેલાની નિંદા કેમ કરાય ? જો એ ન કરાય, તો મહાન તપસ્વી, શાસ્ત્રજ્ઞાની યા પ્રભાવક મહામુનિની કે પંન્યાસ, ઉપાધ્યાય કે આચાર્યની નિંદા તો કરાય જ કેમ ?

ભગવાન અનંતજ્ઞાની છે, પરમદયાળુ છે. ત્યારે જગતના જીવો બિચારા પાપમાં પડેલા છે, મિથ્યાત્વમાં ફસાયેલા છે. આવા જગતના પાપી જીવો મિથ્યાત્વી જીવો દયાપાત્ર છે, એમને બચાવી લેવા ભગવાને ગોશાલકની ઓળખ કરાવી. બાકી તો સામાન્યથી જીવો કર્મવશ છે, મોહવશ છે એટલે ભૂલ કરી નાખે. એ દયાપાત્ર છે, એમની નિંદા શી કરવી ?

લલિતવિસ્તરા શાસ્ત્રમાં કહ્યું, - ધર્મનો અર્થી કોણ ? ધર્મને યોગ્ય કોણ ?

તો કે જેને ધર્મ પર બહુમાન હોય એ. બહુમાન શી રીતે ઓળખાય ? તો એ માટેનાં લક્ષણ બતાવતાં એક લક્ષણ આ બતાવ્યું કે ધર્મ પર બહુમાનવાળો તે છે, કે જે ધર્મહીનનો તિરસ્કાર ન કરે, ધર્મહીનની નિંદા ન કરે, પરંતુ એની ભાવદયા ચિંતવે એનું કારણ, એને એક જ વિચાર હોય કે,

"આ બિચારો જીવ કર્મથી ભારે પીડિત છે; એટલે તો ધર્મથી આઘો ને આઘો રહે છે; ઊલટું, ધર્મના વિરોધમાં પડે છે ! આવા કર્મથી પીડાતા બિચારા મરી રહ્યા છે. આ કર્મથી પીડાતાનું શું ઘસાતું બોલવું ? હોસ્પિટલમાં મહારોગથી પીડાતાની તો લોક દયા ખાય છે. ત્યાં કોણ એની હલકાઈ ગાય છે ?" એમ મનમાં કોઈનું હલકું આવે ત્યાં તરત આ વિચારવું કે "આ જીવો બિચારા કર્મથી પીડાઈ રહ્યા છે, તેથી તો એમનામાં આ આ હલકાઈઓ છે. તેથી તો હવે એમને સુધારવા એમની પર દયા કરવી; યા જો એ અસાધ્ય દરદી જેવા છે, તો એમની ઉપેક્ષા કરવી, એને ચોથી માધ્યસ્થ્ય ભાવનાના વિષય બનાવવા."

મૈત્રી આદિ અર્થાત્ મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્ય (યાને ઉપેક્ષા) આ ચાર ભાવનામાં ચોથી 'ઉપેક્ષા' ભાવના છે. આ ચાર ભાવના કોના અંગે કરવી ? તો તત્ત્વાર્થ સૂત્રકાર કહે છે, –

### ધર્મના પાયામાં મૈત્રી આદિ ૪ ભાવ :

**'सत्त्वगुणाधिक क्लिश्यामानाविनीतेषु'** ।

અર્થાત્ (૧) સમસ્ત જીવ (૨) અધિકગુણી (૩) પીડાતા અને (૪) ઉદ્ધત જીવો અંગે કરવી. એવા જીવો પર ક્રમશઃ મૈત્રી, પ્રમોદ, કરુણા, અને માધ્યસ્થ્ય રાખવું. તાત્પર્ય, –

(૧) મૈત્રી એટલે મિત્રતાનો ભાવ અર્થાત્ સ્નેહ વાત્સલ્ય. એ કોના પ્રત્યે રાખવું ? તો કે જીવમાત્ર પ્રત્યે. અર્થાત્ સર્વ જીવો પ્રત્યે વાત્સલ્ય હેત રાખવું, પછી ભલે આપણી પ્રત્યે એ દુશ્મનાવટ પણ રાખતા હોય, પણ આપણા હૈયામાં, એક માતા પુત્ર પર જેવું હેત ધરે, એવું હેત હોય, પ્રેમ વાત્સલ્ય હોય, આ ઉચ્ચ જનમમાંથી ઉચ્ચ શું કમાઈ જવું છે ? આ જ, જીવો પર પ્રેમ અને વાત્સલ્ય. આ ઉચ્ચ જનમમાં જીવન ઉચ્ચ જીવવું જોઈએ. 'ઉચ્ચ' કોને કહેવાય ? તો કે જીવમાત્ર પર પ્રેમ હેત અને વાત્સલ્યભર્યું જીવન એ ઉચ્ચ જીવન. આવા જીવનમાં કોઈ જીવની ય નિંદા હોય ?

પ્રભુને સમસ્ત જીવો પર પરમ મૈત્રી ભાવ હોય, પછી પ્રભુને કોઈનીય નિંદા મનમાં ય શાની સ્ફુરે ?

નિંદા કેમ સ્ફુરે છે ? કોઈનું ઘસાતું બોલવાનું મનમાં કેમ આવે છે ? કહો, એના પર હેત નહિ. પણ કશીક ઈર્ષ્યા-અસહિષ્ણુતા આવે છે, એટલે એનું ઘસાતું બોલવાનું મનમાં સ્ફુરે છે, ને પછી વાણીથી બોલાય છે. હવે જો ત્યાં અપરંપાર હેત હોય તો એના પર ઈર્ષ્યાદિ ન હોય, એટલે એની નિંદા એનું ઘસાતું બોલવાનું શાનું થાય ? ઊલટું દીકરાનું કોઈ ઘસાતું બોલે, તો માતા એનો પ્રતિકાર કરવા જાય છે.

આ મૈત્રીભાવની વાત થઈ.

**(૨) બીજો પ્રમોદભાવ, તે ગુણાધિક પ્રત્યે :**

આપણા કરતાં કોઈ અધિક ગુણવાન છે, તો એમના એ અધિક ગુણ પ્રત્યે આપણને આનંદ જોઈએ; પરંતુ દ્વેષ-ઈર્ષ્યા-અસૂયા નહિ આ પ્રમોદભાવ અઘરો છે. ખૂબી એ છે કે -

**પોતે ગુણિયલ થવું સહેલું છે, પરંતુ ગુણાનુરાગી થવું કઠિન છે,**

કેમ કે જીવને અનંત અનંત કાળની કુટેવ મુજબ બીજાનું સારું સહન થતું નથી. પોતાને પોતાના ગુણ ગમે છે, પણ બીજાના ગુણ ગમતા નથી. એમ બીજાનું સુખ પણ સહન થતું નથી. પોતે પાંચ હજાર કમાયો એ ગમ્યું, પણ સાંભળ્યું કે બીજો સાત હજાર કમાયો, તો ઈર્ષ્યા થાય છે, બળાપો થાય છે કે 'હાય ! એ ક્યાં સાત હજાર કમાયો ?'

કેમ ઈર્ષ્યા ? પ્રમોદભાવ અને પ્રમોદ ભાવનાની ખામી છે. પછી ઈર્ષ્યાનો માર્યો એની નિંદા કરે છે. ધ્યાન પર લેવા જેવું છે કે 'આપણે ક્યાં ભૂલીએ છીએ ? અને તે પણ કેટલે સુધી ભૂલીએ છીએ ?' ભલું હોય તો જેના પર ઈર્ષ્યા થઈ, એનું કાટલું નીકળી જાય તો એના પર પણ આપણને કલેજે ઠંડક થાય ! હૈયાની કેટલી બધી નિષ્ઠુરતા કે બીજાનાં જાલિમ દુઃખ પર હૈયું ઠંડક અનુભવે ?

ભગવાનની વાણીમાં કોઈની નિંદા નથી આવતી એનું એક કારણ આ, કે ભગવાનને કોઈના ઉપર ઈર્ષ્યાભાવ નથી. આપણે પણ આ સ્થિતિ લાવવી હોય તો પ્રમોદભાવ ખૂબ ખીલવવો જરૂરી છે. એ માટે આ વિચારણા ઉપયોગી છે, કે – (૧) સામામાં જો અધિક ગુણ છે, ધર્મ છે, તો એ એના ક્ષયોપશમના પ્રભાવે છે, એના સત્પુરુષાર્થના હિસાબે છે. એમાં મારે ઈર્ષ્યા કરવાનું શું કારણ ? અને (૨) જો સામા પાસે સુખ વધારે છે, તો એ એના પુણ્યના ઉદયના લીધે છે. એમાં મારી ઈર્ષ્યા શી કામ લાગવાની ? ઈર્ષ્યા કરું એટલે કે એનું સુખ હું સહન ન કરું; ને મનમાં ને મનમાં એના પર બળું, તો ય નિર્ધારિત પુણ્યના ઉદય એને સુખ આપ્યે જ જવાના છે. ત્યાં નિષ્ફળ જનારી અને મને પાપના થોક બંધાવનારી તથા ઈર્ષ્યાદોષના કુસંસ્કારના પોટલાં ઊભા કરનારી ઈર્ષ્યા કરવી એ શું મૂર્ખાઈ નથી ?

**(૩) કરુણા ભાવના :**

પ્રભુને નિંદા ન હોવાનું આ એક કારણ, કે પોતે જીવો પર નીતરતી કરુણાવાળા હતા. માણસ ઈર્ષ્યા કરે છે તે સામાની કશી હલકાઈ શોધીને. પરંતુ અહીં જો પ્રભુને જીવો પર કરુણાભાવ છે, તો તેથી જીવોની હલકાઈ શાની શોધે ? અને ખરી ખૂબી તો એ છે કે પ્રભુને એકેક જીવમાં હલકાઈઓ પારાવાર દેખાય છે, પણ એ ગાવાલાયક દેખાતી નથી; કેમ કે જીવોની એ હલકાઈઓમાં એના બિચારા પર કર્મસત્તાની જોહુકમી દેખાય છે. ત્યારે સહેજે કોઈ માણસ બીજાને દબાવતો-દબડાવતો હોય, તો આપણને એ બીજા માણસ માટે હમદર્દી થઈ આવે છે. એમ અહીં જીવોને કુટિલ કર્મસત્તા દબાવે-સતાવે છે, તે દેખીને પ્રભુને જીવો માટે હમદર્દી જ થાય ને ? આમ કરુણાવશ પ્રભુ નિંદા કરતા નથી.

**(૪) ઉપેક્ષા ભાવના :**

ત્યારે જે જીવો અવિનીત-ઉદ્ધત-ઉદંડ છે, એ અસાધ્ય કોટિના છે. એમના દોષ કોઈ સુધારી શકે નહિ, તેથી એમને સુધારવાની દયા કરવા જેવું એ મગશેલિયા પાષાણને ભિંજાવી પોચો કરવા જેવો નિષ્ફળ પ્રયત્ન છે. એટલે,

**એવા અસાધ્ય જીવો કરુણાપાત્ર નહિ, પણ ઉપેક્ષાપાત્ર છે.**

એટલા જ માટે જો આપણે બીજાના દોષ સુધારવાની દયા નથી કરી શકતા, તો આપણા માટે એ નિંદ્ય નહિ. નિંદા કરવા યોગ્ય નહિ. પણ ઉપેક્ષા કરવા યોગ્ય છે, ઉપેક્ષણીય છે. તો જ આપણા ચિત્તની સમાધિ રહે. નહિતર દુનિયા તો દોષોથી ભરેલી છે, તો કેટલાના દોષ ગાયા કરશું ? ને ગાઈએ તો નહિ, પણ મનમાં ય જો લાવ્યા કરીએ, તો તો આપણી આખી જિંદગી બીજાના દોષો જ મનમાં લાવ્યા કરવાનું રહે ! કેમ કે જગતના જીવોમાં દોષો ઘણા ઘણા; તે એ ચિંતવવામાંથી આપણે ઊંચા જ ન આવીએ ! ત્યારે,

બીજાના દોષ ચિંતવ્યા કરવામાંથી આપણને મળે શું ? ને આપણું વળે શું ?

વળે કાંઈ નહિ, અર્થાત્ આપણે બીજાના દોષ ચિંતવ્યા કરવાથી કાંઈ એ સુધરે નહિ; તેમજ આપણને કાંઈ સારું મળે નહિ.

પરદોષચિંતનથી આપણને માત્ર ચિત્તની અસમાધિ, ચિત્તના સંતાપ મળે.

માટે શાસ્ત્રે કહ્યું **"પરચિંતા અધમાધમા"** બીજાના દોષ ચિંતવ્યા કરવામાં અને એથી જાતે બળ્યા કરવામાં આપણે સારું ચિંતવવાનું ગુમાવીએ. (૧) પૂર્વના ને વર્તમાનનાં મહાન આત્માઓના સદ્‌ગુણોને સુકૃતોની અનુમોદના કરવાનું ક્યાં ઓછું છે ? (૨) પરમાત્માનું ચિંતન કરવાનું ક્યાં ઓછું છે ? (૩) તત્ત્વોનું ચિંતન પણ ક્યાં ઓછું છે ? (૪) આપણા ય દોષ કેમ ટળે એનો ઉપાયો ચિંતવવાનું ક્યાં

ઓછું છે ? (૫) તીર્થો મંદિરો યાદ કરવાના ક્યાં ઓછા છે ?....

તે આ બધું સારું ચિંતવવાનું મૂકીને ફોગટ બીજાના દોષો વિચારવામાં અતિ અમૂલ્ય સેંકડો હજારો માનવક્ષણો કાં બરબાદ કરીએ ?

એ તો કદાચ પરદોષ મન પર આવી ગયો તો તરત ત્યાં ઉપેક્ષાભાવ જ લગાડીએ. મન એના પરથી એકદમ જ ઉઠાડી સારા ચિંતનમાં લગાડી દઈએ. પછી પરદોષની ચિંતવના ય નહિ, ને એની બહાર નિંદા ય નહિ કરવાની.

ભગવાનને અસાધ્ય-અવિનીત જીવો પ્રત્યે ઉપેક્ષાભાવ છે, તેથી એની નિંદા નથી કરતા. આમ ભગવાનની વાણીમાં પરનિંદા ય નથી આવતી, ને સ્વશ્લાઘા પણ નથી આવતી.

**(૮) જિનવાણી અમર્મવેધી :**

પ્રભુની દિવ્યવાણીનો વળી આ એક અતિશય હોય છે કે એ જીવોના મર્મ યાને ગુપ્ત રહસ્યનું ઉદ્ઘાટન નથી કરતા. નહિતર પ્રભુને પોતાના અનંતજ્ઞાનમાં જીવોના ગુપ્ત રહસ્ય જાણવામાં શું બાકી રહે ! છતાં શું પ્રભુ એ બહાર પ્રકાશે ? ના, જરાય નહિ. કેમ નહિ ? એ સ્પષ્ટ સમજાય એવુ છે કે જો કોઈ જીવને એમ દેખાયું કે 'આ મારું ગુપ્ત રહસ્ય ખુલ્લું થયું,' તો એના હૃદયને ભારે આઘાત લાગે જગતદયાળુ પ્રભુ એવું શાને કરે ?

આપણે આ બહુ જ સાચવવાનું છે કે કોઈની ગુપ્તવાત, ગુપ્તદોષ ગુપ્તસંદેશો બહાર ન કહીએ; કેમ કે એ કહેવામાં આપણા દિલમાં ગંભીરતા ન રહે, ક્ષુદ્રતા આવે, તુચ્છતા આવે, અને સામાને આઘાત લાગતાં કદાચ કોઈકવાર મોત પણ થઈ જાય.

**વિજયની ગંભીરતા :**

**'શ્રી ધર્મરત્ન પ્રકરણ'** શાસ્ત્રમાં વિજય નામના યુવકનું દૃષ્ટાંત મૂક્યું છે, એમાં આવે છે કે વિજય આમ તો બહુ ગંભીર છે, ગંભીર તે એવો કે લગ્ન પછી પહેલીવાર વહુને બીજે ગામ તેડવા માટે ગયો, ત્યારે એ પરણેલો છોકરીએ નાદાનિયત, કેવી કરી કે એને તત્કાલ સાસરે નહિ જવું હોય તે પતિ સાથે ઘરેથી તો નીકળી, પણ ગામ બહાર આવીને આગળ વધતાં પતિને કહે 'પાણી મળે ?' પતિ બિચારો કૂવો જોવા ગયો, તે એ અક્કલ વિનાનીએ બિલાડીના પગલે પાછળ જઈ કૂવાની ઊંડાઈ જોવા ગયેલા પતિને કૂવામાં ધકેલી દીધો ! પતિ પુણ્યશાળી, તે કૂવો બહુ ઊંડો નહિ ને પોતે પડ્યો તે પણ ઊભો ને ઊભો જ પડ્યો, તેથી કશું લાગ્યું કર્યું નહિ. પોતે સમજી તો ગયો કે 'એને આવવું નહોતું', ને હું એને ખોટું લઈ ચાલ્યો, તેથી આમ થયું, ખેર ! બિચારી કર્મવશ !... કેવી એની કરુણાદૃષ્ટિ.

વિજયે ઘરે આવી કહ્યું, 'શુકન સારા ન થયા એટલે એને એના બાપને ત્યાં પાછી મોકલી દીધી.' કેવીક સરસ ગંભીરતા ! તેમજ પત્ની પર કેવોક કરુણાનો વિચાર કે 'બિચારી !..., હોય..., કર્મવશ છે !' જીવન જીવવાની આ વિશેષતા છે, કે શક્ય હોય ત્યાં પરકરુણા વિચારો, ને ગંભીરતા દાખવો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૨૪,તા.૨૮-૨-૧૯૮૭

**જનમ આપણને ઊંચો મળ્યો તો જીવન ઊંચુ કેમ જીવાય, એ જ જોવાનું છે.**

ગંભીરતાનું જીવન જીવીએ એમાં શું બહુ ગુમાવવું પડે ? કદાચ કોઈ આપણને નમાલા કહે, સ્ટફ (Stuff) વિનાના કહે, તેથી લાગે કે આપણે હલકા પડ્યા; પરંતુ બીજી બાજુએ જુઓ કે આત્મિક દૃષ્ટિએ આપણને કેટલો બધો મહાન લાભ થયો ? આત્મામાં આ ગંભીરતા અને કરુણાદૃષ્ટિના સુસંસ્કાર પડે એ ભવાંતરની મહાન મૂડી થાય.

જરુર પડ્યે પરભવ માટે મનુષ્યજન્મ અને જૈનધર્મ મળવાનું રિઝર્વેશન થાય, પૂછો -

**પ્રશ્ન :** એ કેવી રીતે કે આ ગંભીરતા અને કરુણાદૃષ્ટિ પર ભવાંતર માટે મનુષ્યજન્મ અને જૈનધર્મનું રિઝર્વેશન થાય ? અર્થાત્ ભવાંતરે મનુષ્યભવ અને જૈનધર્મ અવશ્ય મળે ?

**ઉત્તર :** આનો એક રમૂજી દાખલો જુઓ, - મુંબઈ માધવબાગમાં એક જૈનેતર વિદ્વાન પંડિત ભાષણ આપવા આવ્યા. એ ભાષણમાં કહે,

"જુઓ, મહાનુભાવો ! જીવનમાં આગળ વધવું હોય, પ્રભુ સાથે મિલન કરવું હોય તો સ્વયં જ્ઞાન ભણો, અને ભણીને બીજાને ભણાવો, જ્ઞાનદાન કરો; ને એ ય ન બને, તો ય બીજાને જ્ઞાન ભણવાની સગવડ કરી આપો; કેમ કે જ્ઞાનદાન એ મહાન સુકૃત છે.

આ જ્ઞાનદાનનો પ્રભાવ એવો અદ્ભુત છે કે અહીંથી મર્યા પછી તમને અવશ્ય મનુષ્ય-જન્મ મળે.

બીજા દાન કરો એમાં આ ગેરંટી નહિ કે પછી અવશ્ય મનુષ્ય જન્મ મળે. પૂછો, — **પ્રશ્ન :** જ્ઞાનદાનમાં ગેરંટી, ને બીજા દાનમાં નહિ એ ફરક શાથી ?

**ઉત્તર :** ફરક એટલા માટે કે સામાન્ય રીતે નિયમ આ કે તમે જેનું દાન કરો, એ તમને મળે... દા.ત. દયાનું દાન કરો, તો તમને બીજાઓ તરફથી પરભવે દયા મળે. અન્નનું દાન કરો, પરભવે અન્ન મળે, પરંતુ તે બધું પશુના અવતારમાં

પણ મળે. જ્યારે,

જ્ઞાન-દાન એવી વસ્તુ છે કે એના બદલામાં જ્ઞાન મળે તે મનુષ્ય અવતારે જ મળે.

'જે આપો તે પામો.' એ ન્યાયે જ્ઞાન આપો તો જ્ઞાન પામો, પરંતુ જ્ઞાન પામવાનું જનાવરના અવતારે ન થાય. દેખાય છે ને કે ગમે તેવા જ્ઞાની શિક્ષક પણ ઘોડા-ગધેડાને શું ભણાવી શકે ? એટલે જ્ઞાન પામવા માટે તો મનુષ્યભવ જ જોઈએ; અને તે તમે જો અહીં બીજાને જ્ઞાનનું દાન કર્યું હોય તો તમારે પરભવે બદલામાં જ્ઞાન પામવાનું નક્કી થઈ ગયું; ને તે પામવા માટે તમને સાથે સાથે મનુષ્યભવ પણ પામવાનું નિશ્ચિત થઈ જાય." પંડિતે આ દલીલ લગાવી.

કહો, કેવી સીધી ગળે ઉતરી જાય એવી દલીલ ? કે

'તમે અહીં જ્ઞાનનું દાન કરો, તો એના પર તમારે પરભવે જ્ઞાન પામવા માટે મનુષ્યભવનું રિઝર્વેશન થઈ જાય.'

**એવી અહીં આ વાત છે કે તમે જો અહીં ગંભીરતા અને કરુણા વિકસાવો, તો પરભવે એ બે ગુણ મળવા માટે તમને ભેગો ભેગો મનુષ્યભવ મળે;**

કેમ કે એ બે ગુણો મનુષ્યપણે જ સારા મળે અને સારા અમલમાં ઉતારી શકાય.

**પ્રશ્ન :** એ તો ઠીક, પણ જૈનધર્મ કેમ અવશ્ય મળે ?

**ઉત્તર :** જૈનધર્મ અવશ્ય મળવાનું એ રીત બને કે ગંભીરતા અને કરુણાદૃષ્ટિ રાખવાની તે એમ યાદ કરીને રાખવાની કે મારા પ્રભુએ મારા જૈનધર્મે આવા અવસરે ગંભીરતા અને કરુણાદૃષ્ટિ રાખવાની કહી છે; માટે હું એ જ રાખું.' આમ વારે વારે જિન અને જૈનધર્મને આગળ કરાય તેથી ભવાંતરે એ અવશ્ય મળે,

પેલો વિજય કૂવામાં ધકેલનારી પત્ની પર કરુણા વહેવડાવે છે, અને એ પત્નીની આ ઉદ્ધતાઈ કોઈને નહિ કહેવાની ગંભીરતા રાખે છે !

આ ગંભીરતા ય ક્યાં સુધીની ? કે પછી વખત જતાં કુટુંબનો વહુને તેડવા જવાનો બહુ આગ્રહ થયો, તો વિજય મનમાં ગાંઠ ન રાખતાં મોટું દિલ રાખી ફરીથી સાસરે ગયો ! ત્યાં એ પત્ની એને જોતાં આભી બની ગઈ ! કે હે આ જીવતા રહી ગયા છે. ગભરાણી પણ ખરી કે 'આ કદાચ મારું ભયંકર સાહસ ઘરમાં કહી દેશે ! તો તો પછી મારી ફજેતી ! મને બધા તરફથી કેવાં ટોણાં મેણાં મળવાનાં ! પરંતુ એની આ ગભરામણ ખોટી પડી; કેમ કે વિજયે પત્નીને ય લેશ પણ એવો ભાવ ન દેખાડ્યો કે 'તેં તો મને કૂવામાં ધકેલ્યો હતો, પણ મારા સારા નસીબે હું બચી ગયો.' ના, આવો કશો ભાવ પત્નીને ય ન દેખાડ્યો, તો પછી

ઘરમાં તો કોઈને એ પ્રસંગ કહેવાની વાતે ય શી ? પતિની આ મહાગંભીરતા જોઈને પત્ની એના તરફ અત્યંત આવર્જિત થઈ ગઈ ! થઈ જ જાય ને ? શું માણસના જીવનમાં આ શક્ય છે કે "પોતાની જ પત્ની પોતાને કૂવામાં ધકેલવાનું મહાદુષ્ટ કૃત્ય કરે, તો પણ સગી માતાને ય આ પ્રસંગ નહિ કહેવાનો; તેમજ સાસરિયાને પણ કશું કહેવાનું નહિ ?" શું આ શક્ય લાગે છે ? ના; પણ હવે શક્ય નથી એમ બોલાય એવું નથી; કેમ કે વિજયના જીવનમાં જ આ શક્ય બન્યાનું હવે જાણવા મળી ગયું છે એટલે બીજા ત્રીજા બહાનાં કાઢી આવા ગંભીરતા જેવા મનોરમ ગુણોને જીવનમાં સક્રિય બનાવવામાંથી ભાગેડું નથી બનવાનું. ગુણોને સક્રિય કરવાના જ છે. વિજય અહીં સુધી પર-મર્મ-ગોપક બની રહ્યો. એથી એના પર પત્નીનો પ્રેમ-રાગ-વિશ્વાસ તો એટલો બધો વધી ગયો કે પૂછવાની વાત નહિ ! એ પતિને દેવ જેવા માને છે.

વિજયે પત્નીનો મર્મ ઉઘાડો ન કર્યો, અને ગુપ્ત જ રાખ્યો, એમાં એની શી ખોટ પડી ? કે શું સારું કમાવાનું રહી ગયું ? ઊલટું, એમ કહો કે જેની સાથે જીવનભરના સંબંધ નભાવવાના છે એવી પત્નીનો અથાગ પ્રેમ ને વિશ્વાસ મળ્યા.

વાત આ છે, જેમ આપણું પોતાનું અંગત ગુપ્ત આપણે બહાર કહી નાખવાની આતુરતા નથી રાખતા, એમ બીજાનું પણ ગુપ્ત બહાર કહી નાખવાની આતુરતા ય નહિ રાખવી. તોજ ગંભીર બની રહેવાય. પ્રભુ એવા પરમ ગંભીર છે કે પોતે ચોક્કસ જાણતા છતાં બીજાનાં મર્મ બીજાની ગુપ્ત બાબત વાણીમાં લાવતા નથી. એમની વાણી અ-મર્મવેધી હોય છે.

હવે આ ગંભીરતા ગુણ કેટલો બધો નાજુક ગુણ છે કે સહેજ ગફલતમાં પડો અને હોશિયારી બતાવવા જાઓ તો આ ગંભીરતાને ટક્કર લાગી જાય, અને ગંભીરતા ચૂકી બીજાનું મર્મ સહેજ બોલવા જાઓ તો એનો એવો ભયંકર અનર્થ ઊભો થઈ જાય કે પછી પસ્તાવાનો પાર ન રહે; અને દિલમાં જિંદગીનું શલ્ય ઊભું થઈ જાય.

**ગંભીરતા કેમ ચૂકાય છે ? :**

અહીં વિજયને આવું બની આવે છે. એને સંસાર ચલાવતાં એક પુત્ર થયો છે. એમાં એક વારનો પ્રસંગ છે, વિજય એના પુત્રની સાથે જમવા બેઠો છે, અને પત્ની પ્રેમથી આગ્રહ કરીને જમાડી રહી છે. એમાં કોઈક વસ્તુ માટે ખૂબ આગ્રહ કરે છે કે 'લો,' આ લેવું પડશે,' ત્યારે વિજયને એનું કૂવામાં ધકેલી દેવાનું સાહસ સ્મરણમાં આવી જાય છે. એના મનને થાય છે કે 'અહો ! આ બાઈએ એકવાર પૂર્વે કેવો મને કૂવામાં ધકેલી દીધેલો ? અને આ અત્યારે એનો કેવો પારાવાર

પ્રેમ ? સંસાર કેવો વિચિત્ર છે કે એકવાર તો પ્રેમ ભુલાવી ભયંકર સાહસ કરાવે ! તે બીજી વાર અપરંપાર પ્રેમ કરાવે !'

સંસારની આ વિચિત્રતા પર ગમગીનતા વધવાને બદલે વિજયને હસવું આવી ગયું. આ હસવું આવ્યું એમાં ગંભીરતા ગઈ ! પછી એનો પ્રત્યાઘાત ભયંકર આવીને ઊભો રહે એમાં નવાઈ નથી. વિજયનું સહેજ હાસ્ય જોઈને સાથે જમવા બેઠેલો પુત્ર પૂછે છે, 'બાપુ ! કેમ હસ્યા ?'

બાપ કહે, 'કાંઈ નહિ. જમવામાં ધ્યાન રાખ, જેથી ભોજન પર કોઈ જીવજંતુ તો નથી બેસી ગયું ને ? એ ધ્યાનમાં રહે.'

છોકરો એ વખતે તો કાંઈ બોલ્યો નહિ, પણ ભોજન પછી બાપ દીકરો અંદર ઓરડામાં ગયા, ત્યાં પાછું દીકરો બાપને પૂછે છે 'તેં હેં બાપુ ! જમતાં જમતાં તમને હસવું કેમ આવેલું ? શું કારણ ?'

અહીં બાપ વિજય પહેલાં વિચારણામાં ગંભીરતા ચૂક્યો હતો અને હવે ઉચ્ચારણમાં ગંભીરતા ચૂકે છે. દીકરાને પહેલાં તો કહે છે 'ભાઈ ! એ જાણીને તારે શું કામ છે ?' પણ પછી દીકરો બહુ હઠ કરે છે ત્યારે કહે છે, "વખત વખતને માન છે એકવાર આ તારી માતાએ એના પિયેરથી અહીં ઘરે ન આવવા માટે મને કૂવામાં ધકેલી દીધેલો ! એ જ આજે મને બહુ પ્રેમથી જમાડે છે ! એ યાદ આવતાં હસવું આવ્યું."

બસ ખલાસ ! વિજયના આ શબ્દો બહાર પત્નીને સંભળાતાં એને પોતાનું દુશ્ચરિત બહાર પ્રગટ થયું જોઈ, એના હૃદયને એટલો બધો આઘાત લાગ્યો કે ત્યાં જ એનું મૃત્યુ થઈ ગયું !

**પ્રશ્ન :** આટલામાં મોત ?

**ઉત્તર :** હા, આટલું એ નાનું નથી, પણ મોટી આપદા છે. મોત લાવનાર હૃદયઘાતની ભયંકરતા પરથી માપી શકાય છે. કે એને નીપજાવનાર પ્રસંગ સામાન્ય નથી, પણ અતિશય મોટો છે. જુઓ, - માણસને કદાચ ક્યારેક એવું દુષ્કૃત થઈ જાય તો પછી એના મનને એમ રહે છે કે 'મારું પોતાનું દુષ્કૃત ઢાંક્યું - છૂપું રહે. આ એની ખાસ તમન્ના હોય છે. હવે નથી ને જો એ બહાર પ્રગટ થઈ જાય તો એને મોત કરતાં વધારે દુઃખરૂપ લાગે છે, જે હૃદય પર ભયંકર આઘાત સરજે છે.

**પ્રશ્ન :** તો પછી વિજયે કેમ આ ખ્યાલ નહિ રાખ્યો ?

**ઉત્તર :** ખ્યાલ તો રાખેલ જ હતો તેથી તો વરસો સુધી પત્નીના એ દુષ્કૃતને પોતે ક્યાંય પ્રગટ કરેલ નહિ.

**પ્રશ્ન :** તો પછી અત્યારે કેમ એ ભૂલ્યો ?

**ઉત્તર :** ભવિતવ્યતાએ એને ભુલાવ્યો એમ કહેવાય. ભવિતવ્યતા બળવાન છે, - ન ધાર્યું, ન ચિંતવ્યું, અને ન ઘટતું બનાવી દે ! નહિતર વર્ષોનો ગંભીર માણસ શું સહેજમાં ભૂલો પડી જાય ? ને ન બોલવાનું બોલી નાખે ? ભવિતવ્યતા બળવાન છે. અલબત અહીં ભવિતવ્યતાને ઉદીરનાર બની વિજયની માનસિક તુચ્છ વિચારણા. ભલે એને ભૂતકાળનું પત્નીનું ભયંકર દુષ્કૃત યાદ આવી ગયું, પરંતુ એને હવે બહુ મન પર લેવાની જરૂર નહોતી. તો પૂછો,-

**પ્રશ્ન :** આટલો મોટો પ્રસંગ મનને અડ્યા વિના ન રહે ?

**ઉત્તર :** હા. રહે, જો એ પછી અત્યાર સુધીનો પત્નીનો પોતાની ઉપરનો અથાગ રાગ અને વિશ્વાસભર્યો વ્યવહાર મન પર લઈ, એને જ મહત્ત્વ આપ્યું હોત, તો પેલા ભયંકર સાહસને જરાય મહત્ત્વ ન આપત પૂછો,-

**પ્રશ્ન :** એટલા મોટા સાહસને મહત્ત્વ ન આપવાનું કેમ બને ?

**ઉત્તર :** આ વિચારથી બને, કે સંસારી જીવન કર્માધીન છે, કર્મ પરવશ છે. કર્મ પરવશ એવી એણે બિચારીએ કર્મવશ અજુગતું કરી નાખ્યું એ બનવાજોગ છે. પણ મહત્ત્વ એનું નથી. **મહત્ત્વ છે પછીના પોતાના ગંભીર વ્યવહાર પર પત્નીએ વર્ષો સુધી આપેલા પ્રેમ વિશ્વાસ અને અઢળક સેવાનું.**

કહેવાય છે માણસમાત્ર ભૂલને પાત્ર; પણ તેથી કાંઈ એ અયોગ્ય જ નથી ઠરતો; પછીથી એ સારો સુંદર વ્યવહાર અને સારા સુંદર આચરણ કરી શકે છે. અને એમાં એની યોગ્યતા વધતી જાય છે. છોકરા શી રીતે મોટા થઈ સારા થાય છે ? પહેલાં ભૂલો ઘણી ય કરતા હોય છે, પરંતુ મા-બાપ સમજે છે, કે 'નાદાન છે તે ભૂલ કરી નાખે, પણ આપણું કર્તવ્ય એને ઘડવાનું છે', ને એ સમજથી છોકરાની ભૂલોને મા-બાપ દાઢમાં ઘાલ્યા વિના ઘડવાનું કર્યે જાય છે, ત્યારે નાદાન છોકરા મોટા થતાં થતાં સુધરતા જાય છે, સારા થતા જાય છે. સારાંશ,

મહત્ત્વ ભૂલ કર્યાનું નથી, મહત્ત્વ સુધારો કર્યાનું છે.

**ભૂલો તો આખી દુનિયા કરે છે, એને શું રોવા બેસીએ ? એને શું મન પર લઈએ ?** મન પર તો એમાંથી જેમનામાં સુધારો થાય એમને લેવા જેવા છે. જો વિજયે પછીથી પત્નીનો થયેલો સુધારો જ મન પર લીધો હોત, સુધારાને જ મહત્ત્વ આપ્યું હોત, તો એની ભૂલને મહત્ત્વ ન આપત; અને તો એને હસવું ન આવત, આમ જો મનની વિચારણામાં હાસ્ય અટકાવી ગંભીરતા રાખી હોત; તો પછી ઉચ્ચારણમાં ગંભીરતા ન ચુકત, અને આવું કમોત ન નીપજત.

ભગવાનની વાણીમાં કેવા કેવા દોષ નથી હોતા, દા.ત. કોઈના મર્મ-રહસ્યનું ઉદ્ઘાટન નહિ ત્યાં સુધીના દોષત્યાગના વિભાગની વિચારણા થઈ. હવે

વાણીમાં અર્થ-પદાર્થની દૃષ્ટિએ કેવા કેવા અતિશય, અર્થાત્ કેવી કેવી વિશેષતાઓ હોય છે, એનો વિચાર કરીએ.

## ચોથો વિભાગ પદાર્થની દૃષ્ટિએ વાણીના ૮ અતિશયો.

### (૧) વાણી મહાર્થ :

ભગવાનની વાણીમાં જે પદાર્થોનું વર્ણન હોય છે. તે ફાસફુસિયા નિર્માલ્ય પદાર્થોનું નહિ પણ મૂલ્યવંતા મહાન પદાર્થોનું વર્ણન હોય છે. ત્યારે તો ઈંદ્રભૂતિ ગૌતમે જ્યાં મહાવીર પ્રભુની વાણીથી:

**विज्ञानघन एव एतेभ्यो भूतेभ्य समुत्थाय...**

ઈત્યાદિ વેદવાક્યનો સ્યાદ્વાદ-ગર્ભિત વાસ્તવિક મહાન અર્થ જાણ્યો, ત્યારે ગૌતમ ચમત્કાર પામી ગયા કે ક્યાં અમે જાણેલો નિર્માલ્ય ખોટો અર્થ ? અને ક્યાં પ્રભુએ પ્રકાશેલ આ મહામૂલ્યવાન સાચો અર્થ ?' પૂછો –

**પ્રશ્ન :** ઈંદ્રભૂતિએ સમજેલ અર્થમૂલ્ય વિનાનો ખોટો, અને પ્રભુએ સમજાવેલ અર્થ મહાન સત્ય શી રીતે ?

**ઉત્તર :** કારણ બે છે (૧) એક એ, કે '...ઘન એવ...' એમાં નો 'એવ'કાર યાને જકાર ઈંદ્રભૂતિએ એની પછીના શબ્દ 'એતેભ્યો' સાથે જોડી અર્થ એ કર્યો કે "વિજ્ઞાનઘન એટલે ચેતન આ (પંચભૂત) માંથી જ પ્રગટ થઈને' (અર્થાત્ બીજી કોઈ વસ્તુમાંથી નહિ, પરંતુ પૃથ્વી-જળ-તેજ આદિ પાંચ ભૂતમાંથી જ ચેતના પ્રગટ થઈને." વાસ્તવમાં 'એવ'કાર એટલે કે 'જ' કાર 'વિજ્ઞાનઘન' શબ્દની પછી છે, તેથી 'વિજ્ઞાનઘનની સાથે લાગીને અર્થ 'જ્ઞાનઘન જ ઉત્પન્ન થઈને', પણ નહિ કે મૂળ દ્રવ્યભૂત આત્મા ઉત્પન્ન થઈને), એવો થાય.

આમ ઈંદ્રભૂતિના સમજનો અર્થ "મહાન" નથી, કેમ કે એમાં ચેતનાને આત્માની ન માનતાં પાંચ ભૂતમાંથી ઉત્પન્ન થનારી ભૂતની જ એક શક્તિ માની ! એટલે એમાં આત્મદ્રવ્યનો સરાસર નિષેધ થઈ ગયો ! આ અર્થ બહુ મામૂલી માલ વિનાનો છે; કેમ કે એમાં તો માત્ર નજરે દેખાતું જ માનવાની વાત છે. પૃથ્વી પાણી વગેરે નજરે દેખાય છે, તો ચેતના એનો જ ગુણધર્મ; પણ નહિ કે કોઈ સ્વતંત્ર ચેતનદ્રવ્ય-આત્મદ્રવ્યનો ગુણ-ધર્મ.

આવી માન્યતા નાસ્તિકની છે એની બહુ ટૂંકી દૃષ્ટિ છે. એટલે 'શરીર એ જ આત્મા, આત્મા કોઈ જુદી વસ્તુ જ નહિ' એમ એ માને છે. પરંતુ 'હું તો નજરે દેખાતું માનું' એમ દાવો'રાખવો એ ટૂંકી બુદ્ધિની છીછરી માન્યતાનો દાવો છે. 'છીછરી' એટલા માટે કે પ્રત્યક્ષ દેખાતું જ માનવું છે, ને ન દેખાય એ ન હોવાનું માનવું છે તો પછી પોતાની અક્કલ પોતાને ય પ્રત્યક્ષ નથી દેખાતી, ને બીજાને ય

પ્રત્યક્ષ નથી દેખાતી, તો શું પોતાનામાં અક્કલ નહિ હોવાનું માનશે ?

**સ્વામી વિવેકાનંદ પરદેશ ગયેલા, ત્યાં પોતાના ભાષણમાં 'Soul' (આત્મા) શબ્દ વારંવાર બોલ્યા, ત્યારે એક શ્રોતા ઊઠીને કહે "What is this soul ? we can't believe in such object which we can't see" અર્થાત્ આ આત્મા શી ચીજ છે ? જે અમે જોઈ શકીએ નહિ એવી વસ્તુ માનવા અમે તૈયાર નથી કાં તો એ અમને દેખાડી આપો, યા એનું નામ લેવું રહેવા દો."**

વિવેકાનંદે એને પૂછ્યું તમે આ (talent) અક્કલ વાપરીને બોલો છો ? કે અક્કલ વિના જ ?'

પેલો કહે, 'કેમ વળી ? અક્કલ વિનાનું થોડું જ બોલું છું અક્કલથી જ બોલું છું.'

વિવેકાનંદ કહે 'તો પછી એમ કરો, - જો તમારામાં અક્કલ છે. તો પહેલાં મને તમારી અક્કલ નજરે દેખાડી આપો તો માનું કે તમારામાં અક્કલ છે. અક્કલ જો નજરે ન દેખાય તો પછી તમારા મત મુજબ 'અક્કલ' નામની કોઈ ચીજ હોવાનું શી રીતે મનાય ?' શ્રોતા પોતાની ભૂલ સમજી ગયો.

ઇંદ્રભૂતિના વેદવાક્યના અર્થમાં આવું હતું. 'જ' કારનો ખોટો અન્વય કરી માની લીધું કે ચેતના એ પંચભૂતમાંથી જ ઉત્પન્ન થનારી ચીજ છે એમ માન્યું કે ફાસફુસિયો પદાર્થ કહેવાય. પ્રભુએ અર્થ એવો બતાવ્યો કે 'જ' કાર વિજ્ઞાઘનની સાથે જ લાગે એ સૂચવે છે પાંચભૂતથી જીવને ભલે જુદા જુદા જ્ઞાન થાય, પરંતુ એ જ્ઞાનોનો આશ્રયભૂત આત્મા એક સ્વતંત્ર નિત્ય વસ્તુ તરીકે માનવી જ પડે. તો જ પુણ્ય-પાપ, પરલોક, ધર્મ, મોક્ષ વગેરે પદાર્થોની સંગતિ થાય. નહિતર જો એ પુણ્ય-પાપ આદિનો આધારભૂત આત્મા નામનો મૂળભૂત પદાર્થ ન હોય, તો તો એ પુણ્ય-પાપ-બંધ-મોક્ષ વગેરે પરિણામો કોના આધારે જન્મે ? ને રહે ? નાટકિયો જો એક મૂળભૂત માણસ છે, તો એ ઘડીમાં રાજા, ઘડીમાં મંત્રી, ઘડીમાં શેઠ, તો ઘડીમાં સિપાઈ... વગેરે જુદા જુદા ભાવ ધારણ કરી શકે છે, અને ભજવી શકે છે. જો મૂળ નાટકિયો જ ચાલી ગયો કે મરી ગયો તો એ બધા ભાવ બંધ જ થઈ જાય છે ને ?

એમ પ્રસ્તુતમાં મૂળભૂત એક સ્વતંત્ર આત્મદ્રવ્ય હોય તો એ જન્મ-મરણ, બંધ-મોક્ષ, સમ્યગ્જ્ઞાની, મિથ્યાજ્ઞાની, સંત, શેતાન, મનુષ્ય તિર્યંચ વગેરે વગેરે ભાવ ધારણ કરી શકે છે.

આમાં આત્મા-ચેતન એ દ્રવ્ય કહેવાય, અને જન્મ-મૃત્યુ, તિર્યંચપણું મનુષ્યપણું વગેરે એની જુદી જુદી અવસ્થાઓ એ પર્યાય કહેવાય. મૂળ દ્રવ્ય કાયમ રહે છે.

અને એમાં પર્યાયો આવ-જા કરે છે અર્થાત્ જૂના પર્યાય નાશ પામે છે. અને નવા પર્યાય ઉત્પન્ન થાય છે. હમણાં ઘડો દેખ્યો તો આત્માને ઘડાનું જ્ઞાન થયું. પછી પાણી દેખ્યું તો એ દેખી પાણીનું જ્ઞાન થયું, પછી અગ્નિ દેખ્યો તો અગ્નિનું જ્ઞાન થયું. ઘડો એટલે કે પૃથ્વી-પાણી-અગ્નિ વગેરે એ પાંચભૂત છે. એ ભૂતનાં આલંબને આત્મામાં જ્ઞાન થયું. એ ચેતન આત્મામાં એકમેક થઈને રહેનાર વિજ્ઞાનઘન કહેવાય. એ પાંચભૂત નજર સામે આવે એટલે એના આધારે વિજ્ઞાનચેતના આત્મામાં ઊઠે, ને એ ભૂત નજરમાંથી ખસી જાય એટલે એ પ્રત્યક્ષ વિજ્ઞાન-ચેતના યાને જ્ઞાનસ્ફુરણ નષ્ટ થઈ જાય, વળી આત્મા કોઈ બીજા અનુમાન યા ચિંતન કે સ્મરણ વગેરેમાં પડે, તો એવું વિજ્ઞાન-સ્ફુરણ ઊભું થાય.

આમ આત્મામાં વિજ્ઞાનો આવે-જાય, તેથી આત્મા પલટાતો રહે, પણ મૂળભૂત આત્મા નષ્ટ ન થાય, એ તો ઊભો જ રહે; તાત્પર્ય એ શાશ્વત છે.

આ સ્યાદ્વાદ-અનેકાંતવાદનું સાયન્સ (વિજ્ઞાન) ઈન્દ્રભૂતિ ગૌતમ પહેલાં સમજ્યા નહોતા એટલે એકાંતવાદની દૃષ્ટિથી જોતાં, એમનું એ જ્ઞાન મૂલ્યવાળું માલવાળું નહિ; પરંતુ જ્યાં મહાવીર ભગવાનની વાણીથી એ અનેકાંતવાદ સમજાયો, ત્યારે એ છક્કડ ખાઈ ગયા કે 'મારા બાપ ! આ કેટલો મહાન પદાર્થ !' પછી તો એમને દ્વાદશાંગી-આગમનો મહાન બોધ થઈ ગયો, ને એનાં સૂત્ર રચી કાઢ્યા, એ 'દ્વાદશાંગી'. મૂળ જિનની વાણીના ભાખેલા એ મહાન પદાર્થ, તે માત્ર જિનાગમમાં જ મળે. પણ અ-સર્વજ્ઞોએ બનાવેલ જૈનેતર શાસ્ત્રોમાં નહિ.

તીર્થંકર ભગવાનની વાણીની આ વિશેષતા છે, આ અતિશય છે. એ 'મહાર્થ' છે, મહાન પદાર્થોને કહેનારો છે.

**(૨) વાણી ઉદાર :**

વળી તીર્થંકર ભગવાનની વાણી 'ઉદાર' હોય છે. 'ઉદાર' એટલે ઉમદા વાણી, પણ નહિ કે ક્ષુદ્ર તુચ્છ વાણી.

'ઉદાર' બે રીતે :

(૧) શબ્દો બહુ ઉમદા. - કોઈને કહો 'અલ્યા ! કેમ આવ્યો ?' તો એ બોલ કેવા લાગે ? ને એના બદલે એમ કહો 'મહાનુભાવ ! કેમ પધારવું થયું ?' તો કેવું લાગે ? ઉઘાડી વાત છે કે 'મહાનુભાવ ! કેમ પધારવું થયું ? એ બોલ ઉમદા લાગે, ને પેલા 'અલ્યા ! કેમ આવ્યો ?' એ બોલ તોછડા લાગે.

(૨) પ્રભુની વાણી બીજી રીતે ઉદાર ઉમદા એ રીતે કે એમાં આત્મહિતના ઉમદા પદાર્થોના ઉપદેશ હોય; જે સાંભળીને શ્રોતાના કષાય શમે, ને પાપબુદ્ધિ નષ્ટ થાય. દા.ત. જુઓ નાગકેતુ, જેમણે જન્મતાં અઠ્ઠમ કરેલો એ પૂર્વભવે ખેડૂત-

પુત્ર હતા. સાવકી મા એને પીડતી હતી, તેથી એણે શ્રાવકમિત્રને પોતાની સ્થિતિ કહીને પૂછ્યું 'મારે આ રોજના ત્રાસમાં શું કરવું' શ્રાવક મિત્ર ક્ષુદ્ર-તુચ્છ સલાહ નથી આપતો કે તારા બાવડામાં જોર છે કે નહિ ? કેમ આવી તુચ્છ સલાહ નહિ ? કારણ આ, કે એનાથી પેલાને માતા પ્રત્યે કષાય વધે, માતાને સામે મારવાની પાપબુદ્ધિ થાય. શ્રાવકમિત્રે તો ઉમદા બોલ આપ્યા કે 'જો ભાઈ ! તારે આ માતા તરફથી પરાભવ-અપમાન તિરસ્કાર મળે છે, એમાં મુખ્ય વાંક તો તારા ધર્મહીન પૂર્વભવનો છે. પૂર્વભવે તે તપ નહિ કર્યો હોય, એટલે તને અહીં આ વીતે છે. હવે જો અહીં તપ નહિ કરે, તો વિચારજે કે આવતા ભવે કેવી સ્થિતિ ?' કેવીક ઉમદા વાણી ! તીર્થંકર ભગવાનની વાણી ઉદાર-ઉમદા પદાર્થને કહેનારી હોય છે. એમાંથી આપણને બે પ્રેરણા મળે છે, –

(૧) એક તો એ કે, આવી ઉદાર વાણી શાસ્ત્રોમાં ગુંથાણી, તો ભલે ! પ્રભુ આજે આપણી પાસે હયાત નથી છતાં પણ શાસ્ત્ર દ્વારા એ ઉદાર-ઉમદા અને બીજા અદ્ભુત અતિશયોવાળી વાણી આપણને મળી છે, મળે છે. એ આપણું કેટલું મોટું અહોભાગ્ય ! આપણે ગુરુમુખે કે શાસ્ત્રવાંચનથી એવી વાણી પામીએ એની કદર શી કરીએ છીએ ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૨૫/૨૬,તા.૧૪-૩-૧૯૮૭

સુંદર વ્યાખ્યાન સાંભળવા મળ્યું તો કદરરૂપે આજના દિવસ પૂરતો કોઈ ત્યાગ કરીએ ખરાં ? અથવા અમુક ખમાસમણાં યા અમુક કાયોત્સર્ગ અથવા શુભ ખાતાની પેટીમાં અમુક રકમ નાખવાનું સૂઝે ખરું ? આવી કાંઈક કદર કરવાની પહેલી પ્રેરણા મળે.

(૨) બીજી પ્રેરણા એ મળે છે કે આપણે આપણી ભાષા કેવી રાખીએ ? તોછડા ક્ષુદ્ર યા કષાયભર્યા બોલની ભાષા ? કે ઉમદા ઉદાર અને ઉપશમરસ ભર્યા બોલની ભાષા ?

**(૩) વાણી ધર્માર્થ પ્રતિબદ્ધ :**

તીર્થંકર ભગવાનની વાણીનો એક અતિશય, આ કે વાણી ધર્મ-પ્રતિબદ્ધ અને અર્થ-પ્રતિબદ્ધ; એટલે કે ધર્મ અને અર્થ સાથે સંકળાયેલી હોય છે. પ્રભુની વાણી ધર્મ-પ્રતિબદ્ધ, યાને ધર્મનું જ બોલનારી હોય, પણ અર્થ-કામનું નહિ, અધર્મનુ કે પાપનું બોલનારી નહિ. પૂછો, -

**પ્રશ્ન :** આમાં અતિશય શો ? એમ તો માર્ગસ્થ સાધુ પણ વ્યાખ્યાન કરે તેય

વાણી ધર્મ-પ્રતિબદ્ધ હોય છે.

**ઉત્તર :** બીજા વક્તા મુનિ છદ્મસ્થ હોય તેથી ભૂલ થઈ જવા સંભવ. વળી મુનિને માટે એવું છે કે શ્રોતાને આકર્ષવા માટે આક્ષેપિણી કથાય કરવી પડે. એમાં અર્થ કામની વાત આવે કારણ ? ધર્મકથા અર્થાત્ દેશના ચાર પ્રકારની હોય છે -

(૧) આક્ષેપિણી, (૨) વિક્ષેપિણી (૩) નિર્વેદની અને (૪) સંવેજની.

(૧) આક્ષેપિણી કથા એટલે બાળજીવો ધર્મ સાંભળવા આકર્ષાય... એ માટે પહેલાં એમને ગમતી વાત કરવી પડે. પછી ભલે એ આકર્ષાયા પછી પેલી ગમતી વાતનો રસ ઉઠીને ધર્મનો રસ લાગી જશે; દા.ત. ઉપમિતિ શાસ્ત્રમાં એક પ્રસંગ મૂક્યો છે. એક ધનિક શ્રાવક ગામમાં મુનિ મહારાજો આવે છતાં એમની પાસે જતાં ડરે કે રખેને કાંઈ પૈસા ખરચાવી નાખે તો ?" એટલે પાસે જાય નહિ.

એમાં એકવાર એક આચાર્ય મહારાજ ગામમાં પધાર્યા એટલે કોઈક ભાઈએ એમને આ ધનિકની ઓળખ કરાવી, 'બોધ આપવા લાયક છે', એમ કહ્યું. આચાર્યે એને ધ્યાનમાં લઈ લીધો. પછીથી આચાર્ય મહારાજ બહાર નીકળેલા ત્યારે રસ્તામાં એ ભાઈ મહારાજને હાથ જોડી નમસ્કાર કરે છે, તો મહારાજે 'ધર્મલાભ' કહી કહ્યું 'કેમ ભાગ્યશાળી ! ઉપાશ્રયે કાંઈ દેખાતા નથી ?'

ભાઈ કહે, 'સાહેબ ! અમે સંસારી; ધંધાધાપાના વ્યવસાયમાં સમય ઓછો મળે.'

મહારાજ કહે, 'એમ કરો ને, અમે અહીં છીએ ત્યાં સુધી દરરોજ એકવાર દર્શન-વંદન કરી જવાનું રાખો; તો એમાં કાંઈ બહુ સમય નહિ જાય.'

શરમના માર્યા એ સ્વીકારવું પડ્યું; પણ મનમાં ધારી લીધું કે 'વ્યાખ્યાન બેસી ગયું હોય ત્યારે જ જવું. લાંબેથી દર્શન વંદન કરી તરત નીકળી જવું એટલે વ્યાખ્યાનમાં બેસવું જ ન પડે ને મહારાજ કાંઈ આપણને એ વખતે બોલાવે નહિ, ને કશું પણ ખરચવાનું કામ કહે નહિ.' ને પછી એ હોશિયારીથી વ્યાખ્યાનના ટાઈમે જ આવીને જતો રહેતો.

આચાર્ય મહારાજે એકવાર ચાલુ વ્યાખ્યાને જોયું કે ભાઈ આવી રહ્યા છે, એટલે એમણે આક્ષેપિણી કથા શરૂ કરી. વ્યાખ્યાનમાં કહે, 'જુઓ ભાઈઓ જગતમાં ચાર પુરુષાર્થ કામ કરે છે. એમાં પહેલો અર્થપુરુષાર્થ, અર્થપુરુષાર્થના રસિયા એમ માને છે કે...' આટલું બોલાયું એટલે એટલું એ ભાઈના સાંભળવામાં આવ્યું નહિ, અને હવે નજીક આવ્યા ત્યારે અર્થરસિયા અર્થાત્ ધનના રસિયા શું માને છે તે સંભળાય છે. આચાર્ય મહારાજ અર્થરસિયાની માન્યતા કહે છે કે

જીવનમાં પૈસો છે તો બધું જ છે. પૈસા નથી તો કાંઈ નથી. કહેવાય છે

કે વસુ (પૈસા) વિનાનો નર પશુ. પાસે પૈસા હોય તો ઘરસામાન, સુખસામગ્રી સારાં વસ્ત્ર-દાગીના વગેરે ખરીદી શકાય. પૈસા હોય તો સગાં વહાલાં આપણને બોલાવે, સગી પત્ની પણ આપણી પાસે પૈસા હોય તો આપણી કિંમત કરે. માટે કિંમત પૈસાની છે. તો એ પૈસા લાવવા ક્યાંથી ? તો કે એ માટે જગતમાં અનેક પ્રકારના ધંધાધાપા ચાલે છે; જેમ કે...' એમ કહી મહારાજ જરા થોભ્યા. પેલો ધનિક વાણિયો મહારાજના દર્શન નમસ્કાર કરીને તરત ચાલી જવાવાળો, પરંતુ આજે આટલું સાંભળતાં તો એને થયું કે 'વાહ ! આ તો મહારાજ, આપણા લાભની જ વાત કહે છે, તો હવે મહારાજ પૈસા લાવવા કેવા કેવા ધંધા ચાલે છે કદાચ કહેશે, તો લાવ આજ તો સાંભળવા દે,' એમ કરી ત્યાં બેઠો.

**અર્થરસિયાની માન્યતા :**

બોલો આ વાણિયો રોજ દર્શન કરી પલાયન થઈ જનારો બેસે ? પણ કેમ બેઠો ? કહો મહારાજે એને જોઈ અવસર પામી આકર્ષણી કથા માંડી. એ કથામાં ધર્મની વાત હતી ? ના, માત્ર અર્થ-પૈસાની કથા. અર્થના રસિયા શું માને છે એની વાત હતી. 'ધર્મ છે તો બધું છે' એવી વાત હતી ? ના 'પૈસા છે તો બધું છે' એવી જ વાત ! કહો, ધર્મના મહત્ત્વની નહિ, પણ અર્થ (પૈસા)ના જ મહત્ત્વની વાત, એટલે કે અર્થ-પ્રતિબદ્ધ કથા. પણ કેમ એવી કથા કરે છે ? કહો, ભવી જીવને ધર્મ તરફ આકર્ષવા માટે.

અહીં ખરેખર બન્યું પણ એવું. મહારાજે વિવિધ ધંધાના દાખલા આપ્યા પછી કહ્યું, 'આમ અર્થ-રસિયા લોક માને છે કે 'બસ, પૈસા કમાવે રાખો પૈસા છે તો બધું છે, જગતમાં કિંમત પણ પૈસાદારની થાય છે, ગરીબની નહિ.

**કામરસિયાની માન્યતા :**

"ત્યારે કામના રસિયા લોક અર્થાત્ સંસાર સુખના રસિયા લોક એમ માને છે કે 'પૈસા પૈસા શું કરો છો ? જીવનભર પેટે પાટા બાંધી પૈસા એકલા ભેગા તો કર્યે રાખ્યા, પણ ન સરખું ખાધું, ન પીધું, એવા કીડીના નગરા જેવા ધનને એકલા સંઘરવાથી જીવનની શી વડાઈ ? બસ, જીવનની મઝા હોય તો સુખ ભોગવવાથી છે. મનગમતી લાડી-વાડી-ગાડીના રંગરાગ ઉડાવવા માટે ભલે ધન ખરચાઈ જાઓ, પણ સુખ ભોગવ્યા કરો, તો જીવન જીવ્યું ભલું."

આ સાંભળતાં પેલા ધનિકને મનમાં સળવળ્યું કે 'આ સુખભોગની પણ વાત તો સાચી છે.' એના મનને અફસોસી લાગે કે 'હાય ! અત્યાર સુધી મેં મન માન્યું સુખ ન ભોગવ્યા એ જીવન ગુમાવી નાખ્યું !'

એટલામાં આચાર્ય મહારાજ આગળ વધતાં કહે છે 'જુઓ મહાનુભાવ !

આ તો તમને કામપુરુષાર્થના એટલે કે સુખ ભોગના રસિયાની માન્યતા કહી, પરંતુ જગતમાં એક ત્રીજો વર્ગ ભલે નાનો પણ છે, જે ધર્મપુરુષાર્થનો રસિયો હોય છે. એ લોક એમ માને છે કે અર્થ-કામના પૂઠે પડનારા અને ધર્મને ભૂલનારા જીવો મૂર્ખ છે. એમને ભાન નથી કે જેમ પૂર્વાવસ્થામાં જેણે સારી રીતે ધન કમાઈ રાખ્યું હોય એજ માણસ ઘડપણમાં સારી રીતે સુખ ભોગવનારો બને છે; એમ જેણે પૂર્વભવે સારી રીતે ધર્મ કમાઈ રાખ્યો હોય એ જ માણસ અહીં સારા પૈસા કમાઈ શકે, ને સારા સુખ ભોગવી શકે છે. માટે જીવનમાં ધર્મનો જ પુરુષાર્થ કરવા જેવો છે. અર્થ-કામ તો પૂર્વભવના ધર્મથી જનિત પુણ્યના આધારે મળવાના જ છે, તેથી અર્થ-કામનો પુરુષાર્થ મુખ્ય નહિ, પરંતુ ધર્મનો પુરુષાર્થ મુખ્ય છે. એમાં જ જીવનું ડહાપણ ગણાય, કેમ કે જો પૂર્વ ધર્મજનિત પુણ્ય સલામત છે, તો ઓછા પુરુષાર્થે પણ અહીં અર્થ-કામ મળી જાય છે; પણ અર્થ કામના રાગના અંધાપામાં જો ધર્મ-પુરુષાર્થ કરવો ચૂક્યા તો ભાવિ ભવમાં સુખ મળવાના વાખા ! માટે મહામૂર્ખ ન બનતાં ધર્મ જ ધર્મ કરતા રહો.'

બાકી તો આજે જગતમાં દૃષ્ટિ નાખો તો દેખાશે કે પૈસા અને સુખ માટે કેટલાય જીવો ફાંફા મારે છે, પરંતુ એમાંથી કેટલા જણને એ મનમાન્યું મળે છે ? કહો, જગતમાં ધર્મ કરનારા થોડા, અને સુખ પામનારા પણ થોડા. માટે ધર્મ કરો ધર્મ, નહિતર માર્યા જાશો. ભૂતકાળમાં અનંતા માનવોએ આમ જ ધર્મ ભૂલી કંચન-કામિનીના રાગમાં માનવજિંદગીની જિંદગીઓ બરબાદ કરી.

પેલા ધનિકને હવે એમ લાગ્યું કે 'મહારાજ સાહેબની આ વાત વધારે સાચી છે. આ જોતાં દેખાય છે કે ધર્મ પામવા-આરાધવાની દૃષ્ટિએ મનુષ્ય-જન્મ શ્રેષ્ઠ છે. તેથી મનુષ્યજન્મ ધર્મ-પુરુષાર્થ કરવા માટે જ હોય' - પછી તો એ રોજ વ્યાખ્યાને આવતો થયો. મહારાજ પાસે બેસતો થયો અને જીવનબાગમાં ધર્મના છોડવા ઉગાડી દીધા. આમ આક્ષેપિણી કથા જીવને અનાદિ કાળથી ગમતી અર્થ-કામની વાતો તો વર્ણવે, પરંતુ એ સરવાળે જીવને ધર્મમાં લઈ આવે.

ભગવાનની વાણીમાં આવા આકર્ષણ ન કરવા પડે એટલી બધી એમની સચોટ સરળ અને ચમત્કારિક ધર્મ પ્રતિબદ્ધ વાણી હોય કે જીવ એ સાંભળીને ધર્મ લઈને જ ઊઠ્યો સમજો. એ આપણને શીખવે છે, - 'બોલો તે સાર્થક જ બોલો. નિરર્થક કશું બોલો નહિ.'

**(૩) વાણી અર્થ પ્રતિબદ્ધ, -**

જિનવાણીમાં આ બીજી વિશેષતા કે એ વાણી અર્થ પ્રતિબદ્ધ હોય; અર્થાત્ પ્રભુનાં વચનો અર્થગંભીર હોય, ઉદાર અર્થવાળા હોય કિન્તુ અર્થશૂન્ય ન હોય.

આ અર્થ એટલે તાત્ત્વિક પદાર્થ, વાસ્તવિક પદાર્થ, પણ કાલ્પનિક પદાર્થ નહિ. અર્થ એટલે વિશ્વમાં જે વિદ્યમાન વસ્તુ હોય, પણ નહિ કે માત્ર કલ્પનાથી ઉપજાવી કાઢેલ વસ્તુ. વેદાન્ત દર્શને આત્માનું અદ્વૈત માન્યું, અર્થાત્ 'જગતમાં એક જ શુદ્ધ આત્મા છે, બાકી તો બધા એનાં પ્રતિબિંબ છે,' એમ માન્યું. હવે સવાલ થાય કે આત્મા એક જ છે તો 'આ માતા આ પિતા, આ પતિ, આ પત્ની', વગેરે ભિન્ન દેખાય છે એનું શું ? તો કે એ તો શુદ્ધ આત્માનો અવિદ્યાનો જે સંબંધ છે તેથી આ બધાં અનેક રૂપકો દેખાય છે. એટલે એક કાલ્પનિક આત્મા શુદ્ધ (બ્રહ્મ) અને બીજું કાલ્પનિક વસ્તુ અવિદ્યા. એમ તો એક કાલ્પનિક ઉપર બીજી કાલ્પનિક; બીજા ઉપર ત્રીજી; એમ કલ્પનાશાસ્ત્ર જ ચાલુ. આ કાલ્પનિક એ કાંઈ સત્ વસ્તુ નથી. તેથી એને અર્થ ન કહેવાય એવું પ્રતિપાદન કરનારી વાણીને અર્થપ્રતિબદ્ધ ન કહેવાય. પ્રભુની વાણી સત્ અર્થને પ્રતિબદ્ધ હોય.

**(૪) વાણી તત્ત્વનિષ્ઠ :**

વળી ભગવાનની વાણીનો એક અતિશય આ, કે વાણી તત્ત્વનિષ્ઠ હોય છે. 'તત્ત્વનિષ્ઠ' વાણી એટલે વસ્તુના સ્વરૂપને અનુસરનારું પ્રતિપાદન કરનારી વાણી. દા.ત. વેદવાક્ય એવું પ્રતિપાદન કરે છે કે 'બકરાનો યજ્ઞમાં હોમ કરવાથી સ્વર્ગ મળે છે.' તો આ પ્રતિપાદન ખરેખર વસ્તુ સ્વરૂપને અનુસરનારું નથી. ખરેખર વસ્તુસ્થિતિ એવી છે નહિ કે ધર્મના નામે બકરાની હિંસા કરીને સ્વર્ગમાં અવતાર મળતો હોય. વસ્તુસ્વરૂપ તો આ છે કે હિંસાથી નરકાદિ દુર્ગતિ મળે એટલે 'અજમેઘથી સ્વર્ગ મળે' એ વચન તત્ત્વનિષ્ઠ ન કહેવાય. જ્યારે તીર્થંકર ભગવાનના દરેકે-દરેક વચન તત્ત્વનિષ્ઠ હોય છે. એ વિશ્વમાં વસ્તુનું જે ખરેખર સ્વરૂપ છે તેનું પ્રતિપાદન કરે છે.

જેમ કે વસ્તુ માત્રનું અનેકાન્ત સ્વરૂપ છે, તો જિનવાણી વસ્તુને એવી રીતે જ અનેકાન્તરૂપે રજૂ કરે છે. એટલે નિત્ય વસ્તુ એકાન્તે નિત્ય નહિ. કિન્તુ કથંચિત્ નિત્ય, અર્થાત્ અપેક્ષાએ નિત્ય, અને અપેક્ષાએ અનિત્ય; પૂછો,–

**પ્રશ્ન :** તો શું નિત્ય આકાશનું ય અનેકાન્ત સ્વરૂપ ?

**ઉત્તર :** હા, આકાશ આકાશરૂપે તો નિત્ય છે, પરંતુ ઘટાકાશ-મહાકાશરૂપે અનિત્ય છે. ત્યાં 'આકાશ તો એકાંતે નિત્ય જ કહેવાય કિન્તુ નિત્ય પણ, અને અનિત્ય પણ, એમ નહિ; કિન્તુ એકાન્તે નિત્ય.' એમ જે નિત્યનો એકાન્ત સ્થાપે છે, એ ભૂલા પડે છે. મઠમાં ઘડો પડ્યો છે, ત્યાં મઠમાંનું આકાશ મઠાકાશ કહેવાય, ઘડામાંનું આકાશ ઘટાકાશ કહેવાય. હવે જો એ ઘડો ફૂટી ગયો તો સાથે જ ઘટાકાશ પણ ન રહ્યું, નષ્ટ થઈ ગયું. ભલે મઠાકાશમાં ભળી ગયું દેખાય, પરંતુ

ત્યાં બહારથી આવેલાને પૂછવામાં આવે કે 'અહીં ઘટાકાશ છે ?' તો ના જ કહે કે અહીં ઘટાકાશ નથી. આકાશને એકાન્તે નિત્ય માનનારો અહીં ઘડો ફૂટવાથી ઘટાકાશ નષ્ટ અર્થાત્ 'આકાશ નષ્ટ' એ વ્યવહાર શી રીતે કરી શકે ? એણે તો આકાશ એકાન્તે નિત્ય માન્યું એટલે કે ન નષ્ટ, ન ઉત્પન્ન, આમ વસ્તુનું સ્વરૂપ વસ્તુનું તત્ત્વ અનેકાન્ત હોઈ વસ્તુને અનેકાન્ત રુપે ઓળખાવનારી જિનવાણી એ તત્ત્વનિષ્ઠ કહેવાય.

જિનવાણી આવી તત્ત્વનિષ્ઠ જોઈને શુકપરિવ્રાજક જૈનધર્મ અને જૈન ચારિત્ર તરફ આકર્ષાઈ ગયો. બન્યું એવું કે નેમનાથ પ્રભુના શિષ્ય થાવચ્ચાપુત્ર આચાર્યની વાણીથી પહેલાં એ શુકપરિવ્રાજકનો ભક્ત શ્રીમંત સુદર્શન જૈનધર્મ તરફ આકર્ષાઈ ગયો. શુકપરિવ્રાજકને બહારગામ આ ખબર પડતાં 'હાય ! આપણો તવંગર ભગત આપણા હાથમાંથી ગયો ?' એમ ગભરામણ થવાથી એ અહીં દોડતો આવ્યો. પરંતુ હવે તો સુદર્શન મિથ્યાત્વની કાંચળી ફગાવી દઈ મહાન સમકિતી બનેલો, એટલે ન એનું સામૈયું કર્યું, કે ન એની સામે લેવા ગયો ! ખેર ! પણ તોય ભગત ખોવો નથી એટલે શુકપરિવ્રાજક પોતે સુદર્શનના ઘેર આવ્યો તો ય સુદર્શન નીચી મૂંડીએ બેઠો રહ્યો ! એના સામે નજર પણ ન નાખી, કેમ કે 'રખેને મિથ્યાત્વી ગુરુના સામે જોઉં ને મારું સમ્યકત્વરત્ન મેલું થાય તો ?' એવો એને ભય હતો. કેઈ અનંતકાળે આ સમકિતરત્ન મળ્યું હશે તો એને મલિન કેમ થવા દેવાય ? અહીં મિથ્યાત્વીની મોં શરમ રાખવાની નહિ, મોં શરમ રાખી સામું જોવાનું નહિ, નજરમાં નજર મિલાવવાના નહિં આ નિર્ધાર હતો.

ત્યારે પરિવ્રાજક કહે છે 'અરે ! સુદર્શન ! તને કોણે ભોળવ્યો ? લાવ મને લઈ જા એની પાસે, જો એ મારા તત્ત્વને ખોટા પાડે તો હું એનો શિષ્ય થઈ જાઉં.' અહીં સુદર્શન શ્રાવકે જોયું કે આ લાગ સારો છે, એટલે એ આગળ અને શુકપરિવ્રાજક એની પાછળ એમ બંને જણ ચાલીને આચાર્ય મહારાજ પાસે પહોંચી ગયા. ત્યાં આચાર્ય મહારાજને શુકપરિવ્રાજકે આક્ષેપ કર્યો કે "તમે લોકો સ્નાન શૌચ કરતા નથી, તો તમારી પાસે ધર્મનો સંભવ જ નથી; કેમકે શૌચ પવિત્રતા તો ધર્મનું મૂળ છે. મૂળ નહિ તો ઝાડ નહિ એમ શૌચ નહિ તો ધર્મ નહિ."

અહીં આચાર્ય મહારાજે એને પકડ્યો, "સ્નાનમાં અસંખ્ય અપકાય જીવોની હિંસા થાય છે, તો હિંસામાં ધર્મ હોય ? આત્મા અનંતકાળથી હિંસાથી તો મલિન છે, એ વળી હવે હિંસાથી પવિત્ર થાય ? લોહીથી ખરડાયેલું કપડું લોહીથી સાફ થાય ? કે પાણીથી ? એમ હિંસાથી ખરડાયેલ આત્મા હિંસાથી શુદ્ધ થાય ? કે અહિંસાથી ?"

અહીં શુક શું કહે ? હવે એમ થોડું જ કહે કે હિંસાથી અશુદ્ધ બનેલ આત્મા હિંસાથી ચોખ્ખો થાય ? તરત હાથ જોડ્યા અને આચાર્ય મહારાજનું શિષ્યપણું સ્વીકારી લીધું ! કેમ કે સમજી ગયો કે 'સ્નાન શૌચથી ધર્મ' એવું પોતાનું વચન અ-તત્ત્વનિષ્ઠ હતું. મહારાજનું અહિંસાથી ધર્મ' એ વચન તત્ત્વનિષ્ઠ કહેવાય.

**(૫) વાણી સાકાંક્ષ, -**

ભગવાનની વાણીના ૩૫ અતિશયમાંનો એક અતિશય આ, કે એ સાકાંક્ષ હોય છે. અર્થાત્ વાણીના દરેક પદ દરેક સાકાંક્ષ હોય, અર્થાત્ ઉત્તરોત્તર વાક્ય પૂર્વ-પૂર્વના વાક્યની સાથે સંબદ્ધ બોલાય છે, અસંબદ્ધ નહિ. અર્થાત્ હમણાં બોલાયું તે પૂર્વકથનની સાથે સંબદ્ધ બોલાયું પરંતુ પછી પાછું જે બોલાય તે પણ આની સાથે સંબદ્ધ યાને સંબંધવાળું જ બોલાય, અસંબદ્ધ નહિ. દા.ત. પહેલા બોલે 'ધર્મ ચાર પ્રકારે છે', ને પછી બોલે 'માણસોને ઊંઘવાની કુટેવ હોય છે.' પછી વળી બોલે 'અમે આવતી કાલે જવાના છીએ' આ ત્રણ વાક્યોમાં પરસ્પર સંબંધનો ધબડકો. પ્રભુની વાણી એવી નહિ; કશું નિરાકાંક્ષ-અસંબદ્ધ બોલવાનું નહિ.

આનું કારણ ? એ જ કે પ્રભુ વ્યવસ્થિત છે. જે માણસ પોતાના અંતરમાં અવ્યવસ્થિત હોય છે, એના બોલવામાં ઢંગધડો ન હોય; એ સંબંધ વિનાનું બોલ-બોલ કરે.

પ્રભુ અંતરથી કેટલા બધા વ્યવસ્થિત હોય છે એ જુઓ. પાર્શ્વનાથ ભગવાન સંસારીપણે પાર્શ્વકુમાર છે. એમના બહુ આગ્રહથી પિતા અશ્વસેન રાજા એમને સંમતિ આપે છે કે 'જાઓ પ્રસેનજિન રાજા પર મ્લેચ્છ રાજાનું આક્રમણ છે, તો એ મ્લેચ્છ રાજાને ભગાડવા પ્રસેનજિત રાજાની સહાયમાં જાઓ.'

પાર્શ્વકુમાર ગયા, મ્લેચ્છ રાજાએ જોયું કે 'આમની સહાયમાં તો ઉપર સ્વર્ગમાંથી રથ અને સારથિ નીચે ઉતરે છે !' ત્યાં એ ઠપ નિસ્તેજ થઈ ગયો, ને શરણે આવી ગયો.

હવે પાર્શ્વકુમાર પાછા વળતાં એમના પ્રભાવથી આવર્જિત થઈને પ્રસેનજિત રાજા કહે છે "નગરમાં પધારો, અને મારી કન્યા પ્રભાવતીને પરણીને લઈને જાઓ", ત્યાં અંતરથી વ્યવસ્થિત પાર્શ્વકુમાર કહે છે "પિતાજીનો આદેશ માત્ર તમને સહાય કરવાનો હતો તે કામ પતી ગયું. એટલે હવે બીજી વાત થાય નહિ. બીજી કશી પ્રવૃત્તિ થાય નહિ" એમ કહી સીધા જ પિતાજી પાસે રાજધાની કાશીમાં આવી ગયા.

અલબત પ્રસેનજિત રાજા છોડે એમ નહોતા, એટલે એ પણ પાછળ ને પાછળ પ્રભાવતીને લઈને આવ્યા, અને અશ્વસેન રાજા આગળ આભાર માની માગું

મૂક્યું કે 'પાર્શ્વકુમાર માટે આ મારી કન્યા સ્વીકારી લો.' આમ પ્રસેનજિત રાજા પૂંઠે પડ્યા એ વાત જુદી, પણ પાર્શ્વકુમાર પોતે તો અંતરથી બરાબર વ્યવસ્થિત હતા.

**(૧) વાણી અનેક જાતિ-વિચિત્ર :**

પ્રભુની વાણીનો એક અતિશય આ, કે એ અનેક-જાતિવિચિત્ર હોય છે. અહીં 'વિચિત્ર' શબ્દ વિલક્ષણ-અપલક્ષણી અર્થમાં નથી, પરંતુ 'ભિન્ન ભિન્ન પ્રકારની' અર્થાત્ 'વિવિધ' અર્થમાં છે. એટલે **'અનેક જાતિવિચિત્ર'**નો ભાવ આ છે, કે વાણી અનેક જાતના હેતુ-સ્વરૂપ-ફળની વિવિધતા દર્શાવનારી છે.

પ્રભુની વાણી 'અનેક જાતિ વિચિત્ર' હોય છે એટલે કે જે વિષયનું વર્ણન પ્રતિપાદન કરે છે એનાં સમર્થનમાં માત્ર એક જ જાતનો હેતુ, એક જ જાતનું સ્વરૂપ, ને એક જ જાતનું ફળ નથી બતાવતાં પરંતુ વિવિધ હેતુ-સ્વરૂપ-ફળ બતાવે છે.

**(૧) હિંસાના હેતુ (કારણ, સાધન) :**

દા.ત. હિંસાનો 'હેતુ' એટલે કે હિંસાનું પ્રયોજન અહીં નથી લેવાનું. અલબત્ત હિંસાનાં કારણ-પ્રયોજન એટલે કે ફળ, એ અર્થમાં 'હેતુ' શબ્દ વપરાય છે ખરો, જેમ કે પૈસા કમાવવાના હેતુએ ધંધો કર્યો ત્યાં ધન-કમાઈ એ પ્રયોજન કહેવાય, ફળ કહેવાય. પરંતુ અહીં હેતુ-સ્વરૂપ-ફળ' એમાં 'ફળ' અલગ બતાવવા છે, ને ફળમાં પ્રયોજન આવી જાય છે, એટલે અહીં હેતુ તરીકે હિંસાના કારણો લેવાના છે. સાધનો લેવાના છે. અર્થાત્ કયા સાધનથી કેવા કારણમાંથી હિંસા જન્મે છે.

**હિંસાના હેતુઓ-કારણો** વિવિધ આ રીતે, -

(૧) હિંસા શસ્ત્રપ્રયોગથી થાય છે...

(૨) હિંસા મનના સંક્લેશથી જન્મે છે...

(૩) હિંસા અજ્ઞાન-મિથ્યાજ્ઞાનનાં કારણે થાય છે...

દા.ત. વેદવાક્યથી માની લીધું કે 'પશુયજ્ઞથી સ્વર્ગ-સુખ મળે.'

આ મિથ્યાજ્ઞાન છે. એ મિથ્યાજ્ઞાન પછી જીવને હિંસામાં પ્રેરે છે.

(૪) હિંસા વેરના લીધે થાય છે...

(૫) હિંસા ખાવાના લોભથી થાય છે...

(૬) હિંસા ધન-માલ આદિના લોભથી થાય છે...

ઈત્યાદિ હિંસાના હેતુ છે; કારણો છે.

આ હિંસાના હેતુઓનું વૈવિધ્ય થયું.

(૨) હવે **હિંસાના સ્વરૂપનું** વૈવિધ્ય જોઈએ.

પ્રભુ જે વિષયનું પ્રતિપાદન કરે છે, એ વિષયનું વિવિધ સ્વરૂપ બતાવે છે. જેમ કે એ જ હિંસાનું સ્વરૂપ કેવું ? તો કે

(૧) પ્રમાદ યોગથી પ્રાણનાશ એ હિંસા. એમ,

(૨) બીજાને કાયિક માનસિક દુઃખ અપાય એ હિંસા. વળી

(૩) આત્માના અપ્રશસ્ત યોગ એ હિંસા છે. 'પક્ખીસૂત્ર' માં લખ્યું છે.

**'અપસત્થા ય જે જોગા, પરિણામા ય દારુણા;**

**પાણાઈવાયસ્સ વેરમણે, એસ વુત્તે અઈક્કમે.'**

'મન-વચન-કાયાના અપ્રશસ્ત યોગો, જેનાં પરિણામો ભયંકર છે, એ અશુભયોગ એ હિંસા-ત્યાગના વ્રતનું ઉલ્લંઘન છે,'-એમ જ્ઞાની કહે છે...

હિંસા ત્યાજ્ય છે; કેમ કે એના ફળ તરીકે...

**(૩) હિંસાનાં ફળ :**

(૧) હિંસા આત્માનું સ્વરૂપ વિકૃત કરે છે.

(૨) હિંસાના વિપાકમાં દુઃખ દુર્ગતિ વગેરે ભયંકર છે.

(૩) હિંસાના ફળમાં સંક્લિષ્ટ પરિણામ બને, તેથી ભાવિ માટે સંસ્કાર ખરાબ પડે છે...

(૪) હિંસાથી હિંસિત જીવને પણ સંક્લિષ્ટ પરિણામ જાગે છે, તેથી એને પણ ખરાબ સંસ્કાર ઊભા થાય છે.

(૫) તેથી એની ય ભાવિ ગતિ બગડે છે. હિંસાના આ ફળ ઉપરાંત

(૬) 'હિંસાથી લેશ્યા-પરિણામ બગડે, એનો પડઘો જીવનના બીજા કાર્યો પર પડે છે.' આ પણ ખરાબ ફળ છે, પછી બીજા કાર્યો ઉગ્ર અશુભ લેશ્યાથી થવાનાં.

વિવિધ હેતુઓ, વિવિધ સ્વરૂપો, અને વિવિધ ફળોનાં પ્રતિપાદનથી પ્રભુની વાણી દળદાર ને માલદાર હોય છે. ત્યારે તો ધુરંધર વિદ્વાનો અને નિર્મળ અવધિજ્ઞાની ઈંદ્રો જેવાય એ વાણી સાંભળીને ઠરી જાય એમાં નવાઈ નથી. આ 'અનેક જાતિ વિચિત્ર' નામનો અતિશય છે. હવે

**(૭) વાણીમાં આરોપિત વિશેષતા,**

ત્રિભુવનગુરુશ્રી તીર્થંકર પરમાત્માની વાણીના ૩૫ અતિશયના ચોથા વિભાગમાં આ એક અતિશય છે કે વાણી 'આરોપિત વિશેષતાવાળી' હોય છે. 'આરોપિત વિશેષતા' એટલે કે સ્થાપિત વિશેષતા, અર્થાત્ જેમાં શબ્દે શબ્દે વિશેષતા કેવી સ્થપાયેલી હોય ? તો કે બીજાઓ જે શબ્દો બોલે તે સામાન્ય લાગે, અને તીર્થંકર પ્રભુ જે શબ્દ બોલે તે વિશિષ્ટ કોટ્રિનો લાગે ! એટલા માટે તો મોટા ગણધર મહારાજ પણ પ્રભુની વાણીના શબ્દે શબ્દે વિસ્મય પામે છે. ગણધર શ્રી ગૌતમસ્વામીજી મહારાજ માટે ઉપદેશમાળા શાસ્ત્રમાં લખ્યું 'વિમ્હિય હિયઓ

સુણઈસવ્વં' અર્થાત્ વીરપ્રભુનું બોલેલું બધું વિસ્મિત હૃદયે સાંભળે છે.

**પ્રશ્ન :** શબ્દ તો બીજા બોલે એ જ હોય, પછી એમાં વિશેષતા શી ?

**ઉત્તર :** એના એ જ શબ્દના ઉચ્ચારણમાં વક્તા-વક્તાએ ફરક પડે છે. શબ્દ બોલનાર વિશિષ્ટ પુરુષ હોય એટલે એનો એ શબ્દ વિશિષ્ટ લાગે. દા.ત. મોટો ભાઈ નાના ભાઈને કહે 'જો તોફાન ન કરાય, 'એ શબ્દો નાનાને સામાન્ય લાગે, પણ જો માતા કહે, તો એજ શબ્દો એને વિશેષ લાગે છે, અને પિતા કહે તો એના કરતાં વિશેષતાવાળા લાગી તરત ગ્રાહ્ય અને આદરણીય બને છે.

એમ, સામાન્ય મુનિ વ્યાખ્યાન કરતા હોય, એમાં એક દિવસ મોટા આચાર્ય મહારાજ વ્યાખ્યાન કરે, તો પર્ષદાથી એ વિશેષરૂપે ઝીલાય છે, પછી ભલે મુનિએ કહ્યું એ જ આચાર્ય મહારાજ કહે છે. દા.ત. કહ્યું 'જન્મ મરણાદિ વિટંબણાઓના કારણે સંસાર અસાર છે;' પણ વકૃત્વ-લબ્ધિવાળા મોટા આચાર્ય મહારાજના આ જ શબ્દે શબ્દ શ્રોતાને વિશેષતાવાળા લાગે છે.

ભગવાનની વાણીનો આરોપિત-વિશેષતાવાળા શબ્દોનો અતિશય એટલે પછી પૂછવાનું જ શું ? વિશેષતા અનેક રીતે હોય છે. શબ્દરચના અદ્‌ભુત હોય. એથી વિશેષ એનું ઉચ્ચારણ અતિ અદ્‌ભુત ! એમાં ઘંટડી જેવો મીઠો રણકો હોય છે. વાજિંત્રનાદમાં જેમ અતિશય માધુર્ય તેમ અહીં પ્રભુની વાણીના નાદમાં હોય છે. ત્યારે ઉપદેશની જે વસ્તુ કહેવાય છે, એ ખૂબ જ આકર્ષક હોય છે. કહો, શબ્દે, શબ્દે એવી અલૌકિક અદ્‌ભુતતા હોય છે, કે એની ઉપમા માટે કોઈ દૃષ્ટાન્ત ન મળે. એ તો શ્રોતા જ અનુભવી શકે કે એમાં કેવી કેવી વિશેષતા હોય છે. એના ઉપર જ કહેવાય છે ને કે પ્રભુની વાણી લગાતાર છ મહિના સુધી કદાચ સાંભળવા મળે, તો શ્રોતાને ભૂખ-તરસ-થાક ઉંઘ-સુસ્તી વગેરે કશાનો અનુભવ ન થાય ! એટલી બધી એમાં મીઠાશ હોય છે શબ્દથી, સૂરથી અને અર્થથી વિશિષ્ટતા હોય છે. આ 'આરોપિત-વિશેષતા' નામનો અતિશય, હવે છેલ્લો અતિશય,–

**(૮) વાણી અવિચ્છિન્ન :**

અરિહંત ભગવાનની વાણીના ૩૫ ગુણોમાં ૩૪ ગુણ વિચાર્યા. હવે છેલ્લો એક ગુણ 'અવિચ્છિન્ન' છે. વાણી 'અવિચ્છિન્ન' એટલે કે વિચ્છિન્ન નહિ; વિચ્છેદ અર્થાત્ અભાવવાળી નહિ; શાના અભાવવાળી ? તો કે વાણીમાં જે વિષયનું પ્રતિપાદન ચાલ્યું એ વિષયને સિદ્ધ કરનારા અને પુષ્ટ કરનારા તર્ક-યુક્તિ અને દૃષ્ટાન્તના અભાવવાળી નહિ. એટલે જ જિનવાણીની આ ખૂબી છે કે યુક્તિ દૃષ્ટાન્તોથી સભર વિષયને યાને મુક્તિ આદિથી સિદ્ધ પદાર્થને કહેનારી હોઈને શ્રોતાને સીધી ગળે ઉતરી જાય છે. પૂછો,–

**પ્રશ્ન :** શું દરેક વિષયમાં યુક્તિ હોય ?

**ઉત્તર :** યુક્તિ ઘણે ઠેકાણે હોય; માત્ર જે વિષય આગમગમ્ય હોય છે એમાં યુક્તિ ન લડાવાય. દા.ત. 'સંસાર કદી ખાલી નથી થવાનો, જીવો સદા ચારે ગતિમાં ભટકતા રહેવાના છે.' હવે આમાં દલીલ કરવામાં આવે કે –

**દલીલ :** સંસારમાંથી જીવો મોક્ષે જવાનું ચાલુ જ છે, છ છ મહિને ઓછામાં ઓછો એક જીવ તો મોક્ષે જાય જ. આમ ભવ્ય જીવો મોક્ષે જવાનું ચાલુ જ છે, ને સંસારમાં નવા જીવો ઉત્પન્ન તો થવાના નથી, પણ અનાદિ કાળથી જેટલા જીવો વિશ્વમાં છે તેટલા જ છે, તો પછી અનંતકાળે... અનંત અનંતકાળે... ક્યારેય પણ સંસારમાંથી ભવ્ય જીવો તો ખાલી થઈ જ જાય જ ને ?

**સમાધાન :** આ દલીલ નકામી છે, ક્યારેય પણ સંસાર કેમ ખાલી ન થાય એનું નિરાકરણ યુક્તિથી ન થાય, માત્ર કેવળજ્ઞાનીનાં વચનથી જ આ માનવું પડે કે 'સંસાર કદી ભવ્ય જીવોથી પણ ખાલી થવાનો નથી.' અનંતજ્ઞાનીઓએ પોતાના અનંત જ્ઞાનમાં એવું જ જોયું છે કે આ સંસાર કદી ભવ્ય જીવોથી ખાલી થવાનો નથી, અને એ પ્રમાણે એમણે ભાખ્યું છે; તેથી એ વસ્તુ એમજ છે, - એમ આપણે શ્રદ્ધાથી માનવાનું. સર્વજ્ઞનાં વચનથી અર્થાત્ આગમથી માન્ય એટલે કે 'આગમગમ્ય' આ પદાર્થ છે. હેતુગમ્ય નહિ, યુક્તિગમ્ય નહિ.

ઠીક છે, સ્થૂલ સમજૂતી આપી શકાય કે આજ સુધી કાળ કેટલો ગયો ? તો કે અનાદિકાળમાં અનંતાનંત કાળ ગયો. એનું માપ નથી; અમાપ કાળ ગયો. હવે આજે પ્રશ્ન કરાય છે તો આજથી માંડીને અનંત અનંતકાળમાં સંસાર ખાલી થવાનું કહો છો, તો એ પ્રશ્ન થાય કે આજથી શરૂ કરી ભવિષ્યમાં કેટલા કાળે ખાલી થવાનું કહો છો ? જે અનંતાનંત કાળ લેશો એ બધો ગમે તેટલો અનંત અનંતકાળ, પણ એ આજથી શરૂ થતો હોઈ મર્યાદિત કાળ થવાનો. તો સવાલ આ છે કે જે આ સંસાર ભૂતકાળના **અમાપ-અમર્યાદિત** કાળમાં ખાલી થવાનું ન બન્યું, એ સંસારને શું ભાવિ માપસરના (મર્યાદિત) કાળમાં ખાલી થવાનું બનશે ? આમ સ્થૂલ બુદ્ધિનું સમાધાન કરી શકાય, પરંતુ વાસ્તવમાં આ પદાર્થ યુક્તિગમ્ય નથી, પરંતુ આગમગમ્ય છે; ને એ સર્વજ્ઞ કથિત હોવાથી પ્રમાણભૂત છે.

આગમગમ્ય પદાર્થને હેતુગમ્ય યુક્તિગમ્ય બનાવવાનો આગ્રહ ન રખાય. સંમતિતર્કશાસ્ત્ર ના પાડે છે. એવો આગ્રહ રાખવામાં શ્રદ્ધા ડગમગવાનો સંભવ છે બાકી તે સિવાયના પદાર્થમાં હેતુ-યુક્તિ લાગી શકે. દા.ત. અસત્ય ન બોલવું જોઈએ; એથી પાપ લાગે.' હવે આમાં યુક્તિ શી ? તો કહેવાય, આપણી સામે કોઈ અસત્ય બોલે તો આપણે તે ચલાવી લઈએ ? ના, કેમ કે આપણને એ ગમતું

નથી કે આપણી પ્રત્યે કોઈ જૂઠથી વ્યવહાર કરે. તો પછી આપણે અસત્ય બોલીએ એ સામાને કેમ ગમે ? ન જ ગમે, તો અસત્ય બોલાય જ કેમ ? ન જ બોલાય, આ યુક્તિથી અસત્ય ભાષણ અનુચિત ઠરે છે.

એમ, આત્મા, કર્મ, પરલોક, સ્વર્ગ, નરક, મોક્ષ, વગેરે વગેરે પદાર્થ યુક્તિસિદ્ધ છે. તીર્થંકર ભગવાનની વાણી આ વિષયોનું વર્ણન કરે છે, તેમાં યુક્તિ દષ્ટાન્તો પણ ભરચક આવે છે.

પ્રભુની વાણી આવી અવિચ્છિન્ન વાણી શાસ્ત્રોમાં અંકિત થયેલી, એ ઉપા. યશોવિજયજી મહારાજ સંમતિતર્ક વગેરે શાસ્ત્રોમાંથી ભણેલા, એમાં સ્યાદ્વાદ આદિ સિદ્ધાન્ત અને અનેકાનેક અન્વય વ્યતિરેકી તર્ક દષ્ટાન્ત વગેરે આવે. એ ભણીને કાશી ગયેલા. ત્યાં દર્શનોનું વિસ્તારથી અધ્યયન કર્યું. એમાં એકવાર બહારથી એક જબરદસ્ત વિદ્વાન વાદી કાશીમાં આવ્યો. કાશીના પંડિતો એકેક એની સામે વાદમાં બેસતા ગયા પણ એને જીતી શક્યા નહિ પછી ઉપા. યશોવિજયજી મહારાજ કાશીના પંડિતો પાસે વાદની અનુજ્ઞા મેળવીને એ દુર્ધર્ષ વાદી સામે બેઠા, અને સ્યાદ્વાદ સિદ્ધાંતથી એના પર જીત મેળવીને કાશીની આબરૂ બચાવી લીધી. આ પ્રતાપ પ્રભુની વાણીના અતિશયનો.

હવે કવિ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના સ્તવનની છેલ્લી ગાથા કહે છે,

**સિંહાસન અશોક, બેઠા મોહે લોક,**

**આજ હો સ્વામીરે શિવગામી, વાચક યશ થુણ્યોજી...૫**

**ભાવાર્થ :** રત્નજડિત સિંહાસન પર અશોકવૃક્ષની નીચે બિરાજમાન પ્રભુ લોકોના મનને મોહિત આકર્ષિત કરે છે, અત્યંત આનંદ પમાડે છે. એવા શિવગામી પ્રભુની વાચકયશ કવિ આજે સ્તુતિ કરે છે.

**વિવેચન :** ભગવાન જ્યારે વિહાર કરે ત્યારે રત્નોનું સિંહાસન ઉપર આકાશમાં ચાલે છે. પછી ભગવાન બેસવા જાય ત્યારે આપોઆપ એ નીચે ઉતરી પ્રભુની બેઠક નીચે ગોઠવાઈ જાય છે. આ સિંહાસન રંગબેરંગી વિવિધ ઊંચા રત્નોથી મઢેલું હોય છે. દેવો તરફથી ભગવાનનાં આટલા બધાં સન્માન ? હા, ભગવાન જ એવા મહાન છે કે તેમનાં આ રીતે ઊંચા સન્માન દેવો હોંશે હોંશે કરે છે. સામી વ્યક્તિ જેટલી મહાન હોય તેટલા ઊંચા તેનાં પૂજા-સત્કાર સન્માન કરવાનું મન ભક્તને થાય, એ સહજ છે.

જે પ્રભુને ૬૪ ઈન્દ્રો સેવે છે, તેની સેવા પૂજા તમે નોકર પૂજારી પાસે કરાવો છો, તો કરાવાય ?

એમાં વળી પૂજા માટે પૂજારીના હાથમાં વાળાકૂંચીનો કૂચડો આપ્યો... એટલે પછી એ ભગવાનની કેવી દુર્દશા ? તો કે આજનો પૂજારી જેમ વાસણ કે ઓટલો માજે એમ પ્રભુજીને માંજી નાખે છે ! આ તો **'મોચીના દેવને ખાસડાની પૂજા'** જેવું થયું. કેમ જાણે ભગવાન એટલા બધા ઓટલા કે વાસણ જેટલી હલકી કિંમતના ! તે એમની સરભરા રોબ્બડ પૂજારીના હાથે કરાવવાનું રાખ્યું ! શું ભગવાન આટલા બધા હલકા છે ?

**સામા માણસની કેવી સરભરા કરો છો, એ પરથી તમારા દિલમાં એ માણસનું કેવુંક નીચું કે ઊંચું સ્થાન છે એનું માપ નીકળે છે.**

માતાના દિલમાં બાળ બાબાનું કિંમતી સ્થાન છે, તો માતા બાબાને પોતાના કોમળ હાથે જાતે નવરાવે છે, નોકરને નવરાવવા સોંપતી નથી. હવે તમને પૂછું કે પ્રભુ તમારા ઘરના બાબાથી ય ગયા ? તે પૂજારીના બરછટ હાથે અને વાળાકૂંચીના ગોદાથી પ્રભુને સ્નાન કરાવો છો !

કહે છે "વાળાકૂંચી વિના ખૂણામાંથી કેશર નથી નીકળતું" એટલે એનો તો અર્થ એ જ ને કે ખૂણાના કેશરના વાંકે વાળાકૂંચીના ગોદા પ્રભુના આખા શરીર પર લગાવવાના ? મલમલના ખાસા મોટા ટુકડાને પાણીથી ઝરબોળ કરી, પછી એનાથી પ્રભુના અંગે છબછબિયાં કરો, પછી જુઓ કે ખૂણામાંથી ય કેશર નીકળી જાય છે કે નહિ ? કેશર કાંઈ ગુંદર નથી. મોટા કપડાથી મૂર્તિ પર પાણીના છબછબિયાં થાય, તો બધું કેશર ચંદન પલળીને તેમજ કપડાના ધક્કાથી નીકળી જાય. પણ પાણી-ઝળબોળ કપડાથી છબછબિયાં હોં; કિન્તુ ભીના પોતાથી માત્ર લૂછી નાખવાનું નહિ.

વાત એટલી છે કે પ્રભુને આપણા દિલમાં કેવું સ્થાન આપવું છે ? જો ઊંચું સ્થાન આપવું હોય તો એમની ઊંચી સેવા-સરભરા-સન્માન કરવાનું રાખો, અને તે પણ જાતે કરવાનું રાખો. હલકા નોકર જેવા પૂજારીને તો પ્રભુ પાસે ઊભો પણ રખાય નહિ કેમ કે એના પરસેવાવાળા મેલા કપડાની અને એના પરસેવાની દુર્ગંધ પ્રભુને અડ્યા કરે. સુખી શ્રાવકને પોતાને માટે પણ શાસ્ત્રે કહ્યું કે આજના પૂજાનાં કપડાં ધોયા વિના બીજા દિવસે પૂજા માટે વપરાય નહિ કેમ કે એના પર પરસેવાના પુદ્ગલ ચોંટ્યા હોય તે એની દુર્ગંધ પ્રભુ પાસે ન લઈ જવાય.

**જીવનમાં અરિહંતને કેવુંક સ્થાન ? :**

એકલી પૂજારી રાખવાની વાત નથી, પણ આપણે જીવનમાં અરિહંતને કેવું અને કેટલું સ્થાન આપીએ છીએ, એ પણ વિચારવા જેવું છે. દીકરા-દીકરીનાં લગ્ન લેતા હો, તો એના ખર્ચ કેટલા ? અને ત્યાં અરિહંત-ભક્તિના ખર્ચ કેટલા

? આજ તો લગ્નના મંડપમાં ૧ દોઢ લાખ રૂ. ખરચી નાખે છે. એ વખતે એ ખર્ચ બહુ ઓછો કરી નાખી અરિહંતની ભવ્ય ઠાઠ અને સંગીતમય પૂજા ભક્તિ અને મંદિરમાં અનેરા ડેકોરેશન સાથે ભવ્ય આંગી કરવાનું સૂઝે ? જીવનના કેટલાય પ્રસંગોમાં અરિહંતને ઊંચું સ્થાન આપવું હોય, તો આપી શકાય એમ છે. પ્રભુના અતિશય ઉપર આ વિચારણા છે કે દેવકૃત ૧૯ અતિશયોમાં દેવો જાતે પ્રભુનાં કેવા કેવાંક સત્કાર સન્માન કરે છે તો આપણને આવા અતિ અતિ દુર્લભ અરિહંતદેવ ઈષ્ટદેવ તરીકે પૂજવા મળ્યા પછી આપણે આ પ્રભુનાં કેવા કેવા સત્કાર-સન્માન કરવા જોઈએ ? એમાં આ વસ્તુ પણ આવી જાય કે ઠેઠ મોરપીંછીથી માંડી આંગી સુધીની ભગવાનની પૂજા આપણે જાતે જ કરવી જોઈએ, પણ નોકર પાસે ન કરાવાય.

ભગવાનના જીવ **'નયસાર'** માં અતિથિ-સત્કારનો ગુણ હતો. તો જંગલમાં સાધુ-સંત-સંન્યાસીની તપાસ કરવા સ્વયં જાતે ગયેલા. ત્યાં તેમણે નોકરોને આ કામ નહોતું ભળાવ્યું કે જાઓ તમે કોઈ અતિથિ મળે તો બોલાવી લાવો.' ના જાતે શોધવા ચાલ્યા. તમે ભગવાનની પૂજા-પક્ષાલ-અંગલૂછણાં જાતે કરવાના છોડીને નોકરો પાસે કરાવો છો, તો શું હલકાના હાથે મહાપુરુષની સેવા કરાવાય ? ના, ઈન્દ્રો ભગવાનના કેવા સન્માન કરે છે તે નજર સામે રાખવું જોઈએ, માતાના ઘરેથી બાળ ભગવાનને મેરુ પર્વત પર અભિષેક માટે લઈ જવા છે, તો એ કામ ઇંદ્રે બીજા દેવતાને ન ભળાવ્યું કે 'જા પ્રભુને લઈ આવ', પણ પોતે જ પાંચ રૂપ કરી પ્રભુને લઈ આવ્યા.

અષ્ટપ્રાતિહાર્યમાં અશોકવૃક્ષ છે, જે સિંહાસન પર બિરાજમાન પ્રભુની પાછળ હોય છે. પ્રભુથી ૧૨ ગણો ઊંચો હોય છે. 'પ્રભુ બેઠા મન મોહે', - આવા બાર પર્ષદાની વચ્ચે બિરાજમાન પ્રભુ ભવ્ય જીવોને મોહ પમાડે છે તે જ ભવમાં પ્રભુ મોક્ષગામી છે, એવા પ્રભુ જીવોને પ્રતિબોધ પમાડીને સમ્યગ્દર્શન દેશવિરતિ, સર્વવિરતી... યાવત્ સર્વસંગત્યાગ અને ક્ષપકશ્રેણિ સુધીના ધર્મો આપે છે. એ રીતે અરિહંત જેવા માર્ગદાતા અન્ય કોઈ નથી. આવા શિવગામી અરિહંતની કવિ શ્રી વાચક યશોવિજયજી મહારાજ આજે સ્તુતિ કરે છે, -

**આજ હો સ્વામી રે શિવગામી, વાચક જસ થુણ્યોજી.**

**(ઈતિ શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન વિવેચના)**

## બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા-૨

(ગતાંકથી ચાલુ...)

**નમી રાજર્ષિને** ઈન્દ્રે બંગલા બંધાવવા, કોટ સમરાવવા વગેરે કહ્યું, પણ મહર્ષિએ ઉત્તર કર્યો કે **'માર્ગમાં જે ઘર કરી બેસે તે ઠગાય છે.'**

**સંસાર તો જંગલ છે, જંગલમાં તો સિંહ-વાઘ-વરુથી મરવાનો, ને લૂંટારાથી લૂંટાવાનો ભારે ભય ! ત્યાં મુકામ કરી નિરાંતે ન બેસાય. એમ ઉત્તમ મનુષ્યભવમાં જો કાયા-માયામાં નિરાંત કરી, તો મુક્તિના મુખ્ય સ્ટેશન ભૂલી જવાશે, ને લુંટાવાનું થશે !** દિલ્હી જવું છે, વચલા સ્ટેશને મેઈલ ઊભો; ત્યાં પ્રવાસી નીચે ઉતરે તો ય કેવા હૃદયે ? કઈ સમજ સાથે ? એજ ને કે ગાડી અને માલ ન ઉપડી જાય; નાસ્તાપાણીમાં બહુ ખર્ચાઈ ન જાય.

એમ અંતરાત્મા આ જીવન-વિસામાને હવે બહુ પાપ સેવનરૂપી ખર્ચથી નભાવવા ખુશી નહિ. એટલે પાપપ્રવૃત્તિઓમાં શક્ય ઘટાડો કરે છે. એ માટે દાન-શીલ, ત્યાગ-તપ, શમ-દમ (કષાયનિગ્રહ-ઈન્દ્રિયનિગ્રહ) શુભ ભાવનાઓ વગેરેના ભવ્ય પુરુષાર્થ, અને હિંસાદિ પાપોમાં ધરખમ ઘટાડો કરે છે. એમાં કાયાથી શક્ય ન હોય તો વાણીથી, ને એ શક્ય ન હોય તો મનથી કરે છે. આત્મદૃષ્ટિ બન્યા એટલે આત્માના તારક દેવાધિદેવ અને સદ્ગુરુ પર અથાગ શ્રદ્ધા-પ્રીતિ-ભક્તિ આદરે છે, બસ ! એક જ લગની છે. **'આત્માની ઉપર કર્મના અને દોષના ભાર ઉતારું, ગુણસમૃદ્ધિ વધારું, આત્માનું પાપવીર્ય ઘટાડી ધર્મવીર્ય વધારું.'** અંદર ધર્મવીર્ય તો ઘણું છે, પણ બહિરાત્મભાવે એને છારી દીધું છે, આવરી દીધું છે. બહિરાત્મભાવની વાસનાઓને જેમ જેમ ઘટાડવામાં આવે, તેમ તેમ ધર્મવીર્ય વધે છે. અલબત એ માટે ધર્મનો પુરુષાર્થ વધતો રહેવો જોઈએ. ધર્મવીર્ય વધવાથી અંતરાત્મભાવ પણ વિકસિત બને છે. પછી કાયાદિની ખાનપાનાદિ પ્રવૃત્તિ ક્યાં થઈ જાય છે, એની જાણે ખબર જ નથી પડતી ! તેથી ઊલટું, ધર્મની વૃત્તિ-પ્રવૃત્તિ સહજ જેવી બનતી આવે છે ! ક્ષમાદિ ધર્મ આત્મસાત્ યાને આત્માના સ્વભાવભૂત બનતા આવે છે. સ્વરૂપમણતા વધતી ચાલે છે.

**પરમાત્મદશા :- અંતરાત્મભાવમાં આગળ આગળ વધતાં જ્યાં ઉચ્ચ નિરાલંબન ધ્યાનથી સ્વરૂપમણતાની પરાકાષ્ઠાએ પહોંચી, ક્ષમાદિ ધર્મ અને તત્ત્વસંવેદનને બિલકુલ આત્મસ્વભાવભૂત કરી દે છે, ને આત્મા વીતરાગ બને છે, ત્યારે ત્રીજી પરમાત્મદશા પ્રગટ થાય છે. ત્યાં જ્ઞાનાવરણાદિ ઘાતી કર્મોનો નાશ થઈ જવાથી લોકાલોક-પ્રકાશક અનંતજ્ઞાન-દર્શન અને અનંતવીર્ય આદિ પ્રગટે છે. હવે અહીં** ત્રણેય કાળનું સમસ્ત વિશ્વ પ્રત્યક્ષ દેખાતું હોવાથી કશું જ ન જાણેલું ન દેખાતું રહેતું નથી કે જેના માટે ચિંતન કે ધ્યાન કરવું પડે: માટે **આ ધ્યાનાતીત**

**શુદ્ધ સ્વરૂપસ્થ અવસ્થા છે.**

અલબત અહીં હજી અઘાતી કર્મો અને દેહનો સંબંધ છે, કર્મનો ઉદય અને દેહની પ્રવૃત્તિ છે, છતાં અજ્ઞાન અને નિદ્રા, મિથ્યાત્વ-અવિરતિ-રાગ-દ્વેષ-કામ અને હાસ્યાદિ ૬, (હાસ્ય-શોક, રતિ-અરતિ, ભય-જુગુપ્સા) તથા દાન-લાભ-ભોગ-ઉપભોગ-વીર્યના પાંચ અંતરાય, એ આત્માના મુખ્ય અઢાર દોષ એના અવાન્તર પ્રકારો સહિત સર્વથા નાશ પામી ગયા હોવાથી, તદ્દન શુદ્ધ સ્વચ્છ ગુણમય અવસ્થા પ્રગટ થઈ ગઈ છે; માટે આ **સદેહ પરમાત્મદશા છે;** પરમાત્મા બનેલાને હવે નથી રાગ, નથી દ્વેષ; નથી કામ, નથી ક્રોધ; નથી હર્ષ નથી શોક; નથી આહારાદિની આસક્તિ, નથી વિષયતૃષ્ણા એ તો વીતરાગ, ઉદાસીન, અને સમભાવી હોય છે; નિષ્કામ અને નિષ્તૃષ્ણ હોય છે. સ્વચ્છ દર્પણની જેમ સદા વસ્તુમાત્રના અનાસંગ જ્ઞાતા-દૃષ્ટા હોય છે. એમને હવે કશું ઈષ્ટ, અનિષ્ટ લાગવાનું હોતું નથી; માટે તો એ સુખે-દુઃખે, ભવે-મોક્ષે સમભાવવાળા અને નિરીહ કહેવાય છે; તેથી જ એ ઈંદ્રાદિના સન્માન પ્રત્યે રાજી થતા, કે પિશાચી ઉપદ્રવો પ્રત્યે નથી નારાજ થતા. આત્માની વિભાવદશામાંથી મુક્ત સ્વભાવરમણતાવાળી આ કેવી અલૌકિક સહજ સુંદર દશા ! ક્યાં માટીની કાયાના ક્ષણજીવી જડ સૌંદર્ય, અને ક્યાં સચ્ચિદાનંદઘન આત્માના શાશ્વતા ચૈતન્યમય સૌંદર્ય ! અગ્નિના ભીષણ તાપ અને તેજાબની જલદતામાં સર્વ અશુદ્ધિઓ બળી ખાખ થઈ ગયા પછી ચળકતા સો ટચના સુવર્ણ જેવી આત્માની વિશુદ્ધ પરમાત્મ અવસ્થામાં હવે ઉજ્જવળ અનંત જ્ઞાન-દર્શનની જ્યોતિ ઝગમગે છે. પળે પળે આપણા આત્માની થતી રાગી-દ્વેષી દશા, આત્મામાં ખદબદતા ક્રોધ-લોભ, માન-મદ, હર્ષ-શોક, આત્માને પીડતી ઈષ્ટ અણગમા, -આ બધું આત્મસુવર્ણને કથિર જેવું બનાવી દે છે; ત્યારે પરમાત્મદશા આત્મસુવર્ણને જ્વલંત ઝગમગાટ અર્પે છે. હજી દેહસ્થ હોવાથી આને સદેહ પરમાત્મદશા કહી.

પછી બાકીના અઘાતીકર્મ, શાત-અશાતા વેદનીય કર્મ, આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ ભોગવાઈને નાશ થઈ જતાં, હવે કોઈ કર્મનો સંબંધ નહિ રહેવાથી તે આત્મા દેહાદિસંબંધ-રહિત બની સદાને માટે મોક્ષ પામે છે, તે **વિદેહ પરમાત્મદશા** છે. ત્યાં હવે સદા અનંતજ્ઞાન, અનંતદર્શન, અવ્યાબાધ સુખ, અનંત ચારિત્ર (વીતરાગતા), અક્ષયપણું, અરૂપીપણું, અગુરુલઘુપણું અને અનંત વીર્યાદિ, -એમ મૂળ આઠ ગુણ પ્રગટ રહે છે. ત્યાં સાંસારિક સુખ-દુઃખ, જન્મ-મરણ, સુરૂપ-કુરૂપતા, ઉચ્ચ-નીચ ગોત્ર, માનાપમાન વગેરે કોઈ દ્વન્દ્વો નથી. સ્ફટિકવત્ શુદ્ધ આત્મદ્રવ્ય ઝળહળે છે.

**કયા પરમાત્મા અરિહંત ? :-** સદેહ પરમાત્મદશાની સાથે, જે જીવે પૂર્વની વિશિષ્ટ સાધના કરીને તીર્થંકર-નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જ્યું હોય તેમને, તે

પુણ્ય ઉદયમાં આવવાથી, પહેલાં સ્તોત્રપૂજાના વિષયમાં, અરિહંતના ૩૪ અતિશય, ૩૫ વાણીગુણ વગેરે જે શક્તિ કહી આવ્યા, તે પણ પ્રગટ થાય છે, અષ્ટ પ્રાતિહાર્યાદિ પૂજાને અર્હ (યોગ્ય) બને છે, માટે તે અરિહંત, યા અરહંત કહેવાય છે; અને તે ધર્મ-તીર્થ (ધર્મ-શાસન)ની સ્થાપના કરે છે, માટે તે તીર્થંકર પરમાત્મા પણ કહેવાય છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધ સંઘને તે સ્થાપે છે. આમ એ પરમાત્મા બનેલા હોય છે, 'અનાદિના' નહિ.

**સુવાક્ય**

દુન્યવી સગવડ-અગવડ અંગે ભાગ્યની પેટીના ભરોસે રહેવાનું. એ પેટી જો કાણી, તો બહાર કાણું જ સમજે. પેટી અધુરી થતી લાગે તો પરમાર્થ પરોપકારનાં સુકૃતો કર્યે રાખવાનાં, જેથી પેટી પુણ્યે ભરી રહે.

ગુરુજનની પૂજા એટલે માનવી તરીકે મળેલી બુદ્ધિ-શક્તિનો પહેલો સદુપયોગ.

"દિવ્ય-દર્શન"-"શાસન પ્રભાવના" વર્ષ-૭,અંક-૩૬,તા.૩૦-૫-૧૯૫૯

## અરિહંત અનંતા શી રીતે

બહિરાત્મભાવમાંથી નીકળી અંતરાત્મા અને પરમાત્મા બનવા માટે એમને સર્વજ્ઞોક્ત તત્ત્વો અને મોક્ષમાર્ગનું જ્ઞાન તથા ધર્મશાસનની નિશ્રા (ઓથ) જોઈએ; અને તે પૂર્વે થઈ ગયેલ અરિહંત પરમાત્મા થકી જ મળી શકે. વળી તે પૂર્વના અર્હત્પરમાત્મા પણ એમની પૂર્વે થઈ ગયેલ અરિહંત પ્રભુના તત્ત્વદર્શન અને ધર્મશાસનના આધારે જ બન્યા હોય, એમ પૂર્વે પૂર્વે વિચારતાં અનંતા અરિહંત પરમાત્મા યુક્તિ પુરસ્સર સિદ્ધ થાય છે. એટલે જે લોકો પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીને જ ઐતિહાસિક તીર્થંકર તરીકે ઓળખાવી એમની પૂર્વના તીર્થંકર ભગવાનો અંગે સંદેહ ઊભો કરે છે, તેઓ અજ્ઞાન યા મિથ્યા ગ્રહને લીધે વાસ્તવિક નિશ્ચિત હકીકતનો ખોટો વિરોધ કરનારા છે. અરિહંત પરમાત્મા એક બે નહિ. પણ અનેક થઈ ગયા છે, એ વાસ્તવિક નિશ્ચિત હકીકતનું સૂચન 'નમો અરિહંતાણં' માના બહુવચનથી થાય છે. કેમકે બહુવચન એ, અદ્વૈત યાને જેનો બીજો પ્રકાર નથી એવી એક માત્ર વસ્તુનો નિષેધ કરે છે.

અહીં એટલું ધ્યાનમાં રહે કે- 'જગતમાં આત્માનું અદ્વૈત એટલે એકમાત્ર આત્મા-પરમાત્માનું અદ્વૈત છે, એટલે કે એકમાત્ર પરમાત્મા જ વસ્તુ સત્ છે, અથવા એકલું જ્ઞાનમાત્ર કે શબ્દમાત્ર વસ્તુસત્ છે, અર્થાત્ જ્ઞાનનું અદ્વૈત, શબ્દનું અદ્વૈત છે, વિશ્વ એકલું જ્ઞાનસ્વરૂપ છે, શબ્દસ્વરૂપ છે, આવા અનેક અદ્વૈત પ્રવર્તે છે; એ બધા મિથ્યા અને નિષેધ્ય છે, પરંતુ પ્રસ્તુત 'અરિહંતાણં' માના બહુવચનથી માત્ર આત્મા અને પરમાત્માના અદ્વૈતનો નિષેધ સૂચિત છે.

પ્ર.- 'નમો અરિહંતાણં' થી અનેકને એક જ નમસ્કાર કરવા જતાં નમસ્કાર

વહેંચાઈ નહિ જાય ?

ઉ.- ના, આ દાન જેવી ક્રિયા નથી. **આ બહુવચનથી તો નમસ્કારના ફળની અતિશકયતા સૂચવાય છે.** કેમકે નમસ્કારના વિષય ઘણાં લેવાથી નમસ્કાર કરનારને ફળ અતિશય મળે છે. એટલે પ્રશ્ન ઊઠે કે જેમ એક રૂપિયાનું દાન ઘણા વચ્ચે વહેંચાવાથી દરેકને જેમ રૂપિયાનો અંશ માત્ર મળે છે, તેમ ઘણાંને એક નમસ્કાર કરવામાં શું ફળના નાના ટૂકડા ન થઈ જાય ?' પરંતુ આ પ્રશ્ન વિચારપૂર્ણ નથી. કેમકે દાનની ક્રિયામાં તો યાચકને લેવાનું છે, તેથી અનેક યાચકોમાં એક દાનની વસ્તુ વહેંચાઈ જાય એ સહજ છે; પરંતુ નમસ્કારની ક્રિયામાં તો નમસ્કરણીય વીતરાગ અરિહંતને કૃતકૃત્ય હોવાથી કશું લેવાનું નથી; એમાં તો નમસ્કાર કરનારને પામવાનું છે. તેથી **જેવી રીતે દર્શન ક્રિયામાં** કોઈ એક જ બગીચો જુએ, ને કોઈ એક સાથે અનેક બગીચા જુએ, તો પહેલા કરતાં બીજાને વધારે આલ્હાદ થાય છે; અર્થાત્ દર્શનક્રિયા એક છતાં એના અનેક વિષયો હોવાને લીધે એના ફળના ટૂકડા નથી થતા પરંતુ ઊલટું ફળમાં આલ્હાદ વધે છે; **તેવી રીતે નમસ્કાર ક્રિયાના** વિષય અનેક હોવાથી એના શુભ ફળમાં વધારો થાય છે. અનેક અરિહંત પ્રભુને નમસ્કાર કરવા માટે આંતરિક દૃષ્ટિ સમક્ષ અનેક અરિહંત પ્રભુ લાવવા પડે; અને એમ કરી નમસ્કાર કરવામાં ભાવોલ્લાસ ઘણો વધી જાય; ને તેથી નમસ્કાર કરનાર ભાગ્યશાળી એકને નમસ્કાર કરી ફળમાં શુભ ભાવના પામે તેના કરતાં અનેકને નમસ્કાર કરી ફળમાં શુભ ભાવનાના ઉત્કર્ષને પામે એ સહજ છે. આ અત્યધિક ભાવોલ્લાસનો અનુભવ કરવા માટે- 'નમો અરિહંતાણં'... વગેરે પંચપરમેષ્ઠિ-સૂત્ર બોલતાં આપણે જાણે લોકની બહાર આલોકમાં ઊભા છીએ, અને સામે લોકમાં જાણે આપણી દૃષ્ટિ સમક્ષ અનંત અરિહંત, અનંત સિદ્ધ, અનંત આચાર્ય-ઉપાધ્યાય-સાધુને સાક્ષાત્ જોતાં નમસ્કાર કરીએ છીએ, -એવું કરવાથી થાય છે. ત્યારે એકને બદલે અનેક પરમાત્માને નમસ્કાર કરવામાં શ્રમ કે ધન ખર્ચ વગેરે તો કાંઈ લાગતો નથી, પછી શા સારુ અનેકને લઈને આવો સહેલો છતાં ઊંચો લાભ ન લેવો ? કહે છે ને **'वचने का दरिद्रता ?'**- કોઈની સાથે વાતના પ્રસંગે વિવેકના બોલમાં કંજૂસાઈ શા માટે કરવી ? એમ અહીં **'नमनविषये का दरिद्रता ?'**- નમસ્કારના વિષય લેવામાં કંજૂસાઈ શા માટે કરવી ? વિષય તરીકે શા માટે અનેક અરિહંત ન લેવા ?

**'નમોત્થુણં' 'નમસ્કાર હો' એ અર્થમાં કેટલાક સામર્થ્યયોગની પ્રાર્થના સૂચવે છે, તો બીજાઓ બીજો અર્થ લે છે.** તે એ છે કે આ પ્રાર્થનાવચન વસ્તુગમ્યા લોકોત્તર જહાજ પામવાની ઈચ્છાવાળા માટે તેના સાધન તરીકે પહેલો ઈચ્છાયોગ કહે છે. લૌકિક જહાજ તરીકે નાવ, સ્ટીમર વગેરે ગણાય; લોકોત્તર જહાજ તરીકે અરિહંત પરમાત્માનું પ્રવચન અર્થાત્ જિનશાસન કહેવાય; કેમકે એ એનો આશરો લેનારને ભવસાગરથી પાર ઉતારે છે; પરંતુ તે વસ્તુસ્થિતિએ આશરો લેનારને.

અર્થાત્ ખરેખર આ જહાજ સ્વીકારનારને પાર ઉતારે છે. ખાલી નામથી જૈન હોય, યા માત્ર પૌદ્ગલિક દુન્યવી લાલસાઓ પોષવા માટે જ બીજા ઉપાયોની જેમ જૈન શાસનનો ઉપયોગ કરતો હોય, એ જૈનશાસનનો વસ્તુસ્થિતિએ આશરો લેનારો ન ગણાય. કેમકે જૈનશાસન તો સંસારનો અંત કરનારું છે. જ્યારે આને તો સંસાર પોષવો છે, સંસારનો અંત નથી લાવવો. ઈતરની જેમ એવાને પણ ઈચ્છાયોગ વગેરે હોઈ શકતા નથી; તેમ એ ભવપાર કરી શકતો નથી. તો જે ખરેખર જિનશાસનને સ્વીકારનારા છે, એમને હવે એની ઉપાસના કરવા માટે સાધન તરીકે ત્રણ પ્રકારના યોગ છે, એમાં અહીં 'નમોસ્થુ' કહીને પહેલો ઈચ્છાયોગ કહે છે. તેમાંથી બીજો શાસ્ત્રયોગ અને પછી ત્રીજો સામર્થ્યયોગ જન્મે છે; અને સામર્થ્યયોગથી તરત જ મહાફળ કૈવલ્ય (કેવળજ્ઞાન) પ્રાપ્ત થાય છે, એમ યોગના આચાર્ય કહે છે.

**પ્ર.- ઈચ્છાયોગ વગેરે શું છે ?**

ઉ.- **ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ,** એ તાત્ત્વિક ધર્મની પ્રવૃત્તિસ્વરૂપ છે, કેમકે યોગ એટલે મોક્ષની સાથે યોજી આપે તે; અને તાત્ત્વિક ધર્મપ્રવૃત્તિ એ કરી આપે છે, માટે તે યોગ કહેવાય. એમાં ઈચ્છાયોગ વગેરેએ કક્ષાવાર ધર્મપ્રવૃત્તિના યથાયોગ્ય નામ છે. યથાયોગ્ય એટલા માટે, કે જે ધર્મપ્રવૃત્તિમાં ઈચ્છાની મુખ્યતા છે તેનું નામ ઈચ્છાયોગ; શાસ્ત્રની મુખ્યતા છે તેનું નામ શાસ્ત્રયોગ; અને સામર્થ્યની મુખ્યતા છે, તેનું સામર્થ્યયોગ. ત્રણેય પ્રવૃત્તિ ધર્મની તો ખરી જ; પાપપ્રવૃત્તિં નહિ, સંસાર પ્રવૃત્તિ નહિ. ધર્મપ્રવૃત્તિ પણ તાત્ત્વિક ધર્મની પ્રવૃત્તિ લેવાની; અર્થાત્ જેમાં ખરેખર ધર્મનું લક્ષણ ઘટે. જે ખરેખર જીવને દુર્ગતિથી ધારી (બચાવી) સદ્ગતિમાં ધરે તેનું નામ ધર્મ. તે જ તાત્ત્વિક ધર્મ કહેવાય અને તે સર્વજ્ઞકથિત જ હોવો જોઈએ. સર્વજ્ઞ વિના બીજાનું ગજું નહિ કે એવો ધર્મ બતાવી શકે. હવે (૧) ધર્મનો સાધક આત્મા પહેલે તબક્કે ઉચ્ચ કોટિની ધર્મસાધના નથી કરી શકતો; પહેલાં તો એ સાધનામાં પ્રવર્તે ત્યાં એને કેટલીય વિકલતા યાને ત્રુટિઓ રહી જાય છે. પરંતુ એને ધર્મ કરવાની ઈચ્છા પ્રબળ છે, તેથી અહીં ત્રુટિવાળી ક્રિયાની મુખ્યતા ન ગણતાં ઈચ્છાની મુખ્યતા ગણીને આવી ધર્મસાધનાને **'ઈચ્છાયોગ'** નામ આપ્યું. એથી સ્પષ્ટ છે કે એકલી ધર્મઈચ્છાએ ઈચ્છાયોગ નથી, પરંતુ **ધર્મ-ઈચ્છાવાળી ધર્મક્રિયા એ ઈચ્છાયોગ છે.** પછી,

(૨) શુદ્ધ ધર્મ કરવાની ઈચ્છાના જોર પર ધર્મક્રિયામાં આગળ વધતાં વધતાં જ્યારે ક્રિયાની બધી વિકલતા અર્થાત્ ખામીઓ દૂર કરી, શાસ્ત્રે કહ્યા મુજબ અવિકલ યાને સંપૂર્ણ શુદ્ધ ક્રિયા કરે છે, ત્યારે તે ધર્મપ્રવૃત્તિ **'શાસ્ત્રયોગરૂપ'** બને છે. એમાં શાસ્ત્રના આદેશ સાચવવાનું મુખ્ય છે, માટે તે શાસ્ત્રયોગ કહેવાય છે.

(૩) એમાં પણ આગળ વધતાં જ્યારે અધિક એટલે કે વિશેષતાવાળી

ધર્મસાધના કરવાનું સામર્થ્ય ફોરવે છે, ત્યારે તે સાધનામાં તેમાં શાસ્ત્ર ઉપરાંત આત્મસામર્થ્યની વિશેષતા હોઈને તેને 'સામર્થ્યયોગ' કહેવાય છે.

આ ત્રણેય યોગ અલબત આગમમાં સૂત્રરૂપે અર્થાત્ શબ્દશઃ ક્યાંય સાંભળવા નથી મળતા, છતાં યુક્તિસ્વરૂપ શાસ્ત્રથી એ સિદ્ધ થાય છે; અને '**आगम-श्चोपपत्तिश्च...**' એ શ્લોક મુજબ આગમ અને યુક્તિ, બંનેયથી પદાર્થ સિદ્ધ થાય છે, ને તેનું શ્રવણ, મનન, આદિ કરવું જોઈએ. એટલું ખરું કે યુક્તિ લડાવવા જતાં આગમનો વિરોધ ન આવવો જોઈએ. બાકી એવા કેટલાય પદાર્થો છે કે જે સીધા શબ્દશઃ વર્તમાન આગમમાં નથી મળતા, છતાં એ યુક્તિથી સિદ્ધ થાય છે, તેમજ આગમ વિરુદ્ધ નથી કિન્તુ આગમોક્ત પદાર્થની સાથે સંગત થાય છે. ઈચ્છાયોગાદિ ત્રણ યોગ આ પ્રકારના છે.

## સુવાક્ય

જેના હૃદયમાં ભારોભાર દયા ભરી હોય એનાં હૈયાં તો એટલા મૃદુ અને મીણ જેવા ઓગળી જનારાં હોય કે સામાની ભૂલ પર દયાના ભરપૂર ઝરણાં રહે.

**"दिव्य-दर्शन"-"प्रवचन महोदधि"** **વર્ષ-૭,અંક-૩૭,તા.૬-૬-૧૯૫૯**

## ઈચ્છાયોગ

**'कर्तुमिच्छोः श्रुतार्थस्यज्ञानिनोऽपि प्रमादतः ।**
**विकलो धर्म्मयोगो यः स इच्छायोग इष्यते ॥१॥'**

**અર્થ :-** કહ્યું છે કે (ધર્મ) કરવાની ઈચ્છાવાળા (અને) આગમશ્રવણવાળાની (એ આદરણીય તત્ત્વનો) જ્ઞાની છતાં પ્રમાદના લીધે (થતી) જે ખામીવાળી ધર્મપ્રવૃત્તિ, એને ઈચ્છાયોગ માનવામાં આવે છે.

**વિવેચન :-** પહેલી ઈચ્છાયોગની કક્ષાની ધર્મપ્રવૃત્તિમાં ચાર વસ્તુ છે.

**(૧) કોઈ આશંસા વિના જ તેવા પ્રકારના કર્મ-ક્ષયોપશમથી ધર્મ કરવાની ઈચ્છા,**
**(૨) તે ધર્મના વર્ણનવાળા આગમનું કરેલું શ્રવણ,**
**(૩) શ્રવણથી થયેલું સાધ્ય ધર્મના તત્ત્વનું જ્ઞાન, અને**
**(૪) વિકથાદિ પમાદવશ ખામીવાળી ધર્મસાધના.**

(૧) ઈચ્છાયોગ એ પાયાની ધર્મસાધના છે. એમાં મુખ્ય પહેલી તો ધર્મ કરવાની ઈચ્છા જોઈએ, હાર્દિક ઊર્મિ જોઈએ. ધર્મની એકલી જાણકારી કારગત ન બને; એને સાધવાની ગરજ, તાલાવેલી અને તમન્ના હોય તો આગળ વધાય. આ અંતરમાંથી ઉઠે, તો એની પાછળ શક્ય ધર્મપ્રવૃત્તિ પણ થાય, ને તે સમયે થાય. દેખાદેખી કે શરમાશરમી કરવું પડે કે બળાત્કારે ધર્મપ્રવૃત્તિ થાય તો ત્યાં વેઠિયાગીરી જેવી કરાશે. ઈચ્છા નથી, ને પ્રવૃત્તિ કરવી પડે, એમાં અ કળામણ થશે. "ક્યાં લપ આવી ! ક્યારે પૂરી થશે !..." વગેરે. એવી ધર્મપ્રવૃત્તિ એ પ્રાથમિક

ઈચ્છાયોગમાં પણ નહિ, માટે એ હાર્દિક ઈચ્છાપૂર્વક જોઈએ.

હાર્દિક ઈચ્છા પણ કોઈ બહાના હેઠળ, કોઈ પૌદ્ગલિક ધન-માનાદિની આશંસાપૂર્વક નહિ જોઈએ. એમાં તો લક્ષ ધર્મ સિદ્ધ કરવાનું નહિ, પણ દુન્યવી લાભ સિદ્ધ કરવાનું રહે છે. તેથી ધર્મ સહજ યાને સ્વભાવગત નથી બનતો આવતો. ધર્મ ભૂલવા માગીએ તો ન ભૂલાય, એના બદલે પરાણે યાદ કરવો પડે, યાદ કરો ને ભૂલી જવાય છે, એ શાથી ? નિરાશંસભાવે ધર્મ કરવાની તાલાવેલી જોરદાર નથી જગાડી તેથી. બીજા બહાના હેઠળ થતી ધર્મપ્રવૃત્તિ પગાર માટેની નોકરી ભરવા જેવી છે. પગાર બંધ કે ઓછો થવો લાગે એટલે કે નોકરી મૂકી બીજું પકડાય છે, તેમ આશા, અપેક્ષા ન ફળતી કે ઓછી ફળતી લાગતાં ધર્મપ્રવૃત્તિ છોડી બીજા કાર્યોમાં ઓતપ્રોત થવાય છે.

**ધર્મપ્રવૃત્તિ બે જાતની :-** (૧) ઔદયિક ભાવની, (૨) ક્ષાયોપશમિક ભાવની. **ઔદયિક ભાવની** એટલે ધનાદિ-લોભ, માન 'હું સારો દેખાઉં...' વગેરે મોહોદયથી પ્રેરાઈ જે ધર્મપ્રવૃત્તિ કરાય તે. **ક્ષાયોપશમિક ભાવની** એટલે મિથ્યાત્વ મંદ પડ્યું રાગાદિ મંદ પડ્યા ને આત્મહિતાર્થે જે ધર્મપ્રવૃત્તિ થાય તે ઔદયિક ભાવમાં આંધળી દળે, ને કૂતરું ચાટી જાય; આંધળો આત્મા ધર્મ કરી કરીને રાગ-લોભાદિ કષાયોને પોષશે ! માટે રાગાદિ કર્મનો ક્ષયોપશમ થઈને શુદ્ધ નિરાશંસભાવે ધર્મની ઈચ્છા અને ધર્મ થવો જોઈએ. એથી સુસંસ્કાર વૃદ્ધિ થાય. એવા ધર્મના અભ્યાસથી પાછો ક્ષયોપશમ વધે, અને વિશેષ ઊંચો ધર્મ સધાય. તો શાસ્ત્ર યોગ તરફ જવાય.

(૨) ધર્મની ઈચ્છા તો કરી, પરંતુ સીધા ધર્મપ્રવૃત્તિ લઈ બેસવાનું નહિ, પણ તે ધર્મની વિધિ શી, યોગ્યતા શી, ઈત્યાદિ બતાવનારા આગમનું શ્રવણ કરવું જોઈએ. તો જ એનું સમ્યગ્જ્ઞાન થઈ સાચી સાધના થાય, આપકલ્પનાથી યા કોઈ કોઈનું જોઈ લીધા માત્રથી નહિ. કેમકે બીજાનું જોવામાં તો કોને ખબર કે એ બીજો અવિધિ આદિથી કરતો હશે તો. ત્યારે સ્વયં કલ્પનામાં તો સાચી વિધિ વગેરે ન જાણી શકાય. ધર્મનું તંત્ર અતીન્દ્રિય છે, કેવી કેવી ઝીણવટભર્યા વિધિવિધાન અને કેવી કેવી વિશેષતા જાળવવાથી કેવા કેવા પુણ્યાનુબંધી પુણ્યના અઢળક ઉપાર્જન થાય છે, પ્રાગ્બદ્ધ કયા કયા અશુભ કર્મદલિયાનાં શુભમાં સંક્રમણ થાય છે, અપવર્તના (સ્થિતિ-રચના હ્રાસ) થાય છે, પ્રદેશોદય થાય છે, વગેરે શા શા સામાન્ય ને વિશિષ્ટ ફળ મળે છે. ત્યારે કઈ કઈ અયોગ્યતા, વિધિભંગ, આશાતના વગેરેથી કયા કયા મોહનીય કર્મ, ને જ્ઞાનાવરણાદિ કર્મ બંધાય છે... ઈત્યાદિ બધુ અતીન્દ્રિય છે, ચક્ષુ કે મનથી જાણી શકાય નહિ. દાળમાં મસાલો નાખી જીભે મૂકે તો ઝટ ખબર પડી કે આ મસાલો ઓછો-વધુ છે. પણ અતીન્દ્રિયમાં તો સર્વજ્ઞનાં શાસ્ત્રથી જ ખબર પડે માટે શાસ્ત્ર સાંભળીને ધર્મપ્રવૃત્તિ કરે તો એ પ્રવૃત્તિ ઈચ્છાયોગમાં આવે. કહે છે, 'બે કલાક પૂજામાં થાય છે માટે વ્યાખ્યાને નથી આવતો,' અરે પણ

સાંભળ્યા વિના ધર્મનો હક જ ક્યાં છે ?

(૩) આગમ સાંભળ્યા તો હોય, પણ ધર્મપ્રવૃત્તિ વખતે યાદ ન હોય યા સમજ્યો ન હોય તો ય ન ચાલે, માટે જે ધર્મપ્રવૃત્તિ કરવી છે, તેને અંગે શાસ્ત્રશ્રવણ કરવા ઉપર તેનું ગ્રહણ-અવધારણ જોઈએ. એનાં રહસ્ય, સિદ્ધાન્ત વગેરે તત્ત્વને બરાબર સમજવા યાદ રાખવા જોઈએ; ચોકસરૂપે મનમાં ઠસાવી-ઠરાવી રાખવા પડે. સાંભળીને ઉઠ્યા પછી કાંઈ નહિ એ તો સુપ્તનૃપકથા જેવું છે; રાજા ઉંઘ લાવવા માટે વાત સાંભળે એના જેવું છે. માટે સાંભળ્યા પર સ્થિર જ્ઞાન જોઈએ.

(૪) ધર્મની ઈચ્છા, શ્રવણ અને જ્ઞાન કર્યું પણ પછી પ્રવૃત્તિ ન કરે તો ઈચ્છાયોગ નહિ. માટે ઈચ્છા અને જ્ઞાનનો અમલ જોઈએ. અલબત સાચી ધગશ હોય તો પ્રવૃત્તિ થાય; પરંતુ કેટલીક વાર ખોટી રીતે સાંસારિક ગડમથલમાં ગુંથાઈ ધર્મપ્રવૃત્તિ ગુમાવવાનું થાય છે, તે ન થવું જોઈએ. ઈચ્છાના અમલની જેમ શ્રવણનો અમલ ન કરે, તો પછી હૃદય ધિઠ્ઠું થઈ જાય છે, 'તુમ કહેતે ભલા, હમ સુનતે ભલા'. સાભળ્યું કે મૈત્રી પ્રમોદ વગેરે ભાવના એ ધર્મનો પાયો છે, પણ પછી અમલમાં દેવાળું; માર્ગાનુસારીના ગુણો સાંભળ્યા, પરંતુ જો અમલ નહિ; તો હૃદય નઠોર થતું આવે છે. સાંભળ્યા પછી કહે છે, 'અમે પામર છીએ, નથી બનતું, આ કલેજે ઠંડક છે. દુનિયાના પ્રસંગમાં કેમ પામર છીએ નથી બોલાતું ? ત્યાં તો ભાવ, ફાવટ થવાનું, વગેરે સાંભળી ઝટ સોદો કરવા દોડાય છે. અહીં પામર છીએ કહીને છૂટી જવું એ સારા સારા ઉપદેશને ચાવી ખાવા જેવું છે; જેમ દુઃખીના દર્શને પાઈ ન ખર્ચે કે બીજી શક્ય સહાય ન કરે, તો એવાં દર્શન ચાવી ખાધાં ગણાય. માટે અમલમાં જોઈએ. શ્રી ભદ્રબાહુસ્વામી કહે છે, **"વર્તમાનમાં બોધિને નિષ્ફળ કરનારો તું ભવાંતર માટે બોધિ કયા મૂલ્ય પર માગી રહ્યો છે ?"** બોધિ એટલે ધર્મશ્રદ્ધા એને નિષ્ફળ કરવી એટલે કે શક્ય અમલમાં ન ઉતારવી, એ ભવાંતરે બોધિને માટે નાલાયક ઠેરવે છે. માટે તન-મન-ધન તોડીને ધર્મપ્રવૃત્તિ જોઈએ.

આમ, ધર્મ-સાધના સુધી આવવા છતાં, અનાદિના અભ્યાસવશ નિદ્રા, વિકથા-રાજકથા, સ્ત્રીકથા, દેશકથા, ભોજનકથા તથા અનુપયોગ, શરીરરાગ, થાકની અરુચિ (દ્વેષ), અનુપયોગ, વિસ્મરણ, સંશય, ચંચળતા, ઈત્યાદિ પ્રમાદ થઈ જવાથી ધર્મક્રિયા બરાબર શાસ્ત્રવિધાન-મર્યાદા-ચોકસાઈને અનુસારે નથી ચાલતી. દા.ત. ચૈત્યવંદનાદિ ક્રિયામાં કાળ, મુદ્રા વગેરેના ભંગ થાય, અશુદ્ધિ થાય, ઈત્યાદિ. તેથી ક્રિયા ખોડખાંપણવાળી થાય છે; વિઘ્ન આવતાં ચલિત થવાય છે. માટે એ ઈચ્છાયોગરૂપ છે. આનો અર્થ એ નથી કે- 'પ્રમાદ રાખવો !' પ્રમાદને તો જ્ઞાન, વીરતા-ધીરતા અને સ્થિરતાથી દૂર કર્યે જ જવાનો, પરંતુ જ્યાં સુધી શાસ્ત્રે કહેલા કાળ, આસન-મુદ્રા વગેરેમાં સહેજ પણ ત્રુટિ રહેશે, અતિચાર લાગશે, ત્યાં સુધી તે ધર્મપ્રવૃત્તિ ઈચ્છાયોગ ગણાશે.

## શાસ્ત્રયોગ

**'(ल.) शास्त्रयोगस्त्विह ज्ञेयो, यथाशक्तयप्रमादिनः ।**
**श्राद्धस्य तीव्र- बोधेनऽवचसाविकलस्तथा ॥२॥'**

**અર્થ :-** યોગશાસ્ત્રમાં જોવામાં આવે છે કે યથાશક્તિ પ્રમાદરહિત અને સ્વસંવેદનાત્મક શ્રદ્ધાવાળાને તીવ્ર બોધના કારણે આગમાનુસારે અખંડ (યોગજ્ઞાન) શાસ્ત્રયોગ હોય છે.

**વિવચેન :-** 'શાસ્ત્રયોગ' શબ્દથી આગમમાં નહિ પણ યોગશાસ્ત્રમાં શાસ્ત્રયોગનું આ સ્વરૂપ જોવા મળે છે.

**(૧) યથાશક્તિ અપ્રમાદી, અને**
**(૨) તથાવિધ મોહનાશથી સ્વસંવેદનાત્મક શ્રદ્ધાવાન,**
**(૩) તીવ્ર બોધપૂર્વક,**
**(૪) શાસ્ત્રના અખંડ વિધાનો જાળવીને, જે ધર્મપ્રવૃત્તિ કરે તે શાસ્ત્રયોગ.**

(૧) ઈચ્છાયોગમાં આગળ વધતા બીજી કક્ષાએ શાસ્ત્રયોગના ઘરની ધર્મપ્રવૃત્તિમાં અવાય છે. એમાં નિદ્રા, વિકથા, અનુપયોગ, ચંચળતા, સ્મૃતિભ્રંશ (વિસ્મરણ) સંશય, વગેરે સર્વ પ્રમાદોને, પોતાની શક્તિને અનુરૂપ અર્થાત્ સર્વ શક્તિ ખર્ચીને નિવારવામાં આવે છે. તેથી તે તે ધર્મની સાધનામાં આત્મા મન-વચન-કાયાથી એકાકાર થઈ જાય છે; એમાં તન્મય લક્ષવાળું, અનરૂપ શુભ લેશ્યા અને અધ્યવસાયયુક્ત, સ્પષ્ટ શુદ્ધ સૂત્ર-ઉચ્ચારણ, સચોટ ક્રિયાવિધિ-પાલન, ચોકસ શાસ્ત્રોકત કાળ-મુદ્રા-મર્યાદાની જાળવણી, તથા સંશય, ભ્રમ, વિસ્મરણ, અનુપયોગાદિ વિનાનો માનસિક અખંડ ઉપયોગ, બરાબર ઝળકતા રહે છે. આની પૂર્વે સત્ત્વ અપૂર્વ કેળવેલું હોવાને લીધે સાધનામાં પ્રમાદથી અતિચાર અને અપવાદમાર્ગનું સેવન નથી હોતું. એટલે ઊંચુ અપ્રમત્તપણું હોય છે.

**પ્ર.- આવી અપ્રમત્તસ્થિતિ કયારે આવે ?**

ઉ.- એ માટે તીવ્ર સંવેગ (ધર્મરંગ), વધતો ઉલ્લાસ, અપૂર્વ ધગશ-ખંત-મનોબળ અને કઠોર સાધનાનો દીર્ઘ અભ્યાસ કેળવવો પડે. પ્રમાદ મોહનીય કર્માદિના ઉદયથી સેવાય છે, અને કર્મોનું બળ એવું છે કે એની સામો ધીખતો પુરુષાર્થ ચાલુ ન હોય તો એ ભલભલા દીર્ઘકાળના સાધુને પણ પ્રમાદમાં પાડી નાખે. ભણી ગયા ગણું, મહાન આગમો ય ભણી ગયા, પણ સાથે એનું સૂત્રઅર્થની સચોટ પરાવર્તન ચાલુ ન હોય, તો ભૂલાઈ જવાય ! એમાં અને ક્રિયા તથા તત્ત્વસિંચનમાં સળગતી જાગ્રતિ ન રાખી, તો દર્શનાવરણ કર્મ, નિદ્રા ચઢી બેસે ! પ્રારંભમાં ક્રિયા બરાબર ઊભા-બેસવાનું જાળવીને કરતા'તા, મુનિઓની ભક્તિ વૈયાવચ્ચ સારી કરતા'તા,

પરંતુ પછી એમાં પોલ ચલાવી, તો વીર્યાન્તરાય ઉદયમાં આવવા તૈયાર જ છે ! જ્વલંત સમ્યગ્દર્શનની તત્ત્વપરિણતિ, વૈરાગ્ય-ક્ષમાદિની ભાવનાઓ, ને ઉચ્ચ શુભ લેશ્યાદિ જાગતા ન રાખ્યા, ખેદ-ઉદ્વેગ વગેરે ક્રિયાના દોષ તથા અનાયતન યાને અસત્ નિમિત્તો, પતનના સ્થાનો વગેરેથી દૂર ને દૂર ન રહ્યા તો મોહનીય કર્મ ઝટ ઉદયમાં આવી જાય છે !

અલબત કેટલાક નિકાચિત કર્મ એવા હોય છે કે સારા નિમિત્ત સેવવા છતાં એના ઉદય ચાલુ રહે છે, જેમકે સૂત્ર ગોખવાની બહુ મહેનત કરવા છતાં યાદ નથી થતું એવું ય બને છે. નંદિષેણ મુનિ મહાતપસ્યા, રસત્યાગ, ઉગ્ર ચારિત્ર સાધનાદિ કરતા હતા છતાં મોહના વિકાર એમને પીડતા હતા ! આમ છતાં ઘણાં દુષ્કર્મ એવાં હોય છે કે જે સારાં નિમિત્તોના સેવનમાં દબાઈ એનો ક્ષયોપશમ પ્રવર્તે છે; અને ખરાબ નિમિત્ત આપો કે એ ઝટ ઉદયમાં આવે છે. મન બરાબર સાબૂત રાખી ઉત્સુકતા, ક્ષુદ્રતા, વગેરે ટાળો તો સ્વસ્થતા, ગાંભીર્ય, ઔદાર્ય વગેરે ટકે; કર્મનો ક્ષયોપશમ બન્યો રહે; પરંતુ મન પર નિયંત્રણ ચૂક્યા તો ઝટ કર્મ ઉદયમાં આવી ભય, વિહ્વલતા, ચાંચલ્ય, હાસ્ય, હર્ષ-ઉદ્વેગ વગેરે પ્રમાદમાં પાડી દે છે. માટે મન-વચન-કાયાની સર્વ શક્તિઓનો ઉપયોગ કરી પુરુષાર્થ, ખંત, ધગશ જાગતા રાખવાના. શક્તિ જો ગોપવી તો એ મદ પડવા માંડશે. મન તો કદાચ એમ કહેશે- 'શક્તિ ખર્ચ્યા વિના સંઘરી રાખીએ તો આગળ કામ લાગે, આઘા જઈને પાછા ન પડાય;' પરંતુ મન ચોર છે. એ શક્તિનું માપ ખોટું કાઢે છે, ને અંદરખાને પ્રમાદ, શિથિલતા, સુંવાળાશ વગેરેનું લંપટ હોય છે. એવા એના આધારે ચાલ્યા કરવામાં પ્રમાદો પોષાયા કર્યા છે; આત્મા ગુણસ્થાનકની ઊંચી ઊંચી કક્ષા પામી શકતો નથી. વળી સંતોષ વાળી દે કે આપણે તો આટલી સાધના ઘણી, તો ય આગળ ન વધી શકે. માટે ઉછળતી શ્રદ્ધા, સંવેગ અને નક્કર મનોબળ સાથે વધતી તમન્ના, વેગ અને ઉત્સાહથી શક્તિ મુજબ સત્ પુરુષાર્થમાં લાગ્યા રહેવું જોઈએ; તેમજ તપ વગેરે કઠોર સાધનાના ખૂબ અભ્યાસ કરવા જોઈએ, કષાયજય, સર્વ પ્રલોભનજય, નિર્ભયતા, શરીર પર પણ નિસ્પૃહા, સાધનામાં માનસિક ઉપયોગની અખંડ ધારા, વગેરે કેળવવા પડે. ત્યારે અપ્રમત્તદશા આવે.

(૨) શાસ્ત્રયોગ માટે બીજું જરૂરી અંગ સ્વસંપ્રત્યયરૂપ બનેલી શ્રદ્ધા છે. સંપ્રત્યય એટલે સમ્યક્ પ્રતીતિ, સચોટ આંતર સંવેદન, આંતર અનુભવ કરેલી શદ્ધા. સામાન્ય શ્રદ્ધામાં જ્ઞાનીએ ફરમાવેલી કલ્યાણ સાધના પર સચોટ વિશ્વાસ હોય, પરંતુ એની ઉત્કૃષ્ટતાનો આંતર અનુભવ નહિ. ઈચ્છાયોગની સાધના સહિત શ્રદ્ધામાં પણ તેવો અનુભવ નહિ, અર્થાત્ સાધના સહજ રૂપ બની હોય. એ તો જ્યારે શાસ્ત્રયોગની કક્ષામાં આવે ત્યારે અત્યાર સુધી શ્રદ્ધેય તે તે બનેલી ધર્મ વેપારની ઉપાદેયતા (કર્તવ્યતા), જીવનરૂપતા, એનાં ઉચ્ચ કોટિના લાભ, એમાં

આત્માની શુભ-સદ્અવસ્થા... વગેરેના હવે આંતર અનુભવ થતા હોય. એટલે અત્યાર સુધી તો ઘણી તદ્ધેતુક્રિયા થતી હતી અર્થાત્ શાસ્ત્રે એ ધર્મપ્રવૃત્તિ આદરવાની કહી છે, માટે આદરવાની' એમ કહીને આદરવાની હતી, અથવા પાપથી બચવાના અને કર્મક્ષયના હેતુથી આદરાતી હતી, અમૃતક્રિયા આવતી તો એટલી બધી ઊંચી અને સળંગ નહિ, પરંતુ હવે તો એ એકાંતે ઉચ્ચ અમૃત ક્રિયારૂપે સહજભાવે આદરાય, માનવજીવન જ આ બધી ધર્મપ્રવૃત્તિનું લાગે. જેમ સંસારી જીવને ખાવું, પીવું, રળવું એ બધું સ્વભાવિક જીવન જેવું બની ગયું હોય છે; એટલે ખાસ ઈરાદો ન કરવો પડે અથવા મન ન મનાવવું પડે કે- 'ધર્મપ્રવૃત્તિ કરું, બીજું નહિ, કેમકે બીજામાં નુકસાન છે.' વગેરે તો ધર્મયોગ સાથે અંતરની વૃત્તિ એટલી બધી તાણેવાણે વણાઈ ગઈ, એવી વૃત્તિ એ સ્વસવેદનરૂપ શ્રદ્ધા કહેવાય. આ સ્થિતિમાં વિકથા, સંકલ્પ-વિકલ્પ, વિસ્મરણ, વગેરે કયાંથી નડી શકે ? પણ એ માટે ઈચ્છાયોગની સાધનામાં એના પ્રત્યે એટલી હાડોહાડ શ્રદ્ધા અને પ્રીતિ ઊભી રાખવી પડે કે ધર્મયોગને સ્વભાવગત બનાવવા મથે, ધર્મયોગ પત્યા પછી પણ એના સુખદ સંસ્મરણ અને આધ્યાત્મિક સ્વાદ આવ્યા કરે, જરા નવરા પડ્યા કે મનમાં તત્ત્વચિંતન, ધર્મયોગના સહસ્ય, ઉત્તમ ભાવનાઓ, પંચ પરમેષ્ઠિ સ્મરણ, એવું એવું સ્ફુર્યા જ કરે અને ધર્મયોગો ચાલતા હોય ત્યારે ય પ્રમાદ ન નડે, ચળ વિચળતા ન થાય, એ માટે ધર્મયોગો પર એટલું બધુ પ્રીતિ-ભક્તિબળ વધારવું પડે કે મન જ એમાં વલણવાળું બની જાય, 'આજ ખરું કર્તવ્ય છે, આજ જ ધ્યાન છે, આજ દ્રવ્ય, ભાવ, બંને પ્રકારના રોગોનું ઔષધ છે, એમ મન ઉલ્લાસમાં ઉછળતું હોય. નાના બાળને જેમ થાય 'મા તે મા !' ઘણો પગાર વગેરે આપનાર શેઠ માટે નોકરને જેવી રીતે થયા કરે કે- 'આ તે આ ! આનો અનંત લાભ ! જીવને ધર્મયોગમાં આવે ત્યારે હૂંફ, આશ્વાસન અને સ્વસ્થતા થાય; નિજ ઘરમાં આવ્યો લાગે; બાકી બીજે તો અવિશ્વાસ, અકળામણ, અસ્વસ્થતા લાગ્યા કરે. એમ ધર્મયોગમાં સર્વશક્તિ, સર્વ મનોબળ ને ઉચ્ચ શ્રદ્ધા વિકસાવતાં વિકસાવતાં શાસ્ત્રયોગની સ્વસંપ્રત્યયરૂપ શ્રદ્ધાએ પહોંચી શકાય.'

(૩) શાસ્ત્રયોગ માટે આવા શ્રદ્ધાબળ ઉપરાંત આગમોનો **તીવ્રબોધ** અર્થાત્ (૧) તે તે ધર્મયોગના વિધિવિધાનો અંગે સર્વજ્ઞ પ્રભુનાં શાસ્ત્રે કઈ કઈ સૂક્ષ્મતા અને ચોકસરૂપતા બતાવી છે, ઉત્સર્ગ-અપવાદના કેવા કેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિહિત કર્યા છે, વગેરેનો બોધ જોઈએ. એ ખબર ન હોય તો તે તે શુદ્ધ ધર્મપ્રવૃત્તિ શી રીતે આદરી શકે ? વળી (૨) તીવ્રબોધ એટલે કે શાસ્ત્રીય તત્ત્વોનો વિશાળ અને ગંભીર બોધ ન હોય તો ચિત્તને તન્મય અને સ્વાનુભવરૂપ શ્રદ્ધાવાળું કેવી રીતે બનાવી શકશે ? માટે આગમનો તેવો બોધ જોઈએ (૩) બોધ તીવ્ર એટલે એટલો બધો ઘૂંટેલો અને ચોક્કસ, કે સ્વાધ્યાય-મનમાં ખ્યાલ રહે કે એ આટલું થયું મારે

આટલો સમય વીત્યો હોય. અહીં વચમાં આડાઅવળા કે બીજા વિચાર આવતા હોય તો કાંઈ સમયની ચોકસતા ન માપી શકાય. વળી (૪) બોધ એટલો બધો તીવ્ર અર્થાત્ તૈયાર કે કયા પ્રસંગ માટે શાસ્ત્રે શું વિધાન કર્યા છે એ માટે પાછા શાસ્ત્ર ઉઘાડવા ન જવું પડે. માટે જ (૫) તીવ્ર બોધ એટલો બધો કે એમાં જાણેલા તત્ત્વોની જ રટણા ચાલ્યા કરે.

(૪) આવી રીતે સુસજ્જ હોય તેવા શાસ્ત્રયોગની જે ધર્મપ્રવૃત્તિ, તે અખંડ આજ્ઞાનુસારી ચાલતી હોય, સંપૂર્ણ પણ આજ્ઞાબદ્ધ હોય; ક્યાંય સહેજ પણ દોષ સ્ખલના, કે અતિચાર લગાડવાની વાત નહિ. નિરતિચાર સાધના જ શાસ્ત્રયોગમાં પ્રવર્તતી હોય, સાપેક્ષ યતિધર્મ અર્થાત્ ગુરુ અને ગચ્છની નિશ્રાએ રહીને કઠોર સાધનાની તન્મયતા દ્વારા બાહ્ય શરીર અને આભ્યન્તર કષાયોની સારી સંલેખના કરી હોય અર્થાત્ એને કસી તથા ઘસી નાખ્યા હોય, પછી ગુરુની આજ્ઞા પામીને નિરપેક્ષ યતિધર્મમાં જવાય અર્થાત્ એકાકીપણે નિરપવાદ ચારિત્ર પાળતાં વિચરે ત્યારે શુદ્ધ, નિર્દોષ, નિરતિચાર સાધના હોય છે. લગભગ ઉત્સર્ગમાર્ગે શાસ્ત્રે જેવું કહ્યું તેવો અમલ. ઈચ્છાયોગમાંથી આ સ્થિતિએ જવા માટે દિનપ્રતિદિન સાધનામાં દોષોને ટાળતાં ટાળતાં આગળ વધવું પડે; માનસિક દોષો, અને દોષો સેવવાના ચિંતન પણ દૂર જ નસાડી મૂકવા જોઈએ; દોષ લાગી જાય ત્યાં ભારે આત્મજુગુપ્સા કે- 'અહો હું કેવો ધિક્કારપાત્ર કે મે આ દોષ સેવ્યો !' ભારે ખેદ અને સંતાપ કે- 'મારી પવિત્ર ધર્મસાધના આ દોષથી કેવી કલુષિત-કલંકિત બની !' વગેરે થવા સાથે ગુરુ આગળ એનું બાળભાવે અને સખેદ પ્રકાશન સાથે પ્રાયશ્ચિત્ત લઈ તેને વહન કરી શુદ્ધિકરણ કરવું પડે. તેમજ દોષોથી બચવા શુદ્ધ ધર્મવીર્ય વિકસાવવું જોઈએ; એમ કરતાં કરતાં નિરતિચાર સાધનાએ પહોંચાય. વળી યોગ્યકાળનો ભંગ, વારે વારે અપવાદ માર્ગની રુચિ અને સેવનને ઓછા ઓછા કરતાં જવું જોઈએ, ત્યારે પરાકાષ્ઠાએ નિરપવાદ સાધનાએ પહોંચાય. ત્યારે એવા નિરતિચાર અને નિરપવાદ શાસ્ત્રયોગની સાધના થાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૭,અંક-૩૯,તા.૨૦-૬-૧૯૫૯**

## સામર્થ્યયોગ

**'(ल.) शास्त्रसंदर्शितोपायस्तदतिक्रान्तगोचरः ।**
**शक्त्युद्रेकाद्विशेषेण सामर्थ्याख्योऽयमुत्तमः ॥३॥'**

**અર્થ :-** (સામાન્યથી) શાસ્ત્રે કહેલા ઉપાયવાળો, ૫-૫ શક્તિની પ્રબળતાએ (વિશેષ રૂપે) શાસ્ત્રકથનની મર્યાદા ઉપરનો વિશિષ્ટ ધર્મ વેપાર એ ઉત્તમ સામર્થ્યયોગ છે.

**વિવેચન :-** યોગોમાં ઉત્તમયોગ સામર્થ્યયોગ છે.

એમાં (૧) **સાધનાના ઉપાયો શાસ્ત્રમાં કહ્યા હોય પણ સામાન્યથી,**
(૨) **ઉપાયો વિશેષરૂપે શાસ્ત્રકથનની મર્યાદા બહારના હોય,**

**(૩) સાધના શક્તિની પ્રબળતાથી થતી હોય અને**

**(૪) શાસ્ત્રથી વિશેષરૂપે ન કહી શકાયેલા ઉપાયોને પણ સામાન્યથી નહિ, કિન્તુ વિશેષરૂપે સેવાતા હોય,**

(૧-૨) શ્રેષ્ઠ યોગ સામર્થ્યયોગ છે, કેમકે તે વિલંબ વિના પરમ ફળને પેદા કરે છે. પરમફળ છે વીતરાગ સર્વજ્ઞતા અને મોક્ષ, એ બંનેને બે જાતના સામર્થ્યયોગ, જે આગળ કહેવાશે તે, ઢીલ કર્યા વિના ઉત્પન્ન કરે છે. આવો યોગ કેમ સાધવો એના ઉપાય શાસ્ત્રમાં કહેલા મળે ખરા, પણ સામાન્યરૂપે કહેલા મળે, વિશેષ ઝીણવટ-સ્પષ્ટીકરણથી નહિ; કેમકે એ શબ્દ ઉતારી શકાવા મુશ્કેલ છે; એ તો અનુભવગમ્ય છે, જે અનુભવ કરે તે સમજી શકે. **'જિન હી પાયા, તિન હી છિપાયા, ન કહે કોઉ કે કાનમેં'** જેને અનુભવની તાલી લાગી, એણે એને છિપાવી અર્થાત્ અંતરમાં જ અનુભવી, બહાર શબ્દથી કોઈને કહી નહિ, કેમકે શબ્દમાં ઉતારવી મુશ્કેલ છે. દા.ત. અપ્રમત્તભાવના અધ્યવસાય કરતાં અનંતગુણી વિશુદ્ધિવાળા અધ્યવસાયમાં ચઢે ત્યારે અપૂર્વકરણ લાધે, અને એ યોગમાં પછી તો પ્રતિક્ષણ અનંતગુણી વિશુદ્ધિવાળા અધ્યવસાય ઉત્તરોત્તર જાગતા હોય છે, એ શાસ્ત્રે કહ્યું. પરંતુ એ અધ્યવસાયો માટે આત્મામાં શી મથામણ કરવાની, કેવા સંવેદન અનુભવવાના વગેરે ઉપાયોના વિશેષરૂપે સ્પષ્ટ અને વિસ્તૃત વર્ણન શાસ્ત્રે ન કર્યા. એવા ઉપાયો એ તો સામર્થ્યયોગનો વિષય છે. એમાં પ્રવૃત્તિ થાય એ સામર્થ્યયોગ. એ માટે શાસ્ત્રે અપૂર્વ શ્રદ્ધા-સંવેગનું બળ, સમ્યગ્દર્શનની અધિકાધિક નિર્મળતા, અપૂર્વ સંયમ-શુદ્ધિ, પરપરિણતિના ત્યાગપૂર્વક આત્મરમણતાનો મહાવિકાસ, તન્મય સતત તત્ત્વ ચિંતન બાહ્ય-અભ્યન્તર તપ...વગેરે ઉપાયો કહ્યા, ધર્મધ્યાનની ઉત્તરોત્તર પ્રબળતા આવા આવા પ્રકારનું શુકલધ્યાન... વગેરે ઉપાય બતાવ્યા, પણ એ બધું સામાન્ય નિર્દેશરૂપ છે. એમાં ઝીણવટભરી આંતર પ્રક્રિયા શી શી ચાલે, ઈત્યાદિને વિશેષ સ્વરૂપ કહેવાય. એનો નિર્દેશ શાસ્ત્રમાં નહિ; એ તો ઊંચે ચઢેલો આત્મા પોતાની આંતરિક પ્રબળ શક્તિથી અનુભવમાં ઉતારે છે. માટે એ ધર્મવેપારને સામર્થ્યયોગ કહેવામાં આવે છે.

પ્ર.- તો પછી શાસ્ત્રની શી જરૂર ? આંતરિક શક્તિથી જ ઊંચે જવાશે.

ઉ.- ના, શાસ્ત્ર તો બહુ જરૂરી છે. કેમકે મૂળમાં સામાન્યથી ય જાણ્યા ન હોય તો વિશેષ શાના પર ? શાસ્ત્રે આના માટે અમુક અંશ સુધી જે ઉપાયવર્ણન કર્યાં છે, તેને શાસ્ત્રમાંથી બરાબર જાણ્યા હોય, તો એને અમલમાં મૂકી શકાય, અને એ અમલનો હાર્દિક ખૂબ અભ્યાસ વધે, તો ઉચ્ચ વિશેષતા તરફ જઈ શકાય છે, અને પ્રબળ શક્તિ પ્રગટાવી શકાય છે. એ શક્તિ કાંઈ એમ જ પ્રગટી નથી જતી, આત્માને પૂર્વે કસવો પડે છે.

(૩) સામર્થ્યયોગ માટે સાધનામાં આત્માની પ્રબળ શક્તિ કામે લાગી જવી

જોઈએ. એ શક્તિ માટે મુખ્યતયા આત્મપરિણતિ યાને અધ્યવસાયની વિશુદ્ધિ ખીલવવા-વિકાસવાનો પુરુષાર્થ કેળવવો જોઈએ.

**અધ્યવસાય બે પ્રકારના-૧. સંકલેશરૂપ, અને ૨. વિશુદ્ધિરૂપ.** સંકલેશાત્મક અધ્યવસાય મલિન હોય છે, રાગ-દ્વેષાદિ કષાયોના જોરવાળા હોય છે; ત્યારે વિશુદ્ધિરૂપ અધ્યવસાય નિર્મળ હોય છે, કષાયોની મંદતાવાળા હોય છે. માટે જ, ઊંચા નિર્મળ અધ્યવસાયે ચઢેલો જીવ જો ત્યાંથી પડવા માંડે, નિર્મળતા ગુમાવતો જાય ને મલિનતા પામતો જાય તો તે સંકલેશવાળો કહેવાય. એથી ઊલટું કોઈ અત્યંત મલિન અધ્યવસાયવાળો જીવ મલિનતા ઓછી કરતો આવે ને નિર્મળતા પામતો જાય તો એ વિશુદ્ધિવાળો કહેવાય છે; પછી ભલે પર્વત પર ચઢતા ને ઉતરતાની જેમ બંને એક અધ્યવસાયસ્થાનકે ભેગા થયા હોય; જેમકે એક ૧૧ મે ગુણસ્થાનકેથી પડતો અને બીજો ૭ મે ગુણસ્થાનકથી ચઢતો, એ બંને નવમે ગુણસ્થાનકે ભેગા થયા, અર્થાત્ સમાન અધ્યવસાયસ્થાને પહોંચ્યા, પણ પડતો એ સંકલેશમાં છે, ત્યારે ચઢતો એ વિશુદ્ધિમાં છે. સામર્થ્યયોગ તરફ જવું હોય તો સંકલેશ મૂકીને આ વિશુદ્ધિનો મહાન પુરુષાર્થ કરવાનો છે. મંદ મિથ્યાત્વના છેલ્લા અધ્યવસાય કરતાં અનંતગુણ વિશુદ્ધિ કેળવવામાં આવે ત્યારે સમ્યક્ત્વનું પહેલું અધ્યવસાય પ્રાપ્ત થાય છે. પછી એમાં અનંતગુણી વિશુદ્ધિએ ચઢતાં ચઢતાં અવિરતિ સમ્યગ્દષ્ટિના ઊંચામાં ઊંચા અધ્યવસાયે પહોંચાય, તેની વિશુદ્ધિ કરતાં અનંતગુણી વિશુદ્ધિ સધાય ત્યારે દેશવિરતિનું પહેલું અધ્યવસાયસ્થાન પ્રાપ્ત થાય છે; એમાં પણ અનંતગુણી વિશુદ્ધિ કરતાં કરતાં દેશવિરતિ શ્રાવકનો જે ઊંચામાં ઊંચો અધ્યવસાય મળે તેની વિશુદ્ધિ કરતાં અનંતગુણ નિર્મળતા કેળવવામાં આવે ત્યારે સર્વવિરતિ-સાધુપણાનું પહેલું અધ્યવસાયસ્થાનક પ્રાપ્ત થાય. એ પછી તો એમાં ય ઈચ્છાયોગ અને શાસ્ત્રયોગના અનંતગુણ અનંતગુણ વિશુદ્ધિવાળા અસંખ્ય અધ્યવસાયસ્થાનક પસાર કરવામાં આવે ત્યારે સામર્થ્યયોગનું પહેલું અધ્યવસાય-સ્થાનક પ્રાપ્ત થાય છે. તાત્પર્ય એ આવ્યું કે મનથી ઉત્તરોત્તર વિશુદ્ધિ કરવાનો પ્રચંડ પુરુષાર્થ આદરવો જોઈએ, અને એ પ્રયત્નની ધારા વહેતી રહેવી જોઈએ. ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષ, હર્ષ-ઉદ્વેગ, વગેરેના ભારે નિગ્રહ કરી એમાં મંદતા મંદતા કરતા આવવું જોઈએ. અલબત એ માટે દાનાદિ ધર્મસાધનાઓ, વિનયાદિ ગુણો, અહિંસાદિ વ્રતો, ઈન્દ્રિય સંયમ, તપ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે પણ અત્યંત જરૂરી છે, એથી એમાં પણ પ્રગતિશીલ રહેવું જોઈએ.

(૪) સામર્થ્યયોગમાં ચોથી વાત એ કહી કે શાસ્ત્રે વિશેષ રૂપે નહિ કરેલા ઉપાયોને પણ સામર્થ્યયોગી સામાન્યરૂપે નહિ કિન્તુ વિશેષરૂપે સાધે છે, અર્થાત્ આંતરશક્તિનો અગ્નિ એટલો બધો ભભૂક્યો હોય છે કે એ શાસ્ત્રવચનની ઉપરના ઉપાયોમાં પ્રચંડ પરાક્રમ આદરે છે. ત્યારે, આવા પ્રચંડ પરાક્રમભર્યા યોગદાવાનળ

ભભૂક્યા વિના અસંખ્ય જન્મોના સંગૃહીત જ્ઞાનાવરણાદિના અનંતા કર્મદલિકોને ક્ષણવારમાં ભસ્મીભૂત કરી નાખવાનું કયાંથી બને ?

**ધર્મસાધનાની ઊંચી કક્ષા-સામર્થ્યયોગ**

ધર્મસાધવાની ત્રણ કક્ષાઓ છે, ૧. ઈચ્છાયોગની, ૨. શાસ્ત્રયોગની અને ૩. સામર્થ્યયોગની. પૂર્વે વર્ણન કર્યું છે તે મુજબ ઈચ્છાયોગની કક્ષામાં મુખ્યતા શુદ્ધ કર્મ કરવાની ઈચ્છાની છે; બાકી સાધના તો વિકથાદિ પ્રમાદને લીધે શાસ્ત્રે કહેલી વિધિ-મર્યાદાઓમાં ખામીવાળી થાય છે, ત્યારે શાસ્ત્રયોગની કક્ષામાં એ ખામી લેશ માત્ર રાખવામાં આવતી નથી. કેટલાય ઈચ્છાયોગ સાધતાં સાધતાં પ્રમાદને હટાવ્યે જવાનો પુરુષાર્થ થયે જાય, ને શાસ્ત્રવિધાનોને અધિકાધિક અમલમાં ઉતારતા જવાય. ત્યારે પરાકાષ્ઠાએ શાસ્ત્રયોગ પ્રાપ્ત થાય છે. પરંતુ એમાં ય શાસ્ત્રવિધાનોને બરાબર વળગી રહેવા જેટલો જ પુરુષાર્થ હોય છે. ત્યારે એથી ઊંચી સામર્થ્યયોગની કક્ષામાં આંતર પુરુષાર્થને એટલો બધો પ્રબળ બનાવવામાં આવે છે કે શાસ્ત્રવિધાનો કરતાં ય સૂક્ષ્મ, ગંભીર અને ઉચ્ચતમ પ્રક્રિયામાં પ્રવેશ થાય છે, ત્યાં આત્મામાં ધડાકાબંધ ફેરફારો થાય છે, ચાલુ ક્ષમાદિ ધર્મો કરતાં અપૂર્વ અને અદ્‌ભુત કોટિના ક્ષમાદિ ગુણો સિદ્ધ કરવામાં આવે છે. આવા સામર્થ્યયોગને જાણવા સમજવાથી ધર્મસાધનામાં મહાન પ્રેરણા મળવા સાથે, એને કહેનાર જિનશાસન પર ખૂબ બહુમાન વધે છે. માટે એનું અહીં વર્ણન કરવામાં આવે છે.

સામર્થ્યયોગના સમર્થન માટે કહે છે કે મોક્ષ નામના પદની પ્રાપ્તિનાં જે કારણ છે તે અનંત પ્રકારે છે; કેમકે આમ જો કે અધ્યવસાય અસંખ્યતા, છતાં ભૂત-ભવિષ્યના અનંત સાધકોની અપેક્ષાએ મોક્ષહેતુભૂત અધ્યવસાય વિશુદ્ધિમાં તરતમતા પડવાથી અનંતા પ્રકાર થાય. સાધક સાધુઓ વડે આ બધા વ્યક્તિગત સ્વરૂપે માત્ર શાસ્ત્રમાંથી જાણી શકાતા નથી, તો પછી પ્રશ્ન થશે કે શાસ્ત્ર નિરુપયોગી નહિ બને ? ના, શાસ્ત્રમાંથી સમષ્ટિગત સામાન્યરૂપે તો જણાય છે પરંતુ સમસ્ત વ્યક્તિગત વિશેષરૂપે જાણી શકાતા નથી, એનું શબ્દથી વર્ણન કરવાનું શક્ય નથી; માટે શાસ્ત્રની પહોંચની બહાર છે. શબ્દથી કહી શકાય એવા અભિલાપ્ય ભાવો કરતાં ન કહી શકાય એવા અનભિલાપ્ય ભાવો જગતમાં અનંતગુણા હોય છે. જો તે ઉપાયો સમસ્ત પ્રકારોએ શાસ્ત્રથી જણાતા હોય તો તો વાંધો એ આવે કે શાસ્ત્ર સાંભળી લેતાં જ કેવળજ્ઞાન અને મોક્ષ થઈ જવા જોઈએ. તે આ રીતે, -મોક્ષ સુધીની પ્રાપ્તિના હેતુભૂત પ્રકારો પૈકીના જે વિલંબ વિના તરત જ કાર્ય કરી દેનારા પ્રકારો, તેનું જ્ઞાન શાસ્ત્રશ્રવણથી થતાંવેંત કેવળજ્ઞાનની જેમ ત્રણેય કાળના સર્વ પદાર્થોના સમસ્ત ભાવોનો સાક્ષાત્કાર થઈ જાય, લોકાલોકનો પ્રકાશ પ્રગટી જાય; તો એવા સાક્ષાત્કારવાળાને સર્વજ્ઞતા જ સિદ્ધ થઈ ગઈ ! આમ થવાનો પ્રસંગ શાસ્ત્રશ્રોતા સાધુને, પણ બીજાને નહિ, કેમકે એને તો શાસ્ત્રશ્રવણના

અભાવે પ્રસ્તુત હેતુભૂત પ્રકારોનો સર્વાંશે બોધ થવાને અવકાશ નથી. શાસ્ત્રશ્રોતાને માત્ર સર્વજ્ઞતા મળીને કાર્ય ઊભું ન રહે, પણ તરત જ મોક્ષપદ પણ પ્રાપ્ત થઈ જવાનો પ્રસંગ આવે. કેમકે મોક્ષ માટે જરૂરી યોગનિરોધ કરવા દ્વારા જે અયોગી કેવળીપણું તેના સ્વરૂપની પણ અર્થાત્ યોગનિરોધ માટે કેવા કેવા યોગિક આત્મપરિણામ કામ કરે છે, કેવું 'વ્યુચ્છિન્ન-અનિવૃત્તિ' શુકલધ્યાન કામ કરે છે, વગેરે ઠેઠ મોક્ષ થવાના પૂર્વ સમય સુધીનો કેવો આત્મપરિણામ સર્વ કર્મક્ષય કરે છે, એ બધું શાસ્ત્રથી જ જણાઈ જવાનું તમે કહો છો. પોતાની મર્યાદા બહારમાં પણ શાસ્ત્રનું સામર્થ્ય કેમ ન હોય ?

**પ્ર.**- તો એમ તો ખરેખર જે કેવળજ્ઞાની સર્વજ્ઞ બન્યા, એમને તો અયોગી-કેવલિપણું વગેરેનું સ્વરૂપ હવે જ્ઞાત છે તો એમને પણ કેવળજ્ઞાન થતાંવેંત તરત જ મોક્ષ થવાનો પ્રસંગ નહિ આવે ?

ઉ.- માટે તો અમે કહીએ છીએ કે સામર્થ્યયોગની વિશિષ્ટ વસ્તુ શાસ્ત્રનો વિષય નથી પરંતુ સ્વાનુભવનો વિષય છે, તો સર્વજ્ઞ પણ જ્યારે શુકલધ્યાનના છેલ્લા બે પ્રકાર. સૂક્ષ્મક્રિયા અપ્રતિપતી અને વ્યુચ્છિન્નક્રિયા-અનિવૃત્તિનો પુરુષાર્થ કરે ત્યારે એમને અયોગી કેવળીપણાનો સ્વાનુભવ થાય છે. ત્યાં દ્વિતીય પ્રકારનો સામર્થ્યયોગ છે; અને ત્યારે જ મોક્ષ થાય છે. શાસ્ત્રથી સામાન્યરૂપે અયોગિ-કેવલીપણા સુધીનું જ્ઞાન થવા છતાં તરત મોક્ષ થઈ શકતો નથી, એ હકીકત છે; માટે કહેવું જોઈએ કે શાસ્ત્રોક્ત સર્વ ઉપાયોની સાધના અને સર્વજ્ઞત્વાદિ થવાની વચમાં કોઈ સાધના છે કે જે એ સર્વજ્ઞતાને વિના વિલંબે સિદ્ધ કરી આપે છે એ જ સામર્થ્યયોગ નામની સાધના છે, ને એ મુખ્યતયા આંતરિક સામર્થ્ય ઉપર અવલંબનારી છે, માટે અનિર્વચનીય છે, શબ્દથી સંપૂર્ણતઃ પ્રતિપાદન ન થઈ શકે એવી અને યોગીને સ્વાનુભવથી જણાય એવી છે. આ સામર્થ્યયોગ ક્ષપકશ્રેણિમાંના ધર્મવેપારરૂપ છે.



# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા ભાગની વિગત

ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત

**સુકૃત અનુમોદન :** કે.પી. સંઘવી પરિવાર,(સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત,અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ(જ્ઞાનખાતા)અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ(જ્ઞાનખાતા)મુલુંડ, મુંબઈ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ.

---

ભાગ - ૧૧, અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ

**સુકૃત અનુમોદન :** શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ સેનેટોરિયમ ટ્રસ્ટ (જ્ઞાનખાતા), વિલેપાર્લે, મુંબઈ.

---

ભાગ - ૧૨, સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે

**સુકૃત અનુમોદન :** શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ (જ્ઞાનખાતા), બોરીવલી,મુંબઈ.

---

ભાગ - ૧૩ / ૧૪, શ્રી યોગદષ્ટિ સમુચ્ચય

ભાગ - ૧૫, શ્રી યોગદષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર

**સુકૃત અનુમોદન :** શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

---

ભાગ - ૧૬, અનાથી મુનિ + મદનરેખા + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ

ભાગ - ૧૭, સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ+ સંસારના ત્રિવિધ તાપ

ભાગ-૧૮, ગૃહસ્થ ધર્મ કેમ દીપે ? + દર્શનની ષડ્વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ + જૈનશાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + સંસ્કૃતિના સંરક્ષણ

**સુકૃત અનુમોદન :** શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ (જ્ઞાનખાતા),મલાડ, મુંબઈ-૬૪.

---

ભાગ - ૧૯, ધ્યાન અને જીવન

ભાગ - ૨૦, ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની

**સુકૃત અનુમોદન :** શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની આરાધક શ્રાવિકાઓ (જ્ઞાનખાતા) એલ્ફીન્સ્ટન, વરલી, મુંબઈ.

---

ભાગ - ૨૧/૨૨/૨૩, શ્રી સમરાદિત્ય કથા

**સુકૃત અનુમોદન :** શ્રી નવજીવન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (જ્ઞાનખાતા),મુંબઈ.

---

ભાગ - ૨૪/૨૫, શ્રી સમરાદિત્ય કથા, ભાગ - ૨૬, શ્રી સમરાદિત્ય કથા + અમીચંદની અમીદષ્ટિ + મહાસતી દેવસિકા + રૂપસેન અને સુનંદા

**સુકૃત અનુમોદન :** શ્રી વિલેપાર્લે શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટી ટ્રસ્ટ (જ્ઞાનખાતા) પાર્લા- ઈસ્ટ, મુંબઈ.

---

ભાગ - ૨૭, પર્યુષણ પર્વના પ્રવચનો

ભાગ - ૨૮/૨૯, આત્માનો વિકાસ અને મહાસતી સીતાજી

**સુકૃત અનુમોદન :** શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંમ્બર મંદિર ટ્રસ્ટ
શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

ભાગ-૨૧ થી ૩૦ - સ્વ. શેઠશ્રી નેમચંદ જે. મહેતા (ઘાટકોપર) સાધારણ ખાતામાંથી

ભાગ - ૩૦, લલિત વિસ્તરા + સતી દમયંતી
ભાગ - ૩૧, શ્રી શાંતિનાથ ભવ - ૧ થી ૪
ભાગ - ૩૨, શ્રી શાંતિનાથ ભવ - ૪ થી ૬
**સુકૃત અનુમોદન** :પૂજ્ય સાધ્વી શ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ ઉપજમાંથી

ભાગ - ૩૩, શ્રી શાંતિનાથ ભવ - ૬ થી ૮
ભાગ - ૩૪, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦
ભાગ - ૩૫, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦ + પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય + ઉબ્બુડ્ડો મા પુણો નિબ્બુડ્ડિજ્જા
**સુકૃત અનુમોદન** : શ્રી શાંતિસુધા પાર્ક જૈન સંઘ (જ્ઞાનખાતા), ઘાટકોપર(ઈ), મુંબઈ.

ભાગ - ૩૬, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૧
ભાગ - ૩૭, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૨
ભાગ - ૩૮, વીસસ્થાનક-અરિહંત પદ-દેવપાલની સાધના + તામસભાવના તાંડવ
ભાગ - ૩૯, વીસસ્થાનક-સિદ્ધપદ - હસ્તિપાલની સાધના + રાગદ્વેષ કરાવે કલેશ
ભાગ - ૪૦, રાગદ્વેષ કરાવે કલેશ + નરસિંહની કથા + દાનધર્મ
ભાગ - ૪૧, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૧
ભાગ - ૪૨, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૨
**સુકૃત અનુમોદન** :શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ (જ્ઞાનખાતા), સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

ભાગ - ૪૩, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૩ + કષાય રોકોઃ છૂટવાનો મોકો
**સુકૃત અનુમોદન** :અમદાવાદ વાસણાની આરાધક બહેનો (જ્ઞાનખાતા),અમદાવાદ.

ભાગ - ૪૪, કષાય રોકોઃ છૂટવાનો મોકો
ભાગ - ૪૫, શ્રી પંચસૂત્ર-૧
ભાગ - ૪૬, શ્રી પંચસૂત્ર ભાગ-૨ + ભવાભિનંદીજીવના ૮ દુર્ગુણ + જીવનસંગ્રામ
**સુકૃત અનુમોદન** :શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (જ્ઞાનખાતા), નાસિક.

ભાગ - ૪૭, સંદેશો પ્રભુવીરનો + કામલતાની કરુણ કહાની
ભાગ - ૪૮, સુલાસાચરિત્ર + ભોગોપભોગ પરિમાણવ્રત
ભાગ - ૪૯, તરંગવતી-૧
**સુકૃત અનુમોદન** :શ્રી મરીનડ્રાઈવ જૈન અરિહંત ટ્રસ્ટ, શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય

ભાગ - ૫૦, તરંગવતી-૨ + અસંખ્ય જીવિયં મા પમાયએ
**સુકૃત અનુમોદન** : કરબટીયા-પિપળધન(ધર્મપુરી) શ્વે.મૂ.પૂ.જૈન સંઘ

ભાગ - ૫૧/૫૨, રુક્મિરાજાનું પતન અને ઉત્થાન-૧/૨
ભાગ - ૫૩ રાજપુત્ર આર્દ્રકુમાર
**સુકૃત અનુમોદન** :શ્રી શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ (શિવ) સાયન-મુંબઈ.

ભાગ - ૫૪ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૧ થી ૫
ભાગ - ૫૫ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭
ભાગ - ૫૬ ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫
**સુકૃત અનુમોદન** :શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, મુલુન્ડ-મુંબઈ.

યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં

તસ્મૈ શ્રી ગુરવે નમઃ

ભુવનભાનુસૂરિ જન્મ શતાબ્દી

૧૯૬૭ ૨૦૬૭




પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪